CC-0. In Public Domain.Digitized by eGangotri.

महाकवि-भवभूति-प्रणीतम्

उत्तररामचरितम्

(મૂળ નાટ્યકૃતિ, અનુવાદ, અભ્યાસનોંધ, અને નવા સાહિત્યિક મૂલ્યાંકન સહિત)

સમ્પાદક :
વસન્તકુમાર મ. ભટ્ટ

સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ-૧.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

॥ ॐ ॥

महाकवि-भवभूति-प्रणीतम्

उत्तररामचरितम्

(મૂળ નાટ્યકૃતિ, અનુવાદ, અભ્યાસનોંધ અને
નવા સાહિત્યિક મૂલ્યાંકન સહિત)

: સમ્પાદક :

વસન્તકુમાર મ. ભટ્ટ

અધ્યક્ષ, સંસ્કૃત-વિભાગ
અને
નિયામક, ભાષા સાહિત્ય ભવન,
ગુજરાત યુનિવર્સિટી,
અમદાવાદ.

૨૦૦૬

સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ-૧.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

Sanskrit Drama :
The Uttara-rāma-charita of the poet Bhavabhūti with the original text, translation in Gujarati, notes and a literary evaluation with a new interpretation.

Editor : Prof. V. M. Bhatt
Director, University School of Languages,
Gujarat University, Ahmedabad – 380 009.
Ph. : 079–26406508

© શ્રીમતી વૃન્દા વ. ભટ્ટ

પ્રથમાવૃત્તિ : ડિસેમ્બર, ૨૦૦૬

કિંમત : રૂા. ૨૫૦-૦૦

પ્રકાશક : **શ્રી અશ્વિનભાઈ બી. શાહ**
સરસ્વતી પુસ્તક ભંડાર
રતનપોળ, હાથીખાના,
અમદાવાદ – ૩૮૦ ૦૦૧.
ફોન : ૦૭૯-૨૫૩૫૬૬૯૨

મુદ્રક : **શ્રી દિલીપભાઈ ઈ. પટેલ**
ધ્રુમિલ ગ્રાફિક્સ
છેલ્લો વાસ, નારણપુરા ગામ,
અમદાવાદ – ૩૮૦ ૦૧૩.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પ્રસ્તાવના

મહાકવિ ભવભૂતિએ રચેલા 'ઉત્તરરામચરિત' નાટકને આજે ગુજરાતી અનુવાદ સહિત પ્રસિદ્ધ કરતાં પરમ હર્ષની લાગણી અનુભવું છું. આ નવીન આવૃત્તિની બે પ્રમુખ વિશેષતાઓ તરફ વાચકનું નમ્રતાપૂર્વક ધ્યાન ખેંચવાનું છે કે અહીં આ નાટ્યકૃતિનો જે પાઠ (text) આપવામાં આવેલ છે તે ઉપલબ્ધ અનેક પાઠાન્તરોનો અભ્યાસ કરીને સમીક્ષિત પાઠસંપાદનના સિદ્ધાંતો કામે લગાડીને, તેમની પરીક્ષા કરીને નવેસરથી નિર્ધારિત કરવામાં આવેલ છે. તથા શમ્બૂક-વધ પ્રસંગની જે 'મીથ' (Myth)નો કવિએ અદ્‌ભુત વિનિયોગ કર્યો છે તેનું અહીં સર્વથા નવીન અર્થઘટન કરીને, સમગ્ર નાટકની અપૂર્વ સમીક્ષા પ્રસ્તુત કરવામાં આવી છે. અનુવાદ પણ મૂળ સંસ્કૃત પાઠને વ્યાકરણની દૃષ્ટિએ બને એટલું વધારે વફાદાર રહીને મૂકવામાં આવેલ છે.

આશા છે કે સંસ્કૃત-સાહિત્યના અનુરાગી રસિકોને આ આવૃત્તિ ગમશે. ગુજરાતના કવિશ્રી ઉમાશંકર જોશીએ ૨૦મી સદીના પાંચમા દાયકામાં 'ઉત્તરરામચરિત'નો જે પાઠ અને અર્થઘટન આપ્યા હતા, તે કાલક્રમે ફરીથી પરીક્ષા માંગે એવા જણાયા છે, તેથી આ નવો ઉપક્રમ હાથ ધર્યો છે. અલબત્ત, મારા ગુરુવર્ય પૂજ્ય પ્રોફે. શ્રી પી. સી. દવે સાહેબે 'ઉત્તરરામચરિત'નો કરાવેલો આસ્વાદ પણ અવિસ્મરણીય છે; અને સાહિત્યજગત્‌માં તે નોંધપાત્ર છે. પરંતુ પ્રશિષ્ટ કૃતિના આસ્વાદ કે મૂલ્યાંકનની બાબતમાં નિત્ય નવીન અર્થઘટનોની, ધ્વન્યર્થોની ગુંજાઈશ રહેલી જ હોય છે; કોઈનો શબ્દ અંતિમ પ્રમાણ હોતો નથી. એ દૃષ્ટિએ, વિશાળ પૃથિવી ઉપર અને નિરવધિ કાલયાત્રામાં કવિ ભવભૂતિના અસંખ્ય પ્રશંસકો, આસ્વાદકોમાંના એક એવા મારી આ આવૃત્તિરૂપી પુષ્પાંજલિ અર્પું છું.

આ આવૃત્તિ અને વિવેચનામાં મારા હંમેશના ઉત્સાહવર્ધક પૂ. પ્રોફે. તપસ્વી નાન્દીસાહેબ અને પ્રોફે. કમલેશભાઈ ચોકસી ચર્ચા-વિચારણા માટે સાથે રહ્યા છે. તેમને હૃદયથી પ્રણામ કરું છું. તથા ઉજ્જૈન, પૂના, વડોદરા વગેરે સ્થળોથી 'ઉત્તરરામચરિત'ની જુદી જુદી હસ્તલિખિત પ્રતો ભેગી કરી આપવામાં મદદરૂપ બનેલા ડૉ. શ્રી બાલકૃષ્ણ શર્મા (નિયામક, સિન્ધિયા ઓરિએન્ટલ ઇન્સ્ટિટ્યુટ, ઉજ્જૈન), ડૉ. એમ. એલ વાડેકર (મ.સ. યુનિ., વડોદરા), મારા વિદ્યાર્થી શ્રી ધર્મેન્દ્ર એન. ભટ્ટ અને કુ. ભારતીબેન પટેલનો પણ આભારી છું. દીકરી ડૉ. કૃષ્ણા ભટ્ટ અને ચિ. વિશ્વેશે પણ નાની મોટી અનેક મદદ કરી છે. તેમને શુભ આશીર્વાદ.

આ નવીન પ્રકાશનને હાથ ધરનાર શ્રી અશ્વિનભાઈ બી. શાહનો પણ અચૂક આભાર માનવો રહ્યો. મુદ્રક શ્રી દિલીપભાઈ પટેલે પણ ઘણી દોડાદોડી કરીને તથા શ્રી કવિતાબેન દવેએ કાળજીપૂર્વક સમગ્ર પુસ્તક કંપોઝ કરી આપ્યું છે અને એ રીતે આ કાર્ય સમ્પન્ન કરાવ્યું છે તે સૌનો આભાર અને તેમને શુભેચ્છાઓ.

દીપાવલી, વિ. સં. ૨૦૬૨ — **વસન્તકુમાર મનુભાઈ ભટ્ટ**

નવે. ૨૦૦૬ અમદાવાદ.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અનુક્રમણિકા

- **પ્રસ્તાવના** — **૧ થી ૧૧૧**

  (નાટ્યકૃતિનું મૂલ્યાંકન, સાહિત્યિક મીમાંસા)

  ૧. ભવભૂતિ-સમય અને જીવન કૃતિઓ — ૧

  ૨. 'ઉત્તરરામચરિત' નાટકનો અંકવાર પરિચય (વસ્તુસંકલનાની ચર્ચા સહિત) — ૧૪

  'ઉત્તરરામચરિત'ના અંકોની ગૂંથણી — ૬૦

  ૩. શમ્બૂકવધની પુરાકથા (મિથક)નું પુનર્નિર્માણ તે જ 'ઉત્તરરામચરિત' — ૬૩

  ૪. જૃમ્ભકાસ્ત્ર અને શમ્બૂકવધપ્રસંગ : વાલ્મીકિ, કાલિદાસ અને ભવભૂતિની કલમે — ૮૬

  ૫. કારુણ્યં ભવભૂતિરેવ તનુતે (રસવિષયક ચર્ચા) — ૯૯

- **મૂળ નાટ્યકૃતિ અને અનુવાદ** — **૧ થી ૧૮૩**

  ૧. પ્રથમ અંક - ચિત્રદર્શન — ૨

  ૨. દ્વિતીય અંક - પંચવટી પ્રવેશ — ૩૬

  ૩. તૃતીય અંક - છાયા સીતા — ૫૬

  ૪. ચતુર્થ અંક - કૌસલ્યા-જનક યોગ — ૯૪

  ૫. પંચમ અંક - કુમાર વિક્રમ — ૧૨૨

  ૬. ષષ્ઠ અંક - કુમાર પ્રત્યભિજ્ઞાન — ૧૪૦

  ૭. સપ્તમ અંક - સમ્મેલન — ૧૬૪થી ૧૮૩

- **અભ્યાસ નોંધ**

  – પ્રથમ અંક — ૧૮૪

  – દ્વિતીય અંક — ૨૧૨

  – તૃતીય અંક — ૨૩૧

  – ચતુર્થ અંક — ૨૫૧

  – પંચમ અંક — ૨૬૨

  – ષષ્ઠ અંક — ૨૭૨

  – સપ્તમ અંક — ૨૮૬-૨૯૧

- **સંદર્ભ ગ્રન્થ સૂચિ** — **૨૯૨**

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પ્રસ્તાવના

(૧) ભવભૂતિ–સમય અને જીવન કૃતિઓ

સમય :

સંસ્કૃત સાહિત્યના કવિઓ અને શાસ્ત્રકારોના સમય વિશે મોટેભાગે કશી નિશ્ચિત માહિતી મળતી નથી. આદિકવિ વાલ્મીકિ હોય, કે કવિકુલગુરુ મહાકવિ કાલિદાસ હોય; કે પછી જગદ્‌ગુરુ આદિ શંકરાચાર્ય હોય – આમાંના કોઈના પણ જીવન, સમય વગેરે વિશેની નિશ્ચિત, એટલે કે ઐતિહાસિક પુરાવા સાથે આગળ ધરી શકાય એવી સામગ્રી આજે આપણને મળતી નથી. તેથી આનુષંગિક વિગતો અને પરોક્ષ ઉલ્લેખોને આધારે જ આ કવિઓ અને શાસ્ત્રકારોનો સમય નક્કી કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

મહાકવિ ભવભૂતિનો સમય પણ લગભગ આવી રીતે જ નક્કી કરવાનો થાય છે :– 'કાદમ્બરી' અને 'હર્ષચરિત'ના રચયિતા બાણભટ્ટનો સમય, ઐતિહાસિક દૃષ્ટિએ સુનિશ્ચિત છે. સમ્રાટ્ હર્ષવર્ધનનો સમય ૬૧૦–૬૪૮ ઇ.સ. નક્કી થયેલો છે; તેમના રાજ્યાશ્રિત કવિ તરીકે બાણભટ્ટનું સ્થાન હતું. આ બાણભટ્ટે સંસ્કૃત સાહિત્યના અનેક કવિઓ અને નાટ્યકારોનો નામોલ્લેખ કરીને, તે દરેકની વિશેષતાઓ પણ નોંધી છે. આવા કવિઓની યાદીમાં ભાસ, કાલિદાસ, ભટ્ટાર હરિશ્ચન્દ્ર વગેરેનો ઉલ્લેખ થયો છે; પણ બાણે ભવભૂતિનો ઉલ્લેખ કર્યો નથી. જો બાણની પૂર્વે ભવભૂતિ થયા હોત તો ભવભૂતિની રચનાઓ એવી પ્રભાવક છે કે બાણભટ્ટે તેમનો નિર્દેશ અચૂક કર્યો જ હોત. પણ અન્ય કવિઓની હરોળમાં, બાણે ભવભૂતિનો જે ઉલ્લેખ નથી કર્યો – તે જ એક મોટો પુરાવો બની જાય છે કે ભવભૂતિનો જન્મ બાણભટ્ટ પછી જ થયો છે. (એટલે કે ભવભૂતિનો સમય ૭મી સદીની પહેલાં – બાણભટ્ટની પહેલાં – તો મૂકી શકાય એવો છે જ નહીં.)

બીજી તરફ, ધનંજયે 'દશરૂપક'માં ભવભૂતિના 'ઉત્તરરામચરિત' નાટકમાંથી અનેક ઉદ્ધરણો લીધાં છે; અને તે ધનંજયનો સમય ૯૯૫ ઇ.સ. મનાયો છે. એ જ રીતે, વામને 'કાવ્યાલંકારસૂત્રવૃત્તિ'માં ઉત્તરરામચરિતના इयं गेहे लक्ष्मीरियम्– (૧–૨૮) શ્લોકને ઉદ્ધૃત કર્યો છે, અને વામનનો સમય ઇ.સ. ૮૦૦ મનાયો છે. આથી સિદ્ધ થાય છે કે ભવભૂતિ બાણભટ્ટના સમયની પછી, અને ધનંજય–વામન–ની પૂર્વે; એટલે કે ૭મા સૈકાના અંતિમ ચરણમાં; અથવા ૮મી સદીના આરંભે થઈ ગયા હશે.

આ મુદ્દાનું બીજી એક રીતે પણ સમર્થન થાય છે. જેમકે, વાક્પતિરાજે

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

"ગઉડવહો" નામના પ્રાકૃત કાવ્યના ૭૯૯ નંબરના પદ્યમાં ભવભૂતિની પ્રશંસા નીચે મુજબ કરી છે :–

भवभूइजलहिणिग्गदकव्वामयरसकणा इव फुरन्ति ।
जस्स विसेसा अज्ज वि वियडेसु कहाणिवेसेसु ॥

સંસ્કૃત–છાયા–

भवभूतिजलधिनिर्गतकाव्यामृतरसकणा इव स्फुरन्ति ।
यस्य विशेषा अद्यापि विकटेषु कथानिवेशेषु ॥

અર્થાત્ "ભવભૂતિના (કાવ્ય)સમુદ્રમાંથી નીકળેલા કાવ્યામૃતના રસ–કણો જાણે (સતત) સ્ફુર્યા જ કરે છે; અને તેમની જટિલ કથારચના (વસ્તુગૂંથણી)માંથી હજુ આજેય નવા નવા વિશેષો પ્રકટ્યા કરે છે !"

આ 'ગઉડવહો'માં અન્યત્ર અશુભ ઘટના રૂપે એક સૂર્યગ્રહણનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. હરમન યાકોબીએ આ સૂર્યગ્રહણનો સમય, ૧૪ ઓગસ્ટ, ૭૩૩ ઇ.સ. નક્કી કરી આપ્યો છે. આમ વાક્પતિરાજનો સમય ૮મી સદીનો પૂર્વાર્ધ નક્કી થાય છે. તેથી ભવભૂતિનો સમય ૭મી સદીનો અંતિમ ગાળો અને ૮મી સદીનો શરૂઆતનો ભાગ હોઈ શકે છે.

કવિ વાક્પતિરાજ ૮મી સદીમાં કાન્યકુબ્જ (અત્યારનું કનોજ–કાનપુર–)ના રાજા યશોવર્માના રાજકવિ હતા. એ જ રીતે, ભવભૂતિને પણ રાજા યશોવર્માનો રાજ્યાશ્રય મળી રહ્યો હતો–એમ કલ્હણની 'રાજતરંગિણી' (૪–૧૪૪)માં કહ્યું છે :–

कविवाक्पतिराज–श्रीभवभूत्यादिसेवितः ।
जितो ययौ यशोवर्मा तद्गुणस्तुतिवन्दिताम् ॥

સ્ટેઈન અને કનીંગહામ જેવા અંગ્રેજ પુરાવિદો એ આ યશોવર્માનો સમય ૭૩૬ ઇ.સ. નક્કી કરી આપ્યો છે. તેથી ભવભૂતિ ૭મી સદીના અંત ભાગે અને ૮મી સદીના આરંભે થઈ ગયા હશે એમ નિશ્ચિતપણે માની શકાય એવું છે.

○ ○ ○

ભવભૂતિનું જીવન :

મહાકવિ કાલિદાસે તેમની નાટ્યકૃતિઓમાં પોતાના નામ સિવાય અંગત જીવન વિશે બીજી કોઈ કશી જ માહિતી આપી નથી. એની અપેક્ષાએ ભવભૂતિએ પોતાના નામ ઉપરાંત અંગત જીવન વિશે ઘણી માહિતી આપી છે. આ જીવન-વિષયક વિગતો એમનાં નાટકોની 'પ્રસ્તાવના'માંથી જ, નીચે મુજબ પ્રાપ્ત થાય છે :

કવિ ભવભૂતિએ 'માલતીમાધવ' નામના પ્રકરણ–રૂપકની પ્રસ્તાવનામાં પોતાના કુટુંબ વિશે નીચે મુજબની માહિતી આપેલી છે :

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

अस्ति दक्षिणापथे विदर्भेषु पद्मनगरं नाम नगरम् । तत्र केचित् तैत्तिरीयिणः काश्यपाश्चरणगुरवः पङ्क्तिपावनाः पञ्चाग्नयो धृतव्रताः सोमपीथिन उदुम्बरनामानो ब्रह्मवादिनः प्रतिवसन्ति ।

"દક્ષિણાપથમાં વિદર્ભ (અત્યારના નાગપુરની આસપાસના) પ્રાન્તમાં એક પદ્મનગર છે. જેમાં (કૃષ્ણયજુર્વેદની) તૈત્તિરીય શાખાનું અધ્યયન કરનારા, કાશ્યપ–ગોત્રમાં જન્મેલા, પંક્તિને પવિત્ર કરનારા, પંચાગ્નિ વ્રતને ધારણ કરનારા, સોમપાન કરનારા 'ઉદુમ્બર' નામના બ્રહ્મવાદી બ્રાહ્મણો નિવાસ કરે છે."

આવા શ્રોત્રિય બ્રાહ્મણો, કે જેઓ ઈષ્ટ અને આપૂર્ત કર્મોમાં રત રહેતા હતા, તેઓને ત્યાં ભટ્ટ ગોપાલના પૌત્ર તરીકે ભવભૂતિનો જન્મ થયો હતો :–

तत्रभवतः सुगृहीतनाम्नो भट्टगोपालस्य पौत्रः, पवित्रकीर्तेः नीलकण्ठस्य आत्मसंभवो भट्टश्रीकण्ठपदलाञ्छनो भवभूतिनामा जातूकर्णीपुत्रः कविः......स्वकृतिम् (मालतीमाधवम्) अस्माकम् अर्पितवान् ॥

ઉપરના વાક્યમાં જણાવ્યું છે તેમ – ભટ્ટ ગોપાલના પૌત્ર અને પવિત્ર કીર્તિવાળા 'નીલકંઠ' નામના પિતાના પુત્ર તે કવિ ભવભૂતિ છે. તેમને 'શ્રીકંઠ' એવું બિરુદ પ્રાપ્ત થયું હતું; તથા તેમની માતાનું નામ 'જાતૂકર્ણી' હતું. તેમણે 'માલતીમાધવ'ની રચના કરીને, ભરતોની મંડળીને (= નટમંડલીને) તે ભજવવા માટે સોંપી હતી.

આમ 'માલતીમાધવ'ની પ્રસ્તાવનામાંથી ભવભૂતિના માતા–પિતાનું અને દાદાનું નામ જાણવા મળે છે. એમની વેદશાખા અને ગોત્રની જાણકારી પણ મળે છે, તથા એમનું નિવાસસ્થાન પદ્મનગર કે પદ્મપુરમાં હતું.

ભવભૂતિના વિદ્યાભ્યાસ બાબતે 'ઉત્તરરામચરિત'ની કેટલીક હસ્તપ્રતોમાં જે એક વિશેષણ વપરાયું છે, તે અત્રે સ્મરણીય છે : पदवाक्यप्रमाणज्ञः भवभूतिः । પદ (= વ્યાકરણશાસ્ત્ર), વાક્ય (= મીમાંસાશાસ્ત્ર) અને પ્રમાણ (= ન્યાયશાસ્ત્ર)ને જાણનાર ભવભૂતિ કવિ છે. આવી જ રીતે, 'માલતીમાધવ' (૧–૭)માં તેમણે પોતે જે કહ્યું છે કે –

यद् वेदाध्ययनं तथोपनिषदां
सांख्यस्य योगस्य च
ज्ञानं तत्कथनेन किं,
न हि ततः कश्चिद् गुणो नाटके ।

"મેં (= ભવભૂતિએ) જે વેદોનું અધ્યયન કર્યું છે, તથા મને જે ઉપનિષદો અને સાંખ્યયોગનું જ્ઞાન છે – એ બધું કહેવાથી પણ શું પ્રયોજન ? (નાટકની

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પ્રસ્તાવનામાં આવી બધી અંગત વિદ્વત્તાની વાતો કરવાથી) પ્રસ્તુત નાટકના ગુણમાં કશો ઉમેરો થતો નથી. (સફળ નાટક લખી બતાવવું એ તો સાવ જુદી જ વસ્તુ છે; અથવા વેદોપનિષદાદિનું જ્ઞાન હોવાથી જ નાટક લખવાની આવડત આવી જાય છે – એમ પણ નથી.)

આ અવતરણોનો સમગ્ર સાર એ નીકળે છે કે ભવભૂતિ બહુ જ ઊંચા બ્રાહ્મણકુળમાં જન્મેલા વિદ્વાન એવા કવિ છે. પણ તેઓ પોતાના ઉચ્ચકુળના અભિમાનને, કે પોતાની વિદ્વત્તાના આત્મગૌરવને પણ આપણી સમક્ષ આગળ ધરવા માંગતા નથી. આ બધી જ વાતોને એક બાજુએ ખસેડીને ભવભૂતિ તો પોતાને એક નવીન, સફળ નાટ્યકવિ તરીકે જ સિદ્ધ કરવા ઉદ્યત થયા છે.

પરંતુ ક્યારેક ઉચ્ચકુળમાં જન્મ લીધા પછી, કૌટુંબિક વારસામાં મળેલું વેદાધ્યયન કે યજ્ઞયાગાદિ ક્રિયાકાંડની પરમ્પરાને છોડીને; ચીલો ચાતરીને, નવા પ્રકારનું જીવન જીવવાની ઇચ્છા કોઈ વ્યક્તિને થાય તો તેને કૌટુમ્બિક કે સામાજિક બહિષ્કારના કે ઉપેક્ષાના ભોગ પણ બનવું પડે; અથવા પોતાના ટીકાકારોનો પણ સામનો કરવો પડે એવું ય બને ! ભવભૂતિના અંગત જીવનમાં આવું **કંઈક** બન્યાનો એક પુરાવો 'માલતીમાધવ'ની પ્રસ્તાનામાંથી જાણવા મળે છે !

ये नाम केचिदिह नः प्रथयन्त्यवज्ञां
जानन्ति ते किमपि तान् प्रति नैष यत्नः ।
उत्पत्स्यतेऽस्ति मम कोऽपि समानधर्मा
कालो ह्ययं निरवधिर्विपुला च पृथिवी ॥ (मा. मा. १–६)

અર્થાત્ "જે કોઈ લોકો અમારી અવજ્ઞાને/ટીકાને ફેલાવી રહ્યા છે; વળી જે લોકો પોતે "કંઈક" (વિશેષ) જાણે છે એવો ખ્યાલ ધરાવે છે એવા "વધુ પડતા" વિદ્વાનો માટે ય અમારો આ (નાટક લખવાનો) પ્રયત્ન નથી.

મારો કોઈક સમાનધર્મા (ભવિષ્યમાં) ઉત્પન્ન થશે, અથવા (પૃથિવી ઉપર ક્યાંક કોઈક હશે; [કે જે મારા આ નાટકની સિદ્ધિને પારખી શકશે]. કારણ કે કાળ અનન્ત–નિરવધિ છે, તથા પૃથિવી પણ ઘણી વિશાળ છે."

આ શ્લોકને આધારે વિદ્વાનોએ બે પ્રકારનાં અનુમાનો કર્યાં છે : (૧) ભવભૂતિને એના પોતાના કુટુંબમાંથી જ 'નાટ્યકાર' બનવા માટે પ્રોત્સાહન અને સમર્થન મળ્યું નહીં હોય; બલ્કે તેમની ટીકા વધારે થઈ હશે. અથવા (૨) એમને એમના સમકાલિક નાટ્યકળાના ભાવકો (પ્રેક્ષકો અને સમીક્ષકો) તરફથી પ્રશંસાના બે શબ્દ પણ નહીં સાંભળવા મળ્યા હોય.

જો કે ઉપર્યુક્ત શ્લોકને આધારે, પ્રાથમિક દૃષ્ટિએ, રજૂ કરેલાં ઉપર મુજબનાં

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

બે અનુમાનો તો વિવાદના કેવળ બીજસ્વરૂપ છે. પણ વિદ્વાનોએ, "ભવભૂતિના મનમાં કોને માટે ફરિયાદ છે ?" એ શોધવા માટે ઘણી લાંબી અને સૂક્ષ્મ ચર્ચાઓ કરી છે.

સ્હેજ ઇશારા રૂપે એક-બે મત જોઈશું. પ્રોફે ગૌરીશંકર ઝાલા (સૂરત)એ Bhavabhuti and His Contemporary Detractors (Journal of the Oriental Institute, Baroda, XIV, 3-4, pp. 48-63)માં જણાવ્યું છે કે બાણભટ્ટની યશઃપતાકા જ્યારે ચોપાસ ફરકી રહી હતી અને એમનો દીકરો પુલિન ભટ્ટ જ્યારે અધુરી કાદમ્બરીને પૂરી કરીને પોતાના પિતાનો યશ અખંડ રાખવા ઉદ્યત થયો હશે, ત્યારે કાદમ્બરીના પ્રેમનું અનુકરણ કરતા 'માલતી-માધવ'ના પ્રેમપ્રસંગને જોઈને, તે ભવભૂતિનો આલોચક બની ગયો હશે. એટલે કે બાણભટ્ટના પુત્ર અને બાણના પ્રશંસકોએ ભવભૂતિની ઉપર કાદમ્બરીકારનું અનુકરણ કરવા માટે પ્રહારો કર્યા હશે !

બીજા કેટલાક એમ કહે છે કે ભવભૂતિની પહેલી રચના 'મહાવીરચરિત' હશે/છે અને તેના નાટ્યપ્રયોગ પછી, ભવભૂતિની ઘણી ટીકા થઈ હશે, જેથી છંછેડાયેલા ભવભૂતિએ પોતાની બીજી રચના–માલતીમાધવ–માં એ ટીકાખોરોને ઉદ્દેશીને આ, (ઉપર મુજબનો) શ્લોક લખ્યો હશે.

પરંતુ પ્રોફે. ગોવિન્દ કેશવ ભટે (પૂના) કહ્યું છે કે ભવભૂતિના આલોચકો એમના પોતાના કુટુંબીજનો જ હતા. કેમકે ભવભૂતિ પોતે શ્રોત્રિય પંડિતોના બ્રાહ્મણ પરિવારમાં જન્મેલા વ્યક્તિ હતા. તેઓ તૈત્તિરીય શાખાના, કાશ્યપ વંશીય, પંક્તિપાવન, પંચાગ્નિ તપ કરનાર, ધૃતવ્રત, સોમપીથી બ્રાહ્મણ હતા. એમને 'જ્ઞાનનિધિ' જેવા યથાર્થનામા ગુરુ દ્વારા શાસ્ત્રજ્ઞાનથી સંપન્ન કરવામાં આવ્યા હતા. આમ પાંડિત્ય અને કર્મકાંડની પૈતૃક પરંપરામાં સર્વથા દીક્ષિત બનાવેલો વારસદાર પુત્ર જો શાસ્ત્રોના અધ્યયનથી મોં ફેરવી લે, અને કાવ્યમાર્ગ ઉપર ચાલવા લાગે, કે નટમંડળી જોડે મૈત્રી બાંધી લે, અને પછી એમનાં નાટકો કાલપ્રિયનાથની યાત્રાના પ્રસંગે મહોત્સવોમાં ભજવાવા માંડે તો એમનાં કુટુંબીજનો એવા દીકરાને કેવી રીતે પાછો અપનાવે ? કુટુંબીજનોની દૃષ્ટિએ તો પંડિત અને શાસ્ત્રકાર તરીકેનું એક પવિત્ર જીવન છોડીને, કવિતા તથા નાટકના 'રવાડે' ચઢી જવું તે બહુ જ 'બૂરી' બાબત હતી ! આમ જી. કે. ભટસાહેબના મતે ભવભૂતિના આલોચકો એના પોતાનાં જ કુટુંબીજનો, મિત્રો અને સગાવહાલાં જ હશે.

પરંતુ એક ત્રીજી રીતે વિચારતાં અમને એમ લાગે છે કે ભવભૂતિને જેમની ટીકાના ભોગ બનવું પડ્યું હશે તે એમના સમયના–સમકાલિક-સાહિત્યરસિકો જ હોવા જોઈએ, અને આ સાહિત્યરસિકો એવા હશે કે જેઓ ભવભૂતિએ આકારિત

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

કરેલી નાટ્યપ્રયોગની નવીનતાઓ; અને एको रसः करुण એવની પ્રતીતિને સાકાર કરતી વક્રોક્તિઓ (વિડંબનાઓ–irony), તથા સૂક્ષ્મ વ્યંજનાઓને સમજવામાં, માણવામાં અને નાણી જોવામાં ઊણા ઉતર્યા હશે [જેમને મેળવીને, કવિ ભવભૂતિને કદાચ એવું બોલવાનું મન થતું હશે કે अरसिकेषु कवित्वनिवेदनं शिरसि मा लिख, मा लिख, मा लिख । !]

કેમકે ઉપરના શ્લોકમાં, જરા ધ્યાનથી જોશો તો અજ્ઞાનીઓ, કે વધુ પડતા જાણકારોની સામે ફરિયાદ કે અકળામણ નથી; કારણકે એમને માટે તો એમણે આ (ઉ.રા.ચ.) લખવાનો પ્રયત્ન કર્યો જ નથી. એવું ચોખ્ખું લખ્યું જ છે. પણ તેમને પોતાના "સમાનધર્મા"ને મેળવવાની ખેવના વધુ તરી આવે છે. વળી, તેમની કવિતા કે નાટ્યવૈશિષ્ટ્યને સમજવામાં સમકાલિકોને ઊણા ઉતરતા જોઈને જ **કદાચ**, ઉત્તરરામચરિતમાં ભવભૂતિએ ઘણે સ્થળે કૃતિની વચમાં ડોકાઈને પણ, અભિધામાં જ अहो संविधानकम् ।; पुटपाकप्रतीकाशो रामस्य करुणो रसः । કે સ્થાને वाक्यनिवृत्तिर्मोहश्च । જેવાં વાક્યો મૂકીને, પ્રેક્ષકોની આંખ ખોલાવાનો સભાન–સહેતુક-પ્રયાસ કર્યો છે.

આમ, ભવભૂતિના દ્વેષિલાઓ કે ટીકાખોરો કોણ હતા ? એમ શોધવા બેસવું, એના કરતાં કવિને પોતાના જ સમયમાં સમાનધર્માઓ ન મળ્યાનું 'કમ–નસીબ' (ઓછા ભાગ્યવાળા હોવાપણું) ધ્યાન ઉપર લેવું જરૂરી લાગે છે; અને એમ કરવાથી એમની ઉપર્યુક્ત કેટલીક 'અભિધાઓ'; કે જે 'વચનીય' બની છે, તે સહ્ય બને છે; ક્ષમ્ય બને છે.

o o o

મહાકવિ ભવભૂતિને એના પોતાના સમયમાં ભલે સમાનધર્મા સાહિત્યરસિકો ન મળ્યા હોય; પણ સતત આગળ વધતા રહેતા કાલપ્રવાહમાં, ધીરે ધીરે ભવભૂતિનો ચાહકવર્ગ વધતો ગયો છે. તથા ભવભૂતિને (કાલિદાસ પછીના) એક શ્રેષ્ઠ કવિ તરીકે સ્વીકૃતિ મળતી ગઈ છે. જેમકે, દશમી સદીના ધનપાલે 'તિલકમંજરી'માં ભવભૂતિની પ્રશંસા કરી છે. તથા નવમા સૈકામાં રાજશેખર પોતાને ભવભૂતિનો નવો અવતાર ગણાવવામાં ગૌરવ અનુભવે છે. રાજશેખરે 'કાવ્યમીમાંસા' ઉપરાંત, 'બાલરામાયણ'ની રચના કરી હતી; તેમાં આ સંદર્ભે નીચે મુજબનો શ્લોક લખ્યો છે :–

बभूव वल्मीकभवः पुरा कवि–
स्तत प्रपेदे भुवि भर्तृमेण्ठताम् ।
स्थितः पुनर्यो भवभूतिरेखया
स वर्तते सम्प्रति राजशेखरः ॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

"પહેલાં જે (રામાયણ લખનાર) વાલ્મીકિ કવિ થઈ ગયા, તે પછીના કાળમાં, પૃથિવી ઉપર ભર્તૃમેંઠ તરીકે જન્મ્યા. એ પછી (ઉત્તરરામચરિતના રચયિતા) ભવભૂતિ રૂપે અવતર્યા; તે જ, હવે આજે હું (બાલરામાયણ લખનાર) રાજશેખર રૂપે તમારી સામે ઊભો છું." – આમ રાજશેખર પોતાને ભવભૂતિના નવા અવતાર તરીકે વર્ણવે છે એ જ દર્શાવે છે કે ઉત્તરવર્તીકાળમાં ભવભૂતિની પ્રતિષ્ઠા વધી છે, અને ભવભૂતિના સમોવડિયા થવાની ઘણા કવિઓને ખેવના રહેતી હતી.

ભવભૂતિ અને ઉમ્બેકની અભિન્નતા ?

થોડાંક દશકાઓ પૂર્વે શ્રીશંકર પાંડુરંગ નામના વિદ્વાનને, ૫૦૦ વર્ષ જૂની, એક 'માલતીમાધવ' રૂપકની હસ્તલિખિત પ્રતિ (પાંડુલિપિ) મળી આવી છે, જે પ્રતિમાં આ માલતીમાધવના ત્રીજા અંકની પુષ્પિકામાં લખ્યું છે કે–इति श्रीभट्टकुमारिलशिष्यकृते मालतीमाधवे तृतीयोऽङ्कः (समाप्तः) ।

એવી જ રીતે – છઠ્ઠા અંકના અંતે લખ્યું છે કે इति श्रीकुमारिलस्वामि-प्रसादप्राप्तवाग्वैभव श्रीमद् उम्बेकाचार्यविरचिते मालतीमाधवे षष्ठोऽङ्कः ॥

આમાંથી બે મુદ્દા ઊભા થયા છે : (૧) કવિ ભવભૂતિ પૂર્વમીમાંસક શ્રી કુમારિલ ભટ્ટના શિષ્ય હતા, તથા (૨) ભવભૂતિનું બીજું નામ 'ઉમ્બેક' હતું.

આ 'ઉમ્બેક' કોણ ? તો તેમણે કુમારિલ ભટ્ટના 'શ્લોકવાર્તિક' ગ્રન્થ ઉપર ટીકા લખી છે; તથા આ ટીકાનો આરંભ પણ ये नाम केचिद् इह न प्रथयन्ति अवज्ञाम् ...વાળા શ્લોકથી જ થાય છે ! એટલે વિદ્વાનો એ વિવાદમાં ઊતરી ગયા છે કે નાટ્યકાર 'ભવભૂતિ' એ જ, મીમાંસક 'ઉમ્બેક' છે કે બીજા કોઈ ? પરંતુ આ ચર્ચામાં આપણે બહુ આગળ નહીં વધીએ. કેમકે (૧) 'ઉત્તરરામચરિત'માં એક 'અર્થવાદ' (પ્રથમ અંક) શબ્દના ઉપયોગ સિવાય, મીમાંસા–વિષયક બીજા એવા કોઈ ગંભીર ઉલ્લેખો નથી, કે જેને સમજ્યા વિના 'ઉત્તરરામચરિત' આપણાથી માણી જ ન શકાય. તથા (૨) કોઈ એક જ હસ્તપ્રતમાં મળેલા આ 'ઉમ્બેક'ના ઉલ્લેખને કેટલું વજન આપવું ઉચિત ગણાય ? એ પણ વિદ્વાનોએ વિચારવું જોઈએ.

o o o

ભવભૂતિના એક જીવનપ્રસંગને વર્ણવતી દંતકથા રસપ્રદ છે : ભવભૂતિએ 'ઉત્તરરામચરિત'ની રચના કર્યા પછી, તે કાલિદાસને વાંચી સંભળાવવા તેઓ ઉજ્જૈન ગયા. ત્યારે કાલિદાસ ચોપાટ રમવા બેઠા હતા. તેમણે ચોપાટ રમતાં રમતાં જ ભવભૂતિનું નાટક સાંભળવાની ઇચ્છા કરી. ભવભૂતિએ પોતાનું નાટક

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

વાંચી સંભળાવ્યું. એના પ્રતિભાવમાં કાલિદાસે કહ્યું કે रात्रिरेवं व्यरंसीत् इत्यत्र बिन्दुमात्रं विशिष्यते । અંક–૧–૨૭મો શ્લોક किमपि किमपि मन्दम् मन्दमासत्तियोगात्.... શ્લોકના અંતિમ ચરણમાં એક અનુસ્વાર વધારે લખ્યો છે. એટલે કે रात्रिरेवं व्यरंसीत् । ને બદલે, કવિ ભવભૂતિએ रात्रिरेव व्यरंसीत् । એવો જો પાઠ લખ્યો હોય, તો તે વધુ વ્યંજના સભર અને દાંપત્યજીવનના ગાઢ પ્રેમને વ્યક્ત કરનાર બની જશે. કેમકે જો रात्रिरेवं व्यरंसीत् । એવો અનુસ્વાર સાથે પાઠ લખ્યો હોય તો તેનો અર્થ "રામ–સીતાએ આ રીતે -एवम् રાત્રિ વીતાવી" એમ થાય. પણ જો તેમાંથી અનુસ્વાર કાઢી લઈએ તો रात्रिरेव व्यरंसीत् અર્થાત્ "રામ-સીતાની વાતચીતમાં સમયનું ધ્યાન રહ્યું જ નહીં, અને રાત્રિ જ પસાર થઈ ગઈ." એવો અર્થ નીકળે.

આમ, આ દંતકથા મુજબ મહાકવિ કાલિદાસે ભવભૂતિનું 'ઉત્તરરામચરિત' સાંભળીને, તેમાંથી એક જગ્યાએ અનુસ્વાર વધારે લખાયો હતો, તે દૂર કરવાનું સૂચન કર્યું હતું ! – પરંતુ ઇતિહાસની દૃષ્ટિએ કાલિદાસ અને ભવભૂતિ સમકાલિક કવિઓ હતા જ નહીં. તેથી આ કથાનું મૂલ્ય નથી. ખરેખર, તો લહિયાની બેદરકારીથી જ અનુસ્વારસહિતનો પાઠ પ્રચારમાં આવ્યો હતો. જે પછીના સમયના લહિયાઓએ ભૂલ સુધારી લીધી છે.

ભવભૂતિની નાટ્યકૃતિઓ :

મહાકવિ ભવભૂતિએ ત્રણ નાટ્યકૃતિઓ રચી છે. જેમકે, (૧) મહાવીરચરિત, (૨) માલતીમાધવ અને (૩) ઉત્તરરામચરિત. સમગ્ર સંસ્કૃત નાટ્યસાહિત્યમાં 'નાટ્યકાર' તરીકે ભવભૂતિનું મૂલ્યાંકન કરવા માટે આ ત્રણેય નાટ્યકૃતિઓનો એક પ્રાથમિક પરિચય પણ પહેલાં હોવો જરૂરી ગણાય. એ દૃષ્ટિએ પહેલાં આ ત્રણેય નાટ્યકૃતિઓનું કથાનક ટૂંકમાં જોઈ લઈશું :

(૧) મહાવીરચરિત:

રામકથા આધારિત સાત અંકનું આ 'નાટક' પ્રકારનું રૂપક છે. અહીં 'મહાવીર' શબ્દથી 'રામ' અભિપ્રેત છે; અને રામે દશાનન રાવણને હણીને, એક મહાવીર પુરુષનું જે પ્રતિમાન આપણી સમક્ષ ખડું કર્યું છે તેને લગતું આ નાટક છે. વળી, આમાં રામના પૂર્વજીવનની ઘટનાઓને નાટ્યનો વિષય બનાવવામાં આવેલ છે. જેમકે, સીતા–સ્વયંવરના પ્રસંગથી જ નાયક-પ્રતિનાયક (રામ અને રાવણ) ટકરામણમાં આવી જાય છે. ધનુષ્યભંગ પછી રામ જોડે લઢવા માટે પરશુરામને રાવણ જ ચઢવીને મોકલી આપે છે – એવી નવી કલ્પના ભવભૂતિએ મૂકી છે ! એ જ રીતે, રાવણે જ પોતાની બહેન શૂર્પણખાને મન્થરાના

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

વેશમાં કૈકેયી પાસે મોકલી આપી છે, અને તેની ચઢવણીથી રામને ૧૪ વર્ષનો વનવાસ અપાવવામાં આવે છે. વળી, માલ્યવાન નામનો રાક્ષસ સીતાનું અપહરણ કરે છે; અને તે જ વાલીને પણ ચઢવીને રામની જોડે લઢવા મોકલવામાં આવે છે. (આમ નિર્દોષ વાલીને રામે સંતાઈને માર્યાનો અપવાદ રામને શિરે ચઢતો નથી.) એ પછી રામ-રાવણનું યુદ્ધ અને રાવણનો વધ વર્ણિત છે. છેલ્લે, રામના રાજ્યાભિષેકથી નાટક સમાપ્ત થાય છે. ભવભૂતિએ રામના ચરિતને એક ધીરોદાત્ત નાયક તરીકે નિરૂપવા માટે જરૂરી એવા ઘણા નવા કાલ્પનિક ફેરફારો કર્યા છે; જે રોચક પણ જણાય છે. આખી કૃતિ વીરરસ પ્રધાન છે.

(૨) માલતીમાધવ :

ભવભૂતિની આ દશ અંકમાં વિસ્તરેલી 'પ્રકરણ' પ્રકારની નાટ્યકૃતિ છે. વિદ્વાનોને એવું લાગ્યું છે કે 'મહાવીરચરિત'નો નાટ્યપ્રયોગ થયા પછી એના પ્રેક્ષકોએ, સાહિત્યરસિકોએ એની ભારે ટીકા કરી હશે. આથી ભવભૂતિએ ઈતિહાસપ્રધાન–ખ્યાત ઈતિવૃત્તવાળું નાટક લખવાનો માર્ગ છોડીને, અપૂર્વકલ્પનાજનિત 'પ્રકરણ' પ્રકારનું રૂપક રચવાનું વિચાર્યું હશે. આ કૃતિ શૃંગારરસ પ્રધાન છે; અને તેમાં એકને બદલે, બે પ્રેમકથાઓ ગૂંથવામાં આવી છે. મુખ્ય પ્રેમકથાનાં પાત્રો માલતી અને માધવ છે; અને ગૌણ પ્રેમકથાનાં બીજાં બે પાત્રોમાં ઉપનાયક અને ઉપનાયિકા તરીકે મકરન્દ અને મદયન્તિકા છે.

માલતી અને માધવ અભિજાત સહજ પ્રેમથી આકર્ષાયેલાં નાયક-નાયિકા છે. નાયિકા પ્રેમી માધવ વિના રહી શકે તેમ નથી. પરંતુ તે કુંવારિકા કુલીનતાના સંસ્કારોથી અને પિતૃભક્તિથી બદ્ધ એવું વ્યક્તિત્વ છે. તેથી પ્રેમમાં દીવાની બનીને વગર વિચારે આગળ વધવા તૈયાર નથી. કાલિદાસે પ્રણયમાર્ગના જે અંતરાયો વર્ણવ્યા છે, એના કરતાં અહીં સાવ જુદી જ પરિસ્થિતિ કવિએ ઊભી કરી છે. આ નાયક-નાયિકાના પિતાઓ અને એમની જૂની એક સખીએ, એ બેના જન્મપૂર્વે જ એમને વિવાહસંબંધે જોડવાનું વિચારી રાખ્યું હતું; પણ એ વિશે આ નાયક-નાયિકાને કશી જ ખબર હોતી નથી. બીજી તરફ, નાયિકાના પિતા, કે જેઓ એક રાજાના અમાત્ય હતા, તેમની પાસે એ રાજાએ પોતાના બીજા એક મંત્રી નંદનને માટે માલતીના હાથનું માંગુ કર્યું હોય છે. આ પરિસ્થિતિનો ઉપયોગ કરીને 'ભેદબુદ્ધિ'નો પ્રયોગ કરવામાં આવે છે. નાયિકાના મનમાં રહેલી પિતૃભક્તિ ભેદનીતિથી શિથિલ પાડવામાં આવે છે; અને નાયક પોતે પોતાની રીતે, નિરાશ થવાથી સ્વમાંસવિક્રય કરીને અલૌકિકશક્તિ સંપાદિત કરવા યત્નશીલ બને છે; કે જેથી તે પોતાની પ્રિયતમા માલતીને મેળવી શકે. માધવ સ્મશાનમાં

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પહોંચે છે, ત્યાં અકસ્માતે અઘોરઘંટ અને કપાલકુંડલા વડે માતાને બલિ ચઢાવવા માટે પકડી આણેલી માલતી જોવા મળે છે. આથી માધવ અઘોરઘંટનો વધ કરીને માલતીને છોડાવે છે. આમ માધવ હવે માલતીને માટે 'પ્રિયજન' ઉપરાંત 'જીવિતપ્રદાયી' વ્યક્તિ બની રહે છે; અને તેથી તે કુલીનતાના વિચારો છોડીને 'ચોરિકાવિવાહ' માટે તૈયાર થઈ જાય છે.

કૃતિમાં બીજું જે પ્રણયીયુગલ મકરન્દ—મદયન્તિકાનું છે – તેમાં કવિએ જુદા પ્રકારની પ્રેમની વિભાવના આકારિત કરી છે. અહીં મદયન્તિકા ઉદ્યાનમાં ફરતી હોય છે, ત્યાં ક્યાંકથી પાંજરામાંથી છુટો પડેલો વ્યાઘ્ર આવી પહોંચે છે. મદયન્તિકા વાઘનો શિકાર બનવાની જ હતી, ત્યાં મકરન્દ દોડી આવે છે, અને વાઘને મારીને મદયન્તિકાને બચાવી લે છે. આ પછી તે બેની વચ્ચે પ્રેમ જન્મે છે. અહીં નાયક પહેલાં જીવિતપ્રદાયી બને છે; અને પછી 'પ્રિયજન' બને છે. મકરન્દ માધવનો જીગરી દોસ્ત હોય છે. તેથી માલતીને બદલે, તે મકરન્દ જ સ્ત્રીવેશમાં તૈયાર થઈને, નંદનની જોડે પરણી જાય છે ! અને માલતીને માધવની જોડે ભાગી જવાની ગોઠવણ થાય છે. પછી બધી ખબર પડતાં, તે નંદનની બહેન મદયન્તિકાનો જ પ્રેમી મકરન્દ છે અને માધવનો તે મિત્ર છે એ વાત જાહેર થાય છે. આમ ખલનાયક—નંદનની ભાવિ કનડગતને અવકાશ રહેતો નથી, તથા પિતૃભક્ત માલતીને પણ પોતાના પિતાને મન 'રાજભક્તિ' મોટી નથી, પણ એમનેય દીકરી જ પહેલી વ્હાલી વ્યક્તિ છે એની પ્રતીતિ કરાવવામાં આવે છે. આમ પૂર્ણ સંવાદ રચાતાં કૃતિ સુખાન્ત સાથે પૂરી થાય છે.

(૩) ઉત્તરરામચરિત :

વાલ્મીકિ—રામાયણની રામકથા ઉપર આધારિત એવું કરુણરસ પ્રધાન અને સાત અંકનું આ 'નાટક' પ્રકારનું રૂપક છે. 'મહાવીરચરિત'માં જો રામના પૂર્વજીવનની કથાનું આલેખન થયું છે, તો અહીં રામના ઉત્તરજીવનની કથાને નાટ્યદેહ આપવામાં આવ્યો છે. ભવભૂતિનાં ત્રણેય નાટકોમાં આ સૌથી શ્રેષ્ઠ છે. તેને કવિની પરિણતપ્રજ્ઞાનું ફળ માનવામાં આવ્યું છે.

અહીં ભવભૂતિની કવિ-દૃષ્ટિએ રામના ઉત્તરજીવનમાં બે મુખ્ય ઘટનાઓ ધ્યાનાસ્પદ છે : ૧. રામે લોકાપવાદથી કરેલો સીતાત્યાગ અને ૨. અકાળે મરી ગયેલા બ્રાહ્મણપુત્રને પુનર્ જીવિત કરવા રામે કરેલો શૂદ્ર તાપસ શમ્બૂકનો વધ. પ્રથમ ઘટના થકી રામના જીવનમાં સીતાનો નિરવધિ વિરહ અને તજ્જન્ય શોક આવી પડે છે. બીજી તરફ, પ્રજારાધન કરવાના વ્રતથી પ્રેરાઈને રામે સીતાનો ત્યાગ કરતી વખતે પોતાનાં સંતાનોનો નિર્વિઘ્ને જન્મ થઈ જાય ત્યાં સુધીની પણ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

રાહ ન જોઈ. વળી, સગર્ભા પત્નીનો ત્યાગ કરવાની સાથે જ પ્રજારાધનની તપશ્ચર્યા પૂરી પણ થઈ જતી નથી. પરંતુ તે એનાથીય આગળ વધીને એ રામને પ્રજાહિતના વધુ એક કર્તવ્યના ભાગ રૂપે કોઈકનો મૃત—પુત્ર ફરી જીવતો કરી આપવા શૂદ્ર તાપસનો વધ પણ કરવા સુધીની, એક પ્રકારની વિડંબનાભરી સ્થિતિમાં મૂકાવું પડે છે. વજ્રથી પણ વધુ કઠોર બનીને રામે પોતાના ઉત્તર-જીવનમાં એ કર્તવ્ય પણ નીભાવ્યું છે.

ભવભૂતિએ રામના ઉત્તરજીવનની આ બન્ને ઘટનાઓને પોતાની નાટ્યકૃતિનો વિષય બનાવી છે, અને તેની બહુ કલાત્મક રજૂઆત કરી છે. જેમકે ઉપર્યુક્ત પ્રથમ ઘટના પહેલા અંકમાં મૂકી છે, અને બીજી ઘટના બીજા અંકમાં મૂકી છે, તથા ત્યારપછીના અંકોમાં એ બન્ને ઘટનાઓનાં પરિણામો વારાફરતી ત્રીજા અને ચારથી સાત અંકોમાં આવિર્ભૂત થતાં દર્શાવ્યાં છે. પ્રથમ ઘટનાને કારણે રામ-સીતાના જીવનમાં જે કરુણતા છવાઈ જાય છે તે ત્રીજા અંકનું કાર્ય બને છે. તથા બીજી ઘટનાના પરિણામે શમ્બૂકનો વધ કરવાથી જો મૃત બ્રાહ્મણપુત્ર સજીવન થતો હોય તો એ પુરાકલ્પન (Myth) રામના અંગત જીવનમાં પણ સાચેસાચ મૂર્તિમંત થઈ ઊઠે છે. આને માટે કવિએ ચારથી સાત અંકની નાટ્યસૃષ્ટિ રચી છે. એટલે કે સીતાનાં જે સંતાનો જન્મ થતાં પહેલાં જ તિરોહિત થઈ ગયાં હોય છે, તે નાટકના ઉત્તરાર્ધમાં (૪થી ૭ અંકમાં) ફરી પાછાં પોતાનાં માતપિતાને મળવા પામે છે. આમ ભવભૂતિએ કવિ તરીકે પોતાના ક્રાન્તદર્શન થકી રચેલી કરુણમંડિત અને છતાંય સુખાન્તમાં પરિણત થતી એવી અનુપમ નાટ્યસૃષ્ટિ 'ઉત્તરરામચરિત'ના નામે આપણને ભેટ ધરી છે.

o o o

ભવભૂતિનાં કાવ્યસર્જન વિશે ચર્ચા કરતા હોઈએ ત્યારે આનુષંગિકપણે બીજી એક-બે વાતો પણ ઉમેરવી જોઈએ. જેમકે, 'મહાવીરચરિત'ના સંપાદક ડૉ. ટોડરમલ' જણાવે છે કે ભવભૂતિએ મહાવીરચરિતની રચના તો અંક-૫—૪૬ સુધી જ કરીને અધુરું છોડી દીધું હતું, અને પછી કેટલોક સમય વીત્યા પછી તેમાં બીજા શ્લોકો ઉમેર્યા હતા, તથા કાશ્મીરમાંથી મળતી મહાવીરચરિતની હસ્તપ્રતો મુજબ 'વિનાયક' નામની કોઈક વ્યક્તિએ છઠ્ઠો અને સાતમો અંક ઉમેરીને, આ નાટક પૂર્ણ કર્યું છે. બીજી તરફ, દક્ષિણભારતની કેટલીક હસ્તપ્રતો અને એક મૈસુરની હસ્તપ્રતને આધારે એવું પણ જણાય છે કે આ છેલ્લા બે અંકો ઉમેરવાનું કામ 'સુબ્રહ્મણ્ય' નામના વ્યક્તિએ કર્યું છે.

'મહાવીરચરિત'ને અધુરું છોડવાનું કારણ વિદ્વાનોને કંઈક એવું લાગ્યું છે કે આ નાટકમાં વાલી-વધનો પ્રસંગ જે નવી રીતે ભવભૂતિએ વિચાર્યો હતો અને

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

નિરૂપ્યો હતો, તે તત્કાલીન સમીક્ષકો-પ્રેક્ષકોને ગળે નહીં ઉતર્યો હોય; અને એને પાછળથી બદલવાની જરૂર ઊભી થઈ હશે.

ભવભૂતિએ આ જે ત્રણ નાટ્યકૃતિઓ રચી છે, તે ક્યા ક્રમે રચી હશે ? એ પણ ચર્ચાનો વિષય છે. એક મત એવો છે કે કવિએ સૌથી પહેલાં 'મહાવીરચરિત'ની રચના કરી હતી; પણ એની ટીકા થઈ હશે; જેનો પડઘો એમની બીજી કૃતિ 'માલતીમાધવ'માં પડ્યો છે : ये नाम केचिद् इह प्रथयन्त्यवज्ञाम्० । અને ત્રીજા ક્રમે 'ઉત્તરરામચરિત'ની રચના થઈ છે; જે સ્પષ્ટપણે કવિની પરિણત પ્રજ્ઞાનું ફળ છે એમ સૌને લાગ્યું છે; સૌએ તે વાત સ્વીકારી છે.

પણ શ્રી એમ. આર. કાળેનો મત જુદો છે. તેઓ કહે છે કે ભવભૂતિની પહેલી રચના તે માલતીમાધવ છે. કારણ કે તેમાં નાટ્યક્ષેત્રે પહેલવહેલું પદાર્પણ કરતાં કવિ પોતાના વિશે ઘણી વિસ્તૃત માહિતી આપે છે. આ પ્રકરણ-રૂપકની સફળતા જોઈને, કવિએ પોતાની બીજીકૃતિ 'મહાવીરચરિત'માં પોતાને "વશ્યવાચ્" (જેને વાણી વશ થઈ છે) તેવા વર્ણવે છે, અને છેલ્લે ત્રીજી કૃતિ 'ઉત્તરરામચરિત'માં તો તે પોતાને માટે પૂરા આત્મવિશ્વાસથી લખે છે કે—यं ब्रह्माणमियं देवी वाग् वश्येवानुवर्तते ॥ "જે બ્રાહ્મણ (કવિ ભવભૂતિ)ને વાગ્દેવી વશીભૂત થયેલી સ્ત્રીની જેમ અનુસરે છે."

પરંતુ આ બન્ને મતોમાંથી, પહેલો મત વિદ્વાનોને વધુ પ્રતીતિકર જણાયો છે.

o o o

ભવભૂતિએ ઉપર મુજબની ત્રણ નાટ્યકૃતિઓ ઉપરાંત બીજી કોઈ કાવ્યરચના કરી હતી કે કેમ ? એ વિશે નિશ્ચિતપણે કશું કહી શકાય એમ નથી, પરંતુ 'શાર્ઙ્ગધરપદ્ધતિ'માં બે શ્લોક એવા મળે છે કે જે ભવભૂતિના નામે ચઢાવાયા છે; પણ એ એમનાં ત્રણ નાટકોમાં ક્યાંય છે જ નહીં. આથી એવું અનુમાન કરવાનું મન થાય છે કે ભવભૂતિએ ત્રણ નાટકો ઉપરાંત પણ બીજા શ્લોકો/કાવ્યની રચના કરી હશે, જે અદ્યાવધિ આપણને ક્યાંયથી મળેલ નથી. 'શાર્ઙ્ગધરપદ્ધતિ'માં ઉદ્ધૃત થયેલાં તે બે પદ્યો આ પ્રમાણે છે :—

निरवद्यानि पद्यानि यदि नाट्यस्य का क्षतिः ।
भिक्षुकक्षाविनिक्षिप्तः किमिक्षुर्नीरसो भवेत् ॥

"નાટ્યની અંદર (ભલે બીનજરૂરી લાગતાં હોય, પણ) દોષ વિનાનાં (સુન્દર) પદ્યો મૂક્યાં હોય, તો નાટ્યને શી હાનિ થવાની હતી ? ભિક્ષુકના પાત્રમાં મૂકવામાં આવેલો શેરડીનો ટૂકડો શું નીરસ બની જાય છે ?"

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

अलिपटलैरनुयातां सहृदयहृदयज्वरं विलुम्पतीम् ।
मृगमदपरिमललहरीं समीर किं पामरेषु रे किरसि ॥

"હે સમીર ! સહૃદય (રસિકો)ના હૃદયનો જ્વર દૂર કરવા સક્ષમ એવી અને ભ્રમરસમૂહથી અનુસરાતી મૃગકસ્તુરીના પરિમલની લહરીને તું શા માટે પામર વ્યક્તિઓ (અરસિકો)ની ઉપર છાંટે છે ?

ઉપર્યુક્ત બન્ને પદ્યો જો ખરેખર ભવભૂતિનાં હોય તો એમાં એમની કવિ તરીકેની, સાહિત્યસર્જક તરીકેની પોતાની એક સૂઝ–એક કેફિયત–રજૂ થઈ છે. પહેલા શ્લોક મુજબ નાટકમાં વચ્ચે વચ્ચે જો સુન્દર, નિર્દોષ શ્લોકો ગૂંથ્યા હોય; (પછી ભલે તે બીનજરૂરી જણાતા હોય) તો તેનાથી નાટકને કશી હાનિ થતી નથી. ઉત્તરરામચરિતના બીજા અંકમાં શમ્બૂકના મુખમાં પ્રકૃતિના ભીષણ સ્વરૂપને વર્ણવતા શ્લોકો મૂકવામાં આવ્યા છે, જે ટીકાપાત્ર બનેલ છે. પણ એવા શ્લોકોનું ય કવિની દૃષ્ટિએ ન્યાયિકપણું છે – એમ દર્શાવતો એ શ્લોક છે.

બીજા શ્લોકમાં, મૃગકસ્તુરીનો પરિમલ એના યોગ્ય ભોક્તાઓની ઉપર જ છંટકાવો જોઈએ; જે પામર–રસજ્ઞ વ્યક્તિ ન હોય – તેની ઉપર એ પરિમલ વીખરાય તો વ્યર્થ જ જવાનો છે. એમ ઉત્તમ કાવ્ય સાહિત્યરસિકજનના કાને પડે તો જ સૌભાગ્ય છે; જે પામર વ્યક્તિઓ છે એમની આગળ કવિએ શું કાવ્યગાન કરવું ?!

o o o

ભવભૂતિએ નાટકો ઉપરાંત છુટક પદ્યો કે કાવ્યરચનાઓ કરી હશે એવું અનુમાન કરવા માટે બીજાં પણ કારણો છે.

જેમકે, (૧) જલ્હૂણની 'સૂક્તિમુક્તાવલી'માં પણ "આ શ્લોકો-માલતી માધવના છે" એવા ઉલ્લેખ સાથે અમુક શ્લોકો સંગૃહીત થયા છે. પણ આ શ્લોકો આજની 'માલતીમાધવ'ની હસ્તલિખિત પ્રતોમાં ક્યાંય મળતા નથી. એથી પણ એવું અનુમાન કરવું પડે છે કે ભવભૂતિએ નાટકો ઉપરાંત, સ્વતંત્ર રીતે બીજું કાવ્યસર્જન કરેલું છે; (જે આજે મળતું નથી.)

(૨) એ જ પ્રમાણે, 'ભવભૂતિ' એવું નામ કેવી રીતે પડ્યું હશે ? એ વિશે 'ઉત્તરરામચરિત'ના ટીકાકાર વીરરાઘવે લખ્યું છે કે– श्रीकण्ठनामक इत्यर्थः । 'द्वादशेऽहनि पिता नाम कुर्यात्' इति पैतृकं नामधेयमिदम् । ......भवभूतिर्नाम भवभूतिरिति प्रसिद्धनामवान् । एतत्कृत– "साम्बा पुनातु भवभूतिपवित्रमूर्तिः" इति श्लोकश्रवणसंतुष्टो राजा भवभूतिरित्येनं ख्यापयामासेति कथाऽत्र अनुसंधेया ॥ (पृ. ४)

અર્થાત્ – નીલકંઠ પિતાએ પાડેલું નામ આ કવિનું નામ 'શ્રીકંઠ' હતું; પણ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

તે કવિ 'ભવભૂતિ'ના નામે પ્રસિદ્ધિ પામેલા. કેમકે તેમણે એક શ્લોક રચેલો જેમાં "साम्बा पुनातु भवभूतिपवित्रमूर्तिः ।"

"તે અમ્બા, કે જે ભવઃશંકરની ભભૂતિથી પવિત્ર થયેલા શરીરવાળા છે, તે તમોને (ભક્તોને) પવિત્ર કરો." આમ એમણે 'ભવભૂતિ' શબ્દનો પ્રયોગ કર્યો હતો. આ શ્લોક સાંભળીને રાજા (યશોવર્મા)એ રાજી થઈ જઈને, કવિનું આ નામ પાડી દીધું, અને તેને જ પ્રસિદ્ધિમાં આણ્યું.

આવી જ એક બીજી કાવ્યપંક્તિ કવિ (શ્રીકંઠ)ની પ્રસિદ્ધ છે : गिरिजायाः कुचौ वन्दे भवभूतिसिताननौ । એ પંક્તિમાં વપરાયેલા 'ભવ-ભૂતિ' શબ્દની રમણીયતાને કારણે આ કવિનું 'ભવભૂતિ' નામ પ્રસિદ્ધ થયું છે – એવી જે વાતો પરંપરામાં સાંભળવા મળે છે, એના થકી પણ એ સિદ્ધ થાય છે કે ભવભૂતિએ ત્રણ નાટકો ઉપરાંત અન્ય કાવ્યરચનાઓ પણ કરી હશે; જે દુર્ભાગ્યે હજુ સુધી આપણને મળેલ નથી.

o o o

(૨) 'ઉત્તરરામચરિત' નાટકનો અંકવાર પરિચય

'ઉત્તરરામચરિત'– શીર્ષક : રામનું ઉત્તરચરિત જેમાં વર્ણવાયું છે તે નાટક "ઉત્તરરામચરિત" કહેવાય છે. અહીં रामस्य चरितम् इति रामचरितम् । એવો ષષ્ઠી તત્પુરુષ સમાસ પહેલાં બનાવી લેવામાં આવે છે; અને ત્યાર પછી, તેના વિશેષણ તરીકે उत्तरम् શબ્દને તેની પૂર્વે જોડવામાં આવે છે : उत्तरं चासौ रामचरितम् च इति उत्तररामचरितम् । 'ઉત્તર એવું રામચરિત' તે "ઉત્તરરામચરિત". (બીજે તબક્કે કર્મધારય સમાસ થાય છે.) રામનું ઉત્તર (= પાછળનું) જીવન જેમાં નિરૂપાયું છે, તે "ઉત્તરરામચરિત".

બીજી એક સમજૂતી મુજબ, 'ઉત્તર' શબ્દનો "પાછળનું", "ઉત્તરાર્ધનું" એવો અર્થ કરવાને બદલે "ઉત્કૃષ્ટ" એવો કરીએ તો, उत्तरम् (= उत्कृष्टम्) रामस्य चरितम् यस्मिन् (નાટકે) तत् उत्तररामचरितम् । 'ઉત્કૃષ્ટ એવું રામનું ચરિત જેમાં વર્ણવાયું છે, તે 'ઉત્તરરામચરિત'. રામના પૂર્વજીવનમાં તો કૈકેયીને કારણે વનવાસ આવી પડ્યો, અને સીતાપહરણ થતાં અનિવાર્યપણે રાવણવધ કરવો પડ્યો. આમાં રામની વીરતા અને પુત્ર તરીકેની પિતૃ-આજ્ઞાકારિતા ચોક્કસ ઉપસી આવે છે. પણ ઉત્તરજીવનમાં ભરત પાસેથી ગાદી પાછી સંભાળી લીધા પછી, રામનું ખરું વૈયક્તિક જીવન શરૂ થાય છે. જેમાં તેઓ વજ્રથી પણ વધુ કઠોર બનતાં અને પુષ્પથી પણ વધુ કોમળ જણાતાં હોય તેવી જીંદગી શરૂ થાય છે. આવા રામ "લોકોત્તર" સિદ્ધ થાય છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ભાષામાં સામાસિક શબ્દોમાંથી ક્યારેક પૂર્વપદનો લોપ થઈને પણ શબ્દવ્યવહાર થતો જોવા મળે છે. જેમકે, 'અનુરાધા' નામમાંથી 'રાધા', કે 'સત્યભામા'માંથી 'ભામા' અંશ બાકી રહી જાય છે. તેવી રીતે 'લોકોત્તર'માંથી 'ઉત્તર' શબ્દ અવશિષ્ટ રહી ગયો છે – એમ માનીએ તો "લોકોત્તર એવા રામનું ચરિત જેમાં વર્ણવાયું છે"– તે નાટક 'ઉત્તરરામચરિત' કહેવાશે !

નાટકનો નાન્દી–શ્લોક :

इदं कविभ्यः पूर्वेभ्यो नमोवाकं प्रशास्महे ।
वन्देमहि च तां वाचममृतामात्मनः कलाम् ॥

"પૂર્વેના કવિઓને ઉદ્દેશીને 'નમસ્કાર હજો' એવું આ વાક્ય (અમે) બોલીએ છીએ. આત્માના અમૃત અંશ રૂપ એવી તે વાણીને (અમે) નમસ્કાર કરીએ છીએ."

આ દ્વાદશ–પદા નાન્દી છે.

નાટ્યશાસ્ત્રીય ગ્રન્થોની સૂચના મુજબ કોઈપણ નાટ્યકૃતિના આરંભે "વિઘ્નોની શાન્તિ કરવા માટે નાન્દી તો અવશ્ય કરવી જ." નાન્દી શ્લોકનું લક્ષણ બાંધતાં કહેવાયું છે કે –

आशीर्नमस्क्रियारूपः श्लोकः काव्यार्थसूचकः
आशीर्वचनसंयुक्ता स्तुतिर्यस्यां प्रयुज्यते ।
देवद्विजनृपादीनां तस्मान् नान्दीति संज्ञिता ॥

"દેવ, બ્રાહ્મણ કે રાજા વગેરેની આશીર્વાદ સહિતની જે સ્તુતિ રજૂ કરવામાં આવે, તેને 'નાન્દી' કહેવાય છે. વળી, નાટ્યકૃતિના આરંભે મૂકાયેલા જે શ્લોકમાં કોઈકને આશીર્વાદ અપાતાં હોય, અને દેવતા કે ગુરુ વગેરેને નમસ્કાર કરવામાં આવતા હોય; તથા જેમાં કાવ્યાર્થ સૂચન વણેલું હોય તે શ્લોકને 'નાન્દીશ્લોક' કહેવાય છે." – લક્ષણ મુજબ ઉત્તરરામચરિતની પૂર્વોક્ત નાન્દીમાં કવિ ભવભૂતિએ પૂર્વેના કવિઓ (રામકથા વર્ણવનાર વાલ્મીકિ, ભાસ, કાલિદાસ વગેરે)ને નમસ્કાર કર્યા છે, તથા આત્માના અમર અંશ રૂપ ' તે વાણી'ને પણ વંદન કર્યાં છે.

પરંપરાગત રીતે એવું મનાયું છે કે નાટ્યકારો નાન્દી-શ્લોકમાં 'કાવ્યાર્થ'નું સૂચન કરી દેતા હોય છે. અહીં "કાવ્યાર્થ" શબ્દને બે અર્થમાં જોવાય છે : (૧) નાન્દીશ્લોકમાં પ્રસ્તાવિત નાટકમાં આવનારાં પાત્રોનો નિર્દેશ કરી દેવામાં આવતો હોય છે. જેમકે, અહીં आत्मनः શબ્દથી નાયક 'રામ'નો અને कलाम् શબ્દથી નાયિકા 'સીતા'નો નિર્દેશ થઈ રહ્યો છે. (કેમકે અહીં आत्मा શબ્દ પુંલિંગમાં છે

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અને કલા શબ્દ સ્ત્રીલિંગમાં છે, તેથી તે પ્રતિબિંબિત થતું હોય. અનુક્રમે નાયક-નાયિકાના વાચક બની શકે છે.)

(૨) 'કાવ્યાર્થ' એટલે ખ્યાત ઈતિવૃત્તમાંથી નવા સ્વરૂપમાં કાવ્ય લખવા માટેનું પ્રયોજન; જેમાં કવિનું પોતાનું આગવું કોઈક (નવું) જીવનદર્શન પ્રતિબિંબિત થતું હોય. કવિઓ ઘણીવાર ખ્યાત ઈતિવૃત્ત લઈને જ નાટ્યકૃતિ લખતા હોય છે. તે જૂની કથાના માધ્યમથી પોતાને લાધેલું કોઈક નવું જીવનદર્શન નાન્દીશ્લોકમાં ગૂંથી લેતા હોય છે. જેમકે, 'ઉત્તરરામચરિત'ના નાન્દીશ્લોકમાંથી કવિશ્રી ઉમાશંકર જોશીએ "પ્રેમ આત્માનો અમૃત અંશ છે" એવું ભવભૂતિનું જીવનદર્શન કાવ્યાર્થ રૂપે તારવી બતાવ્યું છે. [નાન્દીશ્લોકની બીજી પંક્તિનો પાઠ શ્રી ઉમાશંકર જોશીએ वन्देम देवतां वाचम् अमृताम् आत्मनः कलाम् । એવો સ્વીકાર્યો છે. "આત્માની અમૃત કલા (અંશ) સમી દિવ્યવાણીને (ખરેખર દૈવી વાણીને) અમે વન્દીએ છીએ."] પ્રિયજનનું મૃત્યુ થાય તો પણ એને માટેનો પ્રેમ મરતો નથી, તે અમર રહે છે – એનું પ્રદર્શન કરવા માટે ભવભૂતિએ ઉત્તરરામચરિતની નાટ્યસૃષ્ટિ રચી છે – એવું શ્રી જોશીનું કહેવું છે." સીતા એ રામની અમૃત કલા છે, સીતા મૃત્યુ પામે તો પણ એ રામનો અ-મૃત અંશ છે. અર્થાત્ ઉપર જોયું તેમ, ઉત્તરરામચરિતમાં મૂર્ત થતું કવિનું વિશિષ્ટ દર્શન—પ્રેમ એ આત્માનો અ-મૃત અંશ છે એ—નાન્દીના 'અમૃતા આત્માની કલા'એ શબ્દોમાં જ સૂચવાયું છે." (**ઉ.રા.ચ.**, અનુ. ઉમાશંકર જોશી, ગૂર્જર ગ્રન્થરત્ન કાર્યાલય, અમદાવાદ ૧૯૫૮, પ્રસ્તાવના, પૃ. ૨૮).

પરંતુ શ્રી ઉમાશંકર જોશીની આ તારવણી ગ્રાહ્ય બને એવી નથી, કેમકે નાન્દીશ્લોકની પૂર્વોક્ત દ્વિતીય પંક્તિમાં કવિએ તો 'દૈવીવાણી'ને વન્દન કરવાની વાત કરી છે, અને તે 'દૈવીવાણી'ના વિશેષણ તરીકે "આત્માની અમૃત કલા" એવો પદસમૂહ વપરાયો છે. આથી 'દૈવી વાણી' એ જ 'પ્રેમ' એવો અભેદ કરવા માટે વ્યાકરણ કે કોશનું સમર્થન મળી શકે એમ નથી. દુરાકૃષ્ટ અર્થઘટન કરવું એના કરતાં તો કોઈક સ્વાભાવિક અર્થઘટન વિચારવું તે ઉચિત જણાય છે. વળી, આવું જે જીવનદર્શન તારવવા તેમણે કોશિશ કરી છે, તે ઉત્તરરામચરિત નાટકમાં સાદ્યન્ત તંતોતંતમાં સુવ્યાપ્ત પણ નથી; અને પરિણામે ચાર, પાંચ અને છ ક્રમાંકવાળા અંકોમાં કાર્યવેગ શિથિલ પડી ગયો છે—એવું પણ એમણે કહેવું પડ્યું છે; જે કવિ ભવભૂતિને અન્યાય કરનારું છે.

આગળ ઉપર જતાં આપણે જોઈશું કે ભવભૂતિ આત્માના અમૃત અંશ રૂપ 'જે વાણી'ને વંદન કરે છે તે કઈ છે ?

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

'ઉત્તરરામચરિત' નાટકની પ્રસ્તાવના

નાન્દીશ્લોક પૂરો થયા પછી સૂત્રધાર રંગભૂમિ ઉપર આવે છે અને અભિનીત કરવા ધારેલી નાટ્યકૃતિની 'પ્રરોચના' કરે છે : "ભગવાન્ 'કાલપ્રિયનાથ'ની યાત્રા પ્રસંગે એકઠા મળેલા સૌ આર્યો અને મિશ્રોને જણાવવામાં આવે છે કે કાશ્યપ ગોત્રમાં જન્મેલ 'શ્રીકંઠ' એવા બિરુદવાળા [અને પદ-વાક્ય-પ્રમાણને જાણનાર, જાતૂકર્ણીના પુત્ર એવા] 'ભવભૂતિ' નામના કવિ છે. જેમ બ્રહ્માની પાછળ સરસ્વતી અનુસરે તેમ આ બ્રાહ્મણ કવિને પણ વાગ્દેવી વશીભૂત થયેલી સ્ત્રીની જેમ અનુસરી રહી છે ! એણે રચેલા 'ઉત્તરરામચરિત'ને આજે ભજવવાનો સંકલ્પ કરવામાં આવ્યો છે."

આમ, 'પ્રરોચના' તરીકે કવિનો અને કાવ્યનો જે પરિચય આપવામાં આવ્યો છે, તેનાથી પ્રેક્ષકોને પ્રસ્તુત નાટક જોવાની રુચિ ઉત્પન્ન થાય. કવિ ભવભૂતિએ 'માલતીમાધવ'ની પ્રસ્તાવનામાં જે વિસ્તારથી પોતાના કુટુંબનો અને પોતાની વિદ્વત્તાનો પરિચય આપ્યો છે, તેની અપેક્ષાએ અહીં 'ઉત્તરરામચરિત'માં તો ઘણો ટૂંકો કહી શકાય એવો પરિચય આપ્યો છે. ('ઉત્તરરામચરિત'ની અનેક હસ્તપ્રતો જોતાં એક એવું પણ તારણ અમારા ધ્યાનમાં આવ્યું છે કે पदवाक्यप्रमाणज्ञः અને जातूकर्णीपुत्रः એ બે વિશેષણો પણ પ્રક્ષિપ્ત છે; તે પાછળથી અહીં ઉમેરાયાં છે. આમ આ નાટકમાં કવિએ પોતાનો પરિચય બહુ જ ટૂંકાવી દીધો છે.) જે એમના વૃદ્ધિંગત થયેલા આત્મવિશ્વાસને વ્યક્ત કરે છે.

ત્યારપછી, સૂત્રધાર "હવે પોતે રામના સમયનો અયોધ્યાવાસી બની ગયો છે" એવી જાહેરાત કરીને, એક જ ક્ષણમાં, નાટક જોવા એકઠા મળેલા પ્રેક્ષકોને એમનો વર્તમાન ભૂલાવીને 'તત્કાલીન' અયોધ્યામાં લઈ જતો હોય તેમ બોલે છે કે અત્યારે તો રાવણને મારનારા મહારાજ રામચન્દ્રનો રાજ્યાભિષેકનો સમય છે, અને તેથી દિવસરાત સતત આનંદ-ઉત્સવ સૂચક વાજીંત્રો વાગતાં જ રહેવાં જોઈએ; તો પછી બધા જ ચાર રસ્તાઓ—જાહેર માર્ગો—ઉપર ભાટ-ચારણો કેમ મૂંગા થઈ ગયા છે ? બધે શાંતિ કેમ છવાઈ ગઈ છે ?

એના જવાબમાં, નટ દ્વારા કહેવાય છે કે મહારાજ રામે લંકાયુદ્ધના મિત્રો એવા સૌ વાનરોને, અને અનેક સ્થાનોએથી આવેલા બ્રહ્મર્ષિઓ અને રાજર્ષિઓને પણ વિદાય આપી છે. બીજી તરફ, રામના કુલગુરુ એવા વસિષ્ઠ દશરથની રાણીઓ અને અરુન્ધતીને લઈને **'જમાઈ'**ના આશ્રમે સળંગ ૧૨ વર્ષ ચાલનારા મોટા યજ્ઞમાં ભાગ લેવા ગયા છે. (કવિ ભવભૂતિએ અહીં એક નવી વાત ઉમેરી છે કે દશરથને કેવળ રામ, ભરત, લક્ષ્મણ અને શત્રુઘ્ન એવા ચાર દીકરા જ ન

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

હતા; પણ આ દીકરાઓની પહેલાં, તેમને એક 'શાન્તા' નામની દીકરી પણ હતી. દશરથે તે દીકરીને, પોતાના એક મિત્ર રોમપાદને દત્તક દીકરી તરીકે સોંપી હતી. પછીથી, તે શાન્તા મોટી થયા પછી, વિભાણ્ડકનો દીકરો 'ઋષ્યશૃંગ' તે શાન્તાને પરણીને લઈ જાય છે. આથી દશરથનો જમાઈ, તે આ 'ઋષ્યશૃંગ' છે. આણે જે યજ્ઞ શરૂ કરાવ્યો છે, તેમાં ભાગ લેવા માટે રામની માતાઓ અને વસિષ્ઠાદિ ત્યાં પહોંચ્યા છે.) આમ, ધીમે ધીમે અયોધ્યાના રાજમહેલમાંથી બધા બહાર જવા લાગ્યા છે તેથી રામના અભિષેક સમયનાં વાજીંત્રો વાગવાનાં બંધ થયાં છે. અહીં, 'રામનો રાજ્યાભિષેક થઈ ગયો છે' – એટલું જ જો કહેવાયું હોત તો તે આનંદના સમાચાર હતા, પણ "મંગલ-વાજીંત્રો વાગતાં, મંગલ-ગીતો ગવાતાં બંધ પડ્યાં છે"; અને "સૌ અયોધ્યા છોડીને બહાર જઈ રહ્યા છે"-એવા સમાચારોથી શરૂ થતું આ નાટક હવે 'આરોહ પછી અવરોહ'ની દિશામાં ગતિ કરશે, એટલે કે આનંદ અને મંગલ પછી હવે દુઃખ અને અમંગલ તરફ ગતિ કરશે એવું વ્યંજિત થવા માંડે છે.

સૂત્રધાર અને નટની આટલી વાતચીત થકી પ્રેક્ષકોને, અયોધ્યામાં અત્યારે શું બની રહ્યું છે ? તેની વિગતો મળવા લાગે છે; અને પ્રેક્ષકો એમનો અંગત વર્તમાન ભૂલીને, ધીમે ધીમે અયોધ્યાના 'તત્કાલીન' વાતાવરણને અનુભવવા લાગે છે.

હવે, આ સૂત્રધાર અને નટ અયોધ્યાના વર્તમાનની વાત છોડીને, પોતાની ફરજમાં અત્યારે શું કર્તવ્ય છે ? એનું સ્મરણ કરે છે. તો એમણે 'ભાટચારણ' તરીકેની પોતાની ફરજમાં હાલમાં, રાજદ્વારે જઈને, રાજા જેનાથી પ્રસન્ન થાય એવું સ્તુતિગાન કરવાનું કામ આવે છે એમ વાત માંડી. આથી સૂત્રધાર કહે છે કે :

सर्वथा व्यवहर्तव्यं कुतो हि अवचनीयता ? ।
यथा स्त्रीणां तथा वाचाम्, साधुत्वे दुर्जनो जनः ॥

બધી રીતે દરેક વ્યક્તિએ વ્યવહારમાં ઊભા રહેવું પડે છે અને ફરજ બજાવવી જ પડતી હોય છે. પણ તેમાં કોઈ કશી ખોડખાંપણ નહીં કાઢે; કે નિંદા નહીં જ કરે – એવું પણ કહી શકાય નહીં. જેમ સ્ત્રીઓના સાધુત્વની બાબતમાં, એટલે કે ચારિત્ર્યની બાબતમાં તેમ વાણીની (સ્તુતિગાન)ની ગુણવત્તાને વિશે લોકો તો દુર્જન જ હોય છે. (એટલે કે ગમે તેવી સતી સ્ત્રી હોય, પણ લોકો એના ચારિત્ર્યમાં કશોક દોષ શોધી જ કાઢતા હોય છે. તેવી રીતે, કોઈને માટે આપણે ગમે તેટલી સારી વાણી વાપરીએ તો પણ લોકો એમાંય ઊણપ કે ખોડ શોધી જ કાઢતા હોય છે.) એ સાંભળીને નટ કહે છે કે - अतिदुर्जन इति वक्तव्यम् ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

"લોકો તો આ બાબતે 'દુર્જન' નહીં, અતિ દુર્જન હોય છે – એમ કહેવું જોઈએ". કારણ કે, નટને હમણાં જ ક્યાંકથી સાંભળવા મળ્યું છે તે મુજબ તો –

देव्यामपि हि वैदेह्यां सापवादो यतो जनः ।
रक्षोगृहस्थितिर्मूलम् अग्निशुद्धौ त्वनिश्चयः ॥ (१-६)

"દેવી વૈદેહીને વિશે પણ નગરજનો નિંદા કરે છે; એ નિંદાનું મૂળ કારણ, એમણે રાક્ષસને ઘરે રહેવું પડ્યું હતું – એ છે; અને (લંકામાં) એમની અગ્નિ-પરીક્ષા લેવામાં આવેલી – એ બાબતે લોકોને ભરોસો નથી." સૂત્રધાર આ વાત સાંભળીને ગભરાઈ જાય છે. એને લાગે છે કે જો આવી (સીતાવિષયક (નિંદા ફેલાયાની) વાત મહારાજના કાન સુધી પહોંચશે, તો તો મુશ્કેલી ઊભી થશે. પણ નટ તરત જ કહે છે કે - सर्वथा ऋषयो देवताश्च श्रेयो विधास्यान्ति । "ઋષિઓ અને દેવતાઓ બધી રીતે (છેવટે) કલ્યાણ કરશે."

આમ સૂત્રધાર અને નટની વાતચીતમાંથી પ્રેક્ષકોને બે સૂચનો મળી જાય છે: (૧) રામનો રાજ્યાભિષેક થયા પછી તરત, નગરજનોમાં સીતાની પવિત્રતા બાબતે શંકા ઊભી થઈ છે, તથા તેઓ નિંદા ફેલાવી રહ્યા છે. આ વાત રાજા રામના કાન સુધી પહોંચશે તો મોટી મુશ્કેલી ઊભી થવાની છે. (૨) પણ સાથે સાથે, કૃતિના અંતે મંગળ તો થશે જ – એવી શ્રદ્ધા પણ વ્યક્ત કરવામાં આવી છે. એક તરફ નિંદાખોર માનસવાળા પામર નગરજનો છે અને બીજી તરફ ઋષિઓ અને દેવતાઓ છે. આ બે પ્રકારની વ્યક્તિઓ નાટ્યમાં દૃશ્યમાન થનારી સૃષ્ટિનું ચાલકબળ છે. એ વાત પણ મંગલ સુખાંતની સાથે સાથે વ્યંજિત થઈ જાય છે.

o o o

આ 'પ્રસ્તાવના'માં સૂત્રધાર અને નટની વચ્ચે 'અયોધ્યામાં વાજીંત્રો કેમ શાંત પડી ગયાં છે ?" – તેની વાતચીત ચાલતી હતી, અને 'તેમણે તો તેમની ફરજ મુજબ સ્તુતિગાન કરવા માટે સજ્જ થવાનું છે' એવી એક પ્રકારની પ્રાસંગિક વાતમાંથી, એકાએક 'સીતાવિષયક નિંદાની વાત ફેલાઈ રહી છે' – એ બીજી વાત આવી પડે છે. આથી તેને "પ્રયોગાતિશય" પ્રકારની 'પ્રસ્તાવના' કહેવાશે. (એક પ્રયોગની ઉપર બીજો પ્રયોગ ચઢી જાય તેને 'પ્રયોગાતિશય' કહેવાય છે.)

સૌથી છેલ્લે, નટ જણાવે છે કે રામના રાજ્યાભિષેકમાં સહભાગી થવા આવેલા રાજા જનક પણ આજે વિદેહ પાછા ફર્યા છે. તેથી દુઃખી થયેલા મનવાળા સીતાને સાંત્વના આપવા માટે મહારાજ રામ ધર્માસન ઉપરથી ઊઠીને, રાણીવાસ તરફ જઈ રહ્યા છે. અર્થાત્ હવે પહેલા અંકમાં, આપણને (પ્રેક્ષકોને) અયોધ્યાના

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

રાજમહેલની અંદર (રાણીવાસમાં) રામ-સીતા વાતચીત કરતાં જોવા મળશે એવી નોંધ મળી જાય છે.

ઉપર જોયું તેમ આ કૃતિની 'પ્રસ્તાવના', બહુ જ ઓછા વિસ્તારમાં, સૌ પ્રેક્ષકોને કવિનો અને કાવ્યનો પરિચય આપી દે છે, તથા સ-ચોટ રીતે રામના ઉત્તર જીવનમાં બનનારી અમંગલકારી અને મંગલકારી ઘટનાઓ જોવા માટે આપણને-પ્રેક્ષકોને ઉન્મુખ કરી દે છે. વળી, સમગ્ર કૃતિના દ્વિવિધ કાર્યોનાં બે ચાલકબળ તરફ અંગુલિનિર્દેશ કરીને, કૃતિના સુખાંતને પણ વ્યંજિત કરી દે છે. બહુ ઓછાં નાટકોની 'પ્રસ્તાવના' આવી સુન્દર અને કલાત્મક હોવાની સાથોસાથ વેધક પણ હોય છે.

પ્રથમ અંક : ચિત્રદર્શન

'ઉત્તરરામચરિત'ના પ્રથમ અંકમાં ત્રણ મુખ્ય ઘટનાઓ બને છે, અને એક વાતનો ઉલ્લેખ સાંભળવા મળે છે. એટલે કે, અહીં કુલ ચાર મુદ્દાઓ ધ્યાનાસ્પદ છે :

(૧) અષ્ટાવક્ર પ્રસંગ
(૨) ચિત્રવીથિકા પ્રસંગ
(૩) દુર્મુખ-પ્રસંગ અને
(૪) લવણાસુરનો ત્રાસ, જેને શમાવવા શત્રુઘ્નને મોકલવાનો ઉલ્લેખ થાય છે.

આ ચારેય મુદ્દાઓનો ક્રમશઃ પરિચય કરીશું : **(૧) અષ્ટાવક્ર પ્રસંગ** – રામ સીતાનું મનોવિનોદન કરવા અંતઃપુરમાં આવ્યા છે; અને સ્વજનો આપણને છોડીને, બહુ દિવસો બહાર નહીં રહી શકે એમ કહે છે. ત્યાં જ ઋષ્યશૃંગના આશ્રમેથી એ વડીલોનો જ સંદેશો લઈને, મુનિ અષ્ટાવક્ર આવી પહોંચ્યા છે તેમ કંચુકી જણાવે છે.

સીતા પોતાના અંગત જીવનમાં કશી ખલેલ પડી રહી છે એમ અનુભવ્યા વિના અષ્ટાવક્રને તરત જ – વિના વિલંબે – અંતઃપુરમાં તેડી લાવવાનું કહે છે. અષ્ટાવક્ર વસિષ્ઠ, અરુન્ધતી અને રામમાતા કૌસલ્યા વગેરે તો શુભેચ્છાસંદેશ કહી સંભળાવે છે. પહેલાં તો કુલગુરુ ભગવાન્ વસિષ્ઠે જ કહેવડાવ્યું છે કે – केवलं वीरप्रसवा भूयाः । "હે સીતા ! તમે વીરપુત્રપ્રસવિની થજો." અરુન્ધતી, કૌસલ્યા, શાન્તા વગેરેએ રામને કહેવડાવ્યું છે કે સીતાને જો કોઈ ગર્ભદોહદ હોય તો, મોડું કર્યા વિના તે ઇચ્છાને પૂરી કરવી. બીજી તરફ, સીતાને સાંત્વન આપતાં ઋષ્યશૃંગ બનેવીએ કહેવડાવ્યું છે કે તને પ્રસૂતિ નજીકમાં હોઈને યજ્ઞમાં ભાગ લેવા તેડાવી નથી; અને રામને પણ તારી કાળજી લેવા – બલ્કે त्वद् विनोदार्थम् – તારું મનોવિનોદન કરવા માટે તારી પાસે રાખ્યા છે. હવે રામ સામે ચાલીને

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પૂછે છે કે કુલગુરુ વસિષ્ઠે મને કાંઈ સંદેશો કહેવડાવ્યો નથી. તો અષ્ટાવક્ર એ પણ કહી સંભળાવે છે :

जामातृ-यज्ञेन वयं निरुद्धाः,
त्वं बाल एवासि नवं च राज्यम् ।
युक्तः प्रजानाम् अनुरञ्जने स्याः,
तस्माद् यशो यत् परमं धनं वः ॥ (१-११)

"એક તરફ અમે વડીલો તો જમાઈ ઋષ્યશૃંગના આશ્રમમાં રોકાઈ રહ્યા છીએ; અને બીજી તરફ તમે (રામ) 'બાલ' = બીનઅનુભવી છો અને તમારા હાથમાં રાજ્ય પણ નવું નવું આવ્યું છે. એ સંદર્ભમાં હે રામ ! તમે પ્રજાનું અનુરંજન કરવામાં (સદૈવ) તત્પર રહેજો; એમ કરવા થકી જે યશ મળશે, તે જ તમારું (રઘુવંશીય રાજાઓનું) પરમ ધન છે."

વસિષ્ઠની આ આજ્ઞા જ સમગ્ર નાટકમાં રામનાં રાજકાર્યનું પ્રવર્તક બળ બની રહે છે. રામ પણ એટલા જ ઉત્સાહથી પ્રતિભાવ આપતાં, બલ્કે રાજકાર્યની પ્રતિજ્ઞા ઉચ્ચારતા હોય તેમ, બોલી ઊઠે છે કે –

स्नेहं दयां च सौख्यं च यदि वा जानकीम् अपि ।
आराधनाय लोकस्य मुञ्चतो नास्ति मे व्यथा ॥ (१-१२)

"સ્નેહને, દયાને, અંગત સુખને, કે અરે ! જાનકી સીતાને પણ લોકનું આરાધન કરવા માટે, જરૂર પડે, છોડતાં મને વ્યથા નહીં થાય." રામની આ પ્રતિજ્ઞા – અથવા તો, રાજ્ય ચલાવવાની કાર્યપદ્ધતિ – સાંભળીને, રામની બાજુમાં જ બેઠેલા સીતાજી બોલી ઊઠે છે કે - अत एव राघवकुलधुरंधरः आर्यपुत्रः ।" આથી તો મારા આર્યપુત્ર રાઘવકુળમાં ધુરંધર બન્યા છે !" પતિને સ્વધર્મ-પાલનમાં એની ધર્મપત્નીનું આવું સહર્ષ સમર્થન મળતું બતાવીને, કવિ રામસીતાની સદૃઢ એવી આંતરિક એકતાને જ વ્યંજિત કરી રહ્યા છે.

આમ આ પ્રથમ અંકના પહેલા દૃશ્યમાં અષ્ટાવક્રપ્રસંગ થકી કવિએ રામની રાજા તરીકેની કર્તવ્યનિષ્ઠાની કટિબદ્ધતાને વાચા આપી છે. એ ઉપરાંત બીજા પણ કેટલાક સૂચક મુદ્દાઓ, રામસીતા અને અષ્ટાવક્રની સ્વાભાવિક લાગતી વાતચીતમાંથી સૂચવાઈ ગયા છે. જેમકે,

(क) હવે પછી આવનારા ઘટનાચક્રની દૃષ્ટિએ જોઈએ તો 'રામ-સીતાને વીરપ્રસૂતિ-વીરસંતતિ-ની પ્રાપ્તિ થશે' એવો સમગ્ર નાટકની અંતિમ સુખદ પરિણતિને કહેતો અંશ વસિષ્ઠાદિના આશીર્વાદમાંથી સૂચવાઈ રહ્યો છે.

(ख) સંદેશાના ક્રમમાં સીતાનું સ્થાન પ્રથમ છે – એ પણ બહુ સૂચક છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

વસિષ્ઠ-અરુન્ધતી, રામની માતાઓ અને બનેવી ઋષ્યશૃંગાદિ સૌને માટે સીતા જ કેન્દ્રસ્થાને છે. આથી રામ જ્યારે સીતાનો ત્યાગ કરે છે ત્યારે સ્વાભાવિક રીતે જ આ કુટુંબીજનો રામના નિર્ણય તરફ જાણે અણગમાનો ભાવ બતાવતા હોય તેમ, રામથી વિમુખ થઈ જાય છે. (ઋષ્યશૃંગનો બાર વર્ષનો યજ્ઞ પૂરો થયા પછી પણ, કોઈ કુટુમ્બીજન અયોધ્યા પાછા જવાનું પસંદ કરતું નથી.)

(ગ) લોકાપવાદથી સીતાનો ત્યાગ કરવો પડે તેવી ભવિષ્યમાં ઊભી થનારી પરિસ્થિતિની ક્ષણોમાં રામને વડીલોનું માર્ગદર્શન મળી શકશે નહીં; કેમકે તે બધા ઋષ્યશૃંગના આશ્રમમાં ગયા છે. બીજું; રામ હજુ રાજ્ય ચલાવવાની બાબતમાં બીનઅનુભવી છે. તથા ત્રીજું, વસિષ્ઠની રામને આજ્ઞા છે કે युक्तः प्रजानाम् अनुरंजने स्याः ॥ "પ્રજાના અનુરંજનમાં તત્પર રહેજે." – આથી સીતાત્યાગનું કાર્ય કોઈપણ પ્રકારની રુકાવટ વિના, દૃઢતા સાથે અને એકદમ જ હાથ ઉપર લેવાય છે.

(ઘ) રામની માતાઓ-સ્ત્રીવર્ગ-તરફથી 'સીતાનો ગર્ભદોહદ અચિરેણ (= મોડું કર્યા વિના) પૂરો કરવાની" સલાહ પણ રામના મનમાં (દૃઢપણે) અંકિત કરવામાં આવે છે.

(ङ) રામે પ્રજાના અનુરંજન માટે જે પ્રતિજ્ઞાવચન ઉચ્ચાર્યું છે (અથવા તો જે તત્પરતા દર્શાવી છે) કે પ્રજાને ખૂશ રાખવા માટે પોતે સ્નેહ, દયા, સુખ અને જાનકી સુદ્ધાં છોડવા તૈયાર છે – આમાંથી પહેલો વ્યંગ્યાર્થ એ નીકળે છે કે (૧) રામે ત્યક્તવ્ય વસ્તુઓની ગણતરીમાં એક – એકથી ચઢિયાતી વસ્તુઓ ગણવવામાં, સૌથી છેલ્લે સીતાને મૂકી છે. એથી રામના જીવનમાં સીતાની "પારાવાર અનિવાર્યતા" છે એમ વ્યંજિત થાય છે (એમ પ્રોફે. પી. સી. દવેસાહેબે જણાવ્યું છે.) (૨) પણ, પ્રજાના અનુરંજન માટે રામે કેવળ સીતા-જાનકી-નો જ ત્યાગ કર્યો છે – એવી એક વિગત જ નાટકનો વિષય બની નથી; રામ પોતાના અંતઃકરણમાંથી, જરૂર પડશે ત્યારે (શમ્બૂકવધના પ્રસંગે), 'દયા'નો પણ ત્યાગ કરશે અને એવી બીજી વાત પણ પ્રસ્તુત નાટકનો વિષય બનશે એમ અહીં વ્યંજિત થાય છે ! (એમ પણ વિચારવું જોઈએ.)

(૨) **ચિત્રવીથિકા પ્રસંગ :** રામનો રાજ્યાભિષેક થયા પછી દેખીતી રીતે તો હવે સુખના દિવસો શરૂ થઈ રહ્યા છે. એમાં રામે પોતાના ભૂતકાળના જુદા જુદા પ્રસંગોની યાદને ચિરંજીવ બનાવવા માટે ચિત્રકાર પાસે એક ચિત્રશાળા તૈયાર કરાવડાવી છે. સીતાનું મનોવિનોદન કરવાના એક ઉપાય તરીકે એ ચિત્રો જોવા માટે રામ-સીતાને બોલાવવા લક્ષ્મણ આવે છે.

આ ચિત્રવીથિકામાં રામના પૂર્વજીવનમાં જે જે મહત્ત્વની ઘટનાઓ બની

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

હતી, અને જે જે મોટી વ્યક્તિઓ સાથે મળવાનું થયું છે, તથા જે જે સ્થળે ફરવાનું થયું હતું - તે સૌનાં ચિત્રો દોરવામાં આવ્યા છે. કવિ ભવભૂતિએ રામના ઉત્તરજીવનની ઘટનાઓને આકારિત થતી બતાવવાની શરૂઆત કરતાં પહેલાં રામના પૂર્વજીવનને જોવાનું, જાણવાનું અને સમજવાનું જરૂરી ગણ્યું છે. આથી નાયક-નાયિકા ચિત્રવીથિકાનો ઉંબરો પણ ચઢે તે પહેલાં જ એક નોંધપાત્ર સંવાદ પ્રેક્ષકોને સાંભળવા મળે છે :- લક્ષ્મણ રામને કહે છે કે 'અર્જુન' નામના ચિત્રકારે દોરેલાં ચિત્રો, કે જેમાં રામનું ચરિત્ર આલેખવામાં આવ્યું છે તેને સીતાજી જુવે. પણ રામ પહેલાં એ જાણવા માંગે છે કે એ ચિત્રોમાં છેલ્લો ક્યો પ્રસંગ દોરવામાં આવ્યો છે ? એટલે કે ચિત્રો ક્યા પ્રસંગ સુધીનાં છે ? એના જવાબમાં લક્ષ્મણ કહે છે કે સીતાની અગ્નિપરીક્ષા લેવામાં આવી હતી, ત્યાં સુધીનાં એ ચિત્રો છે. રામ એકદમ જ ઉદ્વિગ્ન થઈ જાય છે; અને સદ્યઃ બોલી ઊઠે છે કે જે વ્યક્તિ જન્મથી માંડીને જ પવિત્ર છે, એને પવિત્ર (જાહેર) કરવા માટે વળી બીજા ક્યા પાવકની જરૂર હોય ? જેમ તીર્થનાં જળને અને અગ્નિને પોતાને પવિત્ર કરનારા બીજા કોઈ પદાર્થની જરૂર નથી, તેમ સીતાની પણ અગ્નિપરીક્ષા ન લેવાની હોય. સીતાને સાંત્વન આપતાં રામ, ક્ષમાયાચના કરતા હોય તેમ કહે છે : देवि, देवयजनसंभवे ! प्रसीद ॥ एष ते जीवितावधिः प्रवादः । "દેવો માટેની યજ્ઞભૂમિમાંથી જન્મેલી હે દેવી સીતા ! તમે પ્રસન્ન થાવ. અફસોસ સાથે કહેવું પડે છે કે (રાવણને ઘરે તમારે રહેવું પડ્યું – એ) તમને જીવનપર્યન્ત લાગેલું કલંક છે. પણ તમારી સ્થિતિ તો સૌના મસ્તકે જ છે; "તમારી અગ્નિપરીક્ષા લેવાઈ હતી"- ઇત્યાદિ અશુભ વચનો તમારે માટે ન જ બોલાવા જોઈએ, પણ બીજી તરફ કુળની આબરુ-એ જ છે ધન જેમનું એવા અમારે માટે તકલીફ ઊઠાવીને પણ લોકોને આરાધવાના હોય છે – એ પણ એક હકીકત છે. સીતા રામની મજબૂરીભરી સ્થિતિ સમજી શકે છે અને એ જ સામે ચાલીને કહે છે કે ચાલો, આપણે તમારા ચરિતને જોઈએ.

ચિત્રશાળાના ઉંમરે પહોંચતાં પહેલાં આવો જે સંવાદ થયો છે, તેમાં રામ-સીતાના જીવનમાં જે વિષનો છાંટો પડી ગયો છે - સીતાને યાવત્-જીવન ચોંટી રહેનારો અપવાદ લાગી ગયો છે – તેનો નિર્દેશ મળી જાય છે. આ વિષબિન્દુએ જ રામના જીવનને – અને "ઉત્તરરામચરિત"ની નાટ્યસૃષ્ટિને–કરુણપ્રધાન બનાવેલ છે. પણ રામ-સીતાના જીવનમાં આ દુર્ઘટના ઉપરાંત બીજું પણ એવું કંઈક છે કે જેણે તે બન્નેને અસહ્ય દુઃખમાં પણ ટકી રહેવાનું અમોઘ બળ પૂરૂં પાડ્યું છે. આ "કંઈક" તે એમનું 'અદ્વૈતવાળું દાંપત્ય' છે. આ 'અદ્વૈત' સાધી

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

આપનાર જીવન-પ્રસંગોની હારમાળા જે પૂર્વજીવનમાં પડેલ છે, તેને કવિ ચિત્રવીથિકાના માધ્યમથી આપણી સામે રજૂ કરે છે.

ચિત્રવીથિકામાં રામ-સીતાની સામે મૂકાયેલાં ચિત્રો આ પ્રમાણે છે : ૧. જૃમ્ભકાસ્ત્રો, ૨. મિથિલાવૃત્તાન્ત (સીતાસ્વયંવર અને પરિણય), ૩. પરશુરામ, ૪. અયોધ્યા-નિવાસ, ૫. મન્થરા, ૬. નિષાદપતિ, ૭. જટાસંયમન અને વનપ્રવેશ, ૮. ભગવતી ભાગીરથી, ૯. શ્યામવટ, અને ચિત્રકૂટ તરફ જતો રસ્તો, ૧૦. વિન્ધ્યાટવીમાં વિરાધ રાક્ષસનો ભેટો, ૧૧. રામે જેમાં સીતાને માથે છત્ર ધર્યું હતું તે દક્ષિણારણ્યનો પ્રવાસ, ૧૨. ગોદાવરીના કાંઠે આવેલો પ્રસ્રવણ પર્વત, ૧૩. પંચવટીમાં રાત્રિનિવાસ અને किमपि किमपि અક્રમે જલ્પન દરમ્યાન જ रात्रिरेव व्यरंसीत् રાત્રિઓ પસાર થઈ જતી હતી – તે સ્થાનનું દર્શન, ૧૪. શૂર્પણખા, ૧૫. સીતાપહરણ–રામવિયોગ, ૧૬. રામનો વિલાપ, ૧૭. જટાયુ, ૧૮. શબરી, ૧૯. પમ્પા સરોવર અને રામનું પ્રમુક્તકંઠે રુદન, ૨૦. હનુમાન, ૨૧. માલ્યવાન નામનો ગિરિ, ૨૨. જ્યાં રામને પુનઃ સીતાસ્મરણ થયું હતું; અને તે દરમ્યાન રામને જાણે ફરીથી જાનકીનો વિયોગ આવી પડ્યો હોય તેવી લાગણી થઈ આવતાં ચિત્રદર્શન પ્રસંગને ત્યાં જ અટકાવી દેવામાં આવે છે.

એક તરફથી, 'સીતાની અગ્નિપરીક્ષા' એવા શબ્દોથી ચિત્રવીથિકા પ્રસંગની શરૂઆત; અને બીજી તરફથી, "ફરીથી આવ્યો જાણે શું મારે જાનકીવિપ્રયોગ ?" એવા શબ્દો સાથે તેનું સમાપન-બહુ કલાત્મક રીતે રજૂ થયું છે. અહીં આખા પ્રસંગનો આદિ અને અંત અશુભ પ્રસંગોના શાબ્દિક સંકેતોથી સંપુટીકૃત કરેલો છે; તથાપિ એ જ આદિ અને અંતની વચ્ચે બીજા બે શુભસંકેતો પણ વણી લેવામાં આવ્યા છે. જે ફરી એકવાર, આ કૃતિને કરુણપ્રધાન બનાવવાની સાથે સુખાંત બનાવનાર છે – એને પણ ધ્વનિત કરે છે. જેમકે, ૧. ચિત્રવીથિકા કે જે પ્રથમ ચિત્રથી આરંભ થાય છે, તે ચિત્ર જૃમ્ભકાસ્ત્રોનું છે. રામે આ અસ્ત્રોને વંદન કરીને, સીતાને ઉદ્દેશીને એક એવા આશીર્વાદ આપ્યા કે હવે પછી આ અસ્ત્રો તારી સંતતિની સેવામાં રહેશે. (આ અસ્ત્રો થકી જ સીતાપુત્રો 'કુશ' અને 'લવ'નું ભવિષ્યમાં 'રામપુત્રો' તરીકેનું અભિજ્ઞાન જાહેર થશે.) તથા ૨. રામે ચિત્રમાં દોરેલી ભાગીરથી નદીને ઉદ્દેશીને કહ્યું છે કે – रघुकुलदेवते ! नमस्ते ॥..... सा त्वम् अम्ब, स्नुषायाम् अरुन्धतीव सीतायां शिवानुध्यानपरा भव ॥ અર્થાત્ – "રઘુકુલની દેવતા એવી હે ભગવતી ભાગીરથી ! તમોને નમસ્કાર, હે માતા ! તમો અરુન્ધતીની જેમ આ પુત્રવધૂ સીતાને વિશે સતત કલ્યાણની કામના કરનારા બની રહેજો." (રામની આ વિનંતી થકી જ, રામે સીતાનો ત્યાગ કર્યા પછી

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

સીતાએ જ્યારે આત્મઘાત કરવા ગંગામાં પડતું મૂક્યું ત્યારે ગંગા દેવી ત્યાં પ્રકટ થઈને સીતાને સાચવી લે છે; અને તરત પ્રસવેલાં બે પુત્રોને પણ ઝીલી લે છે, બચાવી લે છે; અને વાલ્મીકિના આશ્રમમાં તેમને ઉછેરવા સોંપી દે છે. આમ રામના અંગત કૌટુમ્બિક-જીવનને છિન્નભિન્ન થતું અટકાવવાનું – બલ્કે સાચવી રાખવાનું અને કૃતિને અંતે મંગલ અંત સુધી પહોંચાડવાનું – બીજ આ ચિત્રવીથિકામાં જ પડેલું છે.)

(૩) **દુર્મુખ-પ્રસંગ :** પહેલા અંકનો આ ત્રીજો પ્રસંગ છે; જેમાં સીતાત્યાગની ઘટના આકારિત થવા માટેનું બીજ રહેલું છે. રામે નવા રાજા બન્યા પછી, પ્રજાજનોનો રાજા તરફનો અભિગમ જાણવા ગુપ્તચર તરીકે દુર્મુખને મોકલ્યો હતો. તે પ્રજામાં ગુપ્તવેશે ફરીને કેટલીક ગંભીરવાત જાણીને પાછો ફર્યો છે. બીજી તરફ, સીતાએ ચિત્રોમાં દોરેલાં ભાગીરથી નદીને જોઈને, તેના કિનારે આવેલી વનરાજિમાં ફરવાની ઇચ્છા – દોહદ રૂપે – રામની પાસે રજૂ કરી છે. અને તે પછી ચિત્રવીથિકાના દર્શનથી થાકી ગયેલાં સીતા રામના બાહુને ઓશિકું બનાવીને સૂઈ ગયાં છે.

સૂઈ ગયેલાં સીતાજીને રામ પ્રેમભરી દૃષ્ટિએ જોયા કરે છે અને કોઈક અપૂર્વ ભાવ અનુભવતાં રામ બોલી ઊઠે છે કે –

इयं गेहे लक्ष्मीरियम् अमृतवर्तिर्नयनयोः
असावस्याः स्पर्शो वपुषि बहुलश्चन्दनरसः ।
अयं कण्ठे बाहुः शिशिरमसृणो मौक्तिकसरः
किमस्या न प्रेयो यदि परमसह्यस्तु विरहः ॥ (१-३८)

(સૂતેલી સીતાને ઉદ્દેશીને રામ બોલે છેઃ) "આ સીતા મારા ઘરની લક્ષ્મી છે, મારી બે આંખોમાં આંજણ લગાવવા માટેની અમૃતસળી છે. શરીર ઉપર આનો સ્પર્શ પ્રચુર ચંદનરસ સમાન છે. (મારા) કંઠ ઉપર રહેલો (એનો) આ બાહુ મોતીની માળા જેવો ઠંડો અને સ્નિગ્ધ છે. આનું શું પ્રિય નથી; સિવાય કે અસહ્ય વિરહ ?"

આમ રામ સીતાના સ્પર્શે અને એની સંનિધિમાં અપાર સુખ અનુભવે છે. એ ભાવને અનુભવતાં અનુભવતાં જ એમનાથી, છેલ્લે બોલી જવાય છે કે – "આનું શું પ્રિય નથી; સિવાય કે અસહ્ય વિરહ ?" – પણ ભાગ્યવશાત્ એ જ ક્ષણે એમના બારણેથી "દેવ, આવી પહોંચ્યો છે" – એવા શબ્દો સાંભળવા મળે છે. ૧-૩૮ શ્લોકનો અંતિમ શબ્દ છે : "વિરહ"; અને એની સાથે પછીથી આવનારા પ્રતીહારના શબ્દો "देव, उपस्थितः ।" અજાણતાં જ જોડાઈ જાય છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

આમ "પતાકાસ્થાનક" પ્રકારની ઉક્તિ રચીને, કવિ ભવભૂતિએ બહુ કલાત્મક રીતે, આવનારા 'દુર્મુખ' નામના પાત્રના પ્રવેશ થકી સીતાત્યાગનો પ્રસંગ બનશે – એની વ્યંજના કરી દે છે !

રામ પોતે જ મોકલેલા 'દુર્મુખ' નામના ગુપ્તચરને પોતાના અંતઃપુરમાં પ્રવેશની રજા આપે છે. દૂરથી રામના અંગત ઓરડા સુધી ચાલીને જતો દુર્મુખ રસ્તામાં ઘણો અવઢવ અનુભવે છે; કેમકે પોતે કોઈક બહુ ભયાનક વાત લાવ્યો છે અને એ વાત સાંભળીને રામ શું પગલું ભરશે ? એ કળવું અતિમુશ્કેલ છે. બીજી તરફ, રામ પોતાના હાથ ઉપર, પૂર્ણ આશ્વસ્ત થઈને સૂતેલી સીતાને સ્નેહથી પંપાળી રહ્યા છે અને પોતાના અને સીતા વચ્ચે કેવું પ્રસન્ન અને ચિરસ્થાયી એવું દાંપત્ય રચાયું છે ? એને વાચા આપતાં ૧-૩૯ શ્લોક બોલે છે :–

> अद्वैतं सुखदुःखयोरनुगतं सर्वास्वस्थासु यद्
> विश्रामो हृदयस्य यत्र जरसा यस्मिन्नहार्यो रसः ।
> कालेनावरणात्ययात्परिणते यत् स्नेहसारे स्थितं
> भद्रं तस्य सुमानुषस्य कथमप्येकं हि तत्प्रार्थ्यते ॥

આમ દુર્મુખના મુખેથી રામને કોઈ પણ સમાચાર સાંભળવા મળે તે પહેલાં તે (રામ) પોતાના અને સીતાની વચ્ચેના "અદ્વૈત"ને, અજાણતાં જ વાચા આપી દે છે.

કવિ ભવભૂતિના પક્ષેથી જોઈએ તો આ સંવાદનું જે સ્થાન વિચારવામાં આવ્યું છે, તે બહુ સૂચક છે. કેમકે આવનારો ગુપ્તચર એવા જ કોઈક (સીતાપવાદના) સમાચાર લાવી રહ્યો છે કે જેના દુષ્પરિણામ રૂપે રામ-સીતાને વિખુટા પડવું પડે છે. પણ એ ઘટના બને તે પહેલાં જ કવિએ તો આપણને (પ્રેક્ષકોને) એ વાત કહી દીધી છે કે કાલચક્ર ભલભલાને બદલી કાઢે છે, પણ રામ-સીતાએ જે અદ્વૈતભર્યું દામ્પત્ય પરસ્પરના પ્રેમથી હાંસલ કર્યું છે તે વિરલ છે અને ગમે તેટલા મોટા વિયોગમાં એ પતિપત્ની ધકેલાઈ જશે, તો પણ તેમના વચ્ચે હવે વિચ્છેદ કે માનસિક ભંગાણ પડવાની કોઈ શક્યતા જ નથી ! (રામના આ અદ્વૈત સ્તોત્ર (૧-૩૯)ને જોયા પછી "રામના સીતાત્યાગના નિર્ણયથી સીતાના મનમાં દુઃખ લાગી આવ્યું છે, અને તેમના વચ્ચે માનસિક ભંગાણ પડ્યું છે..." ઈત્યાદિ વિચારો કરનારા સાહિત્યરસિકોએ જે કહ્યું છે તે ચિન્ત્ય લાગે છે; ફેરવિચારણીય લાગે છે.)

હવે દુર્મુખના આગમનને અનુસંધાને શું થયું ? એ જોઈએ તો રામ કહે છે કે દુર્મુખ ! પ્રજાજનોની વચ્ચે ગુપ્તચર રૂપે ફરતાં જે કાંઈ માહિતી મળી હોય તે તું

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

જણાવ, રામને પોતાની પ્રશંસા થતી હોય તે સાંભળવામાં રસ નથી. બલકે રામ એમ કહે છે કે - दोषं तु मे कंचित् कथय, येन सः प्रतिविधीयते । "દુર્મુખ ! મારા પક્ષે કોઈ દોષ હોય તો તે તું કહે; કે જેથી એને દૂર કરવાનો ઉપાય કરી શકાય." દુર્મુખ હિંમત ભેગી કરીને, રામના કાનમાં સીતાપવાદની વાત કહી સંભળાવે છે. રામ પહેલાં તો મૂર્ચ્છિત થઈ જાય છે, પછી દુઃખી થતાં બોલે છે કે દૈવના દુર્વિપાકને કારણે સીતાને રાવણને ત્યાં રહેવું પડ્યું – એ પરગૃહવાસનું દૂષણ જે લાગી ગયું છે, તે અદ્‌ભુત ઉપાયો (જેવા કે – અગ્નિપરીક્ષા) થકી શમાવવા કોશિશ કરી હતી; પણ તે આજે ફરીથી હડકાયા કૂતરાના ઝેરની જેમ ચારેતરફ પ્રજામાં ફરી વળ્યું છે. રામે સીતાનો ત્યાગ કરવાનો જે કઠોર નિર્ણય કર્યો તેના મૂળમાં આ પરિસ્થિતિ હતી. રામ નિઃસહાય હતા. એમને આ ક્ષણે પોતાનો શો સ્વ-ધર્મ છે ? એ વિશે વિચારતાં વાર લાગતી નથી. રામ સંશયાત્મિકા બુદ્ધિમાં ઘેરાઈ જતા નથી, તે નિશ્ચિયાત્મિકા બુદ્ધિથી તરત જ વિચારી શકે છે કે–

सतां केनापि कार्येण लोकस्याराधनं परम् ।
यत्पूरितं हि तातेन मां च प्राणांश्च मुञ्चता ॥ (१-४१)

"કોઈપણ કર્મ વડે લોકોનું સમારાધન કરવું તે સજ્જનોનું વ્રત છે; કે જે (વ્રત) પિતાએ (દશરથે) મને અને પ્રાણોને પણ ત્યજીને આચરી બતાવ્યું છે."

વળી, રામ તેમની મતિને કઠોર નિર્ણય કરવા માટે ઉતાવળ કરવા પ્રેરે છે. હમણાં જ વસિષ્ઠ તરફથી મળેલો સંદેશો કે તું નાનો બાળ (બીનઅનુભવી) છે અને રાજ્ય નવું છે. માટે પ્રજાના અનુરંજનમાં તત્પર રહેજે. રામને થાય છે કે સૂર્યવંશના યશમાં મારા થકી કોઈ કલંક ન લાગવું જોઈએ. આમ એક તરફથી રામ સીતાનો ત્યાગ કરવાનું નક્કી કરી લે છે; પણ બીજી તરફ પોતે જેને નિતાન્ત પવિત્ર જ માને છે તે નિર્દોષ સીતાને; અરે ! રામમય-જીવન જીવનારી સીતાને છોડવાની થશે-એ વિચારે તે અસાધારણ ઉદ્‌વિગ્ન થાય છે. સીતાનો ત્યાગ કરવા ઉદ્યત થયેલા પોતાને તે (રામ) "નૃશંસ" – ઘાતકી હત્યારો – કહે છે. રામ આત્મનિર્ભર્ત્સના કરતાં કહે છે કે અપૂર્વ કર્મ કરનારો હું ચાંડાળ બની ગયો છું. હવે મારાથી સીતાને અડકી પણ ના શકાય; અને રામ સૂતેલી સીતાના માથા નીચેથી પોતાનો હાથ ધીમેથી કાઢી લે છે.

રામ હવે પછીની ક્ષણોમાં પોતાનું જીવન કેવું બનશે ? તેને નાનાં, ટૂંકાં વાક્યોમાં જ સૂચવી દે છે :–

हन्त विपर्यस्तो जीवलोकः ।
पर्यवसितं जीवितप्रयोजनं रामस्य ।
शून्यमधुना जीर्णारण्यं जगत् । असारः संसारः । कष्टप्रायं शरीरम् ॥.....

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

રામ પોતાને લંકાયુદ્ધમાં સહાયક બનેલા હનુમાન, વિભીષણ, ત્રિજટાની સામે ગુન્હેગાર બની ગયા હોય તેવો ભાવ અનુભવે છે. એ વ્યક્તિઓએ સીતાને રાવણના ઘરેથી પાછી મેળવવામાં મદદ કરી, પણ આજે તે સીતાનો ત્યાગ કરવાનો નિર્ણય કરી રહ્યા છે, તેથી જાણે તે પાપી બની ગયા હોય એમ અનુભવે છે. સૂતેલી સીતાના પગને પોતાનું મસ્તક અડકાડીને પ્રણામ કરે છે અને રડે છે. રામ જેવા ધીર-ઉદાત્ત વ્યક્તિની દુર્દશા વર્ણવી ના શકાય એવી થઈ છે. આ ક્ષણે સંતપ્ત થયેલા નાયકને એની મૂળ પ્રકૃતિમાં સ્થાપવા માટે કવિઓ જે એક સામાન્ય ઉપાય/યુક્તિનો સહારો લે છે, તેનો ઉપયોગ કરીને ભવભૂતિએ અહીં પડદા પાછળથી ઋષિઓને ત્રાસ આપી રહેલા લવણાસુરનો ઉલ્લેખ કર્યો છે. આથી, સીતાત્યાગના નિર્ણયથી સંતપ્ત થઈ રહેલા રામ એકદમ જ ફરીથી પોતાની મૂળ પ્રકૃતિ (સ્વભાવ)ને પ્રાપ્ત કરે છે, અને મથુરા-નિવાસીએ લવણાસુરને હણી કાઢવા માટે શત્રુઘ્નને મોકલી આપવાની ઉદ્ઘોષણા કરે છે. તે રંગભૂમિ ઉપરથી જવા ડગલાં માંડે છે, પણ પાછા ફરીને સૂતેલી સીતાને જોઈને, ધરતી-માતાને પ્રાર્થના કરતાં કહે છે કે – भगवति वसुन्धरे ! श्लाघ्यां दुहितरम् अवेक्षस्व जानकीम् । "હે ભગવતી વસુન્ધરા ! પ્રશંસનીય એવી તમારી દીકરી (સીતા)ની કાળજી રાખજો."- રામ એક રીતે જાણે (રંગભૂમિ ઉપરથી જતાં જતાં) સીતાને પૃથિવી માતાના હાથમાં સોંપતા જાય છે.

આમ પ્રથમ-અંકના અંત ભાગે જે ત્રીજો પ્રસંગ છે તે દુર્મુખનો પ્રસંગ છે; તેમાં લોકાપવાદના સમાચાર દુર્મુખ લાવે છે, અને જેના પરિણામે રામ સીતાંત્યાગનો કઠોર નિર્ણય કરે છે. પરંતુ રામ અહીં સીતાની જે સોંપણી ધરતીમાતાને કરે છે, તે એક ઈશારો મહત્ત્વનો બની રહે છે. રામની આ અંતિમ પ્રાર્થનાને કારણે જ પરિત્યક્ત સીતાનું રક્ષણ કરવાની જવાબદારી પૃથિવીમાતા ઉપર આવી જાય છે; અને સીતાનો સર્વથા – હંમેશ માટે – વિનાશ થતો અટકે છે. સુખાંતની શક્યતાના બીજ અહીં, આ રીતે પણ કવિએ રોપ્યાં છે.

વળી, સંતપ્ત અને અધીર બનેલા નાયકને રંગભૂમિ ઉપરથી વિદાય આપવા કવિએ એક યુક્તિ તરીકે ભલે લવણાસુરના ત્રાસની વાત ઉલ્લેખી હોય; પણ તે વાત હવે આખા નાટકના અંત ભાગે ૭મા અંકમાં ફરીથી સાંભળવા મળવાની છે – અને એ રીતે કૃતિને સર્વથા સુખાંતમાં પરિણત થતી બતાવવા ઉપયોગમાં લેવામાં આવશે–તે જોતાં આ મુદ્દોય કવિની વસ્તુગૂંથણીની કુશળતા દ્યોતિત કરે છે.

પ્રથમ અંકની છેલ્લી ક્ષણોમાં, રામ જ્યારે રંગભૂમિ ઉપરથી નીકળી ગયા હોય છે ત્યારે સીતાની ઊંઘ તૂટે છે. તે રામને શોધે છે. પણ રામ તો ત્યાં નથી. એ એક સૂચક વાક્ય ઉચ્ચારે છે : भवतु, तस्मै कोपिष्यामि यदि तं प्रेक्षमाणा

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

आत्मनः प्रभविष्यामि । "ઠીક, (રામ ભલે જતા રહ્યા,) પણ એમની ઉપર ગુસ્સો કરીશ; જો એમને જોયા પછી મારી જાત ઉપર કાબુ રહેશે તો." કૃતિના અંતે હવે રામ-સીતાનો મેળાપ થવાનો છે; ત્યારે આપણે જોઈશું (અને વચ્ચે ત્રીજા અંકમાં પણ જોઈશું કે સીતાવત્સલ રામને જોયા પછી; સીતાનો કોપ એક ક્ષણ પણ ટકી શકે એમ હોતું જ નથી. તો પછી સીતાનો રામથી મનોવિચ્છેદ થવાનું તો શક્ય જ કેવી રીતે બને ? એ ચિન્ત્ય છે !)

લક્ષ્મણ રથ લઈને આવી પહોંચે છે. ભાગીરથીના વનોમાં ફરીથી વિહાર કરવા જવાની ઈચ્છા-દોહદપૂર્તિ-ના બહાના હેઠળ, રામાજ્ઞાથી પ્રેરાયેલ લક્ષ્મણ સીતાને લઈ જાય છે. સીતા રઘુકૂળ દેવતાઓને પ્રણામ કરતી કરતી રંગભૂમિ ઉપરથી વિદાય લે છે. પ્રથમ અંક પૂરો થાય છે.

o o o

'ઉત્તરરામચરિત'નો પ્રથમ અંક એટલો બધો કલાત્મક અને ભવિષ્યની તમામ ઘટનાઓને વ્યંજિત કરનારો છે, કે કવિએ જાણે સૂક્ષ્મ અર્થમાં અહીં 'આખું નાટક' જ વણી લીધું છે એમ કહી શકાય એવું છે. પ્રોફે. તપસ્વી નાન્દીસાહેબે આ વાત ઘણા વર્ષો પૂર્વે કહેલી છે : "ભવભૂતિની નાટ્યકાર તરીકેની સિદ્ધિ માટે જો કોઈ એક અંકનો નિર્દેશ કરવાની ફરજ પાડવામાં આવે તો મારે મન આ પ્રથમ અંક જ તે માટેનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડે છે. અથવા, જગત્‌ના નાટ્યસાહિત્યમાંથી છૂટાછવાયા પ્રસંગો વીણીને ગ્રંથસ્થ કરવાના હોય તો ભવભૂતિના ઉત્તરરામચરિતના આ અંકને તેમાં નિર્વિવાદ સ્થાન પ્રાપ્ત થાય જ."– (જુઓઃ સંસ્કૃત નાટકોનો પરિચય, લે. ડૉ. તપસ્વી નાન્દી, યુનિ. ગ્રન્થનિર્માણ બોર્ડ, અમદાવાદ, ૧૯૭૧, પૃ. ૩૨૧).

દ્વિતીય અંક : "પંચવટીપ્રવેશ"

દ્વિતીય અંકના આરંભે કવિ ભવભૂતિએ 'શુદ્ધવિષ્કંભક' મૂક્યો છે; જેમાં વનદેવતા વાસન્તી અને આત્રેયીની વાતચીત રજૂ થઈ છે. પ્રથમ અને દ્વિતીય અંકની વચ્ચે કવિએ બાર વર્ષનો અન્તરાલ વિચાર્યો છે. રામે સીતાનો ત્યાગ કર્યા પછી, બારેક વર્ષનો સમયગાળો વીત્યા પછી આ બીજા અંકની ઘટના બને છે. રામ-સીતાની સાથે જુદી જુદી રીતે સંકળાયેલા વ્યક્તિઓ; અને છુટા પડેલા રામના તથા સીતાના અલગ-અલગ જીવનમાં શું બન્યું (અથવા, બની રહ્યું છે) ? એની કેટલીક વિગતો આ વિષ્કંભકમાંથી જાણવા મળે છે.

આ વિગતોનો પરિચય મેળવીએ તે પૂર્વે, આ વાતચીત કરનારાં બે પાત્રોનો પરિચય કરી લઈએ : રામ-સીતાના પૂર્વજીવનમાં (તેમને ૧૪ વર્ષનો વનવાસ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

મળ્યો ત્યારે) ગોદાવરીનદીના કાંઠે પંચવટી નામના પ્રદેશમાં નિવાસ કર્યો હતો; અને તેમાં દંડકારણ્ય પણ આવેલું હતું. કવિ ભવભૂતિએ આ જંગલની એક અધિષ્ઠાત્રી દેવી કલ્પી છે, જેનું નામ વનદેવતા "વાસન્તી" છે; અને આ વાસન્તી રામ-સીતાના વનવાસ દરમ્યાનની સીતાની સખી છે. બીજી તરફ, જે 'આત્રેયી' નામની તાપસકન્યા છે, તે ઋષિ વાલ્મીકિના આશ્રમેથી ચાલીને અહીં પંચવટીમાં, અગસ્ત્ય-લોપામુદ્રાના આશ્રમમાં વેદાન્ત-વિદ્યા ભણવા આવી રહી છે. આત્રેયીને રસ્તામાં વાસન્તીનો ભેટો થઈ જાય છે અને એમની વચ્ચે વાતચીત થાય છે. આ વાતચીતના મુદ્દાઓ જો કે ઘણા બધા છે; પણ એકમાં બીજી રીતે તે બધા રામ-સીતાના જીવન સાથે જ સમ્બદ્ધ છે; અને આ દ્વારા કવિ પ્રેક્ષકોને પહેલા અને બીજા અંકની વચ્ચે ૧૨ વર્ષના સમયગાળામાં શું શું બની ગયું છે ?- એ બધી અતિ ઉપયોગી માહિતી પૂરી પાડે છે. આથી આ શુદ્ધવિષ્કંભક એક રીતે જાણે પહેલા અને બીજા અંક વચ્ચે "સાંકળિયું" બની રહેલ હોય તેમ શોભી રહ્યો છે. તે સ્વરૂપની દૃષ્ટિએ છે તો એક "અર્થોપક્ષેપક", પણ તે ભાવપૂર્ણ રોચક સંવાદોથી ખચિત હોવાને કારણે દૃશ્ય-ક્ષમ 'અંક' જેવો પણ ઘણાને લાગ્યો છે.

આત્રેયી અને વાસન્તીની વાતચીતમાંથી નીચે મુજબના મુદ્દાઓ જાણવા મળે છે :—

(૧) વાલ્મીકિના આશ્રમમાં — આત્રેયીને વેદાન્તવિદ્યા ભણવા માટેની અનુકૂળતા હવે રહી નથી. કેમકે ત્યાં કોઈક દેવતા આવીને વાલ્મીકિને બે બાળકો સોંપી ગયા છે. આ બે લવ-કુશ નામનાં બાળકો ભણવામાં એટલા તેજસ્વી છે કે ગુરુએ શીખવેલું તરત ગ્રહણ કરી લે છે; અને એમની જોડે બેસીને આત્રેયી ઝડપથી ભણી શકે એમ નથી. વળી, આ બે બાળકોને જન્મથી માંડીને જ સ—રહસ્ય જૃમ્ભકાસ્ત્રો સ્વતઃ સિદ્ધ છે. ત્રીજી વાત એ કે—વાલ્મીકિ પોતે હવે શિષ્યોને ભણાવવા ઉપરાંત પોતાના "રામાયણ" નામના નવા કાવ્યને લખવામાં એટલા વ્યસ્ત રહે છે કે તે ભણાવવાની અંદર બહુ સમય આપી શકતા નથી. આથી આત્રેયીને વાલ્મીકિનો આશ્રમ છોડીને (ગંગાના કિનારેથી ચાલતા આવીને), છેક ગોદાવરીના કિનારે આવેલા અગસ્ત્યના આશ્રમમાં ભણવા આવવાનું મન થયું છે.

(૨) નામશેષા બનેલી જાનકી : વાસન્તી સાથેની વાતચીતમાંથી આત્રેયીને જ્યારે જાણવા મળે છે કે આ સ્થાન તો 'પંચવટી'નું છે, (કે જ્યાં રામસીતા વનવાસ દરમ્યાન રહ્યા હતા), ત્યારે તે એકદમ જ જાનકી સીતાને યાદ કરીને દુઃખ વ્યક્ત કરવા લાગે છે. આત્રેયી પંચવટીને જોઈને, બોલી પડે છે કે —

त्वां नामशेषाम् अपि दृश्यमानः
प्रत्यक्षदृष्टाम् इव नः करोति ॥ (૨-૬)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

"(તારા પ્રિય સ્વજન સમો આ પંચવટીનાં જુદાં જુદાં સ્થાનોનો સમૂહ)–જે ચારે તરફ દેખાઈ રહ્યો છે તે તને (સીતાને) **નામશેષ બની ગયેલી હોવા છતાંય,** તું જાણે અત્યારે પ્રત્યક્ષ દેખાતી હોઉં તેવી બનાવે છે." પંચવટીને જોઈને આત્રેયી આ શબ્દો સહસા બોલી ઊઠે છે; પણ તેનાથી વાસન્તીને ખબર પડી ગઈ કે સીતા વિશે કશુંક અમંગળ બની ગયું છે. પૂછપરછ કરતાં વાસન્તીને આત્રેયી પાસેથી બીજી પણ વિગતો જાણવા મળી ગઈ કે સીતા વિશે પ્રજામાં અપવાદ ફેલાયો હતો (અને રામે તેનો ત્યાગ કર્યો છે.) વળી, વાલ્મીકિના આશ્રમ પાસે લક્ષ્મણે સીતાને ત્યજ્યા પછી, સીતાનું શું થયું ? એવો પ્રશ્ન કરતાં આત્રેયી પાસે એ અંગે કશી માહિતી નથી - એમ જાણવા મળે છે.

(૩) અયોધ્યામાં શું ગતિવિધિ ચાલી રહી છે ? – એ સંદર્ભે પણ આત્રેયી કેટલીક વિગતો જણાવે છે : જેમકે, વસિષ્ઠ-અરુન્ધતી અને રામમાતાઓની ગેરહાજરીને કારણે, રામે ઝડપથી સીતાત્યાગનો નિર્ણય લીધો. એટલે કે આવી કટોકટીની ક્ષણે વડીલોની દરમ્યાનગીરીને અવકાશ જ ન હતો. કેમકે તે સૌ તો જમાઈ ઋષ્યશૃંગના આશ્રમે યજ્ઞમાં ગયા હતા. અને આજે ૧૨ વર્ષે તે યજ્ઞ પૂરો થઈ જતાં, કોઈ વડીલ ઘરે (અયોધ્યામાં) પાછા ફર્યા નથી. પુત્રવધૂ સીતા વિનાના ઘરમાં પાછા ફરવાનું કોઈને ગમ્યું નથી, એટલે તે સૌ વાલ્મીકિના આશ્રમે જઈને બેઠા છે. (–આમ અયોધ્યામાં હવે રામ એકાકી જીવન જીવી રહ્યા છે એની સૂચના પણ વાસન્તીને પહોંચે છે.)

રામે અયોધ્યામાં એકાકી જીવન ગાળવા દરમ્યાન હાલમાં અશ્વમેધ-યજ્ઞ આરંભ્યો છે. આ સમાચારે વાસન્તી છળી મરે છે – તે પૂછી કાઢે છે કે શું રામ પરણ્યા પણ ખરા ? (કેમકે પત્ની વિના અશ્વમેધ યજ્ઞ થઈ જ ન શકે !) તો ત્યારે આત્રેયી જણાવે છે કે રામે બીજા લગ્ન તો કર્યા નથી. પરંતુ સીતાની સુવર્ણની પ્રતિમા કરાવીને, તેને જ પોતાની પત્ની તરીકે બાજુમાં સ્થાપી છે ! વાસન્તીને હવે લાગે છે કે – રામ ખરેખર વજ્રથી પણ વધુ કઠોર ભલે હોય, પણ પુષ્પથી પણ અધિક કોમળ ચિત્તવાળા ય તે છે. (૨-૭) રામની લોકોત્તરતા એને સ્પર્શી જાય છે.

આ અશ્વમેધિક અશ્વને વામદેવ અભિમંત્રિત કરીને પૃથિવી ઉપર ફરવા છુટો મૂક્યો છે, અને તેને સાચવવા લક્ષ્મણનો પુત્ર ચંદ્રકેતુ સૈન્ય સાથે નીકળી પડ્યો છે. આ સાંભળીને વાસન્તીને થોડુંક આશ્વાસન મળી રહે છે કે હાશ, લક્ષ્મણનેય પુત્ર થયો છે' – એ સાંભળવા હજી હું જીવતી છું. !

આત્રેયી, ત્રીજી અને છેલ્લી રામવિષયક માહિતી આપતાં કહે છે કે અયોધ્યાના રાજમહેલ ઉપર કોઈક બ્રાહ્મણે પોતાના મૃતપુત્રને લઈ આવીને, રામને

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri

ફરિયાદ કરી છે કે તમારા રાજ્યમાં મારા પુત્રનું અકાળ મૃત્યુ થયું છે. પિતાના હોતાં, પુત્ર પહેલો કેવી રીતે મરી શકે ? – આથી રામે "પોતાના કોઈક અપરાધ વિના પ્રજામાં અકાળ મૃત્યુ ન જ થવું જોઈએ, તો મારો શો વાંક હશે ?" એમ વિચારવાનું શરૂ કર્યું ત્યારે અશરીરિણી વાણી (આકાશવાણી) થઈ કે –

शम्बूको नाम वृषलः पृथिव्यां तप्यते तपः ।
शीर्षच्छेद्यः स ते राम !, तं हत्वा जीवय द्विजम् ॥ (२-८)

"આ પૃથિવી ઉપર શમ્બૂક નામનો શૂદ્ર તપ તપી રહ્યો છે. આથી હે રામ ! તમે એનો શીર્ષચ્છેદ કરો અને આ દ્વિજપુત્રને ફરીથી સજીવન કરો."

આથી રામ પુષ્પક વિમાન લઈને સચરાચર જગત્‌માં તે શૂદ્ર-તાપસને શોધવા નીકળી પડ્યા છે. આ છેલ્લા સમાચારથી વાસન્તીને એકદમ આનંદ થઈ આવે છે કે તો તો એ રામ આજે આ પંચવટીમાં જરૂર આવશે; કેમકે તે શૂદ્ર તાપસ આ પંચવટીમાં જ ક્યાંક તપ કરી રહ્યો છે !

આમ આ શુદ્ધવિષ્કંભકમાં આત્રેયી અને વનદેવતા – વાસન્તી વચ્ચેની વાતચીતથી આપણને – પ્રેક્ષકોને – જાણવા મળી જાય છે કે હવે પ્રસ્તુત થનારા બીજા અંકમાં રામ શમ્બૂકનો વધ કરવા આ પંચવટીમાં પ્રવેશવાના છે. તથા બીજી તરફથી પહેલા અને બીજા અંક વચ્ચે જે બાર વર્ષનો સમયગાળો વીતી ગયો છે એ દરમ્યાન અયોધ્યામાં શું થયું; વાલ્મીકિના આશ્રમમાં શું થઈ રહ્યું છે અને સીતાનું શું થયું ? એ બધી ભૂતકાલિક વિગતો પણ આપણને મળી ગઈ છે.

આ 'શુદ્ધવિષ્કંભક'ની સમીક્ષા કરતાં વિદ્વાનોને "એ બહુ લાંબો છે, ઘણી વિગતોથી ભરેલો છે." ઇત્યાદિ ટીકા કરવાનું પ્રાપ્ત થયું છે. પણ એ બે પાત્રો વચ્ચેની વાતચીત પણ કેટલી ભાવપૂર્ણ છે ? અથવા ભાવોની આરોહ-અવરોહાત્મક સ્થિતિએ તેમાં કેવી દશ્યક્ષમતા પણ આણી છે એ પણ કહેવું જોઈએ.

o o o

બીજા અંકના મુખ્ય દશ્યમાં પુષ્પક વિમાનમાં આરૂઢ થયેલા અને હાથમાં ખડ્ગ ઉગામેલા સ–દય રામ પ્રવેશ કરે છે. તે આકાશમાંથી જ જોઈ લે છે કે નીચે અરણ્યમાં શમ્બૂક નામનો શૂદ્ર તપ કરી રહ્યો છે. કવિએ રામને દયા સહિતના ચિત્તવાળા કહ્યા છે. તેઓ એક વિષમતાનો અને વિડંબનાનો ભાવ અનુભવતાં અનુભવતાં, પોતાના જમણા હાથને ઉદ્દેશીને નીચેનો શ્લોક બોલે છે :–

रे हस्त दक्षिण मृतस्य शिशोर्द्विजस्य
जीवातवे विसृज शूद्रमुनौ कृपाणम् ।
रामस्य गात्रम् असि, निर्भरगर्भखिन्न-
सीताविवासनपटोः करुणा कुतस्ते ॥ (२-१०)

અર્થાત્–

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

"હે (મારા) જમણા હાથ ! દ્વિજના મરી ગયેલા બાળકને જીવતો કરવા માટે શૂદ્રમુનિ ઉપર ખડ્ગનો પ્રહાર કરો. ભરેલા ગર્ભથી થાકી ગયેલી સીતાને કાઢી મૂકવામાં કુશળ એવા રામનું તું તો ગાત્ર છું; તને તે વળી દયા શી ?"

આ શ્લોકમાં, રામે પોતે પોતાના જ હાથને આજ્ઞા કરીને, એની પાસે પરાણે શૂદ્રમુનિના વધનું કામ લીધું. આ શબ્દોમાંથી એવી વ્યંજના સ્ફુરી રહી છે કે રામ સીતાત્યાગ પછી પોતે જ પોતાનાથી વિખુટા પડી ગયા છે, અને અંદરથી તૂટી ગયા છે. વળી, એ જ્યારે પોતાના જમણા હાથને ઉદ્દેશીને બોલે છે કે "સગર્ભા સીતાને કાઢી મૂકવામાં પટુ એવા રામનું તું ગાત્ર છું, તને તે વળી દયા કેવી ?" ત્યારે એમાં રામના મનમાં પ્રકટેલી આત્મનિર્ભર્ત્સના પણ સાહિત્યરસિકોને જોવા મળી છે.

અહીં, રામની દારુણ-દશા અને આત્મનિર્ભર્ત્સના ઉપરાંત બીજા પણ બે ભાવ અપ્રકટપણે રામના મનમાં રમી રહ્યા જણાય છે : ૧. એક પ્રકારની વિષમતા અને ૨. વિડંબના. જેમકે, જે પ્રજાજનોના નિંદાખોર સ્વભાવથી પોતે સીતાનો ત્યાગ કરીને એકલા પડી ગયા એ જ પ્રજાના દુ:ખ દૂર કરવા એમણે શૂદ્રતાપસને શોધવા, મારવા નીકળવાનું ? તથા પોતે પોતાનાં બાળકોનો નિર્વિઘ્ને પ્રસવ થાય એની કાળજી ન લઈ શક્યા. બલ્કે જન્મપૂર્વે જ એમનું અસ્તિત્વ શંકામાં-અંધારામાં-ધકેલાઈ જાય એવી રીતે સીતાને ત્યજી દીધી; પણ કાલક્રમે હવે કોઈકના મૃતપુત્રને જીવતો કરી આપવા મેદાને પડ્યા છે ! જીવનમાં ઊભી થયેલી આ તે કેવી વિડંબના ??!

પણ, કેમકે રામ વજ્રથી ય કઠોર છે...અને એટલે જ 'લોકોત્તર' છે; માટે આવી વિષમતા અને વિડંબનાની વચ્ચેય આ અતિદુષ્કર કાર્ય કરે છે. જેના પરિણામે અયોધ્યાના રાજમહેલ ઉપર રડતા કકળતા બાપનો મૃતપુત્ર પુન:સજીવન થાય છે; અને બીજી તરફ શૂદ્રતાપસ શમ્બૂકનું પણ દિવ્યપુરુષમાં રૂપાંતર થાય છે.

આમ બીજા અંકની મુખ્ય ઘટના પૂરી થાય છે. અને ત્યાર પછી રામ જાણવા પામે છે કે આ પંચવટી છે, આ દંડકારણ્ય છે; અને અહીં જ અગત્સ્ય – લોપામુદ્રાનો આશ્રમ છે તથા તેઓ રામને મળવા માંગે છે.

o o o

વિદ્વાનોએ બીજા અંકનું જે મુખ્ય નાટકીય પ્રયોજન જોયું છે તે એ છે કે કવિ ભવભૂતિએ રામને અયોધ્યાનું રાજકાર્ય છોડાવીને, અહીં પંચવટીમાં તેડી લાવવા માટેના એક નિમિત્ત તરીકે શમ્બૂકવધના પ્રસંગને અહીં ગોઠવ્યો છે. રામ એકવાર રાજકાર્ય છોડીને જો પંચવટીમાં આવે તો ત્યાં, એમના પૂર્વસહવાસના દિવસો વીત્યા હોઈ, એમના મનમાં સીતાની યાદ ફરીથી સક્રિય થાય. કવિ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

આગળ ઉપર ત્રીજા અંકમાં જે 'છાયા-સીતા'નો પ્રસંગ યોજવા માંગે છે એની પૂર્વતૈયારી રૂપે રામને કોઈક બહાના હેઠળ પંચવટીમાં લાવવા જરૂરી હતા. આથી કવિએ શમ્બૂકવધ પ્રસંગના નામે આ બીજો અંક વચ્ચે મૂક્યો છે.

કોઈકને એવું લાગ્યું છે કે આ બીજા અંકની મુખ્ય ઘટનાને, આરંભે મૂકેલા પેલા લાંબા શુદ્ધવિષ્કંભકમાં જ મૂકી દીધો હોત, તો પણ ચાલી શકત.

પ્રોફે. જી. કે. ભટસાહેબ જણાવે છે કે શમ્બૂકવધ – પ્રસંગનું પ્રયોજન એ કેવળ રામને પંચવટીમાં આણવા પૂરતું જ છે; અને તેથી એને એના પ્રસ્તુત સંદર્ભમાંથી બહાર કાઢીને એને નવા સંદર્ભમાં તપાસવો જોઈએ. જેમકે, રામે એક શૂદ્રને મારતી વખતે જે ખચકાટ અનુભવ્યો છે તે એવું સૂચવે છે કે કવિ ભવભૂતિને શૂદ્ર શમ્બૂક તરફ સહાનુભૂતિ છે અને વર્ણવ્યવસ્થા તરફ નફરત છે.

પણ, આ પ્રસંગ મૂકવા પાછળ કવિના મનમાં આટલું જ ઉદ્દિષ્ટ હોય એમ વાંચવું એ અપૂરતું જણાય છે. કેમકે આ શમ્બૂકવધ-પ્રસંગ એક રીતે તો એક Myth-પુરાકલ્પન-જ છે. કેમકે એમાં જે વાત રજૂ થઈ છે તે તદ્દન અવૈજ્ઞાનિક અને અંધશ્રદ્ધા ભરેલી છે. જેમકે, કોઈ શૂદ્ર વ્યક્તિના તપ કરવાથી બીજા કોઈનો છોકરો અકાળે મરી જાય; અને પછી તે શૂદ્ર તાપસને મારવાથી પેલો મૃતપુત્ર જીવતો થઈ જાય – એ બન્ને વાતો તદ્દન અવૈજ્ઞાનિક છે; Mythical છે. આથી અમારી દૃષ્ટિએ, આવી પુરાકથાશાસ્ત્રીય વાતનો જ્યારે કોઈ કવિ પોતાની કૃતિમાં વિનિયોગ કરે ત્યારે તેની પાછળ કોઈ ગૂઢ આશય છે કે નહીં; અને નાટકની કેન્દ્રવર્તી ઘટના જોડે એને સાંકળી શકાય એમ છે કે નહીં ? તે પણ તપાસવું જોઈએ. નાટક જેવી સમયબદ્ધ કળામાં કશું બીનજરૂરી હોતું નથી. અથવા તો કેવળ નાટક બહારના (= દા.ત. વર્ણાશ્રમવ્યવસ્થા તરફ નફરત બતાવવાના) કોઈ પ્રયોજનથી પ્રેરાઈને આવી 'મીથ'ને દૃશ્ય-અંકનું રૂપ અપાતું નથી. સાહિત્યવિવેચનનો જો આવો વૈશ્વિક માપદંડ સ્વીકારીએ તો આ બીજા અંકનું જુદી રીતે જ અર્થઘટન કરવું પડે. (જે આ 'પ્રસ્તાવના'માં એક સ્વતંત્ર લેખ દ્વારા મૂકવામાં આવેલ છે.)

ત્રીજો અંક : "છાયા-સીતા"

આ અંકના આરંભે પણ કવિએ એક 'શુદ્ધવિષ્કંભક' મૂક્યો છે. જેમાં તમસા અને મૂરલા નામની બે નદીઓનો સંવાદ છે. શમ્બૂકવધનું કાર્ય પૂર્ણ કર્યા પછી, રામ હવે અયોધ્યા તરફ પાછા વળશે; પણ રસ્તામાં તેઓ અગસ્ત્ય-લોપામુદ્રાને મળવા ગયા. ત્યાં લોપામુદ્રાએ જોયું – વિચાર્યું કે રામ સીતાના વિરહને કારણે અંદરને અંદર બળ્યા કરે છે. તે પોતાનું દુઃખ બહાર પ્રકટ કરી શકતા નથી.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

अनिर्भिन्नो गभीरत्वाद् अन्तर्गूढघनव्यथः ।
पुटपाकप्रतीकाशो रामस्य करुणो रसः ॥ (३-१)

આમ સીતાના વિયોગથી જન્મેલો રામનો શોકાવેગ પુટપાક જેવો છે; જે બહારથી દેખાતો નથી, કે તે બહાર નીકળી શકતો નથી. પણ આજે કોઈક નિમિત્તે પંચવટીમાં તેમને આવવાનું થયું જ છે તો તેઓ સીતા સાથેના એ સહવાસના 'વિસ્રમ્ભસાક્ષી' પ્રદેશોને પણ ફરીથી જોવા પામશે. આથી લોપામુદ્રાને શંકા છે કે રામ અચૂક આ સ્થળોને જોઈને વારેવારે મૂર્ચ્છિત થશે જ. માટે ગોદાવરી નદીએ સાવધાન રહેવાની જરૂર છે. એટલે તેમણે 'મૂરલા' નામની નદી જોડે ગોદાવરીને કહેવડાવ્યું છે કે ગોદાવરીએ ઠંડો અને કમળ પરાગવાળો વાયુ વહેવડાવીને રામની મૂર્છાને વાળવા પ્રયત્ન કરવો.

બીજી તરફ, મૂરલા જોડે વાત કરી રહેલી 'તમસા' નામની નદી કહે છે કે લોપામુદ્રાની શંકા ઉચિત જ છે. પણ રામભદ્રને સાચવવાનો એક "મૌલિક" ઉપાય આજે હાજર જ છે. કેમકે ભાગીરથી (ગંગા) નદીએ પણ અયોધ્યા નજીકની સરયૂ નદી પાસેથી જાણ્યું છે કે રામ આજે પંચવટી પાસેના વનમાં શમ્બૂકને મારવા ગયા છે. એટલે તેણે રસાતળમાં ધરતી માતા પાસે સુરક્ષિત રખાયેલી સીતાને, કુશ-લવની બારમી વર્ષગાંઠ ઉજવવાના બહાના હેઠળ બહાર પૃથિવી ઉપર (પંચવટીના પ્રદેશોમાં જ) લાવી દીધી છે, અને તમસાને એ સીતાની સહચરી તરીકે ઉપસ્થિત રહેવાનું કામ સોંપી દીધું છે.

વળી, સીતાને એ વાતે આશ્વસ્ત કરવામાં આવી છે કે તે સૂર્યપૂજા કરવા માટે પુષ્પો ચૂંટતી હશે ત્યારે એને બીજી કોઈ વ્યક્તિ જોઈ કે સાંભળી શકશે નહીં. હવે રામ જ્યારે જ્યારે મૂર્ચ્છિત થશે, ત્યારે સીતાના કરસ્પર્શથી જ રામને ફરીથી ભાનમાં સરળતાથી આણી શકાશે. આમ આ વાતચીત ઉપરથી પ્રેક્ષકોને ખબર પડે છે કે ત્રીજા અંકમાં રામ પંચવટીમાં ફરતા હશે ત્યારે સીતા અને તમસા એમની આજુબાજુમાં જ, પણ અપ્રકટ રૂપે હાજર હોવાના છે. (આથી જ આ અંકને 'છાયા-સીતા અંક' એવું નામ આપવામાં આવ્યું છે.)

ત્રીજા અંકનું મુખ્ય દૃશ્ય શરૂ થાય છે. કવિ ભવભૂતિએ આ અંકનાં બે મુખ્ય પાત્રો—રામ અને સીતા—ને આપણી સમક્ષ રજૂ કરતાં પહેલાં તેમની શારીરિક અને માનસિક દશાને સૂચવી દેતાં જે એક-એક શબ્દો વાપર્યા છે, તે સ્મરણીય છે. જેમકે, ૧. पुटपाकप्रतीकाशो रामस्य करुणो रसः । પુટપાક-સમો રામનો કરુણરસ અહીં (ત્રીજા અંકમાં) રજૂ થવાનો છે. તથા ૨. करुणस्य मूर्तिरथवा शरीरिणी विरहव्यथा इव वनम् एति जानकी । સીતા જાણે કરુણની (સાક્ષાત્) મૂર્તિ છે; અથવા તો શરીર-ધારિણી વિરહવ્યથા જ છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

આમ ત્રીજા અંકમાં, રસની દૃષ્ટિએ કહીએ તો કરુણરસની સૃષ્ટિ જોવા મળવાની છે; તથા ભારતીય જનમાનસે જે એક અભિપ્રાય વ્યક્ત કર્યો છે કે – कारुण्यं भवभूतिरेव तनुते । "કરુણ રસ તો ભવભૂતિ જ વિસ્તારી શકે છે." એનો આપણને અનુભવ થવાનો છે.

કવિએ આ આખા અંકની યોજના બહુ કલાત્મક સ્વરૂપમાં વિચારી છે. સીતાનો ત્યાગ કર્યા પછી રામ બાર-બાર વર્ષથી એકધારા અયોધ્યાના રાજમહેલમાં પૂરાઈ રહ્યા છે, અથવા કહો કે રાજસિંહાસન જોડે જડાઈ ગયા છે. સતત પ્રજારાધનના કર્મમાં તત્પર રહીને, તે જાણે સીતાને ભૂલીને મૂંગે મોઢે શ્વસી રહ્યા છે. પણ આજે પંચવટીમાં આવવાની તક મળતાં, એ સ્થળેને જોતાંની સાથે સહજ રીતે તેમના મનમાં સીતા યાદ આવી જાય છે. રામના મનમાં સીતાની સ્મૃતિ જાગી ઊઠતાં, એમના મનોભવનમાં સીતાની જે છાયા ફરવા લાગે છે તેનું જ જાણે કલાત્મક પ્રતિબિંબ હોય તેમ, આ અંકમાં સીતા અને તમસા અપ્રકટ રૂપે રામની આજુબાજુમાં જ ફરી રહ્યા છે – એવી કવિએ અપૂર્વ કલ્પનાસૃષ્ટિ સાકાર કરી છે. उत्तरे रामचरिते भवभूतिर्विशिष्यते । એ ઉક્તિ આ 'છાયા-સીતા' નામના ત્રીજા અંકની યોજનાને જોતાં પણ યથાર્થ લાગે છે.

એક તરફ રામની સાથે વનદેવતા વાસન્તી છે અને બીજી તરફ, સીતાની સાથે તમસા નદી છે. આમ કુલ ચાર પાત્રો આ અંકમાં જોવા મળે છે. પણ એમાં સીતા અને તમસા અદૃશ્ય છે. રામ અને વાસન્તીને આ બે (સીતા અને તમસા) જણ જોઈ શકે છે, સાંભળી શકે છે. પણ રામ અને વાસન્તી આજુબાજુમાં જ બોલતાં કે ફરતાં સીતાને અને તમસાને જાણી શકતાં નથી.

આ અંકના ચાર દૃશ્યો વિચારી શકાય. જેમકે,

૧. સીતા-તમસાની ઉપસ્થિતિમાં રામની પ્રથમ મૂર્ચ્છા (શ્લોક ૧ થી ૧૪)

૨. રામ-વાસન્તી મિલન, કરિકલભ પ્રસંગ, મયૂર-કદમ્બ, શિલાતલના દર્શન (શ્લોક ૧૫ થી ૨૩)

૩. વાસન્તી દ્વારા રામનું વિલંબે સ્વાગત અને રામને ઠપકો, વાસન્તીની મૂર્ચ્છા અને રામની બીજી મૂર્ચ્છા (શ્લોક ૨૪ થી ૩૭)

૪. રામના હાથમાંથી સીતાનો હાથ સરકી જવો,-રામનું પ્રત્યાવર્તન, સીતાની હિરણ્મયી પ્રતિકૃતિ અને તમસા-વાસન્તીના રામ-સીતાને સંયુક્ત આશીર્વાદ સાથે અંકની સમાપ્તિ. (શ્લોક ૩૮ થી ૪૮)

પ્રથમ-દૃશ્યમાં શરૂઆતમાં તો સીતા અને તમસા એ બે જણાં જ રંગભૂમિ ઉપર હોય છે. કુશ-લવની ૧૨મી વર્ષગાંઠે રઘુવંશના આદ્ય પ્રવર્તક સૂર્યની પૂજા

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

કરવા માટે સીતા પુષ્પો ચૂંટી રહી હોય છે ત્યાં જ નેપથ્યમાંથી "સીતા દેવીએ ઉછેરેલા ગજબાળને બીજા ઉદ્દામ હાથીના આક્રમણથી બચાવો.... બચાવો..." એવી પરિત્રાણ માટે બૂમો પડે છે. આ બૂમો પાડનાર વનદેવતા વાસન્તી છે. તે સાંભળીને સીતા અભાનપણે જ બોલી ઊઠે છે કે - आर्यपुत्र, परित्रायस्व परित्रायस्व मम तं पुत्रकम् । "આર્યપુત્ર ! મારા તે વ્હાલા ગજબાળને બચાવી લો, બચાવી લો." બસ, એ જ સમયે રામ ત્યાં વિમાન લઈને આવી પહોંચે છે અને આકાશમાંથી બોલે છે : "વિમાનરાજ ! અહીં જ ઊભા રહો." રામના આ શબ્દોને સીતા તરત જ ઓળખી લે છે. તમસા જણાવે છે કે તપ કરી રહેલા કોઈ શૂદ્રને દંડ દેવા માટે રાજા રામ આજે જનસ્થાનમાં આવ્યા છે – એવું મેં સાંભળ્યું છે. આથી સીતા સંતોષ વ્યક્ત કરે છે કે - दिष्ट्या अपरिहीनराजधर्मः खलु स राजा । "હાશ, તે રાજાએ પોતાનો રાજધર્મ પાળવાનું હજુ ચાલુ રાખ્યું છે – તે આનંદની વાત છે" રામે રાજધર્મનું પાલન કરવાના અનિવાર્ય ભાગ રૂપે જેમ સીતાત્યાગ કર્યો છે; તેમ જ શમ્બૂકવધ કરીને કોઈના અકાળે મરી ગયેલા બાળકને ફરીથી જીવતો કરી આપવાનું રાજકર્મ પણ કર્યું છે. સીતાને આથી આનંદ છે, કે રામે સીતાના વિરહમાં, બલકે સીતાને કાઢી મૂકાવનાર એ જ પ્રજાજનોનું **હજુય** કલ્યાણ કરવાનું ચાલુ રાખ્યું છે એ જાણીને સીતા સંતોષ વ્યક્ત કરે છે.

રામ રંગભૂમિ ઉપર આવે એ પહેલાં જ રામને દૂરથી આવતાં સીતા જુવે છે. રામ સવારના સમયના ફિક્કા-નિસ્તેજ-પડી ગયેલા ચન્દ્રમા જેવા પરિદુર્બલ થઈ ગયા છે. એ જોઈ સીતા પહેલાં તો ઘડીભર મૂર્ચ્છિત જ થઈ જાય છે. બીજી તરફ, રામ પણ વર્ષો પછી પંચવટીનું પુનઃદર્શન થતાં हा प्रिये जानकि ! બોલતાં બોલતાં મૂર્ચ્છિત થઈ જાય છે. તમસા સીતાને કહે છે કે સીતા, તું જ તારા પાણિસ્પર્શથી જગત્પતિને સંજીવિત કર. સીતા પણ 'જે થવું હોય તે થાય' કહીને, રંગભૂમિ ઉપરથી, દૂર રામને ટકાવી રાખવા દોડી જાય છે. પછી સીતાથી સ્પર્શાતા હોય તેવા મૂર્ચ્છિત રામનો પ્રવેશ થાય છે. રામ ભાનમાં આવે છે. રામ આ કેવી રીતે બન્યું ? તે પામી શકતા નથી. શું આ હરિચંદનનાં પાંદડાનો રસ હતો કે સંજીવનૌષધિનો રસ મારી ઉપર છાંટવામાં આવ્યો ? ઇત્યાદિ. એક ક્ષણે મનમાં એવી શંકા પણ ઊઠે છે કે – न खलु वत्सलया सीतादेव्याऽभ्युपपन्नोऽस्मि। "ક્યાંક વત્સલા સીતાદેવીએ તો મારી ઉપર ઉપકાર નહીં કર્યો હોય ને ?" રામ ફરીથી 'हा प्रिये जानकि !" એમ બૂમ પાડી ઊઠે છે. સીતાને એક ક્ષણ તો જે બની ગયું છે તે ભૂતકાળને જોતાં આવો ઉદ્‌ગાર આશ્ચર્ય ઉપજાવે છે; અને 'અસદંશ' (અયોગ્ય) લાગે છે. પણ બીજી જ ક્ષણે સીતા એમ પણ વિચારવા

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

લાગે છે કે મારા વત્સલ આર્યપુત્ર ઉપર હું ખોટી જ "નિરનુક્રોશ" થાઉં છું.[1] સીતા બોલે છે કે વસ્તુતઃ તો अहम् एतस्य हृदयं जानामि, मम अपि एषः । "હું એમનું (રામનું) હૃદય જાણું છું; અને એ મારું હૃદય જાણે છે." બન્નેને એકબીજા માટે શી લાગણી છે તે એ બન્ને સારી રીતે જાણે છે.

બીજી તરફ, રામ, ભાનમાં આવ્યા પછી, બોલે છે કે, દેવી ! તમારો કરસ્પર્શ મને હજીય આનંદ આપી રહ્યો છે; પણ હે નંદિની ! તમે ક્યાં છો ? આવાં પ્રિયવચનો સાંભળીને સીતાને પોતાનું જીવન (જન્મલાભ) ધન્ય લાગે છે. પછી રામને લાગે છે કે-અથવા, અહીં પ્રિયતમા ક્યાંથી હોય ? આ તો વારંવાર પ્રિયાને યાદ કરવાથી જન્મેલો રામભદ્રનો ભ્રમ છે.

કવિએ આમ ત્રીજા અંકના પ્રથમ દૃશ્યમાં જ રામ-સીતા બન્ને એકમેકના હૃદયને ઓળખે છે અને એકમેક વિના ઝુરે છે એ બહુ તાદૃશ રીતે રંગભૂમિ ઉપર આકારિત કરી દીધું છે. (શ્લોક ૬ થી ૧૪).

બીજા દૃશ્યમાં રામ અને વનદેવતા વાસન્તીનું મિલન થાય છે. નેપથ્યમાંથી વાસન્તી ફરીથી શ્લોક-૬ બોલે છે અને એ વાત તરફ ધ્યાન દોરે છે કે સીતાએ ઉછેરેલા ગજબાળ ઉપર બીજા એક ઉદ્દામ ગજરાજે આક્રમણ કર્યું છે. રામ એકદમ ઊભા થાય છે, અને "ક્યાં છે એ દુરાત્મા, કે જેણે સીતાના ગજબાળ ઉપર હુમલો કર્યો છે ?" એમ બોલતાં ધસી આવે છે. વાસન્તી રઘુનંદન રામને જોઈને સંભ્રમ સાથે આનંદિત થઈ જાય છે. વાસન્તી પેલા ગજબાળ ઉપરના હુમલાનું સ્થળ બતાવે છે, રામ એ તરફ આગળ વધે છે. સીતા રામની પાછળ અનુસરવા ચાહે છે. પણ ત્યાં તો દૂર ઊભા ઊભા જ દેખાયું કે સીતાના એ ગજબાળે વિજય મેળવી લીધો છે; અને હવે એણે પોતાની હાથણીને રાજી કરવાની પ્રવૃત્તિ પણ શરૂ કરી દીધી છે. તેણે મૃણાલકાંડ તોડી તોડીને હાથણીને ખવડાવવાનું, વચ્ચે વચ્ચે સુગંધિ જળ પીવડાવવાનું શરૂ કર્યું છે અને છેલ્લે એણે પ્રિયાના માથા ઉપર કમળપત્રની છત્રી પણ ધરીને તડકાને રોક્યો !-આ જોઈને સીતા બોલી ઊઠે છે કે – ભગવતી તમસા ! જો આ ગજબાળ આટલો મોટો થઈ ગયો છે, તો મારા એ બે કુશ-લવ આટલા સમયે કેવડા થયા હશે ? એની ખબર નથી.

આ કરિકલભ (ગજબાળ)ના આખા પ્રસંગનું નાટકીય પ્રયોજન શું હશે ? એમ વિચારીએ તો તરત જ સમજાય છે કે કવિને કેવળ પતિવિરહિણી નહીં,

૧. 'અનુક્રોશ' શબ્દનો અર્થ "પરદુઃખદુઃખિતા" થાય છે. (આ શબ્દના 'દયા' કે 'કરુણા' એવા અર્થો નથી.) સીતા જો 'સીતાનો ત્યાગ' કર્યા પછી રામની ઉપર શી વીતી રહી હશે ? એ ન પામી શકે; અને એના થકી તે પોતે પણ દુઃખી થઈ ન જાય તો તે 'નિરુનુક્રોશા' કહેવાય.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પણ પુત્રવિરહિણી સીતાને, એના આર્યપુત્ર (રામ)ની હાજરીમાં એના પુત્રોનું સ્મરણ કરાવવું છે, એટલે કે સીતાના માતૃત્વને જગાડવું છે.

રામની સાથે રહેલી વાસન્તી ગજબાળ તરફ ધ્યાન દોર્યા પછી, સીતાએ ઉછેરેલાં મયૂર અને કદમ્બ વૃક્ષ પણ રામને બતાવે છે. રામને યાદ આવે છે કે સીતાએ જે મયૂરને તાલ આપી આપીને નૃત્ય શીખવ્યું હતું, તે જ આ મયૂર છે. વળી, તે મયૂર સીતાએ જ ઉછેરેલા કદમ્બવૃક્ષ ઉપર બેસીને નૃત્ય કરે છે. આમ રામ પંચવટીમાં હવે ક્ષણાર્ધમાં જ સીતામય બની જાય છે. એવામાં વાસન્તી રામને એક શિલાતલ બતાવે છે કે જે રામ-સીતાનું શયનીય શિલાતલ હતું. પણ આ દૃશ્ય રામ અને સીતા બન્નેને, વર્તમાન સ્થિતિના સંદર્ભમાં, ઊંડા દુઃખમાં ઉતારી દે છે. રામ અને સીતા અત્યારે શરીરથી રંગભૂમિ ઉપર—પંચવટીમાં પાસે પાસે હોવા છતાંય, અને મનથીય એક હોવા છતાંય કાળની વક્રગતિએ તે બન્નેને યોજનો દૂર કરી દીધાં છે. સીતા આ ભાવને વાચા આપતાં કહે છે કે – हा दैव! एष मया विना, अहम् अपि एतेन विना इति स्वप्नेऽपि केन संभावितम् आसीत् ?।

ત્રીજું દૃશ્ય : વાસન્તી વાતનો / પરિસ્થિતિનો સૂર બદલવા માટે રામને માટે સ્વાગત કરવા વનનાં વૃક્ષો, વાયુઓ અને પક્ષીઓને ઉદ્દેશીને શ્લોક – ૨૪ કહે છે. પછી બન્ને (રામ અને વાસન્તી) એક જગ્યાએ બેસે છે, હવે વાસન્તી જાણે સીતાની વકીલાત કરતી હોય તેમ રામ જોડે વાતચીત શરૂ કરે છે : વાસન્તી રામને પૂછે છે : महाराज, अपि कुशलं कुमारलक्ष्मणस्य ? રામ શું જવાબ આપે ? તેમણે જાણે કશુંય ન સાંભળ્યું હોય તેમ કર્યું. એટલે વાસન્તીએ ફરીથી એ પ્રશ્ન દોહરાવ્યો. રામને માટે 'મહારાજ' એવું, પ્રેમ વિનાનું સંબોધન અને સીધો લક્ષ્મણના કુશળ અંગેનો પ્રશ્ન થતાં રામને લાગે છે કે વાસન્તીને સીતાત્યાગ વિશેની બધી ખબર પડી ગઈ છે. વાસન્તી રામને સીધો પ્રશ્ન કરે છે કે – દેવ, તમે આટલા દારુણ કેમ બન્યા ? અહીં, વચમાં જ સીતા જાણે રામની વકીલાત કરતી હોય તેમ બોલે છે કે – વાસન્તી ! તું કેમ આમ બોલે છે. મારા આર્યપુત્ર તો બધાના પ્રેમના જ અધિકારી છે; વિશેષ કરીને મારી જે સખી હોય તેણે તો રામ જોડે પ્રેમપૂર્ણ જ વ્યવહાર કરવો જોઈએ.

વાસન્તી જ્યારે રામને પૂછી જ કાઢે છે કે – દેવે (સીતાત્યાગ રૂપી) અકાર્ય કેમ કર્યું ? ત્યારે રામ કહે છે : लोको न मृष्यति । "લોકો માફ ન કરે તે માટે." પણ, રામે પ્રજા-મતને માથે ચઢાવીને સીતાત્યાગનું પગલું ભર્યું છે એવું સાંભળ્યા પછીય, વાસન્તી પ્રશ્ન કરે છે કે યશ મેળવવા તમે આવું કર્યું હોય, તો'ય તમને

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

તો ઘોર અપયશ જ મળવાનો છે. કેમકે ત્યજાયેલી એ હરિણાક્ષી સીતાનું જંગલમાં પછી શું થયું હશે ? રામ પણ એ વાતે સ્પષ્ટ છે કે એકવાર ત્યજાઈ ગયા પછી, સીતા નિશ્ચિતપણે હિંસક પ્રાણીઓ વડે હણાઈ જ ગઈ હશે. (नियतं विलुप्ता ।). રામ સીતાની યાદમાં પ્રલાપ કરે છે, છુટે મોંઢે રડી પડે છે.

આ સંદર્ભે, કવિશ્રી ઉમાશંકર જોશીનો મત જાણવો રસપ્રદ રહેશે : સીતાનો ત્યાગ કર્યા પછી, રામને મન સીતા તો મરી જ ગઈ છે – (नियतं विलुप्ता); અને તેથી કવિ ભવભૂતિ અદ્વૈતભર્યા દાંપત્યજીવનમાં વાર્ધક્ય પણ પ્રેમનો રસ હણી શકતો નથી એવા દર્શન સુધી આપણને, પ્રથમ અંકમાં લઈ આવ્યા છે. પણ એ દાંપત્યજીવનમાં મૃત્યુનો પડદો પડે તો ? શ્રી ઉમાશંકર જોશીના શબ્દો આ પ્રમાણે છે : “ઉત્તરરામચરિતના પહેલા અંક પછીના ભાગમાં કવિ આપણને આ પ્રશ્નના ઉત્તર રૂપે અનુભૂતિ કરાવે છે કે પ્રિયજનનું મૃત્યુ થાય તો પણ પ્રેમ તો અમર રહે છે....(ભવભૂતિએ) એક એવી સૃષ્ટિ આપણી આગળ રજૂ કરી છે કે જેમાં મૃત્યુ પામેલું મનાતું પ્રિયજન પોતે પ્રેમની અમરતાનો સાક્ષાત્કાર કરી શકે અને પ્રેક્ષકવૃંદ તરીકે આપણે પણ તેની દ્વારા (પ્રોક્સીથી) એવો સાક્ષાત્કાર કરી શકીએ છીએ.”[૨] રામ સીતાના વિયોગમાં શોકમગ્ન થઈને ઘણો પ્રલાપ કરે છે અને બીજીવાર મૂર્ચ્છિત થઈ જાય છે.

ચોથું દશ્ય : ફરીથી પણ તમસાની પ્રેરણાથી જ સીતા પોતાના હાથના સ્પર્શથી રામને ભાનમાં આણે છે. સીતાનો હાથ રામના લલાટ ઉપર ફરી રહ્યો છે ત્યારે આનંદાનુભૂતિથી આંખો મીંચેલા રામ બોલી ઊઠે છે કે – સખી વાસન્તી ! ફરીથી જાનકી મળી ગઈ !! આ સામે રહી...! રામ સીતાનો હાથ પકડીને, પરિણયપ્રસંગે (હસ્ત-મેળાપ વખતે) જે કંકણધારી હાથનો સ્પર્શ અનુભવ્યો હતો, તેને યાદ કરે છે. પછી રામ પોતે આનંદાતિરેકમાં જડ બનતી ઇન્દ્રિયોને અનુભવે છે, તેથી વાસન્તીને તે હાથ પકડી રાખવા કહે છે. પણ સીતા હાથ લઈ લે છે. રામને થાય છે કે મોટો પ્રમાદ થઈ ગયો, ક્યાં ગયો એ સીતાનો હાથ ? રામ હવે ઉન્માદ કરે છે : “હે વૈદેહી, તમે અકરુણ છો ? કેમ દેખાતા નથી ? મને ત્યજી દેવો યોગ્ય નથી. વગેરે”.

વાસન્તી રામને સમજાવે છે કે દેવ, અહીં મારી સખી સીતા ક્યાંથી હોય ? તમારી જાતને થોડીક ધીરજમાં રાખો. પણ રામ આ બીજી વખતના સીતાસ્પર્શથી ખરેખર આશંકામાં જ મૂકાઈ જાય છે કે આ સ્વપ્ન હતું કે વાસ્તવ ? શું આ

---

૨. ઉત્તરરામચરિત : અનુ.–ઉમાશંકર જોશી, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, દ્વિતીયવૃત્તિ, ૧૯૫૮, પ્રસ્તાવના, પૃ. ૨૫.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

નિદ્રા હતી ? પણ રામને તો નિદ્રા હોય જ ક્યાંથી ?! આમ રામ સીતાના હોવા વિશે કશો નિર્ણય કરી શકતા નથી; પણ તે કદાચ જીવતી હોઈ શકે એવી પ્રબળ આશંકા તો એમનામાં જન્મે જ છે.

આ દૃશ્ય જોઈને ખરેખર તો એમ જ લાગે છે કે સંસ્કૃત નાટકકારો જ્યારે નાટ્યક્રિયામાં પ્રિયપાત્રનું અવસાન થયું છે એવો કોઈ સંદર્ભ રચાય છે, ત્યારે સ્વપ્ન કે મૂર્ચ્છા, કે છાયાસીતાના સ્પર્શાદિથી 'કદાચ પ્રિયપાત્ર જીવતું હશે' એવી આશંકા, કોઈ પ્રસંગથી પહેલાં જન્માવે છે; અને ત્યાર પછી જ સ્થુળમિલનની ક્રિયા હાથ ધરે છે. કેમકે મરી ગયેલું પાત્ર એકદમ જ સામે આવીને ઊભું રહી જાય તો તે સ્વાભાવિક લાગતું નથી; અને સ્વીકાર્ય પણ બનતું નથી.

રામને થાય છે કે હવે મારે જવું જોઈએ; કેમકે અહીં રહીને વાસન્તીને વધુ દુઃખ પહોંચાડ્યા કરવું તે ઠીક નથી. રામ અયોધ્યા પાછા ફરવા માંગે છે; રામ કહે છે કે "મારે અશ્વમેધયજ્ઞની સહધર્મચારિણી છે...'; અને વચમાં જ સીતા સહસા પૂછી લે છે : "આર્યપુત્ર એ વળી કોણ ?" તો રામ "સોનાની બનાવેલી સીતાની પ્રતિકૃતિ, જેને જોઈને મારી આંખોનું વિનોદન કરું." આ સાંભળીને સીતાનો જીવ હેઠો બેસે છે; તે બોલે છે : आर्यपुत्र इदानीमसि त्वम्। अम्महे, उत्खातम् इदानीं मे परित्यागलज्जाशल्यम् आर्यपुत्रेण ॥ "તો, હવે તમે (મારા) એ પતિદેવ છો ! હાશ, હવે આર્યપુત્રે મારો પરિત્યાગ કર્યાનું મને જે લજ્જાશલ્ય લાગ્યું હતું, તે ઉખાડી કાઢ્યું છે."

રામે સીતાત્યાગ કર્યો, ત્યારે કદાચ પ્રજામાં એવી ગેરસમજ ઊભી થઈ હશે કે રામ પણ અમારી જેમ સીતાને અપવિત્ર માનતા હશે, અને એટલે જ એમણે સીતાનો ત્યાગ કરવાનું પગલું ભર્યું હશે. પણ ૧૨ વર્ષ પછી, રામે જ્યારે અશ્વમેધ યજ્ઞ કરવાનો ઉપક્રમ સ્વીકાર્યો ત્યારે બીજા લગ્ન નહીં કરીને, યજ્ઞક્રિયા કરવા માટે અનિવાર્ય એવી સહધર્મચારિણી પત્ની તરીકે સીતાની જ સોનાની પ્રતિકૃતિ (મૂર્તિ) બનાવડાવીને બાજુમાં–વામ–અંગે–બેસાડી ત્યારે લોકોનો ભ્રમ ભાંગ્યો હશે, કે રામ અમારી (પ્રજાજનોની) જેમ સીતાને અપવિત્ર નહોતા માનતા, એમને મન તો સીતા પવિત્ર જ હતાં. (કેવળ પ્રજાને ખૂશ રાખવા એમણે પોતાના અભિપ્રાયને સંતાડી રાખ્યો હતો.) કોઈ પણ પત્નીને માટે બીજા લોકો એને માટે શું બોલે છે ? એ જાણવા કરતાં, એનો પતિ એને માટે શું માને છે કે શું બોલે છે ? એ જ મહત્ત્વનું હોય છે. સીતાને લાગે છે કે રામના આ પગલા દ્વારા પ્રજાના માનસમાં પોતાની પવિત્રતાને દૃઢતાપૂર્વક પ્રતિષ્ઠિત કરી દેવામાં આવી છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

સીતાના ઉપર્યુક્ત વાક્યને ધ્યાનમાં લઈને, પ્રોફે. એસ. કે. બેલવેલકર અને પ્રોફે. જી. કે. ભટ જેવા ઉચ્ચત્તર કક્ષાના વિદ્વાનોને એવું લાગ્યું છે રામે સીતાનો ત્યાગ કર્યા પછી, સીતાના મનમાં ભારે આઘાત લાગ્યો હતો, અને એટલું જ નહીં, પણ એના વચ્ચે માનસિક ભંગાણ પડ્યું હતું. પણ જ્યારે (ત્રીજા અંકના આ ચોથા દશ્યમાં) સીતાએ સાંભળ્યું કે રામે બીજા લગ્ન નહીં કરીને, પોતાની જ સુવર્ણપ્રતિમા કરાવીને સ્થાપી છે; ત્યારે તે મનોવિચ્છેદ દૂર થાય છે. આમ સીતાના મનનું સમાધાન થતાં તેમની વચ્ચે મનોવૈજ્ઞાનિક પુનઃસંધાન થાય છે. પરંતુ 'ઉત્તરરામચરિત'ના કેન્દ્રવર્તી વિષય તરીકે જો આ વિચારને સ્વીકારીએ તો, સીતાનું સમાધાન અહીં ત્રીજા અંકમાં સિદ્ધ થઈ ગયા પછી, તે પછીના ૪, ૫ અને ૬ અંકની રચના બીનજરૂરી છે એમ કહેવાનું પ્રાપ્ત થાય છે. પરિણામે સાત અંકની કૃતિમાંથી ત્રણ અંકો નાટકના મુખ્ય વિષયની સાથે સંકળાયેલા નથી – એમ કહીએ, તો તે કવિ ભવભૂતિને અન્યાય કરનારું જ વિવેચન બની રહે.

આથી ખરેખર તો ત્રીજા અંકની મુખ્ય નાટ્યક્રિયા "સીતાનું મનઃ સમાધાન કરવું" કે "મૃત્યુ પછીય પ્રેમ મરતો નથી, તે અમર રહે છે" – એનું નિરૂપણ છે એમ માનવા કરતાં નવેસરથી વિચારણા કરવાની જરૂર છે. એટલે કે ત્રીજા અંકમાં જે કરિકલભ, મયૂરાદિનો પ્રસંગ છે; તથા રામની મૂર્ચ્છાઓ અને સીતાના સંજીવનસ્પર્શના જે પ્રસંગો છે – તેને જ ધ્યાનમાં રાખીને અહીં ક્યો કાર્યવેગ જણાય છે ? એનો નિર્ણય કરવો જોઈએ. ત્રીજા અંકના પૂર્વોક્ત પ્રસંગો જોતાં અહીં દ્વિમુખી કાર્ય પ્રવર્તતું લાગે છે : (૧) બાર વર્ષથી સીતા રસાતળમાં જઈને ધરતીમાતા જોડે નિવાસ કરી રહી છે. એને કેવળ પતિવિરહ જ નથી, એને પુત્રવિરહ પણ છે. આથી કવિને મન સીતાના માતૃત્વને પહેલાં જગાડવું, કાર્યાન્વિત કરવું જરૂરી છે. કરિકલભના પ્રસંગે પોતે ઉછેરેલા હાથીને આવડો મોટો થઈ ગયેલો જોઈને, તેના મનમાં વિપરીત લક્ષણાથી પ્રશ્ન ઊઠે છે કે અત્યારે જો આ (હાથી) આવડો મોટો થઈ ગયો છે, તો મારા (કુશ-લવ) દીકરાઓ પણ કેવડા થયા હશે ? – આમ સીતાના મનમાં માતૃત્વ જગાડવું એ એક કાર્ય (action) છે.

બીજી તરફ, પંચવટીના દર્શનથી સીતા-સહવાસ દરમ્યાનના સ્થળને જોઈને તેમની સ્મૃતિ સીતામય બની જાય છે. હવે રામે તો સીતાને 'નિયતં વિલુપ્તા' જ માની લીધેલી છે. તેથી સીતા કદાચ જીવતી હોઈ શકે એવી આશા કે આશંકા તો એમના મનમાં પહેલા જન્માવવી પડે ને ? આથી કવિએ પંચવટીની ભૂમિમાં રામને લાવીને પહેલાં એમની સ્મૃતિને સીતામય બનાવી છે. ત્યારપછી અનેક પ્રસંગે એમને મૂર્ચ્છિત થતાં વર્ણવીને, સીતાના સંજીવની સ્પર્શથી ભાનમાં આણીને "ફરીથી સીતા પ્રાપ્ત થઈ છે" એવો ભ્રમ, એવી આશંકા ઊભી કરી છે. આમ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

જેમણે સીતાને નામશેષ માની લીધી છે તેવા રામના ચિત્તમાં સીતાના સજીવન હોવાનો આશા-સંચાર કરવો તે આ ત્રીજા અંકનું બીજું કાર્ય (action) છે. આમ કેવળ ત્રીજા અંકના સંદર્ભમાં વિચારવાનું હોય તો ઉપર મુજબનું દ્વિમુખી-કાર્ય પ્રવર્તતું જણાય છે.

પણ, જો આ આખી કૃતિના સંદર્ભમાં વિચારવું હોય તો – "શમ્બૂકવધની પુરાકથા (Myth)ના પુનર્નિર્માણ અર્થે આ 'ઉત્તરરામચરિત'ની રચના થઈ છે" એવો આ નાટકનો જે કેન્દ્રવર્તી વિષય આ આવૃત્તિની પ્રસ્તાવનામાં નિરૂપવામાં આવ્યો છે. તે મુજબ આ ત્રીજા અંકમાં, રામે સીતાત્યાગ પછી, ૧૨ વર્ષે અશ્વમેધ યાગના નિમિત્તે સીતાની સુવર્ણપ્રતિમાને પોતાની સહધર્મચારિણી તરીકે સ્થાપી, તે સૂક્ષ્મ અર્થમાં અયોધ્યાવાસીઓના મનમાં પારકાની નિંદાખોરી કરવાની જે શૂદ્રતા વ્યાપી ગઈ હતી, તેનો વધ કરવા સમાન જ ગણાય. હવે પ્રજાજનોને રામનો અંગત અભિપ્રાય જાણ્યા પછી સીતા-વિષયક લોકાપવાદ ફેલાવતાં અટકવું જ પડશે-એવી સ્થિતિનું નિર્માણ થાય છે. આમ જો પ્રજાની એક પ્રકારની શૂદ્રતાનો વધ થાય તો તે પછી જ કુશ-લવને જે અકાળે અંધારામાં હેડસેલાઈ જવાનું દુર્ભાગ્ય સાંપડ્યું હતું તેમાંથી તે નિર્દોષ બાળકોનો પણ 'રામપુત્રો' તરીકે નવો અવતાર – પુનઃસજીવન – થવાનું સૌભાગ્ય સાંપડે. આમ 'શમ્બૂકવધ' (= શૂદ્રતાના વધ) દ્વારા "મૃતપુત્રનું પુનઃસજીવન થવાનું" કાર્ય હવે પછીના ૪, ૫, ૬ અંકોમાં આપણને જોવા મળશે.

o o o

ચોથો અંક : કૌસલ્યાજનકયોગ

આ અંકનું "કૌસલ્યા-જનકયોગ" એવું શીર્ષક જ એમાં નિરૂપાયેલો કાર્યવેગ સૂચવી રહ્યું છે. રામે લોકાપવાદથી પ્રેરાઈને, સીતાનો ત્યાગ કર્યો અને એ રીતે પ્રજાનું આરાધન કરવાનું કુલવ્રત સ્વીકાર્યું. પણ આવા રાજધર્મનું પાલન કરવા જતાં એમના પોતાના જ કુટુંબજીવનમાં એક મોટો વિસંવાદ ઊભો થયો. રામના શ્વસુરપક્ષેથી જનક રાજાને રામનો આ નિર્ણય ભારે દુઃખ પહોંચાડનારો બની રહ્યો. જનકને પોતાની દીકરી ઉપર આવું દુઃખ આવી પડતાં સંસારમાંથી રસ ઉડી ગયો, તેઓ સંન્યાસ લઈને વિવિધ વ્રત અને તપ કરવા લાગ્યા અને છેવટે વાલ્મીકિના આશ્રમમાં મળવા આવ્યા છે. બીજી તરફ, જમાઈ ઋષ્યશૃંગના આશ્રમે ૧૨ વર્ષના યજ્ઞમાં ગયેલી રામમાતાઓ અને વસિષ્ઠ-અરુન્ધતી પણ રામથી વિમુખ થઈ ગયા. ૧૨ વર્ષનો યજ્ઞ પૂરો થઈ ગયા પછી તેઓ પણ અયોધ્યામાં પાછા આવવા માંગતા નથી. કેમકે ત્યાં પુત્રવધૂ સીતા હવે નથી. સૌ રામમાતાઓ પણ વાલ્મીકિના આશ્રમે જ રહેવા જાય છે. આમ વાલ્મીકિના આશ્રમમાં વેવાઈ જનક અને વેવાણ કૌસલ્યાનો 'ભેટો' થાય છે; જે આ ૪થા અંકનો વિષય છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

જથા અંકના આરંભે કવિ ભવભૂતિએ 'મિશ્રવિષ્કંભક' મૂક્યો છે. ત્રીજા અંકમાં આપણે સીતાવિયોગી રામ, અને રામવિયોગિની સીતાના કરુણરસ-સભર દૃશ્યો જોયાં. આથી પ્રેક્ષકોને એ ગાઢ કરુણરસ ભરેલી માનસિક અવસ્થામાંથી થોડીક હળવાશ અપાવવાના આશયથી, કવિએ નિર્દોષ હાસ્યથી ભરેલા એક મિશ્રવિષ્કંભકને જથા અંકના આરંભે મૂકવાની જરૂર લાગી છે. કવિએ રસાન્તર આણવાના હેતુથી પ્રયોજેલા આ મિશ્ર વિષ્કંભકમાં વાલ્મીકિના આશ્રમના 'સૌધાતકિ' અને 'ભાંડાયન' નામના બે બટુ શિષ્યોનો સંવાદ આવેલો છે.

સૌધાતકિ નામનો શિષ્ય સૌથી પહેલાં (પ્રાકૃતમાં) કહે છે કે આજે ભણવામાંથી છુટ્ટી અપાવનારાં ધોળી દાઢી-મૂછોવાળા ઋષિ-મુનિઓનું આશ્રમમાં સ્વાગત હજો ! આ સાંભળી ભાંડાયન નામનો શિષ્ય (સંસ્કૃતમાં) કહે છે કે અલ્યા સૌધાતકિ, તારું વડીલો માટેના બહુમાનનું કારણ કંઈક અપૂર્વ લાગે છે ! પણ સૌધાતકિ થોડીક મજાકમશ્કરી ભરેલો છાત્ર છે, એને વસિષ્ઠ ઋષિના મહિમાની કંઈ ખબર હોય એમ લાગતું નથી. એને તો તે ઋષિ વાઘ કે વરુ હોય એવા લાગે છે ! કારણ કે તેમણે બીચારી કપિલા ગાયનો ભોગ લઈ લીધો (એમને માટે સ્વાગતમાં સમાંસ મધુપર્ક તૈયાર કરવામાં આવ્યો હતો.) પણ ભાંડાયન એને સમજાવે છે કે ધર્મસૂત્રોમાં બતાવેલી વ્યવસ્થા મુજબ આવો સમાંસ મધુપર્ક અતિથિસત્કારમાં આપવો જરૂરી હતો. પણ તોફાની સૌધાતકિ દલીલ દ્વારા ભાંડાયનને પકડમાં લે છે કે વસિષ્ઠને માટે જો ધર્મસૂત્રની આજ્ઞા હતી, તો કાલે રાજર્ષિ જનક આવ્યા ત્યારે તો દહીં અને મધનો જ મધુપર્ક અપાયો – એવો ભેદ કેમ ? ત્યારે ભાંડાયન સાચી સમજણ આપે છે કે જનકે તો માંસાહાર છોડી દીધો છે. જ્યારે પુત્રી સીતા ઉપર દુઃખ આવી પડ્યું છે ત્યારથી તેમણે માંસાહાર પણ છોડ્યો છે અને રાજકાર્ય પણ છોડી દીધું છે અને મુનિવ્રત લઈ લીધું છે. ચન્દ્રદ્વીપ ઉપર જઈને, તે ચાંદ્રાયણાદિ તપ કરવા લાગ્યા છે. આમ ઘણાં વર્ષો સુધી ત્યાં તપ કરીને, આજકાલ વાલ્મીકિને મળવા અહીં પધાર્યા છે.

આમ પ્રેક્ષકોને શરૂઆતમાં તો આ શિષ્યોની વાતચીતથી હાસ્ય મળે છે, પણ અંતે તો, જનકની સ્થિતિ કહેવામાં આવતાં, કૃતિના પ્રધાન રસ કરુણમાં જ પર્યવસાન પામે છે.

પછી ભાંડાયન ઉમેરે છે કે વસિષ્ઠની આજ્ઞા છે કે રામમાતા કૌસલ્યાએ સામે ચાલીને સીતાના પિતા જનકને મળવા જવું. આમ આ 'મિશ્ર વિષ્કંભક'માં 'વૃત્ત' (ભૂતકાળમાં બની ગયેલી ઘટનાઓ) અને 'વર્તિષ્યમાણ' (ભવિષ્યમાં થનારી ઘટના) – એ બન્નેનો ઉલ્લેખ કરી દેવામાં આવ્યો છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

જતાં જતાં, એક તરફ સૌધાતકિ કહે છે કે "ચલો, આપણે બીજા છાત્રોની સાથે મળીને આજે રજાની મજા લૂંટીએ," અને બીજી તરફ, ભાંડાયન કહે છે કે અંદરને અંદર સળગતા જૂનાપુરાણા વટવૃક્ષ જેવા જનક સીતાના શોકથી સળગી રહ્યા છે.

ત્યારપછી, ૪થા અંકની શરૂઆત થાય છે. આ અંકમાં ત્રણ દૃશ્યો આવેલાં છે. જેમકે,

(૧) જનકની એકોક્તિ, જનક-કૌસલ્યાનું મિલન, કૌસલ્યાની મૂર્ચ્છા (શ્લોક ૩ થી ૧૮),

(૨) વૃદ્ધોની મંડળીમાં લવનું આગમન, વાર્તાલાપ, જનકનો ક્રોધ (શ્લોક ૧૯ થી ૨૫) અને

(૩) અશ્વમેધનો અશ્વ અને આશ્રમબટુઓનો સંભ્રમ, તથા ચંદ્રકેતુના સૈન્યનો દર્પ અને લવનો પડકાર (શ્લોક ૨૬ થી ૨૯).

અંકના આરંભે, અંદરને અંદર બળતા જનકની એકોક્તિ આવેલી છે. જનકને જીવન અકારું થઈ પડ્યું છે, મોત પણ આવતું નથી અને આપઘાત પણ કરી શકાતો નથી — એનો એમને અફસોસ છે. દીકરીના દુઃખે ક્યા બાપને જીવનમાં રસ રહે? જનકને થાય છે કે આ પૃથિવી ખરેખર કઠોર હૃદયવાળી છે. કેમકે એની દીકરી સીતા ઉપર આટલું દુઃખ આવી પડ્યું હોય તો તે કેવી રીતે સહન કરી લે?

સામે છેડેથી અરુન્ધતી અને કૌસલ્યા આવી રહ્યાં છે. કૌસલ્યાને આમ તો વસિષ્ઠે આજ્ઞા આપી છે કે જનકને મળવું; પણ રામે સીતાનો ત્યાગ કર્યા પછી, કૌસલ્યા ક્યા મોંઢે વેવાઈ જનકની સામે જાય? ભારે વિમાસણભરી સ્થિતિ છે. જનકની સામે કૌસલ્યા આવીને ઊભી રહે છે. કૌસલ્યા પોતાની સાથે કંચુકી આર્ય ગૃષ્ટિને સાથે લેતી આવી હોય છે. તેથી જનક તે ગૃષ્ટિને પ્રશ્ન કરે છે કે — अपि अनामयम् अस्याः प्रजापालकस्य मातुः ?। "શું પ્રજાપાલક રાજા (રામ)ની માતા ક્ષેમકુશળ તો છે ને?" કૌસલ્યાને લાગે છે કે કશુંય બાકી ના રહે તેમ અમને ઉપલંભ આપી દીધો છે. એટલે ગૃષ્ટિ ભાંગીતૂટી ભાષામાં રામના પગલાંનો ખુલાસો આપવા પ્રયત્ન કરે છે: "નગરજનોએ ચારે તરફ કિંવદન્તી ફેલાવી હતી અને સીતાની અગ્નિપરીક્ષામાં ય એમનો વિશ્વાસ ન હતો, એટલે દેવે (રામે) આવું કઠોર પગલું ભરવું પડ્યું." ગૃષ્ટિનાં આ વાક્યો પૂરાં થતાંની સાથે જનકનો ગુસ્સો ફાટી નીકળે છે. "કોણ છે એ અગ્નિ, કે જે અમારી સંતતિની પરીક્ષા લે?" વગેરે. અરુન્ધતી વચ્ચે પડે છે; અને ગુણો જ પૂજાસ્થાન હોઈ શકે, એનું સ્ત્રીહોવાપણું કે પુરુષહોવાપણું નહીં; અથવા તે ગુણીજન ઉંમરમાં નાનું છે કે

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

મોટું – એ પણ ન જ જોવાય. પણ આ ભારેખમ સ્થિતિ કૌસલ્યાને માટે અસહ્ય બને છે, અને તે મૂર્છિત થઈ જાય છે.

મૂર્છિત થયેલી કૌસલ્યા ક્યાંય સુધી ભાનમાં આવી શકતી નથી, જનકને જ એના ઉપર કમંડળમાંથી પાણી છાંટવું પડે છે. અને પછી જનકનો ગુસ્સો થોડોક ઓછો થાય છે. જનકને પોતાના દશરથ અને કૌસલ્યા સાથેના મૈત્રી-ભર્યા સંબંધો મોડે મોડે યાદ આવે છે.

બીજી તરફ અરુન્ધતી કૌસલ્યાને યાદ કરાવે છે કે ઋષ્યશૃંગે કહ્યું છે કે નસીબમાં જે હતું તે થઈ ગયું; પણ છેવટે તો કલ્યાણ થશે જ. (किं तु कल्याणोदर्कं भविष्यति ।) આવા ઋષિઓની વાણી નિરર્થક થતી નથી. (આમ નાટકની મધ્યમાં પણ કવિએ સુખાંતનું સૂચન કર્યું છે.)

બીજા દશ્યમાં જનક, કૌસલ્યા, અરુન્ધતી, ગૃષ્ટિ વગેરેનું નેપથ્યમાંથી આવતાં બાળકોના કલકલ અવાજ તરફ ધ્યાન જાય છે. કૌસલ્યાનું એ બધાં બાળકોમાંથી એક એવા બાળક તરફ ધ્યાન ખેંચાય છે કે જે રામભદ્રની આકૃતિને મળતો આવતો હતો. અરુન્ધતી પણ કહે છે કે મારો રઘુનંદન જાણે નાનો શિશુ બનીને અમારી સામે આવ્યો છે. જનક તેને ક્ષત્રિય-બ્રહ્મચારી તરીકે ઓળખી લે છે. કૌસલ્યા એ બાળકને ખોળામાં લઈને ફરીથી એ વાત અનુભવે છે કે આનો ચહેરો સીતાના મુખની આકૃતિને મળતો આવે છે. પણ અરુન્ધતી સિવાય બીજા કોઈને એ વાતની ખબર નથી કે આ છોકરો કોનો છે ? સૌને મન તો એમ જ છે કે રામે (સગર્ભા) સીતાનો ત્યાગ કર્યા પછી, સીતાનું શું થયું હશે ? એ કેવી રીતે કહી શકાય ? બધા બાળકને જ પૂછે છે કે તને તારાં માતા કે પિતા કોણ છે, એની ખબર છે ? તો "હું તો ભગવાન્ વાલ્મીકિનો છું" એટલો જ જવાબ મળે છે.

બીજી તરફ, નેપથ્યોક્તિ દ્વારા જાણવા મળે છે કે લક્ષ્મણનો પુત્ર ચંદ્રકેતુ સૈનિકોને લઈને આશ્રમભૂમિમાં પ્રવેશી રહ્યો છે; તે અશ્વમેધ યજ્ઞનો ઘોડો લઈને આવી રહ્યો છે. લવ જનક પાસેથી એ જાણકારી મેળવે છે કે આ ચંદ્રકેતુ કોણ છે ? લવને વાલ્મીકિ પાસેથી રામાયણ-કાવ્ય ભણવા મળ્યું છે, એટલે તે રામાયણકથાનાં બધાં પાત્રોથી પૂરો પરિચિત છે. વળી, જનકને એ રામકથાની અભિજ્ઞતાથી ચકિત કરી દે છે, ત્યારે તેને જનક ચાલાકીથી એવો પ્રશ્ન કરે છે કે – કહે તો દશરથના દીકરાઓને કઈ કઈ પત્નીથી ક્યા ક્યા છોકરાં જન્મ્યા છે ? ત્યારે તે લવ કહે છે કે વાલ્મીકિએ રામકથાનો આ ભાગ લખ્યો છે ખરો, પણ પ્રકાશિત નથી કર્યો. બલ્કે એ ભાગ ગુપ્તતાપૂર્વક લખીને મારા મોટા-ભાઈ કુશની જોડે ભરતમુનિના આશ્રમે હસ્તપ્રત રૂપે મોકલી આપ્યો છે. જનકને આ સાંભળી બધું આશ્ચર્યકારક (आकूततरम्) લાગે છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

[કવિ ભવભૂતિએ ૭મા અંક સુધી સીતા જીવતી છે કે નહીં ? તેના પુત્રો કોણ છે ? ક્યાં છે ? એ બધી વાત ખુલવા દીધી નથી. રહસ્ય અકબંધ રાખવાનું એમનું કૌશલ એમની વસ્તુસંકલનાની સિદ્ધિને કહેનાર છે.]

જનક છેવટે એવો પ્રશ્ન કરે છે કે તો પછી વાલ્મીકિએ રચેલી એ રામકથાનો ક્યો અંતિમ ભાગ તને (લવને) ભણવા મળ્યો છે ? તો લવ ઉત્તર આપે છે કે "પ્રજાજનોના મિથ્યા અપવાદથી ઉદ્વિગ્ન થયેલા રાજા રામે સીતાનો ત્યાગ કર્યો અને લક્ષ્મણ સીતાને અરણ્યમાં એકાકિની છોડીને જતા રહ્યા." ત્યાં સુધીની વાલ્મીકિ–કથા મારા જાણમાં છે. પણ આટલું સાંભળીને પુત્રીવત્સલ પિતા જનકનું ચિત્ત ફરીથી દુ:ખમાં ધકેલાઈ જાય છે. એમનું મન વિચારે ચઢે છે કે લક્ષ્મણના જતા રહ્યા પછી અને હિંસકપશુઓ તને ઘેરી વળ્યા હશે અને તને પ્રસવવેદના ઉપડી હશે ત્યારે હે દીકરી સીતા ! તેં જરૂર મને અનેકવાર યાદ કર્યો હશે." વગેરે.

જનક આવેશમાં આવીને રામની ઉપર ક્રોધ વ્યક્ત કરે છે; શાપથી કે ચાપથી તે રામને 'ઠીક' કરી દેવા ચાહે છે. પણ અરુન્ધતી તેમને શાન્ત પાડે છે.

ત્રીજા દૃશ્યમાં, આશ્રમના અનેક બટુઓ રંગભૂમિ ઉપર દોડી આવે છે. એમણે જીંદગીમાં પહેલીવાર ઘોડો જોયો હોય છે. તેઓ લવને તે જોવા માટે તેડી જવા આવ્યા છે. અલબત્ત, લવ ધીર છે, એણે પશુસમામ્નાયમાં અને સાંગ્રામિક પ્રકરણમાં ઘોડાનું વર્ણન વાંચ્યું છે. તથાપિ એ પેલા છોકરાઓને પૂછ્યું કે એ ઘોડો કેવો છે ? એના ઉત્તરમાં એ બટુઓ ઘોડાનું જે વર્ણન કરે છે, તે સંસ્કૃત સાહિત્યમાં 'સ્વભાવોક્તિ' અલંકારનું એક ઉત્તમ ઉદાહરણ બની રહે છે :–

पश्चात्पुच्छं वहति विपुलं तच्च धुनोत्यजस्रं
दीर्घग्रीवः स भवति खुरास्तस्य चत्वार एव ।
शष्पाण्यत्ति प्रकिरति शकृत् पिण्डकानाम्रमात्रान्
किं व्याख्यातैर्व्रजति स पुनर्दूरमेह्येहि यामः ॥ (४–२६)

બીજા બટુઓ ઘોડો બતાવવા લવને પરાણે ખેંચી જાય છે. સૌ વૃદ્ધો, ખાસ કરીને કૌસલ્યાને એ જાણે છેતરાઈ હોય એવો ભાવ થાય છે. કેમકે લવ રામ-સીતાને એટલો બધો મળતો આવતો હતો, કે કૌસલ્યાને થાય છે કે શું એણે સાચે જ લવને જોયો હતો, કે એ ભૂતકાળનો જ બાલ રઘુનંદન ફરીથી સામે આવ્યો હતો ? – એટલે તેઓ દૂર જતા લવની પાછળ જવા લાગે છે.

બીજી તરફ, ચંદ્રકેતુના સૈન્યની દર્પિલી વાણી સાંભળી લવ ગુસ્સે ભરાય છે. સૈનિકો રામના આ આશ્વમેધિક ઘોડાને રામની 'વીરઘોષણા' રૂપે ઓળખાવે છે, અને રામને "સાતેય લોકમાં એકમાત્ર વીર ક્ષત્રિય" તરીકે જાહેર કરે છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

એટલે લવમાં રહેલી ક્ષત્રિયતા જાગી જાય છે; તેજ તેજને સહન ન કરી શકે – એ ન્યાયે તે રામની યશોપતાકા સમા ઘોડાને આશ્રમના એક ખૂણામાં પૂરી દેવાનો પોતાના દોસ્તોને આદેશ આપે છે ! જો કે સૈન્યની ડરામણીથી બીજા બટુઓ તો ત્યાંથી ભાગી જાય છે; પણ લવ એમની જોડે યુદ્ધે ચઢવા તૈયાર થઈ જાય છે. અહીં ચોથો અંક પૂરો થાય છે.

o o o

આ ચોથા અંકનું 'કાર્ય' (action–કથાવિકાસનો તબક્કો) શું ? એવો પ્રશ્ન પણ અત્રે વિચારણીય છે. તો – ચોથા અંકનું શીર્ષક "કૌસલ્યાજનક–યોગ" પોતે જ સૂચવે છે કે આ અંકમાં સીતાત્યાગથી દુભાયેલા, બલ્કે ગુસ્સે ભરાયેલા જનકની સાથે રામમાતા કૌસલ્યાનો યોગ કરાવવાનો છે. રામના એક કઠોર નિર્ણયથી કુટુંબીજનોમાં અંદરોઅંદર જે વિસંવાદ રચાયો છે, તે પણ સ્વાભાવિક રીતે જ નાટકનો વિષય બનવો જોઈએ. એથી અહીં વેવાઈ અને વેવાણને કવિએ સામે સામે ગોઠવીને, સીતાપુત્ર લવની હાજરીમાં – ત્રીજી પેઢીમાં સમાધાન સાધતાં – દર્શાવ્યા છે ! આ એક પ્રાસંગિક 'કાર્ય' છે.

પણ, જરા ઊંડાણથી વિચારીએ તો "શમ્બૂક-વધની પુરાકથા (Myth)ના પુનર્નિર્માણ રૂપે ઉત્તરરામચરિતની રચના થઈ છે" એમ જો નવું અર્થઘટન પુરસ્કારવાનું હોય તો કહેવું જોઈએ કે ત્રીજા અંકમાં રામે સીતાની સુવર્ણપ્રતિમા સ્થાપીને, પ્રજામાનસમાં વ્યાપેલી શૂદ્રતાનો 'વધ' કર્યો છે; જેના પરિણામે હવે મૃતપુત્રનું – અંધારામાં ડૂબેલા પુત્રોનું – પ્રકટીકરણ થવું જરૂરી છે. આથી જે લવ-કુશના બીજા અંકના આરંભે અને ત્રીજા અંકમાં ૧૨મી વર્ષગાંઠ ઉજવવાના નિમિત્તે માત્ર ઉલ્લેખો થતા રહ્યા છે તેમનું આ ૪થા અંકમાં પ્રત્યક્ષીકરણ કરાવવાનું 'કાર્ય' કવિએ હાથ ધર્યું છે !

બીજું, ત્રીજા અંકના ઘેરા કરુણ પછી રસાન્તર યોજવાનો આશય પણ અહીં ૪થા અંકના આરંભે દેખાય છે, તથા કવિએ ૭મા અંકના ગર્ભાંકની પૂર્વતૈયારી કરી હોય તેમ આ ૪થા અંકમાં જણાવ્યું કે વાલ્મીકિએ સીતાત્યાગ પછીના કાવ્યાંશને લખ્યો છે ખરો, પણ પ્રકાશિત કર્યો નથી; અને વિદ્યાર્થીઓને શીખવ્યો પણ નથી. બલ્કે, લવના મોટાભાઈ કુશની જોડે તેને હસ્તપ્રતના સ્વરૂપમાં, સંગોપિત રીતે ભરતમુનિના આશ્રમમાં (તેનું નાટ્યરૂપાંતર કરાવવા) મોકલી આપ્યો છે.

આમ જનક-કૌસલ્યાનો મનમેળ કરાવવા ઉપરાંત પણ, બીજાં અનેક કાર્યો કવિએ સિદ્ધ કરી લીધાં છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પાંચમો અંક : કુમારવિક્રમ

ચોથા અંકના અનુસંધાનમાં જ, સીધો આ પાંચમો અંક શરૂ થઈ જાય છે. તેથી તેના આરંભે કોઈ 'પ્રવેશક' કે 'વિષ્કંભક' જેવા અર્થોપક્ષેપક (સાંકળિયા)ને મૂકવાની જરૂર પડી નથી. પાંચમા અંકનું સ્થળ વાલ્મીકિના આશ્રમ પાસેની જ ભૂમિ છે, જેમાં ચંદ્રકેતુના સૈન્ય ઉપર લવ એકલે હાથે બાણવૃષ્ટિ કરી રહ્યો છે; અને પોતાનું ક્ષત્રિય તરીકેનું પરાક્રમ બતાવી રહ્યો છે. આથી આ અંકનું નામ "કુમારવિક્રમ" વિચારવામાં આવ્યું છે.

આ પાંચમા અંકમાં નીચે મુજબનાં ત્રણ દશ્યો જોવા મળે છે :– (૧) ચંદ્રકેતુ અને એના સારથિ સુમન્ત્રનો સંવાદ (શ્લોક ૧ થી ૮)

(૨) લવ અને ચંદ્રકેતુનો સંવાદ, પરસ્પર આકર્ષણ.

(૩) રામના પ્રતાપોત્કર્ષને મુદ્દે લવ અને ચંદ્રકેતુ વચ્ચે જીભાજોડી (શ્લોક ૨૯થી ૩૬)

પ્રથમ દશ્યમાં સારથિ સુમન્ત્ર રથમાં બેસેલા ચંદ્રકેતુને લઈને પ્રવેશે છે. અયોધ્યાના સૈન્ય ઉપર કોઈ વીરનો એકાકી બાળક બાણો વરસાવી રહ્યો છે એ જોઈને ચંદ્રકેતુને આશ્ચર્ય થાય છે. એને લાગે છે કે રઘુવંશનો જ કોઈ અજ્ઞાત–અપ્રસિદ્ધ–અંકુર જાણે લડી રહ્યો છે ! સુમન્ત્રને પણ ધ્યાનથી જોતાં લાગે છે કે જે વીરપુત્ર એકલો આખા સૈન્ય સામે લડી રહ્યો છે, તે જાણે બાળ રઘુનંદન જ છે ! ચંદ્રકેતુને એક વાતની શરમ આવે છે કે એક જ બાળક ઉપર એનું આખું લશ્કર તૂટી પડ્યું છે; આ ઠીક નથી.

ચંદ્રકેતુ લવને પડકાર ફેંકે છે કે આ સૈન્યને પડતું મૂક અને મારી જોડે તું લડવા આવ. લવ પણ ચંદ્રકેતુનો પડકાર સાંભળી, એકદમ જ પાછો ફરે છે.

બીજા દશ્યમાં લવ ચંદ્રકેતુ જોડે લડવા સન્નદ્ધ થઈ જાય છે, પણ ભાગી ગયેલું સૈન્ય લવને ચંદ્રકેતુ તરફ વળેલો જોઈ, પાછું આવે છે, તેથી લવને ફરીથી એ સૈન્ય તરફ જવું પડે છે.

લવ ઘડીકમાં ચંદ્રકેતુ તરફ ફરે છે, તો ઘડીકમાં સૈન્ય તરફ... મેઘધનુષ્યના બે છેડા તરફ લડતો લવ ઊભો હોય એવું દશ્ય રચાય છે. પણ લવને લાગે છે કે સૈન્યને વારે વારે ભગાડવા પોતાને પાછા ફરવું પડે છે. એનાથી ચંદ્રકેતુ જોડે લડવામાં વિક્ષેપ પડે છે. તો લાવ, જૃમ્ભાસ્ત્રો વાપરીને ચંદ્રકેતુના સૈન્યને સૂવાડી જ દઉં ! કુમારે (લવે) આ "વિક્રમ" – પરાક્રમ કરી જ નાંખ્યું !!

સુમન્ત્ર વિચારે ચઢે છે કે આ છોકરા પાસે જૃમ્ભકાસ્ત્ર આવ્યાં જ ક્યાંથી ? પણ એમને કશી સમજણ પડતી નથી. કેમકે સીતાને પુત્રો જન્મે તે પહેલાં

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

તો રામે સીતાનો ત્યાગ કરી દીધો હતો એ વાત તે જાણે છે. આમ રહસ્ય અકબંધ રહે છે.

બીજી તરફ, ચંદ્રકેતુ અને લવ પરસ્પરને નીહાળીને એકદમ જ પરસ્પર અનુરાગ અનુભવે છે. લવ બોલી ઊઠે છે : हन्त, मिश्रीकृतो रसक्रमो वर्तते । વીરરસની જગ્યાએ પરસ્પર પ્રેમની અનુભૂતિ થવી તે આશ્ચર્યજનક છે. સુમન્ત્ર સહજ સ્વાભાવિક 'પ્રેમ' કોને કહેવાય ? તેનું શાબ્દિક લક્ષણ રજૂ કરે છે.

ત્રીજા દશ્યમાં સુમન્ત્ર આદિવરાહના આશીર્વાદ આપીને ચંદ્રકેતુને લડવાની મંજૂરી આપે છે. ચંદ્રકેતુ લવને રથારૂઢ થવા કહે છે, પણ લવ પોતાને રથમાં બેસીને લઢવાની આવડત નથી – એમ કહી, રથ લેવાની 'ના' કહે છે. બાકી, ચંદ્રકેતુનો રથ એ પોતાનો જ 'રથ' છે એમ ગણવામાં એને (લવને) વાંધો નથી – એવી સૌજન્યભરી વાણી તે પ્રયોજે છે. આથી સુમન્ત્ર બોલી ઊઠે છે : "તને (લવને) જો રાજા રામ જુવે તો, તારા આ દર્પ અને સૌજન્યભર્યા સંતુલિત વ્યવહારને જોઈને, તે (રામ) ચોક્કસ સ્નેહની વૃષ્ટિ કરે." આથી લવ પણ થોડોક કૂણો બને છે; અને કહે છે કે અમે પણ કંઈ યજ્ઞમાં વિઘ્ન ઊભું કરનારા નથી; પણ તમારા સૈનિકોએ જે રાક્ષસી વાણી વાપરી – રામને એકલાને ક્ષત્રિય, એકલાને 'વીર' જાહેર કર્યા–એનાથી અમને ગુસ્સો ચઢ્યો છે. (એ પછી કવિએ રાક્ષસી વાણી અને સૂનૃતા વાણીના ભેદો કહ્યા છે.)

પણ ચંદ્રકેતુ લવને પૂછે છે કે તને તાતના પ્રતાપને વિશે (મોટા બાપા રામના પ્રતાપને વિશે) પણ આવો અમર્ષ કેમ ? સુમન્ત્ર પણ કહે છે કે જે રામે જામદગ્ન્ય–પરશુરામ–ને દમ્યા છે એ રામનો પ્રતાપ તો સૌને સ્વીકાર્ય હોવો જ જોઈએ ને ? આથી, વળી લવને ફરી ગુસ્સો થઈ આવે છે, તેણે (એક ક્ષત્રિય વ્યક્તિ તરીકે રામાયણનો ધ્યાનથી અભ્યાસ કર્યો છે; અને રામના જીવનમાં કલંક રૂપ ગણાવી શકાય એવા ત્રણ-ચાર પ્રસંગો શોધી રાખ્યા છે.) તે સુમન્ત્રને રામની વીરતા ઉપર પ્રશ્નચિહ્ન લગાવતાં ત્રણ-ચાર પ્રસંગો આગળ ધર્યા :– ૧. પરશુરામ તો ભલે ૨૧ વખત પૃથિવીને 'ન–ક્ષત્રી' કરનારા હોય, પણ અંતે તો એક બ્રાહ્મણ જ હતા. એમનું દમન કરવામાં કંઈ મહાનતા ન ગણાય; ૨. રામે સુન્દની સ્ત્રી–તાટકા–નો વધ કર્યો તો, તે તો સ્ત્રી હતી. તેના વધથી તો રામનો અપયશ જ થવો જોઈએ; ૩. ખર–દૂષણ જોડેના યુદ્ધમાં પણ રામે પીઠ બતાવ્યા વિના (=સામે મોંઢે) ત્રણ ડગલાં પીછેહઠ કરી હતી – તે પણ શરમજનક કહેવાય; અને ૪. ઈન્દ્રપુત્ર–વાલી વાનરને મારવા માટે રામ એક ઝાડ પાછળ સંતાઈને ઊભા હતા તે પણ એક ક્ષત્રિયને માટે શોભાસ્પદ ન ગણાય – એમ લવ કહી દે છે. આવી જીભાજોડીથી હવે ચંદ્રકેતુ અને લવ વચ્ચે યુદ્ધ અનિવાર્ય બની જાય છે. અહીં

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અંક પૂરો થાય છે. પણ લવે જે જૃમ્ભકાસ્ત્રનો પ્રયોગ કરી નાંખ્યો તેનાથી આ અંકનું નામ 'કુમારવિક્રમ' સાર્થક બની રહે છે.

આ પાંચમા અંકનો કાર્યવેગ વિચારીએ તે પહેલાં, આ વિશે અગાઉના વિવેચકોએ શું જોયું છે / કહ્યું છે ? તે પણ જાણવું જોઈએ :

કવિશ્રી ઉમાશંકર જોશીએ લખ્યું છે કે – "ભવભૂતિની બાબતમાં તો એવું બન્યું છે કે ઉત્તરરામચરિતમાં બાહ્ય કાર્ય, ગતિશીલ કાર્ય, લાવવા એ (કવિ) પ્રયત્નશીલ થવા જાય છે ત્યાં એની નાટ્યાત્મકતા નબળી પડે છે. ત્રીજા અંકમાં, આમ જુઓ તો, નથી કાંઈ ખાસ કાર્ય, નથી ગતિ, છતાં કેટલું બધું આંતર (માનસ) કાર્ય છે ! ભમરડો 'ઊંઘે' છે ને અ-ગતિશીલ લાગે છે, પણ એ વખતે જ એ અત્યંત ગતિશીલ હોય છે, એવું કાંઈક ઉત્તરરામચરિતના ત્રીજા અંકના કાર્યની ગતિનું છે. કાર્યના અભાવનો ભાસ કરાવતી આવી વેગભરી આંતર કાર્યગતિના નિરૂપણમાં ભવભૂતિ નિષ્ણાત છે. ઊલટું ચોથા, પાંચમા અને છઠ્ઠા અંકમાં બાહ્ય કાર્યગતિ લાવવા એ પ્રવૃત્ત થાય છે ત્યારે કૃતિની નાટ્યાત્મકતા લૂલી પડી જતી લાગે છે. ચોથા અંકમાં જનક, અરુન્ધતી, કૌસલ્યા આદિ વૃદ્ધજનોના સૌહાર્દનું અને પાવિત્ર્યનું અપૂર્વ આલેખન થયું છે. સ્ત્રીપાત્રોના નિરૂપણની ભવભૂતિની શક્તિનો પણ એમાં પરિચય થાય છે. પાંચમા અંકમાં લવ અને ચંદ્રકેતુ યુદ્ધે ચઢવામાં પણ પરસ્પર જે વિનય અને સ્નેહ દાખવે છે તે આભિજાત્યના આલેખનનો ઉત્કૃષ્ટ નમૂનો છે. આ ઉન્મેષો હૃદ્ય હોવા છતાંય, ચોથા અંકના અંતથી–ઘોડાને જોઈ કલકલ મચાવતા બટુકોના દૃશ્યથી છઠ્ઠા અંકના અંત સુધી "યુદ્ધ ! યુદ્ધ !" – એવી વાતો હોવા છતાં એક જ દૃશ્ય જાણે ત્રણે અંકમાં પથરાયેલું જોઈ શકાય છે. ઉપલક ધાંધલની કમી ન હોય છતાં કાર્યનો વેગ શિથિલ થતો વરતાય છે, "ઊંઘતો" ભમરડો ફરતો દેખાવા માંડે ત્યારે જેમ એની ગતિ ઢીલી પડી હોય છે એમ".[૩]

પરંતુ કવિશ્રી ઉમાશંકર જોશીએ કરેલી આવી ટીકા ગ્રાહ્ય જણાતી નથી કેમકે આ નાટકના પ્રથમ (અને દ્વિતીય) અંકમાં જે જૃમ્ભકાસ્ત્રોનો ઉલ્લેખ કવિએ સહેતુક રીતે કર્યો છે, તે અસ્ત્રો આખી કૃતિની બધી ઘટમાળ પૂરી થઈ જાય ત્યાં સુધી જો વપરાય જ નહીં તો તેવો ઉલ્લેખ વ્યર્થ પૂરવાર થાય. જ્યારે 'નાટક' જેવી સમયબદ્ધકલામાં કશુંય બીનજરૂરી, કેવળ શોભા ખાતર જ હોય એમ ઉલ્લેખી શકાતું જ નથી. આવા સર્વસ્વીકૃત સિદ્ધાન્તને ધ્યાનમાં રાખીને વિચારીએ તો પણ (વાલ્મીકીય રામાયણમાં પણ જે નથી) તે જૃમ્ભકાસ્ત્રો ભવભૂતિએ પોતાની આગવી

૩. ઉત્તરરામચરિત; ઉમાશંકર જોશી, ૧૯૫૮ (પૃ. ૬૭)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

કલ્પનાસૂઝથી અહીં, કૃતિના આરંભે ઉલ્લેખેલાં છે. આ અસ્ત્રોના વપરાશ થકી જ કુશ-લવ "રામના પુત્રો છે." એવી પૈતૃક ઓળખ છતી થવાની છે. આથી, પ્રજામાનસમાં ફેલાયેલી શૂદ્રતાનો ત્રીજા અંકમાં રામે જે વધ કર્યો છે, તે પછી જથા અંકથી એમના પુત્રોએ રંગભૂમિ દેખાવાનું શરૂ કર્યું છે. અજ્ઞાત અંધારામાં – મૃતપ્રાય બનેલાં – સીતા પુત્રોને હવે 'રામના પુત્રો' તરીકે પ્રકટ કરવામાં આ પાંચમો અંક મહત્ત્વનું એક ડગલું આગળ વધ્યો છે. આ 'કાર્ય'ને પાંચમા અંકનું મુખ્ય પ્રયોજન ગણીશું, તો તેમાં "યુદ્ધ...યુદ્ધ"નો ઘોંઘાટ છે એમ કહેવાનું રહેશે નહીં.

છઠ્ઠો અંક : કુમારપ્રત્યભિજ્ઞાન

'ઉત્તરરામચરિત'ના છઠ્ઠા અંકમાં, સ્થૂળ રીતે (રંગભૂમિ ઉપર) રામ અને લવ-કુશની મુલાકાતને રજૂ કરવામાં આવી છે; અને જેનાથી લવ-કુશનું અભિજ્ઞાન ક્રમશઃ આગળ વધતું જાય છે તે મુખ્ય કાર્યવેગ રૂપે જોવા મળે છે. જરા વધારે સ્ફુટ શબ્દોમાં કહીએ તો જેમ ત્રીજા અંકમાં 'મૃત માની લીધેલી સીતા કદાચ જીવતી હશે' એવો રામના મનમાં કવિએ ભ્રમ પેદા કર્યો છે; તેવી રીતે આ છઠ્ઠા અંકમાં કવિએ રામના મનમાં "આ લવ અને કુશ સીતાના જ પુત્રો હશે; બલકે મારા જ પુત્રો છે એવી આશાનો સંચાર કર્યો છે; અને તેને માટેનું ઘટનાચક્ર મૂક્યું છે – એમ જોવાથી તેનો કાર્યવેગ સમજાઈ જશે.

છઠ્ઠા અંકના આરંભે 'મિશ્ર વિષ્કંભક' આવેલો છે; જેમાં આકાશચારી વિદ્યાધર-યુગલ વાલ્મીકિના આશ્રમ પાસેના મેદાનમાં ચાલી રહેલા લવ અને ચંદ્રકેતુના યુદ્ધનું વર્ણન કરે છે. નાટ્યશાસ્ત્રમાં આપેલા નિયમ મુજબ યુદ્ધના કે આગ લાગ્યાનાં દૃશ્યો રંગભૂમિ ઉપર બતાવી શકાતાં નથી. એટલે કવિએ એને 'વિદ્યાધર' નામના અર્ધદૈવી પાત્રો, કે જે આકાશમાં ઉડતાં ફરતાં હોય છે તેવી પુરાકથા શાસ્ત્રીય કલ્પના છે, તેના દ્વારા લવ-ચંદ્રકેતુના યુદ્ધનું વર્ણન પ્રેક્ષકોને સંભળાવ્યું છે.

યુદ્ધમાં પહેલાં ચંદ્રકેતુએ લવની સામે આગ્નેય-અસ્ત્ર ફેંક્યું, જેથી ચો'પાસ અગ્નિની જ્વાળાઓ ફેલાવા લાગી. સામે છેડેથી કુમાર લવે વારુણ-અસ્ત્ર વાપર્યું, તેનાથી ચારે બાજુએથી વાદળો ઘેરાઈ ગયાં અને વરસાદ પડવા માંડ્યો ! તો ચંદ્રકેતુએ વળતા જવાબ રૂપે તરત જ વાયવ્ય-અસ્ત્ર ચલાવ્યું. આનાથી પ્રચંડ વાયુ ફૂંકાવા લાગ્યો અને વરસાદી વાદળો આઘા-પાછાં થવાં લાગ્યાં ! આમ અદ્ભુતરસથી ભરેલાં વર્ણનોની પરંપરા શરૂ થાય છે. એમાં, છેવટે વિદ્યાધર એવી સૂચના આપે છે કે શમ્બૂકનો વધ કરીને, પુષ્પક વિમાન દ્વારા અયોધ્યા પાછા ફરી રહેલા રામ પૃથિવીલોકમાં ચાલી રહેલા રણસંગ્રામને જોઈને નીચે ઉતરી

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

રહ્યા છે. રામના "શાન્ત થાવ" એવા શબ્દને સાંભળીને ચંદ્રકેતુએ પ્રહાર કરવાનું અટકાવી દીધું અને લવ પણ શાન્ત થઈ ગયો. – આમ વિદ્યાધરયુગલની આ વાતચીતમાંથી પ્રેક્ષકોને, છઠ્ઠા અંકના મુખ્ય દશ્ય તરીકે, રામ અને લવની મુલાકાત જોવા તૈયાર થઈ જવાની સૂચના મળી જાય છે.

છઠ્ઠા અંકમાં કુલ ત્રણ દશ્યો જોવા મળે છે :–

(૧) લવ અને ચંદ્રકેતુની સાથે રામની મુલાકાત (શ્લોક ૮ થી ૧૭),

(૨) રામની કુશની સાથે મુલાકાત અને વાતચીત (શ્લોક ૧૮ થી ૩૮) અને

(૩) વસિષ્ઠ, વાલ્મીકિ, રામમાતાઓ અને જનક વગેરેના આગમનની સૂચના આપતી નેપથ્યોક્તિ શ્લોક ૩૯ થી ૪૨).

પ્રથમ દશ્યમાં રામ રંગભૂમિ ઉપર (= જ્યાં લવ અને ચંદ્રકેતુનું યુદ્ધ ચાલતું હતું ત્યાં) આવીને પહેલાં ચંદ્રકેતુને ભેટે છે અને આશીર્વાદ આપે છે. પછી ચંદ્રકેતુ લવનો 'મહાવીર-પ્રકાંડ' તરીકે પરિચય કરાવે છે. રામ લવને જોઈને એને સાક્ષાત્ "ક્ષાત્રધર્મ" રૂપે ઓળખાવે છે. પણ રામનું મન કોઈ અપૂર્વ આકર્ષણ પણ અનુભવે છે. સ્નેહ ઉપજવાને માટે કોઈ બાહ્ય કારણ હોતું નથી. પદાર્થો કે વ્યક્તિઓમાં કોઈક અજ્ઞાત/અનિર્વચનીય હેતુ જ કામ કરતો હોય છે, જે તે બે પદાર્થોને/વ્યક્તિઓને પરસ્પરમાં સીવી દેતો હોય છે. જેમ દૂર ઉગેલા સૂર્યથી પૃથિવીલોક ઉપર કમળ ખીલી ઊઠે છે ! લવ પણ રામના વ્યક્તિત્વથી પ્રભાવિત થાય છે, અને ચંદ્રકેતુ પાસેથી રામની ઓળખ મેળવે છે. જેવું લવ જાણે છે કે આ તો સ્વયં રઘુનાથ જ છે ત્યારે તે તરત જ 'પોતે પ્રાચેતસનો અંતેવાસી લવ પ્રણામ કરે છે' એમ કહીને રામનું અભિવાદન કરે છે. લવ પોતાની ઉપર અકારણ સ્નેહ દર્શાવતા રામને જોઈને, પોતાની બાલિશતા (=રામના સૈન્ય જોડે યુદ્ધે ચઢવાની ક્રિયા) માટે માફી માંગે છે. પણ રામ તો એને "ક્ષત્રિયોનો આ જ તો અલંકાર" છે એમ કહીને સમર્થિત કરે છે.

રામે જેવું સાંભળ્યું કે આ લવે તો કેવળ રામસૈન્ય જોડે યુદ્ધ જ નથી છેડ્યું, પણ જૃમ્ભકાસ્ત્ર વાપરીને, તેને સૂવાડી પણ દીધું છે ! આથી રામ પહેલાં તો તે અસ્ત્રને પાછું ખેંચી લેવા લવને કહે છે. પણ પછી તે વિચારે ચઢે છે કે આ અસ્ત્રો એની (લવની) પાસે કેવી રીતે આવ્યા ? એમાંથી રામને જાણવા મળ્યું કે – "આ બે જણને તે સ્વતઃ પ્રકાશ રૂપે આવી મળ્યાં છે". આથી "બીજા કોને એ પ્રાપ્ત થયાં છે ?" એવો પ્રશ્ન ઉઠ્યો ! અને એમાંથી જાણવા મળ્યું કે લવને એક બીજો (જોડકો) મોટો ભાઈ છે - અને તે બન્નેને જન્મતઃ આ જૃમ્ભકાસ્ત્રો મળેલાં છે !

હવે **બીજા દશ્ય**માં રામ કુશને પણ મળવા પામે છે. કુશ ભરતના આશ્રમેથી પાછો આવી રહ્યો છે, તેણે રસ્તામાં જ જાણ્યું કે પોતાના નાના ભાઈ લવને

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

રામના સૈન્યની સાથે યુદ્ધ કરવું પડ્યું છે. આથી તે ક્રોધે ભરાઈને, લઢવાની ઉતાવળ અને તત્પરતા સાથે ધસમસતો આવી રહ્યો છે. રામ કુશને જોઈને પ્રભાવિત થાય છે અને એને સાક્ષાત્ "વીર રસ" રૂપે ઓળખાવે છે ! પછી લવના કહેવાથી, તે શાંત પડે છે અને રામને (પહેલાં) પોતાના "ધર્મતઃ તાત" રૂપે સ્વીકારે છે. અહીં કુશ પણ રામના વ્યક્તિત્વથી આકર્ષાય છે; અને વિચારે છે કે વાલ્મીકિએ પોતાની કવિવાણી યોગ્ય વ્યક્તિત્વને માટે ખર્ચી છે ! રામ કુશને ભેટીને પણ અપૂર્વ લાગણી અનુભવવા લાગે છે. अंगाद् अंगात् सृत इव निजस्नेहजो देहसारः ...કહે છે. લવ અને કુશ જાણે પોતાના અંગમાંથી નીચોવાયેલ દેહસાર હોય – એવા "પોતાનાં સંતાનો (જેવા)" જ એમને લાગે છે.

રામ હવે આ બીજા દૃશ્યમાં, લવ-કુશને મળ્યા પછી "આ મારા જ સંતાનો હશે" – એ વાતને પામવા માટે એક પછી એક સાત પ્રમાણો શોધી કાઢે છે. જેમકે –

(૧) લવ-કુશને જૃમ્ભકાસ્ત્રો જન્મથી માંડીને સ્વતઃ પ્રકાશિત થયાં છે.

(૨) સામ્રાજ્યસૂચક હાવ-ભાવ (હલન-ચલન) આ બાળકોમાં જોવા મળે છે.

(૩) રૂપ, રંગ, આકાર, દૃષ્ટિ, અવાજ-એ બધી રીતે તેઓમાં રઘુકુમાર તરીકેની છાયા પ્રતિબિંબિત થયેલી છે.

(૪) દાંત, ઓષ્ઠ, સૌભાગ્ય ગુણ વગેરેની દૃષ્ટિએ એમનામાં સીતાની સ્છાયા પ્રતિબિંબિત થયેલી છે.

(૫) લવ-કુશ જે વાલ્મીકિના આશ્રમમાં ઉછરી રહ્યા છે, એ જ આશ્રમ પાસે લક્ષ્મણે સીતાને છોડ્યા હતા.

(૬) સીતાત્યાગની ઘટના બાર વર્ષો પહેલાં બની હતી, અને બીજી તરફ આ બે બાળકોની ઉંમર પણ ૧૨-૧૨ વર્ષની છે.

(૭) સીતાની સગર્ભાવસ્થામાં રામે જાણ્યું હતું કે સીતાનો ગર્ભ બે સંતાનોવાળો છે; અને આ બે (લવ-કુશ) પણ 'જોડકાં' સંતાન છે એમ કહેવામાં આવી રહ્યું છે.

આ સાત પ્રમાણોથી રામના મનમાં આ બે પુત્રો સીતા—રામની જ સંતતિ છે એ વાત ક્રમશઃ ઉઘડતી ગઈ છે. આમ આ છઠ્ઠા અંકના "કુમાર પ્રત્યભિજ્ઞાન" એવા શીર્ષક મુજબનો કાર્યવેગ અહીં બીજા દૃશ્યમાં આકારિત થતો જોવા મળે છે.

રામે સાતેક પ્રમાણોથી "આ બે મારાં જ પુત્રો હશે" એવી ધારણા બાંધવાની શરૂ કરી, પણ રામની મુંઝવણ ઊભી જ છે કે ક્યા ઉપાયે આ બે બાળકોને પૂછવું કે એ કોનાં સંતાન છે ? (એમની માતાનું શું નામ છે ?) રામની આંખમાંથી આંસુ પડી જાય છે. આ સ્થિતિ જોતાં લવ પૂછી બેસે છે કે – રામ,

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

આમ કેમ ? તો કુશ તે લવને વઢે છે કે – "સીતાદેવી વિનાના રઘુપતિને શું દુઃખ ન હોય ? પ્રિયાનો નાશ થતાં તો માણસને માટે આખું જગત્ જંગલ જેવું બની જતું હોય છે.

એ રામ-સીતા વચ્ચેનો કેવો મહાન્ પ્રેમ; અને આ વિયોગ પણ કેવો નિરવધિ છે. તો હે લવ ! તું જાણે 'રામાયણ' ભણ્યો જ ન હોઉં એમ કેમ (રામને એમના રુદનનું કારણ) પૂછે છે ?"

રામ આ વાક્યો સાંભળીને મનમાં ને મનમાં વિચારે છે કે આ બે બાળકોની અંદરોઅંદર વાતચીત તો સાવ તટસ્થ વ્યક્તિઓના જેવી છે. આ બે બાળકોને તો એમની માતા કોણ અને પિતા કોણ ? – એ વિશે કંઈ ખબર હોય લાગતું જ નથી.

વળી, કુશ 'રામાયણ'માંથી બીજા બે–ત્રણ શ્લોકો ગાઈ સંભળાવે છે, એથી પણ રામનો શોક વધુ ઘેરો બની જાય છે; રામ અસહ્ય પરિસ્થિતિમાં મૂકાઈ જાય છે.

ત્રીજું દશ્ય : ત્યાં જ નેપથ્યમાંથી એક ઉક્તિ (શ્લોક – ૩૯) સંભળાય છે; જેમાં જણાવવામાં આવે છે કે વાલ્મીકિના આશ્રમમાંથી વસિષ્ઠ, જનક અને રામમાતા તથા વાલ્મીકિ–એ બધાં જ વડીલો લવ અને ચંદ્રકેતુ વચ્ચે યુદ્ધ થયું છે એમ સાંભળીને, ગભરાઈ ગયાં છે અને બાળકોને શાંત પાડવા આ તરફ જ આવી રહ્યા છે.

આ સૂચના સાંભળીને, રામ ફરીથી વિષમ પરિસ્થિતિનો અનુભવ કરવા લાગે છે. એમાંય સીતાના પિતા જનક – સસરાજી – પણ આવી રહ્યા છે (અને એ બધાં અહીં જ છે અને એકસાથે રામ તરફ આવી રહ્યા છે) એમ સાંભળીને રામ વિમાસણમાં મૂકાય છે કે આ બધાને કેવી રીતે મળાશે ? પણ રામ પોતાની જાતને જ ઉપાલંભ આપતાં એમ પણ બોલે છે કે – "અથવા રામને માટે શું દુષ્કર છે ?!" અહીં છઠ્ઠો અંક પૂરો થાય છે.

આ અંકમાં "કુશ-લવની ઓળખ" – રામપુત્રો તરીકેની ઓળખ – ક્રમશઃ આગળ વધે છે; જે આ અંકનું પ્રધાનકાર્ય છે. પણ ખાસ નોંધપાત્ર મુદ્દો એ છે કે રામ શમ્બૂકનો વધ કર્યા પછી, અયોધ્યા પાછા ફરી રહ્યા છે ત્યારે જ રસ્તામાં તેમણે વાલ્મીકિના આશ્રમ પાસેના મેદાનમાં લવ અને ચંદ્રકેતુનું યુદ્ધ જોઈને, ત્યાં વિમાન નીચે ઉતાર્યું છે – અને તે જગ્યાએ જ તેમને તેમનાં સંતાનો મળી રહ્યા છે. આમ એક તરફ 'શમ્બૂકવધ' (શૂદ્રત્વનો વધ) અને બીજી તરફ મૃતપ્રાયઃ = અજ્ઞાતસ્થિતિમાં ધકેલાઈ ગયેલાં એમનાં પોતાનાં જ સંતાનો જાણે 'સજીવન' થઈને એમની સામે અહીં (અયોધ્યા પાછા ફરતી વખતે રસ્તામાં જ) છઠ્ઠા અંકમાં આવી રહ્યા છે !

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

સાતમો અંક : સમ્મેલન અંક

આ સાતમા અંકનું શીર્ષક સૂચવે છે તે મુજબ પ્રથમ અંકમાં ક્રમશઃ જે કુટુંબીજનો; અને છેલ્લે રામ-સીતા છુટાં પડ્યાં હતાં – તે બધાં જ પાત્રો કૃતિના અંતે ફરીથી ભેગાં મળે છે, તે કુટુંબસંમેલન રૂપી 'કાર્ય' અહીં થાય છે. નાટ્યશાસ્ત્રીય શબ્દોમાં કહીએ તો અહીં 'નિર્વહણ-સન્ધિ" જોવા મળે છે.

સાતમો અંક સ્પષ્ટપણે બે ભાગમાં વહેંચાઈ જાય છે : (૧) શરૂઆતમાં, કવિએ 'ગર્ભાંક'ની [નાટકમાં નાટકની] યોજના કરી છે, તથા (૨) બીજા દશ્ય તરીકે સીતા અને કુશ-લવનું રામની સાથે મિલન; તથા અયોધ્યાના પ્રજાજનોના મનનું સમાધાન અને વાલ્મીકિના આશીર્વાદ સાથે નાટકની સમાપ્તિ.

૭મા અંકના આરંભે પહેલા દશ્ય તરીકે જે 'ગર્ભાંક' (play within play)ની યોજના છે, તે ભવભૂતિની નાટ્યકાર તરીકેની અત્યંત પ્રશંસનીય એવી આગવી સિદ્ધિ લેખાય છે. કેમકે 'ઇડીપસ' જેવા ગ્રીક ટ્રેજેડી નાટકોમાં વર્તમાન-સ્થિતિનું જે કારણ હોય તે ક્યાંક, કોઈક ભૂતકાળની ઘટનામાં રહેલું છે એમ બતાવવા, તે ભૂતકાલિક પ્રસંગને જે 'ફ્લેશબેક' (પશ્ચાદ્ ઝબકાર)ની પ્રયુક્તિ વાપરીને બતાવવામાં આવે છે તેવી પ્રયુક્તિ તરીકે ભવભૂતિએ અહીં 'ગર્ભાંક'ને મૂક્યો છે. રામના આદેશથી (પહેલા અંકના અંતે) લક્ષ્મણે સીતાજીને રથમાં લઈ જઈને દૂર ગંગાના કિનારે અરણ્યમાં ત્યજી દીધા. તે પછી સીતાનું શું થયું ? એમને પ્રસવકાળ નજીક હતો, તો એમણે કોને જન્મ આપ્યો ? અથવા તે બાળકોને જન્મ આપે એ પહેલાં જ શું એમને હિંસક પ્રાણીઓએ ફાડી ખાધા હતાં ? કે પછી એમણે પોતે આપઘાત કરી લીધો હતો ?– આવા બધા અનેક વિકલ્પો ભરેલા પ્રશ્નાર્થો ઊભા થયા હતા. જેમાંના એકેય પ્રશ્નનો જવાબ રામ, લક્ષ્મણ, જનક કે કૌસલ્યા જેવા કુટુંબીજનો પાસે ન હતો. એટલે કે પહેલા અને બીજા અંકની વચ્ચે જે બાર વર્ષો વીતી ગયાં છે – એવી જે યોજના સાથે નાટક આગળ વધ્યું છે, તે બાર વર્ષ પહેલાં લક્ષ્મણે સીતાજીને રથમાંથી ઉતારીને એકલાં છોડી દીધાં – એ પછી શું શું બન્યું હતું ? તે હવે છેક સાતમા અંકના આરંભે કવિ 'ગર્ભાંક' દ્વારા બતાવવા માંગે છે. આમ ભૂતકાલિક ઘટનાચક્રને 'ફ્લેશબેક'થી ગર્ભાંક દ્વારા રામ, જનક, કૌસલ્યા અને કુશ-લવને બતાવવામાં આવે છે; અને એમને બતાવવાના નિમિત્તે આપણને-પ્રેક્ષકોને-બતાવવામાં આવે છે ! વસ્તુગૂંથણીની આ અપૂર્વ નવીનતા એ ભવભૂતિની નાટ્યકાર તરીકેની આગવી સિદ્ધિ છે.

હવે, આપણે તે 'ગર્ભાંક'ના દશ્યનો પરિચય કરીએ–

છઠ્ઠા અંકના અંતે આપણે જોયું હતું કે શમ્બૂક-વધ કરીને આકાશમાર્ગે પાછા ફરી રહેલા રામે રસ્તામાં જ ચંદ્રકેતુ – અને લવની વચ્ચે યુદ્ધ ચાલતું જોઈને, પોતાનું

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

વિમાન તે રણસંગ્રામની વચ્ચે ઊતાર્યું અને યુદ્ધ અટકાવ્યું હતું. એ પછી રામ ત્યાં વાલ્મીકિના આશ્રમમાં જ રોકાઈ ગયા છે. ૭મા અંકના આરંભે લક્ષ્મણની ઉક્તિ આવે છે : "ભગવાન્ વાલ્મીકિએ બધા બ્રાહ્મણો, ક્ષત્રિયો સહિત સૌ અયોધ્યાવાસીઓને અને દેવાસુર, તિર્યગ્-સર્પાદિ સહિતનો સચરાચર ભૂતગ્રામ પોતાના પ્રભાવથી આજે ગંગાના કિનારે પોતાના આશ્રમ પાસે – તેડાવ્યો છે ! એ બધા પૌરજાનપદોની સમક્ષ વાલ્મીકિ પોતાની કોઈક નાટ્યકૃતિ અપ્સરાઓ (નટમંડળી) પાસે ભજવી બતાવવા માંગે છે. આ પ્રસંગે સૌ પ્રેક્ષકોને બેસવાની વ્યવસ્થા કરી આપવાની જવાબદારી મને (લક્ષ્મણને) સોંપવામાં આવી છે." રામ લક્ષ્મણને પૂછે છે કે સૌ રંગપ્રાશ્નિકો (રંગપ્રેક્ષકો)એ પોતપોતાની જગ્યા લઈ લીધી ? લક્ષ્મણ કહે છે : હા. વળી, રામના કુશ-લવ તરફના અકારણ સ્નેહને જોઈને, લક્ષ્મણે ચંદ્રકેતુની બરોબરીમાં જ કુશ-લવનાં પણ આસનો નક્કી કર્યાં છે. પછી રામ બિરાજે છે, અને ગર્ભાંક ભજવવાની શરૂ કરવાની આજ્ઞા કરે છે :–

સૂત્રધાર રંગભૂમિ ઉપર આવીને કહે છે કે ભૂતાર્થવાદી (= જે બન્યું હોય તે જ કહેનારા) ભગવાન્ પ્રાચેતસ્ સ્થાવર-જંગમ જગત્ ને જણાવે છે કે અમે આર્ષચક્ષુથી જે કરુણ અને અદ્ભુત રસવાળી ઘટના જોઈ છે, તે કથાવસ્તુ તરીકે (નાટ્યરૂપે) ગૂંથી છે અને તે તમારી સમક્ષ રજૂ કરવામાં આવે છે. [નાટક જોવા બેઠેલા રામ, બાજુમાં જ બેઠેલા લક્ષ્મણને કાનમાં કહે છે કે વાલ્મીકિ જેવા ઋષિઓ તો 'સાક્ષાત્કૃતધર્મા' હોય છે, અને તેમની વાણી 'ઋતંભરા' હોય છે. ઋષિઓનાં જ્ઞાન-પ્રજ્ઞાન તો રજોગુણની બહાર નીકળી ગયાં હોય છે, તેથી તે ક્યારેય ખોટાં હોતાં નથી.] સૂત્રધારનું વાક્ય પૂરૂં થાય ત્યાં સુધીમાં તો નેપથ્યમાંથી જ એક સ્ત્રીનો અવાજ આવે છે : "હા, આર્યપુત્ર ! હા લક્ષ્મણ ! મને એકલીને અરણ્યમાં આ હિંસક પ્રાણીઓ ખાવા ઈચ્છી રહ્યા છે, હું આસન્ન – પ્રસવવેદનાવાળી અશરણ એવી હતાશ બની ગઈ છું...તો હવે મંદભાગિની એવી હું ગંગા નદીમાં જ ઝંપલાવું છું...." આ શબ્દો સીતાના છે – એમ સમજાતાં લક્ષ્મણ છળી ઊઠે છે. રંગભૂમિ ઉપર ઊભેલો સૂત્રધાર પ્રસ્તુત ગર્ભાંકની 'પ્રસ્તાવના' પૂરી કરતાં બોલે છે :-

विश्वम्भरात्मजा देवी, राज्ञा त्यक्ता महावने ।
प्राप्तप्रसवमात्मानं गङ्गादेव्यां विमुञ्चति ॥ (૭-૨)

"રાજા (રામ) વડે ત્યજાયેલી પૃથિવીની દીકરી (સીતા), કે જેને પ્રસવપીડા થઈ રહી છે, તે ગંગા નદીમાં પોતાની જાતને ફેંકી રહી છે."

આ સાંભળતાંની સાથે જ, રામ નાટક જોવામાં 'તદ્રુપ' થઈ જાય છે – એને વાસ્તવ માની બેસે છે – અને "દેવી ! દેવી ! ઘડીક થોભો.." એમ બોલી

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ઊઠે છે. ત્યારે લક્ષ્મણને યાદ કરાવવું પડે છે કે – आर्य ! नाटकम् इदम् । "વડીલ, આ તો નાટક છે !"

બીજી તરફ, (ગર્ભાંકની રંગભૂમિ ઉપર) બે બાળકો લઈને સાક્ષાત્ પૃથિવીદેવી અને ગંગાનદી સ્ત્રીવેશમાં ઉપસ્થિત થાય છે. એમણે, સીતાએ ગંગાના જળપ્રવાહમાં જે જોડકાં બાળકોને જન્મ આપ્યો હતો, તેમને લઈને તે આવી હતી. સીતાને ચિંતા થાય છે કે મારાં બે બાળકોના ક્ષત્રિયોચિત સંસ્કાર કોણ કરશે ? ત્યારે ભાગીરથી ગંગા નદી એ જે વ્યવસ્થા વિચારી હતી, તે કહે છે : આ બાળકો સ્તનપાન છોડે ત્યાં સુધી સીતાએ ઉછેરવા, અને તે પછી એમને વાલ્મીકિના આશ્રમમાં સોંપી દેવામાં આવશે. ત્યાર પછી વાલ્મીકિ તેમના સંસ્કાર કરશે અને વિદ્યાગ્રહણ કરાવશે. આ ક્ષણે જૃમ્ભકાસ્ત્રો આકાશમાંથી ઉતરી આવે છે, અને તેઓ પોતે રામની આજ્ઞાથી, સીતાના પુત્રોની સેવામાં ઉપસ્થિત થયા છે – એમ જાહેર કરે છે. બાળકો વાલ્મીકિને સોંપ્યા પછી સીતા રસાતળમાં માતા પૃથિવીના ખોળામાં અજ્ઞાત સ્થળે – પોતાનું જીવન જીવે – એવી વ્યવસ્થા નક્કી થાય છે.

આમ, ૧૨ વર્ષો પૂર્વે સીતાત્યાગ પછી ભૂતકાળમાં શું બન્યું હતું ? તે બધું કવિએ ગર્ભાંકના માધ્યમથી ગર્ભાંકના પ્રેક્ષક બનાવીને રામને બતાવ્યું છે; અને એમના નિમિત્તે આપણને (પ્રેક્ષકોને) પણ બતાવ્યું છે. આથી આખી વાત સ્પષ્ટપણે જાહેર થઈ જાય છે કે સીતાને જે જોડકાં બાળકો જન્મ્યા હતા, અને જે વાલ્મીકિના આશ્રમમાં અત્યારે ઉછરી રહ્યા છે તે સીતાના જ પુત્રો છે; તથા એમને જન્મજાત જૃમ્ભકાસ્ત્રો સિદ્ધ છે એથી એવું પણ નક્કી થઈ જાય છે કે આ બે કુશ-લવ "રામ-પુત્રો" જ છે. આમ એમની પૈતૃક-ઓળખ પણ હવે જગજાહેર થઈ જાય છે. પણ સીતા પૃથિવી(રસાતળ)માં રહેવા જતી રહી-એમ જોતાં જ પ્રેક્ષક બનેલા રામ તો મૂર્ચ્છિત થઈ જાય છે અને લક્ષ્મણથી બૂમ પડી જાય છે કે – ભગવાન્ વાલ્મીકિ ! આ છે તમારા (રામાયણ) કાવ્યનો અર્થ ? [અર્થાત્ આવું કરુણાંતવાળું તમારું કાવ્ય છે ?] બસ ત્યાં જ ગર્ભાંક પૂરો થઈ જાય છે.

ગર્ભાંકના દૃશ્યને ભજવવા જે સંગીતનાં સાધનો વગેરે રંગભૂમિ ઉપર હાજર કર્યાં હતાં, તે બધાને દૂર કરી દેવામાં આવે છે. તથા તરત જ બીજું દૃશ્ય શરૂ થઈ જાય છે. જેમાં વસિષ્ઠ, અરુન્ધતી, વાલ્મીકિ, ગંગા અને પૃથિવી (સાચી) સીતાને લઈને હવે (ફરીથી) રંગભૂમિ ઉપર આવે છે. અરુન્ધતી જ હવે સીતાને આદેશ કરે છે કે શાલીનતાને છોડીને, મારા દીકરા રામને તારા હસ્તસ્પર્શથી ફરીથી ભાનમાં આણ. રામ સંજીવની સમા સીતાસ્પર્શથી ભાનમાં આવે છે !

આ પછી ત્રણ વાત બને છે : (૧) દેવી ભાગીરથી (ગંગા નદી) રામને યાદ અપાવે છે કે [પ્રથમ અંકમાં] ચિત્રદર્શન–પ્રસંગે રામે પુત્રવધૂ સીતાનું ધ્યાન

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

રાખવાનું કહ્યું હતું. તો સીતાએ આત્મઘાત માટે ગંગા નદીમાં પડતું મૂકીને મરવા પ્રયાસ કર્યો, પણ ગંગાએ સીતાને બચાવી લીધી, અને એના બે બાળકોને પણ સાચવી લીધાં. આમ ભાગીરથી ઋણમુક્ત થાય છે એમ જાહેર થાય છે.

(૨) પ્રથમ અંકના અંતે સૂતેલી સીતાને છોડીને રામે જતાં જતાં પૃથિવીમાતાને વિનંતી કરી હતી કે – "હે ભગવતી વસુન્ધરા ! તમે તમારી દીકરી જાનકીનું રક્ષણ કરજો." તો બાર વર્ષ સુધી રસાતળમાં સીતાને સાચવી રાખવાનું કામ પૃથિવીમાતાએ પણ પૂરૂં કર્યું અને આજે તે સીતાને તેઓ રામને પાછી સોંપી રહ્યા છે. તેથી, તે રીતે પૃથિવી પણ ઋણમુક્ત થાય છે, કૃતકૃત્ય થાય છે.

(૩) જે પ્રજાજનોએ સીતા-વિષયક અપવાદ ફેલાવીને, રામને સીતાનો ત્યાગ કરવા મજબૂર કર્યા હતા, તે પ્રજાજનોનું મનઃસમાધાન કરાવવાનું છેલ્લું એક કાર્ય હવે બાકી હતું; એને માટે અરુન્ધતી બોલે છે :

"હે પૌરજાનપદો ! આ સીતા દેવી, કે જેના ચારિત્ર્યની પૃથિવી અને ભાગીરથીએ પણ પ્રશંસા કરી છે, વળી પૂર્વે અગ્નિએ પણ જેની પરીક્ષા લીધેલી છે, દેવોએ જેની સંસ્તુતિ કરી છે તે દેવયજનસંભવા સીતાદેવીના સ્વીકાર વિશે તમારો શો અભિપ્રાય છે?"

લક્ષ્મણ ઊભો થઈને કહે છે કે સૌ નગરજનો શરમીંદા બનીને, નતમસ્તકે ઊભા છે; અને આર્યાને નમસ્કાર કરી રહ્યા છે !– આ જ દર્શાવે છે કે એમના મનનું સમાધાન થઈ ગયું છે. આથી અરુન્ધતી રામને કહે છે કે હવે તમે અશ્વમેધ યજ્ઞમાં તમારી સહધર્મચારિણી તરીકે જે સીતાની સુવર્ણની પ્રતિમા સ્થાપી છે, તે 'પ્રતિકૃતિ'ની જગ્યાએ, મૂળ 'પ્રકૃતિ'ને જ (=સાચી આ સીતાને જ) સ્થાપો ! સીતાને લાગે છે કે प्रत्युज्जीवितास्मि । "હું ફરીથી જીવતી થઈ છું." વાલ્મીકિ સીતા–રામને એમના બે દીકરા સોંપે છે. બાર વર્ષે મા-બાપને એમનાં સંતાનો મળ્યાં અને સંતાનોને બાર વર્ષે ખબર પડી કે એમની માતા કોણ છે અને પિતા કોણ છે. હવે તેઓ કેવળ વાલ્મીકિના અંતેવાસી નથી રહેતા, તેઓ હવે રામ-સીતાનાં સંતાનો બને છે; (આ તેમનું "દ્વિજત્વ" છે !) બીજી તરફથી, રામને એમની માતા કૌસલ્યા મળે છે, તથા પિતા જનકને એમની દીકરી સીતા મળે છે. – આમ સર્વથા "સંમેલન" સધાય છે.

આ નિર્વહણ-સન્ધિમાં, કવિએ પ્રથમ અંકમાં છેડેલો એક કથાતંતુ અહીં સાંધવાનો બાકી રહી જાય છે; તે છે લવણાસુરને મારવા રામે શત્રુઘ્નને મોકલ્યો હતો. તે હવે ૧૨ વર્ષે લવણાસુરને મારીને, ત્યાં મથુરા/મધુરા નગરી નવી સ્થાપીને અયોધ્યા પાછા ફરતાં, રસ્તામાં પહેલાં વાલ્મીકિના આશ્રમમાં આવે છે અને સૌને વિજયના–ખૂશીના સમાચાર આપે છે. આમ રામ-સીતાનું જીવન સર્વથા

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri

નિષ્કંટક બન્યું, જાણે એક સમગ્ર આવર્તન પૂરું થાય છે; અને નાટ્યકૃતિ બલ્કે કવિ ભવભૂતિએ રચેલી નાટ્યસૃષ્ટિ સુખમય વાતાવરણમાં પરિણત થાય છે; પરિપૂર્ણ થાય છે.

છેલ્લે વાલ્મીકિ રામને પૂછે છે કે બોલો, તમારું શું પ્રિય કરું ? ત્યારે રામ નીચેનું "ભરતવાક્ય" ઉચ્ચારે છે :–

पाप्मभ्यश्च पुनाति वर्धयति च श्रेयांसि सेयं कथा
मङ्गल्या च मनोहरा च जगतो मातेव गङ्गेव च ।
ताम् एतां परिभावयन्त्वभिनयैर्विन्यस्तरूपां बुधाः
शब्दब्रह्मविदः कवेः परिणतां प्राज्ञस्य वाणीमिमाम् ॥ (૭-૨૦)

"આ (રામની) કથા તો પાપોમાંથી પવિત્ર કરે છે; અને કલ્યાણોને વધારે છે. વળી તે, જગત્-ને માટે માતા સ્વરૂપ તથા ગંગા જેવી મંગલકારિણી અને મનોહારિણી પણ છે.

શબ્દબ્રહ્મને જાણનારા (વાલ્મીકિ) કવિની **તે** (કરુણાંત) વાણીની બુધજનો ઉપેક્ષા કરે; અને પરિણત પ્રજ્ઞાવાળા કવિ (ભવભૂતિ)ની **આ** (સુખાંત એવી) વાણી, કે જે અભિનયો વડે (નાટ્યદેહ) નવા સ્વરૂપમાં ગૂંથેલી છે તેનું બુધજનો બધી રીતે પર્યાલોચન કરે."

o o o

'ઉત્તરરામચરિત'ના અંકોની ગૂંથણી :

મહાકવિ ભવભૂતિએ 'ઉત્તરરામચરિત' નાટકની રચના સાત અંકોમાં કરી છે. આ અંકોમાં બનેલી ઘટનાઓનો પરિચય અને તે દરેક અંકના 'કાર્યવેગ'ની ચર્ચા આપણે ઉપર જોઈ. હવે 'વિહંગદૃષ્ટિ'એ આ સાતેય અંકની ગૂંથણી જોઈએ તો, તે નીચે મુજબની જોવા મળે છે :–

'ઉત્તરરામચરિત' શીર્ષક દર્શાવે છે તેમ આ નાટકમાં રામના ઉત્તરજીવનની ઘટનાઓને ગૂંથવામાં આવી છે. રામે રાવણનો વધ કર્યો અને સીતાને લઈને અયોધ્યા પાછા ફર્યા પછી તેમનો રાજ્યાભિષેક થયો. રામના જીવનનું આ પૂર્વ-વૃત્તાન્ત કે ઘટનાચક્ર ગણાય છે, તથા એમનું ઉત્તરજીવન એટલે ૧. લોકાપવાદથી રામે કરેલો સીતાનો ત્યાગ, ૨. લવણાસુરનો ત્રાસ ડામવા શત્રુઘ્નને મોકલવો, ૩. અશ્વમેધ યજ્ઞ કરવો, ૪. શમ્બૂક નામના શૂદ્ર તાપસનો વધ કરવો અને ૫. સીતાનું, લવ-કુશને જન્મ આપ્યા પછી, પૃથિવીમાં સમાઈ જવું. – વાલ્મીકિએ 'રામાયણ'ના ઉત્તરકાંડમાં આ મુજબની ઘટનાઓને રામના ઉત્તરજીવન તરીકે મૂકી છે. જ્યારે કવિ ભવભૂતિએ સીતાની પૃથિવીમાં સમાઈ જવાની ક્રિયાનો સ્વીકાર

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

કર્યો નથી; અને એના બદલે રામ–સીતાનો કાયમી મેળાપ વર્ણવ્યો છે. પરંતુ આ સિવાયની ઉપર્યુક્ત બધી વિગતો એમણે સ્વીકારી છે; અને નાટકની જરૂરિયાત મુજબ એને પોતાના ક્રમે નવેસરથી ગોઠવી છે; ઉપયોગમાં લીધી છે.

વાલ્મીકિકૃત 'રામાયણ'માં રામના ઉત્તરજીવનની જે ઘટનાઓ વર્ણવેલી છે, તેમાંથી બે ઘટનાઓ જેવી કે, ૧. સીતાત્યાગ અને ૨. શમ્બૂકવધ – તેને લઈને ભવભૂતિએ 'ઉત્તરરામચરિત'ની પોતાની આગવી નાટ્યસૃષ્ટિનું નિર્માણ કર્યું છે. આ નાટકના કુલ સાત અંકોમાંથી પહેલા બે અંકોમાં રામના ઉત્તરજીવનની, કવિને પોતાને વધુ મહત્ત્વની લાગેલી, બે ઘટનાઓને અનુક્રમે રજૂ કરી છે. જેમકે, પ્રથમ અંકમાં લોકાપવાદથી રામે કરેલો સીતા-ત્યાગ; અને બીજા અંકમાં પોતાની પ્રજાને કોઈપણ દુઃખમાંથી બહાર કાઢવાના આશયથી-પ્રજારાધનના સંકલ્પથી પ્રેરાઈને – તેમણે કરેલો શૂદ્ર શમ્બૂકનો વધ. અલબત્ત, અહીં ભૂલ્યા વિના એ વાતની નોંધ લઈ લેવી જોઈએ કે રામના ઉત્તરજીવનની, કવિને મહત્ત્વની લાગેલી, આ બે ઘટનાઓની વચ્ચે કુલ બાર વર્ષનો સમયગાળો પસાર થઈ ગયો છે. આથી કવિએ પણ પહેલા અંક અને બીજા અંકની વચ્ચે, બાર વર્ષનો અંતરાલ પડેલો છે એવી ગોઠવણ કરી છે. જો કે આ બાર વર્ષોના સમયગાળા દરમ્યાન રામના જીવનમાં બીજું કશું જ બન્યું નથી, એવું પણ નથી. ભવભૂતિએ બીજા અંકની પહેલા મૂકેલા મિશ્રવિષ્કંભકમાં આપણને વાસન્તી અને આત્રેયીના સંવાદથી કહ્યું જ છે કે રામે અશ્વમેધ યજ્ઞ શરૂ કરાવ્યો છે; અને પોતાના વામાંગે સહધર્મચારિણી રૂપે (સીતાની ગેરહાજરીમાં) સીતાની સુવર્ણમયી પ્રતિકૃતિ બનાવડાવીને સ્થાપી છે. આમ, પહેલા બે અંકોમાં, ભવભૂતિએ રામના ઉત્તરજીવનની બે પ્રમુખ ઘટનાઓ-૧. સીતાત્યાગ અને ૨. શમ્બૂકવધ પ્રસંગ–ને ક્રમશઃ મૂકેલ છે. આ બે અંક તે જાણે આ નાટ્યકૃતિનો પૂર્વાર્ધ છે.

નાટકના ઉત્તરાર્ધ તરીકે ત્રીજાથી છઠ્ઠા અંકોની સૃષ્ટિ આવેલી છે. જેમાં, રામના ઉત્તરજીવનની પૂર્વોક્ત બે ઘટનાઓનાં પરિણામોને મૂર્તિમંત થતાં આકારિત કરવામાં આવ્યાં છે. અને, છેલ્લો સાતમો અંક 'નિર્વહણસન્ધિ'ને માટે રોકાયો છે. પણ એમાં કેવળ નિર્વહણસન્ધિ જ છે, એમ કહેવા કરતાં, પહેલા અને બીજા અંક વચ્ચે જે બાર વર્ષોનો અંતરાલ વિચારવામાં આવ્યો છે, તે ભૂતકાળમાં બનેલી, ઘટનાઓને 'ગર્ભાંક'ના માધ્યમથી રજૂ કર્યા પછી, 'નિર્વહણસન્ધિ'ને મૂકવામાં આવી છે એમ કહેવું વધુ યથાર્થ ગણાશે. આ રીતે પહેલા અને બીજા અંકની વચ્ચે જેમ જે બાર વર્ષનો અંતરાલ ગોઠવ્યો છે, તેમ છઠ્ઠા અને સાતમા અંકની વચ્ચે (અલબત્ત, સાતમા અંકના ભાગ રૂપ) "ગર્ભાંક"ને ગોઠવ્યો છે; અને તેમાં પેલા અજ્ઞાત/ભૂતકાલિક બાર વર્ષના ગાળાને દર્શાવી દેવામાં આવ્યો છે; જેથી સીતાત્યાગથી આરંભીને સળંગ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

બાર વર્ષોની રામના ઉત્તરજીવનની ઘટનાઓ અહીં નાટ્યદેહે રજૂ કરી છે ! રામના પૂર્વજીવનમાં જો ચૌદ વર્ષનો વનવાસ ધ્યાનાસ્પદ છે, તો ઉત્તરજીવનનો બાર વર્ષનો વિયોગ પણ એટલો જ ધ્યાનાસ્પદ છે; અથવા કહો કે તે વિયોગ પણ કવિ ભવભૂતિને નાટ્યક્ષમ જણાયો છે.

ફરીથી, મૂળ વાતનું અનુસંધાન કરીને અંકોની ગૂંથણી પાછળનું તાર્કિક બંધારણ તપાસીએ તો, 'ઉત્તરરામચરિત'ના પૂર્વાર્ધ રૂપ જણાતા પહેલા બે અંકોમાં રામના ઉત્તરજીવનની બે મહત્ત્વની ઘટનાઓ (૧. સીતાત્યાગ, અને ૨. શમ્બૂકવધ) મૂકવામાં આવી છે. ત્યાર પછી ઉત્તરાર્ધરૂપ જણાતા ૩, ૪, ૫ અને છઠ્ઠા અંકમાં, તે પુરોગામિની બે ઘટનાઓનાં સીધાં પરિણામો જોવા મળે છે. જેમકે,

(૧) સીતાત્યાગ રૂપ પ્રથમ અંકની ઘટનાનું પરિણામ એ આવ્યું કે રામનું જીવન જીર્ણ અરણ્ય સમું બની ગયું. રામને સીતાનો જે વિયોગ સહેવાનો થયો, તે વિયોગજન્ય શોકથી આ નાટકના ત્રીજા અંકની કરુણરસ પ્રધાન સૃષ્ટિનું નિર્માણ થયું.

(૨) તથા બીજા અંકની શમ્બૂકવધની બીજી ઘટનાને પરિણામે જ જાણે રામના પોતાનાં અજ્ઞાત અંધારામાં ડૂબી ગયેલાં કુશ-લવનું 'સજીવન' થવાપણું – અથવા તો 'દ્વિજત્વ' પ્રાપ્ત કરવાનું-કાર્ય ચોથા, પાંચમા અને છઠ્ઠા અંકમાં આકારિત થાય છે ! ચોથા અંકમાં, પહેલાં તો કૌસલ્યા અને જનકને લવમાં બાળ રઘુનંદન (રામ)ની અને સીતાની આકૃતિ પ્રતિબિંબિત થયેલી જોવા મળે છે. પાંચમા અંકમાં લવે જૃમ્ભકાસ્ત્રોનો પ્રયોગ કરી નાંખ્યો, તેથી સુમન્ત્રને 'આ કોના પુત્ર હશે ?' એવી આશંકા થઈ; એને પણ લવમાં 'બાળ રઘુનંદન'ની યાદ તાજી થાય એવું સાદૃશ્ય દેખાવા લાગ્યું; અને છઠ્ઠા અંકમાં રામને પણ ધીમે ધીમે સાત પ્રમાણો જડી આવ્યાં, કે જેને આધારે એમના મનમાં પણ 'આ મારા પુત્રો છે' એવી પ્રતીતિ દૃઢ થવા લાગી છે. એટલે કે તાપસ શૂદ્રને મારવાથી કોઈનો અકાળે મરેલો પુત્ર પુનઃસજીવન થવાની પુરાકથા (Myth) જેમ સાચી પડે તેમ, સીતાની સુવર્ણમયી પ્રતિકૃતિ દ્વારા રામે પ્રજામાં પ્રવેશેલી નિંદાખોરી રૂપી જે શૂદ્રતાનો વધ કર્યો, તેનાથી એમના જ મૃતપ્રાય બનેલા (અજ્ઞાત અંધારામાં સરકી ગયેલા) પુત્રો ફરીથી 'સીતાપુત્રો' અને 'રામપુત્રો' તરીકે 'સજીવન' થવા પામે છે ! આમ બીજા અંકની 'શમ્બૂકવધ'ની ઘટનાનું સીધું પરિણામ ચોથા-પાંચમા અને છઠ્ઠા અંકમાં આવતું જોવા મળે છે.

વળી, અગાઉ કહ્યું છે તેમ પહેલા અને બીજા અંક વચ્ચેનો ૧૨ વર્ષનો અંતરાલ છઠ્ઠા અને સાતમા અંકની વચ્ચે મૂકેલા 'ગર્ભાંક' દ્વારા; કવિએ પૂરી આપ્યો છે; અને સાતમા અંકના ઉત્તરાર્ધમાં 'નિર્વહણસન્ધિ'થી સમગ્ર કુટુંબનું "સંમેલન" સાધી બતાવ્યું છે.

o o o

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

સમગ્ર નાટકના બે પ્રેરક/ચાલક પરિબળો રૂપે કામ કરતાં – ૧. પામર પ્રજાજનો અને ૨. ઋષિઓ અને દેવતાઓ-માંથી જે પ્રજાજનો છે, તે પહેલા અને છેલ્લા અંકમાં ઉલ્લેખાય છે, પણ રંગભૂમિની બહાર રાખવામાં આવ્યા છે. શરૂઆતમાં તેમણે ફેલાવેલા અપવાદથી સીતાત્યાગ કરવામાં આવે છે, અને છેલ્લે (ગર્ભાંક પછી) એમનું અરુન્ધતીનાં વચનોથી સમાધાન કરવામાં આવે છે. નાટકના બીજા પ્રેરક/ચાલક પરિબળ રૂપે વસિષ્ઠ, વાલ્મીકિ, અરુન્ધતી, ભાગીરથી અને પૃથિવીદેવી જેવા ઋષિઓ અને દેવતાઓ છે; તે રંગભૂમિ ઉપર સતત હાજર રહે છે. એક ચાલક પરિબળ નાટકમાં અમંગળ ઊભું કરે છે, તો બીજું ચાલક પરિબળ નાટકને મંગળ તરફ – સુખાન્ત – તરફ વાળે છે. આમ, ભવભૂતિએ બહુ કલાત્મક રીતે સાતેય અંકની ગૂંથણી કરી છે; અને સંસ્કૃત નાટ્યકારોની પ્રથમ પંક્તિમાં અપરિહાર્ય સ્થાન પામીને સૌની પાસે એકી અવાજે उत्तरे रामचरिते भवभूतिर्विशिष्यते। એમ બોલાવડાવે છે !

o o o

(3) શમ્બૂકવધની પુરાક્થા (મિથક)નું પુનર્નિર્માણ તે જ 'ઉત્તરરામચરિત'

(૦.૦) મહાકવિ ભવભૂતિ–વિરચિત 'ઉત્તરરામચરિત' નાટકના કેન્દ્રવર્તી કથાવસ્તુ તરીકે સીતાત્યાગનો પ્રસંગ રહેલો છે એ બાબતે વિદ્વાનોમાં એકમતિ પ્રવર્તતી હોય એમ જોવા મળે છે; પણ એ પ્રસંગના નિરૂપણ માટે ભવભૂતિએ સાત અંકોમાં વિસ્તરેલી જે નાટ્યસૃષ્ટિ રચી છે એમાંથી નીતરી આવતા કવિના જીવનદર્શન બાબતે ઘણા તીવ્ર–બલકે પરસ્પર વિરોધી કહેવા પડે એવા મતમતાંતરોની જાણકારી ટૂંકમાં મેળવીને, તે કોઈ રીતે ગ્રાહ્ય નથી એ દર્શાવીશું. પૂર્વપક્ષની ઉત્થાપના પછી, 'ઉત્તરરામચરિત' નાટકમાં જે પ્રસંગની નગણ્ય અથવા તો સાવ નજીવી ઉપયોગિતા છે એમ મનાયું છે તેવા શમ્બૂક–વધ પ્રસંગની મિથક (પુરાકથા અથવા તો પુરાકલ્પન)નું ભવભૂતિએ કરેલું પુનર્નિર્માણ તે જ 'ઉત્તરરામચરિત' છે એવા અપૂર્વ મતની સ્થાપના કરવામાં આવશે.

(૦.૧.૦) ડૉ. શ્રીપાદ કૃષ્ણ બેલવેલકરે હાર્વર્ડ યુનિ. પ્રેસ, કેમ્બ્રીજમાંથી ૧૯૧૫માં પ્રકાશિત કરેલ Rama's Later History OR Uttara–Rama-Caritaની પ્રસ્તાવનામાં 'ઉત્તરરામચરિત'ના વિશિષ્ટ આયામને ઉદ્ઘાટિત કરતાં લખ્યું છે કે રામના (રાજા તરીકેના) ઉદાત્ત કર્તવ્યને નિભાવવા માટે કદાચ સીતા પોતે જ–સ્વેચ્છાએ–રામના મહેલમાંથી નીકળી ગઈ હોત. પણ સીતાને જે દુઃખ લાગ્યું છે તે એનો ત્યાગ/નિર્વાસન કરવામાં આવ્યું છે તેનું નથી; પણ એને

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

સગર્ભાવસ્થામાં જે નિર્દય રીતે, એને સ્હેજ પણ ગંધ આવ્યા દીધા વિના નિર્જન વનમાં એક પ્રકારની વંચના હેઠળ મોકલી દેવામાં આવી છે; તે જ મુખ્યત્વે, અત્યંત વાંધાજનક છે. ભોળી સીતાને એવી કશી ખબર જ નથી કે એને ક્યાં અને શા માટે લઈ જવામાં આવી રહી છે.[૪] આમ, ભવભૂતિએ 'ઉત્તરરામચરિત'ની રચના કરતી વખતે એમ વિચાર્યું છે કે—પુનર્મિલન પૂર્ણ રીતનું હોવું જોઈએ; અને તેવા પુનર્મિલનમાં સૌથી પહેલાં બે હૃદયોનું મિલન થવું જોઈએ. આવું મનોવૈજ્ઞાનિક ભૂમિકા સહિતનું પુનર્મિલન યોજવું તે ભવભૂતિએ પોતે સ્વીકારેલું કવિકર્મ છે. આવું મિલન એ પહેલા ત્રણ અંકમાં સધાય છે અને એ પછી પ્રસંગોની અટપટી હારમાળા છેવટે વાસ્તવિક (સ્થૂળ) મિલન સુધી લઈ જાય છે; તથા બાકીના ચાર અંકો રાજકુમારોનું અભિજ્ઞાન કરાવવાના કામનો ભાર ઉઠાવે છે.[૫]

પ્રોફે. બેલવેલકરની જેમ પ્રોફે. જી. કે. ભટસાહેબના મતે પણ ઉત્તરરામચરિતની મુખ્ય કથાવસ્તુ તે (કેવળ) સીતાત્યાગ છે અને તેને કારણે દામ્પત્યજીવનમાં પડેલી તિરાડને સાંધવાનું કામ મનોવૈજ્ઞાનિક ભૂમિકાએથી શરૂ કરીને સ્થૂળ રીતનું પણ પુનર્મિલન કરી આપવા સુધીનું છે.આમ ભારતના બહુ મોટા ગજાના વિદ્વાનોએ 'ઉત્તરરામચરિત'ને psychologycal reconciliation & reunionનું નાટક ગણાવ્યું છે.[૬]

---

૪. That Sitā would understand Rama's higher motive, and would have gone herself voluntarily into exile if necessary (1–12), what Sitā did resent was not that she was abandoned, but that she was abandoned in so heartless a fashion (1–49) without her having the faintest inkling of whither she was being led and why.

Rāma's Later History OR **Uttara–rāma–carita**, Part–I,. (The Harvard Oriental Series, Vol. 21); Ed. & Translated by S. K. Belvalkar, Cambridge, 1915, (introducation, Lxx viii).

૫. He (Bhavabhuti) felt that a reunion, to be perfect, must first be a reunion of hearts; and this was the psychological problem which he deliberatly proposed to himself in this play, especially in the first three acts. The complicated chain of events leading to the actual reunion and the recognition of the princes forms the burden of the last four acts.

– Uttararamacaritam, SKB, introducation, Lxxviii.

૬. [Bhavabhati's Uttara Rama Charit, Ed. by G. K. Bhat, The Popular Book Store, Surat, 1953, introduction (pg. 7, 22–29)]

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(૦.૧.૧) પ્રોફે. પી. સી. દવેસાહેબે ઉપર્યુક્ત મતનો અસ્વીકાર કરતાં જણાવ્યું છે કે – "આપણને જરૂર થાય કે સીતાના ક્યા ગુના માટે આ છેતરપીંડી ! અથવા આટલી પારકી ગણવામાં આવી !! આપણને એમ પણ થાય કે આ બાબતનો જવાબ લીધા પછી જ રામ–સીતાનું મિલન થવું જોઈએ. પરંતુ આપણી આ સીતા (તરફની) સહાનુભૂતિ કે વિચાર ઉપર નાટક રચાયું હોય તેવું લાગતું નથી...

રામસીતામાં માનસિક ભંગાણ પડ્યું હતું અને આ નાટક માનસિક સમાધાનનું નાટક છે, એમ કહેવા માટે પણ ભારે સાહસ કરવું પડે તેમ છે, અને નાટકની બહાર નીકળી જઈને દલીલોની ભરમાર શોધવી પડે તેમ છે. (આવું માનીએ તો) નાટકમાંનો ભવભૂતિનો પુરુષાર્થ જ હીન દિશામાં (ચાલતો હોય) એમ લાગે. (પણ ખરેખર તો) તેમણે (કવિએ) પહેલા અંકમાં ચિત્રદર્શનોના પ્રસંગે રામસીતાનું પૂરેપૂરૂં હૃદયૈક્ય કલાત્મક રીતે સાધી બતાવ્યું છે. બંને માત્ર એકબીજાને સંવેદી રહેલા જ નથી, કે એકબીજામાં ઓતપ્રોત થયા નથી, એક જ થઈ ગયા છે. ચિત્રદર્શન દરમિયાન ઉપસતો આ ભાવ अद्वैतं सुखदुःखयोरनुगुणं सर्वास्वस्थासु यत्० ॥ (उ.रा.च. १–३९) શ્લોકમાં પરિપૂર્ણ રીતે સાકાર થવા પામ્યો છે. અહીં કવિએ સ્પષ્ટ કર્યું છે કે સીતારામ **એક** બની ગયાં છે. હવે સુખમાં કે દુઃખમાં, બધી જ અવસ્થામાં આ ભાવ વ્યાપી રહેલો છે. વેદાંત-દર્શન પ્રમાણે અદ્વૈતસિદ્ધિ થયા પછી ફરીથી કોઈપણ સંયોગમાં દ્વૈત આવી શકતું નથી.[૭] એટલે પછી બનેલી વિપરિત ઘટનાએ રામસીતાના મનમાં કે સીતાના મનમાં અંટસ પાડી હોય અને એ દૂર કરવાના પ્રયત્નના પરિણામરૂપે નાટક આકારાયું હોય એ કલ્પના નાટકની કલ્પના નથી. આમેય બીજાં પ્રણયનાટકો કરતાં આ નાટક ઘણી રીતે જુદું પડે છે. આમાં પ્રણયીપાત્રો રામ અને સીતા પરિપક્વ પ્રણયીઓ છે. તેમના સહજીવનના પ્રાથમિક દિવસોની વાત અહીં નથી. ....આ તો તેમનું ઉત્તરચરિત છે. હવે અહીં કોઈ ગોઠવણ સાધવાની ન હોય, હવે તો તેમના દામ્પત્યમંગલનો નિચોડ બતાવવાનો હોય. આમ, પ્રણયની પ્રારંભની લાગણી અનુભવતા દુષ્યન્ત–શકુન્તલા કે એવા કોઈ પ્રણયીઓના દૃષ્ટાંત સાથે રામસીતાને સરખાવી શકાય એમ નથી.[૮] પ્રોફે. પી. સી. દવેસાહેબના મતે તો "રામસીતાના દૃષ્ટાંતરૂપ વિલક્ષણ અદ્વૈતની કવિ ભવભૂતિને ઝાંખી થઈ છે. આ અદ્વૈતનો લોકહૃદયમાં પ્રસાર અને લોકમાનસે કરેલો તેનો સ્વીકાર આ નાટકમાં ઘાટ પામ્યો છે." (ઉ.રા.ચ., સંપા. પી. સી. દવે અને અન્ય, પૃ. ૬૭)

૭. नावगतब्रह्मात्मभावस्य यथापूर्वं संसारित्वं ।
शक्यं दर्शयितुं वेदप्रमाणजनितब्रह्मात्मभावविरोधात् ॥ – ब्रह्मसूत्रशाङ्करभाष्यम् (१–४)

૮. ઉત્તરરામચરિત, સંપાદક–પ્રોફે. પી. સી. દવે અને અન્ય, સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ, ૧૯૯૦–૯૧, (પૃ. ૬૪, ૬૫).

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પ્રોફે. પી. સી. દવેસાહેબનો આ મત સાંભળીને જો કોઈક તેમને સામે પ્રશ્ન કરતું કે તો પછી સીતાની (ત્રીજા અંકમાં) જે ઉક્તિ છે કે : उत्खातमिदार्नीं परित्यागलज्जाशल्यम् आर्यपुत्रेण ॥ અર્થાત્ "આર્યપુત્રે (રામે) પરિત્યાગ કર્યાના લજ્જાનું શલ્ય હવે ઉખેડી નાંખ્યું છે." એનો અર્થ તો સ્પષ્ટપણે એવો જ લાગે છે કે સીતાને પોતાનો ત્યાગ કર્યાનું દુઃખ (શલ્ય) લાગ્યું જ હતું, અને જ્યારે એણે સાંભળ્યું કે રામે બીજાં લગ્ન નથી કર્યાં અને પોતાના સ્થાને પોતાની હિરણ્મયી પ્રતિકૃતિને જ સ્થાપી છે ત્યારે તે શલ્ય નીકળી જાય છે. આ ક્ષણ—આ ઉક્તિ થકી રામસીતાનું મનોવૈજ્ઞાનિક પુનઃસંધાન થતું હોય તેમ સ્પષ્ટ જણાય છે. તો આવી દલીલના પ્રત્યુત્તરમાં પ્રોફે. દવેસાહેબ સીતાની એ ઉક્તિનું નીચે મુજબ અર્થઘટન કરી બતાવતા હતા.

રામે સીતાનો જે ત્યાગ કર્યો, તેની સામે સીતાને રામને માટે કોઈ વાંધો કે ફરિયાદ ન હતી; કેમ કે પ્રજારાધન કરવું એ રાજા તરીકેનું રામનું કર્તવ્ય હતું. તો રામની પત્ની તરીકે—રાણી તરીકે – સીતાની પણ એ ફરજ હતી કે તે રામની સાથે રહીને પ્રજારાધનના કામમાં સહયોગ આપે. પણ એમ કરવા જતાં (સીતાનો ત્યાગ થયા પછી) પ્રજાએ તો એમ જ માની લીધું હશે ને કે જુઓ, રામ પણ અમારી જેમ સીતાને દૂષિત માનતા હતા. એટલે કે પ્રજાના મતે રામની આંખોમાંથી પણ સીતા નીચે ઉતરી ગઈ છે. આ વાતનું સીતાને શલ્ય લાગ્યું હતું. પણ પછી કાલક્રમે રામે ભવિષ્યમાં બીજાં લગ્ન નહીં કરીને અને સીતાની સુવર્ણપ્રતિમાને પોતાની વામાંગી બનાવીને બેસાડી, ત્યારે રામે આ પગલા દ્વારા પ્રજાના મનમાં સીતાની પવિત્રતાને પુનઃપ્રતિષ્ઠિત કરી. રામ પોતે તો સીતાને પવિત્ર જ માને છે એ વાત રામે કાલાન્તરે જ્યારે આ રીતે પ્રકટ કરી ત્યારે સીતાના ઉપરના વાક્ય દ્વારા એ વાતનો સંતોષ વ્યક્ત થાય છે કે હવે રામે મને લાગેલું શલ્ય કાઢી નાંખ્યું છે, અને મને પ્રજાની નજરમાં ફરીથી પ્રતિષ્ઠિત કરી છે. બાકી, સીતાત્યાગ થકી રામસીતાની વચ્ચે કોઈ ગેરસમજ ઊભી થઈ હોય કે તેમના વચ્ચે અંટસ પડ્યું હોય તેમ; ઉત્તરરામચરિતના अहमेतस्य हृदयं जानामि, ममाप्येषः । જેવાં વાક્યો જોતાં, સ્વીકારી શકાય તેવું નથી.

(૦.૨.૦) પ્રોફે. આર. જી. હર્ષે ઉત્તરરામચરિતની અંદર "રાજધર્મ વિરુદ્ધ પ્રેમધર્મ"નું નિરૂપણ થયું છે એમ માન્યું છે.[૯] રામે પ્રજારાધન કરવા રૂપ પોતાના

---

૯. In the URC, the central idea is not the abandoning of Sita, but the conflict between two duties and it is this that elevates the drama to the rank of a psychological drama.

See : Observations on the life & works of Bhavabhuti (French). એડિશન્સ લિટરેરેસ દ ફ્રાન્સ], ૧૯૩૮, પૃ. ૨૮.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

રાજધર્મનું પાલન કરવા જતાં, પોતાના અંગત જીવનનો જે પ્રેમધર્મ હતો – પત્ની સીતાને સાચવવાનો જે પતિધર્મ હતો – તેનો ત્યાગ કર્યો છે; અને આના પરિણામે રામના જીવનમાં જે કટોકટી સર્જાઈ તેનું આ નાટકમાં આલેખન થયું છે. અને એ રીતે આ નાટક "મનોવૈજ્ઞાનિક" નાટક બનવા પામ્યું છે. આમ, આ દૃષ્ટિએ પણ ઉત્તરરામચરિતના કેન્દ્રવર્તી કથાવસ્તુને સમજાવવાનો પ્રયત્ન થયો છે.

(૦.૨.૧) પરંતુ આ મત પણ સ્વીકાર્ય બન્યો નથી. આ મતની સમીક્ષા કરતાં કવિશ્રી ઉમાશંકર જોષીએ નીચે મુજબ લખ્યું છે–

"ઘણાને એમ લાગે છે કે લોકોના આરાધન અર્થે રામે સીતાનો ત્યાગ કર્યો. સમષ્ટિહિતની વેદી ઉપર પ્રેમનું બલિદાન આપ્યું. અને આને સમષ્ટિ પક્ષપાતીઓ નાટકના રહસ્યરૂપે જોવા પ્રેરાય છે તો વ્યષ્ટિ પક્ષપાતીઓ આ માટે કવિને ટીકાપાત્ર ગણે છે. સમષ્ટિ વિરુદ્ધ વ્યષ્ટિ – એ રીતે વસ્તુતઃ ભાગ્યે જ કદી કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો હોય છે. વ્યષ્ટિને કચડીને સમષ્ટિ કુશળ રહી શકે નહિ કેમ કે એટલા પૂરતો એનો ઘાત થયો હોય જ, અને સમષ્ટિને આઘાત પહોંચાડીને વ્યષ્ટિ પોતાનું કુશળ કરી શકે નહિ. કેમ કે સમષ્ટિને પહોંચાડેલા આઘાતમાં એને પોતાને પણ હિસ્સો ઉઠાવવાનો હોય જ. ઉત્તરરામચરિતમાં સમષ્ટિ વિરુદ્ધ વ્યષ્ટિ, લોકારાધન વિરુદ્ધ સીતા, રાજધર્મ વિરુદ્ધ પ્રેમ–એ પ્રશ્ન નથી, પણ રાજધર્મ અને પ્રેમ બંને – એ પ્રશ્ન છે."[૧૦]

(૦.૩.૦) કવિશ્રી ઉમાશંકર જોશીએ ઉત્તરરામચરિતના પોતાના અનુવાદની પ્રસ્તાવનામાં લખ્યું છે કે – પ્રજા પ્રત્યેનો રાજાનો ધર્મ–વિરુદ્ધ પ્રિયતમાનો પ્રેમ એવા સંઘર્ષના નિરૂપણ અર્થે જ ઉત્તરરામચરિતનું નિર્માણ થયું નથી, પરંતુ પ્રજાનુરંજનના રાજધર્મને ઉપકારક એવા આત્માના અ-મૃત અંશરૂપ પ્રેમ એ ઉત્તરરામચરિતના મધ્યબિંદુ રૂપે છે, જેમાંથી આખું નાટક પ્રસર્યું છે."[૧૧]

અહીં સુધીના આલેખનમાં કવિએ પ્રેમના કલ્યાણમય દામ્પત્યસ્વરૂપની પરાકાષ્ઠા આપણને પ્રત્યક્ષ કરાવી. એવો પ્રેમ ઇન્દ્રિયાકર્ષણ ઉપર નિર્ભર નથી. અરે, વૃદ્ધત્વ પણ એના રસને ઓછો કરી શકે એમ નથી એવી રામને – અને રામ દ્વારા આપણને – પ્રતીતિ થાય છે.... પણ જો બંને વચ્ચે મૃત્યુનો પડદો પડે તો ? તો એ સ્થિર થયેલા સ્નેહસારની સ્થિરતા ટકે ખરી કે ? વૃદ્ધત્વ એનો રસ હરી લઈ શકે નહિ એટલું તો રામ જોઈ શકે છે. પણ મૃત્યુ એ રસ હરી શકે ખરું ?

૧૦. **ઉત્તરરામચરિત**, અનુ. ઉમાશંકર જોશી, ગૂર્જર ગ્રન્થ રત્ન કાર્યાલય, અમદાવાદ, દ્વિતીયાવૃત્તિ, ૧૯૫૮, પૃ. ૨૯.

૧૧. **ઉત્તરરામચરિત**, અનુ. ઉમાશંકર જોશી, ગૂર્જર ગ્રન્થરત્ન કાર્યાલય, અમદાવાદ. બીજી આવૃત્તિ, ૧૯૫૮, (પ્રસ્તાવના : પૃ. ૩૪).

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri

"ઉત્તરરામચરિતના પહેલા અંક પછીના ભાગમાં કવિ આપણને આ પ્રશ્નના ઉત્તર રૂપે અનુભૂતિ કરાવે છે કે પ્રિયજનનું મૃત્યુ થાય તો પણ પ્રેમ તો અમર રહે છે. બીજા અંક પછી આપણે જોઈએ છીએ કે રામને મન સીતાનો નાશ થયો છે. પરંતુ સીતાનું મૃત્યુ થાય છે તે છતાં સીતા પ્રત્યેનો રામનો પ્રેમ તો અમર રહે છે એ બીજા અને ખાસ કરીને ત્રીજા અંકમાં આપણને પ્રતીત થાય છે".... (પૃ. ૨૪–૨૫)

"નાન્દીમાં સામાન્ય રીતે નાટ્યવસ્તુનું, પાત્રો વગેરેનું સૂચન હોય છે. એ પ્રણાલિકાનુસાર દિવ્યવાણીના સંદર્ભમાં વપરાયેલા નાન્દીના "અમૃતા આત્માની કલા" એ પદમાં આત્માથી રામ અને કલાથી સીતા સૂચવાય છે એમ ટીકાકાર ઘનશ્યામે કહ્યું પણ છે. તો, સીતા એ રામની અમૃત કલા છે. સીતા મૃત્યુ પામે તો પણ એ રામનો અ–મૃત અંશ છે. અર્થાત્ ઉપર જોયું તેમ, ઉત્તરરામચરિતમાં મૂર્ત થતું કવિનું વિશિષ્ટ દર્શન–પ્રેમ એ આત્માનો અ–મૃત અંશ છે એ નાન્દીના "અમૃતા આત્માની કલા" એ શબ્દોમાં જ સૂચવાયું છે."[૧૨]

(૦.૩.૧) પરંતુ શ્રી ઉમાશંકર જોશીનો મત પણ અમારા મતે ટકી શકે એવો નથી. જેમકે (૧) ઉત્તરરામચરિતના જે નાન્દી શ્લોકમાંથી ઉપર્યુક્ત જીવનદર્શન વ્યંજિત થતું હોવાનું તારવવાનો પ્રયાસ થયો છે તે નાન્દી શ્લોકના શબ્દો તપાસતાં જરીકેય ટકી શકે એવો નથી. કેમ કે એ પંક્તિમાં તો આત્માના અમૃત અંશ રૂપે દેવતા સ્વરૂપે રહેલી વાણીને નમસ્કાર કર્યા છે. બીજા શબ્દોમાં કહીએ તો આ નાન્દીશ્લોકમાં વાગ્દેવીને આત્માનો અમર અંશ કહ્યો છે. આમાં ક્યાંય "આત્માના અમર અંશ રૂપે પ્રેમ" હોય એવી કોઈ વાત કહેવાઈ જ નથી. શ્રી ઉમાશંકર જોશીએ દૂરાકૃષ્ટ અર્થઘટન કર્યું છે. (૨) ઘનશ્યામે 'આત્મા' શબ્દથી 'રામ' અને 'કલા' શબ્દથી સીતાનું સૂચન મળી રહે છે એમ જે કહ્યું છે તે આત્મા શબ્દ સંસ્કૃતમાં પુલિંગમાં અને 'કલા' શબ્દ સ્ત્રીલિંગમાં હોવાને કારણે પ્રસ્તુત નાટકમાં આવનાર પાત્રના (નાયક-નાયિકાના) સૂચન તરીકે જ જોવાનો પ્રયાસ છે. પણ શ્રી ઉમાશંકર જોશીએ 'પાત્રના સૂચન'ને ખેંચીતાણીને પોતાના તારણ જોડે સાંકળી દીધું છે. ઘનશ્યામે આ પાત્રસૂચન થકી આખી કૃતિના જીવનદર્શનને વાંચવાનું કહ્યું નથી. ટીકાકાર ઘનશ્યામ એમ કહી પણ ન શકે કારણ કે આ 'આત્માની કલા તે વાગ્દેવતા છે' એમ ભવભૂતિએ જે ચોખ્ખું કહ્યું છે એ તરફ ઘનશ્યામનું ધ્યાન ન હોય એવું બની શકે નહિ.

(૦.૪.૦) ઉપરની ચર્ચામાં પ્રોફે. બેલવેલકરજીએ કે કવિ શ્રી ઉમાશંકર

૧૨. એજન : પૃ. ૨૮.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

જોશીએ ઉત્તરરામચરિતના કેન્દ્રવર્તી કથાવસ્તુ તરીકે સીતાત્યાગની ઘટના અને તેના નિરૂપણ થકી ઉપસી આવતાં જે જીવનદર્શનોને તારવી આપ્યાં છે તે અસ્વીકાર્ય બનવાનું એકમાત્ર કારણ એ જ છે કે તે તે જીવનદર્શન ઉત્તરરામચરિતના સાતેય અંકમાં પ્રસરતાં નથી. શ્રી ઉમાશંકર જોશીના પોતાના જ શબ્દોને ઉદ્ધૃત કરીએ તો "ખરું જોતાં કવિદર્શન નિઃશેષપણે તંતોતંત રજૂ થતું હોય તો તે એણે નિર્મેલી **સમગ્ર** કાવ્યકૃતિ દ્વારા".[૧૩] શ્રી ઉમાશંકર જોશીએ જ કહેલા સાહિત્ય-વિવેચનના આ માપદંડથી વિચારીએ તો પ્રૉફે. બેલવેલકર અને શ્રી ઉમાશંકર જોશીના મતો ભવભૂતિને કેવી રીતે અન્યાય કરનારા છે એ સ્પષ્ટ થઈ જશે.

(૦.૪.૧) ઉત્તરરામચરિતની મુખ્ય ઘટના સીતાત્યાગ છે અને રામે વંચનાથી કરેલા ત્યાગ થકી દુઃખી થયેલા સીતાનું મનોવૈજ્ઞાનિક પુનઃસંધાન કરાવવા માટે આ નાટ્યસૃષ્ટિ રચાઈ છે એમ જ્યારે પ્રૉફે. બેલવેલકર કહે છે ત્યારે તે મુદ્દો સાતેય અંકમાં એકસમાન રીતે પ્રસરી રહેલો હોય એમ દેખાડી શકાતું નથી. તેમણે (અગાઉ આપણે જોયું છે તેમ,) કહ્યું છે કે લવકુશનું રાજકુમાર તરીકેનું અભિજ્ઞાન કરાવવાનો ભાર છેલ્લા ચાર અંક ઉપર મૂકવામાં આવ્યો છે.[૧૪] સીતાનું મનોવૈજ્ઞાનિક પુનઃસંધાન એ જ એકમાત્ર જો નાટકનું લક્ષ્ય હોય, તો તેની સિદ્ધિ તો ત્રીજા અંકમાં જ થઈ જાય છે, અને પરિણામે "૪ થી ૭ સુધીના અંકો બીનજરૂરી છે." અથવા તો, "ગૌણ પ્રયોજન પાર પાડવા માટે રોકાઈ રહ્યા છે" એમ કહેવાનું પ્રાપ્ત થાય છે.

(૦.૪.૨) કવિ શ્રી ઉમાશંકર જોશીએ તારવેલા જીવનદર્શનની અંદર પણ ઉપર્યુક્ત જ ખામી રહેલી છે કેમ કે આત્માનો અ-મૃત અંશ પ્રેમ છે, અને રામને મન પ્રિયતમા સીતા नियतं विलुप्ता (ચોક્કસ મરી ગયેલી જ) હોય તો પણ એને માટેનો પ્રેમ મરતો નથી કે સૂકાતો નથી – એ વાતનું પ્રદર્શન તો ત્રીજા અંકમાં જ સંપન્ન થઈ જાય છે. આથી કવિશ્રી ઉમાશંકર જોશીને પણ ઉત્તરરામચરિતના ૪ થી ૭ અંકમાં કાર્યવેગ શિથિલ થયો છે એમ સ્પષ્ટ કહેવું પડ્યું છે. (એટલે કે 'અમૃત પ્રેમ'નું નિરૂપણ સાતેય અંકમાં થયું છે એમ તેઓ પણ બતાવી શક્યા નથી!) એમના પોતાના જ શબ્દોમાં જોઈશું :

"ત્રીજા અંકમાં આમ જુઓ તો, નથી કંઈ ખાસ કાર્ય, નથી ગતિ, છતાં કેટલું બધું આંતર (માનસ) કાર્ય છે! ભમરડો 'ઊંઘે' છે ને અ-ગતિશીલ લાગે છે, પણ એ વખતે જ એ અત્યંત ગતિશીલ હોય છે, એવું કંઈક ઉત્તરરામચરિતના ત્રીજા અંકના કાર્યની ગતિનું છે. કાર્યના અભાવનો ભાસ કરાવતી આવી વેગભરી

૧૩. એજન : પૃ. ૧૯. ૧૪. જુઓ : પાદટીપ – ૨.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

આંતર કાર્યગતિના નિરૂપણમાં ભવભૂતિ નિષ્ણાત છે. ઊલટું ચોથા, પાંચમા અને છઠ્ઠા અંકમાં બાહ્ય કાર્યગતિ લાવવા એ પ્રવૃત્ત થાય છે ત્યારે કૃતિની નાટ્યાત્મકતા લૂલી પડી જતી લાગે છે. ચોથા અંકમાં જનક, અરુન્ધતી, કૌસલ્યા આદિ વૃદ્ધજનોના સૌહાર્દનું અને પાવિત્ર્યનું અપૂર્વ આલેખન થયું છે. સ્ત્રીપાત્રોના નિરૂપણની ભવભૂતિની શક્તિનો પણ એમાં પરિચય થાય છે. પાંચમા અંકમાં લવ અને ચન્દ્રકેતુ યુદ્ધે ચઢવામાં પણ પરસ્પર જે વિનય અને સ્નેહ દાખવે છે તે આભિજાત્યના આલેખનનો ઉત્કૃષ્ટ નમૂનો છે. આ ઉન્મેષો હૃદ્ય હોવા છતાં, ચોથા અંકના અંતથી – ઘોડાને જોઈ કલકલ મચાવતા બટુકોના દશ્યથી છઠ્ઠા અંકના અંત સુધી "યુદ્ધ ! યુદ્ધ !" એવી વાતો હોવા છતાં એક જ દશ્ય ત્રણેય અંકમાં પથરાયેલું જોઈ શકાય છે. ઉપલક ધાંધલની કમી ન હોય છતાં કાર્યનો વેગ શિથિલ થતો વરતાય છે, 'ઊંઘતો' ભમરડો ફરતો દેખાવા માંડે ત્યારે જેમ એની ગતિ ઢીલી પડી હોય છે એમ."[૧૫]

આમ, અત્યાર સુધી નોંધેલા કોઈ પણ પુરોગામી વિદ્વાનો દ્વારા (૧) ઉત્તરારમચરિતની વસ્તુસંકલના સુગ્રથિત છે; અથવા તો (૨) એમણે તારવેલું કવિનું દર્શન કૃતિના બધા જ અંકોમાં પ્રસરેલું છે એવું તેઓ બતાવી શક્યા નથી. આવાં બધાં જ વિવેચનો મહાકવિ ભવભૂતિની કલાસૂઝમાં ચોક્કસ ખામી રહી ગયેલી છે એ વાતનો સ્વીકાર કરીને ચાલે છે. આથી, પ્રસ્તુત લેખમાં ઉત્તરરામચરિતમાં પ્રતિબિંબિત થતા ભવભૂતિના કોઈ ભારતીય જીવનદર્શનને—કે જે જીવનદર્શન સાતેય અંકમાં એકસમાન રીતે સુવ્યાપ્ત હોય – તેને શોધવાનો અભિનવ અભિગમ પુરસ્કારવામાં આવ્યો છે.

(૧.૦) શમ્બૂક-વધની પુરાકથા (Myth), કે જે, સાહિત્યજગતમાં વાલ્મીકિના રામાયણથી માંડીને પ્રચલિત બની હતી; અને 'રઘુવંશ'માં મહાકવિ કાલિદાસે પણ જેનો ઉપયોગ કર્યો હતો, તેનું મહાકવિ ભવભૂતિએ પણ પોતાની આગવી રીતે પુનર્નિર્માણ કર્યું છે અને એક અતિકલાત્મક એવી અપૂર્વ નાટ્યસૃષ્ટિ આપણને ભેટ ધરી છે – એ પ્રતિપાદ્ય વિષયની, હવે ચર્ચા કરવામાં આવશે.

પરંતુ, આ ચર્ચા શરૂ કરીએ તે પહેલાં, ઉત્તરરામચરિતના બીજા અંકમાં આવતી શમ્બૂકવધની ઘટનાના નિરૂપણમાં, વિદ્વાનોને ક્યાં ક્યાં નાટકીય પ્રયોજનો દેખાયાં છે ? અને સંવિધાનગત, તથા પાત્રાલેખનગત કઈ કઈ ક્ષતિઓ દેખાઈ છે ? એનો પરિચય કરી લઈશું :

(૧.૧) રાજા રામના રાજ્યમાં ક્યાંક કોઈક શૂદ્ર તપશ્ચર્યા કરી રહ્યો છે;

૧૫. એજન, પૃ. ૬૭.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પણ ધર્મશાસ્ત્રની આજ્ઞા મુજબ ત્રેતાયુગમાં શૂદ્રોને તપ કરવાનો અધિકાર નથી. આ અનાચારના પગલે કોઈક દ્વિજનો બાળક અકાળે મૃત્યુ પામ્યો છે. એને ફરીથી જીવતો કરવા માટે રામે તે શૂદ્રને શોધીને, તેનો વધ કરવો જરૂરી છે. આ શૂદ્રનું નામ 'શમ્બૂક' છે. કવિ ભવભૂતિએ આ પ્રસંગ મૂળ રામાયણમાંથી લીધો છે, પણ નાટકીય પ્રયોજનને પાર પાડવા તે શૂદ્રને પંચવટીના – જનસ્થાનના - કોઈક ભાગમાં તપ કરતો દર્શાવ્યો છે. એટલે કે સીતાત્યાગ પછી રાજકાર્યમાં ઓતપ્રોત થઈ ગયેલા રામને પંચવટીમાં ખેંચી લાવવાનું નિમિત્ત ઊભું કરવા કવિએ શૂદ્રની તપશ્ચર્યાનું આ સ્થળ નક્કી કર્યું છે. રામ જો અહીં આવે તો સીતાની યાદ ફરીથી તાજી થાય; અને મનમાં છુપાઈને બેઠેલો સીતા માટેનો સ્નેહ સળવળે અને તજ્જન્ય ભાવાવેશમાં નીકળતાં વાક્યો પરોક્ષ રૂપે (છાયા રૂપે) રહેલી સીતા સાંભળે અને વિરહી રામની દારુણ દશા પ્રત્યક્ષ જુવે – એવી ત્રીજા અંકની પૂર્વતૈયારીના ભાગ રૂપે આ બીજો અંક વિચારાયો છે એમ શ્રી જી. કે. ભટ સાહેબ વગેરે વિદ્વાનો કહી રહ્યા છે.[૧૬] રામના આ પ્રેમોદ્‌ગારો પરોક્ષમાં રહેલી સીતા સાંભળે છે, અને એના મનનું સમાધાન થાય છે. અથવા કવિશ્રી ઉમાશંકર જોશી કહે છે તેમ "અ-મૃત પ્રેમનું પ્રકટીકરણ થાય; જે પરોક્ષમાં રહેલી જુવે, અને એના નિમિત્તે પ્રેક્ષકોને પણ એની અનુભૂતિ થાય એવી કવિ ભવભૂતિની ગોઠવણ છે.

(૧.૨) શમ્બૂકવધ પ્રસંગે રામ, કે જેણે આપન્નસત્ત્વા સીતાનો ત્યાગ કરવામાં પાટવ બતાવ્યું છે, તે પોતાના જમણા હાથની નિંદા કરે છે.[૧૭] આ વર્ણનનો આનુષંગિક ફલિતાર્થ બતાવતાં પ્રોફે. જી. કે. ભટસાહેબ કહે છે કે આ પ્રસંગ દ્વારા કવિ ભવભૂતિ અસમાન જાતિ-પ્રથા તરફ અંગુલિ-નિર્દેશ કરે છે. રામ આ પ્રસંગે જે આત્મનિર્ભર્ત્સના કરે છે અને શૂદ્રને મારતાં પહેલા જે ખચકાટ

૧૬. The second act is mainly intended as a preparation to the psychological reconciliation accomplished in the third act. This preparation is made by two devises; the interlude and the Śambūka episode.

– Uttararamacaritam; Ed. G. K. Bhat, the Popular Book Store, Surat, 1953 (pp. 7–8)

૧૭. रे रे हस्त, दक्षिण ! मृतस्य शिशोर्द्विजस्य
जीवातवे विसृज शूद्रमुनौ कृपाणम् ।
रामस्य गात्रम् असि, निर्भरगर्भखिन्न–
सीताविवासनपटोः करुणा कुतस्ते ॥ २–१०॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અનુભવે છે એ દ્વારા સંભવતઃ કવિ પોતાના મનમાં રહેલી શૂદ્રો માટેની અંગત સહાનુભૂતિ અને જાતિપ્રથાનો વિરોધ પણ દેખાડી રહ્યા છે.[૧૮]

(૧.૩) ઉત્તરરામચરિતના નાયક રામ પૂરેપૂરા માનવ નાયક છે. પણ શમ્બૂકવધ પ્રસંગના આલેખનમાં – બીજા અંકમાં – કવિએ એમને પરમાત્મા તરીકે નિરૂપી દીધા છે. રામ, કે જે ત્રણેય ભુવનમાં શોધવા યોગ્ય પરમાત્મા છે, તે પોતાને શમ્બૂકને શોધતાં શોધતાં છેક પંચવટીમાં આવ્યા છે એમ જોઈને, શમ્બૂક ધન્યતા અનુભવે છે અને એક શ્લોક બોલે છે :

अन्वेष्टव्यो यदसि भुवने भूतनाथः शरण्यो
माम् अन्विष्यन्निह वृषलकं योजनानां शतानि ॥ (२–१३)

વગેરે.

કવિએ અહીં રામને માનવ-નાયક તરીકે નિરૂપવાને બદલે એક પરમાત્મા તરીકે નિરૂપ્યા છે એ મુદ્દો વિદ્વાનોને પાત્રાલેખનમાં થયેલી ક્ષતિ રૂપ લાગ્યો છે. કેમકે કૃતિમાં રામનું નિરૂપણ સાદ્યન્તપણે કેવળ મનુષ્ય તરીકેનું હોય તો (જ) એમના ભાવાનુભવોને માણતાં પ્રેક્ષકોને સવિશેષ રૂપે રસાનુભૂતિ થાય; અથવા તો રસભંગને માટે કોઈ અવકાશ ન રહે.

(૧.૪) શમ્બૂકવધ પ્રસંગનું નિરૂપણ કરતા આ બીજા અંકના સંવિધાન બાબતે પણ વિદ્વાનોએ ઘણી આલોચના કરી છે. એક તો અંક શરૂ કરતાં પહેલાં જે શુદ્ધવિષ્કંભક મૂક્યો છે, તે ઘણો પ્રલંબ છે. પહેલા અને બીજા અંક વચ્ચેના બાર વર્ષના અંતરાલની કડી જોડતી અનેકવિધ ઘટનાઓનો અહીં ઉલ્લેખ છે; જેમાં વાલ્મીકિના આશ્રમેથી નીકળેલી અધ્વગવેષા આત્રેયી છેક પંચવટીમાં ચાલીને પહોંચી ગઈ છે અને વનદેવતા વાસન્તીની જોડે વાતચીત કરે છે, ત્યાં સુધીમાંય અયોધ્યાથી વિમાનારૂઢ થઈને નીકળેલા રામ શમ્બૂક સુધી પહોંચ્યા નથી – એ Unity of timeની દૃષ્ટિએ કોઈને પણ ખૂંચે એવો મુદ્દો છે. આ લાંબા વિષ્કંભક પછી, રામનું આગમન અને શમ્બૂકવધનો મુખ્ય પ્રસંગ નિરૂપતો "અંક" મૂકવામાં આવ્યો છે. આ અંકના સંવિધાન બાબતે પ્રોફે. ટી. એસ. નાન્દીસાહેબે આલોચના કરતાં લખ્યું છે કે–

---

૧૮. The episode is a side–reflection on the iniquities of the caste system. And in showing the self–condemnation and disgust of Rāma in killing a 'Śūdra Sage'. Bhavabhuti may be indicating his personal sympathy for Śambūka and his disapproval of the rigour of the caste system.

– **Uttararamacaritam**; Ed. G. K. Bhat, introduction (p. 9).

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

"સંવિધાનની દૃષ્ટિએ પણ આ અંક એવો જ ક્ષતિપૂર્ણ જણાય છે. આટલી બધી વિગતો વિષ્કંભકમાં આપી તો બાકીની શમ્બૂકવધ અને રામની જનસ્થાનમાં પ્રવેશ્યા પછીની મનોદશાની વિગત પણ, લાંબા વિષ્કંભકમાં નાટ્યકાર સમાવી શક્યા હોત એમ વિચારી શકાય...બીજો અંક ભવભૂતિના સંવિધાનની કંઈક અંશે નબળી કડી લેખી શકાય.[૧૯]

ટૂંકમાં, જેવી રીતે કેવળ સીતાત્યાગની ઘટનાને રામના ઉત્તર જીવનની મુખ્ય ઘટના માનીને, વિદ્વાનોએ આખા ઉત્તરરામચરિતને સમજાવવાના પ્રયાસો કર્યા છે; અને તેના પરિણામે સાત અંકના આ નાટકમાં ચારથી છ સુધીના, કુલ ત્રણ અંકોને શિથિલ, અથવા તો સ્થૂળ કાર્યવેગવાળા, અને કવિના (પૂર્વોક્ત) કથયિતવ્યને નહીંવત્ જ સ્પર્શતા પ્રસંગોને માટે રોકાયા છે એમ કહ્યું છે; તેવી જ રીતે તેમણે બીજા અંકનું પણ મહત્ત્વ સૌથી ઓછું આંક્યું છે.

પરંતુ હવે એક અભિનવ દૃષ્ટિથી, આ બીજા અંકમાં આવતી જે શમ્બૂકવધની પુરાકથા (Myth) છે. તેનું પુનરર્થઘટન કે પુનર્નિર્માણ કરવાનો મહાકવિ ભવભૂતિએ જે ઉપક્રમ સ્વીકાર્યો છે, તેની ચર્ચા હાથ ધરીશું.

(૨.૦) પ્રાચીનતમ માન્યતાઓને વ્યક્ત કરતી અતિમાનવીય કથાઓને 'પુરાકથા' કે 'પુરાકલ્પન' (Myth) કહે છે. અથવા બીજી એક દૃષ્ટિએ કહીએ તો – પ્રાગ્ ઐતિહાસિક કાળના મનુષ્યોએ પોતાને થયેલા આ સૃષ્ટિના અનુભવોને જે અવૈજ્ઞાનિક કે અર્ધવૈજ્ઞાનિક રીતે, કથાના સ્વરૂપમાં વ્યક્ત કર્યા હોય, અથવા તેને માટે કોઈ રૂપકની યોજના કરી હોય તેને 'પુરાકથા' કે 'પુરાકલ્પન' કહે છે. ક્યારેક, કોઈ દેશવિશેષ કે જાતિવિશેષના લોકોના સમુદાયમાં કોઈક ઐતિહાસિક ઘટના બની જાય તો તેની પ્રતિક્રિયા રૂપે પણ માણસનું મન રૂપક યોજના કરીને, તે પુરાકથાને પેઢી દર પેઢી પોતાના વારસદારોમાં સંક્રાન્ત કરતો હોય છે.

ક્રાન્તદ્રષ્ટા કવિઓના હાથે કાલાન્તરમાં જ્યારે આવી પુરાકથાનું અર્થઘટન કે પુનર્નિર્માણ કરવામાં આવતું હોય છે ત્યારે તેમાંથી એક અપૂર્વ સાહિત્યસૃષ્ટિની રચના થતી હોય છે. આ દૃષ્ટિએ જોઈશું તો, મહાકવિ ભવભૂતિએ પણ રામાયણ-કાલિક શમ્બૂકવધની પુરાકથાનું જાણે રૂપક-રહસ્ય આપણી સમક્ષ ખોલી બતાવવા માટે જ 'ઉત્તરરામચરિત'ની અપૂર્વ નાટ્યસૃષ્ટિનું નિર્માણ કર્યું હોય એમ લાગે છે. આનું વિવરણ કરતાં પહેલા, ઉત્તરરામચરિત (ઉ.રા.ચ.)માં શમ્બૂકવધ પ્રસંગના કેટલા અને ક્યા ક્યા મુદ્દા નાટકમાં રજૂ કરવામાં આવ્યા છે તેનો પરિચય કરી લઈશું.

---

૧૯. **સંસ્કૃત નાટકોનો પરિચય**; ગ્રન્થકાર : ડૉ. તપસ્વી નાન્દી, યુનિ. ગ્રન્થ નિર્માણ બોર્ડ, અમદાવાદ (તૃતીયાવૃત્તિ) ૧૯૯૬, (પૃ. ૩૦૦).

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(૨.૧) બીજા અંકના આરંભે, શુદ્ધવિષ્કંભકમાં વાતચીત દરમ્યાન વનદેવતા વાસન્તીને આત્રેયી જણાવે છે કે રામે અશ્વમેધ યજ્ઞ આરંભ્યો છે અને લક્ષ્મણના પુત્ર ચન્દ્રકેતુને સેના લઈને, તે યજ્ઞના અશ્વની રક્ષા અર્થે મોકલવામાં આવ્યો છે. પણ તે સમયગાળામાં જ અયોધ્યાના રાજમહેલ ઉપર એક બ્રાહ્મણ પોતાના મૃતપુત્રને લઈ આવીને હૈયાફાટ રુદન કરવા લાગે છે. આ જોઈને, "રાજાના કોઈક અપચાર વિના પ્રજામાં અકાળ મૃત્યુ થતું નથી; તો ચોક્કસ મારો જ કાંઈક વાંક હશે" એમ વિચારીને કરુણામય બનેલા રામભદ્રે પોતાના દોષને શોધવા માંડ્યો. ત્યાં એકાએક આકાશવાણી થઈ કે–

शम्बूको नाम वृषलः पृथिव्यां तप्यते तपः ।
शीर्षच्छेद्यः स ते राम ! तं हत्वा जीवय द्विजम् ॥[२०] (૨–૮)

"આ પૃથિવી ઉપર શમ્બૂક નામનો કોઈક શૂદ્ર તપ તપી રહ્યો છે; તો હે રામ ! તે શિરચ્છેદને યોગ્ય છે, એને હણીને દ્વિજને જીવતો કરો." આથી એ શૂદ્ર તાપસને શોધવા રાજા રામ પુષ્પક વિમાનમાં બેસીને, દિશા-વિદિશાઓમાં ફરવા માંડે છે. – આ વર્ણનમાં, શૂદ્ર વ્યક્તિને તપનો અધિકાર નથી અને તેથી તે દંડનીય છે એ (તત્કાલીન) માન્યતા સ્પષ્ટપણે છતી થાય છે.

(૨.૨) બીજા અંકનો આરંભ થાય છે કે તરત જ વિમાનારૂઢ રામનો પ્રવેશ થાય છે. આ સમયે (કવિ ભવભૂતિ રંગસૂચનામાં કહે છે કે) દયાપૂર્ણ હૃદયવાળા રામભદ્રે હાથમાં ખડ્ગ ધારણ કરેલ છે; અહીં રામના શબ્દો ધ્યાનાસ્પદ છે :

हे हस्त दक्षिण मृतस्य शिशोर्द्विजस्य
जीवातवे विसृज शूद्रमुनौ कृपाणम् ॥ (૨–૧૦)[२१]

"હે (મારા, રામના) જમણા હાથ ! દ્વિજના મરી ગયેલા શિશુને જીવતો કરવા માટે, આ શૂદ્રમુનિ ઉપર કૃપાણ ઉગામ."

અહીં રામે કોઈક (૧) <u>'દ્વિજ'</u>ના અકાળે મરી ગયેલા બાળકને (૨) <u>જીવાડવા</u> માટે (૩) <u>શૂદ્ર મુનિની હિંસા</u> કરવાની વાત કરી છે – તેમાં ત્રણ અધોરેખાંકિત શબ્દો ધ્યાનાસ્પદ છે.

(૨.૩) શમ્બૂકની ઉપર કૃપાણનો પ્રહાર કર્યા પછી તરત જ રામના મનમાં પ્રશ્ન ઊઠ્યો છે કે – अपि जीवेत् स ब्राह्मणपुत्रः । " શું તે બ્રાહ્મણનો પુત્ર જીવતો થયો હશે ?" આના જવાબમાં દિવ્ય રૂપમાં પરિણત થયેલો શમ્બૂક ત્યાં <u>હાજર થાય છે; અને જાહેર કરે છે કે પેલો મૃત શિશુ સજીવન થયો છે અને</u>

૨૦. उत्तररामचरितम् । सं. गो. के. भट, घ पोप्युलर बुक स्टोर, सूरत, १९५३ (पृ. ४६).
૨૧. तत्रैव, (पृ. ४८)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પોતાની પણ આવી દિવ્ય રૂપમાં સમૃદ્ધિ થઈ છે. વળી, ધન્યતાનો ભાવ અનુભવતાં, તે રામને પ્રણામ કરતાં કરતાં બોલે છે કે –

अन्वेष्टव्यो यदसि भुवने भूतनाथः शरण्यो
माम् अन्विष्यन्निह वृषलकं योजनानां शतानि ॥ (२–१३)

"ત્રણેય ભુવનમાં શોધવા યોગ્ય એવા જે પરમાત્મા છે, તે મને—એક શૂદ્રને શોધતાં શોધતાં અહીં સેંકડો યોજનો દૂર આવી પહોંચ્યા છે" વગેરે. અહીં રામે કરેલા વધ થકી, શૂદ્રનું દિવ્ય પુરુષમાં રૂપાંતર થયાનું પણ નોંધનીય છે; અને તે રામને પ્રણામ કરતો કરતો નતમસ્તકે ઊભો છે તે પણ સ્મરણીય છે.

(૩.૦) વાલ્મીકિએ શમ્બૂકવધની જે પુરાકથા (Myth) રામાયણના ઉત્તરકાંડમાં ઉલ્લેખી છે, તેના અંતઃસ્તલમાં ઉતરીને મહાકવિ ભવભૂતિએ રામના ઉત્તરચરિતને તપાસ્યું છે; અથવા તો, બીજા શબ્દોમાં કહીએ તો ભવભૂતિએ શમ્બૂકવધના ફલિતાર્થ રૂપે રામના ઉત્તર જીવનને મૂલવ્યું છે. શમ્બૂકવધ સાથે સંકળાયેલા ઘટનાચક્રને ચાર ભાગમાં વહેંચીને ભવભૂતિએ તેનું રૂપકાત્મક અર્થઘટન કરી બતાવ્યું છે :

(૩.૧) આ કથામાં બતાવ્યું છે તેમ શૂદ્ર વ્યક્તિને તપનો અધિકાર નથી. પણ પ્રશ્ન થાય કે અહીં ક્યા શૂદ્રની વાત છે ? શૂદ્ર કોને ગણીશું ? તો વિચાર કરતાં એવું સૂઝે છે કે રામના ઉત્તર જીવનમાં પ્રજાજનોએ જ શૂદ્ર તરીકેનો ભાગ ભજવ્યો છે. પ્રજાજનોએ કોઈના અંગત જીવન વિશે જે નિંદાખોરીનું—સીતાવિષયક અપવાદ ફેલાવવા—નું કામ કર્યું, તે શૂદ્રત્વ હતું. પરગૃહવાસ કરનારી સ્ત્રીને રાજાએ પોતાના ઘરમાં ન રાખવી જોઈએ - એવું એવું બોલીને, પ્રજાજનોએ રાજકર્તવ્યમાં જે અનધિકૃત હિસ્સેદારી નોંધાવી તે થયો "શૂદ્રનો તપમાં અનધિકાર". આવા શૂદ્રત્વનો તો વધ જ કરવો પડે. અન્યથા કોઈક દ્વિજનો શિશુ અકાળે મૃત્યુ પામે જ. જે આ નાટકમાં પણ બનવા પામ્યું છે. જેમકે, રામે પ્રજાજનોને સીતાવિષયક ખોટી નિંદા ફેલાવતાં ન અટકાવ્યા, તો એના પરિણામે એમનાં જ બે સંતાનોનો પ્રસવ આશંકામાં મૂકાઈ ગયો. સીતાત્યાગને કારણે રામના બાળકો જન્મે એ પહેલાં જ, ગર્ભાવસ્થામાં જ મરી જાય એવી, દારુણ સ્થિતિનું નિર્માણ થયું.

(૩.૨) અનધિકૃત તપ કરી રહેલા શૂદ્રનો રામે વધ કર્યો – એ ઘટનાચક્રના બીજા તબક્કાને કવિએ પ્રસ્તુત નાટકની અંદર કેવી રીતે સાકાર થતો દર્શાવ્યો છે એ જોઈએ તો ત્રણ વાત ધ્યાનાસ્પદ બને છે. જેમકે, રામે પ્રજાનુરંજન માટે સીતાત્યાગ કરી દીધો અને પછી બાર—બાર વર્ષો સુધી મૂંગે મોંઢે રાજકાર્યમાં સદૈવ તત્પર રહ્યા; સીતાને માટે જાહેરમાં કે એકાંતમાં ક્યારેય વિલાપ પણ ન કર્યો.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પરંતુ અશ્વમેધ યજ્ઞના પ્રસંગે રામે ધર્મકાર્યાર્થે પણ બીજા લગ્ન નહીં કરીને, અને સીતાની જ હિરણ્મયી પ્રતિકૃતિને વામાંગે બેસાડીને – એ શૂદ્રત્વને પામેલા પ્રજાજનોને એક રીતે લપડાક જ મારી છે. આ પગલાથી તેમણે જાહેરમાં એ સૂચવી દીધું કે મારે મન તો સીતા પવિત્ર જ છે; એને મેં મારા હૃદયમાંથી કદાપિ સીતાને ત્યજી જ નથી. સીતાવિષયક પ્રજાની માન્યતાનો આ સીધો વધ જ હતો !

બીજું, સાતમા અંકના ગર્ભાંકમાં ભજવાતા નાટક દરમ્યાન વિશ્વંભરા પૃથિવી દેવી અને ભગવતી ભાગીરથી જ્યારે સીતાને ઉદ્દેશીને કહે છે કે – તારા સંગ થકી તો અમારા બેની પણ પવિત્રતા પ્રકર્ષને પામી રહી છે. (आवयोरपि, यत्संगात् पवित्रत्वं प्रकृष्यते ॥ ૭–૮) ત્યારે લક્ષ્મણ રામને કહે છે કે – आर्य, श्रूयताम् । પણ, રામ સામે કહે છે કે–शृणोतु लोकः । લોકો સાંભળે એ જરૂરી છે (કે સીતાની પવિત્રતા થકી તો પૃથિવી અને ગંગા નદીની પણ પવિત્રતા વધી રહી છે.) – રામના આ વાક્યમાં, રામનો પ્રજાજન તરફનો અમર્ષ જ વ્યક્ત થઈ રહ્યો છે; નિંદાખોર પ્રજાજનોના શૂદ્રત્વની ઉપર આ પણ એક વધુ, રામે કરેલો પ્રહાર છે.[૨૨] [આવી જ રીતે, ગર્ભાંકના અંતે અરુન્ધતી (અંક ૭, શ્લોક ૧૯ની ઉપરની ઉક્તિ) પૌરજાનપદોની નિર્ભર્ત્સના કરે છે, તે પણ શૂદ્રત્વને પામેલી પ્રજાનો અંતિમ વધ છે.]

(૩.૩) શમ્બૂકવધ પ્રસંગમાં, રામના પ્રહાર પછી શમ્બૂકનું દિવ્ય પુરુષમાં રૂપાંતર થાય છે, અને તે अन्वेष्टव्यो यदसि भुवने भूतनाथः शरण्यः .....બોલતાં બોલતાં રામને પ્રણામ કરતો નતમસ્તકે ઊભો રહે છે. બસ, એ જ રીતે, ૭મા અંકમાં, ગર્ભાંક પૂરો થયા પછી અરુન્ધતી નગરજનોને પૂછે છે કે વૈશ્વાનર અગ્નિએ જેના પુણ્યશાળી ચારિત્ર્યનો નિર્ણય કરી આપ્યો છે, દેવોએ જેની સંસ્તુતિ કરી છે અને જે દેવોની યજન ભૂમિમાંથી ઉત્પન્ન થયેલી છે તેવી આ સીતાદેવીનો સ્વીકાર કરવામાં આવે એ બાબતમાં તમારો શો મત છે ? ત્યારે લક્ષ્મણ નોંધે છે કે અરુન્ધતી વડે ઠપકો અપાયેલા આ પૌરજાનપદો અને સકલ ભૂતસમૂહ આર્યા સીતાને પ્રણામ કરી રહ્યો છે. આમ, પ્રજાની સીતા માટેની માન્યતા બદલાઈ; પ્રજાનું ઊર્ધ્વીકરણ થયું. શૂદ્રત્વનો વધ થતાં, આવેલું આ દિવ્ય પરિણામ છે; જેમ અનધિકૃત તપને અટકાવતાં શમ્બૂકનું દિવ્ય પુરુષમાં રૂપાંતર થયું હતું તેમ.

(૩.૪) રામે દ્વિજના મૃત શિશુને ફરીથી જીવતો કરવા (जीवातवे) શમ્બૂકનો

---

૨૨. નાટકમાં અન્યત્ર, રામે क्रथं दुर्जनाः पौरजानपदाः । (અંક ૧–૪૩ની નીચે) અને, हे भगवन्तः पौरजानपदाः....(૩-૩૨) કહીને, પ્રજાને માટે આક્રોશ વ્યક્ત થવા દીધો નથી. પણ ૭મા અંકમાં, તે દબાવી રાખેલો ભાવ ઉપર્યુક્ત સ્થળે બહાર નીકળી જ જાય છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

વધ કર્યો; અને તેના પરિણામે તે મૃતશિશુ પુનર્જીવન પામ્યો. તો આ નાટકમાં પણ, પ્રજામાનસ બદલાતાં લવકુશ વાલ્મીકિના પુત્રો—કે અન્તેવાસી તરીકે પહેલાં પ્રસિદ્ધિ પામેલા; પણ પછીથી રામ-સીતાના સંતાનો તરીકે નવું— સાચું—અભિજ્ઞાન/દ્વિજત્વ પ્રાપ્ત કરે છે ! કરુણામય બનેલા રામે કોઈક દ્વિજના મૃત શિશુને જો ફરીથી જીવતો કરવા શમ્બૂકવધ કરવા રૂપ પુણ્યકર્મ કર્યું હોય તો, એમનાં પોતાનાં સંતાનો, કે જે ગર્ભાવસ્થા દરમ્યાન જ—જન્મ પામ્યા પૂર્વે જ—અંધારામાં ધકેલાઈ ગયા હતા તે પણ પુનર્જીવિત થવાં જ જોઈએ – એવી કર્મફળના સિદ્ધાન્તની માંગણી છે; અથવા કહો કે કવિ ભવભૂતિનું આ 'દર્શન' છે.

(૪.૦) "તું હજુ બાળક છે અને તારે માટે રાજ્ય નવું છે, માટે તું પ્રજાનું અનુરંજન કરવામાં તત્પર રહેજે" એવી વસિષ્ઠે મોકલેલી આજ્ઞાને રામે પૂરેપૂરી માથે ચઢાવી છે અને તેથી પૌરજાનપદોએ ફેલાવેલા અપવાદને કારણે રામે સીતાત્યાગ કર્યો છે. બસ, પણ તેવી જ રીતે કોઈ દ્વિજના મૃત શિશુને જીવાડવા રાજા રામે શમ્બૂકવધ કર્યો છે. એટલે કે વસિષ્ઠની આજ્ઞાથી પ્રેરાઈને રામે પ્રજારાધનનાં એક નહીં, બે કાર્યો કર્યાં છે. આમ શમ્બૂકવધ-પ્રસંગ એ રામના ઉત્તરજીવનની બીજી ઘટના પણ એક અતિ મહત્ત્વની ઘટના છે એમ ભવભૂતિએ જોયું છે. આ બીજી ઘટના ધ્યાન ઉપર જ ન લેવાય એ નાટ્યવિવેચનને ન શોભે એવી વાત છે. કેમકે નાટક જેવી સમયબદ્ધ કલાને જ્યારે કોઈ કવિ પોતાના કથયિતવ્યને મૂર્તિમંત કરવા હાથ ઉપર લેતો હોય છે ત્યારે તે પોતાના નાટકમાં કશુંય બીનજરૂરી તો મૂકી જ ન શકે – અથવા મૂકતો હોતો નથી – એ મુદ્દો તો સૌએ સ્વીકારેલો જ છે. છતાંય કમનસીબે શમ્બૂકવધના પ્રસંગને અદ્યાવધિ ગંભીરતાપૂર્વક ધ્યાન ઉપર લેવાયો જ નથી; અને એને નિમિત્તે ભવભૂતિના સંવિધાનની કેટલીક ક્ષતિઓ પણ ઉદ્ભાવિત કરવામાં આવી છે. આ બાબતે કવિ ભવભૂતિને ઘણો અન્યાય કર્યો છે. કેમકે રામને પોતાના ઉત્તર જીવનમાં સીતાત્યાગનું પગલું ભરવું પડ્યું એ જો રાજકર્મ હતું, તો તેમણે કરેલો શમ્બૂકવધ પણ એક બીજા રાજકર્મનો જ ભાગ હતો. જ્યારે સીતાએ 'શમ્બૂકવધ માટે રામ પંચવટીમાં આવ્યા છે' એમ સાંભળ્યું, ત્યારે તેણે તરત જ એવો જ પ્રતિભાવ આપ્યો છે કે – दिष्ट्या अपरिहीनराजधर्मः खलु स राजा । (૩—૮ની ઉપર) આમ, સીતા પણ શમ્બૂકવધને રામના રાજકર્મ રૂપે જુવે છે અને તેને અભિનંદે પણ છે.

આમ રામના ઉત્તરજીવનમાં એક નહીં, પણ બે ઘટનાઓને કેન્દ્રમાં રાખીને નાટકની મૂલવણી કરવી જોઈએ. જેવી રીતે સીતાત્યાગ અને તજ્જન્ય વિરહ કે શોક એ નાટ્યનો વિષય બન્યા છે. તેવી જ રીતે શમ્બૂકવધ રૂપ રાજકર્મ અને તજ્જન્ય પુણ્યના બળે કરી રામને માતા સહિતના પુત્રોની પ્રાપ્તિ કરાવી આપે

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

એ પણ નાટ્યનો વિષય બનવા જ જોઈએ – એ આપણા નાટ્યકવિનું દર્શન છે. આમ ઉ.રા.ચ. નાટકની રચના માટે ભવભૂતિના મનમાં જો શમ્બૂકવધની કથા પણ એટલી જ મહત્ત્વની હોય તો તે શમ્બૂકવધ પ્રસંગનાં નાટ્યગત પરિણામો પણ નાટકનો વિષય બનીને સાતેય અંકમાં પ્રસરેલા છે કે નહીં ? તે પણ તપાસનો વિષય બનવો જોઈએ. હવે આપણે મૃતશિશુના પુનર્જીવનનો મુદ્દો લઈને ઉ.રા.ચ.ના સાતેય અંકની સમીક્ષા કરીશું.[૨૩]

(૪.૧) મહાકવિ ભવભૂતિએ ઉ.રા.ચ.માં પુત્રજન્મ અને તેમના પુનર્જીવનની ઘટનાને પણ ખૂબ મહત્ત્વની ગણી છે. કેમકે એ ઘટના (જ) એવી છે કે જેને નિરપવાદપણે સાતેય અંકમાં વ્યાપેલી બતાવી શકાય છે.

પ્રથમ અંકના આરંભે, ઋષ્યશૃંગના આશ્રમેથી આવેલા અષ્ટાવક્ર વસિષ્ઠનો સંદેશો પાઠવે છે. તેમાં સૌથી પહેલાં સીતાને આશીર્વાદ આપતાં કહે છે : तत् किम् अन्यद् आशास्महे ? केवलं वीरप्रसवा भूयाः । ("અમે તો બીજા શેની આશા રાખીએ ? કેવળ વીર (પુત્ર/પુત્રો)ને જન્મ આપનારી (તું) થા.") ત્યાર પછી ચિત્રવીથિકામાં રામ–સીતા પોતાના પૂર્વજીવનનાં ચિત્રો જોવાનું શરૂ કરે છે ત્યારે સૌથી પહેલું જૃમ્ભકાસ્ત્રોનું ચિત્ર મૂક્યું છે, તેને જોઈને રામે કહ્યું હતું કે – सर्वथेदानीं त्वत् प्रसूतिम् उपस्थास्यन्ति ॥ "આ જૃમ્ભકાસ્ત્રો, હવે પછી, બધી રીતે તારી સંતતિની સેવામાં હાજર રહેશે." આમ પ્રથમ અંકથી માંડીને જ રામ-સીતાના પુત્ર (પુત્રો) તરફ ઇશારો શરૂ થઈ ગયો છે.

(૪.૨) બીજા અંકના પ્રારંભે મૂકેલા શુદ્ધવિષ્કંભકમાં, વનદેવતા વાસન્તી વાલ્મીકિના આશ્રમેથી આવી રહેલી આત્રેયી જોડે વાતચીત કરે છે. તે જણાવે છે કે વાલ્મીકિના આશ્રમમાં સ્તનપાન છોડાવેલાં બે બાળકોને કોઈક દેવતા આવીને આપી ગયાં છે; અને તેમનાં નામ 'કુશ'-'લવ' રાખવામાં આવ્યાં છે; એમને જન્મથી જ જૃમ્ભકાસ્ત્રો સિદ્ધ છે. વળી, તેઓ ભણવામાં એટલા કુશાગ્ર બુદ્ધિના છે કે મારા આત્રેયીના જેવાનો એ બેની સાથે, સહપાઠી તરીકે, મેળ પડતો નથી. એટલે હું વાલ્મીકિનો આશ્રમ છોડીને અગસ્ત્ય–લોપામુદ્રાનો આશ્રમ શોધતી શોધતી અહીં આવી છું" (न हि एताभ्याम् अतिप्रदीप्तप्रज्ञामेधाभ्याम् अस्मदादेः सहाध्ययनयोगोऽस्ति ।)

---

૨૩. કવિ શ્રી ઉમાશંકર જોશીએ સાહિત્યકૃતિના વિવેચનના પ્રાણભૂત સિદ્ધાંત તરફ અંગુલિનિર્દેશ કરતાં લખ્યું છે કે – ખરું જોતાં કવિદર્શન નિઃશેષપણે તંતોતંત રજૂ થતું હોય તો તે એણે નિર્મેલી સમગ્ર કાવ્યકૃતિ દ્વારા. કાવ્યકૃતિથી નોખું એવું કવિનું દર્શન નિર્દેશી શકાય કે કેમ એ પ્રશ્ન છે. – જુઓ : **ઉત્તરરામચરિત**, અનુ. ઉમાશંકર જોશી, ગૂર્જર ગ્રન્થરત્ન કાર્યાલય, અમદાવાદ, બીજી આવૃત્તિ, ૧૯૫૮, (પ્રસ્તાવના, પૃ. ૧૯). અલબત્ત, શ્રી જોશી ઉ.રા.ચ.ના વિવેચનમાં આ સિદ્ધાન્તનું નિર્વહણ કરી શક્યા નથી !

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(૪.૩) ત્રીજા અંકના વિષ્કંભકમાં પણ તમસા અને મૂરલા નામની બે નદીઓનો જે સંવાદ મૂક્યો છે, તેમાં લક્ષ્મણે સીતાને વાલ્મીકિના આશ્રમ પાસે ત્યજી દીધાં પછી, પ્રસવ–વેદના ઊભી થતાં સીતાએ ગંગાના પ્રવાહમાં પડતું મૂક્યું અને ત્યાં જ બે બાળકોને જન્મ આપ્યાની વાત ઉલ્લેખાઈ છે. પછી ગંગાદેવીએ મહર્ષિ વાલ્મીકિને એ બે બાળકો સોંપી દીધા સુધીની ભૂતકાલિક કથા તમસાએ મૂરલાને જણાવી છે. તે પછીના વર્તમાન સંદર્ભોની વાત પણ તમસાએ મૂરલાને કહી છે. જેમકે, પંચવટીમાં પ્રવેશેલા રામભદ્રને પરોક્ષમાં આશ્વાસન આપવા માટે ગંગાદેવીએ સીતાને અહીં હાજર કરવા એક બહાનું બનાવ્યું છે. જેમકે,

"આયુષ્માન્ કુશ અને લવની આજે બારમી વર્ષગાંઠ છે; તો વૈવસ્વત મનુના વંશના પ્રવર્તક સવિતા દેવની સીતાએ પોતાના હાથે ચૂંટેલાં પુષ્પોથી પૂજા કરવી જોઈએ." આથી સીતાને ગોદાવરીના ધરામાંથી બહાર કાઢીને, તમસાની જોડે પંચવટીના પ્રદેશોમાં ફરવા મોકલવામાં આવે છે. – આમ રામના બે પુત્રોની આજે બારમી વર્ષગાંઠ છે તેનો ઉલ્લેખ શુદ્ધ–વિષ્કંભકમાં પણ થયો છે.

તે પછી, ત્રીજા અંકના મુખ્ય દશ્યમાં પણ આ પુત્રોની હાજરી કવિએ બહુ કલાત્મક રીતે ઉપસાવી છે : આરંભે નેપથ્યમાંથી બોલાય છે કે સીતાદેવીએ ઉછેરેલો જે કરિકલભ છે, તેની ઉપર કોઈક ઉદ્દામ દ્વિરદપતિએ હુમલો કર્યો છે. આ સાંભળતાંની સાથે જ સીતાના મુખમાંથી પરિત્રાણ માટે સહસા બૂમ નીકળી જાય છે : आर्यपुत्र, परित्रायस्व परित्रायस्व मम तं पुत्रकम् । "આર્યપુત્ર, બચાવો બચાવો મારા તે વહાલા દીકરાને." થોડી વારે એ સમાચાર પણ વાસન્તી આપે છે કે સીતાએ ઉછેરેલો એ ગજબાળ વિજયી પૂરવાર થયો છે; અને પછી રામ નોંધે છે કે તેણે કાન્તાનુવૃત્તિ કેવી રીતે કરવી એનું ચાતુર્ય પણ શીખી લીધું છે !

આ પ્રસંગ-યોજના દ્વારા કવિએ, વિપરીતલક્ષણા દ્વારા માતા તરીકે સીતાના ચિત્તમાંથી વિસારે પડી ગયેલાં એના સંતાનોની યાદ તાજી કરાવી દીધી છે. સીતા તમસાને પૂછી કાઢે છે કે – भगवति तमसे, अयं तावद् ईदृशो जातः । तौ पुनर्न जानामि कुशलवावेतावता कालेन कीदृशौ संवृत्ताविति ॥ (૩–૧૬ ની નીચે) "હે ભગવતી તમસા ! આ (કરિકલભ) જો આવડો મોટો થઈ ગયો છે, તો આટલા લાંબા સમયે મારા તે કુશ–લવ કેવડા મોટા થઈ ગયા હશે ? એ હું જાણતી નથી."

૦ ૦ ૦

સીતાએ ઉછેરેલો મયૂરને નૃત્ય કરતો જોઈને, રામ શ્લોક ૩–૧૯માં કહે છે કે – सुतमिव मनसा त्वां वत्सलेन स्मरामि । કવિ રામના પણ અસંપ્રજ્ઞાત મનમાં, આ કરિકલભ અને મયૂરના નિમિત્તે સીતાના પુત્રોનું સ્મરણ જન્માવવા કોશિશ કરે છે.

૦ ૦ ૦

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અન્ય વિદ્વાનો કહે છે તેમ સીતાના મનનું સમાધાન કે રામના મનમાં મરી ગયેલી માની લીધેલી સીતાને માટેનો પ્રેમ અ-મૃત છે – એ ત્રીજા અંકનું કાર્ય છે તો, તેનેય **ઘડીભર** સ્વીકારી લઈએ તો પણ, તે બેના પુત્રોના વિવિધ રીતે ઉલ્લેખો થતા રહ્યા છે એ વાત નોંધ્યા વિના અને સ્વીકાર્યા વિના કેવી રીતે રહી શકાય ?

સૂક્ષ્મેક્ષિકાથી વિચારતાં આ ત્રીજા અંકમાં ખરેખર તો દ્વિમુખી કાર્ય પ્રવર્તી રહ્યું હોય એમ સ્પષ્ટ છે : એક તો, કરિકલભ અને મયૂરના પ્રસંગો દ્વારા બાર–બાર વર્ષથી રસાતળમાં જઈને બેઠેલી સીતાને, એના આર્યપુત્રની હાજરીમાં, એના પોતાના બે પુત્રોની યાદ તાજી કરાવવી–એ પ્રધાનકાર્ય છે. અને બીજું, સીતાના વિરહમાં, બલ્કે શોકમાં, વારેવારે મૂર્ચ્છિત થતા રામને સીતાના સંજીવની સમા કરસ્પર્શથી ભાનમાં આણવા, અને એ દ્વારા, જેણે સીતાને મરી ગયેલી જ માની લીધી છે તે રામના મનમાં "કદાચ સીતા જીવતી હશે" એવો વ્હેમ–એવી આશંકા – ઊભી કરવા[૨૪] માટે આ અંકનું નિર્માણ થયું છે. ટૂંકમાં, કવિએ રામ-સીતાને થનારી પુત્રપ્રાપ્તિની વિગત પોતાની આંખ સામેથી ક્યાંય દૂર રાખી નથી – એ વાત ત્રીજા અંકના સંદર્ભમાં પણ અત્યંત ધ્યાનાસ્પદ છે.

(૪.૪) ઉ.રા.ચ.ના ચોથા અંકમાં જનક અને કૌસલ્યાનું મિલન, કે જે શરૂઆતની ક્ષણોમાં ક્ષોભ અને સંક્ષોભકારી બન્યું છે, તે પછીની ક્ષણોમાં લવની હાજરી થકી જ આહ્લાદજનક બની ગયું છે. આશ્રમમાં રમતાં બટુઓની વચ્ચે લવને જોઈને, કૌસલ્યાને તરત જ થાય છે કે રામભદ્રની આકૃતિને મળતો આ કિશોર કોણ છે ? તે ક્ષણે અરુન્ધતી પણ એક અપવાર્ય ઉક્તિમાં બોલે છે કે – इदं नाम तद्भागीरथीनिवेदितरहस्यं कर्णामृतम् । न त्वेवं विद्मः कतरोऽयमायुष्मतोः कुशलवयोरिति ॥ અંદરખાનેથી અરુન્ધતીને ભાગીરથી પાસેથી બધી વાત જાણવા મળી જ ગઈ છે કે સીતાને કુશ અને લવ નામના બે પુત્રો જન્મ્યા છે, જે વાલ્મીકિના આ આશ્રમમાં જ ઉછરી રહ્યા છે. જનક અને કૌસલ્યા એ જાણવા ઘણાય પ્રયત્ન કરે છે કે આ લવના માત-પિતા કોણ છે, પણ લવ પોતાની કોઈ માતા નથી, અને પોતે વાલ્મીકિનો છે એટલું જ કહીને, અન્ય બાળકો સાથે ઘોડો જોવા જતો રહે છે. આમ ચોથા અંકમાં પણ સીતાનાં સંતાનોની વાત સતત સાંભળવા મળે છે; (જો કે બીજું કશું રહસ્ય ઉઘડવા પામતું નથી.)

(૪.૫) પાંચમા અંકમાં તો લક્ષ્મણપુત્ર ચન્દ્રકેતુ અને લવ વચ્ચેના યુદ્ધનો સંરમ્ભ જોવા મળે છે. લવને બાણવૃષ્ટિ કરતો જોઈને સારથિ સુમન્ત્રને બાલ

---

૨૪. हा धिक् प्रमादः ।

करपल्लवः स तस्यां सहसैव जडो जडात्परिभ्रष्टः ।

परिकम्पिनः प्रकम्पी करान्मम स्विद्यतः स्विद्यन् ॥ उ.रा.च. (३–४१)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

રઘુનંદનની યાદ આવી જાય છે : धृतधनुषं रघुनन्दनं स्मरामि ॥ (ઉ.રા.च. પૂ. ૪) યુદ્ધ દરમ્યાન લવે રામની સેના ઉપર જૃમ્ભકાસ્ત્રનો પ્રયોગ પણ કરી નાખ્યો; તેથી સુમન્ત્ર વળી વિચારે ચઢે છે કે માત્ર રામની જ પાસે જે અસ્ત્રો હતાં, તે આ લવની પાસે કેવી રીતે આવ્યાં હશે ? વળી, સુમન્ત્રને થાય છે કે લવમાં જોવા મળતો દર્પ અને સૌજન્યનો આવો સુન્દર સમન્વય જો ઈક્ષ્વાકુ વંશના રાજા રામ જુવે તો આની ઉપર સ્નેહથી વરસી પડે. આમ ચોથા અંકની જેમ પાંચમા અંકમાં પણ લવ પ્રત્યક્ષ રંગભૂમિ ઉપર જોવા મળે છે; બલ્કે ચોથા અને પાંચમા અંકના મુખ્ય પાત્ર તરીકે જ, સીતાના બે સંતાનમાંનો એક, લવ કેન્દ્રસ્થાને આવીને ઊભો રહે છે.

(૪.૬) છઠ્ઠા અંકના મિશ્રવિષ્કંભકમાં વિદ્યાધર અને તેની પત્ની વિદ્યાધરી આકાશમાંથી નીચે પૃથિવી ઉપર ચાલતા લવ અને ચન્દ્રકેતુના યુદ્ધને વર્ણવે છે. મુખ્ય દશ્યમાં તો શમ્બૂકવધ કરીને પાછા ફરી રહેલા રામ વાલ્મીકિના આશ્રમમાં પોતાના વિમાનને ઉતારે છે અને પહેલાં લવ અને ચન્દ્રકેતુને મળે છે; અને પછી કુશને પણ મળવા પામે છે. જાણે પેલા દ્વિજના મૃતશિશુને જીવતો કરી આપ્યાના ફળ રૂપે જ પોતાના પુત્રોને જોવા–મળવાનું સૌભાગ્ય પ્રાપ્ત કરે છે. પણ આ લવ-કુશ કોણ છે, કોનાં સંતાન છે એ તો તેઓ છેક સુધી જાણી શકતા નથી.

અલબત્ત, રામ આ બાળકોમાં સીતાની પ્રતિકૃતિ પ્રતિબિંબિત થયેલી જુવે છે; એમને સ્વતઃ પ્રકાશિત થયેલાં જૃમ્ભકાસ્ત્રોની વાત સાંભળે છે; સીતાને વાલ્મીકિના આશ્રમ પાસે જ લક્ષ્મણે છોડી હતી – એ વાતનું સ્મરણ પણ કરે છે અને પોતે જ પહેલાં સીતાનો ગર્ભ દ્વિધા સંતાનવાળો છે એમ જાણ્યું હતું – તે બધુંય વિચારે છે. પણ ક્યા ઉપાયે પૂછવું કે આ બે બાળકો કોના છે ? કારણ કે બાળકોને ય ખબર નથી કે ખરેખર એમની માતા કોણ છે; એમના પિતા કોણ છે ? તેઓ તો પોતે કોના અન્તેવાસી છે એટલું જ જાણે છે ! આમ છઠ્ઠા અંકના અંતે રામનો મૂંઝારો અકબંધ રહે છે.

(૪.૭) સાતમા અંકના આરંભે લક્ષ્મણ જણાવે છે કે વાલ્મીકિએ પોતાના રામાયણના એક અપ્રકાશિત ભાગનું ભરતમુનિ પાસે નાટ્યરૂપાંતર કરાવીને, તેનું રંગભૂમિ ઉપર મંચન ગોઠવ્યું હતું. આ ગર્ભાંકમાં, સીતાને ત્યજી દીધા પછી શું શું થયું હતું ? તે સૌને માટે અજ્ઞાત એવો ભૂતકાળનો પ્રસંગ નાટ્યસ્વરૂપે ભજવી બતાવવામાં આવે છે; અને તેના પ્રેક્ષક બનેલા રામ-લક્ષ્મણાદિ જાણવા પામે છે કે સીતાને જે જોડકાં પુત્રો જન્મ્યા હતા, તે એમની આજુબાજુ બેઠેલા લવ-કુશ જ છે !

આમ શમ્બૂકવધ પ્રસંગ એ રામના ઉત્તર જીવનની બીજી એક મહત્ત્વની ઘટના છે; અને તે ઘટનાના ફલિતાર્થ રૂપે જ તેમને તેમનાં સંતાનો પાછાં મળે છે. આ સંતાનોનું અસ્તિત્વ કેવી કલાત્મક રીતે રંગભૂમિ ઉપર ધીમે ધીમે

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

આવિષ્કાર પામતું જાય છે તે બતાવવા માટે કવિએ ત્રીજાથી સાતમા અંક સુધીની નાટ્યસૃષ્ટિ રચી છે.

(૫.૦) રામના ઉત્તર જીવનની અંદર એમણે વસિષ્ઠની આજ્ઞાના અનુસંધાનમાં બે મુખ્ય રાજકર્મો કર્યાં : (૧) સીતાત્યાગ અને (૨) શમ્બૂકવધ. કવિ ભવભૂતિએ આ બન્ને ઘટનાઓનાં નાટ્યાત્મક પરિણામો – જેવાં કે, ૧. સીતાનો વિરહ અને તજ્જન્ય શોક; તથા ૨. અનધિકૃત તપ કરતાં શૂદ્રનો વધ અને તજ્જન્ય પુણ્ય થકી દ્વિજશિશુને મળેલું પુનર્જીવન–ને રંગમંચ ઉપર કલાત્મક રીતે મૂકી આપવા માટે એક ભવ્ય નાટ્યસૃષ્ટિનું નિર્માણ કર્યું છે. અહીં ભવભૂતિને એક પુરાકથા રૂપે શમ્બૂકવધ પ્રસંગ વાલ્મીકિના રામાયણમાંથી પ્રાપ્ત થયો હતો, તે (Myth)નું ભવભૂતિએ જાણે પુનર્નિર્માણ કરવા માટે જ ઉ.રા.ચ.ના ચારથી સાત અંકોની રચના કરી છે.

રામે શમ્બૂકવધનું જે પુણ્યકર્મ એમના ઉત્તર જીવનમાં કર્યું તેનું ફળ દ્વિગુણિત થઈને એમના અંગત જીવનમાં આવે છે ! પેલા અયોધ્યાના રાજમહેલ ઉપર ઉભેલા દ્વિજને તો મૃતપુત્રની જ સમસ્યા હતી. પણ રામને તો પત્ની પણ અજ્ઞાતસ્થળે, બલ્કે રસાતળમાં જઈને બેઠી હતી. તેને પણ પાછી અપાવવી જોઈએ. આથી કવિએ નાટકના અંતે માતા સહિતના પુત્રોની પ્રાપ્તિ થાય છે એમ બતાવીને કૃતિનો સુખાંત પણ વિચાર્યો છે. ઉ.રા.ચ.ને જોતાં પેલું વાક્ય સાચું લાગે છે કે Myth is a substructure of poetry.

(૫.૧) શમ્બૂકવધ પ્રસંગની પુરાકથા (Myth)ના પુનરર્થઘટન કે પુનર્નિર્માણ રૂપે જો ઉ.રા.ચ.ની નાટ્યસૃષ્ટિને – સાત અંકની; અથવા ૪ થી ૭ સુધીના અંકોની રચનાને – તપાસીશું તો શમ્બૂકવધ પ્રસંગના અનુસન્ધાનમાં વિદ્વાનોએ જોયેલા દોષો નિર્મૂળ થઈ જશે; તથા "કુમારપ્રત્યભિજ્ઞાનનો ભાર પાછળના ચાર અંકોને ઉઠાવવો પડ્યો છે "[૨૫] એવાં, મહાકવિ ભવભૂતિને અન્યાય કરતાં વિધાનોનો પણ પરિહાર થઈ જશે.

(૫.૨) રામના ઉત્તર જીવનમાં એકલી સીતાત્યાગની ઘટના જ નહીં, પણ

---

૨૫. This was the psychological problem which he deliberately proposed to himself in this play, especially in the first three acts. The complicated chain of events leading to the actual reunion and the recognition of the princes forms the burden of the last four acts. – See : **Rama's Later History**. Part–I (The Harvard Oriental Series. Vol. 21) Ed. & Trans. by S. K. Belvalkar. Cambridge. 1915 (introduction. P. Lxxviii)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

શમ્બૂકવધની બીજી ઘટના પણ ઉ.રા.ચ.ના કેન્દ્રવર્તી વિષય તરીકે કવિએ સ્વીકારેલી છે એમ જોવાથી, બીજા પણ એક કૌતુકભર્યા, અને છતાંય સૌ વિદ્વાનોને મુંઝવનારા પ્રશ્નનું સમાધાન થઈ જાય છે. જેમકે, ઉ.રા.ચ. તે શોકજનિત કરુણરસ પ્રધાનકૃતિ હોવા છતાંય, સુખાંતમાં કેમ પરિણમી છે ? તે પ્રશ્નના જવાબમાં પણ રામના ઉત્તર જીવનની બે ઘટનાઓને જો સરખું જ મહત્ત્વ આપીએ તો એ બન્ને નિરૂપણોનો પણ સંતોષકારક જવાબ મળી રહે છે.

o o o

(૬.૦) ભવભૂતિએ રામના ઉત્તર જીવનની જે બે ઘટનાઓ (જેવી કે – ૧. સીતાત્યાગ, અને ૨. શમ્બૂકવધ પ્રસંગ)ને નોંધપાત્ર ગણીને 'ઉત્તરરામચરિત'ની નાટ્યસૃષ્ટિનું નિર્માણ કર્યું છે; તેમાંની બીજી, એટલે કે શમ્બૂકવધની ઘટના એમના પુરોગામી સાહિત્યમાં કેવી રીતે–કઈ વિગતો સાથે – નિરૂપાઈ છે તેનો તુલનાત્મક અભ્યાસ પણ કરવો જોઈએ. કેમકે એવા અભ્યાસ થકી ભવભૂતિની કલ્પનાશક્તિ અને સર્જનશક્તિનો પ્રકર્ષ ઉદ્‌ઘાટિત થશે.

(૬.૧) વાલ્મીકિના 'રામાયણ'માં યુદ્ધકાણ્ડની પાછળ આવેલા ઉત્તરકાણ્ડમાં રામના ઉત્તર જીવનની ચારેક મહત્ત્વની ઘટનાઓ વર્ણવવામાં આવી છે. જેમકે, ૧. સીતાત્યાગ, ૨. લવણાસુરનો ત્રાસ અને શત્રુઘ્નને તે કામમાં નિયુક્ત કરવો (અધ્યાય : ૬૬–૭૨), ૩. શમ્બૂકવધ (અધ્યાય : ૭૩–૭૬), ૪. અશ્વમેધ યજ્ઞ અને ૫. સીતાનું પૃથિવીમાં સમાઈ જવું.

આમાંથી, શમ્બૂકવધની જે ઘટના છે તે ઉત્તરકાણ્ડના ૭૩ થી ૭૬ સર્ગમાં વર્ણિત છે. અયોધ્યામાં કોઈક બ્રાહ્મણનો પુત્ર અકાળે મરણ પામ્યો અને તેણે રામના રાજમહેલ ઉપર આવીને આક્રંદ શરૂ કર્યું. પોતાના પુત્રના અકાળ મૃત્યુ માટે તેણે રામને જ દોષિત જાહેર કર્યા (ઉત્તરકાણ્ડ : ૭૩–૧૦). આ પછી વસિષ્ઠાદિ આઠ ઋષિઓ આવે છે અને તેમાંના એક નારદે પૃથિવી ઉપર કોઈક શૂદ્ર તપ કરે છે, એને હણવો જોઈએ એવી સલાહ આપી. (ઉત્તરકાણ્ડ : ૭૪–૨૮). રામ મૃતબાળને સાચવી રાખવાનું કહીને વિમાનારૂઢ થયા અને ત્રણ દિશામાં તપાસ કર્યા પછી છેલ્લે દક્ષિણ દિશામાં આગળ વધે છે અને શૂદ્ર તાપસને શોધી કાઢે છે. (ઉત્તરકાણ્ડ : ૭૫–૧૪). પૂછપરછ કરતાં રામ જાણે છે કે આ શૂદ્રયોનિમાં જન્મેલો શમ્બૂક નામનો વ્યક્તિ છે, રામે તેનો તરત જ, કોઈપણ પ્રકારના ખચકાટ વિના, વધ કરી નાખ્યો. (ઉત્તરકાણ્ડ : ૭૬–૩૪)

न मिथ्याहं वदे राम देवलोकजिगीषया ।
शूद्रं मां विद्धि काकुत्स्थ शम्बूकं नाम नामतः ॥ (७६–३)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

भाषतस्तस्य शूद्रस्य खड्गं सुरुचिरप्रभम् ।
निष्कृष्य कोशाद् विमलं शिरश्चिच्छेद राघवः ॥ (७६–४)[२६]

આ પછી, સ્વર્ગલોકના ઇન્દ્રાદિ દેવો પ્રસન્ન થયા અને તેમણે રામની ઉપર પુષ્પવૃષ્ટિ કરી. દેવોને એ વાતનો ભય હતો કે જો આ શૂદ્ર તાપસ તપમાં સફળ થશે, તો સશરીર સ્વર્ગમાં રહેવા આવી જશે ! તેથી તેનો વધ કરવામાં આવતાં બધા દેવો રામની ઉપર રાજી થયા અને વરદાન માંગવા કહ્યું. રામે વરદાન રૂપે પેલા મૃતશિશુનું પુનર્જીવન માંગી લીધું. (૭૬–૧૦). દેવોએ રામને તે વરદાન આપ્યું; અને રામને પોતાની જોડે અગસ્ત્યના આશ્રમે આવવાનું સૂચન કર્યું. આમ, વાલ્મીકીય રામાયણમાં શમ્બૂકવધનો પ્રસંગ રામના ઉત્તર જીવનમાં બનેલી એક, પૂર્વાપર સંદર્ભ નિરપેક્ષ એવી, ઘટના રૂપે જ મૂકાયેલ છે. એટલે કે, રામના અંગત જીવનમાં બનેલી ઘટના જોડે એને ક્યાંય સાંકળવામાં આવેલ નથી. રામે, સીતાત્યાગની ઘટનાના આઘાતોથી નિર્લિપ્ત રહીને જ, રાજા તરીકેની પોતાની અનેક જવાબદારીઓમાંની એક જવાબદારી રૂપે જ શમ્બૂકનો વધ કર્યો છે. એટલે કે રામાયણમાં શમ્બૂકવધ પ્રસંગે રામે શૂદ્રનો વધ કરવાની પળે કોઈ પ્રકારની વિડંબનાનો ભાવ અનુભવ્યો નથી. કવિ વાલ્મીકિએ રામને "શૂદ્રનો ત્રેતાયુગમાં અધિકાર નથી; માટે તે વધ્ય છે". એટલા નારદે આપેલા વિચારમાત્રથી પ્રેરાયેલા વર્ણવ્યા છે. જ્યારે કવિ ભવભૂતિએ શમ્બૂકવધની પળે રામના મનમાં ઉઠતા જે ભાવોને શબ્દબદ્ધ કર્યા છે તેનું વિશ્લેષણ કરીશું તો તે ઘણું બધું કહી જાય છે. પહેલાં, રામના શબ્દો જોઈશું :

रे हस्त दक्षिण मृतस्य शिशोर्द्विजस्य
जीवातवे विसृज शूद्रमुनौ कृपाणम् ।
रामस्य गात्रम् असि निर्भरगर्भखिन्न-
सीताविवासनपटोः करुणा कुतस्ते ॥

ઉત્તરરામચરિત : ૨–૧૦

રામ જ્યારે પોતાના હાથને સંબોધીને, તેને કૃપાણ ચલાવવાનું કહે છે ત્યારે તે અંદરખાનેથી, પોતાની જ જાતથી કેવા વિખુટા પડી ગયા છે તેનું દર્દજનક ચિત્ર ઉપસી આવે છે. રામને માટે સીતાનો વિરહ કેટલી હદે અસહ્ય બન્યો છે તે અહીં દેખાઈ આવે છે. વળી, એ અસહ્ય સ્થિતિમાંથી રામના મનમાં નરી આત્મનિર્ભર્ત્સના જન્મે છે. રામે પોતાના હાથને કરેલા સંબોધનમાંથી આવો ધ્વનિ

૨૬. श्रीमद्वाल्मीकीय रामायण; (द्वितीय भाग), गीता प्रेस, गोरखपुर, सं. २०५४, १८ संस्करण, पृ. ७७५.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

નીકળે છે તેમ સૌ વિદ્વાનોએ વિચાર્યું છે. પરંતુ આ શ્લોકમાં રામે પોતાને માટે જે વિશેષણ પ્રયોજ્યું છે – निर्भरगर्भखिन्नसीताविवासनपटोः रामस्य (गात्रम् असि)– તે રામના જીવનની બીજી એક વિડંબનાને પણ વ્યંજિત કરે છે. જેમકે, રામ પોતે કેવા ? તો "પૂર્ણ ગર્ભના ભારથી, થાકી ગયેલી સીતાને કાઢી મૂકવામાં ચતુર/ અથવા તો–ઉતાવળા બનેલા એવા રામ ! રામ, કે જેમને પોતાના સંતાનોનો પ્રસવ નિર્વિઘ્ને થાય એની કાળજી લેવાનું તો સૌભાગ્ય જ મળ્યું નથી, બલ્કે, બાળકોને જન્મપૂર્વે જ મૃત્યુના મુખમાં ધકેલી દેવાનું નિર્દય કૃત્ય કરવું પડ્યું છે તે વ્યક્તિએ બીજાના મૃત્યુ પામેલા બાળકને જીવાડવા માટે એક શૂદ્રને મારવા નીકળવું પડ્યું છે – જીવનમાં આ તે કેવી વિડંબના ?! રામના અસંપ્રજ્ઞાત મનમાં રમમાણ રહેતી આ વિડંબના ઉપરાંત, બીજી એક વિષમતા પણ રામને અનુભવાતી હશે. જેમકે, એક તરફ જે નગરજનોને રાજી રાખવા પોતે પોતાનાં સંતાનોને જન્મતાં પૂર્વે જ મૃત્યુના મુખમાં ધકેલી દેવાના; અને બીજી બાજુ **એ જ** નગરજનોનાં મૃત્યુ પામેલા બાળકોને જીવાડવાના હેતુથી શૂદ્ર તાપસનો વધ કરવા પણ મેદાને પડવાનું ?! આ પણ કેવી વિષમતા ?

વિડંબના અને વિષમતાની વચ્ચે પણ જે વ્યક્તિ પોતાનો સ્વધર્મ ન છોડે એનું કોઈ ફળ હોય કે નહીં ? કૃપાણનો પ્રહાર કર્યા પછી, રામ તરત જ બોલે છે કે – कृतं रामसदृशं कर्म, अपि जीवेत् स ब्राह्मणपुत्रः । "મેં, રામને યોગ્ય એવું કર્મ કરી નાખ્યું, પણ શું પેલા બ્રાહ્મણનો પુત્ર જીવતો થયો હશે ?"–આવી વિષમતા અને વિડંબના ભર્યું રાજકર્મ (સ્વધર્મનું પાલન) કરવાનું રામ જેવા વજ્રથી પણ કઠોર હોય એવા લોકોત્તર વ્યક્તિને માટે જ શક્ય છે. તેમના આવા કર્મનું ફળ પણ असाधारण જ આવવું જોઈએ.

વાલ્મીકિએ તો રામના આ કર્મનું ફળ દેવોને અધીન બતાવ્યું છે. અને તેય દેવોને પેલા શૂદ્રને સ્વર્ગમાં નહોતો આવવા દેવો, તેથી એમણે રાજી થઈને સામે ચાલીને રામને વરદાનમાં મૃતશિશુનું પુનર્જીવન આપ્યું છે. જ્યારે અહીં, 'ઉત્તરરામચરિત'માં તો કર્મ પોતે જ ફળે છે એમ ભવભૂતિએ બતાવ્યું છે. વળી, કોઈ દ્વિજનો મૃતશિશુ એકલો જ જીવતો થાય એમ નહીં, રામ અને સીતાનાં સંતાનો પણ નવું જીવન પામવાં જોઈએ એવી કવિન્યાયની અપેક્ષા છે. ભવભૂતિએ આ કવિન્યાયને પોતાની નાટ્યસૃષ્ટિમાં સાકાર કરવા ધાર્યું છે. તેથી 'ઉત્તરરામચરિત'માં શમ્બૂકવધ પ્રસંગને કવિ ભવભૂતિના પક્ષેથી વિચારીએ તો વાલ્મીકિના રામાયણમાંથી વારસા રૂપે મળેલી આ પુરાકથાના રૂપકાત્મક અર્થઘટન કરી બતાવવાના સફળ પ્રયાસ રૂપે જોવાવો જોઈએ.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

બીજું, શમ્બૂકવધના પુરાકલ્પન (Myth)નો નવો અવતાર તે જ ઉત્તરરામચરિતની નાટ્યસૃષ્ટિ છે – એમ કહેવું તે એ રીતે પણ સમીચીન લાગે છે કે શમ્બૂકવધાર્થે–જનહિતાર્થે–રામનો જે પ્રવાસ અયોધ્યાના રાજસિંહાસનથી આરંભીને પંચવટી (જનસ્થાન) સુધીનો બીજા અંકમાં કહેવાયો છે, તે જ પ્રવાસની પાછા ફરવાની ગતિ દરમ્યાન બનતાં ઘટનાચક્રને ત્રણથી સાત અંકોમાં રજૂ કરવામાં આવ્યું છે ! શમ્બૂકનો વધ કર્યા પછી રામ સીધા અયોધ્યા પાછા ફરે છે, અને પછી બીજા કોઈ પ્રસંગે એમને કુશ-લવની પ્રાપ્તિ થાય છે એવું કવિએ બતાવ્યું નથી. અહીં તો જનસ્થાનમાંથી પાછા ફરતી વેળાએ જ વિમાનમાંથી રામ જુવે છે કે નીચે જમીન ઉપર ચંદ્રકેતુ અને લવનું યુદ્ધ ચાલી રહ્યું છે. તેથી તે નીચે ઉતરે છે. તે ભૂમિ વાલ્મીકિના આશ્રમની હોય છે. ત્યાં રામ કુશ-લવને મળવા પામે છે; અને પછીના ઘટનાક્રમમાં આપણે જોઈએ છીએ કે કવિએ ગુન્હેગારને જેમ કોર્ટના કઠેડામાં ખડો કરી દેવામાં આવે તેમ સમગ્ર અયોધ્યાના નિંદાખોર નગરજનોને અયોધ્યામાંથી ઊંચકીને વાલ્મીકિના આશ્રમમાં જ (ગર્ભાંક વેળાએ) હાજર કરી દીધા ! અને નતમસ્તકે ઊભેલા તે નગરજનોની સાક્ષીમાં જ, રામ ત્યાં સીતા સહિતના– બલ્કે માતા સહિતના પુનર્જીવિત થયેલાં, અથવા કહો કે **દ્વિજત્વને પામેલાં** પોતાનાં સંતાનોને મેળવે છે ! શમ્બૂકવધને પરિણામે મૃત શિશુને પુનર્જીવન મળવું એ તદ્દન અવૈજ્ઞાનિક જણાતી પુરાકથા (Myth) એ જાણે સાહિત્યજગતમાં–નાટકની રંગભૂમિ ઉપર–સાચે જ સાકાર–મૂર્તિમંત–થતી હોય તેમ, આપણે જોવા પામીએ છીએ. આથી કહી શકાય કે શમ્બૂકવધની પુરાકથા (Myth)નું પુનર્નિર્માણ તે જ "ઉત્તરરામચરિત" છે !

o o o

જૃમ્ભકાસ્ત્ર અને શમ્બૂકવધપ્રસંગ : વાલ્મીકિ, કાલિદાસ અને ભવભૂતિની કલમે.

ભૂમિકા : મહાકવિ ભવભૂતિએ 'ઉત્તરરામચરિત' નાટકના 'નાન્દીશ્લોક'માં इदं कविभ्यः पूर्वेभ्यो नमोवाकं प्रशास्महे । એમ બોલીને, પોતાના પુરોગામી કવિઓને વાલ્મીકિ અને કાલિદાસને – વંદન કર્યાં છે. કેમકે ભવભૂતિને 'ઉત્તરરામચરિત'ની રચના કરવા માટે રામકથા વારસામાં મળી છે. તેથી "ખ્યાત ઈતિવૃત્ત" લઈને તેમણે નાટકની રચના કરી છે એમ કહેવાયું છે. પરંતુ વાલ્મીકિકૃત 'રામાયણ' અને કાલિદાસકૃત 'રઘુવંશ' મહાકાવ્ય, કે જેમાં રામકથા વિસ્તારથી કહેવાઈ છે અને ભવભૂતિએ તેમાંથી ઘણી પ્રેરણા લીધી છે, તેની સાથે જો 'ઉત્તરરામચરિત'ના પ્રસંગોની અને પ્રસંગોના ક્રમની તુલના કરીએ તો મહાકવિ ભવભૂતિની અપૂર્વ કવિપ્રતિભાના ઉન્મેષો ધ્યાન ઉપર આવે છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

[૧]

વાલ્મીકિકૃત 'રામાયણ'ના બાલકાણ્ડમાં તાટકાવધ—પ્રસંગે વિશ્વામિત્ર ઋષિએ રામને જૃમ્ભકાસ્ત્રો ભેટ આપ્યાં હતાં એવો ઉલ્લેખ છે. પરંતુ ભવભૂતિએ ઉત્તરરામચરિત નાટકના પ્રથમ અંકમાં જે ચિત્રવીથિકા પ્રસંગ મૂક્યો છે ત્યાં સૌથી પહેલા જ ચિત્રમાં જૃમ્ભકાસ્ત્રોનું ચિત્ર આવેલું છે. તે જોઈને રામે તેને પહેલાં પ્રણામ કર્યા છે અને પછી તરત જ સીતાને આશીર્વાદ આપતાં કહ્યું છે કે – सर्वथा इदानीं त्वत् प्रसूतिम् उपस्थास्यन्ति एतानि अस्त्राणि । "હવે પછી આ અસ્ત્રો બધી રીતે તારી (ભાવિ) સંતતિની સેવામાં ઉપસ્થિત રહેશે." આમ નાટકની શરૂઆતમાં જ, જૃમ્ભકાસ્ત્રોને રામે સીતાની સંતતિને વારસામાં આપ્યાની જે વાત ભવભૂતિએ નવી કલ્પી કાઢી છે તે કવિ તરીકેની ભવભૂતિની પ્રતિભાનો એક અત્યંત પ્રશંસનીય ઉન્મેષ છે.

'ઉત્તરરામચરિત' નાટકમાં આ જૃમ્ભકાસ્ત્રોનું એક આગવું સ્થાન છે. આ જૃમ્ભકાસ્ત્રો પહેલા, બીજા, પાંચમા, છઠ્ઠા અને સાતમા અંકમાં ઉલ્લેખ પણ પામ્યાં છે (અને પાંચમા અંકમાં તો લવે એનો પ્રત્યક્ષ પ્રયોગ પણ કર્યાની વાત આવે છે.) જે નાટકીય પ્રયોજનને સિદ્ધ કરવા કવિ ભવભૂતિએ આ જૃમ્ભકાસ્ત્રોનો ઉપયોગ કર્યો છે, તેને ઊંડાણથી સમજવા માટે પહેલાં ભૂતાર્થવાદી વાલ્મીકિએ રચેલા 'રામાયણ' નામના 'ઈતિહાસ'ને જોઈ લેવો જરૂરી છે :–

રામે પૌરજનોમાં ફેલાયેલા અપવાદને[૨૭] કારણે સીતાત્યાગનો નિર્ણય કર્યો; અને લક્ષ્મણ દ્વારા સીતાજીને ગંગાવિહારના બહાના હેઠળ વાલ્મીકિના આશ્રમ પાસે ત્યજી દેવાયાં. (રામાયણનો ઉત્તરકાણ્ડ : ૪૩ થી ૫૨)

ત્યારપછી, ઉત્તરકાંડના ૬૧થી ૭૨ સુધીના સર્ગોમાં લવણાસુરના ત્રાસની અને તેના વધ માટે શત્રુઘ્નને મોકલ્યાની કથાનો વિસ્તાર છે. અહીં મહત્ત્વનો મુદ્દો એ

---

૨૭. शृणु राजन् यथा पौराः कथयन्ति शुभाशुभम् ।
चत्वरापणरथ्यासु वनेषूपवनेषु च ॥ उ. का. (४३–१३)
लङ्कामपि पुरा नीताम् अशोकवनिकां गताम् ।
रक्षसां वशमापन्नां कथं रामो न कुत्स्यति ॥ (४३–१८)
अस्माकमपि दारेषु सहनीयं भविष्यति ।
यथा हि कुरुते राजा प्रजास्तम् अनुवर्तते ॥ (४३–१९)
एवं बहुविधा वाचो वदन्ति पुरवासिनः ।
नगरेषु च सर्वेषु राजन् जनपदेषु च ॥ (४३–२०)
— वाल्मीकीय–रामायणम् (भाग–२), उत्तरकाण्डम्, गीताप्रेस, गोरखपुर, संवत – २०५४ (१९९८), पृ. ७१७)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

છે કે લવણને મારવા માટે જતી વખતે શત્રુઘ્નના રસ્તામાં વાલ્મીકિનો આશ્રમ આવે છે અને તે ત્યાં રાત્રિરોકાણ પણ કરે છે. જે રાત્રે શત્રુઘ્ન વાલ્મીકિને ત્યાં પહોંચે છે, તે જ રાત્રે સીતાએ બે જોડકાં બાળકોને જન્મ આપ્યો હતો. આ વાતની શત્રુઘ્નને જાણ થતાં, તે જાતે એ પર્ણશાલામાં—પ્રસૂતિગૃહમાં — જઈને પોતાના ભાભીને મળીને અભિનંદન પણ આપે છે.[૨૮] પછી લવણાસુરને મારીને, મધુપુરીને નવી વસાવીને, તે બાર વર્ષે રામને મળવા અયોધ્યા પાછો ફરે છે ત્યારે રસ્તામાં ફરીથી વાલ્મીકિના આશ્રમમાં પહોંચે છે. ત્યાં સીતાપુત્રો, કે જેઓ ૧૨ વર્ષના થઈ ગયા છે, એમના દ્વારા ગવાતું વાલ્મીકિરચિત રામચરિત પણ તે સાંભળે છે. પરંતુ અયોધ્યામાં જઈને તે જ્યારે રામને મળે છે ત્યારે સીતાભાભીને બે પુત્રો જન્મ્યા અંગેના કોઈ સમાચાર એ આપે છે કે નહીં ? એ વિશે ઈતિહાસકાર—અથવા તો "ભૂતાર્થવાદી" વાલ્મીકિ મૌન રાખે છે. પણ શત્રુઘ્ન પુરા સાત દિવસ રામની પાસે રહે છે, એથી સંભવ છે કે આ વિશે એકાંતમાંય કંઈક વાત થઈ હશે. પરંતુ વાલ્મીકિએ એવી કોઈ વાત નોંધી નથી. (ઉત્તરકાંડ, અધ્યાય—૭૨)

[૨]

શત્રુઘ્ન ફરીથી પાછો, રામની આજ્ઞાથી જ મધુપુરીને સાચવવા જતો રહે છે. એ પછી વાલ્મીકિએ સર્ગ ૭૩ થી ૭૬માં શમ્બૂકવધ પ્રસંગને વર્ણવ્યો છે. શમ્બૂકને હણ્યા પછી રામ અગસ્ત્યના આશ્રમે જઈ આવીને, અશ્વમેધ યજ્ઞ કરવાનો નિર્ણય કરે છે (૭૭, ૮૩ અને ૯૧); જેમાં તેમણે સીતાને સ્થાને સુવર્ણની પ્રતિમા મૂકવાની ભરતને આજ્ઞા આપી છે.[૨૯] આ અશ્વમેધયજ્ઞમાં અનેક ઋષિઓની સાથે વાલ્મીકિ પણ આવે છે અને તેમની સાથે કુશ—લવ પણ આવે છે; જે રોજ રોજ થોડુંક થોડુંક, વાલ્મીકિએ લખેલું 'રામાયણ' ગાઈ સંભળાવે છે. (સર્ગ ૯૩—૯૪). આથી રામ વાલ્મીકિને કહેવડાવે છે કે જો સીતા શુદ્ધ હોય

---

૨૮. यामेव रात्रिं शत्रुघ्नः पर्णशालां समाविशत् ।
तामेव रात्रिं सीतापि प्रसूता द्वारकद्वयम् ॥ (६६—१)
अर्धरात्रे तु शत्रुघ्नः शुश्राव सुमहत् प्रियम् ।
पर्णशालां ततो गत्वा मातर् "दिष्ट्ये"ति चाब्रवीत् ॥ (६६—१२)

૨૯. काञ्चनीं मम पत्नीं च, दीक्षायां ज्ञांश्च कर्मणि ।
अग्रतो भरतः कृत्वा गच्छत्वग्रे महायशाः । (उ.का. वा. २५)

એવી જ રીતે, સીતા પૃથિવીમાં સમાઈ ગયા પછી પણ રામે અનેક યજ્ઞો કર્યા હતા. પણ તે દરેક પ્રસંગે એમણે સીતા સુવર્ણ—પ્રતિમાને જ વામાંગે સ્થાપી હતી અને બીજા લગ્ન નહોતા કર્યા.

न सीतायाः परां भार्यां वव्रे स रघुनन्दनः ।
यज्ञे यज्ञे च पत्न्यर्थं जानकी काञ्चनीभवत् ॥ (उ. का. ९९—८)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

તો શપથગ્રહણ-પૂર્વક પોતાની પવિત્રતા સાબિત કરે. (૯૫–૬). બીજે દિવસે સવારે સીતા શપથગ્રહણ કરે તે પૂર્વે સ્વયં વાલ્મીકિએ પણ સીતાની પવિત્રતા બાબતે; અને "આ કુશ–લવ રામનાં જ સંતાનો છે" એની પ્રતિજ્ઞાપૂર્વક જાહેરાત કરી છે. અહીં વાલ્મીકિના શબ્દો નોંધનીય છે :–

इमौ तु जानकीपुत्रावुभौ च यमजातकौ ।
सुतौ तवैव दुर्धर्षौ सत्यमेतद् ब्रवीमि ते ॥ (९६–१८)

प्राचेतसोऽहं दशमः पुत्रो राघवनन्दन ।
न स्मराम्यनृतं वाक्यमिमौ तु तव पुत्रकौ ॥ (९६–१९)

અહીં વાલ્મીકિએ પોતે પ્રચેતાના દશમા પુત્ર છે અને જીવનમાં ક્યારેય અસત્ય બોલ્યા નથી, એથી રામ એમના કહેવામાં વિશ્વાસ રાખીને જાનકીપુત્રોનો, કે જે જોડકાં પુત્રો તરીકે જન્મ્યાં છે, એમને પોતાના (= રામના) પુત્રો તરીકે સ્વીકારે એવી ભલામણ કરી છે.

ત્યાર બાદ સીતાએ નીચે મુજબના શબ્દોથી શપથ ગ્રહણ કર્યા છે :–

यथाऽहं राघवादन्यं मनसापि न चिन्तये ।
तथा मे माधवी देवी विवरं दातुमर्हति ॥ (९७–१४)

मनसा कर्मणा वाचा यथा रामं समर्चये । (१५)

यथैतत् सत्यमुक्तं मे वेद्मि रामात् परं न च ।
तथा मे माधवी देवी विवरं दातुमर्हति ॥ (९७–१६)

આમ બોલતાંની સાથે પૃથિવી ફાટે છે અને સીતા તેમાં પ્રવેશ કરી જાય છે. (૯૭–૧૩ થી ૨૦). એ પછી રામ ત્યાં એકત્ર થયેલા લોકોને વીખેરી કાઢીને કુશ-લવને લઈને પર્ણશાલામાં પ્રવેશે છે, અને સીતાના વિચારોમાં જ તેમની રાત્રિ પસાર થઈ જાય છે.[30] અહીં વાલ્મીકિના 'રામાયણ'માં રામે પોતાનાં બે સંતાનો ઉપર જાહેરમાં સ્નેહ દર્શાવ્યો કે નહીં ? એ કહેવાયું નથી. અથવા તો "દુર્ધર્ષ એવા આ કુશ અને લવ" એ બે રામના જ પુત્રો તરીકે પ્રજાજનોમાં સ્વીકૃતિ પામ્યા કે નહીં ? તેવી કોઈ વાત વાલ્મીકિએ નોંધી નથી.

---

૩૦. एवं विनिश्चयं कृत्वा सम्प्रगृह्य कुशीलवौ ।
तं जनौघं विसृज्याथ पर्णशालाम् उपागमत् ॥
तामेव शोचतः सीतां सा व्यतीता च शर्वरी ॥ (उत्तरकाण्ड – ९८–२७, २८)
[આ છેલ્લી પંક્તિમાંથી પ્રેરણા લઈને, ભવભૂતિએ रात्रिरेव व्यरंसीत् । (ઉ.રા.ચ. ૧–૨૭) પંક્તિ રચી હશે એવું લાગે છે.]

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

[૩]

મહાકવિ કાલિદાસે પણ જ્યારે, 'રામાયણ'ના આ ઉત્તરકાંડનું ઘણે અંશે અનુસરણ કરીને, 'રઘુવંશ'ની રચના કરી છે ત્યારે તેમણે ઉપર વર્ણવેલી પરિસ્થિતિને એક–બે શ્લોકમાં જ કહી દીધી છે. જેમકે–

वयोवेषविसंवादि, रामस्य च तयोस्तदा ।
जनता प्रेक्ष्य सादृश्यं नाक्षिकम्पं व्यतिष्ठत ॥
उभयोर्न तथा लोकः प्रावीण्येन विसिष्मिये ।
नृपतेः प्रीतिदानेषु वीतस्पृहतया यथा ॥ –रघुवंशम् (१५–६७, ६८)

"ઉંમર અને વેષથી જ આ કુશ–લવ રામ કરતાં જુદા પડતાં હતાં. આમ રામ અને આ બે પુત્રો વચ્ચેનું સાદશ્ય જોઈને અયોધ્યાની જનતાએ આંખોને સ્હેજેય હલાવી નહીં, પરંતુ રાજાએ (રામે) એમના ઉપર પ્રેમ બતાવવામાં સ્પૃહા ન દાખવી તેનાથી પ્રજા જેટલી વિસ્મિત થઈ, એટલી રામાયણનું ગાન કરવાના એમના પ્રાવીણ્યને જોઈને વિસ્મિત ન જોઈ." આમ કાલિદાસે પણ, સીતા પૃથિવીમાં સમાઈ ગયા પછી રામ પોતાના પુત્રો ઉપર જાહેરમાં પ્રેમ બતાવી શકતા નથી એ વાત નોંધી છે. (જો બાપ જ પોતાનાં સંતાનોને વ્હાલથી છાતીએ ના વળગાડે તો, દુનિયા કેવી રીતે એ સંતાનોને 'રામના પુત્રો' તરીકે એકદમ સ્વીકારે ?) કાલિદાસ આગળ જતાં ઉમેરે છે કે રામ અશ્વમેધ યજ્ઞ પૂરો થયા પછી, બધાને રવાના કરી દીધા પછી (જ) સીતા ઉપર જે સ્નેહ હતો, તે પુત્રો ઉપર બતાવવાનું શરૂ કરે છે :–

ऋषीन् विसृज्य यज्ञान्ते सुहृदश्च पुरस्कृतान् ।
रामः सीतागतं स्नेहं निदधे तद् अपत्ययोः ॥ (रघुवंशम् १५–८६)

"(અશ્વમેધ) યજ્ઞના અંતે સ્નેહી–સ્વજનોને આગળ કરીને, અને તેની પાછળ પાછળ ઋષિઓને પણ વિસર્જિત કરીને, રામે સીતા ઉપર જે સ્નેહ હતો, તે તેનાં (= સીતાનાં) સંતાનો ઉપર દર્શાવ્યો."

ઇતિહાસ રામાયણમાં કહેવાયેલી ઉપર્યુક્ત વિગતો જોતાં રામે કરેલા ત્યાગ થકી સીતાના મનમાં કોઈ ભારે શલ્ય ભોંકાયું હોય અને તે જ એકમાત્ર મોટી સમસ્યા રૂપ બન્યું હોય એવું લાગતું નથી. રામાયણમાં સીતાને જે વધારે ખરાબ લાગ્યું હોઈ શકે તે તો અશ્વમેધ યજ્ઞના પ્રસંગે, એને **ફરીથી** પોતાની પવિત્રતા સિદ્ધ કરવાનું રામ વડે જ કહેવામાં આવ્યું – તે હોઈ શકે. કેમકે એક વખત અગ્નિપરીક્ષા આપી ચૂકેલી વ્યક્તિને, અને એને જ્યારે બે સંતાનો પણ જન્મી ચૂક્યાં છે (એટલે કે જે હવે કેવળ કોઈની પત્ની જ નથી રહી, પણ બે સંતાનોની

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

માતા પણ બની ચૂકી છે) ત્યારે તેને ફરીવાર પવિત્રતા પૂરવાર કરવાનું કહેવામાં આવે તો તે અસહ્ય જ બની જાય. આવે પ્રસંગે કોઈપણ સ્ત્રી સ્વાભાવિક છે કે, પૃથિવી પાસે માર્ગ માંગે (माधवीं देवी विवरं दातुम् अर्हति ।) અને સીતા શપથગ્રહણપૂર્વક એ જ માર્ગ શોધે છે. (આજની ભાષામાં કહીએ તો સીતાએ કૂવો–હવાડો પૂરવાનું જ કાર્ય કર્યું છે. તેણે આપઘાત જ કરી લીધો છે.) પરંતુ એથી કરીને કંઈ કુશ-લવના પિતૃવંશની ખાતરી ઊભી થતી નથી. લવણાસુરને મારીને, બાર વર્ષે મળવા આવેલો શત્રુઘ્ન પણ જાણતો હોવા છતાંય રામને કહેતો નથી કે સીતાને બે પુત્રો જન્મ્યા છે. – આ મુદ્દો અત્યંત ગંભીર અને ચિન્ત્ય છે. આપણે જોયું તેમ વાલ્મીકિએ આ વિશે મૌન રાખ્યું છે. આથી કુશ-લવનો પૈતૃકવંશનો પ્રશ્ન તો સંશયમાં જ મૂકાયેલો જણાય છે.

વાલ્મીકિનું રામાયણ, અને કાલિદાસનું રઘુવંશ વાંચ્યા પછી ભવભૂતિએ કુશ-લવની પૈતૃક-ઓળખનો મુદ્દો ધ્યાન ઉપર લીધો જણાય છે. માતાના અવસાન પછી, પાછળ રહી ગયેલી સંતતિ કોની હશે ? એવી પૈતૃક ઓળખનો પ્રશ્ન તો હંમેશા ઊભો થતો જ હોય છે. ભવભૂતિએ 'ઉત્તરરામચરિત'માં, લોકાપવાદથી કરવામાં આવેલા સીતાત્યાગને પગલે પગલે ઊભી થયેલી આ બીજી સમસ્યાને વધુ ગંભીર ગણી લાગે છે; અને તેનું સમાધાન કરવાનો એક અસાધારણ ઉપાય–પૈતૃક વારસામાં મળતાં જૃમ્ભકાસ્ત્રોનો ઉપાય–પોતાની મૌલિક કવિપ્રતિભાથી કલ્પી કાઢ્યો છે.

'ઉત્તરરામચરિત'ના અત્યાર સુધીના વિવેચનમાં "સીતાત્યાગ અને તજ્જન્ય રામનો શોક" – એને નાટકનો કેન્દ્રવર્તી વિષય ગણવામાં આવેલ છે. પરંતુ કવિ ભવભૂતિએ જ્યારે 'ખ્યાત ઈતિવૃત્ત' તરીકે વાલ્મીકિપ્રસિદ્ધ રામકથાને હાથ ઉપર લઈને પોતાની નાટ્યસૃષ્ટિ રચવા ધારી છે, ત્યારે તેમની દૃષ્ટિએ સીતાત્યાગથી રામના અંગત જીવનમાં ઊભી થયેલી, કે સીતાનું મનોભંગાણ થયાની કોઈ કટોકટી – એ જ કેન્દ્રવર્તી સમસ્યા બની હોય એમ જણાતું નથી. કેમકે "લોકારાધન કરતાં મને સ્નેહ, દયા, સૌખ્ય કે જાનકીને પણ ત્યજતાં વ્યથા નહીં થાય" એમ જ્યારે રામ કહે છે ત્યારે એમાં સીતાએ તો કોઈ વાંધો નોંધાયો જ નથી; અને ઉપરથી 'अत एव आर्यपुत्रः राघवकुलधुरंधरः । કહીને રામની પીઠ થાબડી છે. રામે પણ પોતાના દાંપત્યજીવનમાં વિરલ એવું 'અદ્વૈત' સધાઈ ચૂક્યું છે એમ પ્રકટ શબ્દોમાં, અને શરૂઆતમાં જ કીધેલું છે.

આથી ભવભૂતિએ રામને વિશ્વામિત્રે આપેલાં જૃમ્ભકાસ્ત્રોની વાલ્મીકિપ્રોક્ત ઘટનાનો, પોતાની રીતે કુશ-લવની પૈતૃક-ઓળખ નક્કી કરવા એક નક્કર પુરાવા તરીકે – તેને નાટકમાં આદિથી અંત સુધી ઉપયોગમાં લેવાનું ધાર્યું છે;

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

એ મુદ્દાને લઈને 'ઉત્તરરામચરિત'ના કેન્દ્રવર્તી વિષયને નક્કી કરવા પુનર્ વિચારણા કરવાની જરૂર છે.

[૪]

ભગવાન્ બુદ્ધના પ્રાદુર્ભાવ (ઈ.સ. પૂર્વે ૫૮૩) સમયે સંભવતઃ મોટા ભાગના ઉપનિષદ્—સાહિત્યની રચના પૂરી થઈ ગઈ હશે. આ પછી તરત જ 'રામાયણ' અને 'મહાભારત' જેવા બે 'ઈતિહાસ'ગ્રન્થોની રચના શરૂ થઈ હશે. વેદ સાહિત્યમાં ઈન્દ્ર, અગ્નિ, વરુણ જેવા દેવતાઓનાં પરાક્રમો અને સ્તુતિઓ વર્ણિત છે. એમાં મનુષ્ય લગભગ યાચકની કે પ્રશંસકની (સ્તોતાની) ભૂમિકાએ ઊભેલો જણાય છે. જ્યારે વાલ્મીકિએ પોતાના 'રામાયણ'માં સૌથી પહેલીવાર પૃથિવીલોકના મનુષ્યને અધિનાયક પદે સ્થાપીને એક ઈતિહાસગ્રન્થની રચના કરી છે. અલબત્ત, 'રામાયણ'ની "આદિકાવ્ય" તરીકેની પણ પ્રસિદ્ધિ છે જ. આવા ઈતિહાસમાંથી/આદિકાવ્યમાંથી કોઈક ઘટનાચક્રને "ખ્યાત-ઈતિવૃત્ત" તરીકે પસંદ કરીને પછીના સમયના ભાસ, કાલિદાસ, ભવભૂતિ આદિ કવિઓએ પોતપોતાનાં આગવાં ક્રાન્તદર્શન થકી નવી નવી સૌંદર્યમંડિત અને ભાવવાહી કાવ્યસૃષ્ટિઓનું કલ્પન/નિર્માણ કર્યું હોય છે. જેમકે,

ભાસ જેવા નાટ્યકારે મહાભારતના વાંચન પછી એ વિચાર્યું છે; બલ્કે "જોયું" છે કે દ્રૌપદીના વસ્ત્રાહરણ-પ્રસંગે ભીષ્મ, દ્રોણ જેવા કુટુંબના વડીલો જો પોતાને 'અર્થદાસ' ગણાવીને ઉદાસીન બની ન ગયા હોત, અને દુર્યોધનને કોઈક રીતે, ક્યારેક વિનીત કરવા પ્રયાસ કર્યો હોત તો સંભવ છે કે મહાભારતનું યુદ્ધ અનિવાર્ય ન પણ બન્યું હોત. કવિ ભાસનું આ 'અન્યથાચિંતન' એમના મનમાં એક નવા દર્શનને ઉદ્ભાસિત કરે છે. જેમાંથી 'પંચરાત્ર' જેવું રૂપક આકારિત થયું છે. ભાસના "પંચરાત્ર" રૂપકમાં મહાભારતનું ઈતિહાસપ્રસિદ્ધ યુદ્ધ થતું જ નથી ! દુર્યોધન ગુરુવચનથી પ્રેરાઈને પાંડવોને પાંચ ગામ ભાગમાં પાછા આપે છે, અને કુલવિગ્રહ થતો સર્વથા અટકી જ જાય છે એવો સુખાન્ત નિરૂપવામાં આવ્યો છે. આમ ઈતિહાસમાં ભલે કોઈ મહાભારત જેવું વિશ્વવિનાશી યુદ્ધ બની ચૂક્યું હોય, પણ ભાસ જેવાની કવિદૃષ્ટિએ કરેલું 'અન્યથાચિન્તન' (ગુરુવચનનો પ્રભાવ કેવો હોઈ શકે ? એ બતાવવા) એક નવી જ કલ્પનામયી નાટ્યસૃષ્ટિનું નિર્માણ કરતી હોય છે.

બસ, એવી જ કોઈક કવિદૃષ્ટિને પુરસ્કારીને (અથવા કહો, ભાસને અનુસરીને) ભવભૂતિએ 'રામાયણ'ના ઈતિહાસને અન્યથા વિચારી જોયો છે; અને તેમાંથી જ 'ઉત્તરરામચરિત'ની સુખાન્ત નાટ્યસૃષ્ટિ આકારિત થવા પામી છે. ભવભૂતિની કવિપ્રતિભાનો આ બીજો ઉન્મેષ છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

વાલ્મીકિના રામાયણ-ઈતિહાસમાં સીતા એકવાર અગ્નિ-પરીક્ષામાંથી પસાર થયા પછી, અયોધ્યામાં લોકાપવાદ ઊભો થતાં, તે ફરીથી પોતાની પવિત્રતા સાબિત કરવાના પ્રસંગે શપથગ્રહણ કરે છે; અને પૃથિવીમાં સમાઈ જાય છે. એ પછી રામના જીવનમાં કાયમી ધોરણે શોક જ શોક છવાઈ જાય છે. પણ ભવભૂતિની 'ઉત્તરરામચરિત' નામક નાટ્યસૃષ્ટિ ભલે કરુણરસપ્રધાન હોય, પણ તે (વાલ્મીકિના રામાયણની જેમ) કરુણાન્ત પામતી નથી. ઉત્તરરામચરિતમાં સીતા-રામનું જીવન અન્તે તો સુખાન્તમાં જ પરિણમે છે ! આ સુખાન્ત પાછળ મહાકવિ ભવભૂતિની કોઈક ક્રાન્તદૃષ્ટિ કામ કરે છે. વાલ્મીકિએ વર્ણવેલા રામના ઉત્તરચરિતને કવિ ભવભૂતિએ પોતાની રીતે તપાસ્યું છે.

ભવભૂતિને લાગ્યું છે કે રામે લોકાપવાદને શમાવવા સીતાત્યાગ કરીને પ્રજાનું અનુરંજન કરવાનું એક સુવિખ્યાત રાજકર્તવ્ય તો નિભાવ્યું છે. પણ એ જ રીતે એમણે પ્રજાના હિત અર્થે બીજાં પણ ઘણાં કઠોર રાજકર્તવ્યો નિભાવ્યાં છે. જેની વાલ્મીકિએ (અને કાલિદાસે પણ) નોંધ લીધી છે. આ બધાંનું કુદરતી રીતે જ કોઈ કર્મફળ પણ આવવું અનિવાર્ય છે. અથવા તો, કવિન્યાયે કરીને પણ, એ બધાં કર્મોનું કર્મફળ આવતું બતાવવું જરૂરી છે.

રામના ઉત્તરજીવનમાં સીતાત્યાગ પછી લવણાસુરનો ત્રાસ, શમ્બૂકવધ, અશ્વમેધ યાગાદિ જેવા અનેક પ્રસંગો બન્યા છે. એ બધા 'ઈતિહાસ'ને નવા ક્રમે અને નવા સંદર્ભમાં ગોઠવીને ભવભૂતિએ પોતાની નાટ્યસૃષ્ટિનું—ઉત્તરરામચરિતનું નિર્માણ કર્યું છે. શમ્બૂકવધ જેવી તદ્દન અવૈજ્ઞાનિક જણાતી પુરાકથા (Myth)નું અર્થઘટન કરીને, રામના ઉત્તર જીવનમાં તેને ચરિતાર્થ થતી બતાવવાનું એમનું કવિકૌશલ ખરેખર દાદ માંગી લે એવું છે. તેમણે વાલ્મીકિના રામાયણનો ઈતિહાસપ્રસિદ્ધ કરુણાન્ત બદલી કાઢ્યો છે; અને રામના ઉત્તરજીવનમાં બનેલા શમ્બૂકવધ—પ્રસંગને પ્રતીકાત્મક રીતે લઈને એ કર્મના સુફળ રૂપે 'ઉત્તરરામચરિત' નાટકમાં સીતા-રામના જીવનને સુખાન્તમાં પરિણત થતું નિરૂપ્યું છે.

[૫]

હવે આપણે વાલ્મીકિએ વર્ણવેલો શમ્બૂક-વધ પ્રસંગ જોઈશું; અને એ જે ક્રમે બને છે તેની ચર્ચા કરીશું :—

રામાયણમાં શત્રુઘ્ન લવણાસુરને મારીને, બાર વર્ષ પછી રામને મળવા આવ્યો. તે સાત દિવસ સુધી રામની જોડે રહ્યો અને ફરીથી પાછો રામની આજ્ઞાથી મધુપુરીમાં રાજ્ય કરવા જતો રહ્યો. એ પછી, કોઈ એક દિવસે એક બ્રાહ્મણ પોતાના મૃતપુત્રનું શબ લઈને રામના રાજમહેલ ઉપર આવી ચઢે છે. રાજાના,

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

રામના દોષ વિના પોતાનો પુત્ર અકાળે મરી ન જાય – એવો સીધો આક્ષેપ તે રામની ઉપર મૂકે છે. એથી રામે આ વિશે ચર્ચા કરવા વસિષ્ઠાદિ આઠ ઋષિઓને બોલાવ્યા. (ઉત્તરકાંડ : ૭૪–૪). આ પ્રસંગે નારદે રામને કહ્યું કે તમારા રાજ્યમાં ક્યાંક કોઈક શૂદ્ર તપ કરી રહ્યો છે; આ શૂદ્રનો તપમાં અધિકાર નથી, એટલે આ બ્રાહ્મણનો પુત્ર મરી ગયો છે. રામે આ શૂદ્રને શોધી કાઢીને મારી કાઢવો જોઈએ; કે જેથી પ્રજાનું આયુષ્ય વધે અને મરેલો બ્રાહ્મણપુત્ર પણ ફરીથી સજીવન થાય (૭૪.૩૩). રામ પુષ્પક-વિમાનમાં શૂદ્રને શોધવા નીકળી પડે છે, અને દક્ષિણાપથમાં તે મળી આવે છે. રામ તેની ઓળખ પૂછે છે અને તપ કરવાનું કારણ જાણવા માંગે છે. શમ્બૂક પોતાને શૂદ્ર તરીકે ઓળખાવે છે અને સ-શરીર સ્વર્ગે જવાની ઇચ્છાથી તપ કરી રહ્યો છે એમ કહે છે. આથી રામે તરત જ ઝગમગતી તલવાર કાઢીને તે શૂદ્રનું માથું ઉતારી લીધું :–

भाषतस्तस्य शूद्रस्य खड्गं सुरुचिरप्रभम् ।
निष्कृष्य कोशाद् विमलं शिरश्चिच्छेद राघवः ॥ उत्तरकाण्डम् (७६–४)

આથી દેવોએ રામની ઉપર પુષ્પવૃષ્ટિ કરી અને વરદાન માંગવા કહ્યું. રામે વરદાનમાં પેલા મૃત બ્રાહ્મણપુત્રને ફરીથી જીવતો કરી આપવાનું માંગ્યું. (૭૬–૧૦, ૧૨) જેના પરિણામે પેલો મૃતપુત્ર જીવતો થાય છે; અને પછી રામ એ દેવોની સાથે જ, જેમણે બાર વર્ષનું જલશય્યાનું વ્રત પૂરું કર્યું હોય છે તેવા અગસ્ત્ય મુનિને મળવા જાય છે. (૭૬–૧૭, ૧૮)

આમ રામાયણમાં શમ્બૂક-વધનો પ્રસંગ રામના ઉત્તર જીવનમાં એક રાજકર્તવ્ય રૂપે વર્ણવાયો છે. રામ પોતે રાજા થઈને બેઠા છે. એટલે એમની એક નિરપેક્ષ જવાબદારી બની જાય છે કે તેઓ પ્રજાહિતનાં કાર્યો નિરંતર કરતા જ રહે. રામ આ પ્રસંગે પોતાના અંગત જીવનમાં ઘટેલી ઘટનાને યાદ પણ કરતા નથી, કે મેં તો મારાં બાળકો જન્મે એ પહેલાં જ મૃત્યુના મુખમાં ધકેલી દીધાં છે, અને હવે મારે શું કામ બીજાના મરી ગયેલા છોકરાને જીવતો કરાવી આપવા મેદાને પડવાનું ? રામ પોતાના જીવનમાં બનેલી ઘટનાથી તદ્દન નિરપેક્ષ રહીને પોતાનું રાજકર્તવ્ય નિભાવે છે. કહેવાનું તાત્પર્ય એ છે કે રામની એક રાજા તરીકેની ફરજ રૂપે, કોઈ શૂદ્રને મારી કાઢવાની જવાબદારી આવી પડે છે ત્યારે તે, અંગત જીવનમાં બનેલી ઘટનાને વચ્ચે લાવ્યા વિના, એક ક્ષણમાં જ ઝગમગતી તલવાર કાઢીને શૂદ્રનો શિરચ્છેદ કરી નાંખે છે. આમ વાલ્મીકિના 'રામાયણ'માં રામના ઉત્તર જીવનમાં બનેલી અનેક ઘટનાઓની વચ્ચે શમ્બૂકવધની ઘટના, પૂર્વાપર સંદર્ભથી મુક્ત હોય એવી રીતે મૂકવામાં આવી છે. પણ ભવભૂતિએ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

એ જ ઘટનાને જુદા ક્રમે મૂકીને તેને એક નવો 'અર્થ' આપ્યો છે. 'ઉત્તરરામચરિત' નાટકમાં શમ્બૂકવધની ઘટના વાલ્મીકિના 'રામાયણ' કરતાં જુદા ક્રમે ગોઠવાયેલી હોવાથી તેને નવી રીતે જોવાનું પરિમાણ ઊભું થાય છે.

[૬]

વાલ્મીકિએ 'રામાયણ'માં રામના ઉત્તર જીવનની ઘટનાઓનો ક્રમ નીચે મુજબ રાખ્યો છે : (૧) સીતાત્યાગ, (૨) લવણાસુરના ત્રાસને ડામવા માટે શત્રુઘ્નને મોકલવો, તેનું ૧૨ વર્ષ પછી પ્રત્યાગમન અને પુનઃગમન; એ પછી (૩) શમ્બૂકવધ-પ્રસંગ; અને (૪) શમ્બૂકવધના નિમિત્તે રામ પંચવટીમાં ગયા હતા, તેથી ત્યાંથી અગસ્ત્ય મુનિના આશ્રમે જવાનું થયું. (૫) ત્યાંથી અયોધ્યા આવ્યા પછી અશ્વમેધ-યજ્ઞનો રામ આરંભ કરાવે છે અને સીતાની સુવર્ણમયી પ્રતિમાને પોતાના વામાંગે સ્થાપે છે. (૬) આ અશ્વમેધ યજ્ઞમાં વાલ્મીકિ લવ-કુશને લઈને આવ્યા અને તેમણે રામાયણના શ્લોકોનું ગાન કર્યું. (૭) રામે વાલ્મીકિને કહ્યું કે સીતા શપથગ્રહણ કરીને પોતાની પવિત્રતા સિદ્ધ કરે; અને (૮) સીતાનું પૃથિવીમાં ચાલ્યા જવું.

રામાયણના ઉપર મુજબના ઘટનાક્રમમાં, આપણે માટે ખાસ ધ્યાનપાત્ર મુદ્દો એ છે કે – અહીં શમ્બૂકવધની ઘટના પહેલી બને છે, અને તે પછી શરૂ કરેલા અશ્વમેધયજ્ઞમાં સીતાની સુવર્ણમયી પ્રતિમાની સ્થાપના થઈ છે.

જ્યારે ભવભૂતિએ 'ઉત્તરરામચરિત'માં પહેલા અંકમાં સીતાત્યાગ વર્ણવ્યા પછી, બીજા અંકની શરૂઆત કરતાં પહેલાં 'શુદ્ધવિષ્કંભક'માં જ અશ્વમેધ યજ્ઞ શરૂ થઈ ગયાની; અને તેમાં સીતાની સુવર્ણમયી પ્રતિમા સ્થપાયાનું આત્રેયીના મુખેથી કહેવડાવી દીધું છે. આપણે શમ્બૂકવધની પુરાકથાનું જે નવું અર્થઘટન વિચાર્યું છે તેમાં શૂદ્ર શમ્બૂક–વધને તો એક પ્રતીક તરીકે જ લેવાનો છે. ખરેખર તો, આ પ્રસંગ રામના જીવનમાં રાજકર્તવ્ય રૂપે આવી પડે તે પહેલાં જ, તેમણે જે અશ્વમેધ-યજ્ઞનો પ્રારંભ કરાવ્યો છે, તેમાં સીતાની સુવર્ણમયી પ્રતિમા સ્થાપીને પ્રજાજનોમાં પારકી નિંદા કરવાની જે શૂદ્રતા વ્યાપી હતી, તેનો વધ કરી જ નાંખ્યો હોય છે. સીતાત્યાગ કર્યા પછીના બાર વર્ષે રામે પોતે તો સીતાને પવિત્ર જ માને છે, એવો અંગત અભિપ્રાય સીતાની સુવર્ણપ્રતિમા સ્થાપવા દ્વારા વ્યક્ત કરી દીધો હોય છે. હવે એ શૂદ્રતાનો વધ કર્યા પછી બીજા કોઈનો મૃતપુત્ર ફરીથી જીવતો થાય કે ન થાય, પણ એમને એમનાં 'મૃત-બરાબર', અર્થાત્ અજ્ઞાત અંધારામાં સરકી પડેલાં બાળકો તો સજીવન થઈને–દ્વિજત્વ પામીને, વાલ્મીકિના અંતેવાસીમાંથી 'રામપુત્રો' બનીને–પ્રકાશમાં આવવા જ જોઈએ–એવા કવિદર્શનથી

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri

પ્રેરાઈને, ભવભૂતિએ 'ઉત્તરરામચરિત'માં શમ્બૂકવધનો પ્રસંગ આવી પડે, તે **પહેલાં** અશ્વમેધયજ્ઞ અને સીતાની સુવર્ણપ્રતિમાની વાત મૂકી દીધી છે. જેથી પૌરજાનપદોમાંથી શૂદ્રતા હણાયા પછી, શૂદ્ર શમ્બૂકનો વધ તો એક નાનું અમથું પ્રતીક બની રહે છે. રામાયણનો "પહેલાં શમ્બૂકવધ અને પછી અશ્વમેધ" એવો ક્રમ બદલીને, ભવભૂતિએ "પહેલાં અશ્વમેધ અને પછી શમ્બૂકવધ" એવો નવો ક્રમ ગોઠવ્યો છે એની પાછળ ઉપર્યુક્ત કવિદર્શન કામ કરી રહ્યું જણાય છે.

[૭]

વાલ્મીકિના રામાયણમાંથી ઘણી બધી વિગતો લઈને, પોતાને ઉચિત જણાયાં હશે તેવાં પરિવર્તનો કરીને મહાકવિ કાલિદાસે 'રઘુવંશ'ની રચના કરી છે. એટલે ભવભૂતિએ જ્યારે ઉત્તરરામચરિતની રચના કરી ત્યારે તેમની સામે વાલ્મીકીય 'રામાયણ', ઉપરાંત કાલિદાસનું 'રઘુવંશ' મહાકાવ્ય પણ છે. આ 'રઘુવંશ'માં પણ શમ્બૂક-વધ પ્રસંગને મૂકવામાં આવ્યો છે. આથી આપણે જે તુલનાત્મક અભ્યાસ કરવા માંગીએ છીએ તેમાં હવે 'રઘુવંશ'નો ૧૫મો સર્ગ તપાસીશું :–

રઘુવંશના ૧૪મા સર્ગમાં 'સીતાત્યાગ'નું વર્ણન મૂકવામાં આવ્યું છે. તે પછી ૧૫મા સર્ગમાં આરંભે લવણાસુર અને શત્રુઘ્નની વાતનું વર્ણન છે. શ્લોક–૪૨થી શમ્બૂકવધની વાત કવિ હાથ ધરે છે. રામના દ્વારે મૃતશિશુને લઈને આવેલો બ્રાહ્મણ સીધી રામની જ નિંદા શરૂ કરે છે : (રઘુ. ૧૫–૪૩)

शोचनीयाऽसि वसुधे या त्वं दशरथाच्च्युता ।
रामहस्तम् अनुप्राप्य कष्टात् कष्टतरं गता ॥ (१५–४३)

અર્થાત્ – "દશરથના હાથમાંથી છૂટી પડેલી હે વસુધા ! તું શોક કરવા યોગ્ય દશાને પામી છું. કેમકે રામના હાથમાં પહોંચીને તો તું દુઃખદ અવસ્થામાંથી વધારે દુઃખદ અવસ્થામાં પહોંચી ગઈ છું." આવાં બધાં નિંદાભર્યા વચનો સાંભળીને રામ ચતુર્વર્ણાશ્રમ–વ્યવસ્થાને વિનીત કરવા માટે વિમાનમાં બેસીને નીકળી પડે છે. શમ્બૂકને શોધી કાઢે છે. તત્કાલીન વ્યવસ્થા મુજબ શૂદ્રનો તપમાં અધિકાર નહીં હોવાથી અને પ્રજામાં તે પાપજનક બનતો હોઈને શિરચ્છેદને યોગ્ય ગણવામાં આવે છે. તેથી રામ તરત તેનો ગળેથી વધ કરી નાખે છે. કાલિદાસના શબ્દો આ પ્રમાણે છે :–

तपस्यनधिकारित्वात् प्रजानां तम् अघावहम् ।
शीर्षच्छेद्यं परिच्छिद्य नियन्ता शस्त्रम् आददे ॥
स तद्वक्त्रं हिमक्लिष्टकिञ्जल्कमिव पङ्कजम् ।
ज्योतिष्कणाहतश्मश्रु कण्ठनालाद् अपातयत् ॥ –रघुवंशम् (१५–५१, ५२)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અહીં કવિ કાલિદાસે પણ રામને શૂદ્રનો વધ કરતી વખતે કોઈ ખચકાટ અનુભવતા કે મનોમંથન કરતા બતાવ્યા નથી. એટલે કે આ પ્રસંગે રામે પોતાના અંગત જીવનમાં બનેલી ઘટનાના સંદર્ભમાં પોતાના માથે આવી પડેલી આ–કોઈકના બાળકને જીવાડવા એક શૂદ્રનો વધ કરવાની–વિડંબનાભરી જવાબદારી તરીકે જોઈ નથી. રામે સગર્ભા સીતાના ત્યાગને સ્હેજ પણ યાદ કર્યા વિના, પોતાની રાજા તરીકેની ફરજ સમજીને શૂદ્ર તાપસને હણી કાઢ્યો છે એવું જ કાલિદાસે બતાવ્યું છે. હા, બીજી એક વાત કાલિદાસે પોતાના તરફથી નવી ઉપસાવી છે તે અહીં કહેવી જોઈએ. જેમકે, શમ્બૂકવધના ફળ રૂપે પેલા બ્રાહ્મણનો મૃતપુત્ર જીવતો થયો, એટલે તે બ્રાહ્મણ રાજી થઈને, અયોધ્યાના નગરવાસીઓમાં ફરીને રામની નિંદા કરવાને બદલે હવે રામની સ્તુતિ કરવાનું શરૂ કરે છે !

तस्य पूर्वोदितां निन्दां द्विजः पुत्रसमागतः ।
स्तुत्या निवर्तयामास त्रातुर्वैवस्वतादपि ॥ –रघुवंशम् (१५–५७)

"પેલો બ્રાહ્મણ (પોતાના) પુત્રની જોડે સમાગમ થતાં (પુત્ર જીવતો થતાં), જેણે પહેલાં (રામની) નિંદા ફેલાવી હતી, તે જ હવે "વૈવસ્વત (યમરાજ) પાસેથી પણ (પોતાના પુત્રને) બચાવી પાછો લાવનાર" (તે રામ)ની સ્તુતિ શરૂ કરે છે, અને તે સ્તુતિ વડે તે રામની નિંદાને નિવૃત્ત કરે છે."

આમ આદિકવિ વાલ્મીકિની જેમ કાલિદાસે પણ શમ્બૂકવધ-પ્રસંગે રામે કશો ભાવ અનુભવ્યો હોય તેવું બતાવ્યું નથી. વળી, કાલિદાસે, વાલ્મીકિથી જુદા પડીને, પહેલાં અશ્વમેધ અને પછી શમ્બૂકવધનો પ્રસંગ મૂક્યો છે. પણ તેમણે 'શમ્બૂકવધ' થકી રામને એમના પુત્રો પાછા મળવા જોઈએ – એવા કર્મફળની વાત જોડે કશો અનુબંધ રચી શકાય એમ વિચાર્યું નથી. આ બાબતે ભવભૂતિની મૌલિકતા સ્વીકારવી રહી.

આમ શમ્બૂકવધ પ્રસંગનો તુલનાત્મક અભ્યાસ કરતાં એવું જણાય છે કે ભવભૂતિએ પોતાને વાલ્મીકિ અને કાલિદાસ પાસેથી વારસામાં મળેલી શમ્બૂકવધની પુરાકથા (Myth)ને એક નવો જ અર્થ આપ્યો છે.

[૮]

રામે પોતાના પૂર્વજીવનમાં પિતાનું કહ્યું કર્યું અને ચૌદ વર્ષનો વનવાસ સ્વીકાર્યો. પણ જાણે એના પરિણામે જ ભરતે પણ રાજગાદી ન સ્વીકારી – એનામાં પણ સ્વાર્થ ન પ્રગટ્યો. – અને તેણે ચૌદ વર્ષના વનવાસ પછી રામને જ તે ગાદી પાછી સોંપી દીધી. બસ, એની જ જેમ ઉત્તર જીવનમાં રામે શમ્બૂવધ કરીને, કોઈક બ્રાહ્મણના મૃતપુત્રને જીવતો કરી આપ્યો – એ પુણ્યજનક કર્મના

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri

પરિપાક રૂપે એમને એમના પુત્રો, બલકે માતાસહિતના પુત્રો—નવજીવન પામીને પાછા મળે છે. આમ ભવભૂતિએ 'ઉત્તરરામચરિત'ના સુખાન્તનું રહસ્ય શમ્બૂકવધ-પ્રસંગમાં રહેલું છે એમ જોયું છે. આ પ્રસંગે રામે જે વિડંબના અને વિષમતા ભરી કઠોર જવાબદારી નિભાવી છે તેના પરિણામે જ રામ અને સીતાનું દામ્પત્યજીવન, અને એમના ભાવિ સંતાનોની અને પછી નવજાત સંતાનોની જાળવણીનું કામ ઋષિઓએ; અને પૃથિવી, ભાગીરથી જેવી દેવીઓએ કર્યું છે.

શમ્બૂકવધ થકી રામનું કોઈ રીતે કલ્યાણ થતું હોય, એમને કોઈ કર્મફળ મળતું હોય તેમ પુરોગામી કવિઓએ બતાવ્યું નથી. જ્યારે 'ઉત્તરરામચરિત'માં તો મહાકવિ ભવભૂતિએ આ કર્મફળને આ જ જન્મે પરિણત થતું બતાવ્યું છે એ એમની વિશેષતા છે. ભવભૂતિએ આ વાત પ્રકટ શબ્દોમાં એક જગ્યાએ કહી પણ છે ! જેમકે, ત્રીજા અંકના આરંભે તમસા-મુરલાનો સંવાદ આવે છે. તેમાં તમસા નદી કહે છે કે લક્ષ્મણે સીતાને વાલ્મીકિના આશ્રમે છોડી દીધા પછી સીતાએ તો પ્રસવવેદના થતાં ગંગામાં પડતું જ મૂક્યું હતું. પણ તે ક્ષણે ગંગાદેવી અને પૃથિવી માતા તરત એમની મદદે દોડી આવ્યા અને કશું પણ અનિષ્ટ થવા દીધા વિના, સીતાને અને તેના બે પુત્રોને સાચવી લીધા છે. આ સાંભળીને મુરલા વિસ્મયપૂર્વક બોલી ઊઠે છે કે –

ईदृशानां विपाकोऽपि जायते परमाद्भुतः ।
यत्रोपकरणीभावम् आयात्येवंविधो जनः ॥ (उ.रा.च. ३–३)

"આવા (રામ-સીતાના જેવા) વ્યક્તિઓનો કર્મવિપાક પણ પરમ અદ્‌ભુત રૂપ લઈને પ્રકટતો હોય છે; કે જેમાં આવા (વસિષ્ઠ, વાલ્મીકિ, ભાગીરથી, પૃથિવી, અરુન્ધતી ઇત્યાદિ જેવા ઋષિઓ અને દૈવી) પાત્રો સામે ચાલીને ઉપકાર કરવા, મદદ કરવા દોડી આવતાં હોય છે !"

ઉપસંહાર :

આમ વાલ્મીકીય રામાયણમાં કુશ-લવની પૈતૃક ઓળખનો જે પ્રશ્ન ઊભો થાય છે, તે ભવભૂતિએ જૃમ્ભકાસ્ત્રોના ચોક્કસ ઉપયોગ થકી કલાત્મક રીતે હલ કરી દીધો છે, તથા રામાયણનો કરુણાંત, જે રામસીતાના જીવનને ન્યાય અપાવી શકતો નથી, તે ભવભૂતિએ રામના ઉત્તર જીવનમાં બનેલી શમ્બૂકવધની ઘટનાને લઈને એના કર્મફળ રૂપે એમને એમનાં સંતાનો જીવતાં પાછાં મળે છે એમ નિરૂપીને, છેવટે પતિ-પત્ની બન્નેનું જીવન સુખાન્તમાં પરિણમે છે એમ બતાવ્યું છે. જે વ્યક્તિ કોઈપણ ભોગે પ્રજારાધન કરવાના કુલવ્રતમાંથી સ્હેજ પણ ડગે નહીં, પ્રજારાધન કરવાના નિમિત્તે ફૂરીને પોતાનાં સંતાનોના સુખદ પ્રસવનો પણ વિચાર કર્યા વિના

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

સગર્ભા પત્નીનો તો ત્યાગ કરી જ દે, પણ પાછો એ જ પ્રજાના અકાળે મરેલા પુત્રને સજીવન કરાવી આપવા મેદાને પડે—શમ્બૂકનો વધ કરે—તે વ્યક્તિને એના પુત્રો, માતા-સહિતના પુત્રો પાછા મળવા જ જોઈએ એવી કવિન્યાયની અપેક્ષા છે. એથી 'ઉત્તરરામચરિત' સુખાન્તમાં પરિણમે તે કલાદૃષ્ટિપૂર્ણ લાગે છે; એમાં નાટ્યશાસ્ત્રની આજ્ઞાનું કોઈ રૂઢિગત અનુસરણ લાગતું નથી. હવે, "अहो संविधानकम् ।" સિવાય બીજું કાંઈ બોલવાનું બાકી રહેતું નથી !

o o o

(૫) कारुण्यं भवभूतिरेव तनुते ॥

અલંકારશાસ્ત્રના આચાર્યોએ કહ્યું છે કે – અપાર એવા કાવ્યસંસારમાં કવિ જ એક (અપ્રતીમ) પ્રજાપતિ ગણાય. કેમકે એમને આ વિશ્વ જેવું—જેવા સ્વરૂપે—પસંદ આવે તેમ એ એને સાકાર કરે છે.

अपारे काव्यसंसारे कविरेकः प्रजापतिः ।
यथाऽस्मै रोचते विश्वं तथेदं परिवर्तते ॥

એ જ રીતે, આનંદવર્ધને પણ કહ્યું છે કે કાવ્યમાં જો કવિ શૃંગારી બને તો જગત્ (શૃંગાર) રસમય બની જતું હોય છે. પણ, જો કવિ પોતે વીતરાગી બની જાય તો એનું કાવ્ય નીરસ બની જાય. અહીં, આનંદવર્ધનના મનમાં શૃંગારરસના સિદ્ધહસ્ત કવિ તરીકે કાલિદાસ અને કરુણરસના સિદ્ધહસ્ત કવિ તરીકે ભવભૂતિ રહેલા હશે એમ વિચારી શકાય. મહાકવિ ભવભૂતિએ 'ઉત્તરરામચરિત' નાટકમાં જે રીતે કરુણરસનું પ્રાધાન્યેન નિરૂપણ કર્યું છે તે જોઈને कारुण्यं भवभूतिरेव तनुते। એવી ઉક્તિ પ્રસિદ્ધિમાં આવી હશે. આ ઉક્તિને સંસ્કૃત સાહિત્યની અન્ય (નાટ્ય) કૃતિઓની તુલનામાં પણ તપાસવી જોઈએ; અને કેવળ 'ઉત્તરરામચરિત' કૃતિના ઉપલક્ષ્યમાં પણ તપાસવી જોઈએ, કે કવિ ભવભૂતિનું કરુણ રસનું આલેખન કેવી રીતે 'અદ્વિતીય' છે; અથવા તો સર્વોત્કૃષ્ટ છે.

[૧]

કરુણ રસનો સ્થાયી ભાવ શોક છે; અને તે શોક જન્મે છે, જાગૃત થાય છે – ઇષ્ટ વ્યક્તિના વિનાશથી. નાટ્યશાસ્ત્ર કહે છે કે –

इष्टनाशादिभिश्चेतो वैक्लव्यं 'शोक' शब्दभाक् ॥ અર્થાત્ ઇષ્ટવ્યક્તિ કે વસ્તુનો વિનાશ (વગેરે) થવાથી ચિત્તમાં જે વૈકલવ્ય ઊભું થાય છે, જે આકળ-વિકળ થતું ચિત્ત બને છે તેને 'શોક' વ્યાખ્યો એમ કહેવાય છે.

આપણે જાણીએ છીએ કે 'ઉત્તરરામચરિત'ની એક મુખ્ય ઘટના તે રામે કરેલો સીતાત્યાગ છે. રામે આપન્નસત્ત્વા સીતાને, એકાકિની રાખીને, જંગલમાં

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

નોંધારા ત્યજી દીધા. પછી રામે ક્યારેય સીતાના ખબરઅંતર કોઈ રીતે જાણ્યા નથી. શમ્બૂકવધના નિમિત્તે રામને પંચવટીમાં આવવાનું થયું છે. ત્યારે અંદરને અંદર એમનું ચિત્ત જે સીતાના શોકથી સતત બળી રહ્યું હતું તેને વર્ણવવા કવિએ (ત્રીજા અંકના આરંભે) તમસા-મુરલાના સંવાદમાં નીચેનો શ્લોક મૂક્યો છે :

अनिर्भिन्नो गभीरत्वाद् अन्तर्गूढघनव्यथः ।
पुटपाकप्रतीकाशो रामस्य करुणो रसः ॥ (३–१)

ત્રીજા અંકમાં, વાસન્તી સાથેની વાતચીતમાં રામ સ્પષ્ટ માને છે કે એકાંતમાં, વનમાં ત્યજી દેવાયેલી સીતાને માંસાહારી હિંસક પ્રાણીઓએ ફાડી જ ખાધાં હશે. क्रव्याद्भिः हिंस्रपशुभिः सा नियतं विलुप्ता ॥ છે. રામ પોતાના આ બીજા વિરહને 'નિરવધિ' પણ કહે છે. વળી, વનદેવતા વાસન્તી સાથેની આ વાતચીતમાં સીતાને "નામશેષા" પણ જાહેર કરવામાં આવે છે. આમ 'ઉત્તરરામચરિત' નાટકમાં જે કરુણ રસ વિલસતો જોવા મળે છે તે ઇષ્ટવિનાશ-જનિત શોક રૂપ સ્થાયિભાવની જ અભિવ્યક્તિ છે.

[૨]

આમ કવિના પોતાના શબ્દો; અને આ નાટ્યકૃતિના મુખ્ય નાયકની નાયિકા (સીતા)ના સર્વથા વિનાશની ધારણા – એ બેને જોતાં એ વાત તો સુવિદિત બની છે કે 'ઉત્તરરામચરિત'નો પ્રધાન રસ કરુણ છે. પણ અહીં એક વિશેષ સ્પષ્ટતાની પણ જરૂર છે કે 'ઉત્તરરામચરિત' નાટક એ કરુણરસપ્રધાન કૃતિ હોવા છતાંય તે કરુણાંત નથી. (એટલે કે જેવી રીતે વાલ્મીકિના 'રામાયણ'માં સીતા અંતે પૃથિવીમાં સમાઈ જાય છે; અને રામ સાવ એકલા પડી જાય છે. તેવી રીતે આ નાટ્યકૃતિમાં અંતે રામ – સીતા કાયમ માટે છુટા પડી જતાં નથી, બલ્કે તેમનું કાયમી મિલન થાય છે, અને નાટક સુખાન્તમાં પરિણમે છે. આથી, ભવભૂતિએ અલંકારશાસ્ત્રના રચયિતાઓને રસના ભેદોપભેદની વિચારણા નવેસરથી કરવાની ફરજ પાડી હોય એવું ચિત્ર ઉપસી આવ્યું છે. કેમકે, કૃતિમાં જો અંતે નાયક-નાયિકા છુટા ન પડતા હોય તો તેને કરુણ રસવાળી કૃતિ કેવી રીતે કહેવાય ?

શાસ્ત્રકારોએ 'ઉત્તરરામચરિત'ને જોઈને કહ્યું છે કે આ કૃતિમાં "કરુણ વિપ્રલંભ" પ્રકારનો રસ પ્રધાનપણે રહ્યો છે. અહીં, કૃતિમાં રામે જે સીતાને "નિયતં વિલુપ્તા" માની હતી, તે અન્તે તો જીવતી નીકળે છે અને રામને પોતાને તે મળે પણ છે. આથી રામનો કરુણ વિપ્રલંભમાં ફેરવાઈ જાય છે એમ કહેવું જોઈએ. સાહિત્યદર્પણકાર વિશ્વનાથ કહે છે કે –

यूनोरेकतरस्मिन् गतवति लोकान्तरं पुनर्लभ्ये ।
विमनायते यदैकस्ततो भवेत् "करुणविप्रलम्भाऽऽख्यः" ॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પરંતુ કેટલાક વિદ્વાનો એવા પણ છે કે જે કૃતિનો "સુખાન્ત" જોવા માત્રથી, નવા રસ–ભેદની વિચારણા શરૂ કરવાની જરૂર જોતા નથી. તેમના મતે 'ઉત્તરરામચરિત' સુખાન્ત હોવા છતાંય, તે કરુણરસવાળી કૃતિ મટી જતી નથી. પ્રોફે. વિદ્યાનિવાસ મિશ્ર જણાવે છે કે –

કરુણરસનો સ્થાયિભાવ શોક છે, જે ઇષ્ટનાશથી ઉત્પન્ન થાય છે. આ ઇષ્ટ વ્યક્તિ, ધારણા, ધર્મ વગેરેમાંથી કાંઈ પણ હોઈ શકે છે. પશ્ચિમી દૃષ્ટિથી ટ્રેજેડીનું મૂળ હોય છે – 'કોઈ આશાભંગ'. આ દૃષ્ટિએ જોતાં પ્રતીત થશે કે રામના મનમાં એવી આશા હતી કે સીતાનો પરિત્યાગ કરીને અમે લોકોને પ્રસન્ન કરી લઈશું; અને એ લોકો પણ અમારા ત્યાગને સમજી શકશે. પરંતુ થાય છે એવું કે લોકો તો સાવ ભૂલી જ જાય છે કે સીતાનો ત્યાગ કરવામાં આવ્યો છે. એમને એ વાતનો થોડોકેય એવો આભાસ પણ થતો નથી કે રાજાએ સીતાનો ત્યાગ કરીને, એમણે પોતાને કેટલા એકલા પાડી દીધા છે ? જેમને પ્રસન્ન કરવા સીતાત્યાગ કરવામાં આવ્યો, તેમણે રાજાના દુઃખને દુઃખ ગણ્યું જ નહીં – બસ, આ જ ટ્રેજેડીનું બીજ છે. આ ટ્રેજેડી સીતાના મળવાથી પણ દૂર થતી નથી. રામ લક્ષ્મણને એ જ કહે છે કે સીતાની પવિત્રતાના વિષયમાં ગંગા અને પૃથિવીની વાત મને કેમ સંભળાવો છો ? લોકોને કહો, તેઓ સાંભળે. આ સંવાદથી સ્પષ્ટ છે કે લોકોના પ્રત્યેનો રામનો અમર્ષ જતો નથી; એ અમર્ષ એવોને એવો જ, પહેલેથી છેલ્લે સુધી રહે છે. નાટકના છેક અંતે આવતું વાક્ય–सर्वम् अनुभवन्नपि, न प्रत्येमि। એમના સ્થાયી દુઃખને ભાર દઈને રેખાંકિત કરી આપે છે....લોકોને ઠપકો આપવા જ (કવિએ) મિલન યોજ્યું છે. દૈવી શક્તિઓના સહયોગથી લોકોની કુબુદ્ધિનું માર્જન તો થઈ જાય છે; પરંતુ રામ અને સીતાને પોતાનું દુઃખ સમાપ્ત થયું – એ વાત ઉપર ભરોસો પડતો નથી...બન્નેય દ્વારા, કેવળ લોકમંગળ અને લોકરંજનને માટે કરવામાં આવેલું કરુણ બલિદાન એ બન્નેના હૃદયમાં સ્થાયી વેદના રૂપે ખૂંપી ગયું છે. આથી ઉત્તરરામચરિતમાં 'કરુણ' (જ) અંગી રસ છે એમ માનવું એ જ સમીચીન છે."[૩૧]

[૩]

બીજી તરફ, કવિએ પોતે સાહિત્યસૃષ્ટિમાં રસવિષયક જે માન્યતા પ્રવર્તતી હતી કે 'નાટક' પ્રકારના રૂપકમાં 'વીર' કે 'શૃંગાર'-એ બેમાંથી એક (જ) રસ મુખ્ય હોઈ શકે તેની સામે એક નવો જ વિચાર મૂક્યો છે કે–

---

૩૧. उत्तररामचरितम्, व्यारव्याकारः डॉ. रामअवध पाण्डेय, प्रस्तावना – विद्यानिवास मिश्र, विश्वविद्यालय प्रकाशन, वाराणसी, सं. २०३४

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

एको रसः करुण एव निमित्तभेदाद्
भिन्नः पृथक्पृथग् इवाश्रयते विवर्तान् ।
आवर्त–बुद्‌बुद्–तरंगमयान् विकारान्
अम्भो यथा सलिलमेव तु तत्समग्रम् ॥ (३–४७)

"પાણીમાં જેમ વમળો, પરપોટા કે તરંગો જેવા વિકારો ઊભા થાય છે – અને તે દરેક નવાં/જુદાં જુદાં નામે ઓળખાય છે; છતાંય અંતે તો તે બધું પાણી જ છે. તેવી રીતે (સાહિત્યસૃષ્ટિમાં, અથવા તો વાસ્તવિક જીવનમાં પણ) જુદા જુદા નિમિત્તોએ અનુભવાતા શૃંગાર, વીર, હાસ્ય, ભયાનકાદિ રસો પણ વિવર્ત–મિથ્યાજ્ઞાન–રૂપ જ સિદ્ધ થાય છે; કેમકે અંતે તો એક કરુણ–રસ જ અનુભવાય છે."

કવિનું આ દર્શન ઉત્તરરામચરિતમાં, રામ-સીતાના જીવનની ઘટમાળ દ્વારા મૂર્તિમંત કરવામાં આવ્યું છે. ભરતમુનિએ નાટ્યશાસ્ત્રમાં આ શ્લોક દ્વારા જેમ કહ્યું છે કે –

समः सर्वेषु भूतेषु स शान्तः प्रथितो रसः ।
भावा विकारा रत्याद्याः, शान्तस्तु प्रकृतिर्मतः ॥

"બધા જીવોમાં એક સમાન રીતે શાન્તરસ જ ફેલાઈને પડ્યો હોય છે. પણ રતિ, હાસ વગેરે સ્થાયિભાવો તો **વિકારો** છે; અને આ બધા રસોની મૂળ **પ્રકૃતિ** તો 'શાન્ત' જ છે." તેની સામે, ભવભૂતિએ એક નવો મત સ્થાપિત કરવા જાણે આ કૃતિની રચના કરી છે.

[૪]

અલબત્ત, ભવભૂતિના આ एको रसः करुण एव निमित्तभेदाद्....(३–४७) શ્લોકને ઘણા વિદ્વાનોએ કેવળ પ્રાસંગિક ગણવાનું પણ સૂચવ્યું છે. તમસા દ્વારા બોલાયેલી આ ઉક્તિને કેવળ ત્રીજા અંકના સંદર્ભમાં જ જોવી; અને તેને આખી કૃતિના કે કવિના કેન્દ્રવર્તી દર્શન રૂપે ન જોવી એવો એનો મતલબ છે.

પરંતુ, આપણે એ જોવું જોઈએ કે ઉત્તરરામચરિતમાં જે કરુણનું આલેખન થયું છે તે એની બહુલતા, તીવ્રતા[૩૨] કે અતિરેક[૩૩]ને કારણે ધ્યાનાસ્પદ બન્યું છે; કે પછી ઉપર્યુક્ત શ્લોકમાં જે અન્ય અન્ય રસોને 'વિવર્ત' રૂપે ગણીને; તે દરેકનું અંતે તો કરુણમાં જ પર્યવસાન થતું (૧ થી ૭ અંકોમાં) બતાવ્યું છે – તે **રજૂઆતની વિશેષતાને કારણે** ધ્યાનાસ્પદ બન્યું છે ? ઉત્તરરામચરિતમાં કરુણ રસનું આલેખન તેની બહુલતા કે મુખરતાને કારણે કદાચ ધ્યાનાસ્પદ નથી બન્યું; બલ્કે દોષ રૂપ

૩૨. दलति गाढोद्वेगं...(३–३१), हा हा देवि सकुटति हृदयं (३–३८) વગેરે.
૩૩. રંગભૂમિ ઉપર રામનું વારંવાર મૂર્ચ્છિત થઈ જવું... ઈત્યાદિને કારણે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પણ ગણાયું છે. પરંતુ વિચાર કરતાં એમ લાગે છે કે રૌદ્ર, શૃંગાર કે વીર રસોનું, જુદા જુદા પ્રસંગે કવિએ પ્રકટીકરણ કરીને, અંતે તો તેને કરુણમાં જ પર્યવસાન પામતું આલેખ્યું છે તેને કારણે તે અદ્વિતીય અને સર્વોત્કૃષ્ટ બન્યું છે.

o o o

અહીં, રસવિષયક ચર્ચામાં આગળ વધતાં પહેલાં, ઉત્તરરામચરિતમાં ભવભૂતિની જે ડગલેને પગલે નાટ્યાત્મક વક્રતાઓ (dramatic irony) ભરી રચનાગત વિશેષતાઓ છે તેને પણ ધ્યાનમાં લેવી જોઈશે. કેમકે ભવભૂતિએ એ નાટ્યાત્મક વક્તાઓના વિવિધ ઉન્મેષો દેખાડ્યા છે; અને એમાંના એક વિશેષ ઉન્મેષ રૂપે શૃંગારાદિ અનેકનું નિરૂપણ કરીને અંતે તો તે સૌને કરુણ તરફ ઢળી જતાં કે કરુણમાં ડૂબી જતાં જ આલેખ્યા છે !

[૫]

ભવભૂતિ જે સમયગાળામાં સાહિત્યરચના કરી રહ્યા છે તે (૭મા–૮મા સૈકા)માં કવિઓ પોતાની કૃતિની રચનાગત વિશેષતાનો પણ ક્યાંક/ક્યારેક અછડતો ઉલ્લેખ કરી દેતા હોય છે. જેમકે, ભવભૂતિની પહેલાં થઈ ગયેલા બાણભટ્ટે પણ 'હર્ષચરિત'ના પ્રાસ્તાવિક શ્લોકોમાં પોતાની કૃતિની વિશેષતા તરફ અંગુલિનિર્દેશ કરતા હોય તેમ લખ્યું છે કે –

नवोऽर्थो जातिरग्राम्या श्लेषोऽक्लिष्टः स्फुटो रसः ।
विकटाक्षरबन्धश्च कृत्स्नमेकत्र दुष्करम् ॥ (१–८)

આવી રીતે ભવભૂતિએ પણ પોતાના 'માલતીમાધવ' નામના પ્રકરણ રૂપકમાં લખ્યું છે કે – भूम्ना रसानां गहना प्रयोगाः । (मा. मा. १ : ४) "પોતાની આ કૃતિમાં અનેક રસોનું નિરૂપણ છે; અને વળી, તે દરેકનો પ્રયોગ ગહન છે." એવી જ રીતે, 'ઉત્તરરામચરિત' નાટકમાં તેમણે एको रसः करुण एव निमित्तभेदाद्...(૩–૪૭) વાળી પંક્તિ લખી છે. આ શ્લોકમાં સ્પષ્ટ શબ્દોમાં કવિએ જે કહ્યું છે, તે ધ્યાનાસ્પદ છે : "(સાચો) રસ તો એક કરુણ જ છે. નિમિત્તોનો ભેદ થવાને કારણે તે (કરુણ) ક્યારે (શૃંગાર, વીર, હાસ્યાદિ રૂપે) જુદો લગતો હોય છે. તે (એક જ કરુણ રસ) જાણે જુદા જુદા વિવર્તોને આધારે રહેલો છે. જેવી રીતે અમ્ભઃ (= પાણી) ક્યારેક વમળ, તો ક્યારેક બુદ્‌બુદ્‌ સ્વરૂપે, તો ક્યારેક તરંગ રૂપ વિકારોને આશ્રયે રહેલું હોય છે; પણ અંતે તો તે સમગ્ર 'સલિલ'[૩૪] (=પાણી) જ હોય છે !" એટલે જેવી રીતે દોરડીમાં સર્પ દેખાય તો

૩૪. જુદી જુદી લીલાઓવાળું હોય, તે 'સલિલ' કહેવાય !– એવી વ્યુત્પત્તિ તરફ કવિ કદાચ ધ્યાન ખેંચી રહ્યા છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

તે જ્ઞાન મિથ્યા—આભાસિક જ હોય છે. દોરડીની ઉપર આરોપિત સર્પ તો ક્યારેય હોતો જ નથી; અને સમ્યગ્‌જ્ઞાન થતાં જેમ જે વાસ્તવિક (= વસ્તુનિષ્ઠ) પદાર્થ હોય છે, તે તો દોરડી જ નીકળે છે. તેમ ‘ઉત્તરરામચરિત’ની નાટ્યસૃષ્ટિમાં પણ જુદા જુદા અંકોમાં પ્રેક્ષકોને ઘડી—બે ઘડી ‘આ શૃંગાર રસ છે’; ‘આ વીર રસ છે’; કે ‘આ હાસ્ય રસ છે’ એવું આભાસિક જ્ઞાન, અને એનો ચમત્કારિક અનુભવ જરૂર થાય છે; પણ પછીની ક્ષણોમાં તો એ બધા કરુણમાં જ પર્યવસાન પામતા અનુભવાય છે. એટલે કે, અંતે તો ભાવકોના પક્ષે કરુણરસની જ અનુભૂતિ ચરિતાર્થ થતી જોવા મળે છે.

મહાકવિ ભવભૂતિએ આખા ‘ઉત્તરરામચરિત’માં કેવળ ઉક્તિગત વક્રતા (irony)નો જ પ્રયોગ કર્યો નથી, પણ પાત્રગત, પ્રસંગગત, પરિસ્થિતિગત એમ અનેક પ્રકારની વક્રતાઓ (irony)થી વસ્તુગૂંથણી કરી છે; તેથી તે જ્યારે અભિનયના માધ્યમથી આપણી સમક્ષ મૂર્તિમંત કરવામાં આવે છે ત્યારે જે પાત્ર, કે જે ઉક્તિ, કે જે પરિસ્થિતિ જુદા જુદા વિભાવાદિને કારણે શૃંગારાદિ રસોની શરૂઆતમાં પ્રતીતિ જન્માવે છે, તે અંતે તો કરુણમાં જ જઈને, પર્યવસાન પામે છે.

[૬]

‘ઉત્તરરામચરિત’ના સાતેય અંકોને વિવિધ પ્રસંગોના સંદર્ભમાં તપાસીશું તો ઉપરનો મુદ્દો વધુ વિશદ થશે :—

નાટ્યશાસ્ત્રમાં ભરતમુનિએ રસનિષ્પત્તિ વિશે આ મુજબ સૂત્ર આપ્યું છે : तत्र विभावानुभावव्यभिचारिसंयोगाद् रसनिष्पत्तिः । એટલે કે રંગભૂમિ ઉપર રજૂ થતી વિભાવ, અનુભાવ અને વ્યભિચારી ભાવો રૂપ વ્યંજક સામગ્રીથી નાટક જોવા બેઠેલા પ્રેક્ષકોના મનમાં રહેલા સ્થાયિભાવો (જ) ‘રસ’ રૂપે અભિવ્યક્ત થાય છે. હવે કવિએ કરુણરસ પ્રધાન નાટ્યસૃષ્ટિ રચવાનું લક્ષ્ય તાંક્યું હોઈને, રામના રાજ્યાભિષેકમાં ભાગ લેવા આવેલા સૌ પાત્રોની ક્રમશઃ પહેલાં વિદાય નિરૂપી છે; અને પ્રથમ અંકના અન્તે જતાં તો સીતાની વિદાય પણ થાય છે. આમ સીતા-રામના ચિત્તમાં રહેલા શોક રૂપ સ્થાયિભાવને જગાડવા માટે જરૂરી પરિસ્થિતિનું નિર્માણ થઈ જાય છે. રામનો શોક રૂપ સ્થાયિભાવ એમની પ્રાણપ્યારી સીતા(ની વિદાય)ને અવલંબીને રહ્યો છે. આમ સીતાત્યાગ તે આલંબન વિભાવ બને છે; અને તેમાં પ્રજાજનોમાં ફેલાયેલો લોકાપવાદ તે ઉદ્દીપક—વિભાવ રૂપ સામગ્રી બને છે.

પ્રથમ અંકની શરૂઆત થાય છે ત્યાં જ કહેવામાં આવે છે કે સીતાને અયોધ્યામાં રાખીને સૌ વડીલો જમાઈના આશ્રમે ગયા છે; અને સીતાના પિતાજી—

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

રાજા જનક—પણ આજે જ ઘરે પાછા ગયા છે. રામ સીતાને સમજાવે છે કે સૌએ પોતપોતાનું કર્તવ્ય નિભાવવાનું હોય છે, એટલે એકબીજાને જુદા થવું પડતું હોય છે. પણ સીતા 'વિદાય દુઃખદાયી હોય છે' એને વર્ણવતાં કહે છે કે : किन्तु संतापकारिणो बन्धुजनविप्रयोगा भवन्ति । 'સ્વજનોના વિયોગ સંતાપ ઉત્પન્ન કરનારા હોય છે.' સીતાના મનોગતને વાચા આપતો આ વાચિક અભિનય તે 'અનુભાવ' ગણાશે.

બીજી તરફ, વિમનસ્ક થયેલી સીતાને સાંત્વન આપવા માટે લક્ષ્મણ ચિત્રવીથિકાના દર્શન માટે નિમંત્રણ આપવા આવી પહોંચે છે. દીયર તરીકે લક્ષ્મણના આ પ્રયાસની રામ પ્રશંસા કરે છે, પણ પછી જ્યારે પૂછે છે કે ચિત્રકારે ક્યાં સુધીના પ્રસંગોને આવરી લેતાં ચિત્રો બનાવ્યાં છે ? ત્યારે સહસા લક્ષ્મણ બોલી ઊઠે છે કે – यावद् आर्यायाः हुताशने विशुद्धिः । "જ્યાં સુધી ભાભીશ્રીની અગ્નિમાં પરીક્ષા લેવામાં આવી ત્યાં સુધીનાં તે ચિત્રો છે," આ વાક્ય થકી સીતાની પવિત્રતા માટે એક આશંકા જડાઈ ગયેલી છે એ વાત વ્યંજિત થાય છે; અને જે દીયરને હમણાં જ કહેવાયું કે તે ભાભીને ખુશ કરવાનું બરાબર જાણે છે" એ બીજા જ વાક્યમાં એવું કંઈક બોલે છે કે જેથી દુઃખી થયેલાં સીતાજી ફરીથી દુઃખી થાય. આ સાંભળીને, સાવધાન થઈ ગયેલા રામ તરત જ કહે છે કે સીતા જેવી જે જન્મથી જ પવિત્ર વ્યક્તિ છે, એને વળી તીર્થોદક કે અગ્નિની શી જરૂર હોય ? પણ રામ એક ઊંડા અફસોસમાં સરકી પડે છે; અને એમણે કહેવું પડે છે કે – देवि, देवयजनसंभवे, प्रसीद । एष ते जीवितावधिः प्रवादः । રામને થયેલો આ અફસોસ અને માફી માંગવાની ચેષ્ટા તે 'ગ્લાનિ' અને 'દૈન્ય' નામનો વ્યભિચારી ભાવ ગણાશે.

ચિત્રવીથિકામાં જુદાં જુદાં ચિત્રો જોતી વખતે શરૂઆતમાં વિશ્વામિત્રે આપેલાં જૃમ્ભકાસ્ત્રો આવ્યાં, તે પછી મિથિલાવૃત્તાન્ત શરૂ થયો, જેમાં રામ-સીતાના લગ્નની વાત આવી – આ બધો ભૂતકાળ સુખમય હતો, તેનું ચિત્રોના માધ્યમથી સ્મરણ થાય તો તે આનંદજનક જ બને. પણ કવિ આખી કૃતિનો જે પ્રધાન સૂર છેડવા માંગે છે, તે તો કરુણ છે. એટલે રામ પાસે બોલાવડાયું છે કે – मातृभिश्चिन्त्यमानानां ते हि नो दिवसा गताः । "માત-પિતા જેમાં બધી જ કાળજી લેતાં હતા તે (જવાબદારી વિનાના) આપણા દિવસો હવે પૂરા થઈ ગયા છે." વળી, બીજાં ચિત્રો જોતાં જોતાં રામ-સીતા પોતાનાં વનવાસના સુખી દિવસો પણ યાદ કરે છે. જેમાં ગોદાવરી નદી, રામના હાથ ઉપર સૂતેલી સીતા, દક્ષિણારણ્યના માર્ગે રામે તડકો રોકવા સીતાના માથે ધરેલું તાલપત્ર-વગેરે જોતાં રામના મનમાં

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

એ પ્રેમભર્યા દિવસો તાદૃશ થઈ જાય છે; અને રામના મુખેથી નીકળે છે : किमपि किमपि मन्दम् मन्दमासत्ति योगात् ...रात्रिरेव व्यरंसीत् ॥ — અહીં દક્ષિણારણ્યનું પથિકત્વ જોવું—તે ઉદ્દીપન-વિભાવ છે; અને સીતાને અવલંબીને રહેલો રામનો રતિ રૂપ સ્થાયિભાવ જાગૃત થઈ ઊઠે છે અને; જ્યારે રામ બોલે છે કે અશિથિલ પરિરમ્ભણપૂર્વક અક્રમે થતું જલ્પન ચાલતું હતું; અને રાત ક્યાં વીતી ગઈ એની પણ ખબર ના પડી. — તે 'સ્મૃતિ' અને 'મોહ' રૂપ વ્યભિચારી ભાવો છે; તથા રામને આ સ્મરણથી થનારો રોમાંચનો અનુભવ — તે સાત્ત્વિક ભાવ છે. આથી રામનો રતિ રૂપ સ્થાયિભાવ 'શૃંગાર રસ' રૂપે પ્રતીત થાય છે.

પણ, કવિ આ શૃંગારની અભિવ્યક્તિને "एषा पञ्चवट्यां शूर्पणखा । એવી લક્ષ્મણની ઉક્તિ દ્વારા એક ક્ષણમાં પલટાવી કાઢે છે. સીતાથી બોલી જવાય છે કે – हा आर्यपुत्र, एतावत् ते दर्शनम् । "બસ અહીં સુધી આપણે જોડે રહી શક્યા હતા, (તે પછી રાવણ મારું અપહરણ કરી ગયો હતો.)." આમ 'શૂર્પણખા' એવા શબ્દમાત્રથી રસાન્તરની પ્રક્રિયા સધાય છે. રામના વિયોગને અવલંબીને રહેલો સીતાના ચિત્તનો શોક રૂપ સ્થાયિભાવ, 'શૂર્પણખા' એવા શબ્દરૂપ ઉદ્દીપન–વિભાવ થકી; અને સીતાના શરીરમાં જાગેલી અપહરણની 'ભીતિ' અને કંપન રૂપ સ્થિતિ તે વ્યભિચારિ ભાવો વડે સીતાનો શોક રૂપ સ્થાયિભાવ, કરુણરસ રૂપે અભિવ્યક્ત થાય છે. આથી ક્ષણ પહેલાં રામે અનુભવેલો શૃંગાર છેવટે તો કરુણમાં જ જઈને પર્યવસાન પામ્યો એમ કહેવાય.

આવી જ રીતે, ચિત્રવીથિકા જોયા પછી થાકી ગયેલા સીતા રામના હાથને ઓશીકું બનાવીને સૂઈ જાય છે. રામ સીતાને જુવે છે, સ્પર્શે છે અને "આ મારા ઘરની લક્ષ્મી છે, આંખોની અમૃતસળી છે, આનો સ્પર્શ ચંદનરસ સમો છે" ઈત્યાદિ વાક્યો પણ બોલે છે. આમાં જે આંગિક અને વાચિક અભિનય રૂપ અનુભાવો પ્રકટ્યાં છે. તે સીતાને અવલંબીને રહેલ રામના રતિ રૂપ સ્થાયિભાવને જગાડે છે. અહીં અન્તઃપુરનું એકાંત અને રામના કંઠે રહેલો સીતાનો સ્પર્શ તે ઉદ્દીપન વિભાવ રૂપે કામ કરે છે. રામ અંતઃપુર રૂપ વિસ્રંભસ્થાનમાં સીતાના સાંનિધ્યને મનના ઊંડાણથી અનુભવી રહ્યા છે અને તેમાંથી પોતાના દાંપત્યજીવનના "અદ્વૈત"ની એક પ્રગાઢ લાગણી પીછાણે છે, જે શૃંગાર રસની સર્વોત્કૃષ્ટ અભિવ્યક્તિ બની રહે છે.

પણ, કવિ ભવભૂતિ તરત જ રસાન્તર પણ પ્રયોજે છે. અંતઃપુરના દ્વારે આવીને ઊભેલો દુર્મુખ નામનો ગુપ્તચર સીતાના લોકાપવાદની વાત રામના કાનમાં કરે છે. हा हा धिक् परगृहवासदूषणम्...કહીને રામના મુખમાંથી તીવ્ર અફસોસ,

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

નિ:સહાયતાની લાગણી પ્રકટી ઊઠે છે. દૈવના દુર્વિપાકથી આ લોકાપવાદ હડકાયા કૂતરાના ઝેરની જેમ ચારે તરફ ફેલાઈ ગયેલ છે. રામ ગુપ્તચરની વાત સાંભળીને "તીવ્ર વાગ્ વજ્ર" વાગતાંની સાથે મૂર્છિત થઈ જાય છે. આ 'પ્રલય' નામનો સાત્ત્વિક ભાવ છે. અહીં ગુપ્તચરની વાણી તે ઉદ્દીપન-વિભાવ રૂપ સામગ્રી છે, તથા રામ "किमत्र मन्दभाग्यः करोमि ।" જેવાં જે વાક્યો બોલી ઊઠે છે તે 'અનુભાવ' છે, જે સીતાને અવલંબીને રહેલ રામના શોકને કરુણ-રસ રૂપે અભિવ્યક્ત કરે છે.

રામે એક તરફ સીતા જોડે 'અદ્વૈત'નો ભાવ અનુભવ્યો; શૃંગારની ચરમ-સીમા કવિએ દેખાડી; અને તરત જ દુર્મુખના પ્રસંગથી બન્નેનો નિરવધિ વિયોગ શરૂ થાય એવી પરિસ્થિતિનું નિર્માણ કર્યું. આ ભાવગત વક્રતાને કારણે, શૃંગારની પરમ સંતોષ ભરી અનુભૂતિ એકદમ જ કરુણમાં પલટાઈ જાય છે; જે કરુણની પ્રતીતિને વધુ તીવ્ર બનાવે છે.

અહીં કેટલીક વક્રતા(irony)ઓ નોંધપાત્ર છે : (૧) પિતા જનકના જવાથી દેવી સીતાના મનનું વિનોદન કરવા ધર્માસન ઉપરથી વ્હેલા વ્હેલા ઊઠીને, અંતઃપુરમાં આવેલા રામ અંકના અંતે તો સીતાત્યાગનો નિર્ણય કરીને રંગભૂમિ ઉપરથી વિદાય લે છે. (૨) સીતાએ ગર્ભદોહદ રૂપે ભાગીરથીની વનરાજિઓમાં ફરીથી વિહાર કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી; તે જ ગર્ભદોહદની પૂર્તિ કરી આપવાના બહાના હેઠળ રામ સીતાને ઘરમાંથી બહાર કાઢીને, છેવટે ત્યજી દે છે. (૩) રામે આપેલા હાથ ઉપર જે વિસ્રમ્ભથી સીતા સૂઈ ગઈ હોય છે, તે જ હાથ રામને પાછો ખેંચી લેવો પડે છે; અને તે જ હાથે જાણે તે માંસાહારી હિંસક પ્રાણીઓને સીતાનો બલિ ધરી રહ્યા હોય એવો ભાવ અનુભવે છે. (૪) સીતાની જે ભાવિ સંતતિને રામે જૃમ્ભકાસ્રોનું દાન કર્યું, તે સંતાનોનો અનઘ પ્રસવ થાય એટલી રાહ જોવાની ક્ષણ પણ રામ પાસે ના રહી. (૫) રાવણનો વધ કરીને સીતાને લઈને રામ પાછા ફર્યા, તેમનો રાજ્યાભિષેક પણ થયો; અને લાગ્યું હશે કે હવે ૧૪ વર્ષના વનવાસ પછી પગ વાળીને બેસવાના દિવસો આવ્યા છે; ત્યાં જ પ્રજામાં સીતા-વિષયક લોકાપવાદ ફેલાયો છે એમ સાંભળીને સીતાને ત્યજવાનો દિવસ ઊગી ગયો.

આ બધા મુદ્દે જોઈશું તો રામનો ઉપક્રમ સીતાને સુખી કરવાનો જ છે; પણ તે બધાં જ પ્રયત્નો/ઉપક્રમો અંતે તો સીતાને દુઃખી કરનારાં; બલકે સીતાના જીવિતને જ સંશયમાં મૂકી દેનારા બની રહ્યા છે. આમ વિવિધ પ્રકારની નાટ્યવક્રતાઓ દ્વારા રામનો શોક ધીમે ધીમે તીવ્ર, તીવ્રતર બનતો બનતો, અંતે કરુણરસ રૂપે પ્રેક્ષકોના ચિત્તમાં અભિવ્યક્ત થવા લાગે છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri

[૭]

ભવભૂતિએ રચેલી 'ઉત્તરરામચરિત'ની નાટ્યસૃષ્ટિમાં ત્રીજા અંકનું આગવું મહત્ત્વ છે; જેમ કાલિદાસના 'શાકુન્તલ' નાટકમાં ચોથા અંકનું આગવું મહત્ત્વ છે તેમ. અહીં કવિ ભવભૂતિએ ઊભી કરેલી દૃશ્યયોજનામાં એક તરફ રામ અને વનદેવતા વાસન્તીની વાતચીત ચાલે છે, અને બીજી તરફ સીતા અને તમસાની વાતચીત ચાલે છે. [છતાંય એ દ્વિપાર્શ્વી દૃશ્ય નથી. કેમકે] સીતા અને તમસા સામે ઊભેલા – હરીફરી રહેલા – રામ અને વાસન્તી-ની વાતચીત સાંભળી શકે છે. પરંતુ એ સીતા અને તમસાને રામ કે વાસન્તી જોઈ પણ શકતા નથી; તથા સાંભળી શકતા નથી ! આથી રામની શોકપૂર્ણ અવસ્થા સીતા જોઈ શકે છે, (પણ સીતાના દુઃખને રામ જોઈ કે સાંભળી શકતા જ નથી.) આમ, ૩જા અંકના આરંભે કહેવાયું છે તેમ ત્રીજા અંકનો પ્રતિપાદ્ય વિષય તે पुटपाकप्रतीकाशो रामस्य करुणो रसः । – "રામનો કરુણ રસ" છે; અલબત્ત રામ-સીતાના જે દાંપત્યને કવિએ ભાવનાત્મક દૃષ્ટિએ 'અદ્વૈત'ની ભૂમિકા ઉપર પહેલા અંકમાં જ સ્થાપી દીધું છે, તે અદ્વૈતને અન્ય વિગતોમાં પણ કવિએ સિદ્ધ કરી રાખ્યું છે. જેમકે, રામને જો સીતાનો અને પોતાનાં સંતાનોનો વિયોગ છે; તો સીતાને પણ રામનો અને પોતાનાં નવજાત શિશુઓનો વિયોગ ઊભો કરવામાં આવ્યો છે. અલબત્ત, અહીં પણ તારતમ્યની દૃષ્ટિએ વિચારીએ તો સીતાને તો ખબર છે કે એના બે પુત્રો વાલ્મીકિના આશ્રમમાં ઉછરી રહ્યા છે; અને અત્યારે પંચવટીમાં રામ પોતાની સામે હરતાં ફરતાં તે (સીતા)ને જોવા મળી રહ્યા છે. પણ સામે છેડે રામને મન સીતા તો 'નિયતં વિલુપ્તા' છે; અને એથી જ એના સંતાનોનું અસ્તિત્વ માત્ર પણ હોવાની આશા કે આશંકા સરખીય રામને નથી. આથી તુલનાત્મક દૃષ્ટિએ વિચારીએ તો, સીતાની અપેક્ષાએ રામનો શોક વધુ તીવ્રતર છે !

રામના મનમાં વ્યાપેલો શોક પહેલે તબક્કે પ્રિયતમા સીતાના વિનાશની ધારણા ઉપર અવલંબી રહ્યો છે; અને બીજે તબક્કે, તે સીતા સગર્ભા હતી ત્યારે જ તેને ત્યજવામાં આવી છે. તેથી એના સંતાનોને જન્મ થતાં પૂર્વે જ અંધારામાં ધકેલાઈ જવાની સ્થિતિ ઊભી થઈ છે. આમ રામનો શોક દ્વિગુણિત થવા પામ્યો છે. શાસ્ત્રીય પરિભાષામાં કહીએ તો રામનો શોક રૂપ "સ્થાયિભાવ" પ્રિયતમા (સીતા) અને પુત્રોના વિનાશની ધારણ ઉપર અવલંબી રહ્યો છે. અહીં સીતા અને પુત્રો તે "આલંબન વિભાવ" છે, તથા બાર વર્ષો પછી રામને શમ્બૂકવધ નિમિત્તે જોવા મળેલી પંચવટી તે "ઉદ્દીપન-વિભાવ" બને છે. જેથી "રામનો અંતર્લીન એવો દુઃખાગ્નિ આજે એકદમ પ્રજ્વળી ઊઠે છે અને જ્વાળાઓ નીકળે

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

તે પહેલાં ધૂમાડો જેમ ચોપાસ છવાઈ જાય તેમ, રામને મૂર્ચ્છા વ્યાપી વળે છે." (શ્લોક ૩–૯) આ 'મૂર્ચ્છા' તે 'પ્રલય' નામનો "સાત્ત્વિક ભાવ" છે. રામ हा प्रिये जानकि । એમ બોલી ઊઠે છે તે "અનુભાવ" છે. રામ ભાનમાં આવ્યા પછી પણ हा प्रिये जानकि ! એમ જ્યારે બોલે છે, ત્યારે સીતાને એક ક્ષણ માટે મન્યુ—ગુસ્સો પેદા થાય છે, અને બોલે છે કે આપણા વચ્ચે જે બન્યું છે, તે જોતાં આ અયોગ્ય લાગે છે (असदृशं खलु एतद्, अस्य वृत्तान्तस्य ।) પણ, પછી તરત તે સીતા રડી પડે છે અને अथवा किमिति वज्रमयी...એમ બોલવા લાગે છે. સીતાને બીજી ક્ષણે એમ પણ થવા લાગે છે કે 'મને મંદભાગિનીને ઉદ્દેશીને, મારા વત્સલ આર્યપુત્ર જ્યારે આમ બોલી રહ્યા છે, ત્યારે હું તદ્દન બીનજરૂરી રીતે એમના પ્રત્યે "નિરનુક્રોશ" થાઉં છું.' કારણકે अहमेतस्य हृदयं जानामि ममापि एषः । – આમ સીતાના મનમાં હવે રામના પ્રત્યે દયા, અનુકંપાનો ભાવ પણ જન્મે છે. – આ બધા 'મન્યુ', 'અશ્રુ', 'અનુકંપા' ઈત્યાદિને "વ્યભિચારી ભાવો" કહેવાય છે. આમ, હવે પ્રેક્ષકોના ચિત્તમાં રહેલો શોક રૂપ સ્થાયિભાવ 'કરુણરસ' રૂપે અભિવ્યક્ત થવા માટે જરૂરી તમામ પરિસ્થિતિ અને જુદા જુદા વિભાવાદિ ભાવો રૂપ સામગ્રી રંગભૂમિ ઉપર (એટલે કે નાટ્યની સૃષ્ટિમાં) હાજર છે.

ઉપર જે વિભાવાદિ ભાવોની ઓળખ કરાવી છે તે તો થઈ રસાભિવ્યક્તિ માટેની સર્વસાધારણ વાત. પણ ભવભૂતિની અહીં જે વિશેષતા નોંધનીય છે તે આ પ્રમાણે છે : રામ પોતાના દાંપત્ય-જીવનના વિસ્રમ્ભ સાક્ષી બનેલા પંચવટીના પ્રદેશોમાં સીતાને યાદ કરે અને વારેવારે મુર્ચ્છિત થાય, ત્યારે સીતાના જ સંજીવની સમા સંસ્પર્શથી ભાનમાં આવે; એક સુખદ અનુભૂતિમાં એમનું મન આવીને ઊભું રહે. પણ આંખ ખૂલ્યા પછી વાસ્તવ જગત્‌માં – બહાર ઊભેલી પંચવટીમાં– સીતા શોધવા છતાંય ક્યાંય દેખાય નહીં, જેથી રામનું મન પોતાને ભ્રમ થયો, પોતે છેતરાયો, પોતે પ્રમાદ કર્યો અને સીતાનો હાથ પોતાના હાથમાંથી સરકી ગયો... ઈત્યાદિ સ્વરૂપની દુઃખદતર સ્થિતિમાં ફરી પાછું ફેંકાઈ જાય. પ્રણયની પળો ક્ષણાર્ધમાં જ વિયોગમાં ફેરવાઈ જાય ! આમ શૃંગારની પશ્ચાદ્‌ભૂમિકા ધરાવતો આ કરુણ વિશેષ આસ્વાદ્ય બને છે.

એ જ રીતે આપણે જે નિરૂપણગત વક્રતાની વાત કરતા હતા એ આ ત્રીજા અંકમાં પણ અનેક જગ્યાએ જોવા મળે છે. જેમકે, સીતા રામની હાજરીમાં સંસારિણી તો બની જ ગઈ છે, પણ પછી સીતાએ ઉછેરેલા કરિકલભે વનના બીજા એક ઉદ્દામ દ્વિરદપતિ ઉપર વિજય મેળવી લીધો; અને પછી "કાન્તાનુવૃત્તિ ચાતુર્ય" બતાવવાનું શરૂ કર્યું (= કરિકલભે પોતાની હાથણીને કમળતંતુઓ ભરેલ દાંડલીઓ, પત્રો વગેરેના

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri

કોળિયા ભરાવ્યા અને પછી પુષ્કરવાસિત જળના ઘૂંટડા ભરાવ્યા, અને એના માથા ઉપર તડકો દૂર કરવા કમળપત્રનું 'આતપત્ર' ધર્યું) – ત્યારે સીતાના એ પુત્રકૃતક કરિકલભના દામ્પત્યજીવનને જોઈને સીતા બોલી ઊઠે કે – अवियुक्तं इदानीं दीर्घायुः अनया सौम्यदर्शनया भवतु ॥ – "આ કરિકલભ હવે એની પ્રિયતમાથી ક્યારેય છુટો ન પડશો." અહીં વિપરીત-લક્ષણાથી સીતાનું પોતાનું વિયોગનું દુઃખ વ્યંજિત થઈ રહ્યું છે. (કારણ કે કવિએ 'ચિત્રવીથિકા પ્રસંગ'માં રામે સીતાના માથે આતપત્ર ધર્યું હોય એવા દક્ષિણારણ્યનું પથિકત્વ-એકવાર સીતાના મોંઢે ઉચ્ચારાયું છે-સીતાએ જે પતિ પાસેથી આવું સુખ મેળવ્યું હોય, તેનાથી જ આજે તેનો વિયોગ ઊભો થયો છે.)વળી, સીતાને તરત જ પોતાનાં સંતાનોનું પણ સ્મરણ થઈ આવે છે. તે બોલે છે : भगवति तमसे, अयं तावद् ईदृशो जातः । तौ पुनर्न जानामि कुशलवौ एतावता कालेन कीदृशौ संवृत्तौ इति । આ કરિકલભ જો ૧૨ વર્ષમાં આવડો મોટો (પ્રિયતમા સાથે હરીફરી શકે એવડો મોટો) થઈ ગયો છે, તો તે (વાલ્મીકિના આશ્રમમાં ઉછરતા) મારા કુશ-લવ અત્યારે કેટલા મોટા થઈ ગયા હશે ? આમ આ સ્મરણ થતાંની સાથે કરિકલભનો શૃંગાર અને તદ્જન્ય સુખની અનુભૂતિ એક ક્ષણમાં જ સીતાને કેવળ પતિવિરહ નથી સતાવતો પણ પુત્રવિરહ પણ સંતાપ આપી રહ્યો છે – એ વાત સપાટી ઉપર લાવી આપે છે. હવે અહીં સીતાનો શોક કેવળ પતિવિરહ ઉપર અવલંબતો નથી, પુત્રવિરહ ઉપર પણ અવલંબી રહ્યો છે. માણસને દુઃખ પછી સુખ મળે, તો તે ભૂતકાલિક દુઃખ એટલો ત્રાસ કે સંતાપ નથી આપતું; જેટલું સુખ પછી આવનારું દુઃખ ત્રાસ આપે છે. આ હકીકત છે. આથી ત્રીજા અંકમાં મૂકેલો કરિકલભનો રમણીય પ્રસંગ પણ અંતે તો સીતાના પક્ષે શોકમાં જઈને જ ડૂબે છે.

બસ, આવી જ રીતે, વાસન્તી રામના મનને બીજે વાળવા માટે (શ્લોક ૩–૩૭) એક લતાગૃહ બતાવે છે કે જેમાં ઊભા રહીને સીતાએ રામની સામે, પોતાને ઘરે આવતાં મોડું થઈ ગયું હતું, તેની ક્ષમા–યાચના કરવા, પ્રણામાંજલિ રચી હતી. પણ તેથી તો રામને વધારે ઉદ્વેગ ઊભો થયો :– अयि चण्डि जानकि, इतस्ततो दृश्यते इव, न च अनुकम्पसे ।

हा हा देवि स्फुटति हृदयं ध्वंसते देहबन्धः
शून्यं मन्ये जगद् अविरल ज्वालमन्तर्ज्वलामि ॥

....વગેરે, અને રામ મૂર્છિત થઈ જાય છે. આમ શૃંગારના સંસ્મરણથી સંસિક્ત થતું રામનું ચિત્ર તરત જ શોકમાં ડૂબે છે.

વળી, વાસન્તીએ રામને જટાયુએ પોતાની ચાંચથી ભાંગી કાઢેલો રાવણનો એ લોખંડી, પણ અત્યારે ભંગાર બની ગયેલો રથ બતાવ્યો ! તેથી ફરીથી રામને

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ભૂતકાળ એક ક્ષણમાં વર્તમાન બની ગયો અને રામ તલવાર ખેંચીને ઉત્સાહથી ઊભા થઈ જાય છે : आः पाप तातप्राण-सीतापहारिन् क्व यासि । "અરે પાપી ! રાવણ ! તાત જટાયુના પ્રાણ, અને સીતાને અપહરી જનારા, તું ક્યાં જાય છે ?"

અહીં 'ઉત્સાહ' રૂપ સ્થાયિભાવ રાવણના રથને જોઈને જાગૃત થયો; તેથી રાવણ (અને તેનો રથ) રામના ઉત્સાહનું અવલંબન—આલંબન વિભાવ—બને અને રામ જે વેગપૂર્વક ઊભા થઈ ગયા (= આંગિક અભિનય); તથા आ पाप... એમ જે રામનાં વાક્યો નીકળ્યાં—જે 'વાચિક' અભિનય રજૂ થયો—તેને 'અનુભાવ' કહેવાય છે. આમ એક ક્ષણમાં 'વીર' રસની વીજળી ઝબકી ઊઠે છે; પણ બીજી જ ક્ષણે વાસન્તી રામને યાદ કરાવે છે કે – હે રામ ! શું હજી પણ રાક્ષસકૂલ તરફ તમારો મન્યુ જીવંત છે ? અર્થાત્ – રામ તમારો વર્તમાન હવે કંઈક જુદો છે. ત્યારે રામ પણ પ્રકૃતિસ્થ થાય છે; અને ઊંડા અફસોસ સાથે પોતાના વર્તમાન વિરહને શબ્દબદ્ધ કરતાં બોલી ઊઠે છે કે – कथं तूष्णीं सह्यो, निरवधिः अयं तु अप्रतिविधः ॥ (૩—૪૪) "શું મૂંગે મોંઢે સહેવાનો છે આ નિરવધિ વિરહ ? રામ જાણે કાયમી વિયોગને, અને તજ્જન્ય શોકને અનુભવે છે, તથા પ્રેક્ષકોના ચિત્તમાં પડેલા શોક રૂપ સ્થાયિભાવને કરુણરસમાં પરિણત કરે છે. આમ અહીં પણ વીરરસનું પર્યવસાન છેવટે તો ગાઢ કરુણમાં જ થયું.

આથી एको रसः करुण एव । જેવી ઉક્તિ 'ઉત્તરરામચરિત'ની નાટ્યસૃષ્ટિમાં વારેવારે, જુદા જુદા પ્રત્યેક સંદર્ભમાં સાચી ઠરે છે.

આવું જ, ચોથા અંકમાં પણ બને છે. જેમકે, ભાંડાયન અને સૌધાતકિનો હાસ્ય-પ્રેરક સંવાદ, જ્યાં એમ કહેવાય કે પુત્રીના વિયોગે પિતા જનકે માંસાહાર ત્યજ્યો છે, રાજકાર્ય છોડ્યું છે અને ચંદ્રદ્વીપ ઉપર તપ કરવા જતાં રહીને, તેઓ 'મુનિવ્રત' લઈને બેઠા છે—ત્યારે તે હાસ્ય પણ, પુત્રીવિયોગે સંતપ્ત થતા જનકના શોકનું આલેખન થતાં જ કરુણમાં જઈને મળી જાય છે.

નદી કે સમુદ્રમાં ઉઠતાં વમળો, પરપોટા કે બુદ્બુદ્ રૂપ વિકારો અંતે તો 'સલિલ' જ હોય છે; તેમ આ 'ઉત્તરરામચરિત'ની નાટ્યસૃષ્ટિમાં, વચ્ચે વચ્ચે ક્ષણિક અનુભવાતાં વીર, હાસ્ય કે શૃંગારાદિ રસો છેવટે તો કરુણમાં જ પર્યવસન પામે છે. આથી રસનિરૂપણ બાબતે પણ કહી શકાય કે उत्तरे रामचरिते भवभूतिर्विशिष्यते ॥

॥ इति शिवम् ॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

॥ ॐ ॥

महाकविभवभूतिविरचितम्

उत्तररामचरितम्

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

॥ ॐ ॥

॥ श्री गणेशाय नमः ॥

महाकवि–भवभूति विरचित

उत्तररामचरितम्

प्रथमोऽङ्कः

(चित्रदर्शनम्)

इदं कविभ्यः पूर्वेभ्यो नमोवाकं प्रशास्महे ।
वन्देमहि च तां वाचममृतामात्मनः कलाम् ॥१॥

(नान्द्यन्ते)

सूत्रधारः – अलमतिविस्तरेण । अद्य खलु भगवतः कालप्रियनाथस्य यात्रायामार्यमिश्रान् विज्ञापयामि । एवमत्रभवन्तो विदाङ्कुर्वन्तु–अस्ति खलु तत्रभवान् काश्यपः श्रीकण्ठपदलाञ्छनः पदवाक्यप्रमाणज्ञो भवभूतिर्नाम जातूकर्णीपुत्रः ।

यं ब्रह्माणमियं देवी वाग्वश्येवानुवर्तते ।
उत्तरं रामचरितं तत्प्रणीतं प्रयोक्ष्यते ॥२॥

सूत्रधारः – एषोऽस्मि कार्यवशादायोध्यकस्तदानीन्तनश्च संवृत्तः (समन्तादवलोक्य) भो भो ! यदि तावदत्रभवतः पौलस्त्यकुलधूमकेतोर्महाराज–रामस्यायमभिषेकसमयो रात्रिन्दिवमसंहृतानन्दनान्दीकस्तत्किमद्य विश्रान्तचारणानि चत्वरस्थानानि ?

(प्रविश्य)

नटः –भाव ! प्रेषिता हि ते स्वगृहान्महाराजेन लङ्कासमरसुहृदो महात्मानः प्लवङ्गमराक्षसाः सभाजनोपस्थायिनश्च नानादिगन्तापावना ब्रह्मर्षयो राजर्षयश्च यत्समाराधनाय एतावतो दिवसान् उत्सव आसीत् ।

सूत्रधारः – आ अस्त्येतन्निमित्तम् ।

नटः – अन्यच्च ।

वसिष्ठाधिष्ठिता देव्यो गता रामस्य मातरः ।
अरुन्धतीं पुरस्कृत्य यज्ञे जामातुराश्रमम् ॥३॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

॥ ૐ ॥

॥ શ્રી ગણેશાય નમઃ ॥

મહાકવિ ભવભૂતિ વિરચિત

ઉત્તરરામચરિતમ્

પ્રથમ અંક

(ચિત્રદર્શન)

પૂર્વેના કવિઓને ઉદ્દેશીને 'નમસ્કાર હજો' એવું આ વાક્ય (અમે) બોલીએ છીએ. આત્માના અમૃત અંશરૂપ એવી તે વાણીને (અમે) નમસ્કાર કરીએ છીએ. (૧–૧)

(નાન્દી–શ્લોક પૂરો થયા પછી–)

સૂત્રધાર– બહુ વિસ્તાર કરવાથી અટકો. આજે, ભગવાન કાલપ્રિયનાથની યાત્રાના પ્રસંગે પૂજ્ય અને માનનીય મહાનુભાવોને (હું) નિવેદન કરું છું. તો આપશ્રીમાનો એ વાત જાણે કે – તે શ્રીમાન્ કશ્યપ ગોત્રમાં જન્મેલ, 'શ્રીકંઠ' એવા બિરુદવાળા, 'પદ' (વ્યાકરણ), 'વાક્ય' (મીમાંસા) અને 'પ્રમાણ' (ન્યાયશાસ્ત્ર)ને જાણનારા, તથા જાતૂકર્ણીમાતાના પુત્ર એવા 'ભવભૂતિ' નામે (પ્રસિદ્ધ કવિ) છે.

જે બ્રાહ્મણ (કવિ)ને આ વાગ્દેવી વશીભૂત સ્ત્રીની જેમ અનુસરે છે, તેમનું રચેલું **'ઉત્તરરામચરિત'** (નાટક) હવે ભજવાશે. (૧–૨)

ચાલો, આ હું, કાર્યવશાત્ તે સમયનો અયોધ્યાવાસી બની ગયો છું ! (ચારે તરફ જોઈને) અરે ઓ ! અત્યારે પૌલસ્ત્યકુળને માટે ધૂમકેતુ સમાન એવા શ્રીમાન્ મહારાજ રામનો આ અભિષેક–સમય પ્રવર્તી રહ્યો છે, તેમાં જો દિવસ અને રાત આનંદસૂચક ઢોલ–નગારાં (વાગતાં) બંધ જ ન થવાં જોઈએ; તો પછી આજે ચાર રસ્તાઓ ઉપર ભાટચારણો ચૂપ કેમ થઈ ગયા છે ?

(પ્રવેશ કરીને)

નટ– વડીલ, મહારાજે લંકાયુદ્ધના મિત્ર–સહાયક મહાત્મા વાનરો અને રાક્ષસોને; તથા તેમના (રામના) સત્કાર માટે આવી પહોંચેલા વિવિધ દિશાઓને પવિત્ર કરનારા બ્રહ્મર્ષિઓ અને રાજર્ષિઓને પોતપોતાને ઘરે મોકલી આપ્યા છે; કે જેમના સમારાધન માટે (જ) આટલા દિવસોથી ઉત્સવ ચાલી રહ્યો હતો.

સૂત્રધાર– હાં, તો આ કારણ છે.

નટ– બીજું પણ છે –

રામની માતાઓ, કે જેઓ વસિષ્ઠથી સુરક્ષિત થયેલી છે તે બધી અરુન્ધતીને અગ્રેસર કરીને જમાઈના યજ્ઞમાં (હાજરી આપવા, જમાઈના) આશ્રમે ગઈ છે. (૧–૩)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

सूत्रधारः — वैदेशिकोऽस्मीति पृच्छामि कः पुनरसौ जामाता ?

नटः — **कन्यां दशरथो राजा शान्तां नाम व्यजीजनत् ।**
अपत्यकृतिकां राज्ञे रोमपादाय यां ददौ ॥४॥

विभाण्डकसुतस्तामृष्यशृङ्ग उपयेमे । तेन द्वादशवार्षिकं सत्रमारब्धम् । तदनुरोधात् कठोरगर्भामपि वधूं जानकीं विमुच्य गुरुजनस्तत्र गतः ।

सूत्रधारः — तत्किमनेन ? एहि । राजद्वारमेव स्वजातिसमयेनोपतिष्ठावः ।

नटः — तेन हि निरूपयतु राज्ञः सुपरिशुद्धामुपस्थानस्तोत्रपद्धतिं भावः ।

सूत्रधारः — मारिष !

सर्वथा व्यवहर्तव्यं कुतो ह्यवचनीयता ।
यथा स्त्रीणां तथा वाचां साधुत्वे दुर्जनो जनः ॥५॥

नटः — अतिदुर्जन इति वक्तव्यम् —

देव्यामपि हि वैदेह्यां सापवादो यतो जनः ।
रक्षोगृहस्थितिर्मूलमग्निशुद्धौ त्वनिश्चयः ॥६॥

सूत्रधारः — यदि पुनरियं किंवदन्ती महाराजं प्रति स्यन्देत ततः कष्टं स्यात् ।

नटः — सर्वथा ऋषयो देवताश्च श्रेयो विधास्यन्ति । (परिक्रम्य) भो भोः ! क्वेदानीं महाराजः ? (आकर्ण्य) एवं जनाः कथयन्ति—

स्नेहात् सभाजयितुमेत्य दिनान्यमूनि
नीत्वोत्सवेन जनकोऽद्य गतो विदेहान् ।
देव्यास्ततो विमनसः परिसान्त्वनाय
धर्मासनाद् विशति वासगृहं नरेन्द्रः ॥७॥

(इति निष्क्रान्तौ)

इति प्रस्तावना

• • •

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

સૂત્રધાર– અરે ! હું તો પરદેશી માણસ છું, એટલે પૂછું છું કે આ જમાઈ વળી કોણ ?

નટ– રાજા દશરથે 'શાન્તા' નામની કન્યાને જન્મ આપ્યો હતો. (પણ પછી) તેમણે રાજા રોમપાદને તે દીકરી દત્તક રૂપે સોંપી દીધી. **(૧–૪)**

(કાલક્રમે) વિભાણ્ડક ઋષિનો પુત્ર, નામે 'ઋષ્યશૃંગ' તે (કન્યા)ને પરણીને લઈ ગયો. તેણે હમણાં બાર વર્ષ ચાલે એવો એક યજ્ઞ શરૂ કર્યો છે. એની વિનંતીથી પ્રેરાઈને સૌ વડીલજનો વધૂ જાનકીને, તે કઠોર ગર્ભવાળી હોવા છતાંય, અહીં (અયોધ્યામાં) જ રાખીને ત્યાં (યજ્ઞમાં) ગયા છે.

સૂત્રધાર– તો, આપણે આનાથી શું ? આપણે તો આપણી જાતિના આચાર મુજબ રાજદ્વાર ઉપર જ હાજર થઈએ.

નટ– આપ વડીલ રાજાની સામે ઉપસ્થિત થઈને ગાવા માટે ભૂલ વગરની હોય એવી એક સ્તોત્ર–રચનાને વિચારી રાખો.

સૂત્રધાર– મારિષ !

બધા જ સંજોગોમાં (માણસે) વ્યવહારમાં તો ઊભા રહેવાનું જ હોય છે; અને નિંદા જ ન થાય એવું પણ (ભાગ્યમાં) ક્યાંથી હોય ? જેવી રીતે સ્ત્રીઓની બાબતમાં, તેવી જ રીતે વાણીની નિર્દોષતા વિશે પણ લોકો દુર્જન જ પૂરવાર થયા છે. **(૧–૫)**

નટ– (દુર્જન નહીં,) અતિદુર્જન (પૂરવાર થયા છે) એમ કહેવું જોઈએ.

કારણ કે, લોકો તો દેવી વૈદેહીને વિશે પણ નિંદાથી ભરેલા છે. (અને એનું કારણ શું ?) તો મૂળમાં રાક્ષસના ઘરમાં રહેવું પડ્યું તે; અને વળી, (દૂર લંકામાં થયેલી) અગ્નિપરીક્ષામાં (કોઈને) ભરોસો નથી. **(૧–૬)**

સૂત્રધાર– જો આ લોકાપવાદ મહારાજા (રામ) સુધી પહોંચશે તો ભારે અનર્થ થઈ જશે.

નટ– પણ, ઋષિઓ અને દેવતાઓ બધી રીતે (અન્તે) કલ્યાણ કરશે (જ). (ચારે તરફ ફરીને) અરે ! અત્યારે મહારાજ ક્યાં છે ? (સાંભળીને) હાં, લોકો એમ કહે છે કે –

(પિતા) જનક સ્નેહવશાત્ (રામનું) સભાજન કરવા આવીને, આટલા દિવસો (રાજ્યાભિષેકના) ઉત્સવમાં ગાળીને, આજે જ વિદેહ રાજ્યમાં પાછા ફર્યા છે. તેથી વિમનસ્ક થયેલા દેવી (સીતા)ને સાંત્વના આપવા માટે નરેન્દ્ર (રામ) ધર્માસન ઉપરથી ઊઠીને રાણીવાસમાં પ્રવેશી રહ્યા છે. **(૧–૭)**

(બન્ને રંગભૂમિ ઉપરથી જતા રહે છે.)

(પ્રસ્તાવના પૂરી થઈ).

• • •

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(ततः प्रविशत्युपविष्टो रामः सीता च)

रामः – देवि वैदेहि ! समाश्वसिहि । ते हि गुरवो न शक्नुवन्ति विहातुमस्मान्–

किन्त्वनुष्ठाननित्यत्वं स्वातन्त्र्यमपकर्षति ।
सङ्कटा ह्याहिताग्नीनां प्रत्यवायैर्गृहस्थता ॥८॥

सीता– जाणामि अज्जउत्त जाणामि । किंदु संदावआरिणो बन्धुजण–विप्पओआ होन्ति । [जानामि आर्यपुत्र ! जानामि । किन्तु सन्तापकारिणो बन्धुजनविप्रयोगा भवन्ति ।]

रामः – एवमेतत् । एते हि हृदयमर्मच्छिदः संसारभावा येभ्यो बीभत्समानाः सन्त्यज्य सर्वान् कामान् अरण्ये विश्राम्यन्ति मनीषिणः ।

(प्रविश्य)

कञ्चुकी– रामभद्र.....(इत्यर्धोक्ते साशङ्कम्) महाराज !

रामः – (सस्मितम्) आर्य ! ननु 'रामभद्र' इत्येव मां प्रत्युपचारः शोभते तातपरिजनस्य । तद्यथाऽभ्यस्तमभिधीयताम् ।

कञ्चुकी– देव ! ऋष्यशृङ्गाश्रमादष्टावक्रः सम्प्राप्तः ।

सीता– अज्ज, तदो किं विलंबीअदि । [आर्य ! ततः किं विलम्ब्यते ।]

रामः – त्वरितं प्रवेशय ।

(कञ्चुकी निष्क्रान्तः)

(प्रविश्य)

अष्टावक्रः – स्वस्ति वाम् ।

रामः – भगवन् ! अभिवादये । इत आस्यताम् ।

सीता– भअवं णमो दे । अवि कुसलं सजामातुअस्स गुरुअणस्स अज्जाए सन्ताए अ ? [भगवन् ! नमस्ते ! अपि कुशलं सजामातृकस्य गुरुजनस्यार्यायाः शान्तायाश्च ।]

रामः – निर्विघ्नः सोमपीथी आवुत्तो मे भगवान् ऋष्यशृङ्ग आर्या च शान्ता ?

सीता– अह्मे वा सुमरेदि ? [अस्मान् वा स्मरति ?]

अष्टावक्रः – (उपविश्य) अथ किम् ? देवि ! कुलगुरुर्भगवान् वसिष्ठ–

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(ત્યાર પછી રંગભૂમિ ઉપર બેઠેલા રામ અને સીતા પ્રવેશે છે.)

રામ– દેવી વૈદેહી ! આશ્વસ્ત થાવ. એ વડીલો આપણને છોડી દેવા શક્તિમાન્ નથી જ.

પરંતુ, અનુષ્ઠાનની નિત્યતા (માણસના) સ્વાતન્ત્ર્યને છીનવી લે છે. અગ્નિહોત્રીઓની ગૃહસ્થતા અનેક વિઘ્નોથી ઘેરાયેલી હોય છે. (૧.૮)

સીતા– જાણું છું પતિદેવ, જાણું છું. પરંતુ સ્વજનોના વિયોગ સંતાપ પહોંચાડનારા હોય છે.

રામ– હા, એમ (જ) છે. સંસારના ભાવો તો હૃદયના મર્મસ્થાનને છેદી નાખનારા હોય છે અને તેનાથી કંટાળી ગયેલા મનીષીઓ તો બધી ઈચ્છાઓને ત્યજી દઈને જંગલમાં જ રહેવાનું પસંદ કરે છે.

(પ્રવેશ કરીને)

કંચુકી– રામભદ્ર......(એટલું અડધું બોલીને, ગભરામણ સાથે) મહા....રાજ !

રામ– (સ્મિતપૂર્વક) વડીલ, પિતા (દશરથ)ના સેવકવર્ગે તો મારા પ્રત્યે 'રામભદ્ર' એમ કહેવાનો જ ઉપચાર ચાલુ રાખવો તે શોભશે. માટે જેવી ટેવ પડી છે તેમ જ બોલવાનું રાખો.

કંચુકી– દેવ ! ઋષ્યશૃંગના આશ્રમેથી અષ્ટાવક્ર પધાર્યા છે !

સીતા– વડીલ, તો વિલંબ શા માટે કરો છો ?

રામ– જલ્દીથી પ્રવેશ કરાવોને.

(કંચુકી રંગભૂમિ ઉપરથી જતો રહે છે.)

(પ્રવેશ કરીને)

અષ્ટાવક્ર– આપ બન્નેનું કલ્યાણ થાવ.

રામ– ભગવન્ ! (હું) વંદન કરું છું. અહીં બિરાજો.

સીતા– ભગવન્ ! નમસ્તે. જમાઈ સહિતના સૌ વડીલો અને શ્રીમતી શાન્તા કુશળ તો છે ને ?

રામ– અને, સોમપાન કરનારા અમારા બનેવી ભગવાન્ ઋષ્યશૃંગ તથા મોટી બહેન શાન્તાને કોઈ તકલીફ તો નથી ને ?

સીતા– અમને યાદ કરે છે કે નહીં ?

અષ્ટાવક્ર– (બેસીને) હા. હા. દેવિ ! કુલગુરુ ભગવાન્ વસિષ્ઠે તમને કહેવડાવ્યું છે કે–

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

स्त्वामिदमाह—

विश्वम्भरा भगवती भवतीमसूत,
राजा प्रजापतिसमो जनकः पिता ते ।
तेषां वधूस्त्वमसि नन्दिनि पार्थिवानां,
येषां कुलेषु सविता च गुरुर्वयं च ॥९॥

तत्किमन्यदाशास्महे । केवलं वीरप्रसवा भूयाः ।

रामः — अनुगृहीताः स्मः ।

लौकिकानां हि साधूनामर्थं वागनुवर्तते ।
ऋषीणां पुनराद्यानां वाचमर्थोऽनुधावति ॥१०॥

अष्टावक्रः — इदञ्च भगवत्याऽरुन्धत्या देवीभिः शान्तया च भूयो भूयः सन्दिष्टम् । यः कश्चिद् गर्भदोहदोऽस्या भवति सोऽवश्यमचिरात् सम्पादयितव्य इति ।

रामः — क्रियते यद् एषा कथयति ।

अष्टावक्रः — ननान्दुः पत्या च देव्याः सन्दिष्टमृष्यशृङ्गेण— 'वत्से ! कठोरगर्भेति नानीतासि । वत्सोऽपि रामभद्रस्त्वद्विनोदार्थमेव स्थापितः । तत्पुत्रपूर्णोत्सङ्गामायुष्मतीं द्रक्ष्याम' इति ।

रामः — (सहर्षलज्जास्मितम्) तथाऽस्तु । भगवता वसिष्ठेन न किञ्चिदादिष्टोऽस्मि ?

अष्टावक्रः — श्रूयताम् —

जामातृयज्ञेन वयं निरुद्धा—
स्त्वं बाल एवासि नवं च राज्यम् ।
युक्तः प्रजानामनुरञ्जने स्या—
स्तस्माद्यशो यत् परमं धनं वः ॥११॥

रामः — यथा समादिशति भगवान् मैत्रावरुणिः ।

स्नेहं दयां च सौख्यं च यदि वा जानकीमपि ।
आराधनाय लोकानां मुञ्चतो नास्ति मे व्यथा ॥१२॥

सीता— अदो जेव्व राहवकुलधुरंधरो अज्जउत्तो । [अत एव राघवकुलधुरन्धर आर्यपुत्रः ।]

रामः — कः कोऽत्र भोः ? विश्राम्यतामष्टावक्रः ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

વિશ્વનું ભરણ–પોષણ કરનારી ભગવતી (વસુન્ધરા)એ તમોને જન્મ આપ્યો છે. તમારા પિતાજી રાજા જનક પણ પ્રજાપતિ (બ્રહ્મા) સમાન છે. હે નન્દિની ! તમે એ રાજાઓના કુળમાં પુત્રવધૂ બન્યાં છો કે જેમના કુળમાં ગુરુ તરીકે સૂર્ય અને અમે (=વસિષ્ઠ) (વિરાજીએ) છીએ. **(૧–૯)**

તો, અમે બીજા શેની આશા રાખીએ ? કેવળ વીરજન્મદાત્રી બનો.

રામ– અમે અનુગૃહીત થયા છીએ.

લૌકિક સજ્જનોની વાણી તો અર્થને (વાસ્તવિકતાને) અનુસરનારી હોય છે. પણ આદ્ય ઋષિઓની વાણીની પાછળ અર્થ (વાસ્તવિકતા બનીને) દોડતો આવે છે. **(૧–૧૦)**

અષ્ટાવક્ર– ભગવતી અરુન્ધતીએ અને (કૌસલ્યા વગેરે) દેવીઓએ, તથા શાન્તાએ વારંવાર (તમને) આવો સંદેશો પાઠવ્યો છે કે – આ (સીતા)નો જે કોઈ ગર્ભદોહદ હોય તે ચોક્કસ જ વિના વિલંબે પૂરો કરવો જોઈએ.

રામ– આ (સીતા) જે કહે છે, તે કરવામાં આવે (જ) છે.

અષ્ટાવક્ર– નણંદબાના પતિ ઋષ્યશૃંગે દેવી (સીતા)ને સંદેશો કહાવ્યો છે કે – 'વત્સે ! તને પૂર્ણગર્ભ હોવાને કારણે તેડાવી નથી; અને વત્સ રામભદ્રને પણ તારા વિનોદન માટે જ ત્યાં રાખ્યા છે. તો હવે (જ્યારે મળીશું, ત્યારે) તને આયુષ્મતીને પુત્રથી ભરાયેલા ખોળાવાળી જ જોઈશું.

રામ– (હર્ષ અને લજ્જાપૂર્વકના સ્મિત સાથે) તેમ જ થાવ. પણ, શું ભગવાન વસિષ્ઠે મને કંઈ સંદેશો નથી મોકલાવ્યો ?

અષ્ટાવક્ર– સાંભળો –

અમે જમાઈના યજ્ઞમાં રોકાયેલા છીએ અને તું હજી બાળક (=બીનઅનુભવી) છું; વળી રાજ્ય પણ (તારા હાથમાં) નવું નવું જ આવ્યું છે. માટે તું પ્રજાને રાજી રાખવામાં જ જોડાયેલો રહે; તેના થકી જે યશ મળશે તે (જ) તમારું શ્રેષ્ઠ ધન હશે. **(૧–૧૧)**

રામ– જેવી ભગવાન મૈત્રાવરુણિ (વસિષ્ઠ)ની આજ્ઞા.

સ્નેહ, દયા, (અંગત) સુખ કે જાનકીને પણ જો લોકોના આરાધન માટે (મારે) છોડવાનાં થશે, તો ય મને વ્યથા નહીં થાય. **(૧–૧૨)**

સીતા– આથી જ તો મારા પતિદેવ રાઘવકુળના ધુરન્ધર છે !

રામ– કોણ છે અહીંઆ ? આ અષ્ટાવક્રને વિશ્રામ કરાવો.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

अष्टावक्रः — (उत्थाय परिक्रम्य च) अये, कुमारलक्ष्मणः प्राप्तः ।

(इति निष्क्रान्तः)

(प्रविश्य)

लक्ष्मणः — जयति जयत्यार्यः । आर्य ! तेन चित्रकारेणास्मदुपदिष्टमार्यस्य चरितमस्यां वीथिकायामभिलिखितम् । तत्पश्यत्वार्यः ।

रामः — जानासि वत्स ! दुर्मनायमानां देवीं विनोदयितुम् । तत्कियन्तमवधिं यावत् ?

लक्ष्मणः — यावदार्याया हुताशने विशुद्धिः ।

रामः — शान्तं पापम् । (ससान्त्ववचनम्)

उत्पत्तिपरिपूतायाः किमस्याः पावनान्तरैः ।
तीर्थोदकं च वह्निश्च नान्यतः शुद्धिमर्हतः ॥१३॥

देवि देवयजनसम्भवे ! प्रसीद । एष ते जीविताविधः प्रवादः ।

कष्टं जनः कुलधनैरनुरञ्जनीय–
स्तन्नो यदुक्तमशुभं न हि तत्क्षमं ते ।
नैसर्गिकी सुरभिणः कुसुमस्य सिद्धा
मूर्ध्नि स्थितिर्न चरणैरवताडनानि ॥१४॥

सीता— होदु अज्जउत्त होदु । एहि पेक्खह्म दाव दे चरिदम् । (इत्युत्थाय परिक्रामतः) ! [भवतु आर्यपुत्र भवतु । एहि प्रेक्षामहे तावत्ते चरितम् ।]

लक्ष्मणः — इदं तदालेख्यम् ।

सीता— (निर्वर्ण्य) के एदे उवरिणिरन्तरठ्ठिदा उवत्थुवन्दि विअ अज्जउत्तम् ? [के एते उपरिनिरन्तरस्थिता उपस्तुवन्तीवार्यपुत्रम् ?]

लक्ष्मणः — देवि ! एतानि तानि सरहस्यानि जृम्भकास्त्राणि यानि भगवतः कृशाश्वात् कौशिकमृषिमुपसङ्क्रान्तानि, तेन च ताटकावधे प्रसादीकृतान्यार्यस्य ।

रामः — वन्दस्व देवि ! दिव्यास्त्राणि ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અષ્ટાવક્ર– (ઊઠીને અને ફરીને) અરે ! લો આ કુમાર લક્ષ્મણ આવી પહોંચ્યા છે.

(તે રંગભૂમિ ઉપરથી નીકળી જાય છે.)

(પ્રવેશ કરીને)

લક્ષ્મણ– વડીલબન્ધુનો જય હો, જય હો. મોટાભાઈ, એ ચિત્રકારે આપણા કહ્યા મુજબ આર્યનું ચરિત આ વીથિકામાં આલેખ્યું છે. તો વડીલ તેને જોવા પધારે.

રામ– વત્સ ! દુ:ખી મનવાળા દેવી (સીતા)નું વિનોદન કેમ કરવું તે તું બરોબર જાણે છે. તો એ (ચિત્રવીથિકામાં) ક્યાં સુધીનાં (ચિત્રો) છે ?

લક્ષ્મણ– આર્યા (ભાભી)ની અગ્નિમાં વિશુદ્ધિ પરીક્ષવામાં આવી ત્યાં સુધી.

રામ– આવું ના બોલાય. (સાંત્વના આપતાં વચન સાથે–)

જે (સીતા) ઉત્પત્તિથી માંડીને જ પવિત્ર છે, તેને વળી બીજાં પવિત્ર કરનારા પદાર્થોથી શું મતલબ ?

તીર્થજળ અને અગ્નિ બીજા કશા પદાર્થથી વિશુદ્ધ કરવાં યોગ્ય નથી. **(૧–૧૩)**

દેવયજ્ઞના પ્રસંગે જન્મેલી હે દેવી ! તું પ્રસન્ન થા. દુ:ખ છે કે આ (તારી અગ્નિપરીક્ષા લેવામાં આવી હતી–એ) પ્રવાદ તને જીવનભર લાગેલો રહેશે.

અફસોસ....! કુળ એ જ ધન છે જેમને માટે તેમણે લોકોને રાજી રાખવાનાં હોય છે. માટે અમે તારા વિશે જે અશુભ બોલ્યા, તે તારે વિશે યોગ્ય નથી. સ્વાભાવિક રીતે તો સુગન્ધિદાર પુષ્પોની સ્થિતિ (કોઈકના) મસ્તક ઉપર હોય એ જ પ્રસિદ્ધ છે; તેને પગથી કચડી કાઢવાં એ (તેમની સ્વાભાવિક સ્થિતિ) નથી. **(૧–૧૪)**

સીતા– બરોબર છે પતિદેવ; હવે રહેવા દો એ વાત. ચાલો, આપણે તમારું ચરિત જોવા જઈએ.

લક્ષ્મણ– આ રહ્યું તે ચિત્રલેખન.

સીતા– સતત ઉપર રહેલાં આ બે કોણ છે, કે જે જાણે આર્યપુત્ર (રામ)ની સ્તુતિ કરતાં હોય તેમ લાગે છે ?

લક્ષ્મણ– દેવી ! આ તો તે રહસ્યથી ભરેલાં જૃમ્ભકાસ્ત્રો છે, કે જે ભગવાન કૃશાશ્વ પાસેથી કૌશિક (વિશ્વામિત્ર) ઋષિને પ્રાપ્ત થયાં હતાં; અને તેમણે (વિશ્વામિત્રે) તાટકાવધ પ્રસંગે તે મોટાભાઈ (રામ)ને ભેટ ધર્યાં હતાં.

રામ– હે દેવી ! આ દિવ્ય અસ્ત્રોને વંદન કરો.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ब्रह्मादयो ब्रह्महिताय तप्त्वा परःसहस्राः शरदस्तपांसि ।
एतान्यपश्यन्गुरवः पुराणाः स्वान्येव तेजांसि तपोमयानि ॥१५॥

सीता— णमो एदाणं । [नम एतेभ्यः ।]

रामः — सर्वथेदानीं त्वत्प्रसूतिमुपस्थास्यन्ति ।

सीता— अणुग्गहीदम्हि । [अनुगृहीतास्मि ।]

लक्ष्मणः — एष मिथिलावृत्तान्तः ।

सीता— अह्महे ! दलंतणवणीलुप्पलसामलासेणिद्धमसिणसोहमाणमंसलेन देहसोहग्गेण विम्हअत्थिमिदतादद्दीसन्तसोम्मसुन्दरसिरी अणादरखंडिदसंकरसरासणो सिहंडमुद्धमुहमंडलो अज्जउत्तो आलिहिदो । [अहो ! दलन्नवनीलोत्पलश्यामलस्निग्ध–मसृणशोभमानमांसलेन देहसौभाग्येन विस्मयस्तिमिततातदृश्यमानसौम्यसुन्दरश्रीरनादर–खण्डितशङ्करशरासनः शिखण्डमुग्धमण्डल आर्यपुत्र आलिखितः ।]

लक्ष्मणः — आर्ये, पश्य पश्य—

सम्बन्धिनो वसिष्ठादीनेष तातस्तवार्चति ।
गौतमश्च शतानन्दो जनकानां पुरोहितः ॥१६॥

रामः — सुश्लिष्टमेतत्—

जनकानां रघूणां च सम्बन्धः कस्य न प्रियः ।
यत्र दाता ग्रहीता च स्वयं कुशिकनन्दनः ॥१७॥

सीता— एदे क्खु तक्कालकिदगोदाणमंगला चत्तारो भादरो विआहदिक्खिदा तुम्हे । अम्हा, जाणामि तस्सिं जेव्व पदेसे तस्सिं जेव्व काले वत्तामि । [एते खलु तत्कालकृतगोदानमङ्गलाश्चत्वारो भ्रातरो विवाहदीक्षिता यूयम् । अहो ! जानामि तस्मिन्नेव प्रदेशे तस्मिन्नेव काले वर्ते ।]

रामः — एवम्,

समयः स वर्तत इवैष यत्र मां
समनन्दयत् सुमुखि ! गौतमार्पितः ।
अयमागृहीतकमनीयकङ्कण–
स्तव मूर्तिमानिव महोत्सवः करः ॥१८॥

लक्ष्मणः — इयमार्या । इयमप्यार्या माण्डवी । इयमपि वधूः श्रुतकीर्तिः ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

બ્રહ્માજી વગેરે પુરાતનકાળના ગુરુઓએ બ્રહ્મ (=વેદ)ની રક્ષા કરવા માટે હજારથી પણ વધારે શરદ્ ઋતુઓ સુધી તપો તપીને, પોતાનાં જ તપોમય તેજ જેવાં આમને (=આ અસ્ત્રોને) જોયાં હતાં. **(૧–૧૫)**

સીતા– આમને નમસ્કાર હજો.

રામ– હવેથી તે બધી રીતે તારી સંતતિની સેવામાં હાજર રહેશે.

સીતા– હું અનુગૃહીત થઈ.

લક્ષ્મણ– આ હવે મિથિલા–વૃત્તાન્ત શરૂ થયો.

સીતા– અહો ! પ્રસ્ફુટિત નવા નીલકમળ જેવા શ્યામ, ચીકણા, મૃદુ, શોભાયુક્ત શરીરસૌન્દર્યને કારણે આશ્ચર્યથી નિશ્ચલ બનેલા પિતા વડે જોવાતી સૌમ્ય અને સુન્દર શોભાવાળા તથા અનાદરપૂર્વક (સહજમાં) શંકરના ધનુષ્યને તોડી ચૂકેલા; અને માથે બાંધેલી ચોટલીથી મુગ્ધ (મોહક) મુખ મંડલવાળા પતિદેવ ચિતરેલા છે !

લક્ષ્મણ– આર્યા, જુવો જુવો –

આ તમારા પિતાજી (દશરથ વગેરે) સંબંધિઓને પૂજી રહ્યા છે, અને (બીજી તરફ) જનક વંશના પુરોહિત ગૌતમગોત્રીય શતાનન્દ વસિષ્ઠ વગેરેની અર્ચના કરી રહ્યા છે. [અથવા – આ તમારા પિતાજી (જનક) અને જનક વંશના પુરોહિત એવા ગોતમપુત્ર શતાનન્દ વસિષ્ઠ વગેરે (વરપક્ષસંબંધી) 'સંબંધી'ઓની પૂજા કરી રહ્યા છે.] **(૧–૧૬)**

રામ– આ સુયોગ્ય જ છે. કેમકે,

જનકોનો અને રઘુઓનો સંબંધ કોને પ્રિય ન હોય ? કે જ્યાં સ્વયં કુશિકનંદન (વિશ્વામિત્ર) જ (કન્યા)દાન આપનાર અને (કન્યાદાન) લેનારા છે ! **(૧–૧૭)**

સીતા– આ તે જ સમયે જેમનું ગોદાન–મંગલ કરવામાં આવ્યું છે તેવા તમે ચારેય ભાઈઓ વિવાહને માટે દીક્ષિત થઈ ગયા છો ! અહો, હું જાણે તે જ પ્રદેશમાં અને તે જ કાળમાં પહોંચી ગઈ હોઉં તેમ લાગે છે !

રામ– હા, એમ જ–

હે સુમુખિ ! જાણે આ તે જ સમય પ્રવર્તી રહ્યો છે કે જેમાં ગૌતમે સમર્પિત કરેલા અને કમનીય કંકણ ધારણ કરેલા તારા આ મૂર્તિમાન મહોત્સવ જેવા હાથે મને આનંદિત કર્યો હતો. **(૧–૧૮)**

લક્ષ્મણ– આ ભાભી તમે, અને આ વળી આર્યા માંડવી, અને પેલી નાની વહૂ શ્રુતકીર્તિ.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

सीता– वच्छ, इअं वि अवरा का ? [वत्स ! इयमप्यपरा का ?]

लक्ष्मणः – (सलज्जस्मितम्, आत्मगतम्) अये ! उर्मिलां पृच्छत्यार्या । भवतु, अन्यतः सञ्चारयामि । (प्रकाशम्) आर्ये ! दृश्यतां द्रष्टव्यमेतत् । अयं च भगवान्भार्गवः ।

सीता– (ससम्भ्रमम्) – कम्पिदम्हि । [कम्पितास्मि ।]

रामः – ऋषे ! नमस्ते ।

लक्ष्मणः – आर्ये ! पश्य, पश्य । अयमसावार्येण....(इत्यर्धोक्ते) ।

रामः – (साक्षेपम्) अयि वत्स । बहुतरं द्रष्टव्यम्, अन्यतो दर्शय ।

सीता– (सस्नेहबहुमानं निर्वर्ण्य) सुट्ठु सोहसि अज्जउत्त, एदिणा विणअमाहम्मेण । [सुष्ठु शोभसे आर्यपुत्र, एतेन विनयमाहात्म्येन ।]

लक्ष्मणः – एते वयमयोध्यां प्राप्ताः ।

रामः – (सास्रम्) स्मरामि हन्त ! स्मरामि ।

जीवत्सु तातपादेषु नवे दारपरिग्रहे ।
मातृभिश्चिन्त्यमानानां ते हि नो दिवसा गताः ॥१९॥

रामः – इयमपि तदा जानकी–

प्रतनुविरलैः प्रान्तोन्मीलन्मनोहरकुन्तलै–
र्दशनमुकुलैर्मुग्धालोकं शिशुर्दधती मुखम् ।
ललितललितैर्ज्योत्स्नाप्रायैरकृत्रिमविभ्रमै–
रकृत मधुरैरम्बानां मे कुतूहलमङ्गकैः ॥२०॥

लक्ष्मणः – एषा मन्थरा ।

रामः – (सत्वरमन्यतो दर्शयन्) देवि वैदेहि !

इङ्गुदीपादपः सोऽयं शृङ्गवेरपुरे पुरा ।
निषादपतिना यत्र स्निग्धेनासीत् समागमः ॥२१॥

लक्ष्मणः – (विहस्य, स्वगतम्) अये मध्यमाम्बावृत्तमन्तरितमार्येण ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

સીતા– વત્સ ! અને આ (ચોથી) બાકી રહી તે કોણ ?!

લક્ષ્મણ– (શરમાઈને સ્મિતપૂર્વક, સ્વગત બોલે છે:) અરે ! આ ભાભી તો (મારી પત્ની) 'ઉર્મિલા' વિશે પૂછે છે ! ઠીક, તો લાવ, બીજે ધ્યાન દોરું. (મોટેથી બોલે છે) આર્યા ! આ જોવા જેવું જુવો. આ છે ભાર્ગવ કુલોત્પન્ન ભગવાન્ (પરશુરામ) !

સીતા– (ગભરામણ સાથે) હું તો ધ્રુજી ઊઠી.

રામ– હે ઋષિ ! નમસ્કાર.

લક્ષ્મણ– ભાભીશ્રી, જુઓ, જુઓ...આમને આર્ય મોટાભાઈએ....(અડધું બોલે છે, ત્યાં જ રોકીને)

રામ–(વઢીને) અરે ભાઈ ! બીજું ઘણું જોવાલાયક છે; બીજી તરફ કાંઈક બતાવ.

સીતા– (સ્નેહ અને બહુમાનપૂર્વક જોઈ રહીને) પતિદેવ ખરેખર આવા વિનયપૂર્ણ માહાત્મ્યથી સાચે જ શોભે છે.

લક્ષ્મણ– આ આપણે (હવે) અયોધ્યામાં પહોંચ્યા છીએ.

રામ– (આંસુ સાથે) અરેરે, યાદ આવે છે, યાદ. કે–

જ્યારે પિતૃચરણ જીવતાં હતાં અને (અમે) નવા નવા જ પરણ્યા હતાં; ત્યારે માતાઓ વડે જેમની બધી વાતે ચિંતા કરવામાં આવતી હતી; તેવા અમારા તે દિવસો વીતી ગયા છે. **(૧–૧૯)**

રામ– આ જાનકી પણ ત્યારે તો–

અત્યંત નાના અને વિરલ, પ્રાન્તભાગો (કપાળ) ઉપર લહેરાતા મનોહર કેશથી, કળીના જેવા દાંતથી સુન્દર આભાવાળા મુખને ધારણ કરતી એવી આ શિશુ (નાનકડી સીતા) અત્યંત લલિત અને ચાંદની જેવા સ્વાભાવિક (અકૃત્રિમ) વિલાસોવાળા મધુર નાનાં નાનાં અંગો થકી મારી માતાઓને (દર્શનનું) કુતૂહલ ઉત્પન્ન કરતી હતી. **(૧–૨૦)**

લક્ષ્મણ– આવી આ મન્થરા...

રામ– (ઝડપથી બીજે ધ્યાન દોરીને) દેવી વૈદેહી !

શૃંગવેર–પુરમાં, ભૂતકાળમાં જ્યાં પ્રેમાળ નિષાદરાજ ગુહની સાથે સમાગમ થયો હતો તે આ 'ઈંગુદી'નું વૃક્ષ છે. **(૧–૨૧)**

લક્ષ્મણ– (હસીને, સ્વગત) અરે વાહ ! મોટાભાઈએ વચટ માતા (કૈકેયી)નો વૃત્તાન્ત (જોવાનો) ટાળી દીધો.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

सीता– अह्मो एसो जडासंजमणवुत्तन्तो । [अहो ! एष जटासंयमनवृत्तान्तः ।]

लक्ष्मणः – **पुत्रसङ्क्रान्तलक्ष्मीकैर्यद्वृद्धेक्ष्वाकुभिर्धृतम् ।**
धृतं बाल्ये तदार्येण पुण्यमारण्यकव्रतम् ॥२२॥

सीता– एसा पसण्णपुण्णसलिला भवअदी भाईरही । [एषा प्रसन्नपुण्यसलिला भगवती भागीरथी ।]

रामः – देवि रघुकुलदेवते ! नमस्ते ।

तुरगविचयव्यग्रानुर्वीभिदः सगराध्वरे
कपिलमहसामर्षात् प्लुष्टान् पुरा प्रपितामहान् ।
अगणिततनूतापं तप्त्वा तपांसि भगीरथो
भगवति ! तव स्पृष्टानद्भिश्चिरादुददीधरत् ॥२३॥

सा त्वमम्ब ! स्नुषायामरुन्धतीव सीतायां शिवानुध्याना भव ।

लक्ष्मणः – अयमसौ भरद्वाजावेदितश्चित्रकूटयायिनि वर्त्मनि वनस्पतिः कालिन्दीतटे वटः श्यामो नाम ।

(रामः सस्पृहमवलोकति)

सीता– सुमरेदि वा एदं पदेसं अज्जउत्तो । [स्मरति वैतं प्रदेशमार्यपुत्रः ।]

रामः – अयि कथं विस्मर्यते ?

अलसलुलितमुग्धान्यध्वसञ्जातखेदा–
दशिथिलपरिरम्भैर्दत्तसंवाहनानि ।
परिमृदितमृणालीदुर्बलान्यङ्गकानि
त्वमुरसि मम कृत्वा यत्र निद्रामवाप्ता ॥२४॥

लक्ष्मणः – एष विन्ध्याटवीमुखे विराधसंरोधः ।

सीता– अलं दाव एदिणा । पेक्खामि दाव अज्जउत्तसहत्तधरिदतालवुन्ता–दवत्तनिवारिदादपं अत्तणो दक्खिणारण्णप्पवेसारम्भम् । [अलं तावदेतेन । प्रेक्षे तावदार्यपुत्रस्वहस्तधृततालवृन्तातपत्रनिवारितातपमात्मनो दक्षिणारण्यप्रवेशारम्भम् ।]

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

સીતા– વાહ ! જટા બાંધવાનો આ પ્રસંગ !

લક્ષ્મણ– પુત્રને વિશે જેમણે રાજલક્ષ્મી સંક્રાન્ત કરી દીધી હોય તેવા ઈક્ષ્વાકુ–વંશના વૃદ્ધ (રાજા)ઓએ જે પુણ્યકારક આરણ્યક–વ્રત (વાર્ધક્યમાં) ધારણ કર્યું હતું, તે વ્રત આર્યે (રામે) બાલ્યાવસ્થામાં જ ધારણ કરી લીધું. **(૧–૨૨)**

સીતા– આ ઉછળતા–કૂદતાં પુણ્યશાળી જળવાળાં ભગવતી ભાગીરથી છે.

રામ– હે રઘુકુલના દેવતા સ્વરૂપ દેવી (ગંગા) ! નમસ્તે. પૂર્વકાળમાં, સગર–રાજાના યજ્ઞમાં (ઈન્દ્ર વડે અપહૃત) અશ્વને ખોળવામાં વ્યગ્ર, અને (તેના નિમિત્તે) જમીનને ખોદી કાઢનારા, રોષને કારણે કપિલમુનિના તેજથી બળી મરેલા પિતાના પિતામહોને શારીરિક કષ્ટોને ગણકાર્યા વિના ભગીરથે અનેક તપો તપીને, હે ભગવતી (ગંગા) ! તમારાં જળના સ્પર્શથી ઘણા લાંબા સમય પછી ઉદ્ધાર્યા હતા. **(૧–૨૩)**

તેવા હે માતા ! તમે પુત્રવધૂ સીતાને વિશે પણ અરુન્ધતીની જેમ જ મંગલ–કામના કરનારા બનજો.

લક્ષ્મણ– આ પેલો ભરદ્વાજ–મુનિ દ્વારા બતાવવામાં આવેલો, ચિત્રકૂટ તરફ જનારા માર્ગ ઉપર કાલિન્દીના તટે ઊભેલો વનસ્પતિ–સમો **'શ્યામ'** નામનો વટવૃક્ષ છે.

(રામ તેને પ્રેમપૂર્વક નિહાળે છે.)

સીતા– શું આર્યપુત્ર તે પ્રદેશને યાદ કરી શકે છે ?

રામ– અલી ! તેને કેવી રીતે ભૂલી શકાય ?

જ્યાં, માર્ગ ઉપર ચાલવાને કારણે જન્મેલા ખેદથી આળસયુક્ત બનેલાં કલાન્ત અને તથાપિ મનોહર એવાં, ગાઢ આલિંગનોથી જેને દબાવવામાં આવ્યાં છે એવાં, સારી પેઠે મસળેલા કમળદાંડલી જેવા દુર્બળ સુકુમાર એવાં તારાં અંગોને મારા વક્ષઃસ્થળ ઉપર મૂકીને તું સૂઈ ગઈ હતી; (તે સ્થળને તો કેમ વિસરાય?) **(૧–૨૪)**

લક્ષ્મણ– વિન્ધ્યાટવીના પ્રવેશદ્વારે જ 'વિરાધ' જોડે જે સંઘર્ષ થયો હતો તે આ રહ્યો.

સીતા– અટકી જાવ આ (ચિત્ર)ના જોવાથી. પતિદેવે પોતે હાથમાં ધારણ કરેલા તાલવૃન્તરૂપી છત્રથી જેમાં તડકાને રોકવામાં આવ્યો છે તેવા મારા દક્ષિણારણ્યના પ્રવેશના આરંભને હું તો જોઈશ.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri

रामः – एतानि तानि गिरिनिर्झरिणीतटेषु
वैखानसाश्रिततरूणि तपोवनानि ।
येष्वातिथेयपरमा यमिनो भजन्ते
नीवारमुष्टिपचना गृहिणो गृहाणि ॥२५॥

लक्ष्मणः – अयमविरलानोकहनिवहनिरन्तरस्निग्धनीलपरिसरारण्यपरिणद्धगोदावरी–मुखरकन्दरः सततमभिष्यन्दमानमेघमेदुरितनीलिमा जनस्थानमध्यगो गिरिः प्रस्रवणो नाम ।

रामः – स्मरसि सुतनु ! तस्मिन् पर्वते लक्ष्मणेन
प्रतिविहितसपर्यासुस्थयोस्तान्यहानि ।
स्मरसि सरसनीरां तत्र गोदावरीं वा
स्मरसि च तदुपान्तेष्वावयोर्वर्तनानि ॥२६॥

अपि च – किमपि किमपि मन्दं मन्दमासत्तियोगाद्
अविरलितकपोलं जल्पतोरक्रमेण ।
अशिथिलपरिरम्भव्यापृतैकैकदोष्णो–
रविदितगतयामा रात्रिरेव व्यरंसीत् ॥२७॥

लक्ष्मणः – एषा पञ्चवट्यां शूर्पणखा ।

सीता– हा अज्जउत्त, एत्तिअं दे दंसणं । [हा आर्यपुत्र ! एतावत् ते दर्शनम् ।]

रामः – अयि विप्रयोगत्रस्ते ! चित्रमेतत् ।

सीता– जहा तहा होदु । दुज्जणो असुहं उप्पदेह । [यथा तथा भवतु । दुर्जनोऽसुखमुत्पादयति ।]

रामः – हन्त ! वर्तमान इव मे जनस्थानवृत्तान्तः प्रतिभाति ।

लक्ष्मणः – अथेदं रक्षोभिः कनकहरिणच्छद्मविधिना
तथा वृत्तं पापैर्व्यथयति यथा क्षालितमपि ।
जनस्थाने शून्ये विकलकरणैरार्यचरितै–
रपि ग्रावा रोदित्यपि दलति वज्रस्य हृदयम् ॥२८॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

રામ— પર્વતની નદીઓનાં તટો ઉપર વાનપ્રસ્થ મુનિઓથી સેવાયેલાં વૃક્ષોવાળાં આ તે તપોવનો છે, કે જેમાં આતિથ્યસત્કાર કરવામાં તત્પર એવા, અને એકાદ મૂઠી જેટલું (જ) અનાજ રાંધનારા સંયમી ગૃહસ્થો (પોતાનાં) ગૃહોમાં નિવાસ કરી રહ્યા છે. **(૧–૨૫)**

લક્ષ્મણ— આ સઘન વૃક્ષસમૂહથી નિરન્તર સ્નિગ્ધ, તથા શ્યામ રંગના પરિસરવાળાં અરણ્યોથી પરવેષ્ટિત ગોદાવરી (નાં તરંગો)થી મુખરિત (=અવાજવાળી) થયેલી કન્દરાઓવાળો; વળી, સતત ટપકતાં વાદળોથી સ્નિગ્ધ કાળાશવાળો બનેલો અને જનસ્થાનની મધ્યમાં રહેલો એવો આ 'પ્રસ્રવણ' નામનો પર્વત છે !

રામ— હે સુન્દર ગાત્રવાળી ! તે (પ્રસ્રવણ) પર્વતની ઉપર લક્ષ્મણ વડે કરવામાં આવેલી સેવાથી સ્વસ્થ રહેતાં આપણાં બેનાં તે દિવસો તને યાદ આવે છે ? વળી, ત્યાંની મધુર જળવાળી ગોદાવરીને તું યાદ કરી શકે છે ? અથવા, તેની નજીકમાં આવેલા તટો ઉપરનાં આપણાં બેનાં પરિભ્રમણો પણ શું તને યાદ આવે છે કે ? **(૧–૨૬)**

અને વળી,–

સામીપ્યના યોગને કારણે પરસ્પરના ગાલ અડકાડીને મન્દ મન્દ કંઈક કંઈક અક્રમે બોલી રહેલા અને ગાઢ આલિંગન આપવામાં રોકાયેલા એકમેકના હાથવાળા આપણા બેની રાત્રિ, કે જેના પ્રહરો ક્યારે વીત્યા એની ખબર પણ પડી નહીં ને, બસ એમ જ તે પસાર થઈ ગઈ ! **(૧–૨૭)**

લક્ષ્મણ— પંચવટીમાં આ (ઊભી) શૂર્પણખા !

સીતા— હાય આર્યપુત્ર ! બસ અહીં સુધી તમે જોવા મળ્યા હતા.

રામ— અરે વિયોગના વિચારથી ત્રસ્ત થયેલી ! આ તો ચિત્ર છે.

સીતા— એ જે હોય તે. (કોઈપણ સ્થિતિમાં) દુર્જનો અસુખ ઉત્પન્ન કરનારા હોય છે.

રામ— અફસોસ....આ જનસ્થાનમાં બનેલો વૃત્તાન્ત જાણે વર્તમાનમાં બન્યો હોય એમ લાગી રહ્યું છે.

લક્ષ્મણ— સુવર્ણ–મૃગની કપટી રચના કરીને પાપી રાક્ષસોએ એવું કર્યું કે જે (પાપ) અમે ધોઈ નાંખ્યું હોવા છતાંય, હજીય વ્યથા પહોંચાડે છે. નિર્જન જનસ્થાનમાં વિકલ ઇન્દ્રિયોવાળા આર્ય (રામ)ના ચરિતોથી તો પથ્થર પણ રડી ઊઠે છે અને વજ્રનું બનેલું હૃદય પણ દળાય છે. **(૧–૨૮)**

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri

सीता– (सास्रमात्मगतम्) अयि देव रहुकुलाणन्द, एव्वं मम कालणादो किलन्तो आसि । [अयि देव रघुकुलानन्द ! एवं मम कारणात् क्लान्त आसीः ।]

लक्ष्मणः – (रामं निर्वर्ण्य साकूतम्) आर्य किमेतत् ?

अयं ते बाष्पौघस्त्रुटित इव मुक्तामणिसरो
विसर्पन् धाराभिर्लुठति धरणीं जर्जरकणः ।
निरुद्धोऽप्यावेगः स्फुरदधरनासापुटतया
परेषामुन्नेयो भवति च भराध्मातहृदयः ।।२९।।

रामः – वत्स !

तत्कालं प्रियजनविप्रयोगजन्मा तीव्रोऽपि प्रतिकृतिवाञ्छया विसोढः ।
दुःखाग्निर्मनसि पुनर्विपच्यमानो हृन्मर्मव्रण इव वेदनां करोति ।।३०।।

सीता– हद्धी हद्धी । अहं वि अदिभूमिं गदेण रणरणएण अज्जउत्तसुण्णं विअ अत्ताणं पेक्खामि । [हा धिक् हा धिक् ! अहमप्यतिभूमिं गतेन रणरणकेन आर्यपुत्रशून्यमिवात्मानं पश्यामि ।]

लक्ष्मणः – (स्वगतम्) भवत्वन्यतः क्षिपामि । (चित्रं विलोक्य प्रकाशम्) अथैतन्मन्वन्तरपुराणगृध्रराजस्य तत्रभवतस्तातजटायुषश्चरित्रविक्रमोदाहरणम् ।

सीता– हा ताद, णिव्वूढो दे अवच्चसिणेहो । [हा तात ! निर्व्यूढस्तेऽपत्यस्नेहः ।]

रामः – हा तात काश्यप शकुन्तराज ! क्व पुनस्त्वादृशस्य महतस्तीर्थस्य साधोः सम्भवः ।

लक्ष्मणः – अयमसौ जनस्थानस्य पश्चिमतश्चित्रकुञ्जवान्नाम दनुकबन्धाधिष्ठितो दण्डकारण्यभागः । तदिदमृष्यमूकपर्वते मतङ्गस्याश्रमपदम् । इयञ्च श्रमणा नाम सिद्धा शबरतापसी । तदेतत् पम्पाभिधानं पद्मसरः ।

सीता– एत्थ किल अज्जउत्तेण विच्छिण्णामरिसधीरत्तणं पमुक्ककण्ठं रुण्णं आसि। [अत्र किलार्यपुत्रेण विच्छिन्नामर्षधीरत्वं प्रमुक्तकण्ठं रुदितमासीत् ।]

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

સીતા– (આંસુ સાથે આત્મગત વાક્ય બોલે છે:) અરે રઘુકુળને આનંદ પમાડનારા દેવ ! શું તમે મારે કારણે આમ ક્લાન્ત થયા હતા ?

લક્ષ્મણ– (રામને ધારીને જોઈને, સાભિપ્રાય બોલે છે:) આર્ય, આ શું ?

તમારો આ અશ્રુસમૂહ તૂટેલી મોતીઓની માળા સમો અનેક ધારાઓમાં ફેલાઈ રહેલો, કણ કણમાં વિખરાતો ધરતી ઉપર આળોટી રહ્યો છે. અતિશય ભારથી ભરાઈ ગયેલા હૃદયવાળો આ આવેગ રોકી રાખવામાં આવ્યો હોવા છતાંય ફરકતાં ઓષ્ઠ અને નસકોરાંને કારણે બીજાઓ માટે અનુમાનથી સમજી શકાય એવો છે. **(૧–૨૯)**

રામ– વત્સ !

પ્રિયજનના વિરહથી જન્મેલો દુ:ખાગ્નિ તીવ્ર હોવા છતાંય બદલો લેવાની ભાવનાથી તે સમયે તો સહી લીધો હતો, પણ તે મનમાં પરિપક્વ બનીને હૃદયના મર્મસ્થાન ઉપર થયેલા વ્રણ (ઘા) સમો તે ફરીથી વેદના ઉત્પન્ન કરે છે. **(૧–૩૦)**

સીતા– અરેરે ! બહુ ઊંચી ભૂમિકાએ પહોંચી ગયેલી ઉત્કંઠાથી હું જાણે આર્યપુત્ર વિનાની બની ગઈ હોઉં તેમ મને લાગે છે.

લક્ષ્મણ– (સ્વગત) ઠીક, બીજી તરફ ધ્યાન દોરું. (ચિત્ર જોઈને, મોટેથી બોલે છે:) અને આ રહ્યું તે–એક મન્વન્તર જેટલા જૂના–પુરાણા ગીધરાજ શ્રીમાન્ તાત જટાયુના ચરિત્રને અનુરૂપ પરાક્રમ દર્શાવતું ચિત્ર.

સીતા– અહો પિતા સ્વરૂપ ! તમે સંતાન પ્રત્યેના સ્નેહનો સમ્યક્ નિર્વાહ કરી બતાવ્યો હતો.

રામ– અરે તાત ! કશ્યપવંશીય પક્ષીરાજ ! તમારા જેવા મહાન તીર્થભૂત સાધુસજ્જન વ્યક્તિનો જન્મ ફરીથી કેવી રીતે શક્ય છે ?

લક્ષ્મણ– આ જનસ્થાનની પશ્ચિમે, દનુકબન્ધ (દનુ નામના મસ્તક વિનાના રાક્ષસ)થી અધિષ્ઠિત એવો પેલો 'ચિત્રકુંજવાન્' નામનો દંડાકારણ્યનો ભાગ છે. આ ઋષ્યમૂક પર્વતની ઉપર મતંગ ઋષિનો આશ્રમ આવેલો છે. અને આ 'શ્રમણા' નામની સિદ્ધ શબરજાતિની તાપસી ! આ તે 'પંપા' નામનું કમળ સરોવર !

સીતા– મેં સાંભળ્યું છે કે પતિદેવે અહીં અમર્ષ અને ધીરતા છોડીને છુટા મોંઢે રુદન કર્યું હતું.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

रामः — देवि ! रमणीयमेतत्सरः ।

एतस्मिन्मदकलमल्लिकाक्षपक्षव्याधूतस्फुरदुरुदण्डपुण्डरीकाः ।
बाष्पाम्भःपरिपतनोद्गमान्तराले सन्दृष्टाः कुवलयिनो मया विभागाः ॥३१॥

लक्ष्मणः — अयमार्यो हनूमान् ।

सीता— एसो सो चिरणिव्विण्णजीवलोअपच्चुद्धरणगुरुओवआरी महानुभावो मारुदी । [एष स चिरनिर्विण्णजीवलोकप्रत्युद्धरणगुरुकोपकारी महानुभावो मारुतिः ।]

रामः — दिष्ट्या सोऽयं महाबाहुरञ्जनानन्दवर्धनः ।
यस्य वीर्येण कृतिनो वयञ्च भुवनानि च ॥३२॥

सीता— वच्छ, एसो कुसुमिदकदम्बतरुतण्डविअबंहिणो किंणामहेओ गिरी जत्थ अणुभाव सोहग्गमेत्तपरिसेसधूसरसिरी मुच्छदो तुए परुदिएण अवलंबिदो तरुअले अज्जउत्तो आलिहिदो ? [वत्स ! एष कुसुमितकदम्बतरुताण्डवितबर्हिणः किन्नामधेयो गिरिर्यत्रानुभावसौभाग्यमात्रपरिशेषधूसरश्रीर्मूर्छंस्त्वया प्ररुदितेनावलम्बितस्तरुतल आर्यपुत्र आलिखितः ?]

लक्ष्मणः — सोऽयं शैलः ककुभसुरभिर्माल्यवान्नाम यस्मि–
न्नीलः स्निग्धः श्रयति शिखरं नूतनस्तोयवाहः ।

रामः — वत्सैतस्माद् विरम विरमातः परं न क्षमोऽस्मि
प्रत्यावृत्तः पुनरिव स मे जानकीविप्रयोगः ॥३३॥

लक्ष्मणः — अतः परमार्यस्य तत्रभवतां राक्षसानां चापरिसङ्ख्यातान्युत्तरोत्तराणि कर्माश्चर्याणि । परिश्रान्ता चेयमार्या । तद्विज्ञापयामि विश्राम्यतामिति ।

सीता— अज्जउत्त, एदिणा चित्तदंसणेण पच्चुप्पण्णदोहलाए अत्थि मए विण्णावणिज्जं । [आर्यपुत्र ! एतेन चित्रदर्शनेन प्रत्युत्पन्नदोहदाया अस्ति मम विज्ञापनीयम् ।]

रामः — नन्वाज्ञापय ।

सीता— जाणे पुणोवि पसण्णगंभीरासु वणराइसु विहरिअ पवित्तणिम्मल–सिसिरसलिलं भअवर्दि भाईरहिं ओगाहिस्सं त्ति । [जाने पुनरपि प्रसन्नगम्भीरासु वनराजिषु विहृत्य पवित्रनिर्मलशिशिरसलिलां भगवतीं भागीरथीमवगाहिष्य इति ।]

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

રામ— દેવી ! આ સરોવર બહુ રમણીય છે. આ (સરોવર)માં મદને કારણે કલરવ કરતાં મલ્લિકાક્ષ (હંસ) પક્ષીઓની પાંખોથી હાલી ઉઠવાથી શોભી રહેલા લાંબા ડાંડલીવાળા પુંડરીકોથી ભરેલા, અને નીલકમળથી ભરેલા વિભાગો મેં આંસુઓ પડવાના અને ફરીથી (આંસુ) આવવાના (સમય)ગાળાની વચ્ચે જોયા હતા. **(૧—૩૧)**

લક્ષ્મણ— આ રહ્યા આર્ય શ્રી હનુમાનજી !

સીતા— આ તે, ચિરકાળ સુધી દુ:ખી થઈ ઉઠેલા જીવલોકનો ઉદ્ધાર કરી મોટો ઉપકાર કરનારા મહાનુભાવ મારુતિ છે !

રામ— આનંદ છે ! અંજના—ના આનંદને વધારનારા આ મહાબાહુ છે; કે જેમના પરાક્રમથી અમે અને આ (ત્રણેય) ભુવનો ઉપકૃત થયેલા છે. **(૧—૩૨)**

સીતા— વત્સ ! (લક્ષ્મણ), ફુલો ખીલેલાં કદમ્બ વૃક્ષો ઉપર તાંડવનૃત્ય કરતાં મયૂરોવાળો, આ ક્યા નામવાળો પર્વત છે ? કે જ્યાં પ્રભાવના સૌભાગ્યમાત્રથી બાકી બચેલી પાંડુવર્ણી શોભાવાળા અને મૂર્ચ્છા પામેલા, તથા રડતા એવા તમારા (લક્ષ્મણ) વડે અવલંબન અપાયેલા એવા (મારા) આર્યપુત્રને વૃક્ષની નીચે ચિતરવામાં આવ્યા છે.

લક્ષ્મણ— આ તે જ કકુભ (= અર્જુન)પુષ્પોથી સુરભિત થયેલો 'માલ્યવાન' નામનો પર્વત છે; કે જેની ઉપર શ્યામવર્ણી અને સ્નિગ્ધ એવો નૂતન મેઘ આશ્રય લઈ રહ્યો છે.

રામ— વત્સ ! બસ....આટલેથી અટકી જા... આથી (વધારે) આગળ (સાંભળવા) હું શક્તિમાન નથી. (કેમકે) ફરીથી જાણે મને જાનકીનો વિયોગ પાછો આવી પડ્યો હોય તેમ લાગે છે. **(૧—૩૩)**

લક્ષ્મણ— (ચિત્રોની હારમાળામાં) આના પછી, આર્યના અને તે રાક્ષસોના અગણિત અને ઉત્તરોત્તર ચઢિયાતાં એવાં આશ્ચર્યકારક કર્મો રજૂ થયાં છે. પણ હવે આ આર્યા (સીતા) બહુ થાકી ગયા લાગે છે. તેથી હું સૂચવું છું કે (થોડોક) વિશ્રામ કરવામાં આવે.

સીતા— આર્યપુત્ર ! આ ચિત્રદર્શનથી જેને દોહદ ઉત્પન્ન થયું છે તેવી મારે તમને કંઈક કહેવું છે.

રામ— હાં, આદેશ કરો.

સીતા— મને લાગે છે કે— એકવાર ફરીથી એ પ્રસન્ન અને ગંભીર એવી વનરાજિઓમાં ફરીને; પવિત્ર, નિર્મળ અને ઠંડા જળવાળી ભગવતી ભાગીરથી નદીમાં અવગાહન કરી આવું.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

रामः — वत्स लक्ष्मण !

लक्ष्मणः — एषोऽस्मि ।

रामः — वत्स ! अचिरादेव संपादनीयो दोहद इति सम्प्रत्येव गुरुभिः सन्दिष्टम्। तदस्खलितसुखसम्पातं रथमुपस्थापय ।

सीता— अज्जउत्त, तुम्हेहिं वि आअन्दव्वं । [आर्यपुत्र ! युष्माभिरप्यागन्तव्यम् ।]

रामः — अयि कठिनहृदये ! एतदपि वक्तव्यमेव ।

सीता— तेण हि पिअं मे । [तेन हि प्रियं मे ।]

लक्ष्मणः — यथाज्ञापयत्यार्यः । [इति निष्क्रान्तः]

रामः — प्रिये ! अत्र वातायनोपकण्ठे संविष्टा भव ।

सीता— एवं होदु । ओहरिदम्हि परिस्समणिद्दाए । [एवं भवतु । अपहृतास्मि परिश्रमजनितया निद्रया ।]

रामः — तेन हि निरन्तरमवलम्बस्व मामत्र शयनाय ।

जीवयन्निव ससाध्वसश्रमस्वेदबिन्दुरधिकण्ठमर्प्यताम् ।
बाहुरैन्दवमयूखचुम्बितस्यन्दिचन्द्रमणिहारविभ्रमः ॥३४॥

(तथा कारयन् सानन्दम्) प्रिये, किमेतत् ?

विनिश्चेतुं शक्यो न सुखमिति वा दुःखमिति वा ।
प्रमोहो निद्रा वा किमु विषविसर्पः किमु मदः ॥
तव स्पर्शे स्पर्शे मम हि परिमूढेन्द्रियगणो
विकारश्चैतन्यं भ्रमयति च सम्मीलयति च ॥३५॥

सीता— स्थिरप्पसादा तुम्हे, इदो दाणि किं अवरं । (स्थिरप्रसादा यूयम्, इत इदानीं किमपरम् ?)

रामः — **म्लानस्य जीवकुसुमस्य विकासनानि**
सन्तर्पणानि सकलेन्द्रियमोहनानि ।
एतानि ते सुवचनानि सरोरुहाक्षि
कर्णामृतानि मनसश्च रसायनानि ॥३६॥

सीता— पिअंवद, एहि संविसम्हा [प्रियंवद, एहि संविशावः ।] [इति शयनाय समन्ततो निरूपयति]

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

રામ— ભાઈ લક્ષ્મણ !

લક્ષ્મણ— આ રહ્યો હું.

રામ— ભાઈ, (આના) દોહદને મોડું ન થાય તેમ પૂરો કરવો જોઈએ એવું હમણાં જ વડીલોએ સંદેશામાં કહેવડાવ્યું છે. તો અસ્ખલિતપણે સુખેથી લઈ જનારા રથને અહીં લઈ આવ.

સીતા— પતિદેવ ! તમારે પણ (સાથે) આવવાનું છે હોં કે.

રામ— અરે, કઠણ હૃદયવાળી ! શું આ પણ કહેવાનું હોય ?

સીતા— તો તો મને (બહુ) ગમ્યું !

લક્ષ્મણ— જેવી મોટાભાઈની આજ્ઞા. (રંગભૂમિ ઉપરથી નીકળી જાય છે.)

રામ— પ્રિયા ! આવ, અહીં વાતાયનથી નજીક (ઘડીક) સૂઈ જા.

સીતા— સારું એમ કરીએ. પરિશ્રમને કારણે જન્મેલી ઊંઘથી જાણે હું ઘેરાઈ ગઈ છું.

રામ— તો ઊંઘવા માટે તું સતત મારું અવલંબન લે.

(મને) જીવાડનારો હોય તેવો (તારો) આ બાહુ, કે જે ભય અને પરિશ્રમને કારણે જન્મેલા પરસેવાના બિન્દુઓવાળો છે; અને તેથી તે ચન્દ્રમાનાં કિરણોથી સ્પર્શાવાને કારણે દ્રવિત થનાર ચન્દ્રકાન્ત–મણિના હારની શોભાવાળો બન્યો છે તે મારા કંઠની ઉપર મૂક. **(૧–૩૪)**

(તેમ કરાવીને, આનંદપૂર્વક) પ્રિયા, આને શું કહીશું ?

એ નક્કી કરવું શક્ય નથી કે આ સુખ છે કે દુઃખ; આ પ્રમોહ છે, નિદ્રા છે, વિષનો પ્રસાર છે કે મદ છે ? તારા સ્પર્શે સ્પર્શે ઇન્દ્રિય સમુદાયને મૂઢ કરી દેનારો આ વિકાર મારા ચૈતન્યને ભ્રમિત કરી મૂકે છે અને ઢાંકી પણ દે છે. **(૧–૩૫)**

સીતા— તમે (મારા ઉપર) એકધારી પ્રસન્નતા દાખવનારા છો. આથી વધારે મારે શું જોઈએ ?

રામ— હે કમલ–લોચના ! તારાં આ સુવાક્યો કરમાઈ ગયેલા જીવનપુષ્પને વિકસિત કરનારાં છે, (હૃદયને) સંતૃપ્ત કરનારાં છે અને સકલ ઇન્દ્રિયોને મોહિત કરનારાં છે. કાનોને માટે અમૃત સમાં છે અને મનનું તો રસાયન જ છે ! (૧–૩૬)

સીતા— અરે પ્રિયંવદ ! (મીઠું મીઠું બોલનારા), આવો સાથે બેસીએ. (સૂવા માટે ચારેય બાજુએ દૃષ્ટિ નાંખે છે.)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

रामः — अयि किमन्वेष्टव्यम् ?

आविवाहसमयाद् गृहे वने शैशवे तदनु यौवने पुनः ।
स्वापहेतुरनुपाश्रितोऽन्यया रामबाहुरुपधानमेष ते ॥३७॥

सीता— (निद्रां नाटयन्ती) अत्थि एदं अज्जउत्त अत्थि एदं । [अस्त्येतदार्यपुत्र अस्त्येतत् ।] (इति स्वपिति)

रामः — कथं प्रियवचना मे वक्षसि प्रसुप्तैव । (निर्वर्ण्य सस्नेहम्)

इयं गेहे लक्ष्मीरियममृतवर्तिर्नयनयो—
रसावस्याः स्पर्शो वपुषि बहुलश्चन्दनरसः ।
अयं बाहुः कण्ठे शिशिरमसृणो मौक्तिकसरः
किमस्या न प्रेयो यदि परमसह्यस्तु विरहः ॥३८॥

(प्रविश्य)

प्रतीहारी— देव, उवट्ठिदो । [देव ! उपस्थितः ।]

रामः — अयिः, कः ?

प्रतिहारी— आसण्णपरिआरओ देवस्य दुम्मुहो । [आसन्नपरिचारको देवस्य दुर्मुखः ।]

रामः — (स्वगतम्) शुद्धान्तचारी दुर्मुखः । स मया पौरजानपदेष्वपसर्पः प्रहितः । (प्रकाशम्) आगच्छतु । (प्रतिहारी निष्क्रान्ता)

(प्रविश्य)

दुर्मुखः — (स्वगतम्) हा कहं दाणिं देवीमंतरेण ईरिसं अचिन्तणिज्जं जणाववादं देव्वस्स कहइस्सं । अहवा णिओओ क्खु मह मंदभा अहे अस्स एसो । [हा कथमिदानीं देवीमन्तरेण ईदृशमचिन्तनीयं जनापवादं देवस्य कथयिष्यामि ? अथवा नियोगः खलु मम मन्दभागधेयस्यैषः ।]

सीता— (उत्स्वप्नायते) हा अज्जउत्त कहिं सि ? [हा आर्यपुत्र ! कुत्रासि ?]

रामः — सैवेयं रणरणकदायिनी चित्रदर्शनाद्विरहभावना देव्याः स्वप्नोद्योगं करोति । (सस्नेहमङ्गमस्याः परामृशन्)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

રામ— અરે ! શું શોધવાની જરૂર છે ?

વિવાહના સમયથી માંડીને ઘરમાં કે વનમાં અથવા શૈશવમાં કે ત્યારપછી યૌવનમાં શયનની સામગ્રી રૂપે, બીજી કોઈ (સ્ત્રી)થી નહીં સેવાયેલો આ રામનો બાહુ જ તારું ઓશિકું છે ! **(૧–૩૭)**

સીતા— (નિદ્રાનો અભિનય કરે છે) હા, એમ જ છે, આર્યપુત્ર ! એમ જ છે. (સૂઈ જાય છે.)

રામ— શું, પ્રિય વચનો બોલનારી (સીતા) મારા વક્ષઃસ્થળ ઉપર સૂઈ જ ગઈ ?! (બરાબર જોઈને, સ્નેહપૂર્વક)

આ (સીતા) મારા ઘરમાં (ગૃહ)લક્ષ્મી છે, બે નેત્રોને માટે અમૃતસળી છે. શરીર ઉપર આનો સ્પર્શ પ્રચુર ચંદનરસ સમાન છે. (મારા) કંઠ ઉપર રહેલો (એનો) આ બાહુ મોતીની માળા જેવો ઠંડો અને સ્નિગ્ધ છે. આનું શું પ્રિય નથી; સિવાય કે વિરહ ? **(૧-૩૮)**

(રંગભૂમિ ઉપર પ્રવેશ કરીને)

પ્રતીહારી— દેવ ! આવી પહોંચ્યો છે.

રામ— અરે કોણ (આવી પહોંચ્યો છે) ?

પ્રતીહારી— દેવની નજીકમાં જ રહેનારો સેવક દુર્મુખ (આવ્યો છે).

રામ— (સ્વગત) અન્તઃપુરમાં ફરનારો દુર્મુખ, તેને તો મેં નગરજનોની વચ્ચે ગુપ્તચર બનાવીને મોકલ્યો હતો. (મોટેથી) અંદર આવવા દો. (પ્રતીહારી નીકળી જાય છે.)

(પ્રવેશ કરીને)

દુર્મુખ— (સ્વગત) હાય ! દેવી (સીતા)ને વિશે આવી ક્યારેય ન વિચારી શકાય એવી લોકાપવાદની વાત દેવ(રામ)ને કેવી રીતે કહી શકીશ ? અથવા, મારા જેવા કમનસીબ વ્યક્તિને માટે આ જ કર્તવ્ય છે.

સીતા— (સ્વપ્નમાં બોલે છે.) હા આર્યપુત્ર... તમે ક્યાં છો ?

રામ— ચિત્રદર્શનને કારણે ઊભી થયેલી ક્ષુબ્ધ કરી દેનારી આ વિરહની લાગણી દેવી (સીતા)ને ઊંઘમાં પણ પજવી રહી છે. (સ્નેહપૂર્વક એનાં અંગો ઉપર હાથ ફેરવતાં ફેરવતાં – રામ – બોલે છેઃ)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

अद्वैतं सुखदुःखयोरनुगतं सर्वास्ववस्थासु य-
द्विश्रामो हृदयस्य यत्र जरसा यस्मिन्नहार्यो रसः ।
कालेनावरणात्ययात्परिणते यत्स्नेहसारे स्थितं
भद्रं तस्य सुमानुषस्य कथमप्येकं हि तत्प्रार्थ्यते ॥३९॥

दुर्मुखः — (उपसृत्य) जेदु देव्वो । [जयतु देवः ।]

रामः — ब्रूहि यदुपलब्धम् ।

दुर्मुखः — उवत्थुवन्ति देवं पौरजाणपदा विसुमरिदा अम्हे महाराअदसरहस्स रामभद्देणत्ति । [उपस्तुवन्ति देवं पौरजानपदाः, विस्मारिता वयं महाराजदशरथस्य रामभद्रेणेति ।]

रामः — अर्थवाद एषः । दोषं तु मे कञ्चित्कथय येन स प्रतिविधीयते ।

दुर्मुखः — (सास्रम्) सुणादो देओ । (कर्णे) एव्वं विअ । इति । [शृणोतु देवः । (कर्णे) एवमिव ।]

रामः — अहह ! तीव्रसंवेगो वाग्वज्रः । (इति मूर्च्छति)

दुर्मुखः — आस्ससदु देव्वो । [आश्वसितु देवः ।]

रामः — (आश्वस्य)

हा हा धिक् ! परगृहवासदूषणं यद्वैदेह्याः प्रशमितमद्भुतैरुपायैः ।
एतत्तत्पुनरपि दैवदुर्विपाकादालर्कं विषमिव सर्वतः प्रसक्तम् ॥४०॥

रामः — तत्किमद्य मन्दभाग्यः करोमि । (विमृश्य सकरुणम्) अथवा किमेतत् ?

सतां केनापि कार्येण लोकस्याराधनं व्रतम् ।
यत्पूरितं हि तातेन मां च प्राणांश्च मुञ्चता ॥४१॥

सम्प्रत्येव च भगवता वसिष्ठेन सन्दिष्टम् । अपि च—

यत्सावित्रैर्दीपितं भूमिपालैर्लोकश्रेष्ठैः साधु चित्रं चरित्रम् ।
मत्सम्बन्धात्कश्मला किंवदन्ती स्याच्चेदस्मिन्हन्त धिङ्मामधन्यम् ॥४२॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

જે અદ્વૈત(ભર્યું દામ્પત્ય) સુખ અને દુઃખમાં અને બધી જ અવસ્થાઓમાં એકરૂપ રહેનારું છે, જે હૃદયનું વિશ્રામસ્થાન છે અને વૃદ્ધાવસ્થા જેમાંથી રસને હરી શકતી નથી. વળી, સમય જતાં (બધા પ્રકારના) આવરણો સરકી પડ્યા પછી જે સ્નેહના સાર રૂપે પરિણત થઈને રહે છે, તેવું તે દામ્પત્યનું વિરલ કલ્યાણ કોઈક રીતે જ (= મોટા પુણ્યે કરીને જ) પ્રાપ્ત થાય છે. **(૧—૩૯)**

દુર્મુખ— (નજીક જઈને) દેવનો જય થાવ.

રામ— કહો, જે જાણ્યું હોય તે.

દુર્મુખ— "રામભદ્રે તો અમને મહારાજ દશરથ સાવ ભૂલવાડી દેવડાવ્યા"— એમ (બોલતાં) સૌ નગરજનો દેવની (રામચન્દ્રની) પ્રશંસા કરે છે.

રામ— આ તો માત્ર પ્રશંસા થઈ. પણ કોઈ દોષ હોય તો તે તું કહે, કે જેથી એનું નિવારણ થઈ શકે.

દુર્મુખ— (આંસુ સાથે) દેવ ! સાંભળો. (કાનમાં કંઈક કહે છે.) આમ....આમ...

રામ— અરર...ર. આ વાણી રૂપી વજ્ર(નો પ્રહાર) તો તીવ્ર સંવેગવાળો છે. (મૂર્છા પામી જાય છે.)

દુર્મુખ— દેવ, આશ્વાસન પામો.

રામ— (આશ્વસ્ત થઈને) હાય ધિક્કાર છે. વૈદેહીના પારકાના ઘરે નિવાસ થવા રૂપી દૂષણને અદ્ભુત ઉપાયોથી શમાવવામાં આવ્યું હોવા છતાંય, નસીબના દુષ્પરિણામને કારણે તે (હડકાયા કૂતરાના) ઝેરની જેમ ફરીથી ચારેય તરફ ફેલાઈ ગયું છે. **(૧—૪૦)**

રામ— તો હું મન્દ ભાગ્યવાળો આજે શું કરું ? (વિચારીને કરુણાપૂર્વક) અથવા આ શું ?

કોઈપણ કર્મ વડે લોકોનું સમારાધાન કરવું તે સજ્જનોનું વ્રત છે; કે જે (વ્રત) પિતાએ (દશરથે) મને અને પ્રાણોને પણ ત્યજીને આચરી બતાવ્યું છે. **(૧—૪૧)**

હમણાં જ ભગવાન વસિષ્ઠે સંદેશો પણ મોકલાવ્યો છે. અને વળી, (સમગ્ર) લોકમાં શ્રેષ્ઠ એવા સૂર્યવંશી રાજાઓએ જે સુન્દર ચરિત્રને સમુજ્જ્વલ કર્યું છે; તે (ચરિત્ર)માં મારા સંબંધ થકી જો કાલિમાભરી આ કિંવદન્તી ચોંટે તો મને અધન્યને ધિક્કાર હજો. **(૧—૪૨)**

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri

रामः — हा देवि देवयजनसम्भवे ! हा स्वजन्मानुग्रहपवित्रितवसुन्धरे ! हा मुनिजनकनन्दिनि ! हा पावकवसिष्ठारुन्धतीप्रशस्तशीलशालिनि ! हा राममयजीविते ! हा महारण्यवासप्रियसखि ! हा तातप्रिये ! हा स्तोकवादिनि ! कथमेवं–विधायास्तवायमीदृशः परिणामः ?

त्वया जगन्ति पुण्यानि त्वय्यपुण्या जनोक्तयः ।
नाथवन्तस्त्वया लोकास्त्वमनाथा विपत्स्यसे ॥४३॥

(दुर्मुखं प्रति) दुर्मुख ! ब्रूहि लक्ष्मणम् । एष नूतनो राजा रामः समाज्ञापयति । (कर्णे) एवमेवम् । इति ।

दुर्मुखः — हा कहं दाणिं अग्गिपरिसुद्धाए गब्भट्ठिदपवित्तरहुउलसंताणाए देइए दुज्जणवअणादो एव अणज्जं अज्झवसिदं देव्वेण । [हा कथमिदानीमग्निपरिशुद्धाया गर्भस्थितपवित्ररघुकुलसन्तानाया देव्या दुर्जनवचनादेवमनार्यमध्यवसितं देवेन ?]

रामः — शान्तं पापम्, शान्तं पापम्, कथं दुर्जना नाम पौरजानपदाः ।

इक्ष्वाकुवंशोऽभिमतः प्रजानां जातं च दैवाद्वचनीयबीजम् ।
यच्चाद्भुतं कर्म विशुद्धिकाले प्रत्येतु कस्तद्यदि दूरवृत्तम् ॥४४॥

तद्गच्छ ।

दुर्मुखः — हा देई । [हा देवि !]

(इति निष्क्रान्तः)

रामः — हा कष्टम् । अतिबीभत्सकर्मा नृशंसोऽस्मि संवृत्तः ।

शैशवात्प्रभृति पोषितां प्रियां सौहृदादपृथगाश्रयामिमाम् ।
छद्मना परिददामि मृत्यवे सौनिके गृहशकुन्तिकामिव ॥४५॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

રામ— હા, દેવયજ્ઞ(ની ભૂમિ)માંથી જન્મેલી દેવી ! અરે ! પોતાના જન્મ થકી જેણે વસુન્ધરાને પવિત્ર કરી છે તેવી, હે મુનિ જનકની નન્દિની ! અહો (અન્યને) પવિત્ર કરનારા વસિષ્ઠ અને અરુન્ધતીથી પ્રશંસા પામેલા ચારિત્ર્યવાળી ! હા રામમય–જીવનવાળી, હા મહાઅરણ્યમાં નિવાસ દરમ્યાનની પ્રિયસખી ! હા (મારા) પિતાને પણ પ્રિય એવી, બહુ થોડુંક બોલનારી ! આવા પ્રકારની તારા જેવી વ્યક્તિ(ના જીવન)નું અંતે આવું પરિણામ ?

તારા થકી તો આ જગતો પુણ્યશાળી બન્યાં છે, પણ શું તારા વિશે જ લોકોની આવી અપુણ્યતાભરી વાણી ? તારા થકી તો આ (પૃથિવી વગેરે) લોક સનાથ બન્યા છે, પણ શું તું પોતે અનાથ બનીને નાશ પામીશ ? **(૧–૪૩)**

(દુર્મુખને ઉદ્દેશીને–) દુર્મુખ ! જા, લક્ષ્મણને કહે. આ નવો રાજા રામ આજ્ઞા ફરમાવે છે કે– (કાનમાં કંઈક કહે છે) આમ.... આમ....

દુર્મુખ— અરેરે...અગ્નિમાં (એકવાર) પરિશુદ્ધ થયેલી, અને વળી જેના ગર્ભમાં રઘુકુળની પવિત્ર સંતતિ રહેલી છે તે દેવીને વિશે, દુર્જનોનાં વચનોથી પ્રેરાઈને દેવે (રામે) શું આવું અનાર્ય (આચરણ) કરવાનું નક્કી કરી નાંખ્યું ?

રામ— પાપ શાન્ત થાવ, શાન્ત થાવ સૌ પાપ ! નગરજનો અને દેશવાસીઓને 'દુર્જન' કેવી રીતે કહેવાય ?

પ્રજાને તો ઇક્ષ્વાકુવંશ પ્રિય છે, પણ આ જે કાંઈ લોકાપવાદ (ઊભું થવા)નું બીજ (રોપાયું) છે, તે તો ભાગ્યવશાત્ બન્યું છે. તથા (સીતાની અગ્નિપરીક્ષા રૂપ) વિશુદ્ધિ કાળમાં અદ્‌ભુત કર્મ બન્યું તે જો (અયોધ્યાથી) ઘણે દૂર બન્યું હોય તો તેમાં કોને વિશ્વાસ પડે ? **(૧–૪૪)**

માટે, તું જા.

દુર્મુખ— અરેરે...દેવી !

(રંગભૂમિ ઉપરથી જતો રહે છે.)

રામ— હાય... આ કષ્ટદાયક છે....અત્યંત ઘૃણાસ્પદ કર્મ કરનારો હું ક્રૂર બની બેઠો છું.

બાળપણથી માંડીને પોષેલી અને સૌહાર્દને કારણે બીજા કોઈના આશ્રયે નહીં રહેલી આ પ્રિયાને, માંસવિક્રય કરનારને જેમ ઘરમાં પાળેલી નાની પક્ષિણી આપી દેવામાં આવે તેમ, કપટથી (હું) મૃત્યુને સોંપી રહ્યો છું. **(૧–૪૫)**

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri

तत्किमस्पृश्यः पातकी देवीं दूषयामि ? (इति सीतायाः शिरः समुन्नमय्य बाहुमाकृष्य)

अपूर्वकर्मचण्डालम् अयि मुग्धे । विमुञ्च माम् ।
श्रितासि चन्दनभ्रान्त्या दुर्विपाकं विषद्रुमम् ॥४६॥

(उत्थाय) हन्त हन्त ! विपर्यस्तो जीवलोकः । अद्यावसितं जीवितप्रयोजनं रामस्य । शून्यमधुना जीर्णारण्यं जगत् । असारः संसारः । काष्ठप्रायं शरीरम् । अशरणोऽस्मि । किं करोमि ? का गतिः ? अथवा—

दुःखसंवेदनायैव रामे चैतन्यमागतम् ।
मर्मोपघातिभिः प्राणैर्वज्रकीलायितं हृदि ॥४७॥

हा अम्ब अरुन्धति ! हा भगवन्तौ वसिष्ठविश्वामित्रौ ! हा भगवन् पावक ! हा देवि भूतधात्रि ! हा तात जनक ! हा तात ! हा मातः ! हा प्रियसख सुग्रीव ! हा सौम्य हनूमन् ! हा परमोपकारिन् लङ्काधिपते विभीषण ! हा सखि त्रिजटे ! परिमुषिताःस्थ परिभूताःस्थ रामहतकेन । अथवा को नाम तेषामहमिदानीमाह्वाने ?

ते हि मन्ये महात्मानः कृतघ्नेन दुरात्मना ।
मया गृहीतनामानः स्पृश्यन्त इव पाप्मना ॥४८॥

योऽहम् —

विस्रम्भादुरसि निपत्य जातनिद्रा—
मुन्मुच्य प्रियगृहिणीं गृहस्य लक्ष्मीम् ।
आतङ्कस्फुरितकठोरगर्भगुर्वीम्
क्रव्याद्भ्यो बलिमिव दारुणः क्षिपामि ॥४९॥

(सीतायाः पादौ शिरसि कृत्वा) देवि ! अयं पश्चिमस्ते रामशिरसि पादपङ्कजस्पर्शः । (इति रोदिति)

(नेपथ्ये) अब्रह्मण्यम्, अब्रह्मण्यम् ।

राम— ज्ञायतां भोः ! किमेतत् ?

(पुनर्नेपथ्ये)

ऋषीणामुग्रतपसां यमुनातीरवासिनाम् ।
लवणत्रासितः स्तोमः शरण्यं त्वामुपस्थितः ॥५०॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

તો અસ્પૃશ્ય બનેલો પાતકી એવો હું શું કામ આ (પવિત્ર) દેવીને (અડકીને) દૂષિત કરું ? (સીતાનું મસ્તક ઊંચું કરીને પોતાના બાહુને પાછો ખેંચી લે છે.)

અયિ મુગ્ધા ! અપૂર્વ કર્મ કરનારા ચાંડાળ જેવા મને તું છોડી દે. કેમકે ચંદન—વૃક્ષની ભ્રાન્તિથી, (તું) ભયંકર પરિણામવાળા વિષવૃક્ષને અવલંબી રહી છું. **(૧—૪૬)**

(ઊભા થઈને) અરેરે...! આ પ્રાણીલોક (હવે) બદલાઈ ગયો છે. આજે રામને જીવવાનું પ્રયોજન પૂરું થઈ ગયું. હવે આ જીર્ણ અરણ્ય સમું જગત્ શૂન્ય બની ગયું; સંસાર અસાર બની ગયો. શરીર લાકડાં જેવું બની ગયું છે. હું અશરણ છું, હું શું કરું ? શો ઉપાય ? અથવા—

દુઃખ સંવેદવા માટે જ રામમાં ચૈતન્ય વસી રહ્યું છે. મર્મસ્થાન ઉપર આઘાત કરનાર પ્રાણો (જાણે) હૃદયમાં વજ્રના ખીલાની જેમ ખોડાઈ ગયા છે. **(૧—૪૭)**

હે માતા અરુન્ધતી ! હે ભગવાન વસિષ્ઠ અને વિશ્વામિત્ર ! હે ભગવાન્ અગ્નિ ! હે ભૂતધાત્રી દેવી ! હા પિતાજી જનક ! હા પિતા (દશરથ) ! હા માતા (કૌસલ્યા) ! હા પ્રિયમિત્ર સુગ્રીવ ! હા સૌમ્ય હનુમાન્ ! હા પરમ ઉપકારક લંકાધિપતિ વિભીષણ ! હા સખી ત્રિજટા ! આ હતભાગી રામ વડે તમે સૌ લૂંટાઈ ગયા છો. અથવા, તે બધાને નામથી બોલાવનારો હું કોણ ?

મને લાગે છે કે, કૃતઘ્ની દુરાત્મા એવા મારા વડે નામથી બોલાવાતાં તે મહાત્માઓ જાણે પાપથી સ્પર્શાઈ રહ્યા છે. **(૧—૪૮)**

હું, કે જે—

આતંકથી ફરકતા કઠોર ગર્ભના ભારવાળી (પત્ની), કે જે વિશ્વાસથી હૃદય ઉપર (માથું) મૂકીને સૂઈ ગયેલી છે તે ઘરની લક્ષ્મી સમી પ્રિય ગૃહિણીને ત્યજી દઈને, માંસ ખાનારા (હિંસક) પ્રાણીઓને દારુણ એવો હું (જાણે) બલિ રૂપે ફેંકી રહ્યો છું. **(૧—૪૯)**

(સીતાના બે પગને માથે અડકાડીને) દેવી ! રામના મસ્તક ઉપર તારાં ચરણકમળનો આ અંતિમ સ્પર્શ હશે. (એમ બોલીને રડે છે.)

(નેપથ્યમાંથી—)

ગજબ થઈ ગયો... ગજબ થઈ ગયો...

(અવધ્ય બ્રાહ્મણો મરાઈ રહ્યા છે...)

રામ— જાણો જોઈએ કે આ શેનો અવાજ છે ?

(ફરીથી નેપથ્યમાં)

યમુનાના તીર ઉપર રહેતા ઉગ્ર તપશ્ચર્યા કરનારા ઋષિઓનો એક સમૂહ, કે જે લવણ (રાક્ષસ)થી ત્રાસ પામેલ છે તે શરણે જવા યોગ્ય એવા તમારી પાસે આવી ઊભું છે. **(૧—૫૦)**

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri

रामः – आः ! कथमद्यापि राक्षसत्रासः ? तद्यावदस्य दुरात्मनो कुम्भीनसी–पुत्रस्योन्मूलनाय शत्रुघ्नं प्रेषयामि । (कतिचित्पदानि गत्वा पुनर्निवृत्य) हा देवि ! कथमेवंगता भविष्यसि ? भगवति वसुन्धरे ! सुश्लाघ्यां दुहितरमवेक्षस्व जानकीम् ।

जनकानां रघूणां च यत्कृत्स्नं गोत्रमङ्गलम् ।
यां देवयजने पुण्ये पुण्यशीलामजीजनः ॥५१॥

(इति रुदन्निष्क्रान्तः)

सीता– हा सोम्य अज्जउत्त कहिं सि ? (सहसोत्थाय) हद्धी हद्धी दुस्सिविणेन विप्पलद्धा अहं अज्जउत्तं आक्कन्दामि । (विलोक्य) हद्दी हद्दी एआइणिं मं पसुत्तं उज्झिअ गदो अज्जउत्तो ! किं दाणी एदं । होदु से कुप्पिस्सं जइ तं पेक्खती अत्तणो पहविस्सं । को एत्थ परिअणो ? [हा सौम्य आर्यपुत्र ! कुत्रासि ? हा धिक्, हा धिक्, दुःस्वप्नेन विप्रलब्धाऽहमार्यपुत्रमाक्रन्दामि । हा धिक्, हा धिक्, एकाकिनीं मां प्रसुप्ताम् उज्झित्वा गत आर्यपुत्रः । किमिदानीमेतत् ? भवतु तस्मै कोपिष्यामि, यदि तं प्रेक्षमाणा आत्मनः प्रभविष्यामि । कोऽत्र परिजनः ?]

(प्रविश्य)

दुर्मुखः – देइ, कुमारलक्खणो विण्णवेदि – सज्जो रहो, तं आरुहदु देईत्त्यि् । [देवि ! कुमारलक्ष्मणो विज्ञापयति – सज्जो रथः, तदारोहतु देवीति ।]

सीता– इअं आरूढम्हि । (उत्थाय परिक्रम्य) फुरइ मे गब्भभारो । सणिअं गच्छम्ह । [इयमारूढास्मि । स्फुरति मे गर्भभारः । शनैर्गच्छामः]

दुर्मुखः – इदो इदो देई । [इत इतो देवी ।]

सीता– णमो रहुउलदेअदाणं । [नमो रघुकुलदेवताभ्यः ।]

(इति निष्क्रान्ताः सर्वे)

इति महाकवि–श्रीभवभूतिविरचित उत्तररामचरिते
चित्रदर्शनो नाम प्रथमोऽङ्कः ।

• • •

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

રામ– આહ....શું હજી સુધી રાક્ષસોનો ત્રાસ ચાલુ છે ? આ કુંભીનસીના દુરાત્મા પુત્રનું ઉન્મૂલન કરવા માટે પહેલાં તો હું શત્રુઘ્નને મોકલી આપું. (કેટલાંક ડગલાં આગળ જઈને ફરી પાછા આવીને) હા દેવી ! આવી દશામાં તું કેવી રીતે ટકી શકીશ ? હે ભગવતી વસુન્ધરા ! અત્યંત પ્રશંસનીય એવી દીકરી જાનકીનું તમે ધ્યાન રાખજો.

જનકો અને રઘુઓના ગોત્રનું જે અખિલ મંગલ છે તેવી આ પુણ્યશીલાને તમે, દેવો માટેના પુણ્યશાળી યાગમાં જન્મ આપ્યો હતો. **(૧–૫૧)**

(રડતાં રડતાં રંગભૂમિ ઉપરથી નીકળી જાય છે.)

સીતા– હા સૌમ્ય આર્યપુત્ર ! તમે ક્યાં છો ? (એકદમ જ ઊભી થઈ જઈને) હા ધિક્...હા ધિક્... દુઃસ્વપ્નથી છેતરાયેલી હું આર્યપુત્રને બૂમ પાડું છું. હા ધિક્.... હા ધિક્... એકલી સૂતેલી મને તરછોડીને શું આર્યપુત્ર જતા રહ્યા ? આ શું કહેવાય ? સારું, તેમના ઉપર ગુસ્સે થઈશ, જો તેમને જોતાં (જોયા પછી) મારી જાત ઉપર કાબુ રાખી શકીશ તો.

તો કોણ છે અહીં સેવકવર્ગમાંથી ?

(પ્રવેશ કરીને)

દુર્મુખ– દેવી ! કુમાર લક્ષ્મણ જણાવે છે કે – રથ તૈયાર છે; તો દેવી તેની ઉપર આરોહણ કરે.

સીતા– લો, આ હું (રથ ઉપર) આરૂઢ થઈ. (ઊભી થઈને, થોડુંક ફરે છે.) મારો ગર્ભભાર ફરકે છે, માટે ધીમેથી જઈશું.

દુર્મુખ– આ તરફ, આ તરફ...

સીતા– રઘુકુલ–દેવતાને નમસ્કાર હજો.

(રંગભૂમિ ઉપરથી બધા નીકળી જાય છે.)

પુષ્પિકા

મહાકવિ ભવભૂતિએ રચેલા 'ઉત્તરરામચરિત' નાટકનો
'ચિત્રદર્શન' નામનો પ્રથમ અંક પૂરો થયો.

● ● ●

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

द्वितीयोऽङ्कः

(पञ्चवटीप्रवेशः)

(नेपथ्ये)

स्वागतं तपोधनायाः ।

(ततः प्रविशत्यध्वगवेषा तापसी)

तापसी— अये ! वनदेवता फलकुसुमगर्भेण पल्लवार्घ्येण दूरान्मामुपतिष्ठते ।

(प्रविश्य)

वनदेवता— (अर्घ्यं विकीर्य) –

यथेच्छाभोग्यं वो वनमिदमयं मे सुदिवसः
सतां सद्भिः सङ्गः कथमपि हि पुण्येन भवति ।
तरुच्छाया तोयं यदपि तपसां योग्यमशनं
फलं वा मूलं वा तदपि न पराधीनमिह वः ॥१॥

तापसी— किमत्रोच्यते ?

प्रियप्राया वृत्तिर्विनयमधुरो वाचि नियमः
प्रकृत्या कल्याणी मतिरनवगीतः परिचयः ।
पुरो वा पश्चाद्वा तदिदमविपर्यासितरसं
रहस्यं साधूनाम् अनुपधि विशुद्धं विजयते ॥२॥

(उपविशतः)

वनदेवता— कां पुनरत्रभवतीमवगच्छामि ?

तापसी— आत्रेय्यस्मि ।

वनदेवता— आर्ये आत्रेयि ! कुतः पुनरिहागम्यते ? किम्प्रयोजनो वा दण्डकारण्योपवनप्रचारः ?

आत्रेयी— अस्मिन्नगस्त्यप्रमुखाः प्रदेशे भूयांस उद्गीथविदो वसन्ति ।
तेभ्योऽधिगन्तुं निगमान्तविद्यां वाल्मीकिपार्श्वादिह पर्यटामि ॥३॥

वनदेवता— यदा तावदन्येऽपि मुनयस्तमेव हि पुराणब्रह्मवादिनं प्राचेतसमृषिं ब्रह्मपारायणायोपासते, तत्कोऽयमार्यायाः प्रवासः ?

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

દ્વિતીય અંક

પંચવટી – પ્રવેશ

(નેપથ્યમાંથી બોલાય છે :)

તપોધનાનું સ્વાગત હજો.

(ત્યારપછી, પથિકના વેષમાં એક તાપસી પ્રવેશે છે.)

તાપસી– અરે ! વનદેવતા દૂરથી જ ફળ અને પુષ્પોથી ભરેલા પલ્લવયુક્ત અર્ઘ્ય સાથે મારી સમ્મુખ આવી રહ્યા છે.

(પ્રવેશ કરીને)

વનદેવતા– (અર્ઘ્ય સમર્પીને)

આ વન તમારે માટે ઈચ્છાનુસાર ઉપયોગમાં લઈ શકાય તેમ આજનો દિવસ મારે માટે સુદિવસ બની રહ્યો છે; કેમકે સજ્જનોનો સજ્જનની સાથે સમાગમ કોઈક મોટા પુણ્યે કરીને જ થતો હોય છે. વૃક્ષોની છાયા અને જળ; તથા તપને અનુકૂળ એવું જે કોઈ ભોજન હોય, જેમકે – ફળ કે કંદમૂળ એ કશુંય તમોને પરાધીન નથી જ (એમ સમજશો). **(૨–૧)**

તાપસી– એમાં શું કહેવાનું હોય ?

પ્રિય થઈ પડે એવો વ્યવહાર, વિનયથી મધુર એવો વાણીને વિશે સંયમ, સ્વભાવથી જ કલ્યાણકારિણી બુદ્ધિ અને અનિન્દનીય એવો પરિચય – (આ બધું જ) પહેલાં કે પછી જેમાંથી રસ ઓછો થતો નથી એવું સજ્જનોનું વિશુદ્ધ કપટરહિતનું રહસ્ય (= ચરિત્ર) વિજય પામે છે. **(૨–૨)**

(બન્ને જણાં બેસે છે.)

વનદેવતા– આપને ક્યા સ્વરૂપે ઓળખું ?

તાપસી– હું આત્રેયી છું.

વનદેવતા– આર્યા આત્રેયી ! આપ ક્યાંથી આવી રહ્યા છો ? આ દણ્ડકારણ્યમાં શા પ્રયોજનથી આવી પહોંચ્યા છો ?

આત્રેયી– અગસ્ત્ય જેમાં પ્રમુખ છે તેવા આ પ્રદેશમાં ૐકાર (= ઉદ્ગીથ) વિદ્યાને જાણનારા ઘણા (મુનિઓ) વસે છે. તેમની પાસેથી નિગમાન્ત (= વેદાન્ત) સુધીની વિદ્યા મેળવવા માટે (હું) વાલ્મીકિ પાસેથી અહીં ફરતી ફરતી આવી રહી છું. **(૨–૩)**

વનદેવતા– જ્યારે અન્ય મુનિઓ પણ તે પુરાતન બ્રહ્મવાદી પ્રાચેતસ (વાલ્મીકિ) ઋષિને જ બ્રહ્મના પારાયણને માટે ઉપાસી રહ્યા છે, ત્યારે આર્યા (આત્રેયી)એ આવો (લાંબો) પ્રવાસ ખેડવાની શી જરૂર હતી ?

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

आत्रेयी— तस्मिन् हि महानध्ययनप्रत्यूह इत्येष दीर्घप्रवासोऽङ्गीकृतः ।

वनदेवता— कीदृशः ?

आत्रेयी— तस्य भगवतः केनापि देवताविशेषेण सर्वप्रकाराद्भूतं स्तन्यत्यागमात्रके वयसि वर्तमानं दारकद्वयमुपनीतम् । तत्खलु न केवलं तस्य, अपि तु तिरश्चामप्यन्तःकरणानि तत्त्वान्युपस्नेहयति ।

वनदेवता— अपि तयोर्नाम संविज्ञानमस्ति ?

आत्रेयी— तयैव किल देवतया तयोः कुशलवाविति नामनी प्रभावश्चाख्यातः ।

वनदेवता— कीदृशः प्रभावः ?

आत्रेयी— तयोः किल सरहस्यानि जृम्भकास्त्राण्याजन्मसिद्धानीति ।

वनदेवता— अहो ! नु भोश्चित्रमेतत् ।

आत्रेयी— तौ च भगवता वाल्मीकिना धात्रीकर्मतः परिगृह्य पोषितौ रक्षितौ च । निर्वृत्तचौलकर्मणोस्तयोस्त्रयीवर्जमितरास्तिस्रो विद्याः सावधानेन परिनिष्ठापिताः । तदनन्तरं च भगवतैकादशे वर्षे क्षात्रेण कल्पेनोपनीय त्रयीविद्यामध्यापितौ । न त्वेताभ्यामतिदीप्तिप्रज्ञाभ्यामस्मदादेः सहाध्ययनयोगोऽस्ति । यतः—

वितरति गुरुः प्राज्ञे विद्यां यथैव तथा जडे
न तु खलु तयोर्ज्ञाने शक्तिं करोत्यपहन्ति वा ।
भवति हि पुनर्भूयान् भेदः फलं प्रति तद्यथा
प्रभवति शुचिर्बिम्बग्राहे मणिर्न मृदादयः ॥४॥

वनदेवता— अयमध्ययनप्रत्यूहः ?

आत्रेयी— अन्यश्च ।

वनदेवता— अथापरः कः ?

आत्रेयी— अथ स ब्रह्मर्षिरेकदा माध्यन्दिनसवनाय नदीं तमसामनुप्रपन्नः । तत्र युग्मचारिणोः क्रौञ्चयोरेकं व्याधेन वध्यमानं ददर्श । आकस्मिकप्रत्यवभासां देवीं वाचमानुष्टुभेन छन्दसा परिणतामभ्युदैरयत् ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

આત્રેયી– તેમને ત્યાં, અધ્યયનમાં મોટું વિઘ્ન ઊભું થયું હતું, તેથી આ લાંબો પ્રવાસ હાથ ધરવો પડ્યો છે.

વનદેવતા– કેવું (વિઘ્ન) ?

આત્રેયી– તે ભગવાન (વાલ્મીકિ)ની પાસે કોઈક ખાસ દેવતાએ બધી રીતે અદ્ભુત ગણાય એવા, અને (માતાનું) દૂધ છોડવાને યોગ્ય એવી ઉંમરે પહોંચેલા જોડકાં બાળકોને લાવીને સોંપ્યા છે. તે જોડકાં બાળકો એક તે (વાલ્મીકિ)ને જ નહીં, પરંતુ પશુ–પંખીઓના અંતઃકરણ રૂપ તત્ત્વોને પણ સ્નેહ જગવે છે.

વનદેવતા– શું તે બે (બાળકો)નાં નામની જાણકારી છે ?

આત્રેયી– સાંભળ્યું છે કે તે દેવતાએ જ, તે બેનાં નામ 'કુશ' અને 'લવ' છે એમ જણાવ્યું છે; અને તેમનો (અમુક) પ્રભાવ પણ કહ્યો છે.

વનદેવતા– કેવો પ્રભાવ ?

આત્રેયી– કહેવાય છે કે તે બેને તો મન્ત્ર સહિતના 'જૃમ્ભક' નામનાં અસ્ત્રો જન્મથી માંડીને જ સિદ્ધ છે !

વનદેવતા– અહો ! આ તો આશ્ચર્યજનક કહેવાય !

આત્રેયી– ભગવાન વાલ્મીકિએ તે બન્નેને સ્વીકારીને, એમના ધાત્રીકર્મથી માંડીને તેમનું પોષણ અને રક્ષણ કર્યું છે. તે બેનું ચૌલ–કર્મ પૂર્ણ થયા પછી ત્રયી (= વેદ) વિદ્યાને બાકાત રાખીને, બાકીની ત્રણ વિદ્યાઓ સાવધાનીપૂર્વક તેમનામાં પ્રતિષ્ઠિત કરી છે. અને ત્યારપછી ભગવાને (વાલ્મીકિએ) અગિયારમા વર્ષે ક્ષત્રિયોચિત વિધિ વડે ઉપનયન.સંસ્કાર આપીને, તેમને ત્રયીવિદ્યા પણ ભણાવી છે. હવે, અતિ પ્રદીપ્ત પ્રજ્ઞાવાળા તે બે (બાળકો)ની સાથે અમારા જેવાઓનો સહાધ્યયન કરવાનો મેળ પડે તેમ નથી. કારણ કે–

ગુરુ જેમ પ્રાજ્ઞ (વિદ્યાર્થી)ને વિદ્યા આપે છે તેવી જ રીતે જડ (વિદ્યાર્થી)ને પણ આપે જ છે. એ બેમાંથી કોઈની જ્ઞાન (મેળવવા)ની શક્તિમાં ઉમેરો કરતા નથી, કે ઘટાડો પણ કરતા નથી. તથાપિએ બેમાં (જ્ઞાનના) ફળની બાબતમાં બહુ મોટો ફરક પડી જાય છે. (આનું ખરું કારણ) એમ છે કે– પ્રતિબિંબ ઝીલવાની બાબતમાં ચોખ્ખો મણિ જ સફળ થાય છે; પણ માટીનાં ઢેફાં વગેરે નહીં ! **(૨–૪)**

વનદેવતા– તો, અધ્યયનમાં આ છે વિઘ્ન ?!

આત્રેયી– બીજું પણ (કારણ) છે.

વનદેવતા– બીજું વળી શું છે ?

આત્રેયી– હવે તે બ્રહ્મર્ષિ એક દિવસ માધ્યન્દિન સવન (=બપોરનું સ્નાન અને સંધ્યા કરવા) માટે તમસા નદી ઉપર પહોંચ્યા. ત્યાં સજોડે ફરનારા બે ક્રૌંચ પક્ષીઓમાંથી એકને તેમણે શિકારી વડે હણાતું જોયું. તે સમયે આકસ્મિક રીતે પ્રસ્ફુટિત થયેલી વાગ્દેવી (નવા) અનુષ્ટુભ છન્દ રૂપે પરિણત થઈને (તેમના મુખમાંથી) ઉચ્ચરિત થઈ :

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

मा निषाद प्रतिष्ठां त्वमगमः शाश्वतीः समाः ।
यत्क्रौञ्चमिथुनादेकमवधीः काममोहितम् ॥५॥

वनदेवता— चित्रमाम्नायादन्यो नूतनच्छन्दसामवतारः ।

आत्रेयी— तेन खलु पुनः समयेन तं भगवन्तमाविर्भूतशब्दप्रकाशमृषिमुपसङ्गम्य भगवान् भूतभावनः पद्मयोनिरवोचत् 'ऋषे ! प्रबुद्धोऽसि वागात्मनि ब्रह्मणि ! तद् ब्रूहि रामचरितम् । अव्याहतज्योतिरार्षं ते चक्षुः प्रतिभातु । आद्यः कविरसि' इत्युक्त्वाऽन्तर्हितः । अथ स भगवान् प्राचेतसः प्रथमं मनुष्येषु शब्दब्रह्मणस्तादृशं विवर्तमितिहासं रामायणं प्रणिनाय ।

वनदेवता— हन्त ! तर्हि मण्डितः संसारः ।

आत्रेयी— तस्मादवोचं तत्र हि महानध्ययनप्रत्यूह इति ।

वनदेवता— युज्यते ।

आत्रेयी— विश्रान्तास्मि भद्रे ! सम्प्रत्यगस्त्याश्रमस्य पन्थानं ब्रूहि ।

वनदेवता— इतः पञ्चवटीमनुप्रविश्य गम्यतामनेन गोदावरीतीरेण ।

आत्रेयी— (सास्रम्) अप्येतत् तपोवनम् । अप्येषा पञ्चवटी । अपि सरिदियं गोदावरी । अप्ययं गिरिः प्रस्रवणः । अपि जनस्थानदेवता वासन्ती त्वम् ।

वनदेवता— तथैव तत्सर्वम् ।

आत्रेयी— हा वत्से जानकि !

स एष ते वल्लभबन्धुवर्गः प्रासङ्गिकीनां विषयः कथानाम् ।
त्वां नामशेषामपि दृश्यमानः प्रत्यक्षदृष्टामिव नः करोति ॥६॥

वासन्ती— (सभयं स्वगतम्) कथं नामशेषामित्याह । (प्रकाशम्) आर्ये ! किमत्याहितं सीतादेव्याः ?

आत्रेयी— न केवलमत्याहितं सापवादमपि । (कर्णे) एवमेवम् ।

वासन्ती— अहह ! दारुणो दैवनिर्घातः । (इति मूर्च्छति)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

"હે નિષાદ ! તું અનન્ત વર્ષો સુધી પ્રતિષ્ઠા (નિરાંત) ન પામીશ. કેમકે તેં ક્રૌંચ પક્ષીની જોડમાંથી કામમોહિત એવા એક (નર પક્ષી)ને વીંધી કાઢ્યું છે." **(૨–૫)**

વનદેવતા– આશ્ચર્ય કહેવાય કે વેદ(માં જે વપરાયો છે, તેના)થી જુદા જ એવા નૂતન (અનુષ્ટુપ્) છન્દનો અવતાર થયો !

આત્રેયી– તે જ સમયે, જેમનામાં શબ્દબ્રહ્મનો પ્રકાશ આવિર્ભૂત થયો છે તેવા ઋષિ ભગવાન્ (વાલ્મીકિ)ની પાસે આવીને, (બધા) પ્રાણીઓને જન્મ આપનાર ભગવાન પદ્મયોનિ (બ્રહ્માજી) બોલ્યા : "હે ઋષિ ! તમે વાગાત્મા બ્રહ્મને વિષે પ્રબુદ્ધ થયા છો. તો રામચરિતનું ગાન કરો. જેનું જ્યોતિ (પ્રકાશ) હણાયું નથી તેવું આર્ષચક્ષુ (અર્થાત્ ઋષિઓને યોગ્ય એવું જ્ઞાન) તમને પ્રકાશિત કરે. તમે આદ્યકવિ છો !" આમ કહીને તેઓ અન્તર્ધાન થઈ ગયા. હવે તે ભગવાન પ્રાચેતસે મનુષ્યોમાં પહેલું એવું, શબ્દબ્રહ્મના વિવર્ત સમું 'રામાયણ' નામનું ઇતિહાસકાવ્ય રચ્યું.

વનદેવતા– વાહ ! તો તો (એનાથી) આ સંસાર સુશોભિત થઈ ઊઠ્યો !

આત્રેયી– માટે જ મેં કહ્યું કે, ત્યાં અધ્યયન કરવામાં મોટું વિઘ્ન ઊભું થયું હતું.

વનદેવતા– વાત બરોબર છે.

આત્રેયી– હે ભદ્રા ! મેં થાક ઉતારી લીધો છે તો હવે અગસ્ત્ય મુનિના આશ્રમનો માર્ગ (મને) કહો.

વનદેવતા– અહીંથી (પહેલા) પંચવટીના પ્રદેશમાં પ્રવેશ્યા પછી, આ ગોદાવરીના તીરે તીરે આગળ ચાલ્યા જવું.

આત્રેયી– (આંસુ સાથે) શું આ પેલું તપોવન છે ?! શું આ પંચવટી છે ?! શું આ ગોદાવરી નદી છે ?! આ પેલો પ્રસ્રવણ પર્વત છે ?! અને આપ, શું આ જનસ્થાનની દેવતા વાસન્તી છો ?!

વનદેવતા– હા, (તમે પૂછો છો) તેમ જ આ બધું છે.

આત્રેયી– હાય દીકરી જાનકી !

પ્રાસંગિક કથાઓનો વિષય બનતા અને (ચારે તરફ) દેખાઈ રહેલ એવા આ તારા પ્રિય સ્વજન સમા લોકોનો સમૂહ તો, નામશેષ થઈ ગયેલી હોવા છતાંય તને (= સીતાને) જાણે તું (જ) પ્રત્યક્ષ દેખાતી હોઉં તેવી બનાવે છે. **(૨–૬)**

વાસન્તી– (ભય સાથે સ્વગત બોલે છે:) શું (આણે સીતાને) 'નામશેષા' કહી ? (મોટેથી કહે છે:) "આર્યા ! સીતા દેવીનું શું ખરાબ થઈ ગયું ?"

આત્રેયી– તેમનું કેવળ ખરાબ જ નથી થયું; તેમને કલંક પણ લાગ્યું છે. (કાનમાં–) આમ...આમ... થયું છે.

વાસન્તી– અર...ર ! નસીબે બહુ નિર્દય પ્રહાર કર્યો કહેવાય... (મૂર્છિત થઈ જાય છે.)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

आत्रेयी— भद्रे ! समाश्वसिहि, समाश्वसिहि ।

वासन्ती— हा प्रियसखि ! हा महाभागे ! ईदृशस्ते निर्माणभागः । हा रामभद्र ! अथवा अलं त्वया । आर्ये आत्रेयि ! अथ तस्मादरण्यात् परित्यज्य निवृत्ते लक्ष्मणे सीतादेव्याः किं वृत्तमिति काचिदस्ति प्रवृत्तिः ?

आत्रेयी— नहि नहि ।

वासन्ती— हा ! कष्टम् । अरुन्धतीवसिष्ठाधिष्ठितेषु रघुकदम्बकेषु जीवन्तीषु च प्रवृद्धासु राज्ञीषु कथमिदं जातम् ?

आत्रेयी— ऋष्यशृङ्गाश्रमे गुरुजनस्तदासीत् । सम्प्रति तु परिसमाप्तं तद्—द्वादशवार्षिकं सत्रम् । ऋष्यशृङ्गेण च सम्पूज्य विसर्जिता गुरवः । ततो भगवत्यरुन्धती नाहं वधूविरहितामयोध्यां गमिष्यामीत्याह । तदेव राममातृभिरनुमोदितम् । तदनुरोधाद्भगवतो वसिष्ठस्य परिशुद्धा वाचो "वाल्मीकितपोवनं गत्वा तत्र वत्स्याम" इति ।

वासन्ती— अथ स राजा किमाचारः सम्प्रति ?

आत्रेयी— तेन राज्ञा क्रतुरश्वमेधः प्रक्रान्तः ।

वासन्ती— हा धिक् ! परिणीतमपि ।

आत्रेयी— शान्तं पापम् । नहि नहि ।

वासन्ती— का तर्हि यज्ञे सहधर्मचारिणी ?

आत्रेयी— हिरण्मयी सीताप्रतिकृतिः ।

वासन्ती— हन्त भोः !

वज्रादपि कठोराणि मृदूनि कुसुमादपि ।
लोकोत्तराणां चेतांसि को नु विज्ञातुमर्हति ॥७॥

आत्रेयी— विसृष्टश्च वामदेवाभिमन्त्रितो मेध्योऽश्वः । उपकल्पिताश्च यथाशास्त्रं तस्य रक्षितारः । तेषामधिष्ठाता च लक्ष्मणात्मजश्चन्द्रकेतुरवाप्तदिव्यास्त्रसम्प्रदायश्चतुरङ्ग—साधनान्वितोऽनुप्रहितः ।

वासन्ती— (सस्नेहकौतुकास्रम्) कुमारलक्ष्मणस्यापि पुत्रः । हन्त ! मातर्जीवामि ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

આત્રેયી– કલ્યાણી ! આશ્વાસન પામો... આશ્વાસન પામો.

વાસન્તી– અરે ! પ્રિયસખી ! ઓ મહાભાગ્યવાળી ! શું તમારા નિર્માણ (= જન્મ)નું ભાગ્ય આવું પૂરવાર થયું ? અરે ઓ ! રામભદ્ર ! અથ...વા, અટકો તમારું નામ લેવાથી. આર્યા આત્રેયી ! ત્યજી દીધા પછી તે અરણ્યમાંથી લક્ષ્મણ પાછા ફર્યા, ત્યારપછી સીતાદેવીનું શું થયું ? એને વિશે કંઈ સમાચાર છે ?

આત્રેયી– ના....ના....

વાસન્તી– હાય હાય ! અરુન્ધતી અને વસિષ્ઠની છત્રછાયા હેઠળ રઘુકુળ રહેલું છે અને ઘરડી રાણીઓ પણ જીવતી બેઠી છે ત્યારે આ (=સીતાત્યાગ) કેવી રીતે બન્યું ?

આત્રેયી– તે બધા વડીલો તો ત્યારે ઋષ્યશૃંગના આશ્રમમાં હતા, અને હજી હમણાં જ તે બાર વર્ષ પર્યન્ત ચાલેલો યજ્ઞ પૂરો થયો છે. ઋષ્યશૃંગે પણ બધા વડીલોને સારી રીતે પૂજીને (ઘરે) વળાવ્યા છે. પરંતુ ત્યારે ભગવતી અરુન્ધતીએ કહ્યું કે – (સીતા) વધૂ વિનાની અયોધ્યામાં હું પાછી જવા માંગતી નથી, અને આ જ વાતનું રામની માતાઓએ પણ અનુમોદન કર્યું છે. આના અનુસંધાને ભગવાન વસિષ્ઠની પરિશુદ્ધ વાણી એવી નીકળી કે – તો ચાલો, (આપણે) વાલ્મીકિના તપોવનમાં જઈને ત્યાં નિવાસ કરીશું.

વાસન્તી– હાલમાં, તો તે 'રાજા' શું કરી રહ્યા છે ?

આત્રેયી– તે રાજાએ તો અશ્વમેધ યજ્ઞ શરૂ કરાવ્યો છે !

વાસન્તી– હાય હાય....શું (બીજી વાર) પરણી પણ લીધું ?

આત્રેયી– શાન્તિ રાખો....ના...ના...

વાસન્તી– તો પછી (એમના એ) યજ્ઞમાં સહધર્મચારિણી તરીકે કોણ છે ?

આત્રેયી– સીતાની જ સુવર્ણમયી પ્રતિકૃતિ !

વાસન્તી– અરે...અરે... લોકોત્તર વ્યક્તિઓનાં વજ્રથી પણ કઠોર અને કુસુમથી પણ કોમળ એવાં ચિત્તોને જાણવા કોણ સમર્થ હોય ? **(૨–૭)**

આત્રેયી– વામદેવ વડે અભિમન્ત્રિત કરેલો મેધ્ય (= યજ્ઞમાં બલિ ચઢાવવા માટેનો) અશ્વ પણ (પૃથિવી ઉપર ફરતો) છુટો મૂકવામાં આવ્યો છે. વળી, શાસ્ત્રની શિક્ષા મુજબ તે (અશ્વ)ના રક્ષકો પણ નીમવામાં આવ્યા છે. દિવ્ય અસ્ત્રોની પરંપરા પ્રાપ્ત કરનાર અને ચતુરંગિણી સેનાથી યુક્ત એવો લક્ષ્મણનો પુત્ર ચન્દ્રકેતુ એમના નેતા તરીકે પાછળ મોકલવામાં આવ્યો છે.

વાસન્તી– (સ્નેહ, કૌતુક અને આંસુ સાથે) શું કુમાર લક્ષ્મણને (ઘરે) પણ પુત્ર (જન્મ્યો) છે ?! હાશ...હે મા, સારું છે કે (આ સાંભળવા) હું જીવતી છું.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

आत्रेयी– अत्रान्तरे ब्राह्मणेन मृतं पुत्रमुत्क्षिप्य राजद्वारे सोरस्ताडमब्रह्मण्य–मुद्घोषितम् । ततो न राजापचारमन्तरेण प्रजास्वकालमृत्युः सञ्चरतीत्यात्मदोषं निरूपयति करुणामये रामभद्रे सहसैवाशरीरिणी वागुदचरत्–

शम्बूको नाम वृषलः पृथिव्यां तप्यते तपः ।
शीर्षच्छेद्यः स ते राम तं हत्वा जीवय द्विजम् ॥८॥

इत्युपश्रुत्यैवाकृष्टकृपाणपाणिः पुष्पकं विमानमारुह्य सर्वा दिशो विदिशश्च शूद्रतापसान्वेषणाय जगत्पतिः सञ्चरितुमारब्धवान् ।

वासन्ती– शम्बूको नाम धूमपः शूद्रोऽस्मिन्नेव जनस्थाने तपश्चरति । तदपि नाम रामभद्रः पुनरपीदं वनमलङ्कुर्यात् ।

आत्रेयी– भद्रे ! गम्यतेऽधुना ।

वासन्ती– आर्ये आत्रेयि ! एवमस्तु । कठोरीभूतस्तु दिवसः ।

कण्डूलद्विपगण्डपिण्डकषणोत्कम्पेन सम्पातिभि–
र्घर्मस्त्रंसितबन्धनैः स्वकुसुमैरर्चन्ति गोदावरीम् ।
छायापस्किरमाणविष्किरमुखव्याकृष्टकीटत्वचः
कूजत्क्लान्तकपोतकुक्कुटकुलाः कूले कुलायद्रुमाः ॥९॥

(इति परिक्रम्य निष्क्रान्ते)

इति शुद्धविष्कम्भः ।

(ततः प्रविशति पुष्पकस्थः सदयोद्यतखड्गो रामः)

रामः– **रे हस्त दक्षिण मृतस्य शिशोर्द्विजस्य**
जीवातवे विसृज शूद्रमुनौ कृपाणम् ।
रामस्य गात्रम् असि निर्भरगर्भखिन्न–
सीताविवासनपटोः करुणा कुतस्ते ॥१०॥

(कथञ्चित् प्रहृत्य) कृतं रामसदृशं कर्म । अपि जीवेत् स ब्राह्मणपुत्रः ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

આત્રેયી– આ ઘટનાની વચ્ચે જ, (કોઈક) બ્રાહ્મણે પોતાના મરી ગયેલા પુત્રને રાજદ્વારે ઊંચકી લાવીને, છાતી કૂટતાં કૂટતાં રોકકળ કરી મૂકી. ત્યારપછી "રાજાના કોઈ અપચાર (= ગુન્હા) સિવાય પ્રજામાં અકાળ મૃત્યુ ન થાય" એમ (વિચારીને) જ્યારે કરુણાશીલ રામ પોતાના દોષને શોધવા લાગ્યા ત્યારે એકાએક જ અશરીરિણી (આકાશ)વાણી ઉચ્ચરિત થઈ કે–

"શમ્બૂક નામનો કોઈક વૃષલ, પૃથિવી ઉપર (ક્યાંક) તપ તપી રહ્યો છે. હે રામ ! તમારે માટે તે શિરચ્છેદ કરવા યોગ્ય છે; તો તમો એને મારીને બ્રાહ્મણ(પુત્ર)ને જીવતો કરો." **(૨–૮)**

આવું સાંભળતાંની સાથે જ, ખેંચી કાઢેલી કૃપાણ જેના હાથમાં છે તેવા તે જગત્પતિ (રામ) પુષ્પક વિમાનમાં બેસીને, શૂદ્ર તપસ્વીને શોધી કાઢવા માટે સઘળી દિશાઓ અને ખૂણાઓમાં ફરવા માંડ્યા છે.

વાસન્તી– એ શમ્બૂક નામનો ધૂમાડો પીનારો શૂદ્ર તો આ જ જનસ્થાનમાં તપ તપી રહ્યો છે. તો સંભવ છે કે રામભદ્ર ફરી એકવાર આ વનને (પોતે આવીને) અલંકૃત કરશે !

આત્રેયી– હે કલ્યાણી ! તો હવે જઈએ.

વાસન્તી– આર્યા આત્રેયી ! સારું, તો એમ જ કરીએ. દિવસ પણ ખૂબ ચઢ્યો છે :

છાંયડામાં (થડિયાને) ખોતરી રહેલા પક્ષીઓની ચાંચ દ્વારા ખેંચીને કીડાઓને જેમાંથી બહાર કાઢવામાં આવી રહ્યા છે તેવી છાલોવાળા, તથા જેમની ઉપર (તડકાને કારણે) થાકી ગયેલા કબૂતરો અને કુકડાઓનો સમૂહ કૂજન કરી રહ્યો છે તેવા, કિનારે ઉગેલા અને પક્ષીઓના માળાઓથી ભરેલા એવાં વૃક્ષો, હાથીઓના ખંજવાળ ઉપડેલાં ગંડસ્થળોના ઘસવાથી હાલી ઉઠવાને કારણે ખરી રહેલાં અને તડકાથી ઢીલાં પડી ગયેલાં બંધનોવાળાં પોતાનાં પુષ્પોથી (જાણે કે) ગોદાવરી નદીને પૂજી રહ્યા છે. **(૨–૯)**

(રંગભૂમિ ઉપર ફરીને, નીકળી જાય છે.)

આમ **'શુદ્ધવિષ્કંભક'** પૂરો થયો.

[ત્યારપછી પુષ્પક–વિમાનમાં બેઠેલા દયા સહિત જેમણે ખડ્ગ ઊંચું કરી રાખ્યું છે તેવા રામ પ્રવેશ કરે છે.]

રામ– હે (મારા) જમણા હાથ ! દ્વિજના મરી ગયેલા બાળકને જીવતો કરવા માટે શૂદ્રમુનિ ઉપર ખડ્ગનો પ્રહાર કરો. ભરેલા ગર્ભથી થાકી ગયેલી સીતાને કાઢી મૂકવામાં કુશળ એવા રામનું તું તો ગાત્ર છું; તને તે વળી દયા શી ? **(૨–૧૦)**

(મહામહેનતે પ્રહાર કરીને–) ઠીક, રામને અનુરૂપ કામ કર્યું... પણ, શું પેલા બ્રાહ્મણનો પુત્ર જીવતો થયો હશે ?

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri

(प्रविश्य)

दिव्यपुरुषः— जयतु जयतु देवः ।

दत्ताभये त्वयि यमादपि दण्डधारे
सञ्जीवितः शिशुरसौ मम चेयमृद्धिः ।
शम्बूक एष शिरसा चरणौ नतस्ते
सत्सङ्गजानि निधनान्यपि तारयन्ति ॥११॥

रामः— द्वयमपि प्रियं नः । तदनुभूयतामुग्रस्य तपसः फलम् ।

यत्रानन्दाश्च मोदाश्च यत्र पुण्याश्च सम्पदः ।
वैराजा नाम ते लोकास्तैजसा सन्तु ते शिवाः ॥१२॥

शम्बूकः— स्वामिन् ! युष्मत्प्रसादादेवैष महिमा । किमत्र तपसा । अथवा महदुपकृतं तपसा ।

अन्वेष्टव्यो यदसि भुवने भूतनाथः शरण्यः
मामन्विष्यन्निह वृषलकं योजनानां शतानि ।
क्रान्त्वा प्राप्तः स इह तपसां सम्प्रसादोऽन्यथा तु
क्वायोध्यायाः पुनरुपगमो दण्डकायां वने वः ॥१३॥

रामः— किं नाम दण्डकेयम् ? (सर्वतोऽवलोक्य) हा कथम्—

स्निग्धश्यामाः क्वचिदपरतो भीषणाभोगरूक्षाः
स्थाने स्थाने मुखरककुभो झाङ्कृतैर्निर्झराणाम् ।
एते तीर्थाश्रमगिरिसरिद्गर्तकान्तारमिश्राः
सन्दृश्यन्ते परिचितभुवो दण्डकारण्यभागाः ॥१४॥

शम्बूकः— दण्डकैवैषा । अत्र किल पूर्वं निवसता देवेन—

चतुर्दशसहस्राणि रक्षसां भीमकर्मणाम् ।
त्रयश्च दूषणखरत्रिमूर्धानो रणे हताः ॥१५॥

येन सिद्धक्षेत्रेऽस्मिञ्जनस्थाने मादृशामपि भीरुजनानामकुतोभयः सञ्चारो जातः ।

रामः— न केवलं दण्डका, जनस्थानमपि ।

शम्बूकः— बाढम् । एतानि खलु सर्वभूतरोमहर्षणान्युन्मत्तचण्डश्वापदकुल—सङ्कुलगिरिगह्वराणि जनस्थानपर्यन्तदीर्घारण्यानि दक्षिणां दिशमभिवर्तन्ते ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(પ્રવેશ કરીને)

દિવ્ય પુરુષ– જય હો, દેવનો જય હો.

દંડને ધારણ કરનાર એવા તમોએ જ્યારે યમરાજથી પણ (બચાવવા) અભય વરદાન આપ્યું છે ત્યારે, પેલો (બ્રાહ્મણ) પુત્ર પણ સજીવન થયો છે અને મારી પણ આ રીતે સમૃદ્ધિ થઈ છે. આ શમ્બૂક મસ્તકથી તમારા (બે) ચરણોમાં નમ્યો છે. સત્સંગને કારણે થયેલા મરણો પણ, (ખરેખર) તારનારા હોય છે. **(૨–૧૧)**

રામ– અમને આ બન્ને વાતે આનંદ છે. તો તમે ઉગ્ર તપનું ફળ અનુભવો.

જ્યાં કેવળ આનંદ અને પ્રમોદ જ હોય છે; અને જ્યાં પુણ્યશાળી સંપદાઓ રહેલી હોય છે તે 'વૈરાજ' નામના તેજથી ભરેલા કલ્યાણકારી લોક કહેવાય છે, તમોને તેવા લોક મળજો. **(૨–૧૨)**

શમ્બૂક– હે સ્વામિન્ ! તમારી કૃપા થકી જ આ મહિમા મળ્યો છે. આમાં તપનું શું (કર્તૃત્વ) ? અથવા, આ તપનો જ મોટો ઉપકાર છે. કેમકે–

(ત્રિ)ભુવનમાં શરણે જવા યોગ્ય (જે) ભૂતનાથ શોધવા યોગ્ય છે; તે (પોતે) મને, એક વૃષલને શોધતાં શોધતાં સેંકડો યોજનો અતિક્રમીને અહીં આવી પહોંચ્યા છે; તે કેવળ [મેં કરેલા] આ તપનો જ કૃપા–પ્રસાદ છે. અન્યથા ક્યાં (દૂર રહેલી) અયોધ્યા અને ક્યાં આ દંડકા–વનમાં તમારું ફરીથી આગમન થવું ? **(૨–૧૩)**

રામ– શું આ દંડકા(વન) છે ? (ચારે તરફ જોઈને) હાય.. કેવી રીતે આ–

ક્યાંક સુંવાળા અને શ્યામળા; તો બીજી તરફ ભયાનક અને વિશાળ વિસ્તારને કારણે વેરાન બનેલા; વળી, ઠેર–ઠેર ઝરણાંઓના ઝણકારથી અવાજયુક્ત દિશાઓવાળા આ તીર્થો, આશ્રમો, પર્વતો, નદીઓ, ખાડાઓ અને દુર્ગમ જંગલોથી ભરેલા એવા પરિચિત ભૂમિવાળા દંડકારણ્યના ભાગો દેખાઈ રહ્યા છે. (૨–૧૪)

શમ્બૂક– આ દંડકા જ છે. સાંભળ્યું છે કે– પૂર્વેના સમયમાં નિવાસ કરી રહેલા દેવે (રામે) અહીં–

ભયંકર કૃત્યો કરનારા ચૌદ હજાર રાક્ષસો; તથા ખર, દૂષણ અને ત્રિમૂર્ધા – એ નામના ત્રણ (રાક્ષસનાયકો)ને રણમાં હણ્યા હતા. **(૨–૧૫)**

(અને) તેથી કરીને, સિદ્ધક્ષેત્ર એવા જનસ્થાનમાં મારા જેવા જનપદવાસીઓનો પણ ક્યાંયથી ય ભય ન રહ્યો હોય એમ (ચારે તરફ) સંચાર કરવો શક્ય બન્યો છે.

રામ– આ કેવળ દંડકા જ નહીં, પણ શું જનસ્થાન પણ છે ?!

શમ્બૂક– હા. ચોક્કસ જ, આ બધા જીવોના રુંવાડા ઊભા કરી દેનાર, મદોન્મત્ત પ્રચંડ હિંસક પ્રાણીઓથી ભરેલા પર્વતો અને ગુફાઓવાળા જનસ્થાન સુધી લંબાયેલાં અરણ્યો આ દક્ષિણ દિશાની આસપાસ ફેલાયેલાં છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri

तथाहि–

निष्कूजस्तिमिताः क्वचित्क्वचिदपि प्रोच्चण्डसत्त्वस्वनाः
स्वेच्छासुप्तगभीरघोरभुजगश्वासप्रदीप्ताग्नयः ।
सीमानः प्रदरोदरेषु विलसत्स्वल्पाम्भसो यास्वयं
तृष्यद्भिः प्रतिसूर्यकैरजगरस्वेदद्रवः पीयते ॥१६॥

रामः – पश्यामि च जनस्थानं भूतपूर्वखरालयम् ।
प्रत्यक्षानिव वृत्तान्तान्पूर्वाननुभवामि च ॥१७॥

(सर्वतोऽवलोक्य) प्रियारामा हि सर्वथा वैदेह्यासीत् । एतानि तानि नाम कान्ताराणि । किमतः परं भयानकं स्यात् ?

(सास्रम्) त्वया सह निवत्स्यामि वनेषु मधुगन्धिषु ।
इतीहारमतैवासौ स्नेहस्तस्याः स तादृशः ॥१८॥

न किञ्चिदपि कुर्वाणः सौख्यैर्दुःखान्यपोहति ।
तत्तस्य किमपि द्रव्यं यो हि यस्य प्रियो जनः ॥१९॥

शम्बूकः – तदलमेभिर्दुरासदैः । अथैतानि मदकलमयूरकण्ठकोमलच्छविभि–रवकीर्णानि पर्वतैरविरलनिविष्टनीलबहलच्छायातरुषण्डमण्डितान्यसम्भ्रान्तविविधमृगयूथानि पश्यतु महाभागः प्रशान्तगम्भीराणि मध्यमारण्यकानि ।

इह समद–शकुन्ताक्रान्तवानीरवीरुत्–
प्रसवसुरभिशीतस्वच्छतोया वहन्ति ।
फलभरपरिणामश्यामजम्बूनिकुञ्ज–
स्खलनमुखरभूरिस्रोतसो निर्झरिण्यः ॥२०॥

अपि च–

दधति कुहरभाजामत्र भल्लूकयूना–
मनुरसितगुरूणि स्त्यानमम्बूकृतानि ।
शिशिरकटुकषायः स्त्यायते सल्लकीनाम्
इभदलितविकीर्णग्रन्थिनिष्यन्दगन्धः ॥२१॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

જેમકે – (તમે જુવો તો અહીં–)

ક્યાંક (પક્ષીઓના) કૂજન વિનાના સ્તબ્ધ (સીમાડાઓ) છે; તો ક્યાંક અત્યંત ઉગ્ર પ્રાણીઓના અવાજવાળા, તથા સ્વેચ્છાએ સૂતેલા વિશાળ અને ભયંકર એવા સાપોના ઉચ્છ્વાસથી જેમાં અગ્નિઓ પ્રજ્વળી ઊઠ્યા છે, વળી, જેના ઊંડા ખાડાઓમાં સ્હેજ સ્હેજ હાલતાં થોડાં પાણી ભરેલા છે તેવા સીમાડાઓ આવેલા છે. અહીં તરસ્યા કાચિંડાઓ વડે અજગરના શરીર ઉપરથી પરસેવાનાં જલબિન્દુઓ પીવામાં આવે છે ! **(૨–૧૬)**

રામ– હું ખરના ભૂતપૂર્વ નિવાસસ્થાન સમા જનસ્થાનને જોઈ રહ્યો છું અને પૂર્વે બની ગયેલા તે વૃત્તાન્તોને જાણે (ફરીથી) સામે બની રહ્યા હોય તેમ અનુભવી રહ્યો છું. **(૨–૧૭)**

(ચારે તરફ જોઈને–) ખરેખર, વૈદેહીને બધી રીતે આવાં વન–ઉપવનો પ્રિય હતાં. આ એ જ વનો છે. આથી વધારે ભયાનક બીજું શું હોઈ શકે ? (આંસુ સાથે)

"મકરન્દના મધુર ગન્ધથી ભરેલાં વનોમાં તમારી સાથે રહીશ" એમ કહીને [સાથે આવેલી] તે [સીતા] અહીં ખુશખુશાલ રહેતી હતી. તેનો પ્રેમ આવો અદ્ભુત હતો. **(૨–૧૮)**

[પ્રિય વ્યક્તિ] કશુંય ન કરે તો પણ, (કેવળ) સુખ આપવા વડે જ દુઃખોને દૂર કરી દે છે. જે જેની પ્રિય વ્યક્તિ હોય છે; તેનું તે કોઈક અવર્ણનીય દ્રવ્ય જ હોય છે. **(૨–૧૯)**

શમ્બૂક– તો રહેવા દો આ દુર્ગમ (અરણ્યો)થી. મહાભાગ્યશાળી એવા તમો આ, આનંદથી અવ્યક્ત અવાજ કરતા મયૂરોના [ફુલેલાં] કંઠના જેવી કોમળ છાયા (કાન્તિ) હોય તેવા પર્વતોથી વ્યાપ્ત થયેલા; ગાઢ રીતે ઉગી નીકળેલા નીલવર્ણના અને સાન્દ્ર છાંયાપ્રધાન વૃક્ષોના સમૂહથી સુશોભિત થયેલ; સમ્ભ્રમ પામ્યા વિનાના વિવિધ મૃગોના ટોળાંઓવાળાં તથા પ્રશાન્ત ગંભીર એવા મધ્યવર્તી અરણ્યોને જુવો.

અહીં, મદમસ્ત પક્ષીઓથી આક્રાન્ત એવી વેતસલતાઓનાં પુષ્પોથી સુવાસિત, શીત અને સ્વચ્છ જળવાળી; તથા ફળોના ભારવાળી અને પાકી જવાથી શ્યામવર્ણવાળી બનેલી જાંબુવૃક્ષોની કુંજોમાં (ફળોના) ખરી પડવાથી મુખરિત થઈ ઊઠેલી અનેક પ્રવાહોવાળી નદીઓ વહે છે. **(૨–૨૦)**

અને વળી,

અહીં ગુફાઓમાં રહેનાર યુવાન રીંછોના પડઘાઓથી મોટા બનેલ થુત્કારાત્મક શબ્દો વિસ્તાર પામી રહ્યા છે. તથા હાથીઓ વડે મસળી કાઢવામાં આવેલ અને તેથી (અહીં – તહીં) વિખરાયેલ સલ્લકી વૃક્ષોની ગાંઠોમાંથી નીકળેલા રસનો ઠંડો, તીખો અને તૂરો ગન્ધ ફેલાઈ રહ્યો છે. **(૨–૨૧)**

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

रामः — (सबाष्पस्तम्भं) भद्र ! शिवास्ते पन्थानो देवयानाः । प्रलीयस्व पुण्येभ्यो लोकेभ्यः ।

शम्बूकः — यावत्पुराणब्रह्मवादिनमगस्त्यमृषिमभिवाद्य शाश्वतं पदमनुप्रविशामि ।

(इति निष्क्रान्तः ।)

रामः —एतत्तदेव हि वनं पुनरद्य दृष्टं
यस्मिन्नभूम चिरमेव पुरा वसन्तः ।
आरण्यकाश्च गृहिणश्च रताः स्वधर्मे
सांसारिकेषु च सुखेषु वयं रसज्ञाः ॥२२॥

एते त एव गिरयो विरुवन्मयूरा—
स्तान्येव मत्तहरिणानि वनस्थलानि ।
आमञ्जुवञ्जूललतानि च तान्यमूनि
नीरन्ध्रनीलनिचुलानि सरित्तटानि ॥२३॥

मेघमालेव यश्चायमारादपि विभाव्यते ।
गिरिः प्रस्रवणः सोऽयं यत्र गोदावरी नदी ॥२४॥

अस्यैवासीन्महति शिखरे गृध्रराजस्य वास—
स्तस्याधस्ताद्वयमपि रतास्तेषु पर्णोटजेषु ।
गोदावर्याः पयसि विततश्यामलानोकहश्री—
रन्तःकूजन्मुखरशकुनो यत्र रम्यो वनान्तः ॥२५॥

अत्रैव सा पञ्चवटी, यत्र चिरनिवासेन विविधविश्रम्भातिप्रसङ्गसाक्षिणः प्रदेशाः, प्रियायाः प्रियसखी च वासन्ती नाम वनदेवता । किमिदमापतितमद्य रामस्य । सम्प्रति हि—

चिराद्वेगारम्भी प्रसृत इव तीव्रो विषरसः
कुतश्चित्संवेगात् प्रचल इव शल्यस्य शकलः ।
व्रणो रूढग्रन्थिः स्फुटित इव हृन्मर्मणि पुन—
र्घनीभूतः शोको विकलयति मां मूर्च्छयति च ॥२६॥

तथापि तान् पूर्वसुहृदो भूमिभागान् पश्यामि । (निरूप्य) अहो ! अनवस्थितो भूमिसन्निवेशः । तथा हि—

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

રામ— (આંસુ સાથે રોકાઈને) ભદ્ર ! તમારા કલ્યાણકારી માર્ગો દેવયાન તરફ લઈ જનારા હજો. પુણ્યશાળી લોકમાં સીધાવવા માટે તમો વિલીન થઈ જાવ !

શમ્બૂક— પુરાતન કાળના બ્રહ્મવાદિન્ અગસ્ત્ય ઋષિને અભિવાદન કર્યા પછી (જ) શાશ્વત પદમાં હું પ્રવેશ કરીશ.

(રંગભૂમિ ઉપરથી નીકળી જાય છે.)

રામ— આજે આ તે જ વન ફરીથી જોવા મળ્યું છે; કે જેમાં પૂર્વે ઘણા લાંબા સમય સુધી નિવાસ કરતા અમે (અમારા) સ્વધર્મમાં રચ્યા–પચ્યા રહેતા (એકી સાથે) આરણ્યકો અને ગૃહસ્થીઓ હતા; તથા એમ અમે સાંસારિક સુખોમાં રસ લેનારા બની રહ્યા હતા. **(૨–૨૨)**

આ તે જ કુજન કરતા મયૂરોવાળા પર્વતો છે, તે જ મદમસ્ત હરણોથી ભરેલાં વનસ્થળો છે અને પેલા અતિશય સુન્દર વેતસ–લતાઓવાળા તથા ગાઢ શ્યામવર્ણી 'નિચુલ'ના વૃક્ષોથી ભરેલા નદીઓના તટપ્રદેશો છે. **(૨–૨૩)**

જે નજીક હોવા છતાંય [ઊંચા–નીચા શિખરોને કારણે] મેઘ–માળાની જેમ [નીલા વર્ણનો] પ્રતીત થઈ રહ્યો છે, તે આ એ જ 'પ્રસ્રવણ' નામનો પર્વત છે; કે જેની નજીક ગોદાવરી નદી વહી રહી છે. **(૨–૨૪)**

આ (પ્રસ્રવણ–પર્વત)ના જ મોટા શિખર ઉપર ગીધરાજ (જટાયુ)નો નિવાસ હતો. તેની નીચે અમે પણ પર્ણશાળાઓમાં રમમાણ રહેતા હતા. જે (પર્ણશાળા)ની નજીક તે રમણીય વનપ્રદેશ છે કે જ્યાં ગોદાવરીના જળમાં ફેલાયેલી શ્યામળા વૃક્ષોની શોભા છે, તથા જેના(પાંદડાઓ)માં કલરવ કરતાં પક્ષીઓ (બેઠેલાં) છે. **(૨–૨૫)**

અહીં જ તે પંચવટી છે, કે જેમાં લાંબા સમય સુધી નિવાસ કરવાને કારણે વિવિધતાભર્યા વિસ્રમ્ભ (= સ્વૈર વિલાસો)ના પ્રસંગોના સાક્ષીભૂત પ્રદેશો આવેલા છે; વળી (મારી) પ્રિયા (સીતા)ની પ્રિય સખી એવી 'વાસન્તી' નામની વનદેવતા પણ વસે છે. અરે રે... આજે આ રામ ઉપર શી આપત્તિ આવી પડી ? કેમકે અત્યારે–

લાંબા સમય પછી વેગપૂર્વક શરૂ થઈ ગયેલ, (શરીરમાં) ફેલાયેલા તીવ્ર વિષરસ જેવો, ક્યાંકથી ભારે આઘાત લાગવાથી હાલી ઊઠેલા કાંટાના ટૂકડા જેવો, ઉપસી આવેલ ગાંઠ ફાટી પડવાથી હૃદયના મર્મસ્થાનમાં પડેલો વ્રણ (ઘા) હોય તેવો આ ઘનીભૂત થયેલો શોક જાણે મને (= રામને) આકળ–વિકળ કરીને, મૂર્ચ્છિત કરી દે છે. **(૨–૨૬)**

તો પણ, તે પૂર્વેના મિત્ર રૂપ બનેલા ભૂમિ ભાગોને હું જોઈશ. (જોઈને) અહો ! ભૂમિની બધી રચના તો આડી–અવળી થઈ ગઈ છે. જેમ કે–

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

पुरा यत्र स्त्रोतः पुलिनमधुना तत्र सरितां
विपर्यासं यातो घनविरलभावः क्षितिरुहाम् ।
बहोर्दृष्टं कालादपरमिव मन्ये वनमिदं
निवेशः शैलानां तदिदमिति बुद्धिं द्रढयति ॥२७॥

रामः — हन्त ! परिहरन्तमपि मामितः पञ्चवटीस्नेहो बलादाकर्षतीव ।

(सकरुणम्)

यस्यां ते दिवसास्तया सह मया नीता यथा स्वे गृहे
यत्सम्बन्धिकथाभिरेव सततं दीर्घाभिरास्थीयत ।
एकः सम्प्रति नाशितप्रियतमस्तामद्य रामः कथं
पापः पञ्चवटीं विलोकयतु वा गच्छत्वसम्भाव्य वा ॥२८॥

(प्रविश्य)

शम्बूकः — जयतु जयतु देवः । देव ! भगवानगस्त्यो मत्तः श्रुतभवत्सन्निधान-स्त्वामाह-परिकल्पितविमानावतरणमङ्गला प्रतीक्षते वत्सला लोपामुद्रा सर्वे च महर्षयः । तदेहि सम्भावयास्मान् । अथ प्रजविना पुष्पकेण स्वदेशमुपगम्याश्वमेधाय सज्जो भविष्यसीति ।

रामः — यथाज्ञापयति भगवान् ।

शम्बूकः — इतस्तर्हि देवः प्रवर्तयतु पुष्पकम् ।

रामः — (पुष्पकं प्रवर्तयन्) भगवति पञ्चवटि ! गुरुजनोपरोधात् क्षणं क्षम्यतामयमतिक्रमो रामस्य ।

शम्बूकः — देव ! पश्य पश्य-

कूजत्कुञ्जकुटीरकौशिकघटाघूत्कारवत्कीचक-
स्तम्बाडम्बरमूकमौकुलिकुलः क्रौञ्चावतोऽयं गिरिः ।
एतस्मिन् प्रचलाकिनां प्रचलतामुद्वेजिताः कूजितै-
रुद्वेल्लन्ति पुराणरोहिणतरुस्कन्धेषु कुम्भीनसाः ॥२९॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પહેલાં જ્યાં નદીઓનો પ્રવાહ હતો, ત્યાં હાલમાં રેતાળ તટ (ફેલાયેલો પડ્યો) છે. પૃથિવીમાંથી ફુટી નીકળેલાં વૃક્ષોની ગીચતા અને આછાપણું ઉલટ–સૂલટ થઈ ગયેલ છે. ઘણા સમય પછી જોયેલું આ વન જાણે બીજું જ (વન) હોય એમ લાગે છે; પણ પર્વતોની સંસ્થિતિ જ, "આ એ જ (વન) છે" એવી બુદ્ધિને દૃઢ કરે છે. **(૨–૨૭)**

રામ– અહીંથી એમને છોડીને જઈ રહ્યો હોવા છતાંય, આ પંચવટી તરફનો (મારો) સ્નેહ મને બળપૂર્વક જાણે આકર્ષ્યા જ કરે છે.

(કરુણતા સાથે)

જે (પંચવટી)માં તે (સીતા)ની સાથે વીતાવેલા તે દિવસો મેં જાણે ઘરમાં વીતાવ્યા હોય તેમ લાગે છે; તથા (સીતાની સાથે) તે (પંચવટી) સંબંધી લાંબી લાંબી કથાઓ વડે (= કથાઓ કરતાં કરતાં) (અમારા વડે અયોધ્યામાં) રહેવાતું હતું ! પણ... અત્યારે ? જેણે પ્રિયતમાનો નાશ કરાવ્યો છે તેવો એકલો પડી ગયેલો આ પાપી રામ શું પંચવટીને નિહાળે કે પછી તેનું સંભાવન કર્યા વિના પાછો જતો રહે ?? **(૨–૨૮)**

(પ્રવેશ કરીને)

શમ્બૂક– દેવનો જય જયકાર થાવ. હે દેવ ! ભગવાન્ અગસ્ત્યે મારી પાસેથી તમારું નજીકમાં જ હોવાનું સાંભળીને, તમને કહેવડાવ્યું છે કે–

વિમાનને ઉતરવા માટેની માંગલિક વિધિ જેણે તૈયાર કરી રાખી છે તેવી વત્સલ લોપામુદ્રા અને સર્વે મહર્ષિઓ (આપની) પ્રતીક્ષા કરી રહ્યા છે. તો આપ આવો, અને અમારું માન વધારો ! ત્યાર પછી જ, વેગવંતા પુષ્પક વિમાન વડે તમારા પોતાના દેશમાં પહોંચીને, અશ્વમેઘ–યાગને માટે સજ્જ થવાનું (તમો) રાખશો.

રામ– જેવી ભગવાન્ (અગસ્ત્ય)ની આજ્ઞા.

શમ્બૂક– તો દેવ આ તરફ પુષ્પક વિમાનને ફેરવે.

રામ– (પુષ્પક વિમાનને ફેરવતાં ફેરવતાં)

હે ભગવતી પંચવટી ! ગુરુજનોની વિનંતીના અનુસંધાને, રામનો આ અતિક્રમ માફ કરશો.

શમ્બૂક– દેવ ! જુઓ...જુઓ...

આ કુંજ–કુટીરોમાં કૂજન કરી રહેલા કૌશિક (= ઘૂવડ) પક્ષીઓના સમૂહના 'ઘૂ' – 'ઘૂ' એવા ઘૂત્કાર ભરેલા કીચક વૃક્ષોના (વાંસડાઓના) ઘેઘૂર અવાજથી મૂંગા બની ગયેલા મૌકુલિ (= કાગડા)ઓના સમૂહવાળો આ "ક્રૌંચાવત" નામનો ગિરિ છે. તેમાં અહીંતહીં ફરતા મયૂરોના કેકારવથી (કૂજનોથી) ઉદ્વિગ્ન થઈ ગયેલા કુંભીનસો (= ઝેરીલા સાપ) જૂનાં ચંદનવૃક્ષોનાં થડિયાં ઉપર સળવળાટ કરી રહ્યાં છે. **(૨–૨૯)**

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

अपि च –

एते ते कुहरेषु गद्गदनदद्गोदावरीवारयो
मेघालम्बितमौलिनीलशिखराः क्षोणीभृतो दाक्षिणाः ।
अन्योन्यप्रतिघातसङ्कुलचलत्कल्लोलकोलाहलै–
रुत्तालास्त इमे गभीरपयसः पुण्याः सरित्सङ्गमाः ॥३०॥

(इति निष्क्रान्तौ)

इति महाकवि–श्रीभवभूतिविरचित उत्तररामचरितनाटके
पञ्चवटीप्रवेशो नाम द्वितीयोऽङ्कः ।

• • •

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અને વળી–

આ તે જ (પૂર્વ–પરિચિત એવા) દક્ષિણ દિશામાં આવેલા ભૂધરો (=પર્વતો) છે, કે જેની ગુફાઓમાં ગોદાવરી નદીના ગદ્‌ગદ્‌ અવાજ કરતાં જળ (વહી રહ્યાં) છે; તથા જેના ઉત્તુંગ કાળાં શિખરો ઉપર વાદળો વીંટળાઈ વળ્યાં છે. આ તે ઊંડા પાણીવાળા નદીઓના પવિત્ર સંગમો છે, કે જે પરસ્પરમાં અથડાવાથી ગાઢ અને ચંચળ બનેલા મહાતરંગોના કોલાહલોથી વિકરાળ બની રહ્યા છે. **(૨–૩૦)**

[બન્ને જણા રંગભૂમિ ઉપરથી નીકળી જાય છે.]

મહાકવિ શ્રીભવભૂતિએ રચેલ 'ઉત્તરરામચરિત' નાટકનો
"પંચવટી–પ્રવેશ" નામનો દ્વિતીય અંક પૂર્ણ થયો.

• • •

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

तृतीयोऽङ्कः

(छाया)

(ततः प्रविशति नदीद्वयम्)

एका– सखि मुरले ! किमसि सम्भ्रान्तेव ?

मुरला– सखि तमसे ! प्रेषितास्मि भगवतोऽगस्त्यस्य पत्न्या लोपामुद्रया सरिद्वरां गोदावरीमभिधातुम् । जानास्येव यथा वधूपरित्यागात् प्रभृति–

अनिर्भिन्नो गभीरत्वादन्तर्गूढघनव्यथः ।
पुटपाकप्रतीकाशो रामस्य करुणो रसः ॥१॥

तेन च तथाविधेष्टजनकष्टविनिपातजन्मना प्रकर्षगतेन दीर्घशोकसन्तापेन सम्प्रत्यतितरां परिक्षीणो रामभद्रः । तमवलोक्य कम्पितमिव मे सबन्धनं हृदयम् । अधुना च प्रतिनिवर्तमानेन रामभद्रेण नियतमेव पञ्चवटीवने वधूसहवासविस्रम्भसाक्षिणः प्रदेशा द्रष्टव्याः । तेषु च निसर्गधीरस्याप्येवंविधायाम् अवस्थायामतिगम्भीरा–भोगशोकक्षोभसंवेगात् पदे पदे महान्ति प्रमादस्थानानि शङ्कनीयानि रामभद्रस्य । तद्भगवति गोदावरि ! तत्र त्वया सावधानया भवितव्यम् ।

वीचीवातैः शीकरक्षोदशीतैराकर्षद्भिः पद्मकिञ्जल्कगन्धान् ।
मोहे मोहे रामभद्रस्य जीवं स्वैरं स्वैरं प्रेरितैस्तर्पयेति ॥२॥

तमसा– उचितमेव दाक्षिण्यं स्नेहस्य । सञ्जीवनोपायस्तु मौलिक इव रामभद्रस्याद्य सन्निहितः ।

मुरला– कथमिव ?

तमसा– श्रूयताम् । पुरा किल वाल्मीकितपोवनोपकण्ठात् परित्यज्य निवृत्ते लक्ष्मणे सीतादेवी प्राप्तप्रसववेदनम् अतिदुःखसंवेगादात्मानं गङ्गाप्रवाहे निक्षिप्तवती । तदैव तत्र दारकद्वयं प्रसूता । भगवतीभ्यां पृथ्वीभागीरथीभ्यामभ्युपपन्ना रसातलं च नीता । स्तन्यत्यागात् परेण च दारकद्वयं तस्याः प्राचेतसस्य महर्षेर्गङ्गादेवी स्वयमर्पितवती ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

તૃતીય અંક

(છાયા અંક)

[ત્યાર પછી, રંગભૂમિ ઉપર બે નદીઓનો પ્રવેશ થાય છે.]

એક— સખી મુરલા ! ગભરાટથી ઉતાવળી થઈ હોઉં તેમ કેમ લાગે છે ?

મુરલા— સખી તમસા ! ભગવાન્ અગસ્ત્યની પત્ની લોપામુદ્રાએ નદીઓમાં શ્રેષ્ઠ એવી ગોદાવરીને કંઈક કહેવા મને મોકલી છે. જેમકે, તમો જાણો છો તેમ પત્નીનો ત્યાગ કર્યો છે ત્યારથી માંડીને—

ગાંભીર્યને કારણે બહાર નહીં નીકળી શકેલો, અંદરને અંદર ઢંકાઈ રહેલી (ગાઢ) વ્યથાવાળો રામનો આ કરુણ રસ (= સીતાના વિયોગથી જન્મેલો શોકાવેગ) પુટપાકના જેવો છે. **(૩—૧)**

અને તેથી, એ પ્રકારે ઈષ્ટ વ્યક્તિની ઉપર આવી પડેલી કષ્ટદાયક વિપત્તિને કારણે ઉત્પન્ન થયેલ અને પરાકાષ્ઠાએ પહોંચેલા લાંબા શોકના સંતાપથી તો રામભદ્ર અત્યારે અતિશય સૂકાઈ ગયા છે. એમને જોઈને તો મારું હૃદય જાણે મૂળ બંધનમાંથી કંપી ઊઠ્યું છે. હમણાં પાછા ફરતા રામભદ્ર વડે, ચોક્કસ જ 'પંચવટી'ના વનમાં, વધૂ (સીતા)ની સાથેના નિવાસ દરમ્યાનના સ્વૈર (વિલાસ) ક્રીડાના સાક્ષીભૂત પ્રદેશો જોવાશે. તે (પ્રદેશો)માં સ્વભાવે ધીર—ગંભીર હોવા છતાંય, આવી અવસ્થામાં રામભદ્રને માટે અત્યંત વિસ્તારવાળા શોકને કારણે ક્ષોભના પ્રબળ વેગને કારણે ડગલે ને પગલે મોટાં મોટાં પ્રમાદ—સ્થાનોની આશંકા રહ્યા કરે છે. તો હે ભગવતી ગોદાવરી ! તમારે તે તે ક્ષણે સાવધાન રહેવાની જરૂર છે.

જલકણોના ચૂર્ણથી શીતળ બનેલા, અને કમળના કેસરની સુગંધને ખેંચી લાવતા, અને ધીમે ધીમે વહી આવતા જળતરંગો ઉપરના વાયુઓથી રામભદ્રનો જીવ જ્યારે જ્યારે મોહમાં (મૂર્ચ્છામાં) ફસડાઈ પડે ત્યારે તેમને તૃપ્ત કરજો. (= ફરીથી ભાનમાં લાવજો.) **(૩—૨)**

તમસા— (લોપામુદ્રાનું) આ દાક્ષિણ્ય (રામભદ્ર તરફના) સ્નેહને અનુરૂપ જ છે. પણ રામભદ્રના સંજીવન માટેનો મૌલિક ઉપાય તો આજે નજીકમાં જ (હાજર) છે !

મુરલા— એ કેવી રીતે ?

તમસા— સાંભળો – સાંભળ્યું છે તે મુજબ, ભૂતકાળમાં ક્યારેક, વાલ્મીકિના તપોવનની નજીકમાં ત્યજી દઈને લક્ષ્મણ પાછા ફરી ગયા ત્યારે સીતાદેવીએ (પોતાને) પ્રસવ—વેદના ઉપડતાં, ભારે દુઃખના આવેગથી પોતાની જાતને ગંગાના પ્રવાહમાં ફેંકી. અને ત્યારે જ તેમને બે જોડકાં (પુત્રો) જન્મ્યા. ભગવતી પૃથિવી અને ભાગીરથી વડે સાચવી લેવામાં આવેલી તે (સીતા દેવી)ને રસાતળમાં લઈ જવામાં આવી. સ્તનપાન છોડાવ્યા પછી તેનાં બન્ને બાળકોને સ્વયં ગંગાદેવીએ મહર્ષિ પ્રાચેતસ્ (વાલ્મીકિ)ને સોંપ્યા.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

मुरला— (सविस्मयम्) —

ईदृशानां विपाकोऽपि जायते परमाद्भुतः ।
यत्रोपकरणीभावमायात्येवंविधो जनः ॥३॥

तमसा— इदानीं तु शम्बूकवृत्तान्तेन सम्भावितजनस्थानागमनं रामभद्रं सरयूमुखादुपश्रुत्य भगवती भागीरथी यदेव भगवत्या लोपामुद्रया स्नेहादाशङ्कितं तदेवाशङ्क्य सीतासमेता केनचिदिव गृहाचारव्यपदेशेन गोदावरीं विलोकयितुमागता ।

मुरला— सुचिन्तितं भगवत्या भागीरथ्या राजधानीस्थितस्यास्य खलु तैस्तैर्जगतामाभ्युदयिकैः कार्यैर्व्यापृतस्य रामभद्रस्य नियताश्चित्तविक्षेपाः । अव्यग्रस्य पुनरस्य शोकमात्रद्वितीयस्य पञ्चवटीप्रवेशो महाननर्थ इति । तत्कथमिदानीं सीतादेव्या रामभद्र आश्वासनीयः स्यात् ?

तमसा— उक्तमत्र भगवत्या भागीरथ्या— 'वत्से देवयजनसम्भवे सीते ! अद्य खल्वायुष्मतोः कुशलवयोर्द्वादशस्य जन्मसंवत्सरस्य सङ्ख्यामङ्गलग्रन्थिरभिवर्तते । तदात्मनः पुराणश्वशुरमेतावतो मानवस्य राजर्षिवंशस्य प्रसवितारं सवितारमपहतपाप्मानं देवं स्वहस्तावचितैः पुष्पैरुपतिष्ठस्व । न च त्वामवनिपृष्ठचारिणीमस्मत्प्रभावाद् वनदेवता अपि द्रक्ष्यन्ति किं पुनर्मर्त्याः' इति । अहमप्याज्ञापिता— 'तमसे ! त्वयि प्रकृष्टप्रेमैव वधूर्जानकी । अतस्त्वमेवास्याः प्रत्यन्तरीभव' इति । साऽहमधुना यथादिष्टमनुतिष्ठामि ।

मुरला— अहमप्येतं वृत्तान्तं भगवत्यै लोपामुद्रायै निवेदयामि । रामभद्रोऽप्यागत एवेति तर्कयामि ।

तमसा— तदियं गोदावरीह्रदान्निष्क्रम्य—

परिपाण्डुदुर्बलकपोलसुन्दरं दधती विलोलकबरीकमाननम् ।
करुणस्य मूर्तिरथवा शरीरिणी विरहव्यथेव वनमेति जानकी ॥४॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

મુરલા— (વિસ્મય સાથે–)

આવા (મોટા) લોકોનાં કર્મફળ પાકવાની દશા પણ પરમ અદ્ભુત (ઘટનાઓવાળી) બને છે; કે જેમાં આવા (પૃથિવી–ગંગા–વાલ્મીકિ જેવા) લોકો ઉપકારક બનીને મળી આવે છે. **(૩–૩)**

તમસા— હાલમાં તો શમ્બૂકની ઘટનાના સંદર્ભે રામભદ્રનું જનસ્થાનમાં આગમન થવું સંભવિત છે એમ સરયૂ (નદી)ના મુખેથી સાંભળીને, ભગવતી ભાગીરથી, જે વાતની ભગવતી લોપામુદ્રાએ સ્નેહથી આશંકા કરી છે, તેની તેમણે પણ આશંકા કરીને, કોઈક ગૃહાચારના બહાના હેઠળ સીતાને સાથે લાવીને ગોદાવરીને જોવા/મળવા આવી પહોંચ્યા છે.

મુરલા— ભગવતી ભાગીરથીએ બરાબર જ વિચાર્યું છે; રાજધાની (અયોધ્યા)માં રહેતાં હોય ત્યારે તો જગત્ ના અભ્યુદય (વિકાસ)નાં જુદાં જુદાં કાર્યોમાં રચ્યાપચ્યાં હોવાને કારણે રામભદ્રના ચૈતસિક વિકારો સંયમમાં રહેતા હોય. પણ અત્યારે તે (કાર્યોમાંથી) મુક્ત હોવાને કારણે, કેવળ શોક જ જેમનો સાથીદાર છે એવા એમનો (રામનો) જો પંચવટીમાં પ્રવેશ થાય તો તે મહાન્ અનર્થ (ઊભો કરનારો પુરવાર) થાય.

તો સીતાદેવી વડે રામભદ્રને કેવી રીતે આશ્વાસન પૂરું પાડવામાં આવશે ?

તમસા— ભગવતી ભાગીરથીએ આ બાબતે કહ્યું જ છે કે– દેવો માટેના યજ્ઞ–પ્રસંગે જન્મેલી દીકરી સીતા ! આજે આયુષ્માન કુશ–લવના જન્મદિનની માંગલિક બારમી વર્ષગાંઠનો પ્રસંગ આવી પહોંચ્યો છે. તો તારા પુરાતન શ્વસુર વૈવસ્વત મનુથી ઉત્પન્ન થયેલા આવડા મોટા રાજર્ષિવંશને જન્માવનાર અને બધાં પાપને નષ્ટ કરનાર સૂર્યદેવતાને (તારા) પોતાના હાથે ચૂંટેલાં પુષ્પોથી પૂજન કર. (આ વખતે) ધરતી ઉપર ફરતી તને વનદેવતા (વાસન્તી) પણ અમારા પ્રભાવથી જોઈ શકશે નહીં; તો પછી બીજા માણસોની તો શી વાત જ કરવી ? મને (તમસાને) પણ આજ્ઞા આપી છે કે– હે તમસા ! વધૂ જાનકી તારા ઉપર પુષ્કળ પ્રેમ રાખે છે. આથી તું જ એની સાથીદાર બન. એટલે હવે, હું પણ (મને) જેવી આજ્ઞા મળી છે તેમ વર્તીશ.

મુરલા— તો હું પણ, આ ખબર ભગવતી લોપામુદ્રાને જણાવું. રામભદ્ર પણ આવી પહોંચ્યા છે એમ (મને) લાગે છે.

તમસા— તો આ ગોદાવરીના ધરામાંથી બહાર નીકળીને [ઊભેલી સીતા]-

પૂરેપૂરા પીળાં અને દુર્બળ પડી ગયેલાં ગાલ, છતાં સુન્દર લાગતાં તથા વિખરાયેલા અંબોડાવાળા મુખને ધારણ કરતી આ જાનકી, કે જે કરુણ (રસ)ની (સાક્ષાત્) મૂર્તિ (જેવી) છે; અથવા તો જાણે શરીરધારી વિરહવ્યથા જ હોય તેવી વનમાં પ્રવેશી રહી છે. **(૩–૪)**

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

मुरला– इयं हि सा–

किसलयमिव मुग्धं बन्धनाद् विप्रलूनं
हृदयकुसुमशोषी दारुणो दीर्घशोकः ।
ग्लपयति परिपाण्डु क्षाममस्याः शरीरं
शरदिज इव घर्मः केतकीगर्भपत्रम् ॥५॥

(इति परिक्रम्य निष्क्रान्ते)

शुद्धविष्कम्भकः ।

(नेपथ्ये)

प्रमादः प्रमादः ।

(ततः प्रविशति पुष्पावचयव्यग्रा सकरुणौत्सुक्यमाकर्णयन्ती सीता)

सीता– *अम्हहे, जाणामि पिअसही मे वासंदी वाहरदिति । [अहो ! जानामि प्रियसखी मे वासन्ती व्याहरतीति]*

(पुनर्नेपथ्ये)

सीतादेव्या स्वकरकलितैः सल्लकीपल्लवाग्रै–
रग्रे लोलः करिकलभको यः पुरा वर्धितोऽभूत् ।

सीता– *किं तस्स– [किं तस्य–]*

वध्वा सार्धं पयसि विहरन्सोऽयमन्येन दर्पा–
दुद्दामेन द्विरदपतिना सन्निपत्याभियुक्तः ॥६॥

सीता– *(ससम्भ्रमं कतिचित्पदानि गत्वा) अज्जउत्त ! परित्ताहि, परित्ताहि मह तं पुत्तअम् । (स्मृतिमभिनीय सवैक्लव्यम्) हद्धी हद्धी । ताइं ज्जेव्व चिरपरिचिदाइं अक्खराइं पञ्चवटीदंसणेन मं मन्दभाइणिं अणुबंधंति । हा अज्जउत्त ! (इति मूर्च्छति) [आर्यपुत्र ! परित्रायस्व परित्रायस्व मम तं पुत्रकम् । (.......) हा धिक्, हा धिक् ! तान्येव चिरपरिचितान्यक्षराणि पञ्चवटीदर्शनेन मां मन्दभागिनीमनुबध्नन्ति । हा आर्यपुत्र (.......)]*

तमसा– वत्से ! समाश्वसिहि, समाश्वसिहि ।

(नेपथ्ये)

विमानराज ! अत्रैव स्थीयताम् ।

सीता– *(समाश्वस्य ससाध्वसोल्लासम्) अम्हहे जलभरभरिअमेहमंथरत्थणिअगंभीरमंसलो कुदो णु एसो भारई णिग्घोसो भरंतकण्णविवरं मं वि मंदभाइणिं अत्ति उस्सु आवेइ ? [अहो ! जलभरभरितमेघमन्थरस्तनितगम्भीरमांसलः कुतो न्वेष भारतीनिर्घोषो भ्रियमाणकर्णविवरां मामपि मन्दभागिनी झटित्युत्सुकयति]*

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

મુરલા– આ તે–

હૃદય–પુષ્પને સુકવનારો, દારુણ એવો દીર્ઘકાળનો શોક આના (સીતાના) [ડીંટામાંથી તોડી કાઢવામાં આવેલ કોમળ કિસલય જેવા] તદ્દન ફિક્કા પડી ગયેલા અને કૃશ થઈ ગયેલા શરીરને જેમ શરદ્ ઋતુનો તડકો કેતકી–પુષ્પના અંદરના ભાગને મ્લાન કરી દે તેમ મ્લાન કરી રહ્યો છે. **(૩–૫)**

(ગોળાકારે ફરીને, રંગભૂમિ ઉપરથી, નીકળી જાય છે.)

'શુદ્ધવિષ્કંભક' પૂરો થયો.

(નેપથ્યમાંથી)

"આપત્તિ.....આપત્તિ....."

[ત્યાર પછી, પુષ્પો ચૂંટવામાં વ્યગ્ર થયેલી, કરુણા અને ઔત્સુક્ય–પૂર્વક સાંભળી રહેલી સીતા પ્રવેશ કરે છે.]

સીતા– અહો ! લાગે છે કે મારી પ્રિયસખી વાસન્તી બોલી રહી છે.

(ફરીથી નેપથ્યમાંથી–)

"સીતાદેવીએ પોતાના હાથ વડે (તોડીને) આપેલા સલ્લકી વૃક્ષનાં કોમળ પાંદડાઓ વડે, આગળના ભાગે હાલી રહેલા હાથીના જે મદનિયાને પહેલાંના સમયમાં ઉછેર્યો હતો..."

સીતા– તેને શું થયું ?

(નેપથ્યમાંથી–)

"તે પોતાની પત્નીની સાથે જ્યારે જળમાં વિહાર કરી રહ્યો હતો ત્યારે, બીજા ઉદ્દામ ગજરાજ વડે દર્પથી, હુમલો કરાયો છે." **(૩–૬)**

સીતા– (ગભરાટ સાથે કેટલાંક ડગલાં ભરીને–)

આર્યપુત્ર ! બચાવો...બચાવો...મારા તે વ્હાલા દીકરાને... (કંઈક યાદ આવ્યું હોય તેમ અભિનય કરીને, વિકળતા સાથે...) હા ધિક્... હા ધિક્... પંચવટીના દર્શનની સાથે જ તે જ ચિરપરિચિત અક્ષરો મને મંદભાગિનીને જકડી રહ્યા છે. હા આર્યપુત્ર !... (મૂર્ચ્છા પામે છે.)

(પ્રવેશ કરીને)

તમસા– દીકરી ! આશ્વાસન પામ... ધીરજ ધર...

(નેપથ્યમાંથી–)

"અરે વિમાનરાજ ! અહીં જ ઊભા રહેવામાં આવે."

સીતા– (આશ્વાસન પામીને, ઉતાવળે ઉત્સાહમાં આવી જઈને–) અહો ! પુષ્કળ જળ ભરેલાં વાદળાંના મન્દગર્જન જેવો ગંભીર અને પુષ્ટ એવો આ વાણીનો ધ્વનિ ક્યાંથી આવીને, જેના કર્ણોના પોલાણને ભરી દેવામાં આવ્યા છે તેવી મને મંદભાગિનીને એકાએક જ ઉત્સુક બનાવી રહ્યો છે ?

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

तमसा– *(सस्नेहास्रम्) अयि वत्से !*

अपरिस्फुटनिस्वाने कुतस्त्येऽपि त्वमीदृशी ।
स्तनयित्नोर्मयूरीव चकितोत्कण्ठितं स्थिता ॥७॥

सीता– *भअवदि किं भणासि अपरिप्फुडेत्ति । मए उण सरसंजोएण पच्चभिआणिदं अज्जउत्तो एव्व वाहरदित्ति । [भगवति ! किं भणस्यपरिस्फुटेति । मया पुनः स्वरसंयोगेन प्रत्यभिज्ञातमार्यपुत्र एव व्याहरतीति ।]*

तमसा– *श्रूयते तपस्यतः किल शूद्रस्य दण्डधारणार्थमैक्ष्वाको राजा जनस्थानमागत इति ।*

सीता– *दिट्ठिआ अपरिहीणराअधम्मो क्खु सो राआ । [दिष्ट्या अपरिहीनराजधर्मः खलु स राजा ।]*

(नेपथ्ये)

यत्र द्रुमा अपि मृगा अपि बन्धवो मे
यानि प्रियासहचरश्चिरमध्यवात्सम् ।
एतानि तानि बहुनिर्झरकन्दराणि
गोदावरीपरिसरस्य गिरेस्तटानि ॥८॥

सीता– *(दृष्ट्वा) हा कहं पहादचंदमंडलापंडुरपरिक्खामदुब्बलेन आआरेण अअं णिअसोह्मगम्भीराणुभावमेत्तपच्चहिजाणिज्जो अज्जउत्तो एव्व । भअवदि तमसे धारेहि मम् । (इति तमसामाश्लिष्य मूर्च्छति) । [हा कथं प्रभातचन्द्रमण्डलापाण्डुरपरिक्षामदुर्बलेनाकारेणायं निजसौम्यगम्भीर–अनुभावमात्रप्रत्यभिज्ञातव्य आर्यपुत्र एव । भगवति तमसे ! धारय माम् ।]*

तमसा– *वत्से ! समाश्वसिहि समाश्वसिहि ।*

(नेपथ्ये) अनेन पञ्चवटीदर्शनेन–

अन्तर्लीनस्य दुःखाग्नेरद्योद्दामं ज्वलिष्यतः ।
उत्पीड इव धूमस्य मोहः प्रागावृणोति माम् ॥९॥

हा प्रिये जानकि !

तमसा– *(स्वगतम्) इदं तदाशङ्कितं गुरुजनेन ।*

सीता– *(समाश्वस्य) हा कहं एदं । [हा कथमेतत् ?]*

(पुनर्नेपथ्ये)

हा देवि दण्डकारण्यवासप्रियसखि विदेहराजपुत्रि ! (इति मूर्च्छति)

सीता– *हद्धी हद्धी । मं मंदभाइणिं वाहरिअ आमीलंतणेत्तेणीलुप्पलो मुच्छिद्रो एव्व अज्जउत्तो । हा कहं धरणिपिट्ठे णिरुद्धणिस्सासणीसहं विपल्हत्थो । भअवदि तमसे परित्ताए हि परित्ताए हि । जीवावेहि अज्जउत्तम् । (इति पादयोः पतति) । [हा धिक्, हा धिक् ! मां मन्दभागिनी व्याहृत्यामीलन्नेत्रनीलोत्पलो मूर्च्छित एवार्यपुत्रः । हा कथं धरणिपृष्ठे निरुद्धनिःस्वासनिःसहं विपर्यस्तः । भगवति तमसे ! परित्रायस्व परित्रायस्व । जीवयार्यपुत्रम् ।]*

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

તમસા– (સ્નેહ અને આંસુ સાથે) અરે દીકરી !

ક્યાંકથી પણ વાદળોના જેવો અસ્પષ્ટ ધ્વનિ ઉત્પન્ન થતાં તું (એકાએક જ) મયૂરીની જેમ ચકિત અને ઉત્કંઠિત થઈ ગઈ છું ! **(૩–૭)**

સીતા– હે ભગવતી ! શું "અસ્પષ્ટ ધ્વનિ" એમ કહો છો ? પણ, સ્વર–સંયોગથી મેં તો જાણી જ લીધું છે કે આ તો આર્યપુત્ર જ બોલી રહ્યા છે.

તમસા– સાંભળવા મળ્યું છે કે તપ કરી રહેલા એક શૂદ્રને દંડ દેવા માટે ઐક્ષ્વાકુ રાજા (રામ) જનસ્થાનમાં આવી પહોંચ્યા છે.

સીતા– અભિનંદન, કે તે રાજાએ રાજધર્મ બજાવવાનો છોડી દીધો નથી.

(નેપથ્યમાંથી)

જ્યાં વૃક્ષો અને મૃગલાંઓ મારાં સ્વજનો હતા, ત્યાં પ્રિયા (સીતા) જ એકમાત્ર જેની સહચરી હતી તેવો હું લાંબા સમય સુધી રહ્યો હતો. આ તે જ અનેક ઝરણાં અને કોતરોથી ભરેલાં ગોદાવરી (નદી)ની આસપાસ આવેલા પર્વતના તટપ્રદેશો છે. **(૩–૮)**

સીતા– (જોઈને)...હાય...શું પ્રભાત સમયના ચન્દ્રમંડળ જેવા ફિક્કા, અત્યંત ક્ષીણ થઈ ગયેલા આકારમાત્રથી અને પોતાના સૌમ્ય અને ગંભીર પ્રભાવ થકી જ ઓળખી શકાય એવા રહેલા આ આર્યપુત્ર જ છે. હે ભગવતી તમસા ! મને પકડજે જરા...

તમસા– દીકરી ! આશ્વાસન પામ...ધીરજ રાખ.

(નેપથ્યમાંથી)– આ પંચવટીના દર્શન થકી–

અંતઃકરણમાં છુપાઈ રહેલા, અને આજે બેકાબુ બનીને સળગી ઊઠનારા દુઃખાગ્નિના ધૂમાડાના સમુદાય સમો મોહ મને પહેલેથી જ વીંટળાઈ વળ્યો છે. **(૩–૯)**

હા પ્રિય જાનકી !...

તમસા– (સ્વગત) આ જ સ્થિતિની ગુરુજનોએ આશંકા સેવી હતી.

સીતા– (આશ્વાસન પામીને) હાય... આ કેવી રીતે આવી પડ્યું ?

(ફરીથી નેપથ્યમાંથી–)

હા દેવી ! દંડકારણ્યના નિવાસ દરમ્યાનની પ્રિય સખી ! હા વિદેહરાજની પુત્રી ! (મૂર્ચ્છિત થઈ જાય છે.)

સીતા– હા ધિક્...હા ધિક્...મને મંદભાગિનીને બોલાવીને, પોતાના નેત્ર રૂપી નીલોત્પલને મીંચી દઈને આર્યપુત્ર મૂર્ચ્છિત જ થઈ ગયા... શ્વાસ રોકાઈ ગયેલી અસહ્ય સ્થિતિમાં ફસડાઈ જઈને શું જમીન ઉપર ઢળી પડ્યા છે ? હે ભગવતી તમસા ! બચાવો...બચાવો...આર્યપુત્રને જીવાડો...

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

तमसा– *त्वमेव ननु कल्याणि सञ्जीवय जगत्पतिम् ।*
प्रियस्पर्शो हि पाणिस्ते तत्रैष निरतो जनः ॥१०॥

सीता– *जं होदु तं होदु । जह भअवई आणवेइ (इति ससम्भ्रमं निष्क्रान्ता) [यद् भवतु तद् भवतु । यथा भगवत्याज्ञापयति ।]*

(ततः प्रविशति भूम्यां निपतितः सास्रया सीतया स्पृश्यमानः साह्लादोच्छ्वासो रामः ।)

सीता– *(किञ्चित्सहर्षम्) जणे उण पच्चा अदं विअ जीविअं तेलोअस्स । [जाने पुनः प्रत्यागतमिव जीवितं त्रैलोक्यस्य ।]*

रामः – हन्त ! भोः किमेतत्–

आश्च्योतनं नु हरिचन्दनपल्लवानां
निष्पीडितेन्दुकरकन्दलजो नु सेकः ।
आतप्तजीवितपुनः परितर्पणोऽयं
सञ्जीवनौषधिरसो नु हृदि प्रसिक्तः ॥११॥

अपि च– **स्पर्शः पुरा परिचितो नियतं स एव**
सञ्जीवनश्च मनसः परितोषणश्च ।
सन्तापजां सपदि यः परिहृत्य मूर्च्छाम्
आनन्दनेन जडतां पुनरातनोति ॥१२॥

सीता– *(ससाध्वसोत्कम्पमपसृत्य) एत्तिअ एव्व दाणिं मे बहुदरं । [एतावदेवेदानी मे बहुतरम्] ।*

रामः – (उपविश्य) न खलु वत्सलया सीतादेव्याऽभ्युपपन्नोऽस्मि ?

सीता– *हद्धी ! हद्धी ! किं त्ति मं अज्जउत्तो मग्गिस्सदि ? [हा धिक् ! हा धिक् ! किमिति मामार्यपुत्रो मार्गिष्यते ?] .*

रामः – भवतु, पश्यामि ।

सीता– *भअवदि तमसे ! ओसरह्म दावं । मं पेक्खिअ अणब्भण्णादेण संणिहाणेण राआ अहिअं कुपिस्सदि । [भगवति तमसे ! अपसरावस्तावत् । मां प्रेक्ष्यानभ्यनुज्ञातेन सन्निधानेन राजाऽधिकं कोपिष्यति ।]*

तमसा– *अयि वत्से ! भागीरथीप्रसादाद्वनदेवतानामप्यदृश्याऽसि संवृत्ता ।*

सीता– *आं, अत्थि खु एदं । [आम् अस्ति खल्वेतत् ।]*

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

તમસા— હે કલ્યાણી ! ખરેખર તમે પોતે જ જગત્પતિને સજીવન કરો. કારણ કે તમારો હાથ જ પ્રિયસ્પર્શવાળો છે; અને તે (સ્પર્શ)માં જ આ વ્યક્તિ આસક્ત છે. **(૩—૧૦)**

સીતા— જે થવું હોય તે થાવ. ભગવતી જેવી આજ્ઞા આપે છે (તેમ જ કરું). (ગભરાટ સાથે દોડી જાય છે.)

[ત્યારપછી ભૂમિ ઉપર પડેલા અને આંસુ સારતી સીતા વડે સ્પર્શ પામી રહેલા રામ આહ્લાદપૂર્વક ઉચ્છ્વાસ કાઢી રહ્યા હોય એમ પ્રવેશ કરે છે.]

સીતા— (કંઈક હર્ષપૂર્વક) લાગે છે કે જાણે ત્રણે લોકનું જીવન પાછું આવ્યું છે !

રામ— અરે ? આ શું થયું ?!

શું મારા હૃદય ઉપર 'હરિચંદન' વૃક્ષનાં પાંદડાંઓનો નીચોડ છાંટવામાં આવ્યો છે, કે પછી નીચોવવામાં આવેલા ચન્દ્રકિરણો રૂપી નવાંકુરોનો રસ છાંટવામાં આવ્યો છે ?! અથવા તો પછી શું સંતપ્ત થયેલા જીવનને ફરીથી પરિતૃપ્ત કરનારો આ 'સંજીવની' નામની ઔષધિનો રસ (હૃદય ઉપર) લગાડવામાં આવ્યો છે ?! **(૩—૧૧)**

અને વળી—

ચોક્કસ જ આ પૂર્વેનો પરિચિત એવો સંસ્પર્શ (મને) સજીવન કરનારો છે અને મનને પરિતુષ્ટ કરનારો છે. વળી, જે (સ્પર્શ) સંતાપને કારણે જન્મેલી મૂર્ચ્છાને તત્કાળ દૂર કરી દઈને, ફરીથી આનંદ પહોંચાડીને, જડ પણ બનાવી દે છે ! **(૩—૧૨)**

સીતા— (ભય અને કંપનપૂર્વક દૂર ખસી જઈને—) અત્યારે તો મારે આટલું જ બહુ છે.

રામ— (બેસીને) શું હું ક્યાંક સીતાદેવી વડે તો અનુગૃહીત નહીં થયો હોઉં ?

સીતા— હા ધિક્.. ! આર્યપુત્ર મને ક્યાંક શોધવા તો નહીં નીકળેને ?

રામ— તો લાવ, જોઉં તો...

સીતા— ભગવતી તમસા ! આપણે (અહીંથી) ખસી જઈએ. મને જોઈને, રજા મેળવ્યા વિના (એમની) એકદમ નજીક પહોંચી જવા બદલ રાજા ક્યાંક વધારે ગુસ્સો કરી દેશે તો ?

તમસા— અરે દીકરી ! ભાગીરથી (નદી)ની કૃપાથી તો વનદેવતાને માટે પણ (તું) અદશ્ય બની ચૂકી છું.

સીતા— હા, એમ જ છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

रामः – हा प्रिये जानकि !

सीता– (समन्युगद्गदम्) अज्जउत्त, असरिसं क्खु एदं वअणं इम एस वुत्तंतस्य (सास्रम्) अहवा किं त्ति वज्जमई जन्मंतरेसु वि पुणो असंभाविअ दुल्लहदंसणस्स मं एव्व मंदभाइणिं उद्दिसिअ वच्छलस्स एव्वं वादिणो अज्जउत्तस्स उवरि णिरणुक्कोसा भविस्सम ? अहं एव्व एदस्स हिअअं जाणामि, महवि एसो । [आर्यपुत्र ! असदृशं खल्वेतद्वचनमस्य वृत्तान्तस्य (....) अथवा किमिति वज्रमयी जन्मान्तरेष्वपि पुनरसम्भावितदुर्लभदर्शनस्य मामेव मन्दभागिनीमुद्दिश्य वत्सलतयैवंवादिन आर्यपुत्रस्योपरि **निरनुक्रोशा** भविष्यामि ? अहमेवैतस्य हृदयं जानामि, ममाप्येषः ।]

रामः – (सर्वतोऽवलोक्य) हा ! न किञ्चिदत्र ।

सीता– भअवदि तमसे ! तथा णिक्कारणपरिच्चाइणो वि एदस्स एव्वंविधेण दंसणेण कीदिसो विअ मे हिअ आणुबंधोत्ति ण आणामि । [भगवति तमसे ! तथा निष्कारणपरित्यागिनोऽपि एतस्यैवंविधेन दर्शनेन कीदृश इव मे हृदयानुबन्ध इति न जानामि ।]

तमसा– जानामि वत्से ! जानामि ।

तटस्थं नैराश्यादपि च कलुषं विप्रियवशा–
द्वियोगे दीर्घेऽस्मिञ्झटिति घटनात्स्तम्भितमिव ।
प्रसन्नं सौजन्याद् दयितकरुणैर्गाढकरुणं
द्रवीभूतं प्रेम्णा तव हृदयमस्मिन् क्षण इव ॥१३॥

रामः – देवि !

प्रसाद इव मूर्तस्ते स्पर्शः स्नेहार्द्रशीतलः ।
अद्याप्यानन्दयति मां त्वं पुनः क्वासि नन्दिनि ॥१४॥

सीता– एदे क्खु ते अगाधदंसिदसिणेहसंभारा आणंदणिस्संदिणो सुहामआ अज्जउत्तस्स उल्लावा । जाणं पच्चएण णिक्कालणपरिणाअसल्लिदोबि बहुमदो मह जम्मलाहो । [एते खलु ते अगाधदर्शितस्नेहसम्भारा आनन्दनिष्यन्दिनः सुधामया आर्यपुत्रस्योल्लापाः । येषां प्रत्ययेन निष्कारणपरित्यागशल्यितोऽपि बहुमतो मम जन्मलाभः ।]

रामः – अथवा कुतः प्रियतमा ? नूनं सङ्कल्पाभ्यासपाटवोपादान एष रामभद्रस्य भ्रमः ।

(नेपथ्ये)

अहो महान् प्रमादः प्रमादः । ('सीतादेव्या स्वकरकलितैः' इत्यर्धं पठ्यते ।)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

રામ– અરે પ્રિય જાનકી !

સીતા– (પ્રેમભર્યા ગુસ્સામાં ગદ્‌ગદ્‌ અવાજથી બોલે છેઃ)

આર્યપુત્ર ! આ જે ઘટના બની છે, તેને યોગ્ય આ શબ્દો નથી. (આંસુ સારવાની સાથે બોલે છેઃ) અથવા, હું શીદને આટલી વજ્રમયી બનતી હોઈશ ? કેમકે હવે જન્માન્તરમાં પણ જેમનું દુર્લભ દર્શન થવું અસંભવિત છે. તેઓ મને મંદભાગિનીને ઉદ્દેશીને જ્યારે વત્સલપણે આમ બોલાવી રહ્યા છે ત્યારે તેવા આર્યપુત્ર ઉપર હું **નિરનુક્રોશ** શા માટે થતી હોઈશ ? ખરેખર તો હું એમનું હૃદય જાણું છું; અને એ પણ મારું (હૃદય) જાણે છે.

રામ– (બધી તરફ જોઈને) હાય...અહીં ક્યાંય કશું જ નથી.

સીતા– ભગવતી તમસા ! તેમ, બસ વગર કારણે જ (મારો) ત્યાગ કરનાર હોવા છતાંય, તેમનું આવું દર્શન થતાં મારા હૃદયમાં આવું કેવું ખેંચાણ (એમને માટે) થઈ રહ્યું છે, તે હું સમજી શકતી નથી.

તમસા– હું જાણું છું, દીકરી ! હું જાણું છું.

નિરાશાને કારણે ઉદાસીન અને અપ્રિય બનવાને કારણે કલુષિત થયેલું; તથા આ દીર્ઘ વિયોગમાં એકાએક જ મળવાનું થયું હોવાથી જાણે સ્તંભિત થઈ ગયું છે; વળી સૌજન્યને કારણે પ્રસન્ન થયેલું અને પ્રિયતમનાં કરુણવચનોથી ગાઢ કરુણમાં સરકી પડેલું તારું હૃદય પ્રેમને કારણે આ ક્ષણે જાણે દ્રવીભૂત થઈ રહ્યું છે. **(૩–૧૩)**

રામ– હે દેવી !

સ્નેહથી આર્દ્ર થયેલ, અને પરિણામે શીતળ બનેલો તારો સ્પર્શ મૂર્તિમંત થયેલ કૃપાપ્રસાદ જેવો છે, જે અત્યારે (=હજુ) પણ મને આનંદ પહોંચાડે છે; પણ હે નન્દિની ! તું ક્યાં છું ? **(૩–૧૪)**

સીતા– આ તો આર્યપુત્રના અત્યંત ઊંડા સ્નેહને દર્શાવનાર, આનંદ (રસ) ટપકાવનારા અને અમૃત–ભર્યા પ્રલાપો છે. જેની પ્રતીતિ થતાં, અકારણ પરિત્યાગ થયાનું શલ્ય જેને લાગ્યું છે તેવી મને જન્મ મળ્યાનો લ્હાવો અનુભવાય છે.

રામ– અથવા, (અહીં) પ્રિયતમા ક્યાંથી હોય ? ખરેખર, સતત સંકલ્પ કર્યા કરવાની પટુતાથી ઊભો થયેલો આ, રામભદ્રનો ભ્રમ છે.

(નેપથ્યમાંથી–)

અરે ! મોટો પ્રમાદ થઈ ગયો... પ્રમાદ...

("સીતાદેવીએ પોતાના હાથ વડે તોડીને આપેલા સલ્લકી વૃક્ષનાં પાંદડાઓથી"...**૩–૯** શ્લોકને ફરીથી ઉચ્ચારવામાં આવે છે.)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

रामः – (सकरुणौत्सुक्यम्) किं तस्य ?

(पुनर्नेपथ्ये 'वध्वा सार्धं' इत्युत्तरार्द्धं पठ्यते ।)

***सीता*–** *को दाणिं अहि उज्जिरस्सदि ? [क इदानीमभियोक्ष्यते ?]*

रामः – क्वासौ क्वासौ दुरात्मा यः प्रियायाः पुत्रकं वधूद्वितीयमभिभवति ? (इत्युत्तिष्ठति) ।

(प्रविश्य)

वासन्ती– (सम्भ्रान्ता) कथं देवो रघुनन्दनः ?

***सीता*–** *हा कहं मे पिअसही वासंती ? [हा कथं मे प्रियसखी वासन्ती ?]*

वासन्ती– जयतु जयतु देवः ।

रामः – (निरूप्य) कथं देव्याः प्रियसखी वासन्ती ?

वासन्ती– देव ! त्वर्यतां त्वर्यताम् । इतो जटायुशिखरस्य दक्षिणेन सीता–तीर्थेन गोदीवरीमवतीर्य सम्भावयतु देव्याः पुत्रकं देवः ।

***सीता*–** *हा ताद जटाओ सुण्णं तुए विना इदं जणट्ठाणम् । [हा तात जटायो ! शून्यं त्वया विनेदं जनस्थानम् ।]*

रामः – अहह !! हृदयमर्मच्छिदः खल्वमी कथोद्घाताः ।

वासन्ती– इत इतो देवः ।

***सीता*–** *भअवदि, सच्चं एव्व वणदेवदा पि मं न पेक्खंदि । [भगवति ! सत्यमेव वनदेवता अपि मां न प्रेक्षन्ते ।]*

***तमसा*–** *अयि वत्से ! सर्वदेवताभ्यः प्रकृष्टतममैश्वर्यं मन्दाकिनी-देव्यास्तत् किमित्याशङ्कसे ?*

***सीता*–** *तदो अणुसरम्ह । [ततोऽनुसराव: ।]*

(इति परिक्रामति)

रामः – भगवति गोदावरि ! नमस्ते ।

वासन्ती– (निरूप्य) देव ! मोदस्व विजयिना वधूद्वितीयेन देव्याः पुत्रकेण ।

रामः – विजयतामायुष्मान् ।

***सीता*–** *अम्हहे ईदिसो मे पुत्तओ संवुत्तो । [अहो ! ईदृशो मे पुत्रकः संवृत्तः ।]*

रामः – हा देवि ! दिष्ट्या वर्धसे ।

येनोद्गच्छद्बिसकिसलयस्निग्धदन्ताङ्कुरेण
व्याकृष्टस्ते सुतनु ! लवलीपल्लवः कर्णमूलात् ।
सोऽयं पुत्रस्तव मदमुचां वारणानां विजेता
यत्कल्याणं वयसि तरुणे भाजनं तस्य जातः ॥१५॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

રામ– (કરુણતા ભરી ઉત્સુકતા સાથે) તેનું શું થયું ? (ફરીથી નેપથ્યમાંથી "તે પોતાની પત્નીની સાથે"... **૩–૬**નો ઉત્તરાર્ધ બોલાય છે.)

સીતા– હવે એની સામે કોણ યુદ્ધે ચઢશે ?

રામ– ક્યાં છે એ દુરાત્મા ? જે (મારી)પ્રિયાના, પરણેતર સહિતના નાનકડા પુત્રની ઉપર આક્રમણ કરી રહ્યો છે, તે ક્યાં છે ? [આમ બોલીને, એકદમ ઊભા થઈ જાય છે.]

(પ્રવેશ કરીને–)

વાસન્તી– (ગભરાટ સાથે) શું દેવ રઘુનંદન (આવી ગયા) ?!

સીતા– અરે ? શું મારી પ્રિયસખી વાસન્તી (અહીં) ?

વાસન્તી– દેવનો જય થાવ, જય થાવ.

રામ– (જોઈને) શું, દેવી (સીતા)ની પ્રિયસખી વાસન્તી (છે આ) ?!

વાસન્તી– દેવ ! ઉતાવળ કરો...ઉતાવળ કરો. અહીંથી જટાયુ–શિખરની દક્ષિણે સીતા–તીર્થ બાજુથી ગોદાવરી–નદીમાં ઉતરીને, દેવી(સીતા)ના એ પુત્રસમા (ગજરાજ)ને દેવ બચાવી લે.

સીતા– હા, તાત જટાયુ ! તમારા વિનાનું આ જનસ્થાન સૂનું સૂનું લાગે છે.

રામ– અરરર... આ બધા ઘટનાચક્રો હૃદયના મર્મસ્થાનને છેદનારા છે.

વાસન્તી– દેવ ! આ તરફ...આ તરફ...

સીતા– ભગવતી, શું સાચે જ વનદેવતા પણ મને નહીં જોઈ શકે ?

તમસા– અરે દીકરી ! બીજી બધી દેવતાઓ કરતાં મંદાકિની (ગંગા) દેવીનું ઐશ્વર્ય ઘણું જ ચઢિયાતું છે; તો પછી તારે શંકા રાખવાની શી જરૂર છે ?

સીતા– તો પછી આપણે એમની પાછળ પાછળ જઈએ.

(રંગભૂમિ ઉપર પરિક્રમણ કરે છે.)

રામ– ભગવતી ગોદાવરી ! તમોને નમસ્કાર હજો.

વાસન્તી– (જોઈને) દેવ ! દેવી સીતાના પરણેતર સહિતના પુત્ર–સંમા વિજયી બનેલા (ગજરાજ) થકી આનંદિત થાવ.

રામ– આયુષ્માન્‌નો વિજય થાવ.

સીતા– ઓ હો....હો. ! મારો નાનકડો દીકરો આટલો મોટો થઈ ગયો ?!

રામ– અરે દેવી ! તમોને અભિનંદન !

હે સુતનુ ! જેણે બહાર ઉપસી આવેલા મૃણાલ–કિસલય જેવા સુંવાળા દંતશૂળ વડે તારા કર્ણ–પ્રદેશમાંથી લવલીલતાનું પાંદડું ખેંચી કાઢ્યું હતું, તે આ મદ–ઝરતાં (અન્ય) હાથીઓનો વિજેતા બનેલો તારો દીકરો આજે તરુણ ઉંમરમાં (યુવાવસ્થામાં) જે કલ્યાણ(મળવું જોઈએ, તે)નું તે ભાજન બન્યો છે. **(૩–૧૫)**

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

सीता– अविउत्तो दाणिं अअं दीहाऊ इमाए सोम्मदंसणाए होदु । [अवियुक्त इदानीमयं दीर्घायुरनया सौम्यदर्शनया भवतु ।]

रामः – सखि वासन्ति ! पश्य पश्य कान्तानुवृत्तिचातुर्यमपि शिक्षितं वत्सेन।

लीलोत्खातमृणालकाण्डकवलच्छेदेषु सम्पादिताः
पुष्यत्पुष्करवासितस्य पयसो गण्डूषसङ्क्रान्तयः ।
सेकः शीकरिणा करेण विहितः कामं विरामे पुन–
र्यत्स्नेहादनरालनालनलिनीपत्रातपत्रं धृतम् ॥१६॥

सीता– भअवदि तमसे ! अयं दाव ईदिसो जादो । दे उण ण जाणामि कुसलवा एत्तिएण कालेण कीरिसा संवुत्तेत्ति । [भगवति तमसे ! अयं तावदीदृशो जातः । तौ पुनर्न जानामि कुशलवावेतावता कालेन कीदृशौ संवृत्ताविति ।]

तमसा– यादृशोऽयं तादृशौ तावपि ।

सीता– ईदिसी अहं मंदभाइणी जाएण केवलं णिरसहो अज्जउत्तविरहो पुत्तविरहो वि । [ईदृश्यहं मन्दभागिनी यस्या न केवलं निःसह आर्यपुत्रविरहः पुत्रविरहोऽपि ।]

तमसा– भवितव्यतेयमीदृशी ।

सीता– किंवा मए पसूदाए जेण तादिसंवि मह पुत्तआणं ईसि विरलकोमलधवल-दसणुज्जलकपोलं अणुबद्धमुद्धकाअलीविहसिदं णिबद्धकाकसिहंडअं अमलमुहपुंडरी-अजुअलं ण परिचुम्बिअं अज्जउत्तेण । [किं वा मया प्रसूतया येन तादृशमपि मम पुत्रकयोरीषद्विरलकोमलधवलदशनोज्ज्वलकपोलमनुबद्धमुग्धकाकलीविहसितं निबद्धकाकशिखण्डकम् अमलमुखपुण्डरीक-युगलं न परिचुम्बितमार्यपुत्रेण ।]

तमसा– अस्तु देवताप्रसादात् ।

सीता– भअवदि तमसे ! एदिणा अवच्चसंसुमरणेण उस्ससिदपण्हु-दत्थणी दाणिं वच्चाणं पिदुणो संणिहाणेण खणमेत्तं संसारिणीम्हि संवुत्ता । [भगवति तमसे ! एतेनापत्यसंस्मरणेनोच्छ्वसितप्रस्नुतस्तनी इदानी वत्सयोः पितुः सन्निधानेन क्षणमात्रं संसारिण्यस्मि संवृत्ता ।]

तमसा– किमत्रोच्यते ? प्रसवः खलु प्रकर्षपर्यन्तः स्नेहस्य । परं चैतदन्योन्यसंश्लेषणं पित्रोः ।

अन्तःकरणतत्त्वस्य दम्पत्योः स्नेहसंश्रयात् ।
आनन्दग्रन्थिरेकोऽयम् अपत्यमिति बध्यते ॥१७॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

સીતા– હવે આ દીર્ઘાયુ (ગજબાળ) પોતાની સૌમ્ય દર્શનવાળી પત્નીથી (ક્યારેય) છુટો ન પડે.

રામ– સખી વાસન્તી ! જુવો...જુવો...દીકરાએ પોતાની કાન્તાનું અનુવર્તન કેમ કરવું ? એનું ચાતુર્ય પણ શીખી લીધું છે !

(જેમકે–)

ક્રીડા.રૂપે ઉખાડેલ કમળ–દાંડીઓના કોળિયા ભરાવ્યા પછી (અન્તે), ખીલી રહેલાં કમળોથી સુવાસિત થયેલ જળને સૂંઢમાં ભરીને (હાથણીના મુખમાં) સંક્રાન્ત કરી આપ્યાં છે ! ત્યાર પછી તેણે વચ્ચે અટકીને, પાણી ઉડાડતી સૂંઢ વડે (તેની ઉપર) યથેચ્છ જલ છંટકાવ પણ કર્યો ! વળી, સ્નેહને કારણે સીધી નાળવાળા નલિનીપત્રને (તડકો દૂર કરનાર) છત્ર રૂપે [તે હાથણીની ઉપર] ધારણ કરી રાખ્યું છે ! **(૩–૧૬)**

સીતા– હે ભગવતી તમસા ! આ (ગજબાળ) આટલો (મોટો) થઈ ગયો ! પણ તે બે કુશ–લવ આટલા સમયમાં કેટલા મોટા થઈ ગયા હશે ? તેની મને ખબર નથી.

તમસા– જેટલો મોટો આ (ગજબાળ) થયો છે, એટલા જ મોટા તે બે પણ થઈ ગયા હશે.

સીતા– હું તો એટલી મંદભાગ્યવાળી છું કે જેને કેવળ અસહ્ય એવો આર્યપુત્રનો જ વિરહ નથી, પણ જેને પુત્રવિરહ પણ છે.

તમસા– આ આવી જ ભવિતવ્યતા હશે.

સીતા– મારાં બે નાનકડાં પુત્રોના નાના અને આછા, કોમળ તથા ધવલ દાંતોથી ઉજ્જવળ બનેલા ગાલવાળાં, મુગ્ધ ખીલખીલાટ હાસ્ય કરતાં, ઉડતી લટોવાળાં અને નિર્મળ જોડિયાં એવાં બે મુખકમળોને આર્યપુત્રે જો હજુ સુધી ચુંબન ન કર્યું હોય; તો મેં (કોઈને) જન્મ આપ્યો હોય તોય શું ?

તમસા– દેવતાઓની કૃપાથી તે પણ થશે.

સીતા– ભગવતી તમસા ! આમ સંતાનોના સ્મરણ થકી ઉચ્છ્વસિત અને દૂગ્ધસ્રાવ થયેલ વક્ષઃસ્થળવાળી બનેલી હું અત્યારે બે દીકરાઓના પિતાની હાજરીને કારણે ક્ષણભર તો સંસારિણી (પૂરા કુટુંબવાળી) બની ગઈ છું.

તમસા– એમાં કહેવાનું જ શું હોય ? સ્નેહની ઉચ્ચતમ સીમાએ જ (બાળકોનો) જન્મ થતો હોય છે. માત–પિતાને પરસ્પરમાં જોડી રાખનારું પણ તે (બાળક) જ પરમ પરિબળ હોય છે.

દમ્પતીનો સ્નેહ ઠરી ઠામ થતાં એમના અંતઃકરણ રૂપી તત્ત્વની જે એક આનંદ–ગ્રંથિ બંધાતી હોય છે, તે આ "અપત્ય" એવા નામે ઓળખાતી હોય છે. **(૩–૧૭)**

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

वासन्ती– इतोऽपि देवः पश्यतु–

अनुदिवसमवर्धयत् प्रिया ते यमचिरनिर्गतमुग्धलोलबर्हम् ।
मणिमुकुट इवोच्छिखः कदम्बे नदति स एष वधूसखः शिखण्डी ॥१८॥

सीता– *(सकौतुकस्नेहासम्) एसो सो एसो सो [एष स एष सः]*

रामः – मोदस्व वत्स ! मोदस्व ।

सीता– *एव्वं होदु । [एवं भवतु ।]*

रामः – भ्रमिषु कृतपुटान्तर्मण्डलावृत्तिचक्षुः
प्रचलितचटुलभ्रूताण्डवैर्मण्डयन्त्या ।
करकिसलयतालैर्मुग्धया नर्त्यमानं
सुतमिव मनसा त्वां वत्सलेन स्मरामि ॥१९॥

हन्त ! तिर्यञ्चोऽपि परिचयमनुरुन्धते ।

कतिपयकुसुमोद्गमः कदम्बः
प्रियतमया परिवर्धितोऽयमासीत् ।

सीता– *(निरूप्य सास्रम्) सुट्ठु पच्चहि आणिदं अज्जउत्तेण । [सुष्ठु प्रत्यभिज्ञातमार्यपुत्रेण ।]*

रामः – स्मरति गिरिमयूर एष देव्याः
स्वजन इवात्र यतः प्रमोदमेति ॥२०॥

वासन्ती– अत्र तावदासनपरिग्रहं करोतु देवः ।

(राम उपविशति)

वासन्ती– एतत्तदेव कदलीवनमध्यवर्ति
कान्तासखस्य शयनीयशिलातलं ते ।
अत्र स्थिता तृणम् अदाद् बहुशो यदेभ्यः
सीता, ततो हरिणकैर्न विमुच्यते स्म ॥२१॥

रामः – इदं तावदशक्यमेव द्रष्टुम् (इत्यन्यतो रुदन्नुपविशति) ।

सीता– *सहि वासंति ! किं तुए किदं अज्जउत्तस्स मह अ एदं दंसअंतीए । हद्धी हद्धी ! सो एव्व अज्जउत्तो । तं एव्व पञ्चवडीवणं । सा एव्व पिअसही वासंदी, दे एव्व विविहविस्सम्भसक्खिणो गोदावरीकाणणुद्देसा, दे एव्व जादणिव्विसेसा मिअपक्खिपाअवा, सा ज्जेव चाहं । मह उण मंदभाइणीए दीसंतं वि सव्वं एव्व एदं णत्थित्ति ता ईदिसो जीअलोअस्स परिवत्तो । [सखि वासन्ति ! किं त्वया कृतमार्यपुत्रस्य मम चैतद् दर्शयन्त्या । हा धिक् ! हा धिक् ! स एवार्यपुत्रः, सैव प्रियसखी वासन्ती, त एव विविधविस्रम्भसाक्षिणो गोदावरीकाननोद्- देशाः, त एव जातनिर्विशेषा मृगपक्षिपादपाः, सैव चाहम् । मम पुनर्मन्दभाग्याया दृश्यमानमपि सर्वमेवैतन्नास्तीति तदीदृशो जीवलोकस्य परिवर्तः ।]*

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

વાસન્તી— દેવ જરા આ બાજુ પણ જુવો...

હમણાં જ ફુટી નીકળેલા સુન્દર અને ચંચળ પીંછાવાળા જે (મયૂર)ને તમારી પ્રિયાએ દિવસે દિવસે ઉછેર્યો હતો, તે જ આ ઊંચે જતાં કિરણોથી યુક્ત એવા મણિમુકુટ સમાન ઊંચી થયેલી શિખાવાળો મયૂર (= શિખંડી) પોતાની પત્ની રૂપી સખીની સાથે કદમ્બવૃક્ષ ઉપર ટહુકી રહ્યો છે. **(૩.૧૮)**

સીતા— (કૌતુક અને સ્નેહથી ભરેલાં આંસુ સાથે) આ તે જ છે; આ તે જ છે.

રામ— મજા કર, દીકરા ! તું મજા કર.

સીતા— એમ જ થાવ.

રામ— (તને ચક્રાકારે ગોળ—ગોળ) ભ્રમણ કરાવતી વખતે, પલકારાની વચ્ચે મંડલાકારે આવર્તન લેતાં ચક્ષુને હાલી ઊઠેલી સુંદર ભ્રૂકુટિના નાચ વડે સુશોભિત કરી રહેલી મુગ્ધા (સીતા) વડે, હાથ રૂપી કિસલયોના તાલથી નચાવાઈ રહેલા તને (હું) વત્સલ મનથી દીકરાની જેમ યાદ કરી રહ્યો છું. **(૩—૧૯)**

અહો ! પશુ—પંખીઓ પણ પરિચયને અનુસરે છે.

કેટલાંક પુષ્પો જેમાં ખીલ્યાં છે તેવો આ કદમ્બનો છોડ પણ પ્રિયતમાએ ઉછેર્યો હતો.

સીતા— (જોઈને, આંસુ સાથે) આર્યપુત્રે ઠીક ઓળખી કાઢ્યો.

રામ— દેવી (સીતા)નો આ ગિરિમયૂર પોતાના સ્વજન તરીકે આ (કદમ્બ)ને યાદ કરે છે; કેમકે એનાથી તે આનંદ પામી રહ્યો છે. **(૩—૨૦)**

વાસન્તી— દેવ અહીંયા આસન—ગ્રહણ કરો.

(રામ બેસે છે.)

વાસન્તી— કાન્તા જ જેની સખી હતી એવા તમારું આ તે જ કદલી—વનની વચ્ચે આવેલું સૂવા માટેનું શિલાતલ છે. એની ઉપર બેઠેલી સીતાએ ઘણીવાર આ (વન્ય પશુઓ)ને ઘાસ નીર્યું હતું; અને તેથી કરીને જ હરણાંઓ વડે આ (શિલાતલ)ને છોડવામાં આવ્યું નથી. **(૩—૨૧)** [અથવા—ઘાસ નીરતી હતી, અને તેથી નાનાં હરણો તે સીતાને છોડતાં ન હતાં; = એ (સીતા)ને ઘેરીને રહેતાં હતાં.]

રામ— આ (શિલાતલ)ને જોવું અશક્ય જ છે. (એમ બોલીને રડતાં રડતાં બીજે જઈને બેસે છે.)

સીતા— સખી વાસન્તી ! આર્યપુત્રને અને મને આ (શિલાતલ) બતાવીને તેં શું કર્યું ? હા ધિક્ ! હા ધિક્ ! આ એ જ આર્યપુત્ર છે; અને આ તે જ પ્રિયસખી વાસન્તી છે; આ તે જ વિવિધ એકાંતની પળોના સાક્ષીભૂત એવા ગોદાવરીની આસપાસના જંગલના પ્રદેશો છે, તથા એ જ મારા જણ્યા પુત્રોથી જરીકેય જુદા નહીં એવાં મૃગલાં, પક્ષીઓ અને વૃક્ષો છે; અને હું પણ એની એ જ છું. પણ મંદભાગિની એવી મારે માટે બધું સામે દેખાતું હોવા છતાંય જાણે કશું જ નથી—એમ જ (સમજવાનું) છે; તો આ જીવલોક (મારે માટે) આટલો બધો બદલાઈ ગયો છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

वासन्ती– सखि सीते ! कथं न पश्यसि रामभद्रस्यावस्थाम् ?

नवकुवलयस्निग्धैरङ्गैर्ददन्नयनोत्सवं
सततमपि नः स्वेच्छादृश्यो नवो नव एव यः ।
विकलकरणः पाण्डुच्छायः शुचा परिदुर्बलः
कथमपि स उन्नेतव्यस्तथापि दृशोः प्रियः ॥२२॥

सीता– *पेक्खामि सहि, पेक्खामि । [प्रेक्षे, सखि ! प्रेक्षे ।]*

तमसा– *पश्यन्ती प्रियं भूयाः ।*

सीता– *हा देव्व एसो मए विना अहंवि एदेण विनेत्ति सिविणे वि केण संभाविदं आसि । ता मुहुत्तमेत्तं जम्मंतरादो विअ लद्धदंसणं बाहसलिलंतरेसु पेक्खामि दाव वच्छलं अज्जउत्तं । (इति पश्यन्ती स्थिता) । [हा दैव ! एष मया विनाऽहमप्येतेन विनेति स्वप्नेऽपि केन सम्भावितमासीत् । तन्मुहूर्तमात्रं जन्मान्तरादिव लब्धदर्शनं बाष्पसलिलान्तरेषु पश्यामि तावद् वत्सलमार्यपुत्रम् ।]*

तमसा– *(परिष्वज्य सास्रम्)*

विलुलितमतिपूरैर्बाष्पमानन्दशोक–
प्रभवमवसृजन्ती तृष्णयोत्तानदीर्घा ।
स्नपयति हृदयेशं स्नेहनिष्यन्दिनी ते
धवलबहलमुग्धा दुग्धकुल्येव दृष्टिः ॥ २३॥

वासन्ती– **ददतु तरवः पुष्पैरर्घ्यं फलैश्च मधुश्च्युतः**
स्फुटितकमलामोदप्रायाः प्रवान्तु वनानिलाः ।
कलमविरलं रज्यत्कण्ठाः क्वणन्तु शकुन्तयः
पुनरिदमयं देवो रामः स्वयं वनमागतः ॥२४॥

रामः – एहि सखि वासन्ति ! नन्वितः स्थीयताम् ।

वासन्ती– (उपविश्य, सास्रम्) महाराज ! अपि कुशलं कुमारलक्ष्मणस्य ।

रामः – (अश्रुतिमभिनीय)–

करकमलवितीर्णैरम्बुनीवारशष्पै–
स्तरुशकुनिकुरङ्गान् मैथिली यानपुष्यत् ।
भवति मम विकारस्तेषु दृष्टेषु कोऽपि
द्रव इव हृदयस्य प्रस्तरोद्भेदयोग्यः ॥२५॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

વાસન્તી— સખી સીતા ! તું રામભદ્રની અવસ્થાને કેમ જોતી નથી ?—

(પહેલાંના સમયમાં) જે નવાં કુવલય પુષ્પો જેવાં સ્નિગ્ધ અંગો વડે નયનોને ઉત્સવ પૂરો પાડતાં હતા, વળી અમને નિરંતરપણે યથેચ્છ જોવા મળી શકતા હતા અને જે (હંમેશા) નવાને નવા જ લાગતા હતા. તે આજે વિકલેન્દ્રિય બની ગયેલા, ફિક્કી પડી ગયેલી કાન્તિવાળા અને શોકથી ખાસ્સા દુબળા પડી ગયેલા છે; અને આથી મહામુશ્કેલીએ ઓળખી શકાય એવા રહ્યા છે; અલબત્ત, તો પણ આંખોને જોવા ગમે તેવા તે છે જ ! **(૩—૨૨)**

સીતા— જોઉં છું, સખી ! (તેમને) જોઉં છું.

તમસા— પ્રિયને (સતત) જોતી રહેનારી બની રહે.

સીતા— હા દૈવ ! આ મારા વિના અને હું પણ એમના વિનાની (બની જઈશ) એવું સ્વપ્ને પણ કોણે વિચાર્યું હશે ? તો ઘડી ભર પણ, જાણે બીજા જ જન્મે જેમનું દર્શન પામી છું તેવા વત્સલ આર્યપુત્રને, અશ્રુજળની વચ્ચે વચ્ચે જોઈ લઉં. (આમ બોલીને જોતી જોતી ઊભી રહે છે.)

તમસા— (ભેટીને, આંસુ સાથે)—

મોટા પૂરને કારણે વિખરાઈ ગયેલ, આનંદ અને શોકમાંથી ઉદ્ભવેલ આંસુને સારતી; (દર્શન)તૃષ્ણાથી ઉપરની તરફ વિસ્તૃત થયેલી; સ્નેહને ટપકાવનારી તારી અતિશય શુભ્ર અને સુન્દર એવી દૂધની ધારા જેવી દૃષ્ટિ હૃદયેશ (રામ)ને જાણે નવડાવે છે. **(૩—૨૩)**

વાસન્તી— મધને ટપકાવનારાં વૃક્ષો (પોતાનાં) પુષ્પો અને ફળો વડે (રામને) અર્ઘ્ય આપો; વિકસેલાં કમળોના પરિમલથી ભરેલા વનના પવનો ફૂંકાવો; તથા આ રાગયુક્ત કંઠવાળા પક્ષીઓ અટક્યા વિના કલરવભર્યું કૂજન કરો. કેમકે આ દેવ રામ (આજે સામે ચાલીને) જાતે ફરીથી વનમાં આવ્યા છે. **(૩—૨૪)**

રામ— ચાલો, સખી વાસન્તી ! આવો, અહીં બેસવામાં આવે.

વાસન્તી— (બેસીને, આંસુ સાથે) મહારાજ ! શું કુમાર લક્ષ્મણ કુશળ તો છે ને ?

રામ— (સાંભળ્યું ન હોય તેવો અભિનય કરીને)

મૈથિલીએ જે વૃક્ષો, પક્ષીઓ અને મૃગલાંઓને (પોતાનાં) કરકમળથી આપેલાં જળ, નીવાર (દાણાં) અને કોમળ ઘાસથી પાળ્યાં—પોષ્યાં હતાં; તેમને જોતાં જ મને પત્થરને પણ ચીરી નાંખવા સમર્થ હોય તેવો હૃદયના દ્રવ સમો કોઈક અવર્ણનીય વિકાર થઈ આવે છે. **(૩—૨૫)**

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

वासन्ती– महाराज ! ननु पृच्छामि, अपि कुशलं कुमारलक्ष्मणस्येति ।

रामः – (आत्मगतम्) अये महाराजेति निष्प्रणयमामन्त्रणपदं सौमित्रिमात्रे च बाष्पस्खलिताक्षरः कुशलप्रश्नः । तथा मन्ये विदितसीतावृत्तान्तेयमिति । (प्रकाशम्) आं कुशलं कुमारस्य ।

वासन्ती– (रुदती) अयि देव ! किं परं दारुणः खल्वसि ?

सीता– *सहि वासंदि, किं तुमं एव्वंवादिणी होसि । पिआरुहो क्खु सव्वस्स अज्जउत्तो विसेसदो मह पिअसहीए । [सखि वासन्ति ! किं त्वमेवं–वादिनी भवसि ? प्रियार्हः खलु सर्वस्यार्यपुत्रो विशेषतो मम प्रियसख्याः ।]*

वासन्ती– **त्वं जीवितं त्वमसि मे हृदयं द्वितीयं**
त्वं कौमुदी नयनयोरमृतं त्वमङ्गे ।
इत्यादिभिः प्रियशतैरनुरुध्य मुग्धां
तामेव शान्तमथवा किमिहोत्तरेण ॥२६॥

(इति मुह्यति)

तमसा– *स्थाने वाक्यनिवृत्तिर्मोहश्च ।*

रामः – सखि ! समाश्वसिहि, समाश्वसिहि ।

वासन्ती– (समाश्वस्य) तत्किमिदमकार्यमनुष्ठितं देवेन ?

सीता– *सहि वासंदि ! विरम विरम [सखि वासन्ति ! विरम विरम]*

रामः – लोको न मृष्यति ।

वासन्ती– कस्य हेतोः ?

रामः – स एव जानाति किमपि ।

तमसा– *चिरादुपालम्भः ।*

वासन्ती–

अयि कठोर यशः किल ते प्रियं किमयशो ननु घोरमतः परम् ।
किमभवद्विपिने हरिणीदृशः कथय नाथ कथं बत मन्यसे ॥२७॥

सीता– *तुमं एव्व सहि वासंदि, दारुणा कठोरा अ जा एव्वं अज्जउत्तं पलित्तं पदीवेसि । [त्वमेव सखि वासन्ति ! दारुणा कठोरा च यैवमार्यपुत्रं प्रदीप्तं प्रदीपयसि ।]*

तमसा– *प्रणय एवं व्याहरति शोकश्च ।*

रामः – सखि ! किमत्र मन्तव्यम् ?

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

વાસન્તી— અરે મહારાજ ! પૂછું છું કે શું કુમાર લક્ષ્મણ કુશળ તો છે ને ?

રામ— (આત્મગત) "મહારાજ" એવું પ્રેમ વિનાનું સંબોધન, તથા કેવળ સુમિત્રાના પુત્ર (લક્ષ્મણ) વિશે જ, આંસુ સાથે ગદ્ગદ્ અવાજ સાથેનો કુશળ પ્રશ્ન કરવામાં આવી રહ્યો છે; તેથી મને લાગે છે કે આને સીતાના વૃત્તાન્તની ખબર પડી ગઈ છે.

(મોટેથી) હા, કુમાર કુશળ છે.

વાસન્તી— (રડતી રડતી) અરે દેવ ! તમે કેમ અત્યંત કઠોર બન્યા છો ?

સીતા— સખી વાસન્તી ! તું આવું બોલનારી કેમ બની છું ? આર્યપુત્ર તો બધાનાં, વિશેષ કરીને મારી પ્રિયસખીનાં, પ્રિયવચનોને જ યોગ્ય છે.

વાસન્તી— "તું (જ) મારું જીવન છે, તું (જ) મારું બીજું હૃદય છે; તું (મારાં) બે નયનોની કૌમુદી છે; (મારા) અંગ ઉપર અમૃત (લેપ) છું "— એવાં એવાં સેંકડો પ્રિયવચનોથી તે ભોળીને ફોસલાવીને, તેને જ .....? અથવા, બસ રહેવા દો; આગળ બોલીને શું ફાયદો ? **(૩–૨૬)**

(આટલું બોલીને મૂર્ચ્છિત થઈ જાય છે.)

તમસા— બહુ યોગ્ય જગ્યાએ જ વાક્ય અટકી ગયું અને મૂર્ચ્છા પણ વળી ગઈ !

રામ— સખી ! આશ્વાસન પામો, આશ્વાસન પામો...

વાસન્તી— (આશ્વાસન પામીને) તો પછી દેવે આવું અકાર્ય કેમ કર્યું ?

સીતા— સખી વાસન્તી ! અટકી જા, અટકી જા.

રામ— લોકો માફ ન કરે માટે.

વાસન્તી— શા કારણે (માફ ન કરે) ?

રામ— એની તો એમને જ કંઈક ખબર છે.

તમસા— ઘણા લાંબા સમય પછી ઉપાલંભ આવ્યો.

વાસન્તી— અરે કઠોર ! સાંભળ્યું છે કે તમોને યશ ઘણો પ્રિય છે, પણ આનાથી વધીને બીજો ક્યો ઘોર અપયશ હોઈ શકે ? હરિણીનાં જેવા લોચનવાળીનું તે (સીતા)નું જંગલમાં શું થયું હશે ? કહો, નાથ ! તમો શું માનો છો ? **(૩–૨૭)**

સીતા— તું જ, સખી વાસન્તી ! તું જ, દારુણ અને કઠોર છું; કે જે બળી–જળી ગયેલા આર્યપુત્રને આ રીતે (ફરીથી) સળગાવી રહી છું.

તમસા— (તારા તરફનો) પ્રેમ અને (એના મનનો) શોક તેની પાસે આમ બોલાવે છે.

રામ— સખી ! આમાં શું વિચારવાનું હોય ?

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri

त्रस्तैकहायनकुरङ्गविलोलदृष्टे-
स्तस्याः परिस्फुरितगर्भभरालसायाः ।
ज्योत्स्नामयीव मृदुबालमृणालकल्पा
क्रव्याद्भिरङ्गलतिका नियतं विलुप्ता ॥२८॥

सीता– *अज्जउत्त, धरामि एसा धरामि । [आर्यपुत्र ! ध्रिये एषा ध्रिये ।]*

रामः – हा प्रिये जानकि ! क्वासि ?

सीता– *हद्धी ! हद्धी ! अण्णो विअ अज्जउत्तो प्रमुक्ककण्ठं रोइदि । [हा धिक् ! हा धिक् ! अन्य इवार्यपुत्रः प्रमुक्तकण्ठं रोदिति ।]*

तमसा– *वत्से ! साम्प्रतिकमेवैतत् । कर्त्तव्यानि खलु दुःखितैर्दुःखनिर्वापणानि ।*

पूरोत्पीडे तटाकस्य परीवाहः प्रतिक्रिया ।
शोकक्षोभे च हृदयं प्रलापैरेव धार्यते ॥२९॥

विशेषतो रामभद्रस्य यस्य बहुतरप्रकारकष्टो जीवलोकः ।

इदं विश्वं पाल्यं विधिवदभियुक्तेन मनसा
प्रियाशोको जीवं कुसुममिव घर्मो ग्लपयति ।
स्वयं कृत्वा त्यागं विलपनविनोदोऽप्यसुलभ-
स्तदद्याप्युच्छ्वासो भवति ननु लाभो हि रुदितम् ॥३०॥

रामः – कष्टं भोः ! कष्टम् ।

दलति हृदयं गोढोद्वेगं द्विधा तु न भिद्यते
वहति विकलः कायो मोहं न मुञ्चति चेतनाम् ।
ज्वलयति तनूमन्तर्दाहः करोति न भस्मसात्
प्रहरति विधिर्मर्मच्छेदी न कृन्तति जीवितम् ॥३१॥

सीता– *एव्वं ण्णेदं [एवं न्विदम्]*

रामः – हे भगवन्तः पौरजानपदाः !

न किल भवतां देव्याः स्थानं गृहेऽभिमतं तत-
स्तृणमिव वने शून्ये त्यक्ता न चाप्यनुशोचिता ।
चिरपरिचितास्ते ते भावाः परिद्रवयन्ति मा-
मिदमशरणैरद्यास्माभिः, प्रसीदत, रुद्यते ॥३२॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ડરી ગયેલ એક વર્ષના મૃગલા જેવી ચંચળ દૃષ્ટિવાળી અને ફરકતા ગર્ભના ભારથી આળસ ભરેલી તેની, જાણે જ્યોત્સ્નામયી હોય તેવી અને કોમળ બાલમૃગના જેવી અંગ–લતાને નિશ્ચિત જ પેલા માંસભક્ષી પ્રાણીઓએ ફાડી ખાધી હશે. (૩–૨૮)

સીતા– આર્યપુત્ર ! જીવતી રહી છું; આ જીવી રહી છું.

રામ– હા પ્રિય જાનકી ! તું ક્યાં છે ?

સીતા– હા ધિક્...હા ધિક્...કોઈ સામાન્ય વ્યક્તિ હોય તેમ આર્યપુત્ર છુટે મોંઢે રડી રહ્યા છે.

તમસા– દીકરી ! અત્યારે તો આ જ ઉચિત છે. દુઃખી માણસોએ (આ રીતે) દુઃખનું નિવારણ કરવું જ જોઈએ.

તળાવ જ્યારે પૂરના આધિક્યથી પુષ્કળ ભરાઈ ગયું હોય ત્યારે, (તેનું પાણી બહાર) વહેવડાવી દેવું એ જ ઉપાય છે. હૃદય શોકથી ક્ષુબ્ધ થતાં, (કેવળ) ખૂબ રડવાથી જ ધારણ કરી શકાય છે. (૩–૨૯)

(આ વાત) વિશેષ રૂપે રામભદ્રને માટે વધારે સાચી છે, કે જેમને માટે આ જીવલોક ઘણા મોટા પ્રકારના કષ્ટોથી ભરેલો બન્યો છે.

તેમણે તો, ખૂબ સાવધાની રાખતા મન વડે વિધિપૂર્વક આ વિશ્વનું પાલન કરવાનું છે. પ્રિયા માટેનો શોક રૂપી તડકો જીવનરૂપી કુસુમને કરમાવી રહ્યો છે. (સીતાનો) પોતે જ ત્યાગ કર્યા પછી, (એમને માટે) વિલાપ કરવા રૂપી વિનોદન પણ સુલભ રહ્યું નથી. તો પણ હજી આજેય શ્વાસોચ્છ્‌વાસ તો ચાલે છે. તેથી અનુમાની શકાય છે કે રુદન ખરેખર લાભપ્રદ છે. (૩–૩૦)

રામ– કષ્ટદાયક છે, અરે ! આ કષ્ટદાયક છે.

ગાઢ ઉદ્વેગવાળું હૃદય દળાઈ જાય છે, પણ એ બે ટૂકડામાં ફાટી પડતું નથી. આકળ–વિકળ થઈ ગયેલી કાયા મૂર્ચ્છા પામે છે; પણ ચેતનાને છોડી દેતી નથી. આંતરિક દાહ શરીરને બાળી કાઢે છે, પણ તેને પૂરેપૂરું ભસ્મસાત્ કરતું નથી. મર્મચ્છેદી વિધિ (નસીબ) પ્રહાર કરે છે; પણ જીવનને ઉતરડી કાઢતો નથી. (૩–૩૧)

સીતા– આ વાત આમ જ છે.

રામ– હે મહાનુભાવ સ્વરૂપ નગરવાસીઓ અને જનપદવાસીઓ !

સાંભળ્યું હતું કે દેવી (સીતા)નું (મારા) ઘરમાં રહેવું તમને માન્ય ન હતું, તેથી સૂના વનમાં તેને એક ઘાસના તણખલાની જેમ મેં ત્યજી દીધી હતી; અને પછી એની પાછળ કશો શોક પણ નહોતો કર્યો. પણ (તેના) તે તે ચિરપરિચિત ભાવો, મને દ્રવિત કરી રહ્યા છે. આથી નિરુપાય બનેલા અમારા વડે, રાજી રહેજો (= માફ કરજો); પણ આજે રડી પડાય છે. (૩–૩૨)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

वासन्ती– (स्वगतम्) अतिगम्भीरमापूरणं मन्युसम्भारस्य । (प्रकाशम्) देव ! अतिक्रान्ते धैर्यमवलम्ब्यताम् ।

रामः – सखि ! किमुच्यते धैर्यमिति ।

देव्या शून्यस्य जगतो द्वादशः परिवत्सरः ।
प्रनष्टमिव नामापि न च रामो न जीवति ॥३३॥

सीता– *मोहिदम्हि एदेहिं अज्जउत्तवअणेहिं ।* [*मोहितास्म्येतैरार्यपुत्रवचनैः ।*]

तमसा– *एवमेव वत्से !*

नैताः प्रियतमा वाचः स्नेहार्द्राः शोकदारुणाः ।
एतास्ता मधुनो धाराः श्च्योतन्ति सविषास्त्वयि ॥३४॥

रामः – अयि वासन्ति ! मया खलु–

यथा तिरश्चीनमलातशल्यं प्रत्युप्तमन्तः सविषश्च दंशः ।
तथैव तीव्रो हृदि शोकशङ्कुर्मर्माणि कृन्तन्नपि किं न सोढः ॥३५॥

सीता– *एव्वं म्हि मंदभाइणी पुणोपि आआसआरिणी अज्जउत्तस्स ।* [*एवमस्मि मन्दभागिनी पुनरप्यायासकारिण्यार्यपुत्रस्य ।*]

रामः – एवमतिनिष्कम्पस्तम्भितान्तःकरणस्यापि मम संस्तुततत्तत्प्रिय–वस्तुदर्शनादुद्दामोऽयमावेगः । तथा हि–

लोलोल्लोलक्षुभितकरुणोज्जृम्भणस्तम्भनार्थं
यो यो यत्नः कथमपि मयाऽऽधीयते तं तमन्तः ।
भित्त्वा भित्त्वा प्रसरति बलात् कोऽपि चेतोविकार–
स्तोयस्येवाप्रतिहतरयः सैकतं सेतुमोघः ॥३६॥

सीता– *एदिणा अज्जउत्तस्स दुव्वारदारुणारम्भेण दुक्खसंखोएणपरि– मुसिअणिअदुक्खं किंपि पमुद्धं मे हिअअं ।* [*एतेनार्यपुत्रस्य दुर्वारदारुणारम्भेण दुःखसङ्क्षोभेण परिमुषितनिजदुःखं किमपि प्रमुग्धं मे हृदयम् ।*]

वासन्ती– (स्वगतम्) कष्टमभ्यापन्नो देवः । तदन्यतः क्षिपामि तावत् । (प्रकाशम्) चिरपरिचितानिदानीं जनस्थानभागानवलोकनेन मानयतु देवः ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

વાસન્તી— (સ્વગત) (રામના) દૈન્યનાં કારણો ઘણા ઊંડા અને ભરપૂર ભરેલાં છે. (મોટેથી—) હે દેવ ! બની ચૂકેલી ઘટનાને વિશે ધૈર્યનું અવલંબન કરો.

રામ— સખી ! શું કહ્યું ? "ધૈર્ય (રાખો)" એમ ?

દેવી (સીતા) વિનાના આ જગત્ ને બારમું વર્ષ વીતી રહ્યું છે; અને એ (સીતા)નું નામ પણ જાણે નાશ પામી ચૂક્યું છે; છતાંય રામ જીવતા નથી એમ નહીં. **(૩—૩૩)**

સીતા— આર્યપુત્રનાં આ વચનોથી હું તો મોહિત થઈ ગઈ છું.

તમસા— દીકરી ! એ તો એમ જ હોય.

(એક તરફ) સ્નેહથી આર્દ્ર અને (બીજી તરફ) શોકથી દારુણ બનેલી આ વાણી બહુ પ્રિય લાગતી નથી. કેમકે, મધની આ ધારાઓ તારા ઉપર વિષસમ્પૃક્ત બનીને ટપકી રહી છે. **(૩—૩૪)**

રામ— અરે વાસન્તી ! મેં શું—

જેવી રીતે તિરછું જતું અલાતચક્ર (= વર્તુળાકારે ફરતો અંગારાનો ગોળો) અને વિષયુક્ત (સર્પ)દંશ અંતઃકરણમાં ખૂંપાવી દેવામાં આવ્યો હોય તેવી રીતે હૃદયમાં મારેલો તીવ્ર એવો શોક રૂપી ખીલો, કે જે મર્મસ્થાનોને ચીરી રહ્યો છે, તે પણ શું સહન નથી કર્યો ? **(૩—૩૫)**

સીતા— હું આ રીતે પણ મંદભાગિની છું, કે જે આર્યપુત્રને ફરીથી કલેશ પહોંચાડી રહી છું.

રામ— આ પ્રકારે અતિશય નિષ્કંપ અને અવરુદ્ધ અંતઃકરણવાળો બન્યો હોવા છતાંય મને પૂર્વપરિચિત તે તે પ્રિય વસ્તુઓનું દર્શન થતાં પ્રબળ આવેગ થઈ આવ્યો છે. જેમકે—

ચંચળ મહાતરંગો જેવા ક્ષુભિત થયેલ કરુણના વિસ્તરણને અટકાવવા માટે મારા વડે જે જે પ્રયત્ન કોઈકને કોઈક રીતે કરવામાં આવે છે, તેમને તેમને વચ્ચેથી જ બળપૂર્વક છિન્ન ભિન્ન કરીને કોઈક અવર્ણનીય એવો ચેતોવિકાર એવી રીતે પ્રસરી રહ્યો છે, કે જેવી રીતે ન અટકાવી શકાય એવા વેગવાળો પાણીનો પ્રવાહ રેતીના બનેલા સેતુને ઢસડી જાય. **(૩—૩૬)**

સીતા— આર્યપુત્રના આ દુર્નિવાર દારુણ આરંભવાળા દુઃખના સંક્ષોભ વડે તો જેનું પોતાનું દુઃખ ચોરી લેવામાં આવ્યું છે તેવું મારું હૃદય કંઈક અવર્ણનીય રીતે વિમૂઢ થઈ ગયું છે.

વાસન્તી— (સ્વગત) દેવ ભારે કષ્ટમાં સપડાઈ ગયા છે. તો લાવ એમને બીજી તરફ દોરી જાઉં. (મોટેથી) હવે દેવ પેલા ચિરપરિચિત એવા જનસ્થાનનાં ભાગોને જોવા વડે સત્કારો.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

रामः— एवमस्तु (इत्युत्थाय परिक्रामति)

सीता— *संदीवण एव्व दुक्खस्स पिअसहीए विणोदणोवाओ त्ति तक्केमि । [सन्दीपन एव दुःखस्य प्रियसख्या विनोदनोपाय इति तर्कयामि ।]*

वासन्ती— (सकरुणम्) देव देव !

अस्मिन्नेव लतागृहे त्वमभवस्तन्मार्गदत्तेक्षणः
सा हंसैः कृतकौतुका चिरमभूद् गोदावरीसैकते ।
आयान्त्या परिदुर्मनायितमिव त्वां वीक्ष्य बद्धस्तया
कातर्यादरविन्दकुड्मलनिभो मुग्धः प्रणामाञ्जलिः ॥३७॥

सीता— *दालुणासि वासंति ! दालुणासि, जा एदेहिं हिअअमम्मगूढसल्ल–संघटनेहिं पुणो पुणो वि मं मंदभाइणिं अज्जउत्तं अ संदावेसि । [दारुणासि वासन्ति ! दारुणासि, या एतैर्हृदयमर्मगूढशल्यसङ्घट्टनैः पुनः पुनरपि मां मन्दभागिनीमार्यपुत्रं च सन्तापयसि ।]*

रामः— अयि चण्डि जानकि ! इतस्ततो दृश्यस इव न चानुकम्पसे ।

हा हा देवि ! स्फुटति हृदयं ध्वंसते देहबन्धः
शून्यं मन्ये जगदविरतज्वालमन्तर्ज्वलामि ।
सीदन्नन्धे तमसि विधुरो मज्जतीवान्तरात्मा
विष्वङ्मोहः स्थगयति कथं मन्दभाग्यः करोमि ॥३८॥

(इति मूर्च्छति)

सीता— *हद्धी हद्धी पुणोवि पमूढो अज्जउत्तो । [हा धिक् ! हा धिक् ! पुनरपि प्रमूढ आर्यपुत्रः ।]*

वासन्ती— देव ! समाश्वसिहि, समाश्वसिहि ।

सीता— *अज्जउत्त ! मं मंदभाइणिं उद्दिसिअ सअलजीअलोअमंगलाधरस्स दे वारं वारं संसइदजीविअदालुणो दसापरिणामो त्ति हा हदम्हि । (इति मूर्च्छति) । [आर्यपुत्र ! मां मन्दभागिनीमुद्दिश्य सकलजीवलोकमङ्गलाधारस्य ते वारं वारं संशयितजीवितदारुणो दशापरिणाम इति हा हतास्मि ।]*

तमसा— *वत्से ! समाश्वसिहि, समाश्वसिहि । पुनस्त्वत्पाणिस्पर्श एव सञ्जीवनोपायो रामभद्रस्य ।*

वासन्ती— कथमद्यापि नोच्छ्वसिति । हा प्रियसखि सीते ! क्वासि ? सम्भावयात्मनो जीवितेश्वरम् ।

(सीता ससम्भ्रममुपसृत्य हृदि ललाटे च स्पृशति)

वासन्ती— दिष्ट्या प्रत्यापन्नचेतनो रामभद्रः ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

રામ– સારું, એમ કરીએ. (ઊભા થઈને પરિક્રમણ કરે છે.)

સીતા– પ્રિય સખી (વાસન્તી)નો રામને વિનોદ પહોંચાડવાનો આ ઉપાય, મને લાગે છે કે અંતે તો દુઃખને વધુ સળગાવનાર પૂરવાર થશે.

વાસન્તી– (કરુણતાપૂર્વક) દેવ, ઓ દેવ...

આ જ લતાગૃહની અંદર તમે એ (સીતા)ના આવવાના માર્ગ ઉપર મીંટ માડીને ઊભા રહેતા હતા; પણ તે (સીતા) તો ગોદાવરીના રેતાળ–પટમાં હંસો વડે કૌતુક જન્માવાયેલી હોઈને, લાંબો સમય રોકાઈ રહી હતી. પાછી ફરી રહેલી તે (સીતા) જ્યારે તમને અકળાઈ ગયેલા છો એમ જોતી ત્યારે તેના વડે, ગભરાટથી કમળની કલિકાના જેવી સુન્દર એવી પ્રણામાંજલિ રચવામાં આવી હતી. **(૩–૩૭)**

સીતા– કઠોર છે, વાસન્તી ! તું કઠોર છે. કેમકે હૃદયના મર્મસ્થાનમાં સંતાઈને પડેલા શલ્યને હલબલાવી નાંખનારા આના (વચનો) વડે તું ફરી ફરીને મને મંદભાગિનીને તથા આર્યપુત્રને સંતાપ પહોંચાડી રહી છું.

રામ– અરે ચણ્ડી જાનકી ! અહીં–તહીં જાણે (તું) દેખાઈ રહી છું, પણ અનુકંપા કરતી નથી.

હા....હા...દેવી ! હૃદય ફાટી રહ્યું છે; દેહનું બંધન વિશીર્ણ થઈ રહ્યું છે. મને લાગે છે કે જગત્ શૂન્યમાં સરકી રહ્યું છે; હું અંદરખાનેથી અવિરત જ્વાળાઓથી બળી રહ્યો છું. દુઃખી થતો, વિધુર એવો મારો અન્તરાત્મા જાણે ગાઢ અંધકારમાં ડૂબી રહ્યો છે. મૂર્ચ્છા (મને) ચારે તરફથી ઘેરી રહી છે; હાય, મંદભાગ્યવાળો હું શું કરું ? **(૩–૩૮)**

(રામ મૂર્ચ્છિત થઈ જાય છે.)

સીતા– હા ધિક્... હા ધિક્... શું આર્યપુત્ર ફરીથી પણ મૂર્ચ્છિત થઈ ગયા ?

વાસન્તી– દેવ, આશ્વાસન પામો... આશ્વાસન પામો.

સીતા– આર્યપુત્ર ! મંદભાગિની એવી મારે કારણે, સકલ જીવલોકના મંગલમય આધાર સમા એવા તમારી વારે વારે જીવન સંશયમાં મૂકાઈ જાય એવી દશા થઈ ગઈ છે એ જોઈને, હાય હું તો હણાઈ જ ગઈ છું.

તમસા– દીકરી ! આશ્વાસન પામ...આશ્વાસન પામ. ફરીથી પણ તારા હાથનો સ્પર્શ જ રામભદ્રને ભાનમાં લાવવાનો ઉપાય છે.

વાસન્તી– શું હજી પણ ભાનમાં નથી આવતા ? અરે, પ્રિય સખી સીતા ! તું ક્યાં છું ? તારા પોતાના પ્રાણેશ્વરને બચાવી લે.

(સીતા ગભરાટ સાથે રામની નજીક જઈને કપાળે અને હૃદય ઉપર સ્પર્શ કરે છે.)

વાસન્તી– સૌભાગ્યથી રામભદ્રને ફરીથી ચેતના પ્રાપ્ત થઈ ગઈ !

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

रामः— आलिम्पन्नमृतमयैरिव प्रलेपैरन्तर्वा बहिरपि वा शरीरधातून् ।
संस्पर्शः पुनरपि जीवयन्नकस्मादानन्दादपरविधं तनोति मोहम् ॥३९॥

(आनन्दनिमीलिताक्ष एव) सखि वासन्ति ! दिष्ट्या वर्धसे ।

वासन्ती— देव ! कथमिव ?

रामः— सखि ! किमन्यत् । पुनः प्राप्ता जानकी ।

वासन्ती— अयि देव रामभद्र ! क्व सा ?

रामः— (स्पर्शसुखमभिनीय) पश्य, नन्वियं पुरत एव ।

वासन्ती— अयि देव ! किमिति मर्मच्छेददारुणैरेभिः प्रलापैः प्रियसखी-दुःखदग्धामपि मां पुनर्मन्दभाग्यां दहसि ?

सीता— *ओसरिदुं इच्छम्मि । एसो उण चिरप्पणअसंभाररसोम्मसीअलेण अज्जउत्तप्परिसेण दीहदारुणं वि झत्ति संदावं उल्लाहअंतेण वज्जलेहावणद्धो विअ परिअद्धवावारो आसंजिओ विअ मे अग्गहत्थो । [अपसर्तुमिच्छामि । एष पुनः चिरप्रणयसम्भाररसौम्यशीतलेनार्यपुत्रस्पर्शेन दीर्घदारुणमपि झटिति सन्तापमुल्लाघयता वज्रलेपोपनद्ध इव पर्यस्तव्यापार आसञ्जित इव मेऽग्रहस्तः ।]*

रामः— सखि ! कुतः प्रलापाः ?

गृहीतो यः पूर्वं परिणयविधौ कङ्कणधर-
श्चिरं स्वेच्छास्पर्शैरमृतशिशिरैर्यः परिचितः ।

सीता— *अज्जउत्त ! सो एव्व दाणिं सि तुमं ! [आर्यपुत्र ! स एवेदानीमसि त्वम् !]*

रामः— स एवायं तस्यास्तुहिननिकरौपम्यसुभगो
मया लब्धः पाणिर्ललितलवलीकन्दलनिभः ॥४०॥

(इति गृह्णाति)

सीता— *हद्धी हद्धी अज्जउत्तप्फरिसमोहिदाए पमादो क्खु मे संवुत्तो । [हा धिक् ! हा धिक् ! आर्यपुत्रस्पर्शमोहितायाः प्रमादः खलु मे संवृत्तः ।]*

रामः— सखि वासन्ति ! आनन्दनिमीलितेन्द्रियः प्रियास्पर्शसाध्वसेन परवानस्मि । तत् त्वं तावदेनां धारय ।

वासन्ती— कष्टम् ! उन्माद एव ।

(सीता ससम्भ्रमं हस्तमाक्षिप्यापसर्पति)

रामः— हा धिक् ! प्रमादः ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

. **રામ—** અંદર અને બહાર પણ શરીરની ધાતુઓને અમૃતમય લેપનથી લીંપતો હોય તેવો સંસ્પર્શ એકાએક જ જીવાડવાની સાથે, આનંદને કારણે કોઈક બીજા જ પ્રકારની મૂર્ચ્છાને ફેલાવી રહ્યો છે. **(૩–૩૯)**. (આનંદથી આંખો મીંચી રાખીને જ) સખી વાસન્તી ! સદ્ભાગ્ય થકી તું સમૃદ્ધ થઈ છું !

વાસન્તી— દેવ, એ કેવી રીતે ?

રામ— સખી ! બીજું તો શું હોય ? જાનકી ફરી પાછી મળી ગઈ !!

વાસન્તી— અરે દેવ રામભદ્ર ! ક્યાં છે તે ?

રામ— (સ્પર્શસુખનો અભિનય કરીને) જુવો ! આ સામે જ રહી છે !

વાસન્તી— અરે દેવ ! તમે મર્મસ્થાનને ચીરી નાખે એવા કઠોર આ પ્રલાપો વડે, શા માટે પ્રિયસખી (સીતા)ના દુઃખે બળેલી એવી મને અભાગણીને ફરીથી બાળી રહ્યા છો ?

સીતા— (અહીંથી) દૂર ખસી જવા ઇચ્છું છું. લાંબા સમયના પ્રેમસંભારને લીધે સૌમ્ય અને શીતળ એવા, તથા લાંબાગાળાના દારુણ સંતાપને એકદમ જ હટાવી દેનાર, આર્યપુત્રના આ સ્પર્શથી મારા હાથનો આગળનો ભાગ જાણે કે વજ્રલેપથી જેનું હલનચલન અટકી ગયું છે તેવો અને અંદર ખૂંપી ગયેલો હોય તેવો થઈ ગયો છે.

રામ— સખી, (મારાં વાક્યોને) ક્યાંથી "પ્રલાપો" એમ કહી શકાય ?

ભૂતકાળમાં લગ્નવિધિ દરમ્યાન કંકણ પહેરેલો જે હાથ મેં પકડ્યો હતો; અને ત્યાર પછી ઘણા લાંબા સમય સુધી યથેચ્છપણે કરેલા અમૃત જેવા ઠંડા સ્પર્શો વડે મને જે પરિચિત છે.

સીતા— આર્યપુત્ર ! તમે તો હજીય એ જ છો !

રામ— જે હિમના ઢગલાની ઉપમા આપી શકાય એવો સુન્દર છે અને જે લલિત એવી લવલી–લતાના અંકુર સમાન છે, એ જ તે–(સીતા)નો હાથ મેં (આજે) પ્રાપ્ત કર્યો છે. **(૩–૪૦)**

(એમ બોલી પકડે છે.)

સીતા— હા ધિક્... હા ધિક્... આર્યપુત્રના સ્પર્શથી મોહિત થયેલી એવી મારા વડે આ તો પ્રમાદ થઈ ગયો.

રામ— સખી વાસન્તી ! આનંદને કારણે જેની ઇન્દ્રિયો નિશ્ચેતન થઈ છે એવો હું પ્રિયતમાના સ્પર્શના ક્ષોભથી જાણે કે પરવશ બની ગયો છું. તો લે; તું એને થોડીકવાર પકડી રાખ.

વાસન્તી— સંકટ (કહેવાય). આ તો ઉન્માદ જ છે.

(સીતા ગભરાટ સાથે પોતાનો હાથ ખેંચી લઈને દૂર ખસી જાય છે.)

રામ— હા ધિક્... પ્રમાદ થઈ ગયો.......

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

करपल्लवः स तस्याः सहसैव जडो जडात्परिभ्रष्टः ।
परिकम्पिनः प्रकम्पी करान्मम स्विद्यतः स्विद्यन् ॥४१॥

सीता– हद्धी ! हद्धी ! अज्जवि अणुबद्धबहुघुम्मंतवेअणं ण संठावेमि अत्ताणम् । [हा धिक् ! हा धिक् ! अद्याप्यनुबद्धबहुघूर्णमानवेदनं न संस्थापयाम्यात्मानम् ।]

तमसा– (सस्नेहकौतुकस्मितं निर्वर्ण्य)

सस्वेदरोमाञ्चितकम्पिताङ्गी जाता प्रियस्पर्शसुखेन वत्सा ।
मरुन्नवाम्भःप्रविधूतसिक्ता कदम्बयष्टिः स्फुटकोरकेव ॥४२॥

सीता– (स्वगतम्) अवसेन एदेण अत्ताणएण लज्जाविदह्मि भअवदीए तमसाए । किंति किल एसा मण्णिस्सदि–'एसो परिच्चाओ, एसो अहिसंगेत्ति । [अवशेनैतेनात्मना लज्जापितास्मि भगवत्या तमसया । किमिति किलैषा मंस्यते – 'एष परित्याग एषोऽभिषङ्ग' इति ।]

रामः – (सर्वतोऽवलोक्य) हा ! कथं नास्त्येव ? नन्वकरुणे वैदेहि !

सीता– अकरुणह्मि, जा एव्वं विहं तुमं पेक्खंदी एव्व जीवेमि । [अकरुणास्मि, यैवंविधं त्वां पश्यन्त्येव जीवामि ।]

रामः – क्वासि देवि ! प्रसीद । न मामेवंविधं परित्यक्तुमर्हसि ।

सीता– अयि अज्जउत्त, विवरीदं विअ एदं [आर्यपुत्र ! विपरीतमेवैतत् ।]

वासन्ती– देव ! प्रसीद प्रसीद । स्वेनैव लोकोत्तरेण धैर्येण संस्तम्भयातिभूमिं गतमात्मानम् । कुत्र मे प्रियसखी ?

रामः – व्यक्तं नास्त्येव । कथमन्यथा वासन्त्यपि तां न पश्येत् । अपि खलु स्वप्न एष स्यात् । न चास्मि सुप्तः । कुतो रामस्य निद्रा ? सर्वथा स एवैष भगवान् अनेकवारपरिकल्पनानिर्मितो विप्रलम्भः पुनः पुनरनुबध्नाति माम् ।

सीता– मए एव्व दारुणाए विप्पलद्धो अज्जउत्तो । [मयैव दारुणया विप्रलब्ध आर्यपुत्रः ।]

वासन्ती– देव ! पश्य पश्य–

पौलस्त्यस्य जटायुषा विघटितः कार्ष्णायसोऽयं रथ–
स्ते चैते पुरतः पिशाचवदनाः कङ्कालशेषाः खराः ।
खड्गच्छिन्नजटायुपक्षतिरितः सीतां चलन्तीं वह–
न्नन्तर्व्याकुलविद्युदम्बुद इव द्यामभ्युदस्थादरिः ॥४३॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

તે (સીતા)નો કંપતો, સ્વેદયુક્ત અને સ્તબ્ધ બની ગયેલો કરપલ્લવ મારા કંપતા, સ્વેદયુક્ત અને સ્તબ્ધ બની ગયેલા હાથમાંથી એકાએક જ છટકી ગયો. **(૩–૪૧)**

સીતા– હા ધિક્...હા ધિક્.. હજુ સુધી સતત અને પુષ્કળ ઘુમરીઓ લેતી વેદનાવાળી મારી જાતને સ્વસ્થ કરી શકતી નથી.

તમસા– (સ્નેહ, કૌતુક અને સ્મિતપૂર્વક જોઈ રહીને)

જેવી રીતે વાયુથી હાલી ઊઠેલી અને નવ જલબિંદુઓથી સિંચાયેલ, કદંબવૃક્ષ કળીઓ ખીલી ઊઠી હોય તેવું બની જાય તેવી રીતે આ દીકરી (સીતા) પ્રિયતમના સ્પર્શસુખથી સ્વેદ અને રોમાંચને કારણે કંપી ઊઠેલાં ગાત્રોવાળી બની છે. **(૩–૪૨)**

સીતા– (સ્વગત) કાબુમાં ન રહેલ આ શરીરને કારણે ભગવતી તમસા વડે મને શરમીંદી બનાવાઈ ગઈ છે. તો, આવી આ શું માનશે ? (જેમકે–) "આવી રીતનો ત્યાગ (એક તરફ, અને બીજી તરફ) આવી આસક્તિ ?"

રામ– (ચારે તરફ જોઈને) હાય...શું, (તે) નથી જ ? અરે ! અકરુણ વૈદેહી !

સીતા– હા, હું અકરુણ જ છું; કે જે તમને આવી દશામાં જોવા છતાંય હજુય જીવું છું.

રામ– દેવી, તમે ક્યાં છો ? પ્રસન્ન થાવ. આવી દશાને પામેલા મને આમ સાવ ત્યજી દેવો એ તમને યોગ્ય નથી.

સીતા– આર્યપુત્ર ! આ તો (તમે) સાવ ઉલટી જ વાત કરો છો.

વાસન્તી– દેવ, પ્રસન્ન થાવ, પ્રસન્ન થાવ. તમારા પોતાના જ લોકોત્તર ધૈર્યથી, અસાધારણ દશાને પામેલી તમારી જાતને રોકી લો. મારી પ્રિય સખી (અહીં) ક્યાં છે જ ?

રામ– પ્રકટ જ છે કે (તે) અહીં નથી જ. નહીં તો વાસન્તી પણ તેને કેમ ન જોઈ શકે ? તો શું આ સ્વપ્ન જ હશે ? પણ, હું તો કાંઈ ઉંઘમાં નથી. અરે ! રામને નિદ્રા આવે જ ક્યાંથી ? સર્વથા આ તો અનેકવારની પરિકલ્પનાથી જન્મેલ સામર્થ્યસમ્પન્ન એવો ભ્રમ જ ફરી ફરીને મને અનુસરી રહ્યો છે.

સીતા– કઠોર એવી મેં જ આર્યપુત્રને ભ્રમમાં નાખ્યા છે.

વાસન્તી– દેવ ! જુવો જુવો...

જટાયુ દ્વારા તોડી કાઢવામાં આવેલો રાવણનો પોલાદી લોખંડથી બનેલો આ રથ છે; અને આ સામે જે દેખાય છે, તે પિશાચના મુખ જેવા મુખવાળા અને કેવળ હાડપિંજર રૂપે અવશિષ્ટ રહેલા (રાવણના રથને ખેંચનારા) ખચ્ચરો છે. ખડ્ગથી જેણે જટાયુની પાંખો કાપી કાઢી હતી તે (રાવણ) અહીંથી તરફડિયાં મારતી સીતાને, અંદરને અંદર આકુળ–વ્યાકુળ થતી વિજળીને જેમ વાદળ આકાશમાં ઉઠાવી જાય તેમ શત્રુ (રાવણ) ઉઠાવી ગયો હતો. **(૩–૪૩)**

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri

सीता– *(सभयम्) अज्जउत्त ! तादो वावादीअदि अहं वि अवहरिज्जामि । ता परित्ताहि परित्ताहि । [आर्यपुत्र ! तातो व्यापाद्यते अहमप्यपह्रिये । तस्मात् परित्रायस्व परित्रायस्व ।]*

रामः – (सवेगमुत्थाय) आः पाप ! तातप्राणसीतापहारिन् ! क्व यासि ?

वासन्ती– अयि देव ! राक्षसकुलप्रलयधूमकेतो ! किमद्यापि ते मन्युविषयः ?

सीता– *अम्हो अहं वि उब्भंतम्हि । [अहो ! अहमप्युद्भ्रान्तास्मि ।]*

रामः – अन्य एवायमधुना विपर्ययो वर्तते ।

उपायानां भावादविरतविनोदव्यतिकरै–
र्विमर्दैर्वीराणां जगति जनिताद्भुतरसः ।
वियोगो मुग्धाक्ष्याः स खलु रिपुघातावधिरभूत्
कथं तूष्णीं सह्यो निरवधिरयं त्वप्रतिविधः ॥४४॥

सीता– *णिरवधित्ति हा हदम्हि मंदभाइणी । [निरवधिरिति हा हतास्मि मन्दभागिनी ।]*

रामः – हा कष्टम् !

व्यर्थं यत्र कपीन्द्रसख्यमपि मे, वीर्यं हरीणां वृथा
प्रज्ञा जाम्बवतोऽपि यत्र न गतिः पुत्रस्य वायोरपि ।
मार्गं यत्र न विश्वकर्मतनयः कर्तुं नलोऽपि क्षमः
सौमित्रेरपि पत्रिणामविषये तत्र प्रिये ! क्वासि मे ? ॥४५॥

सीता– *बहुमाणदह्मि पुब्वविरहे [बहुमानितास्मि पूर्वविरहे ।]*

रामः – सखि वासन्ति ! दुःखायैव सुहृदामिदानीं रामस्य दर्शनम् । कियच्चिरं त्वां रोदयिष्यामि तदनुजानीहि मां गमनाय ।

सीता– *(सोद्वेगमोहं तमसामाश्लिष्य) भअवदि तमसे ! कहं गच्छदि एव्व अज्जउत्तो । (इति मूर्च्छति) । [भगवति तमसे ! कथं गच्छत्येवार्यपुत्रः ।]*

तमसा– *वत्से ! समाश्वसिहि, समाश्वसिहि । नन्वावामप्यायुष्मतोः कुशलवयोर्वर्षवर्धनमङ्गलानि सम्पादयितुं भागीरथीपदान्तिकमेव गच्छावः ।*

सीता– *भअवदि ! पसीद । खणमेत्तं वि दाव दुल्लहदंसणं जणं पेक्खामि । [भगवति ! प्रसीद । क्षणमात्रमपि तावद् दुर्लभदर्शनं जनं प्रेक्षे ।]*

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

સીતા– (ભય સાથે) આર્યપુત્ર ! તાત (જટાયુ) હણાઈ રહ્યા છે અને મને પણ ઉપાડી જાય છે...માટે બચાવો, તમે બચાવો.

રામ– (વેગપૂર્વક ઉઠીને) અરે પાપી ! હે ! તાત (જટાયુ)ના પ્રાણ અને સીતાને ઉઠાવી જનારા ! તું જાય છે ક્યાં ?

વાસન્તી– અરે દેવ ! રાક્ષસના કુળનો પ્રલય કરનારા હે ધૂમકેતુ–સ્વરૂપ ! શું તે (રાવણ) હજુ આજેય તમારા ક્રોધનું પાત્ર બની રહ્યો છે ?

સીતા– અહો ! હું પણ અતિશય ભ્રાન્તિમાં મૂકાઈ ગઈ !

રામ– અત્યારનું દશા–પરિવર્તન બીજા જ પ્રકારનું છે. (જેમકે–)

ઉપાયો હોવાને કારણે નિરંતર વિનોદન આવી મળવાથી, અને વીરોના પરસ્પર સંઘર્ષોથી જગત્માં અદ્ભુત્રસનો (ત્યારે) પ્રાદુર્ભાવ થયો હતો. વળી, ભોળાં નેત્રવાળીનો તે વખતનો વિયોગ તો શત્રુને હણવા સુધીના અવધિવાળો હતો; એટલે તે મૂંગે મોંઢે કોઈક રીતે સહી લીધો; પણ પ્રતિકાર વિનાનો આ (વખતનો વિયોગ) તો અવધિ વિનાનો છે. **(૩–૪૪)**

સીતા– હાય, શું "અવધિ વિનાનો" એમ (કહ્યું) ? – હું અભાગણી ખરેખર હણાઈ ગઈ...

રામ– હાય...કષ્ટદાયક છે આ–

હે મારી પ્રિયા ! જ્યાં કપીન્દ્ર (સુગ્રીવ) સાથેની મારી મૈત્રી હોવી પણ વ્યર્થ છે; જ્યાં સકળ વાનરસમૂહની તાકાત પણ વૃથા જણાય છે; જ્યાં જામ્બવાન્ની પ્રજ્ઞા પણ પહોંચી શકે એમ નથી, અને જ્યાં વાયુના પુત્રની પણ ગતિ થવી સંભવિત નથી, વિશ્વકર્માનો પુત્ર નલ પણ જ્યાં માર્ગનું બાંધકામ કરવા સક્ષમ નથી તથા સુમિત્રાના પુત્ર (લક્ષ્મણ)ના પાંખવાળા બાણોને માટે પણ જે અગોચર છે એવી કઈ જગ્યાએ તું છે ? **(૩–૪૫)**

સીતા– પહેલી વખતના વિરહમાં મને બહુ માન મળ્યું છે (એમ લાગે છે.)

રામ– સખી વાસન્તી ! મિત્રોને દુઃખ પહોંચાડવા માટે જ, હવે રામનું દર્શન બાકી રહ્યું છે. તને હજુ કેટલીવાર સુધી મારે રડાવ્યા કરવાની ? તો મને જવા માટે તમે રજા આપો.

સીતા– (ઉદ્વેગ અને મોહ સાથે, તમસાને આલિંગન આપીને) ભગવતી તમસા ! શું આર્યપુત્ર જાય છે જ ?

તમસા– દીકરી, આશ્વાસન પામ, આશ્વાસન પામ. આપણે બે પણ આયુષ્માન્ કુશ અને લવની ઉંમર એક વર્ષ વધી એ નિમિત્તે મંગલ કાર્યો સંપન્ન કરવા માટે ભાગીરથીનાં ચરણોની નજીક જઈએ.

સીતા– ભગવતી ! પ્રસન્ન થાવ; એક ઘડીભર જ, જેમનું દર્શન થવું જ દુર્લભ છે એવા (મારા) માણસને હું જોઈ લઉં.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

रामः – अस्ति चेदानीमश्वमेधाय सहधर्मचारिणी मे ।

सीता– *(सोत्कम्पम्) अज्जउत्त ! का ? [आर्यपुत्र ! का ?]*

रामः – हिरण्मयी सीताप्रतिकृतिः ।

सीता– *(सोच्छ्वासासम्) अज्जउत्त, दाणिं सि तुमम् । अम्हहे, उक्खाणिदं दाणिं मे परिच्चाअलज्जासल्लं अज्जउत्तेण । [आर्यपुत्र ! इदानीमसि त्वम् । अहो ! उत्खातमिदानी मे परित्यागलज्जाशल्यमार्यपुत्रेण ।]*

रामः – तत्रापि तावद् बाष्पदिग्धं चक्षुर्विनोदयामि ।

सीता– *धण्णा खु सा जा एव्वं अज्जउत्तेण बहुमण्णीअदि जा अ अज्जउत्तं विणोदयंदी आसाणिबंधणं जादा जीअलोअस्स । [धन्या खलु सा यैवमार्यपुत्रेण बहुमन्यते या चार्यपुत्रं विनोदयन्त्याशानिबन्धनं जाता जीवलोकस्य ।]*

तमसा– *(सस्मितस्नेहासं परिष्वज्य) अयि वत्से ! एवमात्मा स्तूयते ।*

सीता– *(सलज्जमधोमुखी स्वगतम्) परिहसिदम्हि भअवदीए । [परिहसितास्मि भगवत्या] ।*

वासन्ती– महानयं व्यतिकरोऽस्माकं प्रसादः । गमनं पुनर्यथा कार्यहानिर्न भवतु तथास्ताम् ।

रामः – तथास्तु ।

सीता– पडिउला दाणिं मे वासंती सेवुत्ता [प्रतिकूलेदानीं मे वासन्ती संवृत्ता ।]

तमसा– *वत्से ! एहि गच्छावः ।*

सीता– *(सकष्टम्) एव्वं करम्ह । [एवं करिष्यावः ।]*

तमसा– *कथं वा गम्यते ? यस्यास्तव–*

प्रत्युप्तस्येव दयिते तृष्णादीर्घस्य चक्षुषः ।
मर्मच्छेदपरैर्यत्नैराकर्षो न समाप्यते ॥४६॥

सीता– णमो णमो अपुव्वपुण्णजणिददंसणाणं अज्जउत्तचलणकमलाणं (इति मूर्च्छति)। [नमो नमोऽपूर्वपुण्यजनितदर्शनाभ्यामार्यपुत्रचरणकमलाभ्याम् ।]

तमसा– *वत्से ! समाश्वसिहि समाश्वसिहि ।*

सीता– *(समाश्वस्य) किअच्चिरं वा मेहंतरेण पुण्णिमाचंदस्स दंसणं । [कियच्चिरं वा मेघान्तरेण पूर्णिमाचन्द्रस्य दर्शनम् ।]*

तमसा– *अहो संविधानकम् !*

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

રામ— હમણાં તો મારે અશ્વમેધ—યજ્ઞ કરવા માટે એક સહધર્મચારિણી છે.

સીતા— (કંપી ઊઠીને) આર્યપુત્ર, કોણ છે એ ?

રામ— સોનાની બનાવડાવેલી (જે) સીતાની પ્રતિકૃતિ છે, એ (મારી સહધર્મચારિણી છે).

સીતા— (ઉચ્છ્વાસ અને આંસુ સાથે) આર્યપુત્ર ! હાં, તો હવે તમે આ છો ! અહો ! આર્યપુત્રે તો મારા પરિત્યાગ થકી ઊભું થયેલું લજ્જાશલ્ય આજે ઉખાડી નાંખ્યું છે.

રામ— તો ત્યાં (અશ્વમેધ—યજ્ઞમાં) જઈને આંસુથી બળેલાં નેત્રનું વિનોદન કરું.

સીતા— ધન્ય છે એ (હિરણ્યની પ્રતિકૃતિ)ને, કે જેને આર્યપુત્ર આટલું બધું માન આપે છે અને જે આર્યપુત્રનું મનોવિનોદન કરે છે; અને એ રીતે તે (સમગ્ર) જીવલોકનું આશાસ્થાન બની રહી છે.

તમસા— (સ્મિત અને સ્નેહપૂર્ણ અશ્રુ સાથે) અરે દીકરી ! આ રીતે તો તારી જાતની જ પ્રશંસા થઈ ગણાય !

સીતા— (શરમ સાથે નીચું જોઈને, સ્વગત) ભગવતી વડે મારો પરિહાસ કરવામાં આવ્યો.

વાસન્તી— (આજે) આ જે સમાગમ થયાં તે બહુ મોટી વાત છે; જાણે અમારા ઉપર (મોટી) કૃપા થઈ છે. તમારા (રાજ)કાર્યને હાનિ ન થાય એ રીતે આપ જઈ શકો છો.

રામ— સારું, એમ જ થશે.

સીતા— વાસન્તી અત્યારે મારે માટે પ્રતિકૂળ પૂરવાર થઈ !

તમસા— દીકરી ! ચાલો, આપણે બે જઈએ.

સીતા— (તકલીફ અનુભવવા સાથે) ચાલો, તેમ કરીએ.

તમસા— અથવા, કેવી રીતે જઈ શકાય ?

તૃષ્ણાથી વિસ્ફારિત થયેલાં નેત્રો પ્રિયતમને વિશે જ્યારે જાણે કે ખૂંપી ગયા હોય ત્યારે, મર્મસ્થાનને છેદનારા પ્રયત્નો વડે પણ (એમના તરફનું) આકર્ષણ સમાપ્ત થઈ શકે એમ નથી. **(૩—૪૬)**

સીતા— અપૂર્વ પુણ્યથી જેમનું દર્શન જન્મ્યું છે તેવા તે આર્યપુત્રના બે ચરણકમળને નમસ્કાર હજો, વારંવાર નમસ્કાર હજો.

તમસા— દીકરી, આશ્વાસન ધર, આશ્વાસન.

સીતા— (આશ્વસ્ત થઈને) વાદળોમાં અટવાયેલા પૂનમના ચન્દ્રનું દર્શન તો વળી કેટલું લાંબું હોઈ શકે ?

તમસા— અહો ! (કેવું અદ્ભુત છે) આ સંવિધાન ?!

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

एको रसः करुण एव निमित्तभेदाद् भिन्नः पृथक् पृथगिवाश्रयते विवर्तान् ।
आवर्तबुद्बुदतरङ्गमयान् विकारानम्भो यथा सलिलमेव तु तत्समग्रम् ॥४७॥

रामः — अयि विमानराज ! इत इतः ।

(सर्वे उत्तिष्ठन्ति)

तमसा—वासन्त्यौ— (सीतारामौ प्रति)

अवनिरमरसिन्धुः सार्धमस्मद्विधाभिः
स च कुलपतिराद्यश्छन्दसां यः प्रयोक्ता ।
स च मुनिरनुयातारुन्धतीको वसिष्ठ—
स्त्वयि वितरतु भद्रं भूयसे मङ्गलाय ॥४८॥

(इति निष्क्रान्ताः सर्वे)

इति महाकवि—श्रीभवभूतिविरचित उत्तररामचरिते
छाया नाम तृतीयोऽङ्कः ।

• • •

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

રસ તો એક કરુણ જ છે; કે જે નિમિત્તોના ભેદથી જુદો પડીને, અલગ અલગ વિવર્તો (= સ્વરૂપો)ના આશ્રયે રહે છે. જેમકે, પાણી ઘુમરીઓ, બૂડ બૂડ બોલતા પરપોટા અને તરંગો રૂપી વિકારોને પામવા છતાંય, અંતે તો તે (વસ્તુતઃ) બધું પાણી જ હોય છે. **(૩–૪૭)**

રામ– અરે વિમાનરાજ ! આ તરફ...આ તરફ...

[બધા ઊભા થઈ જાય છે.]

તમસા અને વાસન્તી– (સીતા અને રામની પ્રત્યે–)

અમારા જેવાઓની સાથી રહેલ અવનિ અને અમરનદી (= ગંગા); અને પેલા કુલપતિ (વાલ્મીકિ) કે જે જુદા જુદા છન્દોના આદ્ય પ્રયોક્તા છે; તથા જેમની પાછળ અરુન્ધતી ચાલી રહી છે તેવા તે મુનિ વસિષ્ઠ ખૂબ મંગલ થાય એટલા માટે તમારી ઉપર કલ્યાણને વિતરિત કરે. **(૩–૪૮)**

[રંગભૂમિ ઉપરથી સૌ પાત્રો નીકળી જાય છે.]

મહાકવિ ભવભૂતિએ રચેલા 'ઉત્તરરામચરિત'માં

"છાયા" નામનો ત્રીજો અંક સમાપ્ત થયો.

• • •

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

चतुर्थोऽङ्कः

(कौसल्याजनकयोगः)

(ततः प्रविशतस्तापसौ)

एकः – सौधातके ! दृश्यतामद्य भूयिष्ठसन्निधापितातिथिजनस्य समधिकारम्भरमणीयता भगवतो वाल्मीकेराश्रमपदस्य । तथा हि–

नीवारौदनमण्डमुष्णमधुरं सद्यःप्रसूताप्रिया–
पीतादभ्यधिकं तपोवनमृगः पर्याप्तमाचामति ।
गन्धेन स्फुरता मनागनुसृतो भक्तस्य सर्पिष्मतः
कर्कन्धूफलमिश्रशाकपचनामोदः परिस्तीर्यते ॥१॥

सौधातकिः – साअदं अणेअपिआराणं जिण्णकुच्छाणं अणज्झाअकालणाणं तपोधणाणं । [स्वागतमनेकप्रकाराणां जीर्णकूर्चानामनध्यायकारणानां तपोधनानाम् ।]

प्रथमः – (विहस्य) अपूर्वः कोऽपि ते बहुमानहेतुर्गुरुषु सौधातके !

सौधातकिः – भो भंडाअण ! किणामहेओ एसो महंतस्स त्थविरसत्थस्स धुरंधरो अज्ज अदिही आअदो ? [भो भाण्डायन ! किन्नामधेय एष महतः स्थविरसार्थस्य धुरन्धरोऽद्यातिथिरागतः ?]

भाण्डायनः – धिक् ! प्रहसनम् । नन्वयमृष्यशृङ्गाश्रमादरुन्धतीं पुरस्कृत्य महाराजदशरथस्य दारानधिष्ठाय भगवान् वसिष्ठः प्राप्तः । तत्किमेवं प्रलपसि ?

सौधातकिः – हु वसिट्ठो ? [हु वसिष्ठः ?]

भाण्डायनः – अथ किम् ?

सौधातकिः – मया उण जाणिदं वग्घो वा विओ वा एसीत्ति । [मया पुनर्ज्ञातं व्याघ्रो वा वृको वैष इति ।]

भाण्डायनः – आः किमुक्तं भवति ?

सौधातकिः – जेण परावडिदेण एव्व सा वराई कविला कल्लाणी मडमडाइआ। [येन परापतितेनैव सा वराकी कपिला कल्याणी मडमडायिता ।]

भाण्डायनः – 'समांसो मधुपर्क' इत्याम्नायं बहुमन्यमानाः श्रोत्रियाभ्यागताय वत्सतरीं महोक्षं वा महाजं वा निर्वपन्ति गृहमेधिनः । तं हि धर्मं धर्मसूत्रकाराः समामनन्ति ।

सौधातकिः – भो णिगिहीदोसि [भो निगृहीतोऽसि ।]

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ચતુર્થ અંક

(કૌસલ્યાજનકયોગ)

(ત્યારપછી બે તાપસો પ્રવેશ કરે છે.)

એક— અરે સૌધાતકિ ! આજે જ્યાં ઘણા બધા અતિથિજનો એકઠા મળ્યા છે તેવા વાલ્મીકિના આશ્રમસ્થાનની (અંદર) પ્રચુરમાત્રામાં થઈ રહેલી પૂર્વતૈયારીઓની રમણીયતા તો જુવો. જેમકે—

હમણાં જ જેણે બચ્ચાંને જન્મ આપ્યો છે તેવી પ્રિયા (મૃગલી)ના પીવાથી બાકી રહેલી, થોડીક ગરમ અને મધુર એવી નીવારની રાબ પેલો તપોવનનો મૃગ ધરાઈને પી રહ્યો છે.

ઘીવાળા ભાતની મ્હેંકતી સુગન્ધની સાથે સ્હેજ ભળી ગયેલ કર્કન્ધૂ ફળવાળા શાકના રંધાવાની સુવાસ ચારે તરફ ફેલાઈ રહી છે. (૪–૧)

સૌધાતકિ— અનેક પ્રકારની ધોળી દાઢી–મૂછોવાળા અને અનધ્યાયમાં કારણભૂત બનેલા તપોધનોનું સ્વાગત હજો !

પ્રથમ— (હસીને) અરે સૌધાતકિ ! વડીલો પ્રત્યેના બહુમાનનું તારું કારણ તો કાંઈક અપૂર્વ જ છે !

સૌધાતકિ— અરે ભાંડાયન ! આ ઘરડાંઓના મોટા સમુદાયના અગ્રણી એવા જે અતિથિ આજે આવ્યા છે તેમનું નામ શું છે ?

ભાંડાયન— હવે મશ્કરી કરવી રહેવા દે. આ તો ઋષ્યશૃંગના આશ્રમેથી અરુન્ધતીને આગળ કરીને, મહારાજા દશરથની રાણીઓને સાથે લઈને ભગવાન્ વસિષ્ઠ આવ્યા છે. તો આવો બકવાસ કેમ કરે છે ?

સૌધાતકિ— હં...વસિષ્ઠ ?

ભાંડાયન— હા, કેમ વળી ?

સૌધતકિ— મને તો લાગ્યું કે આ કોઈક વાઘ કે વરુ આવી ચઢ્યું છે !

ભાંડાયન— આહ્....આ શું બકવાસ માંડ્યો છે ?

સૌધાતકિ— જેણે આવતાંની સાથે જ પેલી બાપડી કલ્યાણી કપિલા ગાયને મરડી કાઢી.

ભાંડાયન— "સ–માંસ મધુપર્ક આપવો જોઈએ" એવા વેદ–વચનને માન આપનારા ગૃહસ્થીઓ જે શ્રોત્રિય મહેમાનો હોય તેમને વાછરડી, મોટા બળદ કે મોટા બકરાને (ભોજ્યસામગ્રી રૂપે) ભેટ ધરે છે. ધર્મસૂત્રકારોએ એને જ ધર્મ રૂપે ઓળખાવેલ છે.

સૌધાતકિ— અલ્યા ! તો તું નિગ્રહ–સ્થાનમાં આવી ગયો છું.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

भाण्डायनः — कथमिव ?

सौधातकिः — जेण आअदेसु वसिट्ठमिस्सेसु वच्छदरी विससिदा । अज्ज एव्व पच्चाअदस्स राएसिणो जणअस्स भअवदा वम्मीइणा दहिमहूहिं एव्व णिव्वत्तिदो महुवक्को । वच्छदरी उण विसज्जिदा । [येनागतेषु वसिष्ठमिश्रेषु वत्सतरी विशसिता । अद्यैव प्रत्यागतस्य राजर्षेर्जनकस्य भगवता वाल्मीकिना दधिमधुभ्यामेव निर्वर्तितो मधुपर्कः । वत्सतरी पुनर्विसर्जिता ।]

भाण्डायनः — अनिवृत्तमांसानामेवं कल्पमृषयो मन्यन्ते। निवृत्तमांसस्तु तत्र भवाञ्जनकः ।

सौधातकिः — किं णिमित्तं ? [किं निमित्तम् ?]

भाण्डायनः — स तदैव देव्याः सीतायास्तादृशं दैवदुर्विपाकमुपश्रुत्य वैखानसः संवृत्तः । तथाऽस्य कतिपये संवत्सराश्चन्द्रद्वीपतपोवने तपस्तप्यमानस्य ।

सौधातकिः — तदो किं त्ति आअदो ? [ततः किमित्यागतः ?]

भाण्डायनः — चिरन्तनप्रियसुहृदं भगवन्तं प्राचेतसं द्रष्टुम् ।

सौधातकिः — अवि अज्ज संबंधिणीहिं समं संवुत्तं से दंसणं ण वत्ति ? [अप्यद्य सम्बन्धिनीभिः समं संवृत्तमस्य दर्शनं न वेति ?]

भाण्डायनः — सम्प्रत्येव भगवता वसिष्ठेन देव्याः कौसल्यायाः सकाशं भगवत्यरुन्धती प्रहिता यत् स्वयमुपेत्य वैदेहो द्रष्टव्य इति ।

सौधातकिः — जह एदे ट्ठविरा परस्परं मिलिदा तह अम्हे वि वडुहिस्सह मिलिअ अणज्झाअमहुस्सवं खेलंतो संभावेम्ह । (इति परिक्रामतः) । [यथैते स्थविराः परस्परं मिलितास्तथावामपि वटुभिः सह मिलित्वाऽनध्यायमहोत्सवं खेलन्तौ सम्भावयावः ।]

भाण्डायनः — तदयं ब्रह्मवादी पुराणराजर्षिर्जनकः प्राचेतसवसिष्ठावुपास्य सम्प्रत्याश्रमस्य बहिर्वृक्षमूलमधितिष्ठति । य एष—

हृदि नित्यानुषक्तेन सीताशोकेन तप्यते ।
अन्तः प्रसृप्तदहनो जरन्निव वनस्पतिः ॥२॥

(इति निष्क्रान्तौ)

मिश्रविष्कम्भः ।

(ततः प्रविशति जनकः)

जनकः — **अपत्ये यत्तादृग्दुरितमभवत् तेन महता**
विषक्तस्तीव्रेण व्रणितहृदयेन व्यथयता ।
पटुर्धारावाही नव इव चिरेणापि हि, न मे
निकृन्तन्मर्माणि क्रकच इव मन्युर्विरमति ॥३॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ભાંડાયન— એ કેવી રીતે ?

સૌધાતકિ— વસિષ્ઠ–મિશ્રજી આવ્યા તો વાછરડીનો ભોગ લેવાયો; પણ આજે જ અહીં આવી પહોંચેલા રાજર્ષિ જનકને માટે ભગવાન વાલ્મીકિએ કેવળ દહીં અને મધ વડે જ મધુપર્ક તૈયાર કરી દીધો; અને વાછરડીને તો (ચરવા જવા) ખૂંટેથી છોડી મૂકી !

ભાંડાયન— જેમણે માંસાહાર છોડ્યો નથી એમને માટે જ આવો વિધિ છે એમ ઋષિઓ માને છે. પણ તે શ્રીમાન્ જનકજીએ તો માંસાહાર છોડી દીધો છે.

સૌધાતકિ— શા નિમિત્તે (એમ કર્યું છે) ?

ભાંડાયન— એ તો દેવી સીતાના દુર્ભાગ્ય પ્રજ્વળ્યાનું સાંભળ્યું છે, ત્યારથી જ વૈખાનસ (વાનપ્રસ્થ) બની ગયા છે. ચન્દ્રદ્વીપના તપોવનમાં તપ કરતાં કરતાં તો તેમને કેટલાંય વર્ષો વીતી ગયાં છે.

સૌધાતકિ— તો પછી તેઓ શા પ્રયોજનથી (અહીં) આવ્યા છે ?

ભાંડાયન— સદાયના પ્રિય–મિત્ર ભગવાન્ પ્રાચેતસ (વાલ્મીકિ)ને જોવા માટે (આવ્યા છે).

સૌધાતકિ— તો પછી શું આજે વેવાણોની સાથે જોવાનું–મળવાનું થયું કે નહીં ?

ભાંડાયન— હમણાં જ ભગવાન્ વસિષ્ઠે મહારાણી કૌસલ્યાની પાસે ભગવતી અરુન્ધતીને મોકલ્યા છે, અને "તેમણે જાતે જ આવીને વિદેહરાજ જનકને મળવું જોઈએ." એમ (કહેવડાવ્યું છે).

સૌધાતિક— તો જેવી રીતે આ ઘરડાંઓ પરસ્પરને મળ્યાં, તેવી રીતે આપણે બે પણ બીજા કિશોરોની સાથે મળીને પછી, રમતાં રમતાં રજાની મજાને માણીએ.

ભાંડાયન— તો આ બ્રહ્મવાદી પુરાણા રાજર્ષિ જનક પ્રાચેતસ (વાલ્મીકિ) અને વસિષ્ઠની ઉપાસના (વંદન) કરીને, હમણાં જ આશ્રમની બહારના ભાગે વૃક્ષનાં મૂળિયા પાસે જઈને ઊભા છે. જે આ–(જનક)

હૃદયમાં હંમેશને માટે ચોંટી ગયેલા સીતાના શોકથી અંદરના ભાગે ફેલાઈ ગયેલા અગ્નિવાળા જીર્ણશીર્ણ વૃક્ષની જેમ સંતાપ પામી રહ્યા છે. **(૪–૨)**

[તે બન્ને જણ રંગભૂમિ ઉપરથી નીકળી જાય છે.]

॥ **મિશ્ર–વિષ્કંભક પૂર્ણ થયો.** ॥

[ત્યાર પછી રંગભૂમિ ઉપર જનક પ્રવેશ કરે છે :]

જનક— (મારા) સંતાનની ઉપર આ જે દુરિત આવી પડ્યું તે મહાન, તીવ્ર તથા વ્યથા પહોંચાડતું અને ઘાયલ હૃદયની (સાથે) એવું તો (અંદર) ઘુસી ગયું છે, કે જેથી આ શક્તિશાળી અને ધારાપ્રવાહે વહેતો, તથા ઘણો સમય વીત્યો હોવા છતાંય જાણે નવોને નવો જ હોય તેવો; અને મર્મસ્થાનોને (આવતાંને જતાં) ચીરતી કરવત જેવો મન્યુ (કેમેય કરીને હજુ) શમતો નથી. **(૪–૩)**

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

कष्टम् ! एवं नाम जरया दुःखेन च दुरासदेन, भूयः पराक—सान्तपनप्रभृति—भिस्तपोभिरात्तरसधातुरनवष्टम्भो नाद्यापि मम दग्धदेहः पतति । अन्धतामिस्रा ह्यसूर्या नाम ते लोकास्तेभ्यः प्रतिविधीयन्ते य आत्मघातिन इत्येवमृषयो मन्यन्ते । अनेकसंवत्सरातिक्रमेऽपि प्रतिक्षणपरिभावनास्पष्टनिर्भासः प्रत्यग्र इव न मे दारुणो दुःखसंवेगः प्रशाम्यति । अयि मातर्देवयजनसम्भवे सीते ! ईदृशस्ते निर्माणभागः परिणतो येन लज्जया स्वच्छन्दमाक्रन्दितुमपि न शक्यते ।

हा पुत्रि !

अनियतरुदितस्मितं विराजत्कतिपयकोमलदन्तकुड्मलाग्रम् ।
वदनकमलकं शिशोः स्मरामि, स्खलदसमञ्जसमञ्जु जल्पितं ते ॥४॥

भगवति वसुन्धरे ! सत्यमतिदृढासि ।

त्वं वह्निर्मुनयो वसिष्ठगृहिणी गङ्गा च, यस्या विदु—
र्माहात्म्यं, यदि वा रघोः कुलगुरुर्देवः स्वयं भास्करः ।
विद्यां वागिव यामसूत भवती, तद्वत्तु या दैवतं,
तस्यास्त्वद्दुहितुस्तथा विशसनं किं दारुणेऽमृष्यथाः ॥५॥

(नेपथ्ये)

इत इतो भगवतीमहादेव्यौ ।

जनकः – (दृष्ट्वा) अये, गृष्टिनोपदिश्यमानमार्गा भगवत्यरुन्धती । (उत्थाय) कां पुनर्महादेवीत्याह ? (निरूप्य) हा हा कथमियं महाराजदशरथस्य धर्मदाराः प्रियसखी मे कौसल्या । क एतां प्रत्येति सैवेयमिति ।

आसीदियं दशरथस्य गृहे यथा श्रीः श्रीरेव वा किमुपमानपदेन सैषा ।
कष्टं बतान्यदिव दैववशेन जाता दुःखात्मकं किमपि भूतमहो विपाकः ॥६॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અરેરે આ કષ્ટદાયક છે...આ વૃદ્ધાવસ્થાથી કે અસહ્ય દુઃખથી; વળી 'પરાક', અને 'સાંતપન' વગેરે તપો વડે જેના બધા રસો અને ધાતુઓ સૂકાઈ ગયાં છે અને તેથી આધાર વિનાનો બનેલો એવો મારો આ બળેલો–ઝળેલો દેહ હજીય પડતો નથી. જે આત્મઘાતી વ્યક્તિઓ હોય છે તેમને માટે નિબિડ અંધકારથી ભરેલા અને સૂર્ય વિનાના જે લોક છે તે નિશ્ચિત કરવામાં આવ્યા છે – એવું ઋષિઓ માને છે.

ઘણાં વર્ષો વીતી જવા છતાંય પરિભાવના (= તિરસ્કાર) થયેલ છે એમ પ્રતિક્ષણ સ્પષ્ટ દેખાતું રહે છે, તેથી સામેને સામે ઊભો રહેતો મારો દારુણ દુઃખ–સંવેગ શમતો નથી. હે માતા ! દેવો માટેની યજ્ઞભૂમિમાંથી પ્રગટેલી સીતા ! શું તારે જન્મ લેવાનું પરિણામ આવું આવીને ઊભું રહ્યું ? કે જેથી મારે શરમના માર્યા ઇચ્છાનુસાર રડી પણ શકાતું નથી ?

હા પુત્રી !

અનિયતપણે રડી પડતું અને હસી પડતું; વળી થોડીક થોડીક આગળની કોમળ દંતકળીઓથી શોભતું એ બાળકીનું કમળ જેવું વદન (હું) યાદ કરું છું; તથા તોતડાતું અને અસંબદ્ધ, પણ કાલુકાલું તારું બોલવાનું પણ (હું યાદ કરું છું). **(૪–૪)**

હે ભગવતી વસુન્ધરા ! ખરેખર તું બહુ કઠણ (મનવાળી) છું.

તમે (પૃથિવી) પોતે, અને અગ્નિ, [વાલ્મીકિ જેવા] મુનિઓ, વસિષ્ઠની પત્ની [અરુન્ધતી], ગંગા અને રઘુના કુલગુરુ એવા સ્વયં સૂર્યદેવતા પણ જે (સીતા)ના માહાત્મ્યને જાણો જ છો. વાણી–સરસ્વતી–એ જેમ વિદ્યાને જન્મ આપ્યો તેમ તમોએ જેને જન્મ આપ્યો છે; વળી જે (સીતા) સ્વયં પણ (બીજા દેવતાઓ જેવી) દેવતા સ્વરૂપ જ છે; તેવી તમારી એ દીકરીની ક્રૂર હત્યા, હે દારુણ (પૃથિવી) ! તમે કેમ સહન કરી લીધી ? **(૪–૫)**

(નેપથ્યમાંથી–)

ભગવતી (અરુન્ધતી) અને મહાદેવી (કૌસલ્યા) ! આ તરફ... આ તરફ...

જનક– (જોઈને) અરે ! આ તો 'ગૃષ્ટિ' (નામના કંચુકી) વડે જેને માર્ગ બતાવાઈ રહ્યો છે તે ભગવતી અરુન્ધતી છે. (ઊભા થઈ જઈને) તો પછી, કોને ઉદ્દેશીને "મહાદેવી" એમ કહેવાયું ? (જોઈને–) અરે...અરે...શું આ વ્યક્તિ તે મહારાજા દશરથની ધર્મપત્ની, અને મારી પ્રિયસખી તે કૌસલ્યા (જ) છે ?......"આ એ જ છે" એમ કોણ ઓળખી શકશે ?

દશરથના ઘરમાં આ લક્ષ્મીના જેવી જ હતી, અથવા (સાક્ષાત્) લક્ષ્મી જ હતી; એને માટે વળી ઉપમાન–વાચક પદ વાપરવાની જરૂર જ ક્યાં છે ? પણ દૈવ–વશાત્ તે જાણે બીજી જ કોઈ વ્યક્તિ હોય એવી થઈ ગઈ છે. અથવા કહો કે દુઃખથી ભરેલું કોઈક જીવતું–જાગતું ભૂત પ્રગટ્યું છે અથવા એવું દશા–પરિવર્તન થયું છે. **(૪–૬)**

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

अयमपरः पापो दशाविपर्यासः ।

य एव मे जनः पूर्वमासीन्मूर्तो महोत्सवः ।
क्षते क्षारमिवासह्यं जातं तस्यैव दर्शनम् ॥७॥

(ततः प्रविशत्यरुन्धती कौसल्या कञ्चुकी च)

अरुन्धती– ननु ब्रवीमि द्रष्टव्यः स्वयमुपेत्यैव वैदेह इत्येष वः कुलगुरोरादेशः। अत एव चाहं प्रेषिता । तत्कोऽयं पदे पदे महाननध्यवसायः ।

कञ्चुकी– देवि ! संस्तभ्यात्मानमनुरुध्यस्व भगवतो वसिष्ठस्यादेशमिति विज्ञापयामि ।

कौसल्या– ईरिसे काले मिहिलाहिवो मए दिट्ठव्वो ति समं एव्व सव्वाइं दुःखाइं समुब्भवन्ति । ता ण सक्कुणोमि उव्वटमाणमूलबन्धनं हिअअं पज्जवत्थावेदुं। [ईदृशे काले मिथिलाधिपो मया द्रष्टव्य इति सममेव सर्वाणि दुःखानि समुद्भवन्ति। तस्मान्न शक्नोम्युद्वर्तमानमूलबन्धनं हृदयं पर्यवस्थापयितुम् ।]

अरुन्धती– अत्र कः सन्देहः ?

सन्तानवाहीन्यपि मानुषाणां दुःखानि सम्बन्धिवियोगजानि ।
दृष्टे जने प्रेयसि दुःसहानि स्त्रोतःसहस्त्रैरिव सम्प्लवन्ते ॥८॥

कौसल्या– कहं णु खु वच्छाए बहूए एवं गदे तस्स राएसिणो मुहं दसम्ह ?
[कथं नु खलु वत्साया वध्वा एवं गते तस्य राजर्षेर्मुखं दर्शयामः ?]

अरुन्धती– एष वः श्लाघ्यसम्बन्धी जनकानां कुलोद्वहः ।
याज्ञवल्क्यो मुनिर्यस्मै ब्रह्मपारायणं जगौ ॥९॥

कौसल्या– एसो सो महाराअस्स हिअ आणंदो वच्छाए बहूए पिदा राएसी। हद्धी ! हद्धी ! सुमारिदम्हि अणिव्वेदरमणीए दिवहे । हा देव्व, सव्वं तं णत्थि। [एष स महाराजस्य हृदयानन्दो वत्साया वध्वाः पिता राजर्षिः । स्मारितास्मि अनिर्वेदरमणीयान् दिवसान् । हा दैव ! सर्वं तन्नास्ति ।]

जनकः – (उपसृत्य) भगवत्यरुन्धति ! वैदेहः सीरध्वजोऽभिवादयते ।

यया पूतम्मन्यो निधिरपि पवित्रस्य महसः
पतिस्ते पूर्वेषामपि खलु गुरूणां गुरुतमः ।
त्रिलोकीमङ्गल्यामवनितललीनेन शिरसा
जगद्वन्द्यां देवीमुषसमिव वन्दे भगवतीम् ॥१०॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

વળી, આ બીજું પાપી એવું દશા–પરિવર્તન જણાય છે :

જે વ્યક્તિ પહેલા મારે મન મૂર્તિમાન્ મહોત્સવ સમાન હતી; હવે એનું જ દર્શન મારે માટે ઘા ઉપર મીઠું (ભભરાયું) હોય તેમ અસહ્ય બની રહ્યું છે. **(૪–૭)**

[ત્યારપછી અરુન્ધતી, કૌસલ્યા અને કંચુકી પ્રવેશ કરે છે.]

અરુન્ધતી– અરે ! હું કહું છું કે વિદેહરાજને જાતે જ સામે ચાલીને જઈને મળવું જોઈએ એમ કુલગુરુ (વસિષ્ઠ)નો આદેશ છે; અને માટે તો મને (તમારી સાથે) મોકલી છે. તો પછી આમ પ્રત્યેક ડગલે આટલો ભારે હિચકિચાટ કેમ થાય છે ?

કંચુકી– દેવી ! જાત ઉપર કાબુ રાખીને, ભગવાન્ વસિષ્ઠના આદેશનું પાલન કરો એમ (હું) પણ જણાવું છું.

કૌસલ્યા– આવા (= સીતાત્યાગ પછીના) સમયે "મારે મિથિલાના અધિપતિને મળવું જોઈએ" એવો આદેશ થતાં સાથે જ સઘળાં દુઃખો ઊભા થઈ જાય છે. તેથી કરીને ઉખડી પડતાં મૂળબંધનવાળા હૃદયને પ્રકૃતિસ્થ કરવા હું શક્તિશાળી નથી.

અરુન્ધતી– એમાં શું સંદેહ ?

સંબંધીઓના વિયોગથી જન્મનારાં મનુષ્યોનાં દુઃખો ધારાપ્રવાહે (જ) વહેનારાં હોય છે; અને છતાંય પ્રિય–જન જોવા મળતાંની સાથે જ તે (દુઃખો) અસહ્ય પણ બની જાય છે; અને તેવે વખતે તે જાણે હજારો ધારાઓમાં ઉછાળા મારતાં વહેવા લાગે છે. **(૪–૮)**

કૌસલ્યા– પણ દીકરી સમી પુત્રવધૂનું આવું થયા પછી, તે રાજર્ષિ (જનક)ને (અમારું) મુખ કેવી રીતે બતાવાય ? તે પ્રશ્ન છે.

અરુન્ધતી– આ તમારા વખાણવા લાયક વેવાઈ તો જનકવંશીઓના કુળમાં શ્રેષ્ઠ છે; કે જેમને માટે યાજ્ઞવલ્કય મુનિએ બ્રહ્મપારાયણ (= ઉપનિષદ્ સહિત સમગ્ર વેદવિદ્યાનું ગાન) કર્યું હતું. **(૪–૯)**

કૌસલ્યા– આ તે મહારાજ (દશરથ)ના હૃદયને આનંદ પહોંચાડનારા, તથા દીકરી સમી પુત્રવધૂ (સીતા)ના પિતા રાજર્ષિ (જનક) છે. કોઈપણ પ્રકારના નિર્વેદ વિનાના એ દિવસોનું મને સ્મરણ કરાવી દેવાયું ! અરે નસીબ ! (હવે) એ બધામાંનું કશું જ નથી...

જનક– (નજીક જઈને–) હે ભગવતી અરુન્ધતી ! આ વિદેહરાજ સીરધ્વજ તમારું અભિવાદન કરે છે. (પોતે જ) પવિત્ર એવા તેજના નિધિ હોવા છતાંય, અને પૂર્વેના ગુરુઓમાં પણ જે ગુરુતમ છે તે તમારા પતિ પણ જેના વડે પોતાને પવિત્ર થયેલા માને છે; તેવા ત્રણેય લોકનું મંગલ કરનારા જગદ્વંદનીય ભગવતી ઉષાદેવી જેવા તમોને, પૃથિવીને અડકાડેલા મસ્તકથી હું વંદન કરું છું. **(૪–૧૦)**

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

अरुन्धती– परं ते ज्योतिः प्रकाशताम् । अयं त्वां पुनातु देवः परोरजा य एष तपति ।

जनकः – आर्य गृष्टे ! अप्यनामयमस्याः प्रजापालकस्य मातुः ?

कञ्चुकी– (स्वगतम्) निरवशेषमतिनिष्ठुरमुपालब्धाः स्मः । (प्रकाशम्) राजर्षे ! अनेनैव मन्युना चिरपरित्यक्तरामभद्रमुखचन्द्रदर्शनां नार्हसि दुःखयितुमतिदुःखितां देवीम् । रामभद्रस्यापि दैवदुर्योगः कोऽपि यत्किल समन्ततः प्रवृत्तबीभत्सकिंवदन्तीकाः पौरजानपदा नाग्निशुद्धिमनल्पकाः प्रतियन्तीति दारुणमनुष्ठितं देवेन ।

जनकः – (सरोषम्) आः ! कोऽयमग्निर्नामास्मत्प्रसूतिपरिशोधने । कष्टमेवं वादिना जनेन रामभद्रपरिभूता अपि वयं पुनः परिभूयामहे ।

अरुन्धती– (निःश्वस्य) एवमेतत् । अग्निरिति वत्सां प्रति परिलघून्यक्षराणि । सीतेत्येव पर्याप्तम् । हा वत्से !

शिशुर्वा शिष्या वा यदसि मम तत्तिष्ठतु तथा
विशुद्धेरुत्कर्षस्त्वयि तु मम भक्तिं द्रढयति ।
शिशुत्वं स्त्रैणं वा भवतु ननु वन्द्यासि जगतां
गुणाः पूजास्थानं गुणिषु न च लिङ्गं न च वयः ॥११॥

कौसल्या– अहो ! उम्मीलंति वेअणाओ । (इति मूर्च्छन्ति) [अहो ! उन्मीलन्ति वेदनाः ।]

जनकः – हा कष्टं, किमेतत् ?

अरुन्धती– राजर्षे ! किमन्यत् ?

स राजा तत्सौख्यं स च शिशुजनस्ते च दिवसाः
स्मृतावाविर्भूतं त्वयि सुहृदि दृष्टे तदखिलम् ।
विपाके घोरेऽस्मिन्नथ खलु विमूढा तव सखी
पुरन्ध्रीणां चित्तं कुसुमसुकुमारं हि भवति ॥१२॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અરુન્ધતી— પરમ જ્યોતિ તમારે માટે પ્રકાશિત થાવ. રજોગુણની પેલી પાર રહેલા (સવિતા) દેવ આ જે તપી રહ્યા છે, તે તમોને પવિત્ર કરે.

જનક— આર્ય ગૃષ્ટિ ! પેલા 'પ્રજાપાલક'ની આ માતાનું આરોગ્ય તો સારું છે ને ?

કંચુકી— (સ્વગત) કશુંય બાકી ન રહે તેમ, અતિ–નિષ્ઠૂરપણાથી અમને ઉપાલંભ આપી દીધો. (મોટેથી) હે રાજર્ષિ ! આ જ (કારણે જન્મેલા) ગુસ્સાથી જેણે રામભદ્રના મુખચંદ્રનું દર્શન કરવાનું ત્યજી દીધું છે તે અતિશય દુઃખી થઈ ચૂકેલા મહાદેવીને ફરીથી દુઃખ પહોંચાડવું તે (તમને) યોગ્ય નથી, અને રામભદ્રના નસીબનો કોઈક અકલ્પ્ય ખરાબ એક યોગ જ કહેવાય કે— સાંભળ્યું છે તે મુજબ – ચારે બાજુએથી બીભત્સ એવી લોકવાયકાઓ ફેલાવનારા નગરના અને જનપદના લોકો; કે જેઓ સંખ્યામાં ઓછા ન હતા [અથવા તો જેઓ ક્ષુદ્ર હૃદયવાળા હતા], તેમને અગ્નિશુદ્ધિની વાતમાં ભરોસો ન હતો, તેથી દેવે (રામે) આવું ક્રૂર પગલું ભર્યું.

જનક— (રોષપૂર્વક) આઃ ! આ વળી અગ્નિ કોણ છે કે જે અમારી સંતતિની શુદ્ધિ કરી આપનારો છે ? આવું બોલનારા માણસથી ભારે કષ્ટ પહોંચી રહ્યું છે અમને; એક તરફથી રામભદ્ર વડે તો અમે દઝાડાયા છીએ, પણ અત્યારે ફરીથી પણ દાઝી રહ્યા છીએ.

અરુન્ધતી— (નિસાસો નાખીને) હા સાચું જ છે. "અગ્નિ"... એવા અક્ષરો જ, દીકરી (સીતા)ને માટે વપરાય, તો તે અક્ષરો વામણા પડે છે. [પવિત્રતાની સાક્ષી માટે તો] "સીતા" એટલા અક્ષરો જ પૂરતા છે. હા દીકરી...

તું મારી બાળકી હોઉં કે શિષ્યા હોઉં – જે હોઉં તે તું ભલે રહે; પણ વિશુદ્ધ હોવાની બાબતમાં તારું જે ચઢિયાતાપણું છે તે મુદ્દો જ મારા મનમાં તારા પ્રત્યેની ભક્તિને દઢીભૂત કરે છે. તારામાં હજી શિશુત્વ હોય, કે તું સ્ત્રીના સ્વરૂપમાં છું; પણ ખરેખર તું આખા જગત્ ને માટે વંદનીય છું. ગુણીજનોમાં જે ગુણ રહેલા હોય છે, તે જ પૂજાસ્થાન છે; એમની (સ્ત્રીત્વ કે પુરુષત્વાદિ) જાતિ કે (વૃદ્ધાવસ્થાદિ) ઉંમર પૂજાસ્થાન નથી હોતું. **(૪–૧૧)**

કૌસલ્યા— અહો ! મારી વેદનાઓ ઉઘડતી જાય છે...(બોલતાં બોલતાં મૂર્ચ્છિત થઈ જાય છે.)

જનક— અરેરે...કષ્ટકારક થયું...આ શું ?

અરુન્ધતી— હે રાજર્ષિ ! બીજું તો શું થાય ?

તે રાજા (દશરથ), તે સુખ, એ (રામ–સીતા જેવા) નાનાં બાળકો અને એ દિવસો– એ બધું, તમારા જેવા સુહૃદ્‌ને જોતાંની સાથે જ સ્મૃતિમાં આવિર્ભૂત થઈ ગયું છે. (બીજી તરફ) આ દારુણ દશા–પરિણામ, તેમાં આ તમારી સખી મૂર્ચ્છિત થઈ ગઈ. કારણ કે, (એ સાચું જ છે કે) કુલવધૂઓનાં ચિત્ત પુષ્પ જેવાં કોમળ હોય છે. **(૪–૧૨)**

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

जनकः — हन्त ! हन्त ! सर्वथा नृशंसोऽस्मि । यश्चिरस्य दुष्टान् प्रियसुहृदः प्रियान् दारान्न स्निग्धं पश्यामि ।

स सम्बन्धी श्लाघ्यः प्रियसुहृदसौ तच्च हृदयं
स चानन्दः साक्षादपि च निखिलं जीवितफलम् ।
शरीरं जीवो वा यदधिकमतोऽन्यत्प्रियतरं
महाराजः श्रीमान् किमिव मम नासीद् दशरथः ॥१३॥

कष्टमियमेव सा कौसल्या ।

यदस्याः पत्युर्वा रहसि परमं दूषितमभू-
दभूवं दम्पत्योः पृथगहमुपालम्भविषयः ।
प्रसादे कोपे वा तदनु मदधीनो विधिरभू-
दलं वा तत्स्मृत्वा दहति यदवस्कन्द्य हृदयम् ॥१४॥

अरुन्धती— हा कष्टम् ! अतिचिरनिरुद्धनिःश्वासनिष्पन्दं हृदयमस्याः ।

जनकः — हा प्रियसखि ! (इति कमण्डलूदकेन सिञ्चति ।

कञ्चुकी—

सुहृदिव प्रकटय्य सुखप्रदः प्रथममेकरसामनुकूलताम् ।
पुनरकाण्डविवर्तनदारुणो विधिरहो विशिनष्टि मनोरुजम् ॥१५॥

कौसल्या— (आश्वस्य) हो वच्छे जाणइ, कहिं सि ? सुमरामि दे णवविवाहलच्छीपरिग्गहेक्कमंडनं पप्फुरंतसुद्धविहसिदं मुद्धमुहपुंडरीअं । आप्फुरंत-चंदचंदिआ सुंदरेहिं अंगेहिं पुणो वि मे जादे उज्जोएहि उच्छंगं । सव्वदा महाराओ भणादि एसा रहुउलमहत्तराणं वहू अम्हाणं दु जण असुदा दुहिदेव्व । [हा वत्से जानकि ! कुत्रासि ? स्मरामि ते नवविवाहलक्ष्मीपरिग्रहैकमण्डनं प्रस्फुरच्छुद्धविहसितं मुग्धमुखपुण्डरीकम् । आस्फुरच्चन्द्रचन्द्रिकासुन्दैररङ्गैः पुनरपि मे जाते उद्योतयोत्सङ्गम् । सर्वदा महाराजो भणति एषा रघुकुलमहत्तराणां वधूरस्माकं तु जनकसुता दुहितैव ।]

कञ्चुकी— यथाह देवी—

पञ्चप्रसूतेरपि तस्य राज्ञः प्रियो विशेषेण सुबाहुशत्रुः ।
वधूचतुष्केऽपि यथैव शान्ता, प्रियातनूजास्य तथैव सीता ॥१६॥

जनकः — हा प्रियसख महाराज दशरथ ! एवमसि सर्वप्रकारहृदयङ्गमः, कथं विस्मर्यसे ?

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

જનક– હાય...હાય. હું ખરેખર ઘાતકી છું; કે જે ઘણા લાંબા સમયે જોવા મળેલા પ્રિયમિત્રના પ્રિયપત્નીને માયાળુ બનીને જોતો નથી.

તે મારા પ્રશંસનીય વેવાઈ હતા, પ્રિયમિત્ર હતા, તે (મારું) હૃદય હતા. તેઓ સાક્ષાત્ આનંદ અને અખિલ જીવનનું ફળ હતા. અરે ! તેઓ તો મારું (બીજું) શરીર કે જીવ જ હતા; અને તેનાથી જ જો બીજું કશું પણ મને પ્રિયતર હોય તો તે પણ હતા. શ્રીમાન્ મહારાજ દશરથ જાણે મારું શું ન હતા ?? **(૪–૧૩)**

કષ્ટદાયક છે, કે આ તે જ કૌસલ્યા છે.

એકાંતમાં આનો પોતાનો કે (એના) પતિનો મોટો અપરાધ થઈ જાય તો બન્ને દમ્પતીના અલગ–અલગ ઉપાલંભનો વિષય હું જ બનતો હતો, અને ત્યારપછી એ બન્નેને રાજી કરવા કે વઢવા માટેનો વિધિ પણ મારે જ અધીન રહેતો હતો. પણ એ બધું યાદ કરવાથી અટકો; કેમકે હૃદય ઉપર આક્રમણ કરીને એ બધી વાતો ઊભરાય છે. **(૪–૧૪)**

અરુન્ધતી– હાય કષ્ટ છે કે આનું હૃદય લાંબા સમયથી અટકી ગયેલા શ્વાસ વિનાનું નિષ્પંદ બની ગયું હોય તેમ લાગે છે.

જનક– હા પ્રિયસખી ! (એમ બોલીને કમંડળનું પાણી છાંટે છે.)

કંચુકી– અહો ! આ વિધાતા પહેલાં એક મિત્રની જેમ એકધારી બધી અનુકૂળતા પ્રકટ કરી આપીને, પછી એકદમ જ કસમયે દશા–પરિવર્તન આણીને દારુણ બની જાય છે; તથા મનોવેદનાને વધારી મૂકે છે. **(૪–૧૫)**

કૌસલ્યા– (આશ્વસ્ત થઈને) હા દીકરી જાનકી ! તું ક્યાં છું ? નવ–વિવાહની શોભાથી ભરાઈ ગયેલાં ગોળ મંડળવાળું, શુદ્ધ હાસ્યથી ફરકતું તારું મુગ્ધ મુખકમળ હું યાદ કરું છું. ચમકતા ચંદ્રની ચંદ્રિકા જેવાં સુન્દર અંગોથી, હે મારી દીકરી ! તું ફરીથી મારા ખોળાને ચમકાવ. મહારાજા (દશરથ) તો હંમેશા કહેતા હોય છે કે રઘુકુલના વડીલોને માટે ભલે સીતા વધૂ હોય, પણ આપણે બેને માટે તો એ જનકપુત્રી દુહિતા સમાન જ છે.

કંચુકી– મહાદેવી જેમ જણાવે છે તેમ–

તે રાજા (દશરથ)ને પાંચ સંતાનો હતાં, પણ તેમાંય જે ‘સુબાહુ’નો શત્રુ હતો તે (રામ) એમને વિશેષ પ્રિય હતો. તથા એમને ચાર વહુઓ હતી, પણ એમને પ્રિય–પુત્રી ‘શાન્તા’ જેટલી વહાલી હતી, એટલી જ સીતા પણ વહાલી હતી. **(૪–૧૬)**

જનક– અરે પ્રિયમિત્ર મહારાજ દશરથ ! તમો આમ સર્વપ્રકારે હૃદયંગમ હતા; તમે કેવી રીતે ભૂલાવ ?

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

कन्यायाः किल पूजयन्ति पितरो जामातुराप्तं जनं
सम्बन्धे विपरीतमेव तदभूदाराधनं ते मयि ।
त्वं कालेन तथाविधोऽस्यपहृतः सम्बन्धबीजं च तद्
घोरेऽस्मिन् मम जीवलोकनरके पापस्य धिग्जीवितम् ॥१७॥

कौसल्या– जादे जाणइ, किं करोमि ? दिढवज्जलेवघडिअबंधणिच्चलं हदजीविदं मं मंदभाइणीं ण पडिच्चअदि । [जाते जानकि ! किं करोमि ? दृढवज्रलेपघटितबन्धनिश्चलं हतजीवितं मां मन्दभागिनीं न परित्यजति ।]

अरुन्धती– आश्वसिहि राजपुत्रि ! बाष्पविश्रामोऽप्यन्तरे कर्तव्य एव । अन्यच्च किं न स्मरसि यदवोचदृष्यशृङ्गाश्रमे युष्माकं कुलगुरुर्भवितव्यं तथेत्युपजातमेव किन्तु कल्याणोदर्कं भविष्यतीति ।

कौसल्या– कुदो अदिक्कंदमणोरहाए मह एदं ? [कुतोऽतिक्रान्तमनोरथाया ममैतत् ?]

अरुन्धती– तत्किं मन्यसे राजपत्नि ! मृषोद्यं तदिति ? न हीदं सुक्षत्रियेऽन्यथा मन्तव्यम् । भवितव्यमेव तेन ।

आविर्भूतज्योतिषां ब्राह्मणानां ये व्याहारास्तेषु संशयो मा भूत् ।
भद्रा ह्येषां वाचि लक्ष्मीर्निषक्ता नैते वाचं विप्लुतार्थां वदन्ति ॥१८॥

(नेपथ्ये कलकलः । सर्वे आकर्णयन्ति)

जनकः – अये ! अद्य खलु शिष्टानध्यायः इत्युद्धतं खेलतां वटूनां कलकलः ।

कौसल्या– सुलहसौक्खं दाव बालत्तणं होदि । (निरूप्य) अम्हे हे ! एदाणं मज्झे को एसो रामभद्दस्स कोमारलच्छीसरिसेहिं सावट्ठंभेहिं मुद्धललिदेहिं अंगेहिं अम्हाणं लोअणाइं सीअलावेदि । [सुलभसौख्यं तावद् बालत्वं भवति । अहो ! एतेषां मध्ये क एष रामभद्रस्य कौमारलक्ष्मीसदृशैः सावष्टम्भैर्मुग्ध–ललितैरङ्गैरस्माकं लोचनानि शीतलयति ।]

अरुन्धती– (अपवार्य सहर्षबाष्पम्) इदं नाम तद् भागीरथीनिवेदितरहस्यं कर्णामृतम् । न त्वेवं विद्मः कतरोऽयमायुष्मतोः कुशलवयोरिति ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

સાંભળવા મળે છે એ મુજબ (किल) તો, કન્યાના મા–બાપ (જ) જમાઈના સગાવહાલાની પૂજા કરતાં હોય છે; પણ મારા વિશે તો (અમારા) બેના સંબંધમાં આવી આરાધના વિપરીત રીતે જ ચાલતી હતી ! આવા (મધુર) સ્વભાવના તમે તો કાલ વડે અપહરી લેવાયા; અને (આપણા વચ્ચેનું) સંબંધ–બીજ પણ જાણે અપહરી લેવાયું. આ દારુણ એવા જીવલોક રૂપી નરકમાં (હવે) મારા પાપીનું (એકલા) જીવતા રહેવું તે ધિક્કારને પાત્ર છે. **(૪–૧૭)**

કૌસલ્યા– દીકરી જાનકી ! હું શું કરું ? દૃઢ વજ્રલેપથી જેનું બંધન નિશ્ચલપણે રચાયેલું છે એવું આ અભાગી જીવન મને મંદભાગિનીને છોડતું નથી.

અરુન્ધતી– હે રાજપુત્રી ! આશ્વાસન પામો. વચ્ચે વચ્ચે આંસુ સારવાનું પણ અટકાવવું જોઈએ જ, અને વળી, તમારા કુલગુરુ ઋષ્યશૃંગના આશ્રમમાં જે બોલ્યા હતા (કે)– "થનાર ભાવિ થઈને જ રહ્યું; પરંતુ (છેવટે તો) કલ્યાણોદય થશે (જ)"– તે કેમ યાદ રાખતા નથી ?

કૌસલ્યા– અરે જેના મનોરથો ભાંગી પડ્યા છે એવી મને એ વાતો ક્યાંથી (યાદ રહે) ?

અરુન્ધતી– તો હે રાજપત્ની ! તમે શું માનો છો ? શું તે મિથ્યાવચનો નીકળ્યાં હશે ? હે સુક્ષત્રિયા ! એને બીજી કોઈ રીતે જોવાય જ નહીં. (વસિષ્ઠની) એ વાત પણ થઈને જ રહેશે.

(બ્રહ્મતત્ત્વ રૂપ) જ્યોતિ જેની સમક્ષ આવિર્ભૂત થયું છે તેવા જે બ્રાહ્મણોનાં (બોલાયેલાં) વાક્યો હોય છે, તેના વિશે સંશય ન કરવાનો હોય. એમની વાણીમાં તો કલ્યાણકારિણી લક્ષ્મી રહેલી હોય છે; એ લોકો અર્થ વિનાની વાણીને બોલતા જ નથી. **(૪–૧૮)**

[નેપથ્યમાં કલકલાટ થાય છે. સૌ સાંભળવાનો અભિનય કરે છે.]

જનક– અરે વાહ ! આજે તો શિષ્ટજનોના (આવ્યાના) માનમાં રજા જાહેર થઈ છે, તેથી ખેલતાં–કૂદતાં બટુકોનો આ કલકલાટ ઊભો થયો છે.

કૌસલ્યા– જેમાં સરળતાથી સુખ મળી આવે છે તે તો બાળપણ કહેવાય છે. અહો ! આ બધાની વચ્ચે કોણ આ રામભદ્રની કિશોરાવસ્થાની શોભા જેવાં સુઘટિત અને મુગ્ધતાથી ભરેલાં લલિત અંગો વડે આપણાં લોચનોને શીતળતા પહોંચાડે છે ?

અરુન્ધતી– (છુપાવીને, હર્ષાશ્રુ સાથે) આ તે જ પેલું ભાગીરથીએ રહસ્ય રૂપે કહી સંભળાવેલું કર્ણામૃત [સામે આવીને ઊભું] લાગે છે. અમને ખબર નથી પડતી કે 'કુશ' અને 'લવ' એ બે આયુષ્માનોમાંથી આ કોણ હશે ?

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(प्रकाशम्)—

कुवलयदलस्निग्धश्यामः शिखण्डकमण्डनो
बटुपरिषदं पुण्यश्रीकः श्रियेव सभाजयन् ।
पुनरपि शिशुर्भूतो वत्सः स मे रघुनन्दनो
झटिति कुरुते दृष्टः कोऽयं दृशोरमृताञ्जनम् ॥१९॥

कञ्चुकी— नूनं क्षत्रियब्रह्मचारी दारकोऽयमिति मन्ये ।

जनकः — एवमेतत् । अस्य हि—

चूडाचुम्बितकङ्कपत्रमभितस्तूणीद्वयं पृष्ठतो
भस्मस्तोकपवित्रलाञ्छनमुरो धत्ते त्वचं रौरवीम् ।
मौर्व्या मेखलया नियन्त्रितमधोवासश्च माञ्जिष्ठकं
पाणौ कार्मुकमक्षसूत्रवलयं दण्डोऽपरः पैप्पलः ॥२०॥

जनकः — भगवत्यरुन्धति ! किमुत्प्रेक्षसे कुतस्त्योऽयमिति ।

अरुन्धती— अद्यैवागता वयम् ।

जनकः — आर्य गृष्टे ! अतीव मे कौतुकं वर्तते, तद् भगवन्तं वाल्मीकिमेव गत्वा पृच्छ । इमं च बालकं—'ब्रूहि वत्स ! केऽप्येते प्रवयसस्त्वां दिदृक्षव' इति ।

कञ्चुकी— यदाज्ञापयति देवः । (इति निष्क्रान्तः)

कौसल्या— किं मण्णेध एव्वं भणिदो आअमिस्सदित्ति ? [किं मन्यध्वं एवं भणित आगमिष्यतीति ?]

जनकः — भिद्येत वा सद्वृत्तमीदृशस्य निर्माणस्य ?

कौसल्या— (निरूप्य) कहं सविणअणिसामिदगिट्ठिवअणो विसज्जिदइसिदारओ इतोऽहिमुहं पसरिदो एव्व सो वच्छो । [कथं सविनयनिशामितगृष्टिवचनो विसर्जितर्षिदारक इतोऽभिमुखं प्रसृत एव स वत्सः ।]

जनकः — (चिरं निर्वर्ण्य) भोः ! किमप्येत् ?

महिम्नामेतस्मिन्विनयशिशुतामौग्ध्यमसृणो
विदग्धैर्निर्ग्राह्यो न पुनरविदग्धैरतिशयः ।
मनो मे सम्मोहस्थिरमपि हरत्येष बलवान्
अयोधातुं यद्वत्परिलघुरयस्कान्तशकलः ॥२१॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(મોટેથી)–

નીલકમળપત્ર જેવા કોમળ અને શ્યામ, વાળની લટોથી વિભૂષિત અને પુણ્યશાળી શોભાવાળો (પોતાની) શોભાથી જાણે કે બાળકોના આ સમુદાયને અલંકૃત કરી રહ્યો છે. તથા–જાણે મારો એ બાળ રઘુનંદન ફરીથી નાનો શિશુ બની ગયો હોય ! એકાએક જ જોવા મળેલો આ કોણ હશે, કે જે આંખોને અમૃતનું આંજણ લગાવે છે ? **(૪–૧૯)**

કંચુકી– મને લાગે છે કે ચોક્કસ આ બાળક ક્ષત્રિય જાતિનો બ્રહ્મચારી હશે.

જનક– હા, એ એમ જ છે. કેમકે, આના–

આના બરડાના ભાગે બન્ને તરફ (તીર મૂકવાનાં) ભાથાં છે, તથા જેના કંકપક્ષોને (= બાણોને) માથાના વાળ ચૂમી રહ્યા છે, થોડીક ભસ્મના લેપનથી જેનું વક્ષઃસ્થળ પવિત્ર થયેલું છે, અને જે રુરુમૃગની ત્વચાને ધારણ કરી રહ્યો છે, મૌર્વી (કટિ)મેખલાથી બાંધેલું જેનું અધોવસ્ત્ર મજિઠિયા રંગનું છે, જેના (એક)હાથમાં કાર્મુક (ધનુષ્ય) છે, અને (બીજા હાથમાં) અક્ષસૂત્રની માળા છે અને (વધારામાં) બીજો પિપળાનો દંડ પણ છે. **(૪–૨૦)**

જનક– હે ભગવતી અરુન્ધતી ! શું કલ્પના કરો છો ? આ છોકરો ક્યાંનો હશે ?

અરુન્ધતી– અમે તો આજે જ આવ્યા છીએ.

જનક– આર્ય ગૃષ્ટિ ! મને ભારે કૌતુક થઈ રહ્યું છે, તો જો, ભગવાન્ વાલ્મીકિને જ જઈને પૂછ; અને આ બાળકને કહો–"દીકરા ! આ કોઈક ઘરડાં લોકો તને જોવાની ઈચ્છાવાળા છે."

કંચુકી– દેવ જેવી આજ્ઞા આપે છે (તેમ કરીશું). [ત્યારપછી રંગભૂમિ ઉપરથી નીકળી જાય છે.]

કૌસલ્યા– શું તમે એમ માનો છો કે આમ કહેવડાવતાં તે (આપણી પાસે) આવશે ?

જનક– તો શું એમ લાગે છે કે આવું સુન્દર નિર્માણ પામેલી આકૃતિવાળાથી સદાચાર દૂર રહેતો હશે ?

કૌસલ્યા– (જોઈને) શું વિનય–પૂર્વક જેણે ગૃષ્ટિનાં વચનો સાંભળ્યા છે એવા તે દીકરાએ બીજા બધાં ઋષિબાળકોને વિદાય કરી દઈને, આ તરફ આવવાનું શરૂ કરી દીધું ?

જનક– (લાંબા સમય સુધી જોઈ રહીને) અહો ! આ કાંઈક અદ્ભુત (વાત) જણાય છે :

આ (બાળક)માં રહેલો અનેકવિધ મહિમાનો અતિશય, કે જે વિનય, બાળપણ અને મુગ્ધતાથી સુંવાળો બનેલ છે, તે વિદગ્ધો (વિદ્વાનો)થી જ પામી શકાય એવો છે; પણ જે અવિદગ્ધો છે તેમનાથી તે પામી શકાય એવો છે જ નહીં. મારું મન આમ તો (એક પ્રકારના) સંમોહને કારણે સ્થિર થઈ ગયું છે, તો પણ જેમ એક નાનો સરખો લોહચુંબકનો ટૂકડો ય બળવાન બનીને લોખંડની ધાતુને આકર્ષે છે તેમ તે (મારા મનને) આકર્ષે છે. **(૪–૨૧)**

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

लवः – (प्रविश्य) अज्ञातनामक्रमाभिजनान् पूज्यानपि स्वतः कथमभिवादयिष्ये ? (विचिन्त्य) अयं पुनरविरुद्धः प्रकार इति वृद्धेभ्यः श्रूयते । (सविनयमुपसृत्य) एष वो लवस्य शिरसा प्रणामपर्यायः ।

अरुन्धती–जनकौ– कल्याणिन् ! आयुष्मान् भूयाः ।

कौसल्या– जाद ! चिरं जीव । [जात चिरञ्जीव ।]

अरुन्धती– एहि वत्स ! (लवमुत्सङ्गे गृहीत्वात्मगतम्) दिष्ट्या न केवलमुत्सङ्गश्चिरान्मनोरथोऽपि मे सम्पूर्णः ।

कौसल्या– जाद ! इदो वि दावं एहि । (उत्सङ्गे गृहीत्वा) अम्हहे ण केवलं दरविअसंतणीलुप्पलसामलुज्जलेण देहबंधेण कवलिदारविंदकेसरकसाअ–कंठकलहंसणिणाददीहरदीहरेण सरेण अ रामभद्दं अणुहरदि । णं कठोरकमल–गब्भपम्हलो सरीरप्फस्सो वि तारिसो एव्व वच्छस्स । जाद ! पेक्खामि दाव दे मुहपुंडरीअम् । (चिबुकमुन्नमय्य निरूप्य सबाष्पाकूतम्) राएसि, किं ण पेक्खसि णिउणं णिरूअज्जंतं से मुहं बच्छाए बहूए मुहचंदेण संवददि एव्व ? [जात ! इतोऽपि तावदेहि । अहो ! न केवलं दरविकसन्नीलोत्पलश्यामलोज्ज्वलेन देहबन्धेन कवलितारविन्दकेसरकषायकण्ठकलहंसनिनाददीर्घदीर्घेण स्वरेण च रामभद्रमनुहरति । ननु कठोरकमलगर्भपक्ष्मलः शरीरस्पर्शोऽपि तादृश एव वत्सस्य । जात ! प्रेक्षे तावत्ते मुखपुण्डरीकम् । राजर्षे ! किं न प्रेक्षसे निपुणं निरूप्यमाणमस्य मुखं वत्साया वध्वा मुखचन्द्रेण संवदत्येव ?]

जनकः – पश्यामि सखि ! पश्यामि ।

कौसल्या– अम्हहे ! उन्मत्तीभूदं विअ मे हिअअं किं पि एदोमुहं विप्पलवदि । [अहो ! उन्मत्तीभूतमिव मे हृदयं किमपीतोमुखं विप्रलपति ।]

जनकः –

वत्सायाश्च रघूद्वहस्य च शिशावस्मिन्नभिव्यज्यते
सम्पूर्णप्रतिबिम्बितेव निखिला सैवाकृतिः सा द्युतिः ।
सा वाणी विनयः स एव सहजः पुण्यानुभावोऽप्यसौ
हा हा दैव किमुत्पथैर्मम मनः पारिप्लवं धावति ॥२२॥

कौसल्या– जाद ! अत्थि दे मादा सुमरसि वा तादम् ? [जात ! अस्ति ते माता, स्मरसि वा तातम् ?]

लवः – नहि, नहि ।

कौसल्या– तदो कस्स तुमं ? [ततः कस्य त्वम् ?]

लवः – भगवतो वाल्मीकेः ।

कौसल्या– अयि जाद ! कहिदव्वं कहेहि । [अयि जात ! कथयितव्यं कथय ।]

लवः – एतावदेव जानामि ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

લવ– (પ્રવેશ કરીને) જેમનાં નામ કે ક્રમને પણ હું જાણતો નથી તેવા પૂજનીય વ્યક્તિઓને કેવી રીતે (મારા) વંદન પાઠવીશ ? (વિચારીને) હાં, તો આ પ્રકાર અવિરોધી ગણાય–એમ વૃદ્ધો પાસેથી સાંભળવા મળે છે. (વિનયપૂર્વક નજીક જઈને) તમને સૌને મસ્તક વડે લવના પ્રણામોની આ પરંપરા.

અરુન્ધતી–જનક– હે કલ્યાણભાજન ! તું આયુષ્માન થા.

કૌસલ્યા– દીકરા ! લાંબુ જીવ.

અરુન્ધતી– આવ, દીકરા ! (લવને ખોળામાં લઈને, સ્વગત) હાશ, ભાગ્યે કરીને એકલો ખોળો જ નહીં, પણ લાંબા સમયે મારો મનોરથ પણ પૂરો થયો.

કૌસલ્યા– દીકરા, આ બાજુ પણ (તું) આવ. અહો ! થોડાક ખીલેલા નીલકમલ જેવા શ્યામ અને ઉજ્જવળ એવા કેવળ દેહબંધથી જ નહીં, પણ કમળ–કેશરના કોળિયા ભરવાથી કષાયિત થયેલ કંઠમાંથી નીકળતા કલહંસ–રાજહંસ–ના નિનાદ જેવા દીર્ઘ–દીર્ઘ સ્વરથી રામભદ્રનું જ અનુકરણ કરી રહ્યો છે. પૂર્ણવિકસિત કમળના અંદરના ભાગ જેવો કોમળ શરીરનો સ્પર્શ પણ દીકરા (રામ)ના જેવો જ છે. દીકરા ! લાવ જોઈએ, તારું મુખકમળ જોઉં તો. હે રાજર્ષિ ! ધ્યાનથી જોઈએ તો શું એવું નથી દેખાતું કે આનું મુખ દીકરી એવી પુત્રવધૂના મુખચંદ્રની સાથે મળતું આવે છે ?

જનક– જોઉં છું, સખી ! હું (પણ એ જ) જોઉં છું.

કૌસલ્યા– અહો ! મારું હૃદય જાણે ઉન્મત્ત થયું હોય તેમ કંઈક કંઈક આમ–તેમ પ્રલાપ કર્યા જ કરે છે.

જનક– આ શિશુમાં દીકરી (સીતા)ની અને રઘુકુલશ્રેષ્ઠની આખી એ જ આકૃતિ અને એ જ કાન્તિનું સંપૂર્ણ પ્રતિબિંબ ઝીલાયું હોય તેમ અભિવ્યક્ત થઈ રહી છે. એ જ વાણી, સહજ એવો વિનય પણ એ જ, તથા પુણ્યનો એ પ્રભાવ પણ... હે દૈવ ! ચંચળ બનેલું મારું મન કેમ ઊંધે રસ્તે દોડવા લાગ્યું છે. **(૪–૨૨)**

કૌસલ્યા– દીકરા ! તારી માતા છે ? અથવા તને તારા પિતા યાદ આવે છે ?

લવ– ના...ના...

કૌસલ્યા– તો પછી, તું કોનો છે ?

લવ– ભગવાન્ વાલ્મીકિનો.

કૌસલ્યા– અરે દીકરા ! કહેવા જેવું સરખું કંઈક કહે.

લવ– મને તો આટલી જ ખબર છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(नेपथ्ये)

भो भोः सैनिकाः । एष खलु कुमारश्चन्द्रकेतुराज्ञापयति न केनचिदा–श्रमाभ्यर्णभूमय आक्रमितव्या इति ।

अरुन्धती–जनकौ– अये ! मेध्याश्वरक्षाप्रसङ्गादुपागतो वत्सश्चन्द्रकेतुरद्य द्रष्टव्य इत्यहो ! सुदिवसः ।

कौसल्या– वच्छलक्खणस्स पुत्तओ आणवेदित्ति अमिदबिंदुसुंदराइं अक्खराइं सुणीअंदि । [वत्सलक्ष्मणस्य पुत्रक आज्ञापयतीत्यमृतबिन्दुसुन्दराणि अक्षराणि श्रूयन्ते ।]

लवः – आर्य ! क एष चन्द्रकेतुर्नाम ।

जनकः – जानासि रामलक्ष्मणौ दाशरथी ?

लवः – एतावेव रामायणकथापुरुषौ ?

जनकः – अथ किम् ?

लवः – तत्कथं न जानामि ?

जनकः – तस्य लक्ष्मणस्यायमात्मजश्चन्द्रकेतुः ।

लवः – ऊर्मिलायाः पुत्रस्तर्हि मैथिलस्य राजर्षेर्दौहित्रः ।

अरुन्धती– (विहस्य) आविष्कृतं कथाप्रावीण्यं वत्सेन ।

जनकः – (विचिन्त्य) यदि त्वमीदृशः कथायामभिज्ञस्तद् ब्रूहि तावत् पृच्छामस्तेषां दशरथात्मजानां कियन्ति किन्नामधेयान्यपत्यानि केषु केषु दारेषु प्रसूतानीति ।

लवः – नायं कथाप्रविभागोऽस्माभिरन्येन वा श्रुतपूर्वः ।

जनकः – किं न प्रणीत एव कविना ?

लवः – प्रणीतो, न प्रकाशितः । तस्यैव कोऽप्येकदेशः सन्दर्भान्तरेण रसवानभिनेयार्थः कृतः । तं च स्वहस्तलिखितं मुनिर्भगवान् व्यसृजद् भगवतो भरतस्य मुनेस्तौर्यत्रिकसूत्रकारस्य ।

जनकः – किमर्थम् ?

लवः – स किल भगवान् भरतस्तमप्सरोभिः प्रयोजयिष्यतीति ।

जनकः – सर्वमिदमाकूततरमस्माकम् ।

लवः – महती पुनरस्मिन् भगवतो वाल्मीकेरास्था । यतो येषामन्तेवासिनां हस्तेन तत्पुस्तकं भरताश्रमं प्रति प्रेषितं तेषामनुयात्रिकश्चापपाणिः प्रमादापनोदनार्थम् अस्मद्भ्राता प्रेषितः ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

[નેપથ્યમાંથી–]

અરે ઓ સૈનિકો ! આ કુમાર ચન્દ્રકેતુ આજ્ઞા ફરમાવે છે કે આશ્રમની નજીકના ભાગમાં કોઈએ આક્રમણ કરવું નહીં.

અરુન્ધતી અને જનક– અરે ! યજ્ઞીય અશ્વની રક્ષા કરવાના નિમિત્તે (અહીં) આવી પહોંચેલો દીકરો ચન્દ્રકેતુ આજે જોવા મળશે ! તો અહો ! આજે સુદિવસ લાગે છે.

કૌસલ્યા– "દીકરા લક્ષ્મણનો વ્હાલો છોકરો આજ્ઞા આપે છે"– એવા અમૃતબિન્દુ સમા સુંદર અક્ષરો સાંભળવા મળે છે.

લવ– વડીલ ! આ 'ચન્દ્રકેતુ' નામના કોણ છે ?

જનક– દશરથના પુત્ર એવા 'રામ' અને 'લક્ષ્મણ'ને તું જાણે છે ?

લવ– આ હા, એ બે તો રામાયણકથાના (નાયક) પુરુષો છે ને ?

જનક– બરાબર છે, સાચું.

લવ– તો પછી એમને હું કેમ ન ઓળખું ?

જનક– તે લક્ષ્મણનો આ સગ્ગો દીકરો 'ચન્દ્રકેતુ' છે.

લવ–ઉર્મિલાનો પુત્ર? તો તે થયો મિથિલાના રાજર્ષિ (જનક)નો દૌહિત્ર (ભાણો) !

અરુન્ધતી– (હસી પડીને) છોકરાએ કથાપ્રાવીણ્ય બતાવ્યું.

જનક– (વિચાર કરીને) જો તું કથાનો આટલો જાણકાર હોઉં, તો કહે જોઈએ; અમે તને પૂછીએ છીએ : "દશરથના પુત્રોના કેટલા અને ક્યાં ક્યાં નામવાળાં છે ? તથા તે કઈ કઈ સ્ત્રીઓથી જન્મેલા છે ?"

લવ– કથાનો આ વિભાગ અમે કે બીજા કોઈએ પહેલાં ક્યારેય સાંભળ્યો નથી.

જનક– કવિએ શું (એ ભાગ) રચ્યો જ નથી કે ?

લવ– રચ્યો છે, પણ પ્રકાશિત કર્યો નથી. એ (ભાગ)નો પણ એક અંશ, કે જે રસવાન્ હતો તેને થોડોક સંદર્ભ ફેરવીને ભજવવા માટે તૈયાર કર્યો છે. તે મુનિ ભગવાને (વાલ્મીકિએ) જાતે હાથે લખેલો એ અંશ તૌર્યત્રિક સૂત્રકાર (= નાટ્યશાસ્ત્રના રચયિતા) ભગવાન ભરતમુનિ પાસે મોકલી આપ્યો છે.

જનક– શા માટે ?

લવ– સાંભળ્યું છે કે ભગવાન ભરત એને અપ્સરાઓ પાસે (તૈયાર કરાવીને) ભજવાવડાવશે.

જનક– આ બધું જ અમને બહુ આશ્ચર્ય ઉપજાવે છે.

લવ– ભગવાન્ વાલ્મીકિને આ ભાગને વિશે મોટી શ્રદ્ધા છે. જેથી જે અન્તેવાસિઓના હાથથી તે પુસ્તક ભરતના આશ્રમ તરફ મોકલી આપ્યું છે તેની પાછળ ને પાછળ હાથમાં ધનુષ્ય લઈને અમારા ભાઈને, કોઈપણ પ્રકારનો પ્રમાદ ઊભો થાય તો તેને દૂર કરવા માટે, સાથેને સાથે મોકલી આપ્યો છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

कौसल्या– जाद ! भादावि दे अत्थि ? [जात ! भ्राताऽपि तेऽस्ति ?]

लवः – अस्त्यार्यः कुशो नाम ।

कौसल्या– जेट्ठेत्ति भणिदं होदि । [ज्येष्ठ इति भणितं भवति ।]

लवः – एवमेतत् । प्रसवानुक्रमेण स ज्यायान् ।

जनकः – किं यमजावायुष्मन्तौ ?

लवः – अथ किम् ?

जनकः – वत्स ! कथय कथाप्रबन्धस्य कीदृशः पर्यन्तः ?

लवः – अलीकपौरापवादोद्विग्नेन राज्ञा निर्वासितां देवयजनसम्भवां सीतादेवीमासन्नप्रसववेदनामेकाकिनीमरण्ये परित्यज्य लक्ष्मणः प्रतिनिवृत्त इति ।

कौसल्या– हा वच्छे मुद्धचंद्रमुहि ! को दाणिं दे सरीरकुसुमस्स झत्ति देव्वदुव्विलासपरिणामो एक्कइणीए निवडिदो । [हा वत्से मुग्धचन्द्रमुखि ! क इदानीं ते शरीरकुसुमस्य झटिति दैवदुर्विलासपरिणाम एकाकिन्या निपतितः ।]

जनकः – हा वत्से !

नूनं त्वया परिभवं च वनं च घोरं
तां च व्यथां प्रसवकालकृतामवाप्य ।
क्रव्याद्गणेषु परितः परिवारयत्सु
सन्त्रस्तया शरणमित्यसकृत् स्मृतोऽस्मि ॥२३॥

लवः – (अरुन्धतीं प्रति) आर्ये ! कावेतौ ?

अरुन्धती– इयं कौसल्या । अयं च जनकः ।

लवः – (सबहुमानखेदकौतुकं पश्यति)

जनकः – अहो निर्दयता दुरात्मनां पौराणाम् । अहो रामस्य राज्ञः क्षिप्रकारिता !

एतद्वैशसवज्रघोरपतनं शश्वन्ममोत्पश्यतः
क्रोधस्य ज्वलितुं धगित्यवसरश्चापेन शापेन वा ।

कौसल्या– (सभय–कम्पम्) भअवदि ! परित्ताहि, परित्ताहि । पसादेहि कुविदं राएसिं । [भगवति ! परित्रायस्व परित्रायस्व, प्रसादय कुपितं राजर्षिम् ।]

अरुन्धती– एतद्धि परिभूतानां प्रायश्चित्तं मनस्विनाम् ।
राजन्नपत्यं रामस्ते पाल्याश्च कृपणा जनाः ॥२४॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

કૌસલ્યા— બેટા ! તારે બીજો ભાઈ પણ છે ?!

લવ— છે, 'કુશ' નામના એક મોટા ભાઈ.

કૌશલ્યા— તે જ્યેષ્ઠ છે એમ કહ્યું ?

લવ— હા, એમ જ છે. જન્મ થવાના ક્રમથી તે (મારાથી) મોટા છે.

જનક— તો તમે બે આયુષ્માનો શું જોડકાં છો ?

લવ— હા.

જનક— બેટા, કહે તો કથાપ્રબન્ધનો અન્ત કેવી રીતે આવે છે ?

લવ— "નગરવાસીઓના મિથ્યા અપવાદથી ઉદ્વિગ્ન થયેલા રાજાએ ત્યજી દીધેલા, દેવો માટેના યજ્ઞપ્રસંગે જન્મેલા સીતાદેવી, કે જેમને પ્રસવ–વેદના નજીકના સમયમાં હતી તેમને અરણ્યમાં એકલા છોડી દઈને, લક્ષ્મણ (અયોધ્યામાં) પાછા ફર્યા છે" (ત્યાં સુધી કથા આવીને અટકી છે.)

કૌસલ્યા— હા બેટી, ભોળા મુખચન્દ્રવાળી ! એકલવાયી એવી તારા શરીર રૂપી પુષ્પનું એકાએક આવું કમનસીબી ભર્યું પરિણામ ક્યાંથી આવી પડ્યું ?

જનક— હે દીકરી ! એક તરફ તેં આવો તિરસ્કાર, બીજી તરફ બિહામણું વન, અને ત્રીજી તરફ પ્રસવકાળે ઉપડેલી વ્યથાને પામીને; જ્યારે ચારે બાજુએથી માંસાહારી પ્રાણીઓ (તને) ફરી વળ્યા હશે ત્યારે, સંત્રાસપૂર્વક "બચાવો... બચાવો..." એમ વારંવાર (બોલતાં બોલતાં) મને યાદ કર્યો હશે. **(૪–૨૩)**

લવ— (અરુન્ધતીને લક્ષીને–) આર્યા ! આ બે જણ કોણ છે ?

અરુન્ધતી— આ છે તે "કૌસલ્યા" છે; અને આ 'જનક' છે.

લવ— (એક સાથે બહુમાન, ખેદ અને કૌતુક–પૂર્વક જુવે છે.)

જનક— દુરાત્મા એવા નગરવાસીઓની નિર્દયતા ભારે કહેવાય. અને રાજા રામની પણ ક્ષિપ્રકારિતા (= ઉતાવળે કામ કરી નાખવાની પદ્ધતિ) પણ ભારે કહેવાય.

આ (પ્રકારની) હિંસા રૂપી વજ્રનો ક્રૂર પ્રહાર (થયો છે એમ) સતત મને દેખાયા કરે છે; તેથી લાગે છે કે "ધગ્...ધગ્..." એવા અવાજપૂર્વક મારા ક્રોધને સળગી ઊઠવાનો આ અવસર છે; અથવા તો ધનુષ્ય ઊઠાવીને, કે શાપ આપીને (ક્રોધને પ્રગટવાનો આ અવસર છે.)

કૌસલ્યા— (ભયપૂર્વક કંપી ઊઠીને) ભગવતી ! બચાવો... બચાવો... ગુસ્સે ભરાયેલા રાજર્ષિને શાન્ત પાડો.

અરુન્ધતી— તિરસ્કૃત થયેલા મનસ્વીઓને પ્રાયશ્ચિત્ત કરવાની આ જ રીત હોય છે. હે રાજન્ ! રામ તો તમારું સંતાન છે, અને (તેમણે) પામર જનસમુદાયનું પાલન–પોષણ પણ કરવાનું હોય છે. **(૪–૨૪)**

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

जनकः – शान्तं वा रघुनन्दने तदुभयं तत्पुत्रभाण्डं हि मे ।
भूयिष्ठद्विजबालवृद्धविकलस्त्रैणश्च पौरो जनः ॥२५॥

(प्रविश्य)

सम्भ्रान्ता बटवः – कुमार, कुमार ! अश्वोऽश्व इति कोऽपि भूतविशेषो जनपदेषु श्रूयते । सोऽयमधुनास्माभिः प्रत्यक्षीकृतः ।

लवः – अश्व इति पशुसमाम्नाये साङ्ग्रामिके च पठ्यते । तद् ब्रूत कीदृशः ?

बटवः – श्रूयताम् –

पश्चात् पुच्छं वहति विपुलं तच्च धूनोत्यजस्त्रं
दीर्घग्रीवः स भवति खुरास्तस्य चत्वार एव ।
शष्पाण्यत्ति प्रकिरति शकृत्पिण्डकानाम्रमात्रान्
किं वाऽऽख्यातैर्व्रजति स पुनर्दूरमेह्येहि यामः ॥२६॥

(इत्युपसृत्याजिने हस्तयोश्च कर्षन्ति)

लवः – (सकौतुकोपरोधविनयम्) आर्याः ! पश्यत, पश्यत एभिर्नीतोऽस्मि ।

(इति त्वरितं पराक्रामति)

अरुन्धतीजनकौ– पूरयतु कौतुकं वत्सः ।

कौसल्या– भअवदि, जाणामि एदं अणवेक्खन्ती वञ्चआमि विअ । ता इदो अण्णदो भविअ पेक्खम्ह दाव गच्छमाणं दीहाउं । [भगवति, जानाम्येतम् अनवेक्षमाणा वञ्चिता(स्मि) इव । तद् इतोऽन्यतो भूत्वा प्रेक्षामहे तावद्गच्छन्तं दीर्घायुषम् ।]

अरुन्धती– अतिजवेन दूरमतिक्रान्तः स चपलः कथं दृश्यते ?

कञ्चुकी– (प्रविश्य) भगवान् वाल्मीकिराह ज्ञातव्यमेतदवसरे भवद्भिरिति ।

जनकः – अतिगम्भीरमेतत्किमपि । भगवत्यरुन्धति ! सखि कौसल्ये ! आर्यगृष्टे ! स्वयमेव गत्वा भगवन्तं प्राचेतसं पश्यामः ।

(इति निष्क्रान्तो वृद्धवर्गः)

(प्रविश्य)

बटवः – पश्यतु कुमारस्तदाश्चर्यम् ।

लवः – दृष्टमवगतं च । नूनमाश्वमेधिकोऽयमश्वः ।

बटवः – कथं ज्ञायते ?

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

જનક— તે (ચાપ અને શાપ) બન્ને રઘુનંદન (રામ)ને વિશે શાન્ત થઈ જાવ; કેમકે તે પણ પુત્રને સ્થાને જ છે. અને નગરવાસીઓમાં મોટેભાગે બ્રાહ્મણો, બાળકો, ઘરડાંઓ, વિકલાંગો અને સ્ત્રીઓ જ હોય છે. **(૪—૨૫)**

(પ્રવેશ કરીને)

ગભરાયેલા બાળકો— કુમાર ! અરે કુમાર ! જનપદોમાં "અશ્વ..અશ્વ" એમ કોઈક પશુ—વિશેષ વિશે સંભળાય છે. તે હમણાં (જ) અમે પ્રત્યક્ષ જોયો.

લવ— 'અશ્વ' એ તો 'પશુસમામ્નાય'ના સાંગ્રામિક—પ્રકરણમાં વાંચવા મળે છે. તો કહે, એ કેવો લાગે છે ?

બટુકો— સાંભળો—

તે (શરીરના) પાછળના ભાગે લાંબું પૂંછડું ધારણ કરે છે, અને વળી તેને તે સતત હલાવ્યા કરે છે ! તે લાંબી ડોકવાળો હોય છે, અને (એના પગમાં) ચાર જ ખુર હોય છે; (વધારે નહીં). તે ઘાસ ખાય છે, અને આમ્રફળ જેવડા લાદના પિંડો પાડતો જાય છે ! આ બધા વર્ણનથી શું પ્રયોજન ? તે દૂર નીકળી રહ્યો છે; ચલ, ચલ, આપણે (એને જોવા) જઈએ. **(૪—૨૬)**

[એની નજીક જઈને મૃગચર્મથી અને બે હાથથી પકડીને ખેંચે છે.]

લવ— (કૌતુક, આગ્રહ અને વિનય સાથે) વડીલો ! જુવો, જુવો; આ બધા મને ખેંચી જાય છે.

(આટલું બોલીને ઉતાવળે પાછો ફરી જાય છે.)

અરુન્ધતી—જનક— બેટા કૌતુક પૂરું કરી લે.

કૌસલ્યા— ભગવતી ! આ દેખાતો બંધ થતાં, હું જાણે (આ રામ જ હતો કે બીજો કોઈ ?- એ વિચારે) છેતરાઈ છું. તેથી જરા બીજી બાજુ જઈને, (દૂર) જતા એ દીર્ઘાયુને જોયા કરીએ.

અરુન્ધતી— બહુ વેગથી દૂર નીકળી ગયેલો તે ચપલ છોકરો કેવી રીતે દેખાશે ?

કંચુકી— (પ્રવેશ કરીને) ભગવાન્ વાલ્મીકિએ કહેવડાવ્યું છે કે સમય આવ્યે તમને જણાવવામાં આવશે (કે આ બાળકો કોના છે ?).

જનક— આ કંઈક અતિગંભીર મુદ્દો લાગે છે. હે ભગવતી અરુન્ધતી ! સખી કૌસલ્યા ! આર્ય ગૃષ્ટિ ! તો લાવો, આપણે જાતે જ જઈને, ભગવાન્ પ્રાચેતસને મળીએ.

[રંગભૂમિ ઉપરથી વૃદ્ધનો સમૂહ નીકળી જાય છે.]

(પ્રવેશ કરીને) : [નવું દશ્ય]

બટુકો— કુમાર આ તે આશ્ચર્યને જુવે.

લવ— જોયું અને સમજ્યો પણ. ખરેખર, આ તો અશ્વમેધ—યજ્ઞ માટે નિર્ધારિત કરેલો અશ્વ છે.

બટુકો— એ કેવી રીતે ખબર પડે છે ?

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

लवः — ननु मूर्खाः ! पठितमेव हि युष्माभिरपि तत्काण्डम् । किं न पश्यथ प्रत्येकं शतसङ्ख्याः कवचिनो दण्डिनो निषङ्गिणश्च रक्षितारः । तत्प्रायमेव बलमिदं दृश्यते । यदीह न प्रत्ययस्तद् गत्वा पृच्छत ।

बटवः — भो भोः ! किम्प्रयोजनोऽयमश्वः परिवृतः पर्यटति ?

लवः — (सस्पृहमात्मगतम्) अये ! अश्वमेध इति नाम विश्वविजयिनां क्षत्रियाणामूर्जस्वलः सर्वक्षत्रपरिभावी महानुष्कर्षनिष्कर्षः ।

(नेपथ्ये)

योऽयमश्वः पताकेयमथवा वीरघोषणा ।
सप्तलोकैकवीरस्य दशकण्ठकुलद्विषः ॥२७॥

लवः — (सगर्वमिव) अहो ! सन्दीपनान्यक्षराणि ।

बटवः — किमुच्यते ? प्राज्ञः खलु कुमारः ।

लवः — भो भोः ! तत्किमक्षत्रिया पृथिवी, यदेवमुद्घोष्यते ?

(नेपथ्ये)

अरे रे ! महाराजं प्रति कुतः क्षत्रियाः ?

लवः — धिग्जाल्मान् !

यदि ते सन्ति सन्त्येव केयमद्य विभीषिका ।
किमुक्तैरेभिरधुना तां पताकां हरामि वः ॥२८॥

भो भो बटवः ! परिवृत्य लोष्ठैरभिघ्नन्तो नयतैनमश्वम् । एष रोहितानां मध्ये वराकश्चरतु ।

(प्रविश्य सक्रोधदर्पः)

पुरुषः — धिक् चापलं, किमुक्तवानसि ? तीक्ष्णनीरसा ह्यायुधीयश्रेणयः शिशोरपि दृप्तां वाचं न सहन्ते । राजपुत्रश्चन्द्रकेतुररिमर्दनः सोऽप्यपूर्वारण्यदर्शनाक्षिप्तहृदयो न यावदायाति तावत् त्वरितमनेन तरुगहनेनापसर्पत ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

લવ— અરે મૂર્ખાઓ ! કેમકે, તમે બધા પણ એ કાણ્ડ (= પ્રકરણ) ભણ્યા જ છો. શું તમને નથી દેખાતું કે કવચધારીઓના, દંડધારીઓના અને (બાણ ભરેલાં) ભાથાવાળા—એમ પ્રત્યેક પ્રકારના સો—સો રક્ષકો [એની પાછળ છે.] આ તો એમનાથી બનેલું સૈન્ય હોય એમ લાગે છે. જો આમાં વિશ્વાસ ન પડતો હોય તો, જઈને તમે પૂછી આવો.

બટુકો— અરે ઓ ! બધાથી વીંટળાયેલો આ અશ્વ શા પ્રયોજનથી અહીં ફરી રહ્યો છે ?

લવ— (સ્પૃહા સાથે, સ્વગત) અરે ! 'અશ્વમેધ (યજ્ઞ)'— એ તો વિશ્વવિજયી ક્ષત્રિયોને માટે અત્યંત પ્રશંસનીય, **પણ** બધા ક્ષત્રિયોનો પરાજય સૂચવનાર એવા મહાન ઉત્કર્ષનો નીચોડ ગણાય !

(નેપથ્યમાંથી)

જે આ અશ્વ છે તે, સાતેય લોકના એકમાત્ર વીર અને દશકંઠ (રાવણ)ના કુળના શત્રુ એવા (શ્રીરામ)ની (વિજય)પતાકા છે; અથવા એકમાત્ર વીરની આ ઘોષણા છે. **(૪—૨૭)**

લવ— (ગર્વપૂર્વક જાણે કહેતો હોય તેમ) અહો ! સળગાવી મૂકે એવા અક્ષરો છે.

બટુકો— શું બોલાઈ રહ્યું છે ? કુમાર ખરેખર બુદ્ધિશાળી છે.

લવ— અરે ઓ ! શું આ પૃથિવી ક્ષત્રિય વિનાની બની ગઈ છે ? કે જેથી આવી ઘોષણા કરવામાં આવી રહી છે ?

(નેપથ્યમાંથી)

અરે ઓય ! મહારાજાની સામે વળી બીજા કોણ ક્ષત્રિયો હોય ?

લવ— હલકટોને ધિક્કાર હજો.

જો તે (મહારાજા રામ વગેરે) ક્ષત્રિયો હોય, તો હશે; પણ આવી ડરામણી આજે કેમ બતાવવામાં આવે છે ? આ બધાં વચનો બોલવાથી શું ? આ લો, હમણાં જ તમારી એ (વિજય)પતાકાને હું અપહરી લઉં છું. **(૪—૨૮)**

અલ્યા એ છોકરાઓ ! એને વીંટળાઈ વળીને, માટીનાં ઢેફાંઓથી મારતાં મારતાં લઈ જાવ આ ઘોડાને. એ બિચારો રોહિત—મૃગોની વચ્ચે ચરી ખાશે.

(પ્રવેશ કરીને, ક્રોધ અને દર્પ સાથે)

પુરુષ— આ તોફાનને ધિક્કાર હજો. તું શું બોલ્યો ? તીખી અને નિર્દય હોય છે આયુધ—ધારીઓની પંક્તિ, કે જે બાળકોની પણ દર્પયુક્ત વાણીને સહન કરી લેતી નથી.

રાજપુત્ર ચન્દ્રકેતુ શત્રુવિધ્વંસક છે; તે અરણ્યનું અપૂર્વ દર્શન કર્યું હોવાથી હૃદયથી ત્યાં આકર્ષાયો છે; પણ એ અહીં જ્યાં સુધી આવી ન પહોંચે તે સુધીમાં ઉતાવળે ઉતાવળે આ ગાઢ ઝાડીમાં થઈને દૂર જતા રહો.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

बटवः — कुमार ! कृतमनेनाश्वेन, तर्जयन्ति विस्फुरितशस्त्राः कुमारमायुधीयश्रेणयः। दूरे चाश्रमपदमितस्तदेहि हरिणप्लुतैः पलायामहे ।

लवः — (विहस्य) किं नाम विस्फुरन्ति शस्त्राणि ? (इति धनुरारोपयन्)

ज्याजिह्वया वलयितोत्कटकोटिदंष्ट्रमुद्गारिघोरघनघर्घरघोषमेतत् ।
ग्रासप्रसक्तहसदन्तकवक्त्रयन्त्रजृम्भाविडम्बिविकटोदरमस्तु चापम् ॥२९॥

(इति यथोचितं परिक्रम्य निष्क्रान्ताः सर्वे)

इति महाकवि–भवभूतिविरचित उत्तररामचरिते

कौसल्यजनकयोगो नाम चतुर्थोऽङ्कः ।

• • •

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

બટુકો— કુમાર ! આ ઘોડાને પડતો મૂકો. ચમકતાં શસ્ત્રોવાળી આયુધધારીઓની પંક્તિ કુમારને ચેતવણી આપે છે; અને આશ્રમનું આંગણું અહીંથી ઘણે દૂર છે; તો ચાલો આપણે હરણ—કૂદકે પલાયન કરી જઈએ.

લવ— (હસીને) શું કીધું : "શસ્ત્રો ચમકી રહ્યાં છે" એમ ? (ધનુષ્યની ઉપર બાણ ચઢાવતાં)

પણછ રૂપી જિહ્વા વડે વાળવામાં આવેલ ઉગ્ર એવા બે છેડાઓ રૂપી દંષ્ટ્રાવાળું, ઘનઘોર વાદળોના જેવા ઘર્ઘર અવાજનો ઉદ્‌ગાર કાઢતું આ ધનુષ્ય કોળિયો કરવા મંડી પડેલું હોવાને કારણે અટ્ટહાસ્ય કરતા યમરાજના મુખ્યયન્ત્રનાં બગાસાં ખાવાની ક્રિયાનું અનુકરણ કરતું હોય તેમ વિકરાળ ઉદરવાળું ભલે બને. (૪—૨૯)

[પછી ઉચિત પરિક્રમા કરીને, સૌ રંગભૂમિ ઉપરથી નીકળી જાય છે.]

આમ મહાકવિ ભવભૂતિએ રચેલા 'ઉત્તરરામચરિત'નો
'કૌસલ્યા—જનક—યોગ' નામનો ચતુર્થ અંક પૂરો થયો.

• • •

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

पञ्चमोऽङ्कः

(कुमारविक्रमः)

(नेपथ्ये)

भो भोः सैनिकाः ! जातं जातमस्माकमवलम्बनम् ।

नन्वेष त्वरितसुमन्त्रनुद्यमानव्यावल्गत्प्रजवनवाजिना रथेन ।
उद्घातप्रचलितकोविदारकेतुः श्रुत्वा नः प्रधनमुपैति चन्द्रकेतुः ॥१॥

(ततः प्रविशति सुमन्त्रसारथिना रथेन धनुष्पाणिः साद्भुतहर्षसम्भ्रमश्चन्द्रकेतुः)

चन्द्रकेतुः – आर्य सुमन्त्र ! पश्य पश्य–

किरति कलितकिञ्चित्कोपरज्यन्मुखश्री–
रविरतगुणगुञ्जत्कोटिना कार्मुकेन ।
समरशिरसि चञ्चत्पञ्चचूडश्चमूना–
मुपरि शरतुषारं कोऽप्ययं वीरपोतः ॥२॥

चन्द्रकेतुः – आश्चर्यमाश्चर्यम् ।

मुनिजनशिशुरेकः सर्वतः सैन्यकाये
नव इव रघुवंशस्याप्रसिद्धः प्ररोहः ।
दलितकरिकपोलग्रन्थिटङ्कारघोर–
ज्वलितशरसहस्रः कौतुकं मे करोति ॥३॥

सुमन्त्रः – आयुष्मन् !

अतिशयितसुरासुरप्रभावं शिशुमवलोक्य तथैव तुल्यरूपम् ।
कुशिकसुतमखद्विषां प्रमाथे धृतधनुषं रघुनन्दनं स्मरामि ॥४॥

चन्द्रकेतुः – मम त्वेकमुद्दिश्य भूयसामारम्भ इति हृदयमपत्रपते ।

अयं हि शिशुरेककः समरभारभूरिस्फुर–
त्करालकरकन्दलीकलितशस्त्रजालैर्बलैः ।
क्वणत्कनककिङ्किणीझणझणायितस्यन्दनै–
रमन्दमदर्दुदिनद्विरदवारिदैरावृतः ॥५॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પાંચમો – અંક

(કુમારવિક્રમ)

[નેપથ્યમાંથી–]

અરે ઓ સૈનિકો ! મળી ગયું, આપણને અવલંબન મળી ગયું.

આ ચન્દ્રકેતુ અમારા યુદ્ધને સાંભળીને ત્વરા યુક્ત બનેલા સુમન્ત્ર વડે પ્રેરવામાં આવતા એવા દોડતાં પ્રકૃષ્ટ વેગવાન ઘોડાવાળા રથ વડે ઉબડ–ખાબડ જમીન (ઉપર ચાલતા હોવા)થી આંચકા આવતા હોવાને કારણે જેમનો કોવિદાર (–વૃક્ષમાંથી બનેલો) ધ્વજદંડ હાલી ઊઠ્યો છે (તેવા) તે આવી રહ્યા છે. **(૫–૧)**

[ત્યાર પછી, સુમન્ત્ર જેનો સારથિ છે તેવા રથ વડે હાથમાં ધનુષ્ય લીધેલા, વળી આશ્ચર્ય, હર્ષ અને સંભ્રમ યુક્ત એવા ચન્દ્રકેતુ (રંગભૂમિ ઉપર) પ્રવેશ કરે છે.]

ચન્દ્રકેતુ– આર્ય સુમન્ત્ર ! જુવો...જુવો...

ધારણ કરેલા થોડાક જ ક્રોધને કારણે જેની મુખશોભા રક્તવર્ણી બની છે તે ચંચળ પાંચ લટોવાળો કોઈક વીર બાળક રણભૂમિના માથા ઉપર, અવિરતપણે, ગુંજતી–ટંકાર કરતી–પણછના છેડાવાળા ધનુષ્યથી (શત્રુ) સેનાઓની ઉપર બાણરૂપી હિમપ્રપાતની ઝડી વરસાવી રહ્યો છે. **(૫–૨)**

ચન્દ્રકેતુ– આશ્ચર્ય છે...આશ્ચર્ય...કે–

રઘુવંશનો નવો અપ્રસિદ્ધ અંકુર હોય તેવો (કોઈક) મુનિજનનો બાળક એકલો જ, ચારે બાજુએ સૈન્યસમૂહ હાથીઓના ગંડસ્થળની ગ્રંથિઓને દળી કાઢનાર અને (પણછના) ટંકારથી ભયાનક લાગતા તથા જેના હજારો બાણ જાણે સળગી ઊઠ્યા છે તેવો તે રઘુવંશનો નવો અપ્રસિદ્ધ અંકુર હોય તેવો લાગતો મુનિજનનો (કોઈક) શિશુ ચારે તરફ ફેલાયેલા સૈન્ય સમૂહમાં એકાકી (જ) છે ! તે મને કૌતુક પેદા કરી રહ્યો છે. **(૫–૩)**

સુમન્ત્ર– હે આયુષ્મન્ !

સુરો અને અસુરોના પ્રભાવનું પણ અતિક્રમણ કરી ગયેલા આ શિશુને જોઈને તો, કુશિક (ઋષિ)ના પુત્ર (= વિશ્વામિત્ર)ના યજ્ઞનો દ્વેષ કરનારા (રાક્ષસો)ના વિધ્વંસમાં જેમણે ધનુષ્યને ધારણ કર્યું હતું તેવા રઘુનંદનને; કે જે પણ આ (બાળક)ના જેવા જ તુલ્ય રૂપવાળા હતા તેમને (હું) યાદ કરું છું. **(૫–૪)**

ચન્દ્રકેતુ– મને તો, આ એકને જ ઉદ્દેશીને ઘણા બધાએ (યુદ્ધની) જે શરૂઆત કરી દીધી છે, તે (મારા) હૃદયને શરમાવે છે.

કેમકે, આ સાવ એકલો જ બાળક ઘોર સંગ્રામમાં પુષ્કળ ચમકતા વિકરાળ હાથોના અગ્રભાગમાં પકડેલાં શસ્ત્રસમૂહવાળાં સૈન્યોથી, તથા રણકાર કરતી સોનાની નાની ઘંટડીઓ વડે ઝણઝણી ઊઠેલા રથોથી, અને અધિક મદજળ વરસાવનાર હાથીઓ રૂપી (કાળાં) વાદળોથી ઘેરાઈ ગયેલો છે. **(૫–૫)**

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

सुमन्त्रः — वत्स ! एभिः समस्तैरपि किमस्य, किं पुनर्व्यस्तैः ?

चन्द्रकेतुः — आर्य ! त्वर्यताम्, त्वर्यताम् । अनेन हि महानाश्रितजनप्रमाथोऽस्माकमारब्धः । तथा हि—

आगर्जद्गिरिकुञ्जकुञ्जरघटानिस्तीर्णकर्णज्वरं
ज्यानिर्घोषममन्ददुन्दुभिरवैराध्मातमुज्जृम्भयन् ।
वेल्लद्भैरवरुण्डमुण्डनिकरैर्वीरो विधत्ते भुवं
तृप्यत्कालकरालवक्त्रविघसव्याकीर्यमाणामिव ॥६॥

सुमन्त्रः — (स्वगतम्) कथमीदृशेन सह वत्सस्य चन्द्रकेतोर्द्वन्द्वसम्प्रहारमनुजानीमः । (विचिन्त्य) अथवा इक्ष्वाकुकुलवृद्धाः खलु वयम् । प्रत्युपस्थिते रणे च का गतिः ?

चन्द्रकेतुः — (सविस्मयलज्जासम्भ्रमम्) हन्त धिक् ! प्रतिनिवृत्तानि सर्वतः सैन्यानि मम ।

सुमन्त्रः — (रथवेगमभिनीय) आयुष्मन् ! एष ते वाग्विषयीभूतः स वीरः ।

चन्द्रकेतुः — (विस्मृतिमभिनीय) आर्य ! किमस्य नामधेयमाख्यातमाह्वायकैः ?

सुमन्त्रः — लव इति ।

चन्द्रकेतुः — **भो भो लव महाबाहो किमेभिस्तव सैनिकैः ।**
एषोऽहमेहि मामेव तेजस्तेजसि शाम्यतु ॥७॥

सुमन्त्रः — कुमार ! पश्य पश्य—

विनिवर्तित एव वीरपोतः पृतनानिर्मथनात् त्वयोपहूतः ।
स्तनयित्नुरवादिभावलीनामवमर्दादिव दृप्तसिंहशावः ॥८॥

(ततः प्रविशति धीरोद्धतपराक्रमो लवः)

लवः — साधु राजपुत्र ! साधु, सत्यमैक्ष्वाकः खल्वसि । तदहं परागत एवास्मि ।

(नेपथ्ये महान् कलकलः)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

સુમન્ત્ર— બેટા, આને બધા ભેગા મળીને (ઘેરી લે), કે (તે બધા) છુટા છુટા લઢવા આવે તેનાથી શું ?

ચન્દ્રકેતુ— વડીલ, ઉતાવળ કરો...ઉતાવળ કરો. આણે તો આપણા આશ્રિત–જનોને રગદોળી કાઢવાનું શરૂ કરી દીધું છે. જેમકે—

દુન્દુભિના ભારે અવાજોથી વધી ગયેલ ગર્જનાઓ કરતાં ગિરિકુંજોના હસ્તીસમૂહોના કાનને પણ પીડા પહોંચાડતાં પણછના નિર્ઘોષને (ટંકારને) ફેલાવતો એ વીર બાળ, તરફડતાં અને ઢળી પડતાં (ભયાનક) રુંડ–મુંડોના સમૂહથી જાણે તૃપ્ત થઈ ગયેલા યમરાજના વિકરાળ મુખમાંથી નીચે પડી જતાં હોય તેમ પૃથિવીને ભરી દે છે. **(૫–૬)**

સુમન્ત્ર— (સ્વગત) આવા (વીર)ની સાથે દીકરા ચન્દ્રકેતુને દ્વન્દ્વયુદ્ધની અનુજ્ઞા કેવી રીતે આપી શકાય ? (વિચાર કરીને) અથવા, અમે તો ઈક્ષ્વાકુવંશના વૃદ્ધો છીએ. જ્યારે રણસંગ્રામ સામે આવીને ઊભો જ હોય ત્યારે (બીજી) શી ગતિ હોઈ શકે ?

ચન્દ્રકેતુ— (વિસ્મય, લજ્જા અને સંભ્રમ સાથે) અરે... ધિક્કાર હજો. બધી બાજુએથી મારાં સૈન્યો પાછાં ફરી રહ્યાં છે.

સુમન્ત્ર— (રથ–વેગ દર્શાવવાનો અભિનય કરીને) હે આયુષ્મન્ ! આ રહ્યો તે વીર, કે જે (હવે) તમારી વાણીનો વિષય બન્યો છે.

ચન્દ્રકેતુ— (વિસ્મરણ થયાનો અભિનય કરીને) આર્ય, (આપણને) બોલાવવા આવનારાઓએ આ (છોકરા)નું શું નામ કહ્યું હતું ?

સુમન્ત્ર— "લવ" એવું (નામ કહ્યું હતું).

ચન્દ્રકેતુ— અરે ઓ ! હે મહાબાહુ લવ ! તારે આ સૈનિકોની સાથે (લઢીને) શું પ્રયોજન ? આ હું રહ્યો; મારી તરફ આમ આવ. તેજ તેજમાં ભલે શમે. **(૫–૭)**

સુમન્ત્ર— કુમાર ! જુવો...જુવો...

જેવી રીતે કોઈ દર્પિલો સિંહબાળ વાદળોનો ગગડાટ (સાંભળવા) થકી, હસ્તી–પંક્તિને મારવાનું છોડી દે તેવી રીતે તમારા વડે પડકારવામાં આવતાં જ (આપણી) સેનાનો વિનાશ કરવામાંથી અટકીને, આ વીર બાળક તરત જ પાછો ફરી ગયો છે. **(૫–૮)**

(ત્યાર પછી ધીરોદ્ધત બનીને પરાક્રમ દર્શાવતો લવ પ્રવેશ કરે છે.)

લવ— શાબાશ રાજપુત્ર ! શાબાશ, સાચે જ તું ઈક્ષ્વાકુ વંશનો છે. તો આ હું (ત્યાંથી) પાછો આવી ગયો છું.

[નેપથ્યમાં મોટો કોલાહલ થાય છે.]

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

लवः — (सावष्टम्भं परावृत्य) आः कथमिदानीं भग्ना अपि प्रतिनिवृत्य युद्धाभिसारिणः पर्यवष्टम्भयन्ति मां चमूपतयः । धिग्जाल्मान् ।

अयं शैलाघातक्षुभितवडवावक्त्रहुतभु–
क्प्रचण्डक्रोधार्चिर्निचयकवलत्वं व्रजतु मे ।
समन्तादुपसर्पन्घनतुमुलसेनाकलकलः
पयोराशेरोघः प्रलयपवनास्फालित इव ॥९॥

(सवेगं परिक्रामति)

चन्द्रकेतुः — भो भोः कुमार !

अत्यद्भुतादसि गुणातिशयात् प्रियो मे
तस्मात् सखा त्वमसि यन्मम तत्तवैव ।
तत्किं निजे परिजने कदनं करोषि
नन्वेष दर्पनिकषस्तव चन्द्रकेतुः ॥१०॥

लवः — (सहर्षसम्भ्रमं परावृत्य) अहो ! महानुभावस्य प्रसन्नकर्कशा वीर–वचनप्रयुक्तिर्विकर्तनकुलकुमारस्य । तत्किमेभिरेनमेव तावत्सम्भावयामि ?

(पुनर्नेपथ्ये कलकलः)

लवः — (सक्रोधनिर्वेदम्) आः कदर्थितोऽहमेभिर्वीरसंवादविघ्नकारिभिः पापैः ।

(तदभिमुखं परिक्रामति)

चन्द्रकेतुः — आर्य आर्य ! दृश्यताम्, द्रष्टव्यमेतत् ।

दर्पेण कौतुकवता मयि बद्धलक्ष्य पश्चाद् बलैरनुसृतोऽयमुदीर्णधन्वा ।
द्वेधा समुद्धतमरुत्तरलस्य धत्ते मेघस्य माघवतचापधरस्य लक्ष्मीम् ॥११॥

सुमन्त्रः — कुमार एवैनं द्रष्टुमपि जानाति । वयं तु केवलं परवन्तो विस्मयेन ।

चन्द्रकेतुः — भो भो राजानः ।

सङ्ख्यातीतैर्द्विरदतुरगस्यन्दनस्थैः पदाता–
वत्रैकस्मिन् कवचनिचितैर्मेध्यचर्मोत्तरीये ।
कालज्येष्ठैरभिनववयः काम्यकाये भवद्भि–
र्योऽयं बद्धो युधि परिकरस्तेन धिग्वो धिगस्मान् ॥१२॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

લવ– (સ્થિરતાપૂર્વક પાછળ ફરીને) આઃ, (પરાજિત થઈને) ભાગી ગયા હતા, તો પણ શું સેનાપતિઓ પાછા વળી આવીને યુદ્ધ કરવા માટે મને ચારેબાજુએથી ઘેરી લેવા આવ્યા ?

ધિક્કાર હજો એ નીચોને...

પ્રલયકાળના પવનોથી આંદોલિત થયેલ સમુદ્રનો મોટો પ્રવાહ હોય તેવો, આ ચારે બાજુએ ફેલાઈ રહેલ ગભીર અને તુમુલ સેનાનો કોલાહલ, પર્વતોના અથડાવાથી ક્ષુભિત થયેલ વડવાનલના મુખાગ્નિ સમાન મારા પ્રચંડ ક્રોધાગ્નિની જ્વાળાઓના સમૂહનો કોળિયો બની જાય. **(૫–૯)**

(વેગપૂર્વક ચારે તરફ ફરવા લાગે છે.)

ચન્દ્રકેતુ– અરે કુમાર !

અતિ અદ્ભુત એવા ગુણોના અતિશયને કારણે તું મને પ્રિય છે; તેથી તું મારો 'સખા'; અને તેથી જે મારું (સૈન્ય) છે; તે તારું જ છે ! તો પછી પોતાના જ પરિવારને તું શું કામ રગદોળે છે ? તારા દર્પ(ની પરીક્ષા કરનાર) 'નિકષ' સમાન આ રહ્યો ચન્દ્રકેતુ. **(૫–૧૦)**

લવ– (હર્ષ અને સંભ્રમ સાથે પાછો વળીને) અહો ! સૂર્યકુળના કુમાર મહાનુભાવની પ્રસન્ન, છતાં કર્કશતાથી ભરેલી, વીરો વાપરે એવી વાગ્ પ્રયુક્તિ (પ્રશંસનીય છે) ! તો આ (સૈનિકો)નાથી લડીને શું ? લાવ, આ (ચન્દ્રકેતુ)ને જ (યુદ્ધથી) સત્કારું !

[ફરીથી નેપથ્યમાં કલબલાટ થાય છે.]

લવ– (ક્રોધ અને ખેદની સાથે) આઃ, વીરની સાથે સંવાદ કરવામાં વિઘ્ન ઊભું કરનારા આ પાપીઓ વડે હું નિંદા પામ્યો છું.

(એ સૈનિકો તરફ મુખ કરીને પરિક્રમણ કરે છે.)

ચન્દ્રકેતુ– વડીલ...વડીલ...જુવો, જોવા લાયક છે આ...

કૌતુકતા ભર્યા દર્પથી જેણે મારા ઉપર લક્ષ્ય ચોંટાડ્યું છે અને પાછળના ભાગેથી સૈન્ય વડે જે અનુસરાઈ રહ્યો છે તે આ વિશાળ ધનુષ્યવાળો (વીરબાળક), બન્ને તરફ વીંઝાતા વાયુ થકી તરલ બની ઉઠેલા અને મઘવાન્–ઈન્દ્ર–ધનુષ્ય સહિતના વાદળની શોભાને ધારણ કરી રહ્યો છે. **(૫–૧૧)**

સુમન્ત્ર– કુમાર (ચન્દ્રકુમાર) જ આને જોવાનું પણ જાણે છે. અમે તો કેવળ વિસ્મયથી પરાધીન થઈ ગયા છીએ.

ચન્દ્રકેતુ– અરે ઓ રાજાઓ !

અસંખ્ય હાથી, ઘોડા અને રથ ઉપર આરુઢ થયેલા; કવચોથી વીંટળાયેલા; તથા ઉંમરમાં મોટા એવા તમારા સૌ વડે આ એકલવાયા, પગે ચાલીને લડતા, પવિત્ર મૃગચર્મનું ઉત્તરીય ઓઢનારા અને કમનીય કાયાવાળાને વિશે (= લક્ષ્ય બનાવીને) યુદ્ધમાં જે કમર કસવામાં આવી છે, તેથી તમને સૌને ધિક્કાર છે; અને ધિક્કાર છે અમને પણ. **(૫–૧૨)**

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

लवः – (सोन्माथम्) कथमनुकम्पते नाम । (विचिन्त्य) भवतु, कालहरण–प्रतिषेधाय जृम्भकास्त्रेण तावत् सैन्यानि संस्तम्भयामि । (इति ध्यानं नाटयति ।)

सुमन्त्रः – तत्किमकस्मादस्मत्सैन्यघोषः प्रशाम्यति ।

लवः – पश्याम्येनमधुना प्रगल्भम् ।

सुमन्त्रः – (ससम्भ्रमम्) वत्स ! मन्ये कुमारकेणानेन जृम्भकास्त्रमामन्त्रितमिति ।

चन्द्रकेतुः – अत्र कः सन्देहः ?

व्यतिकर इव भीमस्तामसो वैद्युतश्च
प्रणिहितमपि चक्षुर्ग्रस्तमुक्तं हिनस्ति ।
अथ लिखितमिवैतत्सैन्यमस्पन्दमास्ते
नियतममितवीर्यं जृम्भते जृम्भकास्त्रम् ॥१३॥

आश्चर्यम् ! आश्चर्यम् !

पातालोदरकुञ्जपुञ्जिततमःश्यामैर्नभो जृम्भकै–
रुत्तप्तस्फुरदारकूटकपिलज्योतिर्ज्वलद्दीप्तिभिः ।
कल्पाक्षेपकठोरभैरवमरुद्व्यस्तैरवस्तीर्यते
मीलन्मेघतडित्कडारकुहरैर्विन्ध्याद्रिकूटैरिव ॥१४॥

सुमन्त्रः – कुतः पुनरस्य जृम्भकाणामागमः स्यात् ?

चन्द्रकेतुः – भगवतः प्राचेतसादिति मन्यामहे ।

सुमन्त्रः – नैतदेवमस्त्रेषु विशेषतो जृम्भकेषु । यतः–

कृशाश्वतनया ह्येते कृशाश्वात्कौशिकं गताः ।
अथ तत्सम्प्रदायेन रामभद्रे स्थिता अपि ॥१५॥

चन्द्रकेतुः – अपरेऽपि प्रचीयमानसत्त्वप्रकाशाः स्वयं सर्वं मंन्त्रदृशः पश्यन्ति ।

सुमन्त्रः – वत्स ! सावधानो भव । परागतः प्रवीरः ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

લવ– (દુઃખ સાથે) શું (મારા ઉપર) અનુકંપા દર્શાવાય છે ? (વિચાર કરીને) ઠીક, સમય બગડતો અટકાવવા માટે જૃમ્ભકાસ્ત્ર વડે (એમનાં) સૈન્યોને સ્થગિત કરી દઉં. (એમ બોલીને, ધ્યાન ધરવાનો અભિનય કરે છે.)

સુમન્ત્ર– તો, અકસ્માત્ આપણા સૈન્યનો કોલાહલ કેમ શાન્ત થઈ ગયો ?

લવ– હવે આ ધૃષ્ટને જોઈ લઉં છું.

સુમન્ત્ર– (સંભ્રમ સાથે) દીકરા, મને લાગે છે કે આ કુમારે તો જૃમ્ભકાસ્ત્રને આમંત્રણ આપ્યું છે.

ચન્દ્રકેતુ– એમાં શો સંદેહ ?

જાણે ગાઢ અંધકાર અને વિજળીનો આ ભયજનક મેળાપ થયો હોય તેમ દૃષ્ટિ નાખવામાં આવી હોય તો પણ એકવાર (અંધકારથી) ગ્રસી લેવાયેલ અને પછી (વિજળીથી) એકદમ મુક્ત કરવામાં આવેલ ચક્ષુને બાધા પહોંચાડે છે. આ (આપણું) સૈન્ય (જાણે ચિત્રમાં) દોર્યું હોય તેમ નિશ્ચેષ્ટ બની ગયું છે; તેથી ચોક્કસ લાગે છે કે અમિત શક્તિવાળું જૃમ્ભકાસ્ત્ર (એના માથા ઉપર) ઝળુંબી રહ્યું છે. **(૫–૧૩)**

આશ્ચર્ય છે...આશ્ચર્ય...

પાતાળના પેટાળની લતાકુંજોમાં પૂંજીભૂત થયેલા અંધકાર જેવા શ્યામ વર્ણવાળા, અત્યંત તપેલા અને ચમકી રહેલા પિત્તળની ધાતુ જેવા પીળા રંગની જ્યોતિ જેવી સળગતી જેની દીપ્તિ છે તેવા, કલ્પ પૂરો થતાં પ્રગટેલા કઠોર અને ભયાનક વાયુથી વેરવિખેર થઈ ગયેલા, તથા (પરસ્પર) અથડાતાં વાદળો અને વિદ્યુત્‌થી પિંગલવર્ણી બનેલી ગુફાઓવાળા વિન્ધ્યાચળ પર્વતના શિખરો જેવા જૃમ્ભકાસ્ત્રો વડે આકાશ આચ્છાદિત થઈ રહ્યું છે. **(૫–૧૪)**

સુમન્ત્ર– આને જૃમ્ભકાસ્ત્રોની પ્રાપ્તિ ક્યાંથી થઈ હશે ?

ચન્દ્રકેતુ–ભગવાન્‌પ્રાચેતસ (વાલ્મીકિ) પાસેથી (થઈ હશે) એમ અમને લાગે છે.

સુમન્ત્ર– અસ્ત્રોની બાબતમાં; અને વિશેષે કરીને જૃમ્ભકાસ્ત્રોની બાબતમાં આમ થવું શક્ય નથી.

જેમકે,

આ (અસ્ત્રો) તો કૃશાશ્વના પુત્રો છે; તે કૃશાશ્વ (ઋષિ) પાસેથી કૌશિક (= વિશ્વામિત્ર)ની પાસે ગયા હતા. અને એ જ પરંપરામાં આગળ વધીને તે રામભદ્રમાં જઈને સ્થિર વસ્યાં હતાં. **(૫–૧૫)**

ચન્દ્રકેતુ– જેના સત્ત્વ ગુણનો પ્રકાશ ખૂબ વધી ગયો છે તેવા બીજા પણ મન્ત્રદ્રષ્ટાઓ જાતે જ બધું જોઈ લેતા હોય છે.

સુમન્ત્ર– બેટા, સાવધાન થઈ જા. આ મોટો વીર પાછો ફર્યો છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

कुमारौ– (अन्योन्यं प्रति) अहो प्रियदर्शनः कुमारः ! (सस्नेहानुरागं निर्वर्ण्य)

यद्दच्छासंवादः किमु, किमु गुणानामतिशयः
पुराणो वा जन्मान्तरनिबिडबद्धः परिचयः ।
निजो वा सम्बन्धः किमु विधिवशात्कोऽप्यविदितः
ममैतस्मिन् दृष्टे हृदयमवधानं रचयति ॥१६॥

सुमन्त्रः – भूयसा जीविधर्म एष यद्रसमयी कस्यचित् क्वचित्प्रीतिः, यत्र लौकिका नामुपचारस्तारामैत्रकं चक्षूराग इति । तमप्रतिसङ्ख्येयमनिबन्धनं प्रेमाणमामनन्ति ।

अहेतुः पक्षपातो यस्तस्य नास्ति प्रतिक्रिया ।
स हि स्नेहात्मकस्तन्तुरन्तर्मर्माणि सीव्यति ॥१७॥

कुमारौ– (अन्योन्यमुद्दिश्य)

एतस्मिन् मसृणितराजपट्टकान्ते मोक्तव्याः कथमिव सायकाः शरीरे ।
यत्प्राप्तौ मम परिरम्भणाभिलाषादुन्मीलत्पुलककदम्बमङ्गमास्ते ॥१८॥

किं त्वाक्रान्तकठोरतेजसि गतिः का नाम शस्त्रं विना
शस्त्रेणापि हि तेन किं न विषयो जायेत यस्येदृशः ।
किं वक्ष्यत्ययमेव युद्धविमुखं मामुद्यतेऽप्यायुधे
वीराणां समयो हि दारुणरसः स्नेहक्रमं बाधते ॥१९॥

सुमन्त्रः – (लवं निर्वर्ण्य सास्त्रमात्मगतम्) हृदय ! किमन्यथा परिकल्पसे ?

मनोरथस्य यद् बीजं तद् दैवेनादितो हृतम् ।
लतायां पूर्वलूनायां प्रसवस्योद्भवः कुतः ॥२०॥

चन्द्रकेतुः – अवतराम्यार्य सुमन्त्र ! स्यन्दनात् ।

सुमन्त्रः – तत्कस्य हेतोः ?

चन्द्रकेतुः – एकतस्तावदयं वीरपुरुषः पूजितो भवति । अपि च खल्वार्य ! क्षात्रधर्मः समनुगतो भवति । न रथिनः पादचारमभियुञ्जन्तीति शास्त्रविदः परिभाषन्ते ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

બે કુમારો— (બન્ને એકબીજાને ઉદ્દેશીને) અહો ! કુમાર કેવા સુન્દર દેખાવવાળા છે. (સ્નેહ અને અનુરાગથી એકબીજાને જોઈને—) અહો શું આ આકસ્મિક સમાગમ છે ?! શું (ઔદાર્યાદિ) ગુણોનો અતિશય છે ?! બહુ જૂનો, કે પછી જન્મ—જન્માન્તરથી ગાઢ બંધાયેલો આ કોઈ પરિચય હશે ?! કે પછી આ કોઈક પોતાનો જ (કૌટુમ્બિક) સંબંધ છે અને વિધિવશાત્ અત્યારે આપણાથી અજાણ છે. આને જોતાં તો મારું હૃદય (એનામાં) એકાગ્ર થઈ જાય છે. **(૫—૧૬)**

સુમન્ત્ર— મોટેભાગે જીવધારીઓનો આ સ્વભાવ (ધર્મ) છે કે કોઈકની કોઈકને વિશે રસમયી પ્રીતિ ઊભરાતી હોય છે; જેને માટે લૌકિક વ્યક્તિઓ "આ તારામૈત્રક છે", અથવા તો "ચક્ષૂરાગ" છે એમ (શાબ્દિક) વ્યવહાર કરે છે. તથા આને જ અનિર્વચનીય, કે કશાય પણ કારણ વિનાનો "પ્રેમ" કહે છે !

જે કારણ વિનાનો પક્ષાપાત હોય છે, તેને કોઈ રીતે રોકી શકાતો નથી; અને તે જ સ્નેહાત્મક તંતુ હોય છે, કે જે અંદરનાં મર્મ—સ્થાનોને સીવી કાઢતો હોય છે. **(૫—૧૭)**

બન્ને કુમારો— (એકબીજાને ઉદ્દેશીને)

જેને મળતાંની સાથે જ, મને આલિંગન આપવાની ઈચ્છા થઈ આવી હોવાને કારણે, ઊભા થઈ ગયેલાં રુંવાડાના સમૂહવાળું મારું અંગ બની ગયું છે ત્યારે, ચીકણા કરવામાં આવેલા રાજપટ્ટક સમાન આ શરીર ઉપર કેવી રીતે બાણ છોડી શકાય ? **(૫—૧૮)**

પરંતુ, ઉગ્ર તેજને ધારણ કરી લીધા પછી (આ વીર કુમારને વિશે) શસ્ત્ર (વાપર્યા) વિના બીજી કઈ ગતિ હોઈ શકે ? વળી, એવા શસ્ત્રથી પણ શું પ્રયોજન કે જેને માટે આના જેવો વિષય (= લક્ષ્ય) ન બન્યો હોય ? જ્યારે આયુધ (હાથમાં) ઉઠાવી જ લીધા છે ત્યારે યુદ્ધવિમુખ થયેલા મને તે શું કહેશે ? વીરોનો આચાર દારુણ—રસથી જ ભરેલો હોય છે; કે જે સ્નેહના ક્રમને બાધક બની જાય છે. **(૫—૧૯)**

સુમન્ત્ર— (લવને જોઈને, આંસુ સાથે સ્વગત) હે હૃદય ! શા માટે તું બીજા પ્રકારની કલ્પના કરવા માંડે છે ?

મનોરથ કરવાનું જે બીજ હતું, તે તો નસીબે પહેલેથી જ હરી લીધું છે. પહેલેથી ઉઝેડી કાઢેલી વેલ ઉપર પુષ્પ કેવી રીતે ખીલી જ શકે ? **(૫—૨૦)**

ચન્દ્રકેતુ— આર્ય સુમન્ત્ર ! હું રથમાંથી નીચે ઉતરી જાઉં છું.

સુમન્ત્ર— શા કારણે ?

ચન્દ્રકેતુ— એક તો, એમ કરવાથી આ વીર—પુરુષનો સત્કાર કર્યો ગણાશે; અને સાથે સાથે, હે આર્ય ! ક્ષાત્રધર્મનું પાલન કર્યું ગણાશે. રથમાં બેઠેલો (યોદ્ધા) પગે ચાલીને લડતા (યોદ્ધા)ની સાથે લડતો નથી—એમ શાસ્ત્રવિદો કહે છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

सुमन्त्रः – (स्वगतम्) आः कष्टां दशामनुप्रपन्नोऽस्मि ।

कथं न्याय्यमनुष्ठानं मादृशः प्रतिषेधतु ।
कथं वाभ्यनुजानातु साहसैकरसां क्रियाम् ॥२१॥

चन्द्रकेतुः – यदा तातमिश्रा अपि पितुः प्रियसखमर्थसंशयेष्वार्यमेव पृच्छन्ति तत्किमार्यो विमृशति ?

सुमन्त्रः – आयुष्मन् ! एवं यथाधर्ममभिमन्यसे ।

एष साङ्ग्रामिको न्याय एष धर्मः सनातनः ।
इयं हि रघुसिंहानां वीरचारित्रपद्धतिः ॥२२॥

चन्द्रकेतुः – अप्रतिरूपं वचनमार्यस्य ।

इतिहासं पुराणं च धर्मप्रवचनानि च ।
भवन्त एव जानन्ति रघूणां च कुलस्थितिम् ॥२३॥

सुमन्त्रः – (सस्नेहास्रं परिष्वज्य)

जातस्य ते पितुरपीन्द्रजितो निहन्तु–
र्वत्सस्य वत्स कति नाम दिनान्यमूनि ।
तस्याप्यपत्यमनुतिष्ठति वीरधर्मम्
दिष्ट्या गतं दशरथस्य कुलं प्रतिष्ठाम् ॥२४॥

चन्द्रकेतुः – (सकष्टम्)

अप्रतिष्ठे रघुज्येष्ठे का प्रतिष्ठा कुलस्य नः ।
इति दुःखेन तप्यन्ते त्रयो नः पितरोऽपरे ॥२५॥

सुमन्त्रः – अहह ! हृदयमर्मदारणान्येव चन्द्रकेतोर्वचनानि ।

लवः – हन्त ! मिश्रीकृतो रसक्रमो वर्तते ।

यथेन्दावानन्दं व्रजति समुपोढे कुमुदिनी
तथैवास्मिन् दृष्टिर्मम, कलहकामः पुनरयम् ।
रणत्कारक्रूरक्वणितगुणगुञ्जद्गुरुधनु–
र्धृतप्रेमा बाहुर्विकचविकरालोल्बणरसः ॥२६॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

સુમન્ત્ર– (સ્વગત) અરેરે...હું તો કષ્ટદાયક અવસ્થાને પામ્યો છું.

મારા જેવો (અનુભવી) ન્યાયોચિત અનુષ્ઠાનને કેવી રીતે અટકાવે ? તો બીજી તરફ, એક માત્ર સાહસના સારથી ભરેલી ક્રિયાને અનુજ્ઞા પણ કેવી રીતે આપે ? **(૫–૨૧)**

ચન્દ્રકેતુ– જ્યારે (મારા) પિતા પણ (પોતાના) પિતાના પ્રિયસખા (સ્વરૂપ તમો)ને સંશયભરી વાતોમાં પૂછતા હતા, તો કહો કે તમે આર્ય (અત્યારે) શું વિચારી રહ્યા છો ?

સુમન્ત્ર– હે આયુષ્મન ! તમે ધર્માનુસારી જ વિચારણા કરો છો.

આ સંગ્રામમાં ઉતરેલાને માટે ન્યાય છે, અને આ જ સનાતન ધર્મ છે. રઘુવંશના સિંહોને માટે વીરોને (શોભે એવું) ચારિત્ર્ય ઘડવાની આ જ પદ્ધતિ છે. **(૫–૨૨)**

ચન્દ્રકેતુ– આર્યનું કથન અનુપમ છે.

ઈતિહાસ, પુરાણ અને ધર્મ–પ્રવચનો–એ બધુંય તમે જ જાણો છે; અને રઘુઓની કુલસ્થિતિ (= કુલમર્યાદા) પણ [તમે જ જાણો છો.] **(૫–૨૩)**

સુમન્ત્ર– (સ્નેહભર્યા આંસુ સાથે ભેટીને–) હે વત્સ ! (રાવણપુત્ર) ઈન્દ્રજિતને હણનારા મારા દીકરા જેવા તારા પિતાને જન્મે પણ હજી કેટલા દિવસો વીત્યા છે ? ત્યાં તો એનો (= લક્ષ્મણનો) પણ દીકરો (આજે) વીરધર્મનું અનુષ્ઠાન કરી રહ્યો છે (–એ જોઈને); લાગે છે કે વાહ ! દશરથનું કુલ પ્રતિષ્ઠાને પામ્યું છે. **(૫–૨૪)**

ચન્દ્રકેતુ– (કષ્ટ અનુભવતો હોય તેમ)

રઘુઓમાં જ્યેષ્ઠ (એવા રામ) જ્યારે હજી પ્રતિષ્ઠા પામ્યા નથી, ત્યાં અમારા કુળની કઈ પ્રતિષ્ઠા ? વળી, એ વિચારે તો અમારા ત્રણેય પિતાઓ દુઃખ સાથે સંતાપ પામી રહ્યા છે. **(૫–૨૫)**

સુમન્ત્ર– અરર....ચન્દ્રકેતુનાં આ વચનો હૃદયના મર્મસ્થાનને ચીરી નાખનારાં છે.

લવ– હાય...(પરસ્પર વિરુદ્ધ એવા) રસોનો ક્રમ મિશ્રિત થઈ ગયો જણાય છે.

જેવી રીતે ચન્દ્રમા (આકાશમાં) ઉપર ચઢે ત્યારે કુમુદિની આનંદ પામે છે તેવી રીતે આની ઉપર મારી દૃષ્ટિ પડે ત્યારે (મારું મન) આનંદ પામે છે. પરંતુ રણત્કાર (રણકારભર્યા શબ્દ)થી ભીષણ અવાજ કરતી પણછ (ગુણ)નું ગુંજન (ટંકાર) કરતા મોટા ધનુષ્યમાં (જ) જેણે પ્રેમ ધારણ કર્યો છે તથા સ્ફુટપણે વિકરાળ એવા ઉદ્ધતરસ–રૌદ્ર કે વીર–રસવાળો જે છે, તે આ મારો બાહુ કલહ કરવાની કામનાવાળો છે. **(૫–૨૬)**

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

चन्द्रकेतुः – (अवतरणं रूपयन्) आर्य ! सावित्रश्चन्द्रकेतुरभिवादयते ।

सुमन्त्रः – अजितं पुण्यमूर्जस्वि ककुत्स्थस्येव ते महः ।
श्रेयसे शाश्वतो देवो वराहः परिकल्पताम् ॥२७॥

अपि च – देवस्त्वां सविता धिनोतु समरे गोत्रस्य यस्ते पिता
त्वां मैत्रावरुणोऽभिनन्दतु गुरुर्यस्ते गुरूणामपि ।
ऐन्द्रावैष्णवमाग्निमारुतमथो सौपर्णमोजोऽस्तु ते
देयादेव च रामलक्ष्मणधनुर्ज्याघोषमन्त्रो जयम् ॥२८॥

लवः – कुमार ! अति हि नाम शोभसे रथस्थ एव । कृतं कृतमत्यादरेण।

चन्द्रकेतुः – तर्हि महाभागोऽप्यन्यं रथमलङ्करोतु ।

लवः – आर्य ! प्रत्यारोपय रथोपरि राजपुत्रम् ।

सुमन्त्रः – त्वमप्यनुरुध्यस्व वत्सस्य चन्द्रकेतोर्वचनम् ।

लवः – को विचारः स्वेषूपकरणेषु । किं त्वरण्यसदो वयमनभ्यस्तरथचर्याः।

सुमन्त्रः – जानासि वत्स ! दर्पसौजन्ययोर्यथोचितमाचरितुम् । यदि पुनस्त्वामीदृशमैक्ष्वाको राजा रामभद्रः पश्येत्, तदा तस्य स्नेहेन हृदयमभिष्यन्देत ।

लवः – आर्य ! सुजनः स राजर्षिः श्रूयते । (सलज्जमिव)

वयमपि न खल्वेवम्प्रायाः क्रतुप्रतिघातिनः
क इह न गुणैस्तं राजानं जनो बहु मन्यते ।
तदपि खलु मे स व्याहारस्तुरङ्गमरक्षिणां
विकृतिमखिलक्षत्राक्षेपप्रचण्डतयाऽकरोत् ॥२९॥

चन्द्रकेतुः – (सस्मितम्) किं नु भवतस्तातप्रतापोत्कर्षेऽप्यमर्षः ।

लवः – अस्त्वमर्षो मा भूद्वा । एतत्तु पृच्छामि, दान्तं हि राजानं राघवं शृणुमः । स किल नात्मना दृप्यति नास्य प्रजा वा दृप्ता जायन्ते । तत्किं मनुष्यास्तस्य राक्षसीं वाचमुदीरयन्ति ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ચન્દ્રકેતુ– (નીચે ઉતરવાનો અભિનય કરતાં કરતાં) આર્ય, સૂર્યવંશનો ચન્દ્રકેતુ તમને અભિવંદન કરે છે.

સુમન્ત્ર– શાશ્વતકાળના વરાહ દેવ તને કકુત્સ્થના જેવું અજેય, પુણ્યશાળી અને બળવાન એવું તેજ (તારા) કલ્યાણ માટે આપે. **(૫–૨૭)**

અને વળી,–

તમારા ગોત્રના જે પિતા છે તે સવિતાદેવ યુદ્ધમાં જય પ્રદાન કરે. (વસિષ્ઠ જેવા) ગુરુઓના પણ ગુરુ એવા મૈત્રાવરુણદેવ તને અભિનંદે. તારામાં ઈન્દ્ર અને વરુણનું; અગ્નિ અને મરુત્ નું તથા સૌપર્ણ (ગરુડ)નું ઓજસ્ હજો. રામ અને લક્ષ્મણના ધનુષ્યોની પણછનો ટંકાર રૂપ મન્ત્ર પણ તને જય અપાવે જ. **(૫–૨૮)**

લવ– કુમાર ! રથમાં બેઠેલા જ તમે ખુબ શોભો છો. (મારા પ્રત્યે) આદર બતાવવાથી અટકો.

ચન્દ્રકેતુ– તો પછી, મહાભાગ પણ બીજા રથને અલંકૃત કરે.

લવ– વડીલ (સુમન્ત્ર) ! રાજપુત્રને ફરીથી રથની ઉપર બેસાડો.

સુમન્ત્ર– તમે પણ દીકરા ચન્દ્રકેતુના વચનનું પાલન કરો.

લવ– પોતાનાં જ સાધનો વાપરવાના હોય તો એમાં શો વિચાર કરવાનો હોય ? પણ, અરણ્યમાં રહેનારા અમે રથચર્યા કેમ કરવી ?–તેના અભ્યાસ વિનાના છીએ.

સુમન્ત્ર– બેટા, દર્પની સ્થિતિમાં કે સૌજન્યપૂર્ણ વ્યવહાર કરવાની ક્ષણમાં તું આચરણ કરવાનું બરાબર જાણે છે. જો આવા તને ઈક્ષ્વાકુવંશના રાજા રામભદ્ર જુવે તો, ચોક્કસ તેમનું હૃદય સ્નેહથી દ્રવિત થઈ ઊઠે.

લવ– વડીલ, મેં સાંભળ્યું છે કે તે રાજર્ષિ બહુ સજ્જન છે. (લજ્જાયુક્ત થયો હોય તેની જેમ)

અમે પણ કાંઈ એવા યજ્ઞ–વિઘાતકો નથી. કઈ વ્યક્તિ એવી હશે કે જે તે રાજાને એમના ગુણોથી બહુમાન નહીં આપતી હોય ? તો પણ, મને પેલા ઘોડાના રક્ષકોનાં ઉદ્ગારો, કે જે તમામ ક્ષત્રિયો ઉપર આક્ષેપ આપનારા હોવાથી અત્યુગ્ર હતાં, તેણે મારામાં વિકાર જન્માવી દીધો છે. **(૫–૨૯)**

ચન્દ્રકેતુ– (સ્મિતપૂર્વક) શું તમને (અમારા) પિતાજીના પ્રતાપી ઉત્કર્ષ માટે પણ અસહિષ્ણુતા છે ?

લવ– અસહિષ્ણુતા હોય કે ન હોય; પણ હું પૂછું છું કે અમે તો રઘુવંશી રાજા નિરહંકારી છે એમ સાંભળ્યું હતું. વળી, કહેવાય છે કે તે પોતે દર્પ કરતા નથી, કે એમની પ્રજા પણ દર્પવાળી જન્મતી નથી. તો પછી, એમના માણસો આવી રાક્ષસી વાણીને કેમ ઉચ્ચારે છે ?

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ऋषयो राक्षसीमाहुर्वाचमुन्मत्तदृप्तयोः ।
सा योनिः सर्ववैराणां सा हि लोकस्य निर्ऋतिः ॥३०॥

इति ह स्म तां निन्दन्ति । अथेतरामभिष्टुवन्ति ।

कामान् दुग्धे विप्रकर्षत्यलक्ष्मीं कीर्तिं सूते दुष्कृतं या हिनस्ति ।
तां चाप्येतां मातरं मङ्गलानां धेनुं धीराः सूनृतां वाचमाहुः ॥३१॥

सुमन्त्रः — परिपूतस्वभावोऽयं कुमारः प्राचेतसान्तेवासी । तदत्ययमभिसम्पन्नमार्षेण संस्कारेण ।

लवः — यत्पुनश्चन्द्रकेतो ! वदसि किं नु भवतस्तातप्रतापोत्कर्षेऽप्यमर्ष इति तत्पृच्छामि किं व्यवस्थितविषयः क्षत्रधर्म इति ।

सुमन्त्रः — नैव खलु जानासि देवमैक्ष्वाकं, येनैवं वदसि । तद्विरमातिप्रसङ्गात् ।

सैनिकानां प्रमाथेन सत्यमोजायितं त्वया ।
जामदग्न्यस्य दमने न हि निर्बन्धमर्हसि ॥३२॥

लवः — (सहासम्) आर्य ! जामदग्न्यस्य दमनः स राजेति कोऽयमुच्चैर्वादः ।

सिद्धं ह्येतद्वाचि वीर्यं द्विजानां बाह्वोर्वीर्यं यत्तु तत् क्षत्रियाणाम् ।
शस्त्रग्राही ब्राह्मणो जामदग्न्यस्तस्मिन् दान्ते का स्तुतिस्तस्य राज्ञः ॥३३॥

चन्द्रकेतुः — (सोन्माथमिव) आर्य सुमन्त्र ! कृतमुत्तरोत्तरेण ।

कोऽप्येष सम्प्रति नवः पुरुषावतारो
वीरो न यस्य भगवान् भृगुनन्दनोऽपि ।
पर्याप्तसप्तभुवनाभयदक्षिणानि
पुण्यानि तातचरितान्यपि यो न वेद ॥३४॥

लवः — को हि रघुपतेश्चरितं महिमानं च न जानाति ? यदि नाम किञ्चिदस्ति वक्तव्यम् अथवा शान्तम् ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

જે વાણી ઉન્મત્તતા ભરી હોય કે દર્પ ભરેલી હોય તેને ઋષિઓ રાક્ષસી–વાણી કહે છે. આવી વાણી જ બધાં વૈરોની જનની છે; અને તે જ આ લોકને માટે નરક સમાન છે. (૫–૩૦) અને તેથી તે(વાણી)ની નિંદા કરે છે. આનાથી જુદા પ્રકારની જે (વાણી) હોય છે, તેની સ્તુતિ કરે છે.

કામનાઓનું દોહન કરે છે, અલક્ષ્મીને દૂર કરે છે, કીર્તિને જન્માવે છે, દુષ્કૃત્યને જે હણે છે. આવી વાણીને (સર્વ) મંગલોની માતા તરીકે કામધેનુ (કહે છે); અને ધીર વ્યક્તિઓ તેને "સૂનૃતા વાક્" કહે છે. (૫–૩૧)

સુમન્ત્ર– (ઋષિ) પ્રાચેતસનો અન્તેવાસી એવો આ કુમાર અત્યંત પવિત્ર સ્વભાવનો જણાય છે. આર્ષ સંસ્કારથી અત્યંત સંપન્ન (વચનો) તે બોલે છે.

લવ– વળી, હે ચન્દ્રકેતુ ! તું જે કહે છે કે – "તમારા પિતાજીના પ્રતાપી ઉત્કર્ષને વિશે પણ અસહિષ્ણુતા છે ?" તો હું પૂછું છું કે ક્ષત્રિયોનો ધર્મ શું વ્યવસ્થિત વિષયવાળો (–એક જ જણમાં સમાઈ જતો હોય તેવો) હોય છે ?

સુમન્ત્ર– ઈક્ષ્વાકુવંશના દેવને ખરેખર તું જાણતો જ ન હોઉં એમ લાગે છે; કે જેથી તું આમ બોલે છે. તો બહુ લાંબી વાત કરવાથી અટક.

(અમારા) સૈનિકોનો વિનાશ કરીને તેં સાચે જ તારી ઓજસ્વિતા બતાવી છે; પણ જામદગ્ન્ય (પરશુરામ)નું દમન કરનાર (શ્રીરામ)ને વિશે, આવું અમર્યાદ બોલવું તે તને યોગ્ય નથી. (૫–૩૨)

લવ– (હાસ્ય સાથે) વડીલ, "જમદગ્નિના પુત્ર પરશુરામનું દમન કરનાર છે એ રાજા"– એવું શું મોટે મોટેથી કહી રહ્યા છો ?

એ વાત તો સિદ્ધ છે કે બ્રાહ્મણોની શક્તિ તો વાણીમાં જ રહેલી હોય છે; પણ બાહુઓમાં જે તાકાત હોય છે તે તો કેવળ ક્ષત્રિયોની જ હોય છે. (આથી,) જામદગ્ન્ય (પરશુરામ) જે શસ્ત્રગ્રાહી હતા, તે તો બ્રાહ્મણ હતા; એમને જીત્યા હોય, તો એમાં તે રાજા (રામ)ની શી સ્તુતિ કરવાની હોય ? (૫–૩૩)

ચન્દ્રકેતુ– (જાણે અપમાનિત થયો હોય તેમ) વડીલ સુમન્ત્ર ! ઉત્તર–પ્રત્યુત્તર ઘણો થયો; (હવે અટકો). અત્યારે આ કોઈક નવો જ પુરુષાવતાર થયો હોય એમ લાગે છે, કે જેને મન ભગવાન્ ભૃગુનંદન (પરશુરામ) પણ વીર નથી. તથા પૂરેપૂરાં સાતેય ભુવનોને અભયની દક્ષિણા આપનાર તાતના પુણ્યશાળી ચરિતોને પણ જે જાણતો નથી. (૫–૩૪)

લવ– કોણ એવો હશે કે જે રઘુપતિ (રામ)ના ચરિતને કે એમના મહિમાને નહીં જાણતો હોય. જો કંઈક (એ વિશે) કહેવા જેવું હોય તો તે....અથવા રહેવા દો, (નથી કહેવું).

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

वृद्धास्ते न विचारणीयचरितास्तिष्ठन्तु किं वर्ण्यते
सुन्दस्त्रीमथनेऽप्यकुण्ठयशसो लोके महान्तो हि ते ।
यानि त्रीण्यपराङ्मुखान्यपि पदान्यासन् खरायोधने
यद्वा कौशलमिन्द्रसूनुनिधने तत्राप्यभिज्ञो जनः ॥३५॥

चन्द्रकेतुः— आः तातापवादभिन्नमर्याद ! अति हि नाम प्रगल्भसे ।

लवः— अये ! मय्येव भ्रुकुटीधरः संवृत्तः ।

सुमन्त्रः— स्फुरितमनयोः क्रोधेन ! तथा हि—

चूडामण्डलबन्धनं तरलयत्याकूतजो वेपथुः
किञ्चित्कोकनदच्छदस्य सदृशे नेत्रे स्वयं रज्यतः ।
धत्ते कान्तिमकाण्डताण्डवितयोर्भङ्गेन वक्त्रं भ्रुवो—
श्चन्द्रस्योद्भटलाञ्छनस्य कमलस्योद्भ्रान्तभृङ्गस्य च ॥३६॥

कुमारौ— तदितो विमर्दक्षमां भूमिमवतराव: ।

(इति निष्क्रान्ताः सर्वे)

इति महाकवि—भवभूतिविरचित उत्तररामचरिते
'कुमारविक्रमो' नाम पञ्चमोऽङ्कः ।

• • •

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

એ (શ્રીરામ) વૃદ્ધ—ઉંમરમાં મોટા— છે, તેથી એમના ચરિત ઉપર વિચાર ન કરવાનો હોય; રહેવા દો, શું વર્ણન કરવું ? સુન્દ(રાક્ષસ)ની સ્ત્રી (તાડકા)નો વધ કરવા છતાંય લોકમાં જેમનો યશ અકુંઠિત રહ્યો છે, અને પાછા તે મહાન ગણાય છે ! ખરની જોડેના યુદ્ધમાં પણ પીઠ બતાવ્યા વિના જે ત્રણ ડગલાં પીછેહઠ કરી હતી; અથવા તો ઈન્દ્રપુત્ર (વાલી)ને હણવામાં જે કુશળતા (= છેતરપીંડી) આચરી હતી, તેની પણ બધા માણસોને પૂરેપૂરી ખબર છે. **(૫—૩૫)**

ચન્દ્રકેતુ— આઃ તાતની નિંદા કરીને મર્યાદાને તોડનારા ! વધારે પડતી ધૃષ્ટતા બતાવે છે ?

લવ— અરે ! મારી ઉપર ભ્રૂકુટિ ઊંચી તાણે છે ?

સુમન્ત્ર— આ બન્ને જણ ક્રોધથી ભભૂકી ઊઠ્યા છે. જેમકે—

[પરસ્પરને હરાવવાંના] આકૂત (= ઈચ્છા)માંથી જન્મેલ ક્રોધભરી ધ્રુજારી (માથાની) ચોટલીના સમૂહના બંધનને ચંચળ બનાવી દે છે; તથા લાલ કમળના પાંદડાં જેવાં નેત્ર જાતે જ થોડાંક થોડાંક લાલ થઈ રહ્યાં છે. બન્નેનાં મુખ અકાળે તાંડવનૃત્ય કરતી ભ્રૂકુટિ વક્ર થઈ હોવાથી સ્પષ્ટ કલંકવાળા ચંદ્રમાની, તથા ઉપર ગુંજારવ કરી રહેલ ભમરાવાળા કમળની કાન્તિને ધારણ કરે છે. **(૫—૩૬)**

બે કુમારો— તો આ તરફ યુદ્ધ કરવાને યોગ્ય એવી ભૂમિ ઉપર ઉતરીએ.

[સૌ રંગભૂમિ ઉપરથી નીકળી જાય છે.]

મહાકવિ ભવભૂતિએ રચેલા "ઉત્તરરામચરિત"માં
'કુમારવિક્રમ' નામનો પાંચમો અંક પૂરો થયો.

• • •

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

षष्ठोऽङ्कः

(कुमारप्रत्यभिज्ञानम्)

(ततः प्रविशति विमानेनोज्ज्वलं विद्याधरमिथुनम् ।)

विद्याधरः — अहो ! नु खल्वनयोर्विकर्तनकुलकुमारयोरकाण्डकलहप्रचण्डयोरुद्योतितक्षत्रलक्ष्मीकयोरत्यद्भुतोद्भ्रान्तदेवासुराणि विक्रान्तचरितानि । तथा हि प्रिये ! पश्य पश्य—

झणज्झणितकङ्कणक्वणितकिङ्किणीकं धनु—
र्ध्वनद्गुरुगुणाटनीकृतकरालकोलाहलम् ।
वितत्य किरतोः शरानविरतस्फुरच्चूडयो—
र्विचित्रमभिवर्तते भुवनभीममायोधनम् ॥१॥

विजृम्भितं च दिव्यस्य मङ्गलाय द्वयोरपि ।
स्तनयित्नोरिवामन्द्रं दुन्दुभेर्दुन्दुमायितम् ॥२॥

तत्प्रवर्ततामनयोः प्रवीरयोरनवरतमविरलललितविकचकनककमलकमनीयसंहतिरमरतरुतरुणमणिमुकुलनिकरमकरन्दसुन्दरः पुष्पनिपातः ।

विद्याधरी— ता किं ति उण अआंडविप्फुरिदतडिच्छडाकडार विअ अंबरं झत्ति संवुत्तम् ? [तत्किमिति पुनरकाण्डविस्फुरिततडिच्छटाकडारमिवाम्बरं झटिति संवृत्तम् ?]

विद्याधरः — तत्किं नु खल्वद्य

त्वाष्ट्रयन्त्रभ्रमिभ्रान्तमार्तण्डज्योतिरुज्ज्वलः ।
पुटभेदो ललाटस्थनीललोहितचक्षुषः ॥३॥

(विचिन्त्य) आं ज्ञातम् । जातक्षोभेण चन्द्रकेतुना प्रयुक्तमस्त्रमाग्नेयम् । यस्यायमग्निच्छटासम्पातः । सम्प्रति हि—

अवदग्धकर्बुरितकेतुचामरैरपयातमेव हि विमानमण्डलैः ।
दधति ध्वजांशुकपटाञ्चलेष्विमाः क्षणकुङ्कुमच्छुरणविभ्रमं शिखाः ॥४॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

છઠ્ઠો અંક

(કુમાર–પ્રત્યભિજ્ઞાન)

[ત્યાર પછી ઉજ્જવળ એવું વિદ્યાધર–યુગલ વિમાન દ્વારા પ્રવેશ કરે છે.]

વિદ્યાધર– અકાળે કલહ કરવાને કારણે અત્યંત ગુસ્સે ભરાયેલા અને જેમની ક્ષત્રિયોચિત શોભા ચમકી રહી છે તેવા આ બે અદ્‌ભુત સૂર્યવંશના (રાજ)કુમારોના દેવો અને અસુરોને પણ આશ્ચર્યચકિત કરી દેનારાં પરાક્રમથી ભરેલાં ચરિતો આવાં છે; તો હે પ્રિયે ! જો....જો...

ઝણઝણ અવાજયુક્ત કંકણની જેમ અવાજ કરતી કિંકિણી (ઘંટડી)ઓ વાળું, તથા ધ્વનન કરતી મોટી પણછ અને (ધનુષ્યના) બે છેડાઓ વડે કરવામાં આવતાં વિકરાળ કોલાહલવાળું ધનુષ્ય તાણીને બાણોની વર્ષા કરી રહેલા એવા તે બે જણા, કે જેમની શિખાઓ અવિરતપણે ચમકી રહી છે, તેમનું (ત્રણેય) ભુવનને ભય ઉત્પન્ન કરતું વિચિત્ર એવું યુદ્ધ સામે જ ચાલી રહ્યું છે. **(૬–૧)**

બન્ને (કુમારો)ના મંગલને માટે દિવ્ય દુન્દુભિના ગડગડાટી કરતાં વાદળોના જેવા, દુમ્–દુમ્ અવાજના ધ્વનિ (ઉપરના ભાગેથી) ઝળુંબવા લાગ્યા. **(૬–૨)**

આ બન્ને વીર કુમારોની ઉપર, તો ભલે ગાઢ, સુંદર અને ખીલેલાં સુવર્ણકમળોથી કમનીય સમૂહવાળી; તથા અમર વૃક્ષો (પારિજાત વગેરે)ની તાજી મણિસદશ ખીલતી કળીઓના સમૂહના મકરંદ (= પરાગ)થી સુંદર બનેલ એવી પુષ્પવૃષ્ટિ અનવરતપણે પડ્યા કરો.

વિદ્યાધરી– તો આ શું ? ફરીથી આ આકાશ એકાએક જ ચમકતી વિદ્યુત્પ્રભાથી જાણે પીળા રંગનું બની ગયું ?

વિદ્યાધર– તો શું આજે–

ત્વષ્ટાના પુત્ર (= વિશ્વકર્મા)ના શાણયન્ત્રની ભ્રમણક્રિયાથી ફેરવવામાં આવેલ માર્તણ્ડ (= સૂર્ય)ના તેજ સમાન ઉજ્જવળ એવું નીલલોહિત (રુદ્રદેવતા)ના કપાળમાં રહેલ ચક્ષુની પાંપણ ખૂલી ગઈ છે ? **(૬–૩)**

(વિચાર કરીને–) હાં જાણ્યું ! જે ક્ષુભિત થયો છે તેવા ચન્દ્રકેતુએ આગ્નેયાસ્ત્ર પ્રયોજ્યું લાગે છે; અને તેમાંથી અગ્નિજ્વાળાઓ પ્રસરી રહી છે. કેમકે હાલમાં તો–

થોડાક સળગાવવામાં આવેલ, અને તેથી કાબરચીતરા બનેલ ધ્વજ તથા ચામરોવાળા વિમાન–સમૂહો વડે અહીંથી પલાયન કરી જવાયું છે. ધજાના રેશમી વસ્ત્રોના છેડાઓ ઉપરની આ શિખાઓ (જ્વાળાઓ) ક્ષણભર માટે જાણે કે કુંકુમના લેપની શોભાને ધારણ કરે છે. **(૬–૪)**

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

आश्चर्यम् ! प्रवृत्त एवायमुच्चण्डवज्रखण्डावस्फोटपटुरवस्फुलिङ्गगुरु–रुत्तालतुमुललेलिहानोज्ज्वलज्वालासम्भारभैरवो भगवानुषर्बुधः । प्रचण्डश्चास्य सर्वतः सन्तापः । तत्प्रियामङ्गेनाच्छाद्य सुदूरमपसरामि । (तथा करोति) ।

विद्याधरी– दिट्ठिआ एदेण विमलमुक्ताफलअसीअलसिणिद्धमसिणमंसलेन णाहदेहप्फंसेण आणंदमंदमुउलिदघुण्णंतलोअणाए अप्पोदिदो एव्व अंदरिदो मे संदावो। [दिष्ट्या एतेन विमलमुक्ताफलकशीतलस्निग्धमसृणमांसलेन नाथदेहस्पर्शे–नानन्दमन्दमुकुलितघूर्णमानलोचनाया अल्पोदित एवान्तरितो मे सन्तापः ।]

विद्याधरः– अपि ! किमत्र मया कृतम् ? अथवा –

न किञ्चिदपि कुर्वाणः सौख्यैर्दुःखान्यपोहति ।
तत्तस्य किमपि द्रव्यं यो हि यस्य प्रियो जनः ॥५॥

विद्याधरी– कहं अविरलविलोलघुण्णमाणविज्जुल्लदाविलासमंडिदेहिं मत्तमोरकंठसामलेहिं ओत्थरी अदि णहत्थलं जलहरेहिं । [कथमविरलविलोल–घूर्णमानविद्युल्लताविलासमण्डितैर्मत्तमयूरकण्ठश्यामलैरवस्तीर्यते नभस्तलं जलधरैः ।]

विद्याधरः– हन्त ! कुमारलवप्रयुक्तवारुणास्त्रप्रभावः खल्वेषः । कथम–विरलप्रवृत्तवारिधारासहस्रसम्पातैः प्रशान्तमेव पावकास्त्रम् ।

विद्याधरी– पिअं मे पिअं मे । [प्रियं मे प्रियं मे ।]

विद्याधरः– हन्त हन्त भोः ! सर्वमतिमात्रं दोषाय । यत्प्रलयवातावलिक्षोभगम्भीर गुलुगुलायमानमेघमेदुरान्धकारनीरन्ध्रनद्धमिव एकवारविश्वग्रसनविकटविकरालकाल–मुखकन्दरविवर्तमानमिव युगान्तयोगनिद्रानिरुद्धसर्वद्वारनारायणोदरनिविष्टमिव भूतजातं प्रवेपते । साधु चन्द्रकेतो ! साधु । स्थाने वायव्यम्अस्त्रमीरितम् । यतः–

विद्याकल्पेन मरुता मेघानां भूयसामपि ।
ब्रह्मणीव विवर्तानां क्वापि विप्रलयः कृतः ॥६॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

આશ્ચર્ય ! આ અત્યંત પ્રચંડ વજ્રખંડના ટૂકડા કરવામાં પટુ એવો, તણખા ઉડતા હોવાથી ભારે બનેલ, અત્યંત ઉન્નત, તુમુલ અને ચાટતી ઉજ્જ્વળ જ્વાળાઓના સમૂહથી ભયાનક બનેલ ભગવાન્ ઉષર્બુધ (= અગ્નિ) પ્રવૃત્ત થઈ ચૂક્યો છે. એનો સંતાપ ચારે બાજુએ પ્રચંડ બની રહ્યો છે. તો લાવ, (મારી) પ્રિયતમાને (મારા) શરીરથી ઢાંકી દઈને ઘણે દૂર ખસી જાઉં. (એમ કરે છે.)

વિદ્યાધરી— સૌભાગ્યે કરીને, નિર્મળ મોતી જેવા શીતલ, સ્નિગ્ધ, કોમળ અને માંસલ એવા (મારા) સ્વામીના શરીરસ્પર્શ થકી આનંદને કારણે થોડાંક થોડાંક મીંચાયેલા અને ચકળવકળ (ગોળગોળ) ફરી રહેલાં નેત્રવાળી મારે માટે થોડાક સમય માટે જ શરૂ થયેલો સંતાપ તરત જ દૂર થઈ ગયો છે.

વિદ્યાધર— અરે ! પણ મેં તારે માટે કર્યું છે જ શું ? અથવા –

કંઈ જ ન કર્યું હોય તો પણ, કેવળ પોતાનાં સુખો (સામાને આપવા) વડે જ દુઃખોને દૂર કરવામાં આવે છે. કેમકે જેને જે વ્યક્તિ પ્રિય હોય છે, તેનું તે કંઈક અવર્ણનીય કહેવાય એવું દ્રવ્ય હોય છે. **(૬–૫)**

વિદ્યાધરી— વારંવાર ચપળતાથી ઘૂમતી વિદ્યુત્‌રૂપી લતાના વિલાસો (ચકરાવાઓ)થી શોભતા, અને મદમસ્ત મયૂરોના કંઠ જેવા શ્યામળા પાણી ભરેલાં વાદળાઓથી શું (એકદમ જ) નભસ્તલ છવાઈ ગયું ?

વિદ્યાધર— હાશ, કુમાર લવે પ્રયોજેલા વારુણાસ્ત્રનો આ પ્રભાવ જણાય છે ! અવિરલ એવી હજારો જળધારાઓનો પ્રપાત શરૂ થઈ જવાથી શું પાવકાસ્ત્ર (= આગ્નેયાસ્ત્ર) પ્રશાન્ત જ થઈ ગયું ?!

વિદ્યાધરી— ગમ્યું, મને બહુ ગમ્યું !

વિદ્યાધર— હાશ, અરે ! બધું જ, જે કંઈ વધારે માત્રામાં થાય તે દોષકારી જ હોય છે. કેમકે, પ્રલયકાલીન વાતાવલિથી ક્ષુબ્ધ થયેલ ગંભીર એવા ગુલ–[illegible] કરતાં વાદળોથી ઘનીભૂત થયેલ અંધકારથી ગાઢ રીતે બાંધેલ હોય તેમ, એક જ વારમાં વિશ્વને ગળી જવા માટે પહોળી કરેલ વિકરાળ કાલમુખની ગુફામાં જાણે ચકરાવા મારતું હોય તેમ; યુગાન્તકાલીન યોગનિંદ્રામાં જેનાં સર્વ દ્વાર રુંધાયેલ છે તેવા નારાયણના ઉદરમાં પ્રવેશી ગયેલ હોય તેમ આ પ્રાણીજગત્ થરથર ધ્રુજે છે. શાબાશ ચન્દ્રકેતુ ! શાબાશ, બહુ યોગ્ય સમયે વાયવ્યાસ્ત્રનો પ્રયોગ કર્યો ! જેથી–

બ્રહ્મતત્ત્વમાં જેમ સૌ વિવર્તો (ભ્રાન્તજ્ઞાનો)નો વિલય થાય તેમ, (ગૂઢ) વિદ્યા જેવા પવન વડે વાદળો ઘણાં બધાં હતાં તો પણ તેમનો ક્યાંય પ્રલય કરી નાંખ્યો. **(૬–૬)**

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

विद्याधरी— णाध ! को दाणिं एसो ससंभमुक्खित्तकरब्भमिदोत्तरिआंचलो दूरदो एव्व महुरसिणिद्धवअणपडिसिद्धजुद्धब्बावारो एदाणं कुमाराणं अंदरे विमाणवरं ओदारावेदि । [नाथ ! क इदानीमेष ससम्भ्रमोत्क्षिप्तकरभ्रमितोत्तरीयाञ्चलो दूरत एव मधुरस्निग्धवचनप्रतिषिद्धयुद्धव्यापार एतयोः कुमारयोरन्तरे विमानवरमवतारयति ।]

विद्याधरः — (दृष्ट्वा) एष शम्बूकवधात् प्रतिनिवृत्तो रघुपतिः ।

शब्दं महापुरुषसंविहितं निशम्य
तद्गौरवात् समुपसंहृतसम्प्रहारः ।
शान्तो लवः प्रणत एव च चन्द्रकेतुः
कल्याणमस्तु सुतसङ्गमनेन राज्ञः ॥७॥

तदितस्तावदेहि । (इति निष्क्रान्तौ)

मिश्रविष्कम्भकः ।

(ततः प्रविशति रामो लवः प्रणतश्चन्द्रकेतुश्च)

रामः — (पुष्पकादवतरन्)

दिनकरकुलचन्द्र चन्द्रकेतो ! सरभसमेहि दृढं परिष्वजस्व ।
तुहिनशकलशीतलैस्तवाङ्गैः शममुपयातु ममापि चित्तदाहः ॥८॥

(उत्थाप्य सस्नेहास्रं परिष्वज्य) अपि नाम कुशलं तव दिव्यास्त्रधरदेहस्य ?

चन्द्रकेतुः — कुशलमत्यद्भुतक्रियस्य प्रियदर्शनस्य लवस्य लाभाभ्युदयेन । तद्विज्ञापयामि मामिव विशेषेण वा मत्तः स्निग्धेन चक्षुषा पश्यत्वमुं महावीरप्रकाण्डं तातः ।

रामः — (लवं निरूप्य) दिष्ट्या अतिगम्भीरमधुरकल्याणाकृतिरयं वयस्यो वत्सस्य ।

त्रातुं लोकानिव परिणतः कायवानस्त्रवेदः
क्षात्रो धर्मः श्रित इव तनुं ब्रह्मकोषस्य गुप्त्यै ।
सामर्थ्यानामिव समुदयः सञ्चयो वा गुणाना—
माविर्भूय स्थित इव जगत्पुण्यनिर्माणराशिः ॥९॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

વિદ્યાધરી– હે નાથ ! આ કોણ છે અત્યારે કે જે ઉતાવળે ઊંચા કરેલા હાથથી (પોતાના) ઉત્તરીય વસ્ત્રનો છેડો ગોળગોળ ઘુમાવી રહ્યા છે અને દૂરથી જ મધુર અને સ્નિગ્ધ એવાં વાક્યોથી (આ બે જણના) યુદ્ધવ્યાપારને અટકાવી રહ્યા છે; તથા આ બે કુમારોની વચ્ચે(જ) શ્રેષ્ઠ વિમાનને ઉતારી રહ્યા છે ?

વિદ્યાધર– (જોઈને) આ શમ્બૂકનો વધ કરીને, ત્યાંથી રઘુપતિ પાછા ફરી રહ્યા છે.

મહાપુરુષ દ્વારા સારી રીતે વપરાયેલા ('શાન્ત થાવ' એવાં) શબ્દને સાંભળીને તથા એમના તરફ ગૌરવની લાગણી હોઈને જેમણે (પરસ્પર ઉપર) પ્રહાર કરવાનું અટકાવી દીધું છે, તેવો લવ શાન્ત થઈ ગયો છે અને ચન્દ્રકેતુએ તો પ્રણામ જ કરી લીધાં છે ! તો હવે, પુત્ર સાથેના સમાગમ થકી રાજા (રામ)નું કલ્યાણ થાવ. **(૬–૭)**

તો અહીંથી, ચલો આપણે (બીજે) જઈએ.

[બન્ને–વિદ્યાધર અને તેની પત્ની વિદ્યાધરી–રંગભૂમિ ઉપરથી નીકળી જાય છે.]

(**મિશ્રવિષ્કંભક** પૂરો થયો.)

(ત્યાર પછી રામ, લવ અને પ્રણામ કરી રહેલો ચન્દ્રકેતુ પ્રવેશ કરે છે.)

રામ– (પુષ્પકમાંથી ઉતરતાં–)

દિનકરકુલના ચન્દ્ર એવા હે ચન્દ્રકેતુ ! ઉતાવળે આવ, અને (મને) ગાઢ આલિંગન આપ. બરફના ટૂકડા જેવા શીતળ તારાં અંગોથી મારો પણ ચિત્તદાહ શાન્ત થાવ. **(૬–૮)**

(ઊભો કરીને, સ્નેહાશ્રુ સાથે ભેટીને) દિવ્ય અસ્ત્રોને ધારણ કરનારા શરીરવાળા (હે ચન્દ્રકેતુ) ! શું તારું કુશળ તો છે ને ?

ચન્દ્રકેતુ– અદ્ભુત ક્રિયાવાળા અને પ્રિયદર્શનવાળા આ લવનો લાભ થવા રૂપી અભ્યુદયથી કુશળ છે. તો હું જણાવું છું કે મારી જ જેમ; અથવા મારાથી પણ વિશેષ રૂપે સ્નિગ્ધ ચક્ષુથી (કોઈક) મહાવીરના આ સંતાનને પિતાજી જુવો.

રામ– (લવને ધ્યાનથી જોઈને–) વાહ ! દીકરાનો આ મિત્ર તો અતિગંભીર અને મધુર એવી કલ્યાણભરી આકૃતિવાળો જણાય છે.

(ત્રણેય) લોકનું રક્ષણ કરવા અસ્ત્રવેદ જાણે કાયા ધારણ કરીને ઊભો છે ! બ્રહ્મકોશની રક્ષા કરવા કાજે ક્ષાત્રધર્મે જાણે શરીરનું આશ્રયણ કર્યું છે. (બધા) સામર્થ્યોનો જાણે એક સાથે ઉદય થયો છે; અથવા તો ગુણોનો સંચય (એકત્ર) થયો છે અને જગત્‌ના પુણ્યશાળી પદાર્થોનો સમૂહ જાણે આવિર્ભાવ પામીને સામે આવી ઊભો છે ! **(૬–૯)**

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

लवः – (स्वगतम्) अहो ! पुण्यानुभावदर्शनोऽयं महापुरुषः–

आश्वासस्नेहभक्तीनामेकमालम्बनं महत् ।
प्रकृष्टस्येव धर्मस्य प्रसादो मूर्तिसञ्चरः ॥१०॥

आश्चर्यम् !

विरोधो विश्रान्तः प्रसरति रसो निर्वृतिघन–
स्तदौद्धत्यं क्वापि व्रजति, विनयः प्रह्वयति माम् ।
झटित्यस्मिन् दृष्टे किमपि परवानस्मि, यदि वा
महार्घस्तीर्थानामिव हि महतां कोऽप्यतिशयः ॥११॥

रामः – तत्किमयमेकपद एव मे दुःखविश्रामं ददात्युपस्नेहयति च कुतोऽपि निमित्तादन्तरात्मानम् । अथवा स्नेहश्च निमित्तसव्यपेक्षश्च इति विप्रतिषिद्धमेतत् ।

व्यतिषजति पदार्थानान्तरः कोऽपि हेतु–
र्न खलु बहिरुपाधीन् प्रीतयः संश्रयन्ते ।
विकसति हि पतङ्गस्योदये पुण्डरीकं
द्रवति च हिमरश्मावुद्गते चन्द्रकान्तः ॥१२॥

लवः – चन्द्रकेतो ! क एते ।

चन्द्रकेतुः – प्रियवयस्य ! ननु तातपादाः ।

लवः – ममापि तर्हि धर्मतस्तथैव, यतः प्रियवयस्य इति भवतोक्तम्, किन्तु चत्वारः खलु भवतामेवं व्यपदेशभागिनस्तत्र भवन्तो रामायणकथापुरुषाः । तद्विशेषं ब्रूहि ।

चन्द्रकेतुः – ननु ज्येष्ठतातपादा इत्यवेहि ।

लवः – (सोल्लासम्) कथं रघुनाथ एव ? दिष्ट्या सुप्रभातमद्य यदयं देवो दृष्टः । (सविनयकौतुकं निर्वर्ण्य) तात ! प्राचेतसान्तेवासी लवोऽभिवादयते ।

रामः – आयुष्मन् ! एह्येहि । (इति सस्नेहमालिङ्ग्य) अयि वत्स ! कृतं कृतमतिविनयेन । अनेकवारमपरिश्लथं परिष्वजस्व माम् ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

લવ– (સ્વગત) અહો ! પવિત્ર અને પ્રભાવશાળી દર્શનવાળા આ મહાપુરુષ છે :

વિશ્વસનીયતા, સ્નેહ અને ભક્તિનું એકમાત્ર મોટું આલંબન અને ઉત્કૃષ્ટ એવા ધર્મનો પ્રસાદ (કૃપા) જાણે મૂર્તિમંત થઈને ફરી રહ્યો છે. **(૬–૧૦)**

આશ્ચર્ય !

એકાએક જ, આમને જોતાંની સાથે જ, વિરોધ વિશ્રાન્ત થયો, આનંદથી પ્રગાઢ બનેલો (અનુરાગ) રસ પ્રસરી રહ્યો છે. તે ઉદ્ધતતા પણ ક્યાંય ચાલી ગઈ; વિનય મને નમ્ર બનાવી રહ્યો છે. હું જાણે પરવશ હોઉં (તેમ અનુભવું છું); અથવા તો મોટાં મોટાં તીર્થોના જેવો કોઈક બહુ મોંઘો એવો અતિશય (સમૂહ) (અહીં આવી ઊભો છે.). **(૬–૧૧)**

રામ– તો આ (બાળક) એક જ ક્ષણમાં કેમ (મારા) દુઃખોને વિશ્રામ આપે છે અને કોઈપણ નિમિત્તે કરીને મારા અંતરાત્માને (એના ઉપર) સ્નેહ ઉપજાવે છે ?

અથવા–

સ્નેહ, અને તે પણ પાછો કોઈક નિમિત્તની અપેક્ષાવાળો હોય ?–એ બે તો પરસ્પર વિરુદ્ધ વાત થઈ ગણાય. (કેમકે–)

કોઈક (અવર્ણનીય) આંતરિક હેતુ જ (બે વિરુદ્ધ, અથવા તો દૂર પડેલા) પદાર્થોને સાંધી દેનારો હોય છે. જે પ્રીતિઓ હોય છે, તે ક્યારેય બહારની ઉપાધિઓ (=કારણો) ઉપર અવલંબતો નથી, સૂર્યના ઉદય થતાંની સાથે જ કમળ ખીલી ઊઠે છે; અને હિમરશ્મિ (ચન્દ્રમા) ઉદય પામે ત્યારે 'ચન્દ્રકાન્ત' નામનો એક મણિ દ્રવીભૂત થાય છે– ઓગળવા માંડે છે. **(૬–૧૨)**

લવ– હે ચન્દ્રકેતુ ! આ કોણ છે ?

ચન્દ્રકેતુ– પ્રિય મિત્ર ! આ તો તાતપાદ (શ્રીરામ) છે !

લવ– તો ધર્મથી મારા પણ તે જ થાય; કેમકે તેં (મને) "પ્રિય–મિત્ર" એવું સંબોધન કર્યું, પણ તારે માટે તો ('તાતપાદ') એવા જ શબ્દોથી ઓળખાવવા પડે એવા ચાર પિતાજીઓ છે; કે જે રામાયણ–કથાના પુરુષો છે. તો ચોક્કસતા સાથે કહે.

ચન્દ્રકેતુ– તો આ 'જ્યેષ્ઠ એવા તાતપાદ' છે એમ તું જાણ.

લવ– (ઉલ્લાસ સાથે) શું (સ્વયં) રઘુનાથ જ છે ?! સૌભાગ્ય કહેવાય કે આજની સુપ્રભાતે આ દેવનાં દર્શન થયાં ! (વિનય અને કૌતુક સાથે જોઈને) તાત ! પ્રાચેતસ ઋષિનો અન્તેવાસી એવો 'લવ' અભિવાદન કરે છે.

રામ– આયુષ્માન ! આવ...આવ...(સ્નેહપૂર્વક આલિંગન આપીને) અરે બેટા ! અતિવિનય દર્શાવવાથી અટક. તું અનેકવાર ગાઢ રીતે મને આલિંગન આપ.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

परिणतकठोरपुष्करगर्भच्छदपीनमसृणसुकुमारः ।
नन्दयति चन्द्रचन्दननिष्यन्दजडस्तव स्पर्शः ॥१३॥

लवः — (स्वगतम्) ईदृशो मां प्रत्यमीषामकारणस्नेहः । मया पुनरेभ्य एवाभिद्रुग्धमज्ञेन यदायुधपरिग्रहं यावदध्यारूढो दुर्योगः । (प्रकाशम्) मृष्यन्त्विदानीं लवस्य बालिशतां तातपादाः ।

रामः — किमपराद्धं वत्सेन ?

चन्द्रकेतुः — अश्वानुयात्रिकेभ्यस्तातप्रतापाविष्करणमुपश्रुत्य वीरायितमनेन ।

रामः — नन्वयमलङ्कारः क्षत्रस्य ।

न तेजस्तेजस्वी प्रसृतमपरेषां विषहते
स तस्य स्वो भावः प्रकृतिनियतत्वादकृतकः ।
मयूखैरश्रान्तं तपति यदि देवो दिनकरः
किमाग्नेयो ग्रावा निकृत इव तेजांसि वमति ॥१४॥

चन्द्रकेतुः — अमर्षोऽप्यस्यैव शोभते महावीरस्य । पश्यन्तु हि तातपादाः प्रियवयस्य नियुक्तजृम्भकास्त्रनिष्कम्पस्तम्भितानि सर्वतः सैन्यानि ।

रामः — (विलोक्य) वत्स लव ! संह्रियतामस्त्रम् । त्वमपि चन्द्रकेतो ! निर्व्यापारविलक्षितानि सान्त्वय बलानि ।

लवः — यथाज्ञापयति तातः । (इति प्रणिधानं नाटयति)

चन्द्रकेतुः — यथादिष्टम् (इति निष्क्रान्तः) ।

लवः — तात ! प्रशान्तमस्त्रम् ।

रामः — वत्स ! सरहस्यप्रयोगसंहाराण्यस्त्राण्याम्नायवन्ति ।

ब्रह्मादयो ब्रह्महिताय तप्त्वा परःसहस्राः शरदस्तपांसि ।
एतान्यपश्यन् गुरवः पुराणाः स्वान्येव तेजांसि तपोमयानि ॥१५॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

સુવિકસિત પૂર્ણ કમળના અંદરના પાંદડા જેવો માંસલ, ચીકણો અને કોમળ એવો; ચન્દ્રમા અને ચંદનના રસ જેવો શીતલ તારો સ્પર્શ (મને) આનંદ પહોંચાડે છે. **(૬–૧૩)**

લવ– (સ્વગત) આમનો મારા પ્રત્યે આટલો બધો અકારણ સ્નેહ છે; પણ મેં અજ્ઞાનીએ આમનો જ દ્રોહ કરી નાખ્યો; કે જેથી આયુધ ગ્રહણ કરવા સુધી દુર્ભાગ્યે વાત પહોંચી ગઈ. (મોટેથી) તાતપાદ આ લવની બાલિશતાને હવે માફ કરી દે.

રામ– બેટાએ શો અપરાધ કર્યો છે ?

ચન્દ્રકેતુ– અશ્વને અનુસરતા (સૈનિકો) પાસેથી તાતના પ્રતાપોનું પ્રગટ બયાન સાંભળીને, આણે વીરના જેવું આચરણ કર્યું.

રામ– એને તો ખરેખર ક્ષત્રિયોની શોભા કહેવી જોઈએ.

તેજસ્વી વ્યક્તિ બીજાઓનાં પ્રસરતાં તેજને સહન કરી શકતો નથી. આ તેનો સ્વ–ભાવ હોય છે; અને તે પ્રકૃતિથી નિયત થયેલો હોઈને કૃત્રિમ જણાતો નથી. જ્યારે દેવ દિનકર (સૂર્ય) થાક્યા વિના (પોતાનાં) કિરણોથી તપે છે ત્યારે 'આગ્નેય' નામનો પથ્થર [= સૂર્યકાન્ત મણિ] જાણે અપમાનિત થયો હોય તેમ જ્વાળાઓ બહાર ફેંકે છે. **(૬–૧૪)**

ચન્દ્રકેતુ– આવા જ મહાવીરને અસહનશીલતા શોભે છે. તાતપાદ જુવે કે પ્રિય–મિત્રે પ્રયોજેલા જૃમ્ભકાસ્ત્રોથી નિષ્કંપ બનીને ચારે તરફ સૈન્યો સ્થગિત થઈ ગયેલાં છે.

રામ– (જોઈને) બેટા લવ ! આ અસ્ત્રને પાછું વાળી લે. ચન્દ્રકેતુ ! તું પણ કશું ન કરી શકવાને કારણે શરમીંદા થયેલા સૈન્યને સાન્ત્વના આપ.

લવ– જેવી તાત આજ્ઞા આપતા હોય. (ધ્યાન ધરવાનો અભિનય કરે છે.)

ચન્દ્રકેતુ– જેવી આજ્ઞા આપી હોય (તેમ કરું છું.)

(રંગભૂમિ ઉપરથી નીકળી જાય છે.)

લવ– તાત ! અસ્ત્ર પ્રશાન્ત થઈ ગયાં.

રામ– બેટા, આ અસ્ત્રોનો પ્રયોગ અને તેનો ઉપસંહાર એ બે તો રહસ્યવાળાં છે એમ કહેવાય છે.

બ્રહ્મનું હિત કરવા માટે બ્રહ્મા વગેરે દેવોએ હજારો શરદ ઋતુઓ સુધી તપો તપીને; પુરાણા ગુરુઓએ પોતાનાં જ તપોમય તેજ હોય એવાં આ અસ્ત્રોને જોયાં હતાં. **(૬–૧૫)**

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

अथैताम् अस्त्रोपनिषदं भगवान् कृशाश्वः परःसहस्रसंवत्सरान्तेऽन्तेवासिने कौशिकाय प्रोवाच । स तु भगवान् मह्यमित्येष गुरुपूर्वानुक्रमः । कुमारस्य कुतः सम्प्रदाय इति पृच्छामि ।

लवः – स्वतःप्रकाशान्यावयोरस्त्राणि ।

रामः – (विचिन्त्य) किं न सम्भाव्यते ? प्रकृष्टपुण्यपरिपाकोपादानः कोऽपि महिमा स्यात् । द्विवचनं तु कथम् ?

लवः – भ्रातरावावां यमौ ।

रामः – स तर्हि द्वितीयः कः ?

(नेपथ्ये)

भाण्डायन, भाण्डायन !

आयुष्मतः किल लवस्य नरेन्द्रसैन्यै–
रायोधनं ननु किमात्थ सखे तथेति ।
अद्यास्तमेतु भुवनेष्वधिराजशब्दः
क्षत्रस्य शस्त्रशिखिनः शममद्य यान्तु ॥१६॥

रामः –

अथ कोऽयमिन्द्रमणिमेचकच्छविर्ध्वनिनैव बद्धपुलकं करोति माम् ।
नवनीलनीरधरधीरगर्जितक्षणबद्धकुड्मलकदम्बडम्बरम् ॥१७॥

लवः – अयमसौ मम ज्यायान् आर्यः कुशो नाम भरताश्रमात्प्रतिनिवृत्तः ।

रामः – (सकौतुकम्) वत्स ! इत एवाह्वयैतमायुष्मन्तम् ।

लवः – एवम् । (इति परिक्रामति) ।

(ततः प्रविशति कुशः)

कुशः – (साकूतहर्षधैर्यं धनुरास्फालयन्)

दत्तेन्द्राभयदक्षिणैर्भगवतो वैवस्वतादामनो–
र्दृप्तानां दहनाय दीपितनिजक्षत्रप्रतापाग्निभिः ।
आदित्यैर्यदि विग्रहो नृपतिभिर्धन्यं ममैतत्ततो
दीप्तास्त्रस्फुरदुग्रदीधितिशिखानीराजितज्यं धनुः ॥१८॥

(इति विकटं परिक्रामति)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

આ અસ્ત્રો (વાપરવાની) ઉપનિષદ્ તો ભગવાન્ કૃશાશ્વે હજારો વર્ષો (ના તપ) પછી, પોતાના અન્તેવાસી કૌશિક (વિશ્વામિત્ર)ને કહી હતી. એ ભગવાને (વિશ્વામિત્રે) મને કહી હતી– આમ ગુરુઓનો પૂર્વાનુક્રમ જાણવા મળે છે. તો પૂછું છું કે કુમારને (આ અસ્ત્રો મેળવવાનો) ક્યાંથી સમ્પ્રદાય પ્રાપ્ત થયો છે ?

લવ– અમને બન્નેને આ અસ્ત્રો તો સ્વતઃપ્રકાશ રૂપે મળેલાં છે.

રામ– (વિચારીને–) શું શક્ય નથી ? ઉત્કૃષ્ટ પુણ્યના પરિપાક રૂપે આવી મળવા રૂપ આ કોઈક અવર્ણનીય મહિમા હોઈ શકે છે. પણ, "आवयोः– અમને બે જણને"] એવું દ્વિવચન કેમ વાપર્યું હશે ?

લવ– અમે બે ભાઈઓ 'જોડકાં' છીએ.

રામ– તો પછી, બીજો કોણ છે ?

[નેપથ્યમાંથી અવાજ આવે છેઃ]

અરે ભાંડાયન...ઓ ભાંડાયન...!

સાંભળ્યું છે કે આયુષ્માન્ લવનું (કોઈક) રાજાના સૈન્યની સાથે યુદ્ધ થયું છે; હે સખા ! તેં શું કહ્યું ? 'હા, એમ જ". એમ ? તો આજે ત્રણેય ભુવનમાંથી 'અધિરાજ' એવો શબ્દ અસ્ત પામો. ક્ષત્રિયોનો શસ્ત્ર રૂપી અગ્નિ આજે (કાયમને માટે) શમી જાવ. **(૬–૧૬)**

રામ– અરે ! ઈન્દ્ર(નીલ)મણિના જેવી શ્યામ કાન્તિવાળો આ કોણ, અવાજમાત્રથી રોમાંચિત થયેલા મને નવા નીલવર્ણી જલધરના ધીર ગર્જનની ક્ષણે વિકસિત કળીઓવાળા કદમ્બનું અનુકરણ કરતો બનાવે છે ? **(૬–૧૭)**

લવ– આ પેલો મારો જયેષ્ઠ આર્ય 'કુશ' નામનો ભ્રાતા ભરતમુનિના આશ્રમેથી પાછો ફર્યો છે.

રામ– (કૌતુકતા સાથે) બેટા, આ આયુષ્માનને અહીં જ બોલાવી લે.

લવ– સારું, એમ કરું. (રંગભૂમિ ઉપર પરિક્રમણ કરે છે.)

[ત્યાર પછી, કુશ પ્રવેશ કરે છે.]

કુશ– (આકૂત, હર્ષ અને ધૈર્ય સાથે ધનુષ્ટંકાર કરતો–)

ભગવાન્ વૈવસ્વત (= સૂર્યના પુત્ર) મનથી શરૂ કરીને જેમણે ઈન્દ્રદેવતાને પણ અભયની દક્ષિણા આપી છે; તથા દર્પયુક્ત (રાજા)ઓને બાળવા માટે જેમણે પોતાના ક્ષત્રિયોચિત પરાક્રમ રૂપી અગ્નિઓ પ્રગટાવ્યા છે તેવા આદિવંશના નૃપતિઓની સાથે જો વિગ્રહ થઈ જાય તો, ચમકતાં અસ્ત્રોમાંથી નીકળતાં ઉગ્ર તેજકિરણોની શિખાઓથી (= અગ્ર ભાગથી) જેના પણછની આરતી ઉતરી રહી છે તેવું મારું ધનુષ્ય ધન્ય થઈ જાય ! **(૬–૧૮)**

(આટલું બોલીને ઉગ્રભાવથી રંગભૂમિ ઉપર પરિક્રમણ કરે છે.)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

रामः — कोऽप्यस्मिन् क्षत्रियपोतके पौरुषातिरेकः । तथा हि—

दृष्टिस्तृणीकृतजगत्त्रयसत्त्वसारा धीरोद्धता नमयतीव गतिर्धरित्रीम् ।
कौमारकेऽपि गिरिवद् गुरुतां दधानो वीरो रसः किमयमेत्युत दर्प एव ॥१९॥

लवः — (उपसृत्य) जयत्वार्यः ।

कुशः — नन्वायुष्मन् ! किमियं वार्ता युद्धं युद्धमिति ।

लवः — यत्किञ्चिदेतत् । आर्यस्तु दृप्तम्भावमुत्सृज्य विनयेन वर्तताम् ।

कुशः — किमर्थम् ?

लवः — यदत्र देवो रघुपतिस्तिष्ठति । स च स्निह्यत्यावयोरुत्कण्ठते च युष्मत्सन्निकर्षस्य ।

कुशः — (सतर्कम्) स रामायणकथानायको ब्रह्मकोषस्य गोपायिता ?

लवः — अथ किम् ?

कुशः — आशंसनीयपुण्यदर्शनः स महात्मा । किन्तु कथमस्माभिरुपगन्तव्य इति न सम्प्रधारयामि ।

लवः — यथैव गुरुस्तथोपसदनेन ।

कुशः — कथं हि नामैतत् ?

लवः — अत्युदात्तः सुजनश्चन्द्रकेतुरौर्मिलेयः प्रियवयस्येति सख्येन मामुपतिष्ठते । तेन तत्सम्बन्धेन धर्मतात एवायं राजर्षिः ।

कुशः — सम्प्रत्यवचनीयो राजन्येऽपि प्रश्रयः ।

(उभौ परिक्रामतः)

लवः — पश्यत्वेनमार्यो महापुरुषमाकारानुभावगाम्भीर्यसम्भाव्यमानविविध—लोकोत्तरसुचरितातिशयम् ।

कुशः — (निर्वर्ण्य)

अहो प्रासादिकं रूपमनुभावश्च पावनः ।
स्थाने रामायणकविर्देवीं वाचं व्यवीवृतत् ॥२०॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

રામ– ક્ષત્રિયના આ બાળકમાં કોઈક અસાધારણ પૌરુષનો અતિરેક જોવા મળી રહ્યો છે. જેમકે–

આની દૃષ્ટિ તો ત્રણેય લોકના બલોત્કર્ષને ઘાસના તણખલા સમાન માને છે, એની ધીરોદ્ધત ગતિ તો જાણે ધરિત્રીને પણ નમાવી રહી છે. કિશોરાવસ્થામાં પણ જે પર્વત જેવા ગૌરવને ધારણ કરી રહ્યો છે, તે આ શું (મૂર્તિમાન) વીર રસ છે કે પછી (સાક્ષાત્) દર્પ જ છે ? **(૬–૧૯)**

લવ– (નજીક જઈને) આર્યનો જય થાવ.

કુશ– અરે આયુષ્માન્ ! આ 'યુદ્ધ'–'યુદ્ધ'એવી શી વાતો થાય છે ?

લવ– હતું એવું કંઈક, પણ (હવે) વડીલ એવા તમો ગર્વ–યુક્ત સ્વભાવ છોડીને, વિનયથી વર્તો.

કુશ– શા કારણે ?

લવ– કેમકે, અહીં દેવ રઘુપતિ ઊભા છે; અને તે આપણા બન્ને ઉપર સ્નેહ દાખવી રહ્યા છે તથા તમારું સાંનિધ્ય મેળવવા ઉત્કંઠિત છે.

કુશ– (તર્ક સાથે) તે તો રામાયણની કથાના નાયક અને બ્રહ્મકોશના (= વેદનિધિ)ના સંરક્ષક છે, એ ?

લવ– હા, એ.

કુશ– આ મહાત્મા તો અભિવાંછનીય પુણ્યશાળી દર્શનવાળા છે. પરંતુ આપણે કેવી રીતે એમની પાસે જવું ? એ હું નક્કી કરી શકતો નથી.

લવ– જેવી રીતે ગુરુની પાસે જઈએ તેમ તેવી રીતે.

કુશ– આ કેવી રીતે ?

લવ– આ અતિ–ઉદાત્ત અને સુજન એવો ચન્દ્રકેતુ, કે જે ઉર્મિલાનો પુત્ર છે, તે મને સખ્યપૂર્વક 'પ્રિય–મિત્ર' એમ કહીને બોલાવે છે. એ સંબંધે આ રાજર્ષિ આપણા 'ધર્મતાત' બને છે.

કુશ– વળી, હમણાં કોઈપણ ક્ષત્રિયને વિષે દર્શાવેલી નમ્રતા એ કંઈ નિંદાપાત્ર બનવાની નથી.

(બન્ને પરિક્રમણ કરે છે.)

લવ– મોટાભાઈ આ મહાપુરુષને જુવો; કે જેમના આકાર, પ્રભાવ અને ગાંભીર્ય થકી વિવિધ લોકોત્તર સુચરિતોનું અનુમાન કરી શકાય છે.

કુશ– (જોઈને)

અહો ! શું પ્રાસાદિક રૂપ છે ?! અને (જોનારને) પવિત્ર કરનારો પ્રભાવ પણ કેવો (મહાન્ છે) ?! 'રામાયણ' (કાવ્ય)ના કવિએ યોગ્ય જગ્યાએ જ દૈવી વાણીને વાપરી છે. **(૬–૨૦)**

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(उपसृत्य)

तात ! प्राचेतसान्तेवासी कुशोऽभिवादयते ।

रामः — एह्येह्यायुष्मन् !

अमृताध्मातजीमूतस्निग्धसंहननस्य ते ।
परिष्वङ्गाय वात्सल्यादयमुत्कण्ठते जनः ॥२१॥

(परिष्वज्य, स्वगतम्) तत्किमपत्यमयं दारकः ?

अङ्गादङ्गात् सृत इव निजस्नेहजो देहसारः
प्रादुर्भूय स्थित इव बहिश्चेतनाधातुरेव ।
सान्द्रानन्दक्षुभितहृदयप्रस्नवेनेव सृष्टो
गात्रं श्लेषे यदमृतरसस्रोतसा सिञ्चतीव ॥२२॥

लवः — तात ! ललाटन्तपो घर्मांशुः । तदत्र सालवृक्षच्छाये मुहूर्तमासनपरिग्रहं करोतु तातः ।

रामः — यदभिरुचितं वत्साय । (सर्वे परिक्रम्य यथोचितमुपविशन्ति)

(स्वगतम्)

अहो प्रश्रययोगेऽपि गतिस्थित्यासनादयः ।
साम्राज्यशंसिनो भावाः कुशस्य च लवस्य च ॥२३॥

वपुरविहितसिद्धा एव लक्ष्मीविलासाः
प्रतिकलकमनीयं कान्तिमत् केतयन्ति ।
अमलिनमिव रत्नं रश्मयस्ते मनोज्ञाः
विकसितमिव पद्मं बिन्दवो माकरन्दाः ॥२४॥

भूयिष्ठां च रघुकुमारच्छायामनयोः पश्यामि ।

कठोरपारावतकण्ठमेचकं वपुर्वृषस्कन्धसुबन्धुरांसकम् ।
प्रसन्नसिंहस्तिमितं च वीक्षितं ध्वनिश्च माङ्गल्यमृदङ्गमांसलः ॥२५॥

(निपुणं निरूप्य) अये ! न केवलमस्मदङ्गसंवादिन्याकृतिः ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(નજીક જઈને)–

હે તાત ! પ્રાચેતસનો અન્તેવાસી એવો 'કુશ' આપને અભિવાદન કરે છે.

રામ– આવ, આયુષ્માન ! આવ.

અમૃત (ભરાવા)થી ફુલેલા વાદળ જેવા સ્નિગ્ધ શરીરવાળા તને વાત્સલ્ય થકી ભેટવા માટે આ વ્યક્તિ ઉત્કંઠિત છે. **(૬–૨૧)**

(ભેટીને, સ્વગત) તો શું આ બાળક (મારું) સંતાન હશે ?

અંગે–અંગમાંથી ચૂએલો પોતાના જ સ્નેહમાંથી જન્મેલો એવો (મારા જ) શરીરનો આ જાણે સાર લાગે છે. મારી જ ચેતનારૂપ ધાતુ જાણે પ્રાદુર્ભાવ પામીને બહાર ઊભી છે. પ્રગાઢ આનંદથી મથિત (મારા) હૃદયના જ દ્રવમાંથી જાણે આ સર્જાયો લાગે છે. એને આલિંગન આપું છું તે ક્ષણે તો જાણે અમૃતના રસ–સ્રોતથી (મારાં) ગાત્રોને તે સીંચે છે. **(૬–૨૨)**

લવ– હે તાત ! આ ગરમ કિરણો ફેંકતો સૂર્ય લલાટને તપાવી દેનાર થયો છે. તો અહીં સાલ–વૃક્ષની છાયા નીચે તાત ઘડીભર આસન ગ્રહણ કરે.

રામ– વત્સને જેમ ગમતું હોય તેમ કરીએ. (બધા રંગ ઉપર પરિક્રમણ કરીને, યોગ્ય ક્રમે બધા બેસે છે.)

(સ્વગત)

અહો ! (આમનામાં) વિનયનો યોગ હોવા ઉપરાંત કુશ અને લવનું ચાલવું, ઊભા રહેવું અને બેસવું વગેરે ભાવો તો સામ્રાજ્ય (ચક્રવર્તીપણા)ને કહેનારાં જણાય છે. **(૬–૨૩)**

મનોહારી કિરણો જેમ નિર્મળ રત્નને ચમકાવી મૂકે, અને પરાગના બિન્દુઓ જેમ ખીલી ઊઠેલા કમળને જાહેર કરે તેમ વિધાન કર્યા વિના (નૈસર્ગિક રીતે જ) સિદ્ધ થયેલા લક્ષ્મીવિલાસો પ્રત્યેક ક્ષણે કમનીય અને કાન્તિમત્ એવા શરીરને પ્રકટ કરે છે. **(૬–૨૪)**

આ બે (કિશોરો)ની અંદર રઘુવંશના કુમારોની હોય એવી ઘણી બધી છાયા મને જોવા મળી રહી છે.

આમનું શરીર યુવાન કપોત પક્ષીના કંઠ જેવું શ્યામલ છે; વૃષભના સ્કન્ધ સમાન સુન્દર બાંધાવાળા ખભાઓ છે; પ્રસન્ન ચિત્તવાળા સિંહના જેવી સ્થિર દૃષ્ટિ છે તથા માંગલિક મૃદંગના જેવો એમનો ગંભીર ધ્વનિ છે. **(૬–૨૫)**

(ધ્યાનથી જોઈને–)

અરે ! અમારા અંગ જોડે સંવાદ સાધનારી કેવળ આકૃતિ જ નથી; પણ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

अपि जनकसुतायास्तच्च तच्चानुरूपं
स्फुटमिह शिशुयुग्मे नैपुणोन्नेयमस्ति ।
ननु पुनरिव तन्मे गोचरीभूतमक्ष्णो–
रभिनवशतपत्रश्रीमदास्यं प्रियायाः ॥२६॥

मुक्ताच्छदन्तच्छविसुन्दरेयं सैवोष्ठमुद्रा स च कर्णपाशः ।
नेत्रे पुनर्यद्यपि रक्तनीले तथापि सौभाग्यगुणः स एव ॥२७॥

(विचिन्त्य) तदेतत्प्राचेतसाध्युषितमरण्यं यत्र किल देवी परित्यक्ता । इयं चानयोराकृतिर्वयोऽनुभावश्च । यदपि स्वतःप्रकाशान्यस्त्राणीति तत्र विमृशामि । अपि खलु तच्चित्रदर्शनप्रासङ्गिकमस्त्राभ्यनुज्ञानमुद्भूतं स्यात् । न ह्यसाम्प्रदायिकान्यस्त्राणि पूर्वेषामप्यनुशुश्रुम । अयं च सम्प्लवमानमात्मानं सुखातिशयो हृदयस्य मे विस्त्रम्भयते । यमाविति च भूयिष्ठमात्मसंवादः । भूयिष्ठं च मया द्विधा प्रतिपन्नो देव्या गर्भिणीभाव आसीत् ।

(सास्त्रम्)

पुरा रूढे स्नेहे परिचयविकासादुपचिते
रहो विस्त्रब्धाया अपि सहजलज्जाजडदृशः ।
मयैवादौ ज्ञातः करतलपरामर्शकलया
द्विधा गर्भग्रन्थिस्तदनु दिवसैः कैरपि तया ॥२८॥

(रुदित्वा) तत्किमेतौ पृच्छामि केनाप्युपायेन ?

लवः – तात ! किमेतत् ?

बाष्पवर्षेण नीतं वो जगन्मङ्गलमाननम् ।
अवश्यायावसिक्तस्य पुण्डरीकस्य चारुताम् ॥२९॥

कुशः – अयि वत्स !

विना सीतादेव्या किमिव हि न दुःखं रघुपतेः
प्रियानाशे कृत्स्नं किल जगदरण्यं हि भवति ।
स च स्नेहस्तावानयमपि वियोगो निरवधिः
किमेवं त्वं पृच्छस्यनधिगतरामायण इव ॥३०॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

જનકસુતાના તે તે (અંગને) અનુરૂપ (અંગવિન્યાસ) આ બે જોડકાં બાળકોમાં બહુ નિપુણતાથી (જોતાં) બહુ સ્ફુટ રીતે અનુમાની શકાય છે. ખરેખર ફરીથી જાણે, મારી આંખોને નવા તાજા ખીલેલા કમળની શોભાવાળું પ્રિયા (સીતા)નું મુખ દૃષ્ટિગોચર થયું છે. (૬—૨૬)

મોતી જેવા સ્વચ્છ દાંતની કાંતિથી સુન્દર બનેલી એ જ ઓષ્ઠમુદ્રા છે; અને તે જ કાનોનો આકાર છે. બે આંખો જો કે લાલ અને નીલવર્ણની છે તો પણ એમાં રહેલો સૌભાગ્યનો ગુણ તો એનો એ જ છે. (૬—૨૭)

(વિચારી કરીને—) અરે આ તો એ જ, પ્રાચેતસ (વાલ્મીકિ) જ્યાં નિવાસ કરે છે તે અરણ્ય છે; કે જેમાં (સાંભળ્યું હતું એ મુજબ) દેવીને ત્યજી દેવામાં આવ્યા હતા. આ બે (કિશોરો)ની આવી આકૃતિ, આ ઉંમર અને (એમનો) આવો પ્રભાવ ! અને જે સાંભળ્યું કે એમની પાસે (જૃમ્ભક) અસ્ત્રો સ્વતઃ પ્રકાશિત થયાં છે— એ વિશે થોડુંક વિચારવું પડે એમ છે. હાં... (યાદ આવ્યું કે) ખરેખર તે ચિત્રદર્શન કરવાના પ્રસંગે (જૃમ્ભક) અસ્ત્રોને આપેલી આજ્ઞા ઉત્પન્ન થઈ હોઈ શકે. પહેલાંના કોઈનેય સમ્પ્રદાય (= ગુરુશિષ્યની પરંપરા) વિના તે અસ્ત્રો મળ્યાં હોય એવું સાંભળ્યું નથી, સંશયગ્રસ્ત થયેલા અન્તરાત્માને આ (કુશાલિંગન—જનિત) સુખાતિશય મારા હૃદયને ખાતરી કરાવે છે. વળી, આ બે જોડકાં—પુત્રો છે—આ વાત પણ બહુ બંધ બેસે છે; કેમકે દેવી (સીતા)નો ગર્ભિણીભાવ બે બાળકોવાળો છે એવું મેં ઘણીવાર જાણ્યું હતું.

(આંસુ સાથે)

પહેલાં જ્યારે સ્નેહ આરૂઢ થયેલો હતો અને (પરસ્પરનો) પરિચય વિકસિત થઈને તે વધ્યો હતો ત્યારે એકાંતમાં મારે વિશે વિસ્રબ્ધ (વિશ્વાસવાળી) હોવા છતાંય સહજ લજ્જાથી ઢળેલાં નેત્રવાળીનો ગર્ભગ્રંથિ બે ભાગમાં વહેંચાયેલો છે એમ મેં જ સૌથી પહેલાં હથેળીના સ્પર્શની કળાથી જાણ્યું હતું; અને તેણે કેટલાક દિવસો પછી એ જાણ્યું હતું. (૬—૨૮)

(રડીને—) તો શું કોઈપણ ઉપાયે આ બેને પૂછી લઉં ?

લવ— તાત ! આ શું ?

જગત્ આખાને માટે મંગલકારી એવું તમારું મુખ આંસુ પડવાથી ઝાકળથી સિંચાયેલા કમળની (બગડેલી) શોભાને પામ્યું છે. (૬—૨૯)

કુશ— અરે વત્સ,

સીતાદેવી વિનાના રઘુપતિને જાણે ક્યું દુઃખ નથી ? કારણ કે, કહેવાયું છે કે – પ્રિયાનો નાશ થાય ત્યારે આખું જગત્ અરણ્ય (જ) બની જાય છે. એટલો બધો એ સ્નેહ, અને (બીજી તરફ) અવધિ વિનાનો આ વિયોગ (તો તું જો). જાણે તું તો રામાયણ ભણ્યો જ ન હોઉં તેમ શું આવું પૂછી રહ્યો છે. (૬—૩૦)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

रामः — (स्वगतम्) अये तटस्थित आलापः । कृतं प्रश्नेन । मुग्धहृदय ! कोऽयमाकस्मिकस्ते स्नेहपरिप्लवो विकारः । एवञ्च निर्भिन्नहृदयावेगः शिशुजनेनाप्यनुकम्पितोऽस्मि । भवतु, तावदन्तरयामि । (प्रकाशम्) वत्सौ ! रामायणं रामायणमिति श्रूयते भगवतो वाल्मीकेः सरस्वतीनिष्यन्दः प्रशस्तिरादित्यवंशस्य । तत्र कौतूहलेन यत्किञ्चिच्छ्रोतुमिच्छामि ।

कुशः — स कृत्स्न एव सन्दर्भोऽस्माभिरावृत्तः । स्मृतिप्रत्युपस्थितौ तावदिमौ बालचरितस्यान्त्येऽध्याये द्वौ श्लोकौ ।

रामः — उदीरयतु वत्सः !

कुशः — **प्रकृत्यैव प्रिया सीता रामस्यासीन्महात्मनः ।**
प्रियभावः स तु तया स्वगुणैरेव वर्धितः ॥३१॥

तथैव रामः सीतायाः प्राणेभ्योऽपि प्रियोऽभवत् ।
हृदयं त्वेव जानाति प्रीतियोगं परस्परम् ॥३२॥

रामः — कष्टमतिदारुणोऽयं हृदयमर्मोद्घातः । हा देवि ! एवं किल तदासीत् अहो निरन्वयविपर्यासविरसवृत्तयो विप्रलम्भपर्यवसायिनस्तापयन्ति संसारवृत्तान्ताः ।

क्व तावानानन्दो निरतिशयविस्रम्भबहुलः
क्व वाऽन्योन्यप्रेम क्व च नु गहनाः कौतुकरसाः ।
सुखे वा दुःखे वा क्व नु खलु तदैक्यं हृदययो–
स्तथाप्येष प्राणः स्फुरति न तु पापो विरमति ॥३३॥

भोः कष्टम् !

प्रियागुणसहस्राणामेकोन्मीलनपेशलः ।
य एव दुःस्मरः कालस्तमेव स्मारिता वयम् ॥३४॥

तदा किञ्चित्किञ्चित्कृतपदमहोभिः कतिपयै–
स्तदीषद्विस्तारि स्तनमुकुलमासीन्मृगदृशः ।
वयःस्नेहाकूतव्यतिकरघनो यत्र मदनः
प्रगल्भव्यापारः स्फुरति हृदि मुग्धश्च वपुषि ॥३५॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

રામ— (સ્વગત) અરે ! બન્નેની વાતચીત તટસ્થ હોય તેમ લાગે છે. તો પ્રશ્ન કરવાથી રહેવા દો. હે મુગ્ધ હૃદય ! તારો સ્નેહથી ચંચળ બનેલો આ આકસ્મિક વિકાર કેવો ? અને વળી, હૃદય ભેદીને નીકળેલા આ આવેગે મને શિશુજનો વડે પણ દયા ખાવા યોગ્ય બનાવી દીધો. ઠીક, તો લાવ, (મારા ભાવ) છુપાવી દઉં. (મોટેથી) દીકરાઓ ! ભગવાન્ વાલ્મીકિની સરસ્વતીના પ્રવાહ રૂપે નીકળેલ આ "રામાયણ...રામાયણ" એવું જે સંભળાય છે; કે જેમાં સૂર્યવંશની પ્રશસ્તિ ગાવામાં આવી છે, તેના વિશે કુતૂહલ જાગવાથી થોડુંક—કંઈક સાંભળવાની ઇચ્છા રાખું છું.

કુશ— એ આખોય (કથા) સંદર્ભ અમે લોકોએ દોહરાવ્યો છે પણ બાલચરિતના અંતિમ અધ્યાયમાં આવેલા બે શ્લોકો અત્યારે સ્મૃતિમાં ઉભરાઈ આવ્યા છે.

રામ— બેટા (એને) ઉચ્ચારો.

કુશ— મહાત્મા રામને સીતા તો પ્રકૃતિથી જ પ્રિય હતા. અને (રામનો) એ પ્રિયભાવ તેણે પોતાના ગુણોથી વધાર્યો પણ હતો. **(૬—૩૧)**

એ જ રીતે, રામ પણ સીતાને પ્રાણોથી પણ અધિક પ્રિય હતા. એમના પરસ્પરના પ્રીતિયોગને તો (એ બેનું) હૃદય જ જાણતું હતું. **(૬—૩૨)**

રામ— કષ્ટદાયક છે. અતિદારુણ એવો આ હૃદયના મર્મસ્થાનની ઉપર થયેલો આઘાત છે.

હા દેવી ! એ (સમય) એવો જ હતો. એકાએક જ દશાવિપર્યય થવાથી નીરસ બનેલી વૃત્તિઓવાળા, અને અન્તતોગત્વા વિયોગમાં પરિણમનાર સંસારના વૃત્તાન્તો સંતાપ આપે છે.

નિરતિશય વિશ્વાસથી ઉભરાતો તેટલો બધો આનંદ ક્યાં ? ક્યાં એ પરસ્પર માટેનો પ્રેમ, અને ક્યાં એ ઊંડા કૌતુકભર્યા રસો ? સુખમાં હોઈએ કે દુઃખમાં, પણ બે હૃદયનું જે ઐક્ય હતું, તે ક્યાં ? છતાંય આજે આ પ્રાણ ધબકે છે; પણ તે પાપી (પ્રાણ) અટકતો નથી. **(૬—૩૩)**

અરે ! આ બધું કષ્ટદાયક છે.

પ્રિયાના હજારો ગુણ એકી સાથે પ્રકાશિત કરવામાં જે સક્ષમ સમય હતો; અને જે અત્યારે યાદ કરવો શક્ય પણ ન હતો, તે જ સમયની અમને યાદ અપાવવામાં આવી રહી છે. **(૬—૩૪)**

ઉંમર, સ્નેહ અને અભિલાષાના (પરસ્પરના) મિશ્રણથી ગાઢ બનેલો મદન જ્યારે હૃદયમાં પ્રગલ્ભ વ્યાપારવાળો સ્ફુરવા લાગ્યો હતો પણ શરીરમાં તો તે હજી બહુ પ્રૌઢ નહોતો બન્યો (= મુગ્ધ હતો); ત્યારે જેમ જેમ દિવસો પસાર થતા ગયા તેમ તેમ મૃગાક્ષીના સ્તનમુકુલો કંઈક કંઈક થોડાક વિસ્તારને પામ્યાં. **(૬—૩૫)**

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

लवः – अयं च मन्दाकिनीचित्रकूटवनविहारे सीतादेवीमुद्दिश्य रघुपतेः श्लोकः

त्वदर्थमिव विन्यस्तः शिलापट्टोऽयमग्रतः ।
यस्यायमभितः पुष्पैः प्रवृष्ट इव केसरः ॥३६॥

रामः – (सलज्जास्मितस्नेहकरुणम्) अति हि नाम मुग्धशिशुजनः, विशेषतस्त्वरण्यचरः । हा देवि ! स्मरसि वा तस्य प्रदेशस्य तत्समयविस्रम्भातिप्रसङ्गसाक्षिणः । कष्टं भोः कष्टम् !

श्रमाम्बुशिशिरीभवत्प्रसृतमन्दमन्दाकिनी–
मरुत्तरलितालकाकुलललाटचन्द्रद्युति ।
अकुङ्कुमकलङ्कितोज्जलकपोलमुत्प्रेक्ष्यते
निराभरणसुन्दरश्रवणपाशमुग्धं मुखम् ॥३७॥

(स्तम्भित इव स्थित्वा, सकरुणम्) अहो नु खलु भोः !

चिरं ध्यात्वा ध्यात्वा निहित इव निर्माय पुरतः
प्रवासेऽप्याश्वासं न खलु न करोति प्रियजनः ।
जगज्जीर्णारण्यं भवति च विकल्पव्युपरमे
कुकूलानां राशौ तदनु हृदयं पच्यत इव ॥३८॥

(नेपथ्ये)

वसिष्ठो वाल्मीकिर्दशरथमहिष्योऽथ जनकः
सहैवारुन्धत्या शिशुकलहमाकर्ण्य सभयाः ।
जराग्रस्तैर्गात्रैरथ खलु विदूराश्रमतया
चिरेणागच्छन्ति त्वरितमनसोऽपि श्रमजडाः ॥३९॥

रामः – कथं भगवत्यरुन्धती वसिष्ठोऽम्बाश्च जनकश्चात्रैव । कष्टं कथं खल्वेते द्रष्टव्याः । (सकरुणं विलोक्य) अहह ! तातजनकोऽपि दैवादत्रैवायात इति वज्रेणेव ताडितोऽस्मि मन्दभाग्यः ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

લવ– અને, મંદાકિની અને ચિત્રકૂટના વનોમાં વિહાર કરતી વખતે સીતાદેવીને ઉદ્દેશીને રઘુપતિએ કહેલો એક શ્લોક આ મુજબ હતોઃ–

જેની ચારે તરફ આ કેસરના વૃક્ષે જાણે કે પુષ્પો થકી વૃષ્ટિ કરી રાખી છે; તેવો આગળના ભાગે રહેલો આ શિલાપટ્ટ, જાણે તમારે માટે જ અહીં પાથરવામાં આવ્યો છે. **(૬–૩૬)**

રામ– (લજ્જા, સ્મિત, સ્નેહ અને કરુણા સાથે) શિશુજન એટલે જ બહુ ભોળા; વિશેષ રૂપે જે, અરણ્યમાં ઉછરેલા હોય. હા દેવી ! તે સમયે વિસ્રમ્ભની ક્ષણોમાં, અનુભવેલા ભવ્ય પ્રસંગોના સાક્ષીભૂત પ્રદેશનું તને સ્મરણ થાય છે કે ?

અરેરે...કષ્ટકારક છે...આ

પરિશ્રમના સ્વેદબિન્દુઓથી શીતળ થતું, મન્દાકિની નદી ઉપરથી વાતા મન્દ પવન વડે ચંચળ કરવામાં આવેલા વાળની લટોથી આચ્છાદિત એવી લલાટ રૂપી ચન્દ્રકાન્તિવાળું; વળી, કુંકુમથી રંજિત ન હોવા છતાંય ઉજ્જવળ એવા ગાલવાળું અને આભરણ રહિત હોવા છતાંય સુન્દર કર્ણપાશવાળું મુખ જાણે સામે જ દેખાઈ રહ્યું છે. **(૬–૩૭)**

(સ્તમ્ભિત થઈ ગયા હોય તેમ ઊભા રહી જઈને, કરુણા સાથે–)

લાંબા સમય સુધી ધ્યાન ધરી ધરીને, નિર્માણ કરીને સામે મૂકેલ પ્રિયજન (ની મૂર્તિ), દૂર રહેવા જતી રહી હોય તો પણ આશ્વાસન ન આપી શકે એવું નથી, પણ વિકલ્પો શમી જતાં જગત્ જીર્ણ અરણ્ય જેવું બની જાય છે. ત્યાર પછી હૃદય જાણે કે કુશકીના ઢગલામાં બળતું રહે છે. **(૬–૩૮)**

[નેપથ્યમાંથી બોલાય છેઃ]

અરુન્ધતીની સાથે વસિષ્ઠ, વાલ્મીકિ, દશરથની રાણીઓ અને જનક બાળકોના કલહની વાત સાંભળીને, (અનિષ્ટ થવાની આશંકાને કારણે) ડરી ગયા છે. ત્વરિત મનવાળા હોવા છતાંય આશ્રમ ઘણો દૂર હોવાથી પરિશ્રમને કારણે ધીમા પડી ગયેલા છે, તથા વૃદ્ધાવસ્થાથી જકડાયેલાં અંગો વડે બહુ મોડે મોડે આવી રહ્યા છે. **(૬–૩૯)**

રામ– શું...ભગવતી અરુન્ધતી, વસિષ્ઠ, (મારી) માતાઓ અને જનકજી પણ અહીં જ છે ? ભારે કષ્ટકારક થયું...આ બધાને કેવી રીતે મળી શકાશે ? (કરુણાપૂર્વક જોઈ રહીને) અહહ... પિતા જનકજી પણ નસીબ જોગે અહીં જ આવ્યા છે– એમ (સાંભળીને લાગે છે કે) હું મંદભાગી વ્યક્તિ વજ્રથી હણાયો છું..

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

सम्बन्धस्पृहणीयताप्रमुदितैर्जुष्टे वसिष्ठादिभि–
र्दृष्ट्वाऽपत्यविवाहमङ्गलमहे तत्तातयोः सङ्गतम् ।
पश्यन्नीदृशमीदृशे पितृसखं वृत्ते महावैशसे
दीर्ये किं न सहस्त्रधाऽहमथवा रामेण किं दुष्करम् ॥४०॥

(नेपथ्ये)

भो भोः कष्टं कष्टम् !

अनुभावमात्रसमवस्थितश्रियं सहसैव वीक्ष्य रघुनाथमीदृशम् ।
प्रथमप्रमूढजनकप्रबोधनाद्विधुराः प्रमोहमुपयान्ति मातरः ॥४१॥

रामः – हा तात ! हा मातरः ! हा जनक !

जनकानां रघूणां च यत्कृत्स्नं गोत्रमङ्गलम् ।
तत्राऽप्यकरुणे पापे वृथा वः करुणा मयि ॥४२॥

यावत् सम्भावयामि । (इत्युत्तिष्ठति)

कुशलवौ : इत इतस्तातः ।

(सकरुणाकुलं परिक्रम्य निष्क्रान्ताः सर्वे)

इति महाकवि–भवभूतिविरचित उत्तररामचरिते
कुमारप्रत्यभिज्ञानो नाम षष्ठोऽङ्कः ।

• • •

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(રઘુવંશ અને જનકવંશના) સંબંધની સ્પૃહણીયતા જોઈને ખૂશ થયેલા વસિષ્ઠ વગેરેએ જેમાં ભાગ લીધો હતો તેવાં સંતાનોના માંગલિક વિવાહ પ્રસંગમાં તે બન્ને પિતાઓનું મિલન (સંગતિ) જોયા પછી; અને તે બન્ને પિતાઓનું (પરસ્પરમાં) સખ્ય જોતો (જાણતો) એવો હું જ્યારે આવી મોટી હત્યાની ઘટના બની ચૂકી છે ત્યારે કેમ હજારો ટૂકડાઓમાં ફાટી પડતો નથી? અથવા– રામને માટે શું દુષ્કર છે ?? **(૬–૪૦)**

[નેપથ્યમાંથી બોલાય છે :]

અરે...ભારે કષ્ટ છે...કષ્ટ...

પ્રભાવ માત્રમાં જ જેમની કાન્તિ રહેલી છે એવા રઘુનાથને એકાએક જ આવા સ્વરૂપમાં જોઈને, પહેલાં મૂર્ચ્છિત થઈ ગયેલા જનકને ભાનમાં લાવીને, દુ:ખી થઈ ગયેલી (રામની) માતાઓ (પણ પછીથી) બેભાન થઈ જાય છે. **(૬–૪૧)**

રામ– હે પિતાજી ! હે માતાઓ ! હે જનકજી !

જનકોના અને રઘુઓના કુળનું જે અખિલ મંગલ હતું, તે (સીતા)ને વિશે પણ જે પાપી (રામ) કરુણા વિનાનો બન્યો હતો, એવા મારી ઉપર તમારે કરુણા બતાવવી નકામી છે. **(૬–૪૨)**

તો લાવ, (એ સૌનો) સત્કાર કરું. (રામ ઊભા થાય છે.)

કુશ–લવ– પિતાજી ! આ તરફ... આ તરફ...

[કરુણાથી આકુળ–વ્યાકુળ થયેલા રંગભૂમિ ઉપર પરિક્રમણ કરે છે; અને પછી બધા બહાર નીકળી જાય છે.]

મહાકવિ ભવભૂતિએ રચેલા 'ઉત્તરરામચરિત'માં
'કુમારપ્રત્યભિજ્ઞાન' નામનો છઠ્ઠો અંક સમાપ્ત થયો.

• • •

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

सप्तमोऽङ्कः

(सम्मेलनम्)

(ततः प्रविशति लक्ष्मणः)

लक्ष्मणः — भो भो अद्य खलु भगवता वाल्मीकिना सब्रह्मक्षत्रपौरजानपदाः प्रजाः सहास्माभिराहूय कृत्स्न एव सदेवासुरतिर्यगुरगनायकनिकायः सचराचरो भूतग्रामः स्वप्रभावेण सन्निधापितः । आदिष्टश्चाहमार्येण—वत्स लक्ष्मण ! भगवता वाल्मीकिना स्वकृतिमप्सरोभिः प्रयुज्यमानां द्रष्टुमुपनिमन्त्रिताः स्मः, तद्गङ्गातीरमातोद्यस्थानमुपगम्य क्रियतां समाजसन्निवेश इति । कृतश्च मर्त्यामर्त्यस्य भूतग्रामस्य समुचितस्थानसन्निवेशो मया । अयं तु—

राज्याश्रमनिवासेऽपि प्राप्तकष्टमुनिव्रतः ।
वाल्मीकिगौरवादार्य इत एवाभिवर्तते ॥१॥

(ततः प्रविशति रामः)

रामः — वत्स लक्ष्मण ! अपि स्थिता रङ्गप्राश्निकाः ?

लक्ष्मणः — अथ किम् ?

रामः — इमौ पुनर्वत्सौ कुशलवौ चन्द्रकेतुसदृशीं स्थानप्रतिपत्तिं लम्भयितव्यौ ।

लक्ष्मणः — प्रभुस्नेहप्रत्ययात् तथैव कृतम् । इदं चास्तीर्णं राजासनम् । तदुपविशत्वार्यः ।

(राम उपविशति)

लक्ष्मणः — प्रस्तूयतां भोः ।

सूत्रधारः — *(प्रविश्य) भो भो ! भगवान् भूतार्थवादी प्राचेतसः सस्थावरजङ्गमं जगदाज्ञापयति—यदिदमस्माभिरार्षेण चक्षुषा समुद्वीक्ष्य पावनं करुणाद्भुतरसं किञ्चिदुपनिबद्धम्, तत्र कार्यगौरवादवधातव्यमिति ।*

रामः — एतदुक्तं भवति—साक्षात्कृतधर्माण ऋषयः । तेषाममृतसाराणि भगवतां परोरजांसि प्रज्ञानानि न क्वचिद् व्याहन्यन्त इत्यनभिशङ्कनीयानीति ।

(नेपथ्ये)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

સાતમો અંક
(સમ્મેલનમ્)

[ત્યાર પછી લક્ષ્મણ પ્રવેશ કરે છે.]

લક્ષ્મણ : અરે ઓ ! આજે ભગવાન્ વાલ્મીકિએ બ્રાહ્મણો અને ક્ષત્રિયો સહિત નગરવાસીઓ અને જનપદવાસીઓને અમારી જોડે જ બોલાવીને, સંપૂર્ણ દેવો, અસુરો, પશુપક્ષીઓ, સર્પનાયક સહિતનો સમુદાય; તથા સકલ સ્થાવર અને જંગલ એવો ભૂતસમુદાય પણ પોતાના પ્રભાવથી ભેગો કર્યો છે.

વળી, મને મોટાભાઈએ પણ આજ્ઞા આપી છે કે – વત્સ, લક્ષ્મણ, ભગવાન્ વાલ્મીકિએ પોતાની કૃતિ અપ્સરાઓ વડે પ્રયોજાતી જોવા માટે આપણને નિમન્ત્ર્યા છે. તો ગંગા નદીના તીરે વાદ્યભૂમિ ઉપર જઈને, પ્રેક્ષકોને વ્યવસ્થિત ગોઠવી દે. મેં પણ મર્ત્ય અને અમર્ત્ય એવા ભૂતસમુદાયને યથાયોગ્ય સ્થાને બેસાડીને ગોઠવણ કરી નાંખી છે. તો આ–

રાજ્યાશ્રમમાં વસતા હોવા છતાંય જે કષ્ટદાયક મુનિવ્રતનું પાલન કરી રહ્યા છે. પણ કેવળ, વાલ્મીકિ તરફના આદર થકી આર્ય (રામ) આ બાજુ જ આવી રહ્યા છે. **(૭–૧)**

[ત્યાર પછી, રંગભૂમિ ઉપર, રામ પ્રવેશ કરે છે.]

રામ– વત્સ લક્ષ્મણ, રંગભૂમિના પ્રાશ્નિકો શું બેસી ગયા છે ?

લક્ષ્મણ– હા.

રામ– આ બે દીકરાઓ કુશ અને લવને ચન્દ્રકેતુ જેવું જ સ્થાન મળવું જોઈએ.

લક્ષ્મણ– મહારાજનો (એમના ઉપરનો) સ્નેહ જાણીને, (પહેલેથી) એમ જ કર્યું છે. આ રાજાસન પાથર્યું છે, તો વડીલ એની ઉપર બિરાજે.

[રામ બેસે છે.]

લક્ષ્મણ– અરે ! (નાટકની) શરૂઆત કરવામાં આવે.

સૂત્રધાર– *(પ્રવેશ કરીને) અરે ઓ ! યથાર્થવાદી ભગવાન્ પ્રાચેતસ સ્થાવર અને જંગમ સહિતના જગત્ ને આજ્ઞા આપે છે કે આ અમે આર્ષ ચક્ષુથી જોઈને, પાવનકારી કરુણ અને અદ્ભુત રસવાળું કંઈક (કથાવસ્તુ) ગૂંથ્યું છે; તો (વાલ્મીકિના આ રચના) કાર્ય તરફના ગૌરવને કારણે (સૌએ) સાવધાન થઈ જવું જોઈએ.*

રામ– કહેવાયું જ છે કે– ઋષિઓએ તો ધર્મનો સાક્ષાત્કાર કર્યો હોય છે. તે ઋષિઓના પ્રજ્ઞાન તો રજોગુણને અતિક્રમી ગયેલાં અને અમૃતના પણ સાર રૂપ હોય છે, તેથી તે ક્યાંય ખોટાં પડતાં નથી, માટે તેના વિશે ક્યારેય શંકા કરવી ન જોઈએ.

[નેપથ્યમાંથી બોલાય છે.]

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

हा अज्जउत्त ! हा कुमार लक्खण ! एआइणिं मंदभाइणिं असरणं रण्णे आसण्णप्पसववेअणं हदासं सावदा मं अहिलसंदि । साहं दाणिं मंदभाइणी भाईरईए अत्ताणं णिक्खिव विस्सम् । [हा आर्यपुत्र ! हा कुमार लक्ष्मण ! एकाकिनीं मन्दभागिनीमशरणामरण्ये आसन्नप्रसववेदनां हताशां श्वापदा मामभिलषन्ति । साहमिदानी मन्दभागिनी भागीरथ्यामात्मानं निक्षेप्स्यामि ।]

लक्ष्मणः – (आत्मगतम्) कष्टं बत, अन्यदेव किमपि ।

सूत्रधारः –

विश्वम्भरात्मजा देवी राज्ञा त्यक्ता महावने ।
प्राप्तप्रसवमात्मानं गङ्गादेव्यां विमुञ्चति ॥२॥

(इति निष्क्रान्तः)

॥ प्रस्तावना ॥

रामः – (सावेगम्) देवि, देवि ! क्षणमवेक्षस्व ।

लक्ष्मणः – आर्य ! नाटकमिदम् ।

रामः – हा देवि ! दण्डकारण्यवासप्रियसखि ! एष ते रामाद् दैवदुर्विपाकः ।

लक्ष्मणः – आर्य ! दृश्यतां तावत् प्रबन्धार्थः ।

रामः – एष सज्जोऽस्मि वज्रमयः ।

(ततः प्रविशत्युत्सङ्गितैकैकदारकाभ्यां पृथिवीगङ्गाभ्यामवलम्बिता सीता)

रामः – वत्स लक्ष्मण ! असंविज्ञातमनिबन्धनमन्धतमसमिव प्रविशामि । धारय माम् ।

देव्यौ– समाश्वसिहि कल्याणि दिष्ट्या वैदेहि वर्धसे ।
अन्तर्जले प्रसूताऽसि रघुवंशधरौ सुतौ ॥३॥

सीता– *(समाश्वस्य) दिट्ठिआ दारए प्पसूदम्हि । हा अज्जउत्त ! (इति मूर्च्छति) [दिष्ट्या दारकौ प्रसूताऽस्मि । हा आर्यपुत्र !]*

लक्ष्मणः – (पादयोर्निपत्य) आर्य आर्य ! दिष्ट्या वर्धामहे । कल्याणप्ररोहो रघुवंशः । (विलोक्य) हा हा ! कथं क्षुभितबाष्पोत्पीडनिर्भरः प्रमुग्ध एवार्यः । (वीजयति)

पृथिवी– *वत्से ! समाश्वसिहि ।*

सीता– *(समाश्वस्य) भअवदि का तुमं इअं अ । [भगवति ! का त्वम्, इयं च ।]*

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

હા આર્યપુત્ર ! હા કુમાર લક્ષ્મણ ! એકાકિની, મંદભાગિની, શરણ વિનાની અને જેને પ્રસવ વેદના પ્રાપ્ત થઈ છે અને જે હતાશ થઈ ગઈ છે તેવી મને, આ અરણ્યમાં હિંસક પ્રાણીઓ (ખાવા) ઈચ્છી રહ્યા છે. તો કમભાગિની હું અત્યારે ભાગીરથીની અંદર મારી જાતને નાંખું છું.

લક્ષ્મણ– (સ્વગત) કષ્ટદાયક...આ તો કંઈક બીજું જ નીકળ્યું.

સૂત્રધાર–

*વિશ્વને ધારણ કરનારી પૃથિવીની પુત્રી એવી દેવી (સીતા)ને રાજાએ ઘોર વનમાં ત્યજી દીધી છે; જેને પ્રસવ–વેદના પ્રાપ્ત થઈ છે એવી તે (હવે) પોતાની જાતને ગંગા દેવી (ના જલપ્રવાહ)માં ફેંકી દે છે. **(૭–૨)***

[સૌ રંગભૂમિ ઉપરથી નીકળી જાય છે.]

॥ પ્રસ્તાવના પૂરી થઈ ॥

રામ– (આવેગ સાથે) દેવી ! દેવી ! એક ક્ષણ રોકાઈ જાવ.

લક્ષ્મણ– આર્ય, આ તો નાટક છે.

રામ– હે દેવી ! દંડકારણ્યના નિવાસ દરમ્યાનની પ્રિયસખી ! આ તને રામ તરફથી દુર્ભાગ્યની પ્રાપ્તિ થઈ.

લક્ષ્મણ– આર્ય, પહેલાં પ્રબન્ધની કથાવસ્તુ તો જાણી લો.

રામ– સારું, ચાલ, વજ્રમય બનેલો હું સજ્જ છું.

[ત્યાર પછી જેમના ખોળામાં એક–એક બાળક છે તેવી પૃથિવી અને ગંગા નદી વડે અવલંબન અપાયેલી સીતા પ્રવેશ કરે છે.]

રામ– વત્સ લક્ષ્મણ ! સાવ અજાણ્યા અને નિરાધાર એવા ગાઢ અંધકારમાં જાણે હું પ્રવેશી રહ્યો છું. તો તું મને પકડી રાખ.

બે દેવીઓ– *હે કલ્યાણી ! તું આશ્વાસન પામ, હે વિદેહરાજ પુત્રી ! અભિનંદન, તારી અભિવૃદ્ધિ થઈ રહી છે. પાણીની અંદર તેં રઘુના વંશને આગળ ચલાવનારા બે પુત્રોને જન્મ આપ્યો છે. **(૭–૩)***

સીતા– *(આશ્વાસન પામ્યા પછી) આનંદ થયો કે મેં બે પુત્રોને જન્મ આપ્યો છે, હે આર્યપુત્ર !*

લક્ષ્મણ– (પગે પડીને) આર્ય, આર્ય ! અભિનંદન ! આપણી અભિવૃદ્ધિ થઈ ! રઘુવંશનો કલ્યાણકારી અંકુર ફુટ્યો. (જોઈને) અરેરે...ક્ષોભને કારણે જન્મેલા અશ્રુપ્રવાહથી ડૂમો ભરાઈ આવેલા આર્ય શું મૂર્છિત જ થઈ ગયા ? (પંખો નાખે છે)

પૃથિવી– *દીકરી, આશ્વાસન પામ.*

સીતા– *(આશ્વાસન પામીને) ભગવતી ! તમે કોણ છો; અને આ (બીજા જે છે તે) પણ કોણ છે ?*

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

पृथिवी– इयं ते श्वशुरकुलदेवता भागीरथी ।

सीता– भअवदि णमो दे । [भगवति ! नमस्ते ।]

भागीरथी– चरित्रोचितां कल्याणसम्पदमधिगच्छ ।

लक्ष्मणः – अनुगृहीताः स्मः ।

भागीरथी– इयं तु जननी ते विश्वम्भरा ।

सीता– हा अम्ब ईदिसी अहं तुए दिट्ठा । [हा अम्ब ! ईदृश्यहं त्वया दृष्टा ।]

पृथिवी– एहि वत्से ! एहि पुत्रि ! (इति सीतामालिङ्ग्य मूर्च्छति)

लक्ष्मणः – (सहर्षम्) दिष्ट्या गङ्गापृथिवीभ्यामभ्युपपन्ना आर्या ।

रामः – (अवलोक्य) करुणतरं खल्वेतद्वर्तते ।

भागीरथी– विश्वम्भराऽपि नाम व्यथत इति जितमपत्यस्नेहेन । यद्वा सर्वसाधारणो ह्येष मनसो मोहग्रन्थिरन्तश्चरश्चेतनावतामनुपप्लवः संसारतन्तुः । देवि भूतधात्रि ! वत्स वैदेहि ! समाश्वसिहि समाश्वसिहि ।

पृथिवी– (आश्वस्य) देवि ! सीतां प्रसूय कथमाश्वसिमि ?

सोढश्चिरं राक्षसमध्यवासस्त्यागो द्वितीयस्तु सुदुःसहोऽस्याः ।

भागीरथी–

को नाम पाकाभिमुखस्य जन्तोर्द्वाराणि दैवस्य पिधातुमीष्टे ।।४।।

पृथिवी– भगवति भागीरथि ! सदृशमुक्तम् । युक्तमेतद्वा रामभद्रस्य ?

न प्रमाणीकृतः पाणिर्बाल्ये बालेन पीडितः ।
नाहं न जनको नाग्निर्नानुवृत्तिर्न सन्ततिः ।।५।।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પૃથિવી– આ તારા શ્વસુરકુળની દેવતા ભાગીરથી (નદી) છે.

સીતા– હે ભગવતી, તમોને (મારા) નમસ્કાર.

ભાગીરથી– તારા ચારિત્રને ઉચિત એવી કલ્યાણકારિણી સંપદાને તું પ્રાપ્ત કર.

લક્ષ્મણ– અમે અનુગૃહીત થયા છીએ.

ભાગીરથી– આ તારી માતા વિશ્વંભરા (પૃથિવી દેવી) છે.

સીતા– હે માતા ! તેં મને આવી સ્થિતિમાં જોઈ ?

પૃથિવી– આવ બેટા, આવ (મારી) પુત્રી. [આમ બોલીને પછી, સીતાને આલિંગન આપીને મૂર્ચ્છા પામે છે.]

લક્ષ્મણ– (હર્ષપૂર્વક) હાશ, આનંદ થયો કે ગંગા અને પૃથિવી વડે આર્યા (ભાભી સીતા)ને સાચવી લેવાયા.

રામ– (જોઈને) આ (સીતા અને પૃથિવીનું મૂર્ચ્છિત થવું) જે બની રહ્યું છે તે ખરેખર કરુણતર છે.

ભાગીરથી– વિશ્વંભરા (પૃથિવી) પણ વ્યથા પામી રહ્યા છે એ જોઈને લાગે છે કે (માતાનો) સંતાન તરફનો સ્નેહ જીતી ગયો. અથવા તો– ચેતનાવાળા પ્રાણીઓના અન્તઃકરણમાં (સદાય) ગતિશીલ રહેતું આ (અપત્યસ્નેહ રૂપ) મનનું માયા–બન્ધન તો સર્વ–સાધારણ હોય છે, અને તે સંસારતન્તુને કોઈ અટકાવી શકતું નથી (= તે ઉપદ્રવ વિનાનું હોય છે). દેવી ભૂતધાત્રી (પૃથિવી) ! બેટા વૈદેહી ! હિંમત રાખો; ધીરજ રાખો.

પૃથિવી– (આશ્વાસન પામીને) દેવી ! સીતાને જન્મ આપ્યા પછી, કેવી રીતે ધૈર્ય રાખી શકાય.

(સીતાને) રાક્ષસોની વચ્ચે જે નિવાસ કરવો પડ્યો તે મેં લાંબા સમય સુધી સહન કરે રાખ્યો છે; પણ તેનો આ બીજી વખતનો ત્યાગ અત્યંત દુઃસહ બન્યો છે.

ભાગીરથી– પ્રાણીઓને (એમનાં કર્મોનું) ફળ આપવા માટે અભિમુખ (તત્પર) થયેલા ભાગ્યના દરવાજાઓને બંધ કરવા કોણ સમર્થ છે ? **(૭–૪)**

પૃથિવી– ભગવતી ભાગીરથી, યોગ્ય જ કહ્યું તમે; પણ આ શું રામભદ્રે કરવું યોગ્ય હતું ?

બાળે (રામે) બાળપણમાં જે હાથ પકડ્યો હતો, તેને પણ ગણતરીમાં ન લીધો; મને (પૃથિવીને); કે જનકને, કે અગ્નિને, અથવા તો (સીતાએ કરેલું રામનું) અનુવર્તન–અનુસરણ–પણ ગણતરીમાં ન લીધું ? અરે ! છેવટે (થનારી પોતાની) સંતતિને ય ધ્યાનમાં ન લીધી ? (આ પ્રશ્ન મને સતાવે છે) **(૭–૫)**

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

सीता– हा अज्जउत्तं सुमराविदम्हि । [हा ! आर्यपुत्रं स्मारितास्मि ।]

पृथिवी– आः ! कस्तवार्यपुत्रः ?

सीता– (सलज्जासम्) जहा वा अम्बा भणादि [यथा वाऽम्बा भणति ।]

रामः – अम्ब पृथिवि ! ईदृशोऽस्मि ।

भागीरथी– भगवति वसुन्धरे ! शरीरमसि संसारस्य । तत्किमसंविदानेव जामात्रे कुप्यसि ?

घोरं लोके विततमयशो या च वह्नौ विशुद्धि–
र्लङ्काद्वीपे, कथमिव जनस्तामिह श्रद्दधातु ।
इक्ष्वाकूणां कुलधनमिदं यत्समाराधनीयः
कृत्स्नो लोकस्तदिह विषमे किं स वत्सः करोतु ॥६॥

लक्ष्मणः – अव्याहतान्तःप्रकाशा हि देवताः सत्त्वेषु ।

भागीरथी– तथाप्येष तेऽञ्जलिः ।

रामः – अम्ब ! अनुवृत्तस्त्वया भगीरथकुले प्रसादः ।

पृथिवी– देवि ! नित्यं प्रसन्नाऽस्मि वः । किन्त्वापातदुःसहस्नेह–संवेगेनैवं ब्रवीमि । न पुनर्न जानामि सीतास्नेहं रामभद्रस्य ।

दह्यमानेन मनसा दैवाद् वत्सां विहाय सः ।
लोकोत्तरेण सत्त्वेन प्रजापुण्यैश्च जीवति ॥७॥

रामः – सकरुणा हि गुरवो गर्भरूपेषु ।

सीता– (रुदती कृताञ्जलिः) णेदु मं अत्तणो अंगेसु विलअं अंबा । [नयतु मामात्मनोऽङ्गेषु विलयमम्बा ।]

रामः – किमन्यद् ब्रवीतु ।

भागीरथी– शान्तम् । अविलीना संवत्सरसहस्राणि भूयाः ।

पृथिवी– वत्से ! अवेक्षणीयौ ते पुत्रकौ ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

સીતા– અરે ! મને તો આર્યપુત્રની યાદ અપાવી દીધી.

પૃથિવી– અરે, કોણ હતા તારા આર્યપુત્ર ?

સીતા– (લજ્જા અને અશ્રુ સાથે) અથવા, માતા જેમ કહે છે તેમ (મારા કોઈ આર્યપુત્ર ન હતા).

રામ– હે માતા પૃથિવી, ખરેખર હું એવો જ હતો.

ભગવતી– હે ભગવતી વસુન્ધરા ! તમે તો સંસારનું શરીર છો. જાણે તમે કશુંય ન જાણતા હો તેમ જમાઈ (રામ) ઉપર ગુસ્સો કેમ કરો છો ?

આ દુનિયામાં ઘોર અપયશ ફેલાઈ ગયો હતો, અને લંકાના દ્વીપ ઉપર જે અગ્નિ–પરીક્ષા લેવાઈ હતી તેને વિશે (અયોધ્યાની) જનતા કેવી રીતે શ્રદ્ધા ધરાવે ? (બીજી તરફ) ઈક્ષ્વાકુ વંશને માટે, સમગ્ર લોકનું આરાધન કરવું – પ્રજાજનોને ખૂશ રાખવા–એ જ કુલધન તરીકે સ્વીકારાયું છે – તો આવી વિષમ પરિસ્થિતિમાં એ વત્સ (રામ) બીજું શું કરી શકે ? **(૭–૬)**

લક્ષ્મણ– દેવતાઓ તો બધા પ્રાણીઓની બાબતમાં અબાધિત અન્તર–દૃષ્ટિવાળા હોય છે.

ભાગીરથી– તો પણ, (હે પૃથિવી !) તમોને (રાજી કરવા) આ પ્રણામાંજલિ અર્પું છું.

રામ– હે માતા, ભગીરથના આ કુળ ઉપર તમે (સતત) કૃપા કરતાં રહ્યાં છો.

પૃથિવી– હે દેવી ! હું તમારી ઉપર તો હંમેશા પ્રસન્ન જ છું. પરંતુ ચારેય બાજુએથી આવી પડેલા સ્નેહના અસહ્ય સંવેગ થકી આ પ્રમાણે બોલી જવાય છે. બાકી, રામભદ્રનો સીતા ઉપરનો સ્નેહ હું જાણતી નથી એમ નથી.

તે (રામ) **દૈવવશાત્**, સળગતા મન સાથે (મારી) દીકરીને ત્યજ્યા પછી, કોઈક લોકોત્તર (ધૈર્યરૂપ) સત્ત્વ થકી અને પ્રજાનાં પુણ્યો વડે જ (હજી) જીવતા રહી શક્યા છે. **(૭–૭)**

રામ– વડીલો પોતાનાં સંતાન–તુલ્ય વ્યક્તિઓ ઉપર કરુણાવાળા જ હોય છે.

સીતા– (રડતી, પ્રણામાંજલિ દર્શાવતી) માતા મને તેમનાં પોતાનાં અંગોમાં સમાવી દે.

રામ– (બિચારી) બીજું શું કરે ?

ભાગીરથી– શાન્ત થાવ. (પૃથિવીમાં) સમાયા વિનાની (જ) હજારો વર્ષો સુધી (જીવિત) રહો.

પૃથિવી– બેટા, તારે તો તારાં બે વ્હાલા દીકરાઓને પણ સંભાળવાના છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

सीता– अणाधम्हि । किं एदेहिं । [अनाथास्मि । किमेताभ्याम् ।]

रामः – हृदय ! वज्रमयमसि ।

भागीरथी– कथं त्वं सनाथाऽप्यनाथा ।

सीता– केरिसं मम अभग्गाए सणाहत्तणं । [कीदृशं मे अभाग्यायाः सनाथत्वम्] ।

देव्यौ– **जगन्मङ्गलमात्मानं कथं त्वमवमन्यसे ।**
आवयोरपि यत्सङ्गात् पवित्रत्वं प्रकृष्यते ॥८॥

लक्ष्मणः – आर्य ! श्रूयताम् ।

रामः – शृणोतु लोकः ।

(नेपथ्ये कलकलः)

रामः – अद्भुततरं किमपि ।

सीता– किं त्ति अंतरिक्खं पज्जलदि । [किमित्यन्तरिक्षं प्रज्वलति ।]

देव्यौ– ज्ञातम् ।

कृशाश्वः कौशिको राम इति येषां गुरुक्रमः ।
प्रादुर्भवन्ति तान्येव शस्त्राणि सह जृम्भकैः ॥९॥

(नेपथ्ये)

देवि सीते ! नमस्तेऽस्तु गतिर्नः पुत्रकौ हि ते ।
आलेख्यदर्शने देवो यथाह रघुनन्दनः ॥१०॥

सीता– दिट्ठिआ अत्थदेवदाओ एदाओ । हा अज्जउत्त ! अजावि दे पसादा पडिप्फुरंदि । [दिष्ट्या अस्त्रदेवता एताः । हा आर्यपुत्र ! अद्यापि ते प्रसादाः परिस्फुरन्ति ।]

लक्ष्मणः – उक्तमासीदार्येण सर्वथैतानि त्वत्प्रसूतिमुपस्थास्यन्तीति ।

देव्यौ–**नमो वः परमास्त्रेभ्यो धन्याः स्मो वः परिग्रहात् ।**
काले ध्यातैरुपस्थेयं वत्सयोर्भद्रमस्तु वः ॥११॥

रामः – **क्षुभिताः कामपि दशां कुर्वन्ति मम साम्प्रतम् ।**
विस्मयानन्दसन्दर्भजर्जराः करुणोर्मयः ॥१२॥

देव्यौ– मोदस्व वत्से ! मोदस्व । रामभद्रतुल्यौ ते पुत्रकाविदानी संवृत्तौ ।

सीता– भअवदीओ को एदाणं खत्तिओइदविहिं कारइस्सदि ? [भगवत्यौ क एतयोः क्षत्रियोचितविधिं कारयिष्यति ?]

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

સીતા— *હું તો અનાથ થઈ ગઈ છું; તો આ બે પુત્રોથી શું પ્રયોજન ?*

રામ— હે (મારા) હૃદય ! તું ખરેખર વજ્રમય (જ) છું.

ભાગીરથી— *તું સનાથા હોવા છતાંય કેવી રીતે પોતાને અનાથા કહે છે ?*

બન્ને દેવીઓ— *(ગંગા અને પૃથિવી) : જે પોતે આખા જગત્ ને માટે મંગલકારી છે. તેવી તારી જાતને તું શું કામ અપમાનિત કરે છે ? કેમકે—જે (સીતા)ના સંગ થકી તો અમારા બેની પવિત્રતા પણ પ્રકર્ષને પામી છે.* ***(૭–૮)***

લક્ષ્મણ— આર્ય, સાંભળવામાં આવે.

રામ— આ લોક (જનસમુદાય) સાંભળે (તે જરૂરી છે.)

[નેપથ્યમાંથી કલકલ અવાજ સંભળાય છે.]

રામ— આ કંઈક અતિ–અદ્ભુત થઈ રહ્યું છે.

સીતા— *અન્તરિક્ષ કેમ પ્રજ્વલિત થઈ રહ્યું છે ?*

બે દેવીઓ *(ગંગા અને પૃથિવી)— હાં, જાણ્યું...*

કૃશાશ્વ, (તે પછી) કૌશિક (વિશ્વામિત્ર), (તે પછી) રામ – એવો જેનો ગુરુ–પરંપરાનો ક્રમ છે તે બધાં શસ્ત્રો જૃમ્ભકાસ્ત્રની સાથે પ્રકટી રહ્યાં છે. ***(૭–૯)***

[નેપથ્યમાંથી બોલાય છે.]

દેવી સીતા ! તમોને નમસ્કાર. ચિત્ર–દર્શન પ્રસંગે દેવ રઘુનંદને જેમ આજ્ઞા આપી હતી, તેમ હવે તમારા બે દીકરાઓ અમારી ગતિ (= શરણસ્થાન) છે. ***(૭–૧૦)***

સીતા— *અહો, અભિનંદન ! આ તો અસ્ત્ર–દેવતાઓ છે ! અરે આર્યપુત્ર ! આજે પણ તમારા અનુગ્રહો પ્રકટ્યા કરે છે.*

લક્ષ્મણ— મોટાભાઈએ (તે સમયે) કહ્યું જ હતું કે આ (અસ્ત્રો) બધી રીતે તારી (= સીતાની) સંતતિની સેવામાં ઉપસ્થિત રહેશે.

બે દેવીઓ *(ગંગા અને પૃથિવી)—*

તમને સૌ પરમ (દિવ્ય) અસ્ત્રોને નમસ્કાર હજો; તમારો સ્વીકાર કરતાં અમે ધન્યતા અનુભવીએ છીએ. (યુદ્ધના પ્રસંગે) તમારું ધ્યાન ધરવામાં આવતાં બે દીકરાઓની પાસે તમારે ઉપસ્થિત થવું; આપનું કલ્યાણ થાવ. ***(૭–૧૧)***

રામ— વિસ્મય અને આનંદના જોડાણથી જર્જરિત (શીર્ણ–વિશીર્ણ) થયેલી મારી કરુણતાનાં મોજાઓ ક્ષુભિત થયાં છે; જે હાલમાં મારી કોઈક વિચિત્ર દશા કરી રહ્યાં છે. **(૭–૧૨)**

બે દેવીઓ *(ગંગા અને પૃથિવી)— બેટી, આનંદિત થા, આનંદિત. તારા બે દીકરાઓ હવે રામભદ્રના જેવા સમાન (તેજવાળા) બની ગયા છે.*

સીતા— *અરે ભગવતીઓ ! પણ, કોણ આ બન્ને (પુત્રો)ની ક્ષત્રિયોને ઉચિત એવી (જાતસંસ્કારાદિની) વિધિ કરાવશે ?*

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

रामः – एषा वसिष्ठगुप्तानां रघूणां वंशनन्दिनी ।
कष्टं सीतापि सुतयोः संस्कारं न विन्दति ॥१३॥

भागीरथी– *पुत्रि ! किं तवानया चिन्तया । एतौ हि वत्सौ स्तन्यत्यागात् परेण भगवतो वाल्मीकेरर्पयिष्यामि । स एतयोः क्षत्रकृत्यं करिष्यति ।*

यथा वसिष्ठाङ्गिरसावृषिः प्राचेतसस्तथा ।
जनकानां रघूणां च वंशयोरुभयोर्गुरुः ॥१४॥

रामः – सुविचिन्तितं भगवत्या ।

लक्ष्मणः – आर्य ! सत्यं विज्ञापयामि; तैस्तैरुपायैरिमौ वत्सौ कुशलवावुत्प्रेक्षे ।

एतौ हि जन्मसिद्धास्त्रौ प्राप्तप्राचेतसावुभौ ।
आर्यतुल्याकृती वीरौ वयसा द्वादशाब्दिकौ ॥१५॥

रामः – वत्सावित्येवाहं परिप्लवमानहृदयः प्रमुग्धोऽस्मि ।

पृथिवी– *एहि वत्से ! पवित्रीकुरु रसातलम् ।*

रामः – हा प्रिये ! लोकान्तरं गतासि ।

सीता– *णेदु मं अत्तणो अंगेसु विलअं अंबा । ण सहिस्सं ईरिसं जीअलोअपरिभअं अणुभविदुम् । [नयतु मामात्मनोऽङ्गेषु विलयमम्बा । न सहिष्ये ईदृशं जीवलोकपरिभवमनुभवितुम् ।]*

लक्ष्मणः – किमुत्तरं स्यात् ?

पृथिवी– *मन्नियोगतः स्तन्यत्यागं यावत् पुत्रयोरवेक्षस्व । परेण तु यथा रोचिष्यते तथा करिष्यामि ।*

भागीरथी– *एवं तावत् ।*

(इति निष्क्रान्ते देव्यौ सीता च)

रामः – कथं विलय एव वैदेह्याः सम्पन्नः ? हा देवि ! दण्डकारण्यवास–प्रियसखि ! हा चारित्रदेवते ! लोकान्तरं पर्यवस्थितासि । (इति मूर्च्छति)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

રામ— આ ભારે કષ્ટદાયક કહેવાય કે— વસિષ્ઠથી સંરક્ષિત એવા રઘુઓના વંશને આનંદ પહોંચાડનારી (—આગળ વધારનારી—) આ સીતા (પોતાના) બે પુત્રોનો સંસ્કાર કરાવનારને પણ મેળવી શકતી નથી. **(૭—૧૩)**

ભાગીરથી— *હે પુત્રી ! તારે આ ચિંતા કરવાની શી જરૂર છે ? બે બાળકો સ્તનપાન છોડશે તે પછી, (હું) ભગવાન વાલ્મીકિને સોંપવાની છું. તે (વાલ્મીકિ) આ બે બાળકોનાં ક્ષત્રિયોનાં કૃત્ય કર્મોને કરશે.*

જેવી રીતે વસિષ્ઠ અને અંગિરસ છે, તેવી રીતે જ પ્રાચેતસ (વાલ્મીકિ) પણ ઋષિ છે. વળી, તેઓ તો જનકોના અને રઘુઓના એમ બંને વંશના (સમાન) ગુરુ છે. ***(૭—૧૪)***

રામ— ભગવતી (ભાગીરથી)એ યોગ્ય જ વિચાર્યું છે.

લક્ષ્મણ— આર્ય ! હું (તમોને) સાચે જ જણાવું છું કે તે તે કારણોસર આ બે દીકરાઓ તે (આપણી બાજુમાં બેઠેલા) આ કુશ અને લવ જ છે; એમ મને લાગે છે.

કેમકે, આ બન્નેને જન્મથી માંડીને જ અસ્ત્રો મળેલાં છે; વળી તે બન્ને પ્રાચેતસ્ પાસેથી આવેલા છે. ત્રીજું, કે તે બન્ને વીર બાળકો મોટાભાઈના જેવી જ આકૃતિવાળા છે; અને (છેલ્લે જોઈએ તો) ઉંમરમાં પણ બાર—બાર વર્ષના છે. **(૭—૧૫)**

રામ— 'આ (મારા જ) બે બેટાઓ છે' એવા વિચારમાત્રથી જ આંદોલિત થયેલા હૃદયવાળો હું સૂધબૂધ ખોઈ બેઠો છું.

પૃથિવી— *ચાલ, દીકરી ! રસાતળને પવિત્ર કર.*

રામ— હા પ્રિયે ! શું તું બીજા લોકમાં જતી રહી ?

સીતા— *માતા મને એમના પોતાનાં અંગોમાં સમાવી લે. આ જીવલોકમાં થતાં આવા તિરસ્કારનો અનુભવ હું નહીં સહી શકું.*

લક્ષ્મણ— હવે, શું જવાબ મળશે ?

પૃથિવી— *મારા આદેશ થકી તું બે પુત્રોને સ્તનપાન છોડાવે ત્યાં સુધી સાચવ. પછી તને જેમ ગમશે તેમ હું કરીશ.*

ભાગીરથી— *હાં, બસ એમ જ કરજો.*

[એ પછી, બે દેવીઓ અને સીતા રંગભૂમિ ઉપરથી નીકળી જાય છે.]

રામ— શું વૈદેહીનો વિલય જ થઈ ગયો હશે ? હે દેવી ! દંડકારણ્યના નિવાસ સમયની હે પ્રિયસખી ! હે ચારિત્રની દેવતા ! શું તું લોકાન્તરમાં જઈને બેઠી ? (એમ બોલીને મૂર્છિત થઈ જાય છે.)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

लक्ष्मणः — भगवन् वाल्मीके ! परित्रायस्व परित्रायस्व । एष ते काव्यार्थः ?

(नेपथ्ये)

अपनीयतामातोद्यम् । भो भोः सजङ्गमस्थावराः प्राणभृतो मर्त्यामर्त्याः ! पश्यतेदानीं महर्षिणा भगवता वाल्मीकिनाऽभ्यनुज्ञातं पवित्रमाश्चर्यम् ।

लक्ष्मणः — (विलोक्य)

मन्थादिव क्षुभ्यति गाङ्गमम्भो व्याप्तं च देवर्षिभिरन्तरिक्षम् ।
आश्चर्यमार्या सह देवताभ्यां गङ्गामहीभ्यां सलिलादुदेति ॥१६॥

(पुनर्नेपथ्ये)

अरुन्धति जगद्वन्द्ये गङ्गापृथ्व्यौ जुषस्व नौ ।
अर्पितेयं तवावाभ्यां सीता पुण्यव्रता वधूः ॥१७॥

लक्ष्मणः — अहो ! आश्चर्यमाश्चर्यम् । आर्य ! पश्य पश्य । (विलोक्य) कष्टमद्यापि नोच्छ्वसित्यार्यः ।

(ततः प्रविशत्यरुन्धती सीता च)

अरुन्धती— त्वरस्व वत्से वैदेहि ! मुञ्च शालीनशीलताम् ।
एहि जीवय मे वत्सं प्रियस्पर्शेन पाणिना ॥१८॥

सीता— (ससम्भ्रमं स्पृशन्ती) समस्ससदु समस्ससदु अज्जउत्तो । [समाश्वसितु समाश्वसित्वार्यपुत्रः ।]

रामः — (समाश्वस्य सानन्दम्) भोः किमेतत् ? (दृष्ट्वा सहर्षाद्भुतम्) कथं देवी । (सलज्जम्) अये अम्बा मे अरुन्धती सर्वे च प्रहृष्यन्त ऋष्यशृङ्ग-शान्तादयोऽस्मद्गुरवः ।

अरुन्धती— वत्स ! एषा भगवती भगीरथगृहदेवता सुप्रसन्ना गङ्गा ।

(नेपथ्ये)

जगत्पते रामचन्द्र ! स्मर्यतामालेख्यदर्शने मां प्रत्यात्मनो वचनं यथा—'सा त्वमम्ब ! स्नुषायामरुन्धतीव सीतायां शिवानुध्यानपरा भव' इति । तत्रानृणास्मि जाता ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

લક્ષ્મણ– હે ભગવાન્ વાલ્મીકિ ! બચાવો...બચાવો...

શું તમારા કાવ્યનું (રામને મૂર્ચ્છિત કરવા–અફસોસમાં ડૂબાડી દેવા) એ જ પ્રયોજન છે ? [અથવા–શું તમારું રામાયણ–કાવ્ય રચવા પાછળ જીવન કરુણતાથી ભરેલું છે એવું જ દર્શન કામ કરી રહ્યું છે ?]

(ગર્ભાંક પૂરો) [નેપથ્યમાંથી બોલાય છે :]

"સંગીતનાં વાજીંત્રોને દૂર ખસેડવામાં આવે. અરે ઓ ! સ્થાવર–જંગમ સહિતના મર્ત્ય–અમર્ત્ય એવા પ્રાણધારીઓ ! મહર્ષિ ભગવાન્ વાલ્મીકિ વડે જેને અનુજ્ઞા આપવામાં આવી છે એવું આ પવિત્ર આશ્ચર્ય હવે જુઓ...

લક્ષ્મણ– (જોઈને)

મન્થનને કારણે જાણે ગંગાનું જળ ક્ષુબ્ધ થઈ રહ્યું છે અને દેવર્ષિઓ વડે અન્તરિક્ષ વ્યાપ્ત થયું છે ! ગંગા અને પૃથિવી સમી દેવતાઓની સાથે આર્યા (સીતા) સલિલમાંથી ઉદય પામી રહ્યા છે ! આશ્ચર્ય ! આશ્ચર્ય ! **(૭–૧૬)**

[ફરીથી નેપથ્યમાંથી બોલાય છે.]

હે જગદ્–વન્ધ્યા અરુન્ધતી ! અમને બેને–ગંગા અને પૃથિવીને – તમે પ્રસન્ન કરો. અમારા બે વડે આ પુણ્યવ્રતવાળી વધૂ સીતા તમને સોંપવામાં આવે છે. **(૭–૧૭)**

લક્ષ્મણ– અહો ! આશ્ચર્ય છે...આશ્ચર્ય...! આર્ય, જુવો...જુવો...(જોઈને) શું આર્ય (રામ) હજી સુધી ભાનમાં આવ્યા નથી...કષ્ટકારક થયું.

(ત્યાર પછી, અરુન્ધતી અને સીતા પ્રવેશ કરે છે.)

અરુન્ધતી– બેટી વૈદેહી, ઉતાવળ કર. લજ્જાશીલતાને છોડી દે; અને પ્રિયકર સ્પર્શવાળા (તારા) હાથ વડે મારા દીકરા (રામ)ને જીવાડ; આવ. **(૭–૧૮)**

સીતા– (ગભરાટ સાથે સ્પર્શ કરતી બોલે છે :) હિંમત રાખો ...ધીરજ ધરો, આર્યપુત્ર !

રામ– (આશ્વાસન પામીને, આનંદ સાથે) અરે ? આ શું ?! (જોઈને, હર્ષ અને અદ્ભુત અનુભવતાં બોલે છે:) શું, દેવી ! (શરમાઈ જઈને) અરે મારા માતા અરુન્ધતી, અને સૌ હર્ષ પામી રહેલા ઋષ્યશૃઙ્ગ, શાન્તા–બહેન વગેરે અમારાં વડીલો (અહીં હાજર છે ?!)

અરુન્ધતી– બેટા, આ ભગીરથના કુળની ગૃહદેવતા ભગવતી ગંગાદેવી તમારી ઉપર ખૂબ પ્રસન્ન છે.

[નેપથ્યમાંથી...]

હે જગત્–પતિ રામભદ્ર ! તમે યાદ કરો. ચિત્રદર્શન પ્રસંગે તમે મને ઉદેશીને કહેલાં વચનો આ પ્રમાણે હતાં :–

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

अरुन्धती– इयं ते श्वश्रूर्भगवती वसुन्धरा ।

(पुनर्नेपथ्ये)

उक्तमासीदायुष्मता वत्सायाः परित्यागे यथा–'भगवति वसुन्धरे ! श्लाघ्यां दुहितरमवेक्षस्व जानकीमिति ।' तदधुना कृतवचनास्मि प्रभोर्वत्सस्येति ।

रामः – कथं कृतमहापराधो भगवतीभ्यामनुकम्पितः । प्रणमामि वः ।

अरुन्धती– भो भोः पौरजानपदाः ! इयमधुना भगवतीभ्यां जाह्नवीवसुन्धरा–भ्यामेवं प्रशस्यमाना ममारुन्धत्याः समर्पिता, पूर्वं च भगवता वैश्वानरेण निर्णीतपुण्य–चारित्रा सब्रह्मकैश्च देवैः संस्तुता सावित्रकुलवधूर्देवयजनसम्भवा सीतादेवी परिगृह्यतामिति कथमिह भवन्तो मन्यन्ते ?

लक्ष्मणः – आर्य ! एवमार्ययाऽरुन्धत्या निर्भर्त्सिताः पौरजानपदाः कृत्स्नश्च भूतग्राम आर्यां नमस्कुर्वन्ति । लोकपालाः सप्तर्षयश्च पुष्पवृष्टिभिरुपतिष्ठन्ते ।

अरुन्धती– जगत्पते रामचन्द्र !

नियोजय यथाधर्मं प्रियां त्वं धर्मचारिणीम् ।
हिरण्मय्याः प्रतिकृतेः पुण्यां प्रकृतिमध्वरे ॥१९॥

सीता– (स्वगतम्) जाणादि अज्जउत्तो सीदाए दुक्खं पडिमज्जिदुम् ? [जानात्यार्यपुत्रः सीताया दुःखं परिमार्ष्टुम् ?]

रामः – यथा भगवत्यादिशति ।

लक्ष्मणः – कृतार्थोऽस्मि ।

सीता– पच्चुज्जीविदम्हि । [प्रत्युज्जीवितास्मि ।]

लक्ष्मणः – आर्ये ! एष निर्लज्जो लक्ष्मणः प्रणमति ।

सीता– वच्छ ! ईदिसो तुमं चिरं जीअ । [वत्स ! ईदृशस्त्वं चिरञ्जीव ।]

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

"હે અમ્બા ! તમે અરુન્ધતી જેમ (તમારી) આ પુત્રવધૂના કલ્યાણનું ચિંતન કરવામાં તત્પર રહેજો." તો આજે એ વચનમાંથી હું મુક્ત થાઉં છું.

અરુન્ધતી– આ તમારી સાસુ ભગવતી વસુન્ધરા (કહી રહી છે :)

[ફરીથી નેપથ્યમાંથી બોલાય છે:]

"આયુષ્માને દીકરી (સીતા)નો ત્યાગ કરતી વખતે કહ્યું હતું કે–" હે ભગવતી વસુન્ધરા ! પ્રશંસનીય એવી તમારી દીકરી જાનકીનું તમો ધ્યાન રાખજો." તો આ રીતે રાજાના, બલ્કે મારા દીકરાના વચનનું પાલન મેં પૂરું કર્યું છે."

રામ– શું કહ્યું ? જેણે મહાન્ અપરાધ કર્યો હતો એવા મારી ઉપર તે બે ભગવતીઓ–ગંગા અને પૃથિવી–એ શું અનુકંપા કરી છે ? તમને બન્નેને હું પ્રણામ કરું છું.

અરુન્ધતી– અરે ઓ નગરવાસીઓ અને જનપદવાસીઓ ! અત્યારે આ ભગવતી જાહ્નવી અને વસુન્ધરા વડે પ્રશંસાયેલી, અને મને અરુન્ધતીને સોંપવામાં આવેલી; વળી, અગાઉ ભગવાન્ વૈશ્વાનર (અગ્નિ)એ જેના પુણ્યશાળી ચારિત્ર્યની ખાતરી કરી આપી હતી, તથા બ્રહ્માસહિતના દેવો વડે સ્તુતિ પામેલી સવિતાકુળની પુત્રવધૂ, કે જે દેવો માટેની યજ્ઞભૂમિમાંથી જન્મી હતી તે સીતાદેવીનો (રામ વડે) સ્વીકાર કરવામાં આવે કે ?–આ વિશે આપ સૌ ભગવન્તો શું વિચારી રહ્યા છો ?

લક્ષ્મણ– આર્ય ! આ પ્રમાણે આર્યા અરુન્ધતી વડે ઠપકો આપવામાં આવેલ પુરવાસીઓ અને જનપદવાસીઓ અને અખિલ પ્રાણીસમુદાય આર્યા(સીતા)ને નમસ્કાર કરી રહ્યો છે. લોકપાલો અને સપ્તર્ષિઓ પુષ્પવૃષ્ટિ કરતાં ઉપસ્થિત થયા છે.

અરુન્ધતી– હે જગત્પતિ રામભદ્ર !

તમારી આ ધર્મચારિણી પ્રિયતમાને ધર્મકાર્યમાં નિયોજો. (તમારા) યજ્ઞમાં હિરણ્મયી (સીતાની) પ્રતિકૃતિના સ્થાને હવે આ પુણ્યશાળી મૂળ પ્રકૃતિને (જ) સ્થાપો. **(૭–૧૯)**

સીતા– (સ્વગત) આર્યપુત્ર સીતાના દુઃખનું પરિમાર્જન કરવાનું જાણે છે.

રામ– જેવી ભગવતીની આજ્ઞા હોય.

લક્ષ્મણ– હાશ, હું કૃતાર્થ થયો.

સીતા– હું ફરીથી જીવતી થઈ !

લક્ષ્મણ– ભાભીશ્રી ! આ નિર્લજ્જ લક્ષ્મણ પ્રણામ કરે છે.

સીતા– વત્સ ! આવા જ તમે ચિરંજીવ થાવ.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

अरुन्धती— भगवन् वाल्मीके ! उपनीयेतामिमौ सीतागर्भसम्भवौ रामभद्रस्य पुत्रकौ कुशलवौ । (इति निष्क्रान्ता)

रामलक्ष्मणौ— दिष्ट्या तथैवैतत् ।

सीता— (सबाष्पाकुला) कहिं मे पुत्तआ [कुत्र मम पुत्रकौ ।]

(ततः प्रविशति वाल्मीकिः कुशलवौ च)

वाल्मीकिः — वत्सौ कुशलवौ ! एष वां रघुपतिः पिता, एष लक्ष्मणः कनिष्ठतातः । एषा सीता जननी । एष राजर्षिर्जनको मातामहः ।

सीता— (सहर्षकरुणाद्भुतं विलोक्य) कदं तादो ! [कथं तातः ।]

कुशलवौ— हा तात ! हा अम्ब ! हा मातामह !

रामलक्ष्मणौ— (सहर्षमालिङ्ग्य) ननु वत्सौ, पुण्यैः प्राप्तौ स्थः ।

सीता— एहि जाद कुश, एहि जाद लव, चिरस्य परिस्सजह मं पुणो जन्मंतरगदं जणणिं । [एहि जात कुश, एहि जात लव, चिरस्य परिष्वजेथां मां पुनर्जन्मान्तरगतां. जननीम् ।]

कुशलवौ— (तथा कृत्वा) धन्यौ स्वः ।

सीता— भअवं एसा हं पणमामि । [भगवन् ! एषाऽहं प्रणमामि ।]

वाल्मीकिः — वत्से ! ईदृश्येव चिरं भूयाः ।

सीता— अम्महे ! तादो, कुलगुरुः, अज्जाअणो सभत्तुआ अ अज्जा संतादेवी, सलक्खणा सुप्पसन्ना अज्जउत्तचलणा समं कुशलवा वि दीसन्ति, ता णिब्भरम्हि आनंदेण । [अम्हहे ! तातः कुलगुरुरार्यजनः सभर्तृका चार्या शान्तादेवी सलक्ष्मणाः सुप्रसन्ना आर्यपुत्रचरणाः समं कुशलवावपि दृश्यन्ते तन्निर्भराऽस्म्यानन्देन ।]

(नेपथ्ये कलकलः)

वाल्मीकिः — (उत्थायावलोक्य च) उत्खातलवणो मधुरेश्वरः प्राप्तः ।

लक्ष्मणः — सानुषङ्गाणि कल्याणानि ।

रामः — सर्वमिदमनुभवन्नपि न प्रत्येमि । यद्वा प्रकृतिरियमभ्युदयानाम् ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અરુન્ધતી– હે ભગવાન્ વાલ્મીકિ ! સીતાના ગર્ભમાંથી જન્મેલા રામભદ્રના બે પુત્રો–કુશ અને લવને (રામભદ્રની) નજીક લઈ જાવ. [એટલું કહીને રંગભૂમિ ઉપરથી નીકળી જાય છે.]

રામ–લક્ષ્મણ– સૌભાગ્યથી એમ જ નીકળ્યું; (કે આ કુશ–લવ રામ–સીતાના જ પુત્રો છે.)

સીતા– (અશ્રુ અને વ્યાકુળતા સાથે) ક્યાં છે મારા બે દીકરાઓ ?

(ત્યાર પછી વાલ્મીકિ અને કુશ–લવ પ્રવેશ કરે છે.)

વાલ્મીકિ– બેટાઓ, કુશ અને લવ; આ રઘુપતિ તમારા પિતા છે, અને આ લક્ષ્મણ નાના–પિતા છે. તથા આ સીતા (તમારી) માતા છે; અને આ રાજર્ષિ જનક તમારી માતાના પિતાજી છે.

સીતા– (હર્ષ, કરુણા અને આશ્ચર્ય સાથે નિરખીને) શું (મારા) પિતાજી ?!

કુશ–લવ– ઓ પિતાજી ! હે માતા ! હો નાનાજી !

રામ–લક્ષ્મણ– (હર્ષ સાથે ભેટીને) ખરેખર, બે દીકરાઓ, તમે ઘણા પુણ્યો થકી પ્રાપ્ત થયા છો.

સીતા– આવ બેટા કુશ, આવ બેટા લવ ! નવા જન્મને પામેલી મને તમારી માતાને લાંબા સમય સુધી ભેટી રહો.

કુશ–લવ– (એમ કરીને) અમે બે ધન્ય થયા છીએ.

સીતા– હે ભગવન્ ! હું (તમોને) પ્રણામ કરું છું.

વાલ્મીકિ– બેટા, આ જ સ્વરૂપે, લાંબા સમય સુધી જીવ.

સીતા– અહો ! પિતાજી, કુલગુરુ (વસિષ્ઠ), સાસુમાતાઓ, પતિ સહિતની પૂજ્ય શાન્તા દેવી, લક્ષ્મણ સહિતના સુપ્રસન્ન એવા આર્યપુત્રનાં ચરણો; વળી (અત્યારે) કુશ અને લવ પણ એકી સાથે જોવા મળી રહ્યા છે; તેથી હું આનંદથી અતિશય ભરાઈ ગઈ છું.

[નેપથ્યમાંથી કલકલ અવાજ સંભળાય છે.]

વાલ્મીકિ– (ઊભા થઈને અને જોઈને) લવણ અસુરને જેણે ઉખાડી નાખ્યો છે તેવો મધુરેશ્વર (શત્રુઘ્ન) આવી પહોંચ્યો છે.

લક્ષ્મણ– બધાં કલ્યાણો એક–બીજાના પગલે આવનારાં હોય છે !

રામ– આ બધાનો અનુભવ કરું છું; પણ વિશ્વાસ નથી પડતો.

અથવા – (એક સાથે આવી મળનારા)અભ્યુદયોની પ્રકૃતિ આવી જ હોય છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

वाल्मीकिः — रामभद्र ! उच्यतां किं ते भूयः प्रियमुपकरोमि ।

रामः — अतः परमपि प्रियमस्ति ? तथापीदमस्तु—

पाप्मभ्यश्च पुनाति वर्धयति च श्रेयांसि सेयं कथा
मङ्गल्या च मनोहरा च जगतो मातेव गङ्गेव च ।
ताम् एतां परिभावयन्त्वभिनयैर्विन्यस्तरूपां बुधाः
शब्दब्रह्मविदः कवेः परिणतां प्राज्ञस्य वाणीमिमाम् ॥२०॥

(इति निष्क्रान्ताः सर्वे)

इति महाकवि–भवभूतिविरचित उत्तररामचरिते

'सम्मेलनम्' नाम सप्तमोऽङ्कः ।

नाटकमिदं समाप्तम् ।

• • •

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

વાલ્મીકિ– હે રામભદ્ર ! કહો, તમારું વધુ પ્રિય હોય એવું શું પરિપૂર્ણ કરું ?

રામ– શું આથી પણ વધારે પ્રિય હોઈ શકે ? તો પણ, આટલું થજો–

(ભરત–વાક્ય)

આ (રામની) કથા તો પાપોમાંથી પવિત્ર કરે છે; અને કલ્યાણોને વધારે છે. વળી તે, જગત્ ને માટે માતા સ્વરૂપ તથા ગંગા જેવી મંગલકારિણી અને મનોહારિણી પણ છે.

શબ્દબ્રહ્મને જાણનારા પ્રાજ્ઞ કવિની આ પરિણત વાણીને; કે જેને નવા સ્વરૂપે, અભિનય દ્વારા રજૂ કરવામાં આવી છે તેનું (સૌ) બુધજનો પરિશીલન કરો. **(૭–૨૦)** [**અથવા**–શબ્દબ્રહ્મને જાણનારા (વાલ્મીકિ) કવિની **તે** (કરુણાંત) વાણીની બુધજનો ઉપેક્ષા કરે; અને (પરિણત) પ્રજ્ઞાવાળા કવિ(ભવભૂતિ)ની **આ** (સુખાન્ત એવી) વાણી, કે જે અભિનયો વડે (નાટ્યદેહે) નવા સ્વરૂપમાં ગૂંથેલી છે તેનું બુધજનો બધી રીતે પર્યાલોચન કરે.]

[સૌ રંગભૂમિ ઉપરથી નીકળી જાય છે.]

મહાકવિ ભવભૂતિએ રચેલા 'ઉત્તરરામચરિત'માં
'સમ્મેલન' નામનો સાતમો અંક સમાપ્ત થયો.
॥ 'ઉત્તરરામચરિત' નાટક સમાપ્ત થયું. ॥

• • •

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અભ્યાસનોંધ

અંક પ્રથમ

કવિ ભવભૂતિએ શ્રી રામચંદ્રના પૂર્વજીવનની ઘટનાઓને 'મહાવીરચરિત' નામના રૂપકમાં આલેખી છે. તેના અનુસન્ધાનમાં જ, તેમણે પ્રસ્તુત 'ઉત્તરરામચરિત'–નામના નાટક પ્રકારના રૂપકની રચના કરી છે. રામના જીવનનું ઉત્તરચરિત તે 'ઉત્તરરામચરિત'. આ ઉત્તરરામચરિતને ઉદ્દેશીને રચવામાં આવેલું નાટક તે 'उत्तररामचरितम्'. અહીં अभेदोपचारથી આ શીર્ષકને સમજાવવાનો પ્રયત્ન થયો છે. અથવા તો લક્ષણાથી 'રામના ઉત્તરચરિત–ઉત્તરજીવનની ઘટનાઓ–ને આલેખતું જે નાટક તે ઉત્તરરામચરિત' એમ પણ સમજી શકાય. रामस्य चरितमिति रामचरितम् । उत्तरं च तत् रामचरितञ्चेति उत्तररामचरितम् ॥

શ્લોક ૧ (અન્વય) : इदं पूर्वेभ्यः कविभ्यः नमोवाकं प्रशास्महे । वन्देमहि च तां वाचम् अमृताम् कलाम् ॥ इदं पूर्वेभ्यः कविभ्यः नमोवाकं प्रशास्महे ।

અહીં કવિ ભવભૂતિના મનમાં 'પૂર્વેના કવિઓ' તરીકે વાલ્મીકિ, કાલિદાસ જેવા કવિઓ હશે. ટીકાકાર ઘનશ્યામના મતે गणपतिं हवामहे कविं कवीनाम्। એવી શ્રુતિને આધારે 'કવિ' એટલે 'ગણપતિ' એવો અર્થ કરવો જોઈએ. કેટલાક ટીકાકરોએ અહીં कविभ्यः ને બદલે गुरुभ्यः એવું પાઠાન્તર પણ રજૂ કર્યું છે. इदम् શબ્દથી નમસ્કાર કરવા માટેની આંગિક ચેષ્ટા–બે હાથ જોડવા–નો નિર્દેશ છે. તથા नमोवाकम् તે प्रशास्महेનું ક્રિયાવિશેષણ છે. नम इति उक्त्वा नमोवाकम्। અથવા नमः (शब्दस्य) वाकः = उच्चारणं यस्मिन् कर्मणि तद् यथा तथा ।

અહીં "આત્માની અમૃત કલા સમી દૈવી વાણી અમે પ્રાપ્ત કરીએ (विन्देम)" એવો પાઠ લેવો ઉચિત જણાતો નથી. કારણ કે, બીજા જ શ્લોકમાં સૂત્રધારના મુખે કવિએ પોતાને માટે यं ब्रह्माणमियं देवी वाग्वश्येवानुवर्तते । એવા શબ્દો વાપર્યા છે. કવિ ભવભૂતિને જો વાગ્દેવી વશ વર્તતી હોય તો તેને મેળવવા માટે કવિ નાન્દી શ્લોકમાં विन्देम એવો શબ્દ ન વાપરે તે સ્વાભાવિક છે. આ જ રીતે 'वन्देम = અમે નમસ્કાર કરીએ છીએ' એવું અસાધુ પાઠાન્તર પણ સ્વીકાર્ય બને એવું નથી. કેમકે, "સામાન્ય રીતે નાન્દીશ્લોકમાં આઠ કે બાર પદો હોવાં જોઈએ." એ નિયમાનુસાર જો 'वन्देम (કે विन्देम) પાઠ લઈએ છીએ તો અગિયાર પદો જ થાય છે, માટે ટીકાકાર ઘનશ્યામે રજૂ કરેલો वन्देमहि च ताम् वाचम्० પાઠ સંભવતઃ ઉચિત જણાય છે. કેમકે તેનાથી બાર પદોની ગણતરી પૂરી થાય છે.

ટીકાકારોમાં પરંપરાથી એવું મનાતું આવ્યું છે કે–નાટકના નાન્દી શ્લોકમાં કાવ્યાર્થનું સૂચન હોય છે. ઘનશ્યામ લખે છે કે–कलात्मशब्दाभ्यां सीतारामौ सूच्येते। અર્થાત્ નાન્દી શ્લોકમાં આવેલા आत्मनः શબ્દથી નાટકના નાયક રામ, અને कलां

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

શબ્દથી નાયિકા સીતાનું સૂચન થાય છે. કવિ શ્રી ઉમાશંકર જોષી લખે છે કે– "પ્રિયજન મૃત્યુ પામતું નથી, અમૃત રહે છે,–એ અનુભૂતિને કવિ ભવભૂતિએ ઉત્તરરામચરિતમાં સાકાર કરી છે એનો નિર્દેશ નાટકના પ્રથમ શ્લોકમાં, નાન્દીમાં જ વિરલ સૂત્રાત્મક વાણીમાં–મંત્ર રૂપે–થયો છે. નાન્દીમાં સામાન્ય રીતે નાટ્યવસ્તુનું, પાત્રો વગેરેનું સૂચન હોય છે. એ પ્રણાલિકાનુસાર દિવ્ય વાણીના સંદર્ભમાં વપરાયેલા નાન્દીના 'અમૃતા આત્મની કલા'એ પદમાં 'આત્મા'થી રામ અને 'કલા'થી સીતા સૂચવાય છે એમ ટીકાકાર ઘનશ્યામે કહ્યું પણ છે. તો, સીતા એ રામની અમૃત કલા છે, સીતા મૃત્યુ પામે તો પણ એ રામનો અમૃત અંશ છે, અર્થાત્ ઉપર જોયું તેમ ઉત્તરરામચરિતમાં મૂર્ત થતું કવિનું વિશિષ્ટ દર્શન–પ્રેમ એ આત્માનો અમૃત અંશ છે એ–નાન્દીના 'અમૃતા આત્મની કલા' એ શબ્દોમાં જ સૂચવાયું છે." (ઉત્તરામચરિત, અનુવાદક: ઉમાશંકર જોશી, ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, ૧૯૭૮; પૃ. ૨૮)

વાલ્મીકિ–રામાયણમાંથી રામના જીવનની ઘટનાઓને લઈને, તેનું 'ઉત્તરરામચરતિ'માં નાટ્યરૂપાંતર કરવા પાછળ કવિ ભવભૂતિનું ક્યું જીવનદર્શન કામ કરતું હશે ? એવા પ્રશ્નના જવાબ તરીકે કવિ શ્રી ઉમાશંકરે રજૂ કરેલું ઉપર્યુક્ત કાવ્યાર્થસૂચન ગમે તેટલું આકર્ષક લાગતું હોય તો પણ તે સ્વીકાર્ય બની શકે એમ નથી. કારણ કે–"પ્રણયનિરૂપણને ઉત્તરરામચરિતના કેન્દ્રમાં મૂકીએ, આ જ તેનું 'થિમ', તેનું કથાવસ્તુ છે તેમ ગણીએ તો **તે સામે મુખ્ય વાંધો એ છે કે** આ 'થિમ' સાતેય અંકમાં પ્રસરતું જણાતું નથી, કે સાતેય અંકમાં જે નાટ્યક્રિયા, પાત્રાલેખન, સંવાદ વગેરે છે તેના અર્ક રૂપે માત્ર પ્રણયનિરૂપણને જ જુદું તારવી શકાય છે તેવું વિધાન સમગ્ર કૃતિને લક્ષમાં લેતાં થઈ શકે તેમ નથી. શ્રી જોશી પોતે આ દોષથી, આવા શક્ય આક્ષેપથી અભાન નથી. તેમના પોતાના લેખમાં પાછળથી શિથિલ બનતા નાટ્યત્વ માટે તેમણે ઊંઘતા ભમરડાની ઘટતી લાગતી ગતિમાં જોવાતી શિથિલતાનું રૂપક યોજ્યું છે. શ્રી જોશીની આ રૂપકયોજના એ બચાવ પણ નથી અને સમજૂતી પણ નથી. એ છે માત્ર એક નિર્દેશ, એક એવી સ્થિતિનો કે જેને વિષે રૂપકયોજના પછી શ્રી જોશી આગળ વિચારવાનું માંડી વાળે છે." (ફાર્બસ ત્રૈમાસિક, ઑક્ટો./ડિસે. ૮૪). કવિ શ્રી ઉમાશંકરે કરેલું "અર્થઘટન સ્વીકારવાથી ઉ. રા. ચ.ના ચારથી સાત અંકો કેવળ નિર્વહણ સન્ધિ માટે રોકાયા છે એવો આક્ષેપ કરવો પડે છે. કવિ ભવભૂતિને આવડો મોટો અન્યાય કરવાનું 'સાહસ' કોણ કરશે ?" (ફાર્બસ ત્રૈમાસિક, જાન્યુ. ૮૪)

નાન્દ્યન્તે । 'નાન્દી પૂરી થયા પછી ? નાન્દી એટલે એક કે એકથી વધારે

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

શ્લોકોમાં રજૂ થતી સ્તુતિ અથવા નમસ્કાર કે આશીર્વાદ. તેની વ્યુત્પત્તિ नन्दन्ति देवताः अस्यामिति नान्दी । આપવામાં આવે છે. ભરતમુનિએ નાટ્યશાસ્ત્રમાં–

आशीर्वचनसंयुक्ता नित्यं यस्मात्प्रयुज्यते ।

देवद्विजनृपादीनां तस्मान्नान्दीति संज्ञिता ॥ (૫–૨૫) એ પ્રમાણે તેનું લક્ષણ આપ્યું છે.

અહીં नान्द्यन्ते सूत्रधारः । એવી યોજના જોઈને એટલું સ્પષ્ટ થાય છે કે इदं कविभ्यः० । વાળો શ્લોક 'નાન્દીશ્લોક' છે. પરંતુ આ શ્લોક બોલાઈ ગયા પછી જો સૂત્રધાર રંગભૂમિ ઉપર પ્રવેશ કરતો હોય તો આ નાન્દીશ્લોક કોણ બોલતું હશે ? તેવો પ્રશ્ન થાય છે. આ દેખીતી વિસંગતિને દૂર કરવા માટે ક્યારેક લહિયાઓ 'नान्द्यन्ते सूत्रधारः' એવું લખ્યા પછી જ वेदान्तेषु यमाहुरेकपुरुषम्० । (વિક્રમોર્વશીયમ્ નો નાન્દીશ્લોક) લખે છે. (સાહિત્યદર્પણકારે લખ્યું છે કે–अत एव प्राक्तनपुस्तकेषु 'नान्द्यन्ते सूत्रधारः' इत्यनन्तरमेव 'वेदान्तेषु' इत्यादिश्लोकलिखनं दृश्यते ।) પરંતુ ભરતમુનિએ નાટ્યશાસ્ત્રમાં સ્પષ્ટ લખ્યું છે કે–

सूत्रधारः पठेत्तत्र मध्यमं स्वरमाश्रितः ।

नान्दीं पदैर्द्वादशभिरष्टभिर्वाप्यलङ्कृताम् ॥ (૫–૬૮)

આથી જણાય છે કે નાન્દીશ્લોક સૂત્રધાર જ બોલતો હોય છે. नान्द्यन्ते सूत्रधारः । એવી યોજના કરવા પાછળ એટલું જ સૂચવવાનો આશય છે કે આશીર્વાદ કે નમસ્કારની ક્રિયા પૂરી થયા પછી, સૂત્રધાર જે કંઈ રજૂ કરે છે તે નાટકનો ભાગ છે. (यच्च पश्चात् 'नान्द्यन्ते सूत्रधारः' इति लिखनं तस्यायमभिप्रायः नान्द्यन्ते सूत्रधार इदं प्रयोजितवान्, इतः प्रभृति मया नाटकमुपादीयते इति कवेरभिप्रायः सूचित इति । –सा० द०)

પૃષ્ઠ–૨, સૂત્રધારની ઉક્તિ : ०भगवतः कालप्रिय(या)नाथस्य यात्रायाम्० । દ્વારા જણાય છે કે આ નાટક "ભગવાન્ કાલપ્રિય (અથવા કાલપ્રિયા) નાથની યાત્રા–(મેળા)ના પ્રસંગે" ભજવાયું હશે. (ભવભૂતિનાં બીજાં બે રૂપકો 'મહાવીરચરિત' અને 'માલતીમાધવ'માં પણ પ્રારંભે આવી જ રજૂઆત છે.)

અહીં કાલપ્રિય(યા)નાથ ભગવાન ક્યા અને તેમનું મંદિર ક્યાં આવેલું હશે તે વિવાદાસ્પદ મુદ્દો છે. (૧) પરંપરાથી એવું મનાય છે કે–काल એટલે શિવ અને कालप्रिया એટલે પાર્વતી. આ કાલપ્રિયાના નાથ એટલે શિવ. (મહાવીરચરિત ઉપરની ટીકામાં कालप्रियानाथस्य શબ્દને સમજાવતાં વીરરાઘવે લખ્યું છે કે–कालप्रियानाथस्येति कालप्रियानामिका अम्बिकापतेः । कालप्रियनाथस्येति ह्रस्वान्तप्रियशब्दयुक्तः पाठः प्रचुरो दृश्यते । तत्राप्यर्थः पूर्ववत् ।) આવા આ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

કાલપ્રિય(યા) નાથ ભગવાન શંકરનું મંદિર ક્યાં હશે તે વિષે 'કાવ્યમીમાંસા'માં રાજશેખરે લખ્યું છે કે ગાધિપુર (અર્થાત્ કનોજ)ની ઉત્તરમાં कालप्रिय નામનું શહેર છે. આ 'કાલપ્રિય' શહેર તે સંભવતઃ આજની ઉજ્જયિની (ઉજ્જૈન) હશે, કે જેમાં ભગવાન મહાકાલનું જ્યોતિર્લિંગ છે.

ભવભૂતિનાં બીજાં બે નાટકોની જેમ આ નાટકનો પણ પહેલો પ્રયોગ મહાકાલના મંદિરમાં થયો હશે. રામચન્દ્રબુધેન્દ્ર (રામ૦) લખે છે કે कालप्रियनाथो नाम विदर्भेषु पद्मनगरे प्रतिष्ठितो देवमूर्तिविशेषः । तस्य यात्रायामुत्सवे नाटकमिदं भगवतः कालप्रियनाथस्य पुरतः प्रथमम् अभिनीतमासीत् ॥

(૨) પ્રોફે. વી. વી. મીરાશીના મતે–"અહીં कालप्रियानाथ એવો પાઠ લઈને, ઉજ્જયિનીના મહાકાલનો ઉલ્લેખ છે" એવું માનવું ઠીક નથી. પરંતુ कालप्रियनाथ એવું પાઠાન્તર લેવું જ ઉચિત છે. આ कालप्रियनाथ એટલે મહાકાલ–મહાદેવ નહીં, પણ "સૂર્ય ભગવાન" એવો અર્થ લેવાનો છે. કાલ એટલે સમય; સમય છે પ્રિય જેમને, અને સમયના સ્વામી અર્થાત્ સૂર્ય એવો અર્થ અહીં અભિપ્રેત લાગે છે. આવા સૂર્યની આકાશમાં ત્રણ–પ્રાતઃકાળ, મધ્યાહ્ન અને સાયંકાળ–સમયની સ્થિતિઓને ધ્યાનમાં લઈને, તે ત્રણ સમયના સૂર્યને પૂજવા માટે પ્રાચીન સમયમાં, પૂર્વ ભારતમાં કોણાર્કનું સૂર્યમંદિર બાંધવામાં આવ્યું હતું તથા પશ્ચિમ ભારત(ગુજરાત)માં મોઢેરાનું સૂર્યમંદિર બંધાયું હતું. આ જ રીતે, આજના કાનપુર, પાસે "कालदेव का टीला' નામનું એક સ્થળ છે. ત્યાં (= મધ્યભારતમાં) મધ્યાહ્નના સૂર્યની પૂજા કરવા માટે કોઈ સૂર્યમંદિર જરૂર હશે. આ સૂર્યમંદિરમાં ભવભૂતિનાં નાટકો ભજવાતાં હશે. (માલતીમાધવમાં આરંભે બે મંગલ શ્લોક મૂક્યા પછી, कल्याणानां त्वमसि महसां भाजनं विश्वमूर्ते० । એવા ત્રીજા શ્લોકમાં સૂર્યની પણ સ્તુતિ કરવામાં આવી છે. આથી પ્રા. વી. વી. મીરાશીના મતનું સમર્થન થાય છે. આમ અહીં कालप्रियनाथ એટલે 'સૂર્ય' એવો અર્થ પણ સૂચવાયો છે. आर्यमिश्रान् આર્ય એટલે સજ્જન, વડીલ. મિશ્ર શબ્દ માનસૂચક, નામની પાછળ વપરાતો અનુગ છે. જેમકે, વાચસ્પતિમિશ્ર, મંડનમિશ્ર, શોભિતમિશ્ર.

અહીં સૂત્રધાર 'કવિ' અને 'કાવ્ય'ના નામનો નિર્દેશ કરીને, પ્રેક્ષકવર્ગને નાટ્યાભિમુખ કરવા–પ્રેક્ષકોનું રંગભૂમિ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવા–માટે **પ્રરોચના** કરે છે. 'ઉત્તરરામચરિત' નાટકના રચયિતા કવિ ભવભૂતિના સૂત્રધારે નીચે મુજબ પરિચય આપ્યો છે : (૧) કશ્યપ ગોત્રમાં જન્મેલો 'શ્રીકંઠ' એવા ઉપનામવાળો 'ભવભૂતિ' નામનો કવિ આ નાટકનો કર્તા છે.) કવિ ભવભૂતિને 'શ્રીકંઠ' એવા પદનું લાંછન=ઉપનામ કેમ મળ્યું હશે એ વિષે ટીકાકાર રામ લખે છે કે

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

लोकातिगकविशक्तिदर्शनाद् वाग्देवी नित्यकालमस्य कण्ठे वसतीति मत्वा तदानीन्तनैः भवभूतेः 'श्रीकण्ठः' इति विशेषणं परिकल्पितम् ॥ તેની માતાનું નામ જતુકર્ણી=જાતુકર્ણ્ય ગોત્રમાં જન્મેલી) હતું. (આ કવિનાં બીજાં નાટકોની પ્રસ્તાવનામાંથી જાણવા મળે છે કે ભવભૂતિના પિતાનું નામ નીલકંઠ હતું અને પિતામહ–દાદા–નું નામ ભટ્ટ ગોપાલ હતું.) (૨) બીજા કેટલાક ટીકાકારોના મતે કવિનું મૂળ નામ 'શ્રીકંઠ' હતું. (કેમકે તેના પિતાના નામ–નીલકંઠમાં પણ કંઠ શબ્દ છે.) બાલ્યાવસ્થામાં તેનું નામ 'શ્રીધર' પણ હતું. 'માલતીમાધવ'ના ટીકાકાર જગદ્ધર લખે છે કે नाम्ना श्रीकण्ठः, प्रसिद्ध्या भवभूतिरित्यर्थ : । આમ 'ભવભૂતિ' એવું ઉપનામ તેને પાછળથી આપવામાં આવ્યું હતું. 'ભવભૂતિ'(= શંકરની ભભૂતિ, ભસ્મ) એ જો ઉપનામ હોય તો, તે ઉપનામ ક્યારે મળ્યું હશે ? એ વિષે અનેક કલ્પનાઓ થઈ છે : (क) અનન્તપંડિત કવિ કહે છે કે– गिरिजायाः कुचौ वन्दे भवभूतिसिताननौ । (ख) વીરરાઘવ કહે છે કે साम्बा पुनातु भवभूतिपवित्रमूर्तिः । એ શ્લોક રચ્યા પછી તેમને 'ભવભૂતિ' ઉપનામ મળ્યું. [ભવભૂતિના વેદાન્તશાસ્ત્ર શીખવનાર ગુરુ જ્ઞાનનિધિ હતા તથા પૂર્વમીમાંસા શીખવનાર ગુરુ કુમારિલભટ્ટ હતા. પંડિત શંકર પાંડુરંગની 'માલતીમાધવ'ની પાંચસો વર્ષ જૂનીપુરાણી હસ્તપ્રતમાં બે સ્થળે લખ્યું છે કે इति श्रीभट्टकुमारिलशिष्यकृते मालतीमाधवे तृतीयोऽङ्कः समाप्तः ॥ इति श्रीकुमारिलस्वामिप्रसादप्राप्तवाग्वैभव–श्रीमद्–उम्बेकाचार्यविरचिते मालतीमाधवे षष्ठोऽङ्क समाप्तः ॥ અર્થાત્ ભવભૂતિ કુમારિલભટ્ટના શિષ્ય હતા અને તેમનું ત્રીજું એક નામ ઉમ્બેકાચાર્ય પણ હતું.] ભવભૂતિએ પોતાને માટે એક વિશેષણ पदवाक्य–प्रमाणज्ञः । વાપર્યું છે. અહીં પદ એટલે વ્યાકરણશાસ્ત્ર, વાક્ય એટલે પૂર્વમીમાંસા અને પ્રમાણ એટલે ન્યાયશાસ્ત્ર. આ ત્રણ શાસ્ત્રોના તે જાણકાર હતા.

શ્લોક–૨ (અન્વય) : इयं वाग्देवी यं ब्रह्माणं (ब्राह्मणं = विप्रं) 'वश्या' इव अनुवर्तते; तत्प्रणीतं (= तेन विप्रेण प्रणीतं) 'उत्तरं रामचरितम्' (नाम नाटकं) प्रयोक्ष्यते ॥ (प्रयोक्ष्यते = અમારા દ્વારા ભજવવામાં આવશે.)

ब्रह्माणम् એટલે પ્રજાપતિ (બ્રહ્મા); તેમને જેમ તેમની પત્ની સરસ્વતી વશ વર્તે; તેમ ब्रह्माणम् એટલે બ્રાહ્મણ = વિપ્ર ભવભૂતિને પણ આ વાગ્દેવી વશ્યા– વશ વર્તતી સતીની જેમ અનુસરે છે.

મહાવીરચરિતમાં પણ કવિએ પોતાને માટે લખ્યું છે : वश्यवाचः कवेर्वाक्यं सा च रामाश्रया कथा । (૧–૪) ભવભૂતિની કવિ તરીકેની ખુમારી નોંધપાત્ર છે. કવિએ પોતાની વિદ્વત્તાનો પરિચય બતાવતું पदवाक्यप्रमाणज्ञः વિશેષણ વાપરવાની સાથે જ આ શ્લોકમાં જાહેર કર્યું છે કે પોતાને વાગ્દેવી સરસ્વતી

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

વશ વર્તે છે. આ સાંભળ્યા પછી પ્રેક્ષકો રામના જીવનનું ઉત્તરચરિત નાટ્યસ્વરૂપમાં–અભિનેયાર્થ કાવ્યસ્વરૂપમાં જોવા સમુત્સુક–સાવધાન બની જાય છે.

સૂત્રધાર કવિ અને કાવ્યના નામનો નિર્દેશ કરીને પ્રરોચનાનું કાર્ય પૂરું કર્યા પછી, તરત જ નાટક ભજવવાનું શરૂ કરે છે. તે જાહેર કરે છે : एषोऽस्मि कार्यवशाद् (नाटकप्रयोगानुरोधात्) आयोध्यकः तदानींतनश्च (= रामपट्टाभिषेककालीनः) संवृत्तः ।

સૂત્રધાર ક્ષણાર્ધમાં જ સૂત્રધાર મટી જઈને, રામના રાજ્યાભિષેક સમયનો જાણે કે અયોધ્યામાં નિવાસ કરતો એક સામાન્ય નાગરિક હોય તેમ પૃચ્છા કરે છે.

पौलस्त्यकुल–धूमकेतोः० 'રાવણના કુળને માટે ધૂમકેતુ સમાન'. બ્રહ્માના માનસપુત્રોમાં એક પુલસ્ત્ય હતા. આ પુલસ્ત્યનો પુત્ર તે વિશ્રવસ્ હતો અને વિશ્રવસ્‌નો પુત્ર રાવણ હતો. ધૂમકેતુ = પૂંછડિયો તારો. તેનું દર્શન અશુભ–વિનાશક મનાય છે. તો રામચન્દ્ર પણ રાવણના કુળને માટે ધૂમકેતુ જેવા હતા.

रात्रौ च दिवा च रात्रिंदिवम् । (અનિયમિત દ્વન્દ્વ સમાસ) દિવસ અને રાત. असंहृता आनन्दनान्दी (રામના રાજ્યાભિષેકનો આ એક એવો સમય છે કે) જેમાંથી આનન્દસૂચક નાન્દી–મંગલ ગીતો–ગવાતાં બંધ કરવામાં આવતાં નથી. चत्वरस्थानानि–ચાર રસ્તાઓ જ્યાં ભેગા મળતા હોય તેવાં સ્થાનો.

o o o

સૂત્રધાર આયોધ્યક બનીને, નટ જોડે કેટલીક વાતચીત કરે છે. તેમાંથી પ્રસ્તુત નાટકના સ્થળ, કાળ અને પરિસ્થિતિની કેટલીક મહત્ત્વની વિગતો આપણને–પ્રેક્ષકોને પ્રાપ્ત થાય છે. જેમકે, (રાવણને મારીને પાછા ફરેલા રામને, ભરતે રાજગાદી પાછી સોંપી અને રામનો રાજ્યાભિષેક થયો.) રામના રાજ્યાભિષેકનો આ પ્રસંગ એવો છે કે તેમાં આનંદસૂચક મંગલ ગીત, સંગીત સતત ચાલુ જ રહે. પણ આયોધ્યક બનેલા વિદેશી સૂત્રધારને સકૌતુક પ્રશ્ન થાય છે કે રામના અભિષેકનો આ સમય હોવા છતાંય નગરના ચાર રસ્તાઓ કેમ શાન્ત છે ? આના જવાબમાં 'નટ' પાસેથી જાણવા મળે છે કે રામે અત્યારે અયોધ્યામાંથી સૌને વિદાય આપી છે. જેમકે, લંકાના યુદ્ધના સૌ સાથીઓ, વિભીષણ વગેરે રાક્ષસો, બ્રહ્મર્ષિઓ, રાજર્ષિઓને વિદાય આપી છે. અરુન્ધતીને આગળ કરીને વસિષ્ઠ સહિત રામની સૌ માતાઓ જમાઈ ઋષ્યશૃંગના આશ્રમમાં ગઈ છે. રાજા જનકે પણ વિદેહ જવા આજે રજા લીધી છે. ભરી ભરી અયોધા ધીરે ધીરે ખાલી થવા લાગી છે અને પ્રથમ અંકના અંતભાગે તો રામ સીતાને પણ વિદાય આપવાના છે. કોઈ નાટકનો જાણે કે અંત હોય એવો આ નાટકનો આરંભ છે ! ખરેખર જ્યારે આ નાટક વિકસતું વિકસતું સાતમા અંક સુધી ગતિ કરશે ત્યારે તે વિખુટું

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પડેલું કુટુંબ લવ, કુશ અને ચન્દ્રકેતુ જેવા રઘુવંશના નવાંકુરો સહિત પરિવૃદ્ધિ પામીને ફરીથી એકત્ર થશે.

શ્લોક–૩ (અન્વય) : अरुन्धतीं पुरस्कृत्य वसिष्ठाधिष्ठिताः देव्यः रामस्य मातरः जामातुः यज्ञे आश्रमम् गताः ॥ वसिष्ठाधिष्ठिताः = વસિષ્ઠથી રક્ષાયેલી.

સૂત્રધાર કહે છે કે – હું વિદેશી છું એટલે પૂછું છું કે આ જમાઈ ક્યાં ?

અહીં કેટલીક હસ્તપ્રતો શ્લોક–૩માં નટની ઉક્તિ પૂરી થયા પછી, સૂત્રધારના મુખમાં एवमेतत् । વાક્ય મૂકે છે. ત્યાર પછી નટ ઉપરનો પ્રશ્ન પૂછે છે અને 'દશરથના જમાઈ કોણ ?' વગેરે માહિતી સૂત્રધાર આપે છે – એવી ગોઠવણ કરી છે. ડૉ. બેલવેલકરે પણ આ વ્યવસ્થા સ્વીકારી છે. પરંતુ આ બરાબર લાગતું નથી. કારણકે અગાઉ નટે જ 'અયોધ્યા કેમ ખાલી થઈ છે, સંગીતાદિ કેમ શાંત પડી ગયાં છે ?' એ પ્રશ્નનો જવાબ આપ્યો છે. આથી વિદેશી સૂત્રધારને, 'જમાઈ કોણ ?' એવા પ્રશ્નનો જવાબ નટ આપે તે વધારે તર્કસંગત છે.

શ્લોક–૪ (અન્વય) : राजा दशरथः शान्तां नाम कन्यां व्यजीजनत् । यज्ञे तां अपत्यकृतिकां (कन्यां) रोमपादाय ददौ ॥

वि + जन् નું પ્રેરક સાદા ભૂતકાળનું ત્રી. પુ. એકવચન अपत्यकृतिकाम्– (પોતાના) બાળકની જેમ જેને ઉછેરવામાં આવેલ છે. अपत्यस्य कृतिर्व्यापारः यस्याः । અથવા अपत्याय कृतिः ग्रहणं यस्याः ।

शान्ता – નામની કન્યા 'અંગદેશના રાજા રોમપાદની જ હતી' એવું વાલ્મીકિ રામાયણ કહે છે. પણ વિષ્ણુપુરાણ કહે છે કે શાન્તા દશરથની પુત્રી હતી અને પાછળથી તેમણે રાજા રોમપાદને દત્તક તરીકે આપી હતી. (यस्माद् अजपुत्रो दशरथः शान्तां नाम कन्याम् अनपत्याय (= रोमपादाय) दुहितृत्वे युयोज । (–विष्णु० ૪–૧૮) આ રોમપાદના અંગદેશમાં એક વખત દુષ્કાળ પડ્યો. આથી તેમણે વિભાંડક ઋષિના પુત્ર ઋષ્યશૃંગને જંગલમાંથી આકર્ષી લાવવા ગોઠવણ કરી. ઋષ્યશૃંગને અંગદેશમાં લાવીને, રોમપાદે દત્તક શાંતા કન્યાને તેની સાથે પરણાવી. આથી ખુશ થયેલા ઋષ્યશૃંગે એક યજ્ઞ કરાવ્યો અને તેના પરિણામે અંગદેશમાં વૃષ્ટિ થઈ. કાલાન્તરે આ જ ઋષ્યશૃંગે રાજા દશરથને ત્યાં પણ યજ્ઞ કરાવ્યો અને તેના પરિણામે રામ વગેરે પુત્રોનો જન્મ થયો. ભવભૂતિએ વિષ્ણુપુરાણનો ઉપયોગ કર્યો લાગે છે.

આ કથા મુજબ, ઋષ્યશૃંગ દશરથના જમાઈ થાય. તેણે આજકાલ બાર વર્ષના એક સત્રનો આરંભ કર્યો છે. જેમાં રામની સૌ માતાઓ અને કુલગુરુ વસિષ્ઠાદિ હાજરી આપવા ગયા છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

उपयेमे–પરણ્યો, उप+ यम्=આત્મનેપદી (૧–૩–૫૬) પરણવું કે સ્વીકારવું. कठोरगर्भाम् जानकीं विमुच्य । જાનકીને પૂરા દહાડા જતા હોવા છતાંય, તેને છોડીને ગુરુજનો યજ્ઞમાં ગયા છે. આ વિગતથી સૂચવાય છે કે લંકાયુદ્ધમાંથી પાછા ફર્યા પછી ગર્ભાધાન થયું હશે અને અભિષેકનો ઉત્સવ સાત–આઠ મહિના ચાલ્યો હશે.

સૂત્રધારને થાય છે કે આ બધી વાતથી આપણે શું ? આપણે તો આપણી જ્ઞાતિના રીવાજ અનુસાર રાજદ્વારે જ જઈને ઊભા રહીએ : स्वजातिसमयेन– ઘનશ્યામ કહે છે કે स्वजातेः नटजातेः समयेन । બીજા એક ટીકાકાર મુજબ स्वजात्याः चारणजात्याः समयेन राजस्तुतिरूपेण आचारेण । નટોએ–ચારણોએ તો રાજદ્વારે ઊભા રહીને રાજાનું યશોગાન કરવું, એ જ તેમને માટે કર્તવ્ય છે. આથી નટ પણ કહે છે કે તમે (સૂત્રધાર) સુપરિશુદ્ધ એવી 'ઉપસ્થાન–સ્તોત્ર–પદ્ધતિ'= (રાજા સામે) નજીક જઈને (બોલવાની) સ્તોત્રમાળા (રચી કાઢો).

અહીં, નટે જે 'સુપરિશુદ્ધ' સ્તોત્રમાળા રચવાની વાત કરી, એમાંથી નવો મુદ્દો ઉપસ્થિત થાય છે. તેના દ્વારા નાટકની મુખ્ય ઘટના અને તેના અંતનું સૂચન થાય છે. સૂત્રધાર કહે છે કે આપણે તો ફરજ બજાવવી રહી, બાકી નિંદા ટાળવાનું શક્ય નથી.

શ્લોક–૫ : व्यवहर्तव्यम्–વ્યવહાર = ફરજ તો બજાવવી જ જોઈએ. अवचनीयता = નિંદાની અપ્રાપ્તિં कुतः ક્યાંથી (શક્ય છે) ? આપણે તો ફરજ બજાવવા જતાં સુન્દર યશોવાણી પ્રયોજીશું, તથાપિ લોકો તો જેવી રીતે સ્ત્રીઓની બાબતમાં તેવી રીતે વાણીની–ગમે તેટલી સારી વાપરી હોય તો પણ તેની–બાબતમાં દુર્જન હોય છે.

નટ ઉશ્કેરાઈને બોલે છે : अतिदुर्जन इति वक्तव्यम् ।

શ્લોક–૬ : यतः (કારણ કે) देव्याम् वैदेह्याम् अपि जनः सापवादः रक्षोगृहस्थितिः (अपवादस्य) मूलम् अग्निशुद्धौ तु अनिश्चयः ॥ દેવી–રાજરાણી વૈદેહીને વિશે પણ લોકો નિંદા કરે છે. આથી લોકોને તો 'અતિદુર્જન' કહેવા જોઈએ એવો નટનો અભિપ્રાય છે. (અહીં કવિએ પરોક્ષ રીતે પોતાનાં અગાઉનાં નાટકોને પ્રમાણી–આસ્વાદી શકવામાં નિષ્ફળ ગયેલા પોતાના સમકાલિકો પ્રત્યે રોષ વ્યક્ત કર્યો છે એવો પણ ભાવ સમજવામાં આવે છે.) આ નિંદાનું મૂળ, સીતાનો રાક્ષસના ઘેર–અશોકવાટિકામાં–જે નિવાસ થયો તે છે અને અગ્નિ–પરીક્ષામાં લોકોને अनिश्चयः છે, વિશ્વાસ નથી.

किंवदन्ती–લોકવાયકા, (સીતાની) કહેવાતી નિંદા स्यन्देत्–સરકે તો (ફેલાતી ફેલાતી મહારાજ રામ સુધી જાય) कष्टं स्यात् । મોટી મુશ્કેલી ઊભી થાય. નટ કહે છે, सर्वथा ऋषयो देवताश्च श्रेयो विधास्यन्ति । 'બધી રીતે ઋષિઓ અને દેવતાઓ કલ્યાણ કરશે (જ).'

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અહીં સૂત્રધાર અને નટની વાતચીતમાંથી હવે પછી, સીતાત્યાગની મુખ્ય ઘટના બનવાની છે તેની ભૂમિકા પૂરી પાડવામાં આવી છે અને સાથે સાથે જ આવી કરુણ ઘટના બન્યા પછીય અંતે તો કલ્યાણ જ થશે–નાટકનો સુખાન્ત જ આવશે–એવું પણ કવિએ સૂચવ્યું છે. આ લોકોત્તર દમ્પતીનો સર્વથા નાશ થાય તે ઉચિત નથી. આથી ભવિષ્યમાં, આ વિખુટાં પડનારાં રામ–સીતાને ઋષિઓ અને દેવતાઓ ભેગાં કરી આપશે એવી શ્રદ્ધા વ્યક્ત કરવામાં આવી છે.

શ્લોક ૭ : स्नेहात् सभाजयितुम् एत्य, अमूनि दिनानि उत्सवेन नीत्वा, अद्य जनकः विदेहान् गतः । ततः विमनसः देव्याः परिसान्त्वनाय नरेन्द्रः धर्मासनात् वासगृहं विशति ॥

सभाजयितुम्–સત્કારવા, અભિનંદન આપવા. विदेहान् गतः । વિદેહ નામના રાજ્યમાં (જનક) પાછા ફર્યા છે. અહીં विदेह શબ્દ દેશવાચક હોઈ, તેને બહુવચનમાં મૂકવામાં આવ્યો છે. विमनसः = खिन्नायाः ખિન્ન થઈ ગયેલા–ઉદાસ. वासगृहम् – અન્તઃપુરમાં.

કવિએ આ શ્લોક દ્વારા, અયોધ્યાની વર્તમાન સ્થિતિમાં જનકની પણ ગેરહાજરી ઊભી થઈ છે અને રામ રાજ્યાસન ઉપરથી ઊઠીને અન્તઃપુરમાં ગયા છે એવી વિગતો આપણને આપી છે. આથી આવનારા દશ્યના સ્થળકાળની અને પાત્રોની સૂચના પ્રેક્ષકોને મળી રહે છે.

અહીં નાટકની 'પ્રસ્તાવના' પૂરી થાય છે.

પ્રસ્તાવના :

નટી, વિદૂષક કે નટ (દા.ત. અહીં 'મારિષ' તરીકે, સંબોધાયેલો નટ છે) જેને 'પારિપાર્શ્વક' પણ કહેવામાં આવેલ છે; તેમાંથી કોઈ એકની સાથે સૂત્રધાર વાતચીત કરતાં કરતાં જે નાટક ભજવવાનું હોય તેની રજૂઆત કરે તેને आमुख કે प्रस्तावना કહેવામાં આવે છે.

नटी विदूषको वापि पारिपार्श्वक एव वा ।
सूत्रधारेण सहिताः संलापं यत्र कुर्वते ॥

चित्रैर्वाक्यैः स्वकार्योत्थैः **प्रस्तुताक्षेपिभिर्मिथः** ।
'**आमुखं**' तत्तु विज्ञेयं नाम्ना '**प्रस्तावना**'ऽपि सा ॥

–साहित्यदर्पण (૬–૩૧, ૩૨)

'સાહિત્યદર્પણ'માં આ 'પ્રસ્તાવના'ના પણ પાંચ પ્રકારો પાડવામાં આવ્યા છે. તેમાંથી ઉત્તરરામચરિતની 'પ્રસ્તાવના'ના પ્રયોગાતિશય પ્રકારની છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પ્રસ્તાવનામાં મુખ્યત્વે કવિ અને કાવ્યના નામનો નિર્દેશ કરીને પ્રેક્ષકોને નાટક જોવા માટે તત્પર કરવામાં આવે છે. આને 'પ્રરોચના'નું કાર્ય કહેવાય છે. કવિ અને કાવ્યનો મહિમા ગાઈને, નાટક જોવાની રુચિ–ઉત્સુકતા–જન્માવવી એ ખૂબ જરૂરી છે. ત્યાર પછી, જે તે નાટકમાં આવનારી ઘટનાનાં પાત્રો, સ્થળ અને કાળની વિગતો પણ પ્રેક્ષકોને આપવી જરૂરી ગણાય. તથા સાથે સાથે નાટકના વિષયવસ્તુનો નિર્દેશ અને તેના પરિણામ–અંત–નું સૂચન પણ મૂકવું જોઈએ. ઉત્તરરામચરિતની પ્રસ્તાવનામાં, ઉપર્યુક્ત તમામ વિગતો આવી જાય છે.

અંક–૧ (દશ્ય–૧) :

અહીં પહેલા દશ્યમાં, અન્તઃપુરમાં બેઠેલા રામ સીતાને આશ્વાસન આપી રહ્યા છે; ત્યાંથી નાટકની શરૂઆત થાય છે.

શ્લોક ૮ : किन्तु (आहिताग्नीनां) अनुष्ठाननित्यत्वं स्वातन्त्र्यम् अपकर्षति। आहिताग्नीनां हि गृहस्थता प्रत्यवायैः संकटा ॥

વડીલોના જવાથી, ખાસ કરીને જનકના વિદેહગમનથી ખિન્ન થયેલી સીતાને રામ સમજાવી રહ્યા છે : આહિતાગ્નિ=અગ્નિહોત્રી વ્યક્તિઓએ રોજે રોજ એટલાં બધાં 'નિત્યકર્મ' (=જે કરવાથી પુણ્ય ના મળે, પણ ન કરવાથી પાપ જરૂર મળે) કરવાનાં હોય છે કે તેમનું સ્વાન્ત્ર્ય ખુંચવાઈ જાય છે. (તેઓ ઇચ્છા થાય એટલા દિવસ ગમે ત્યાં નિવાસ કરી શકતા નથી.) प्रत्यवाय વિઘ્નો. संकटा गृहस्थता= સંકટોથી ભરેલી ગૃહસ્થતા હોય છે.

ત્રણ પ્રકારના અગ્નિઓ પવિત્ર ગણાયા છે : દક્ષિણાગ્નિ, ગાર્હપત્ય અને આહવનીય.

रामभद्र...રામ અને સીતા વાતચીત કરતાં હોય છે ત્યાં કંચુકી આવીને 'રામભદ્ર' એવું સંબોધન કરીને, પછી ભૂલ સુધારીને 'દેવ' કહે છે. દશરથનો જૂનો સેવકવર્ગ રામને હજી રાજા–દેવ તરીકે સંબોધવા ટેવાઈ ગયો નથી અર્થાત્ રામ હજી નવાનવા જ રાજા બન્યા છે. આથી 'દેવ' કહેવાને બદલે પહેલાં 'રામભદ્ર' એવું બોલી જવાય છે, પરંતુ રામ વિનમ્ર છે. પોતાના પિતાનો સેવકવર્ગ (તાતપરિજન) 'રામભદ્ર' જ કહે, એ તેમને ગમશે.

કંચુકી ખબર લાવ્યો છે કે ઋષ્યશૃંગના આશ્રમેથી અષ્ટાવક્ર આવ્યા છે. સીતા તરત કહે છે : તો કેમ વિલંબ કરવામાં આવે છે ? સીતાને એમ નથી લાગતું કે તેની ખાનગી પળોમાં કોઈક વિઘ્ન નાખે છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

દશ્ય – ૨ (અષ્ટાવક્ર પ્રસંગ) :

અષ્ટાવક્રના આગમનથી (પહેલા અંકનું) બીજું દશ્ય શરૂ થાય છે.

૧. અષ્ટાવક્રના આગમન પછી, સૌથી પહેલાં કુશલ-પૃચ્છા થાય છે. પહેલાં સીતા પોતાની નણંદ–આર્યા શાન્તા–વિષે પ્રશ્ન પૂછે છે અને પછી રામ પોતાના બનેવી–ભગવાન ઋષ્યશૃંગ–વિષે કુશળ પ્રશ્ન પૂછે છે ! સૌ કુશળ છે એટલું જાણ્યાથી સીતાને સંતોષ થતો નથી. તે આગળ પૂછે છે : अस्मान् वा स्मरति ? અમને યાદ કરે છે કે ?! કવિએ બહુ ટૂંકા સંવાદમાં જ સીતાની કુટુમ્બવત્સલતાને ઉદ્‌ઘાટિત કરી છે.

૨. (अ) અષ્ટાવક્ર 'અમને યાદ કરે છે કે ?' એવા સીતાના પ્રશ્નના જવાબમાં જ જણાવે છે કે તેને "વીરપુત્રોને જન્મ આપનારી થા" એવો આશીર્વાદ વસિષ્ઠે મોકલ્યો છે.

શ્લોક–૯ : भगवती वसुन्धरा भवतीम् असूत । प्रजापतिसमः राजा जनकः ते (= तव) पिता (अस्ति) । हे नन्दिनि, तेषां पार्थिवानां त्वम् वधूः असि येषां (पार्थिवानां) कुलेषु सविता वयं च गुरुः ॥

સીતા જન્મની બાબતમાં બહુ મોટી છે, કેમકે પૃથ્વીએ તેને જન્મ આપ્યો છે. તેનો (પાલક) પિતા પણ પ્રજાપતિ–બ્રહ્મા–જેવો–રાજા જનક છે. અને તે રઘુવંશીય રાજાઓની પુત્રવધૂ છે, કે જે રઘુકુળમાં સૂર્ય અને વસિષ્ઠ જેવા કુલગુરુઓ છે. (રઘુવંશના રાજાઓ સૂર્યવંશના હતા તેનો અહીં નિર્દેશ છે.) આવી મહાન વ્યક્તિને ખોળે વીરપુત્રો જન્મે એવી વસિષ્ઠ વગેરે આશા સેવી રહ્યા છે.

केवलं वीरप्रसवा भूयाः । કેવળ "વીર (પુત્ર)ને જન્મ આપનારી" તું થા. અહીં वीरप्रसवा બહુવ્રીહિ સમાસ છે. તેમાંના वीर શબ્દથી પુત્ર થશે એવું સૂચવાય છે, પણ કેટલા પુત્ર થશે ? તે (સમાસને કારણે) અપ્રકટ રહે છે. भूयाः । આશીર્વાદાર્થક વિધ્યર્થ બીજો પુરુષ એકવચન. અહીં (૨अમાં) **વસિષ્ઠે** સીતાને શું કહેવડાવ્યું છે, તેની રજૂઆત છે.

શ્લોક–૧૦ : लौकिकानां साधूनाम् वाग् अर्थम् अनुवर्तते । आद्यानां पुनः ऋषीणां वाचम् अर्थः अनुधावति ॥

સમાજના સજ્જન લોકોની વાણી તો અર્થને અનુસરનારી હોય છે. (તેઓ વસ્તુને જોઈને પછી, તે પ્રમાણે બોલતા હોય છે, જેથી ખોટા પડવાનો પ્રસંગ ઊભો ના થાય.) પરંતુ આદ્ય ઋષિઓની બાબતમાં આવું નથી. તેઓ તો જે બોલે, તે પ્રમાણે તેને અર્થ અનુસરે છે. ટીકાકાર વીરરાઘવ કહે છે કે तपस्विनाम् उक्तिः हि तपःप्रभावेण अनासन्नमप्यर्थम् (= નજીક ના હોય તેવા પદાર્થને પણ)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

उत्पादयतीति भावः । બીજા એક ટીકાકાર લખે છે : प्रसन्नानाम् ऋषीणां मुखाद् यद् एव निःसरति, तपःसिद्धिबलेन तद् एव फलति । न कदाचित् युक्तं निष्फलं भवतीति भावः ॥

કવિએ લૌકિકાનાંના વિરોધમાં વૈદિકાનાં એમ મૂક્યું નથી. પણ વસિષ્ઠને માટે 'આદ્ય ઋષિ' એવું વિશેષણ વાપર્યું છે. ઋગ્વેદના મન્ત્રોને જોનારા ઋષિઓમાં વસિષ્ઠનો ઉલ્લેખ છે.

"રજોગુણથી પર એવી પરા વાણી ભવભૂતિનો આદર્શ છે...સ્વચ્છ ચિત્તવાળા પરમ સત્યના ઉપાસક ઋષિઓની આવી વાણીમાં અવ્યાહત સત્ય રહેલું હોય છે, તેથી તેમની આકસ્મિક રીતે બોલાયેલી વાણીને પણ અર્થ અચૂક અનુસરે છે એમ તે માને છે. નાટકના પ્રવાહને મંગળની દિશામાં વાળવામાં ભવભૂતિની વાણી ઉપરની આવી શ્રદ્ધાએ પણ ઘણું કામ કર્યું છે."(બુદ્ધિપ્રકાશ, ઑક્ટો. ૧૯૬૫, પૃ. ૩૩૩ થી ૩૩૭)

૨. (ब) અરુન્ધતી, રામની માતાઓ અને આર્યા શાન્તાએ–સ્ત્રીવર્ગે–રામને સંદેશો કહેવડાવ્યો છે કે સીતાને કોઈ ગર્ભદોહક–ઈચ્છા–થાય તો અવશ્ય જલદી પૂર્ણ કરવો. दोहदम्–અમરકોશ આ શબ્દને નપુંસકલિંગ માને છે : अथ दोहदम् । इच्छा कांक्षा स्पृहेहा तृट् । પરંતુ બીજા કોશગ્રન્થો તેને પુલિંગ પણ જાહેર કરે છે. અમરકોશ ઉપરની વ્યાખ્યા સુધા–ટીકામાં લખ્યું છે કે अयम् इच्छामात्रवाच्यपि, विशेषेण गर्भिणीच्छायां प्रयुज्यते ॥ 'दोहदः' એવો શબ્દ ઈચ્છામાત્ર માટે વાપરી શકાય; પરંતુ તે ગર્ભિણી સ્ત્રીને થતી ઈચ્છા માટે જ ખાસ કરીને વપરાતો જોવા મળે છે.'

रामः क्रियते यदेषा कथयति । 'આ (સીતા) **જ (કંઈ) કહે છે તે** બધું– કરીએ છીએ.' અહીં यद्येषा (= જે કહે તે) એવું પાઠાન્તર પણ છે. કેટલાકને यद्येषा પાઠ ઠીક લાગે છે. કેમકે શ્રી જોશી લખે છે કે "સીતા કાંઈ પોતાને માટે માગણી કરે એવી છે જ નહિ, એ 'જો'થી સૂચવાય છે અને એથી અંકને અંતે સીતા કાંઈ નહિ તો મહેણું ટાળવા પણ એકાદ માગણી કરવા પ્રેરાય છે." (પૃ. ૧૫) પરંતુ આ પાઠ-यद्येषा કેવળ બે ટીકાકારોમાં જ પ્રચલિત જણાય છે.

૨. (क) રામ સામે ચાલીને અષ્ટાવક્રને પૂછે છે કે–(ભગવાન વસિષ્ઠે જેમ 'સીતાને વીરપુત્રોને જન્મ આપનારી થા' એવો આશીર્વાદ મોકલ્યો છે તેવી રીતે) વસિષ્ઠે મને કંઈ આજ્ઞા મોકલાવી નથી ?

શ્લોક ૧૧ : આ શ્લોકમાં અષ્ટાવક્ર રામને વસિષ્ઠનો સંદેશો સંભળાવે છે : ૧. वयम् जामातृयज्ञेन निरुद्धाः । २. त्वं बाल एव असि । ३. राज्यं च नवं (अस्ति) । (अतः), (त्वं) प्रजानाम् अनुरञ्जने स्याः; तस्मात् यत् यशः, (तत्) वः परमं धनम् ॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

રઘુવંશના રાજાઓને લોકારાધન કરવું–પ્રજાનું કલ્યાણ કરવું એ કુલવ્રત છે અને તેનાથી જે યશ પ્રાપ્ત થાય તે તેમને માટે ધન છે. રામ આ જાણતા જ હશે. પરંતુ વસિષ્ઠને આ કુલવ્રત–પ્રજાના અનુરંજનનું વ્રત–યાદ કરાવવાનાં ત્રણ કારણો છે, જે પહેલી પંક્તિમાં મૂક્યાં છે. આમાં રામને બાલ–બિનઅનુભવી–કહ્યા છે. બીજું, વસિષ્ઠ જેવા કુલગુરુની સલાહ પણ અત્યારે સુલભ નથી, કેમકે તેઓ અયોધ્યાની બહાર છે. ત્રીજું, રાજ્ય નવું છે. અર્થાત્ પ્રજાને, રાજા તરીકે તમારો હજુ કોઈ અનુભવ થયો નથી.

રામ પ્રત્યુત્તર વાળે છે કે ભગવાન મૈત્રાવરુણિ જે કહે છે, તે પ્રમાણે (જ) વર્તવામાં આવશે.

मैत्रावरुणिः । વસિષ્ઠ ઋષિ મિત્ર (= સૂર્ય) અને વરુણના પુત્ર ગણાયા છે. मित्रश्च वरुणश्चेति मित्रावरुणौ । (દ્વન્દ્વ સમાસમાં પૂર્વપદનો અંતિમ સ્વર દીર્ઘ કરવામાં આવે છે.) तयोः मित्रावरुणयोः अपत्यं पुमान् इति मैत्रावरुणिः ।

શ્લોક–૧૨ : लोकस्य आराधनाय स्नेहं (च), दयां च, सौख्यं च, यदि वा जानकीम् अपि मुञ्चतः नास्ति मे व्यथा ॥ લોકોના આરાધન માટે–લોકોને ખુશ રાખવા માટે, मुञ्चतः= છોડતાં, ત્યજતાં.

લોકારાધન કરવા માટે રામ કેટલી હદ સુધી દૃઢપ્રતિજ્ઞ છે એ સાંભળીને, સીતા જે પ્રતિભાવ આપે છે તે ખૂબ સૂચક છે : **સીતા**–अत एव राघवधुरंधर आर्यपुत्रः । 'આથી તો, આર્યપુત્ર–રામ–રઘુકુળમાં શિરોમણિ છે.' આ ઉક્તિને સમજાવતાં શ્રી જોશી લખે છે કે "સીતા રામના ઉદાત્ત રાજધર્મ ઉપર વારી જાય છે, પણ એ જ તેને વસમો નીવડવાનો છે. આ ઉદ્ગારોમાં ગ્રીક નાટ્યકવિ સોફોક્લિસના જેવી irony–કટાક્ષકલા છે." (પૃ. ૧૭) પરંતુ સીતાના પ્રતિભાવનું આ વિશ્લેષણ ઉચિત જણાતું નથી. સીતા તો રામની ધર્મપત્ની છે. આથી 'લોકારાધન કરવું' એ જો રામનો કુલધર્મ–રાજા તરીકેનો જીવનધર્મ–હોય તો, ધર્મપત્ની (અને રાણી) તરીકે સીતાની પણ એ ફરજ છે કે તે (સીતા)ને ધર્મપાલનમાં સહભાગી બને; જરૂર પડે રામથી છુટા પડીને પણ. રામને કુલધર્મ બજાવવા તત્પર જોઈ સીતા હરખાય છે, રામને પ્રશંસે છે તેમાં ગર્ભિત (અથવા કહો કે અગર્ભિત) રીતે તે પોતેય કુલધર્મના પાલનમાં સહધર્મચારિણી તરીકે રામની પડખે જ ઊભી છે એની સ્પષ્ટ જાહેરાત છે.

o o o

સીતાનો ત્યાગ કર્યાથી, સીતાના હૃદયમાં પરિત્યાગનું શલ્ય ખૂંપી જાય છે અને પરિણામે સીતા માનસિક રીતે રામથી જુદી પડે છે–પછી કાલક્રમે 'રામે બીજાં

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

લગ્ન કર્યાં નથી, પણ સીતાની હિરણ્યમયી પ્રતિકૃતિ મૂકી છે' એવું સાંભળીને સીતાના તે હૃદયશલ્યનું ઉન્મૂલન થાય છે, રામ-સીતાનો પુનઃ મનમેળ થાય છે– વગેરે વગેરે વિધાનો કરતાં પહેલાં, સીતાએ નાટકના આરંભે જ ધર્મપત્ની– સહધર્મચારિણી તરીકે જે ઉપર્યુક્ત તૈયારી બતાવી છે તે અતીવ નોંધપાત્ર છે.

o o o

ત્યાર પછી, અષ્ટાવક્રને વિશ્રામ કરાવવા માટે મોકલી આપવામાં આવે છે. ત્યાં જ લક્ષ્મણનો પ્રવેશ થાય છે.

દૃશ્ય – ૩ (ચિત્રવીથિકા–પ્રસંગ) :

કવિ ભવભૂતિએ પ્રસ્તુત નાટકમાં રામના ઉત્તરજીવનની ઘટનાઓને નાટ્ય વિષય બનાવ્યો છે. પરંતુ, તે શરૂ થાય એ પૂર્વે અહીં (પ્રથમ અંકના ચિત્રવીથિકા પ્રસંગમાં) રામના પૂર્વજીવનને–રામસીતાના દંડકારણ્યવાસના દિવસોને–ભીંતચિત્રો દ્વારા આલેખવાનો ઉપક્રમ સ્વીકાર્યો છે. આ ભીંતચિત્રો જોતાં જોતાં રામ અને સીતાએ ભાવનાત્મક અદ્વૈત અનુભવ્યું છે. પહેલા અંકમાં વર્ણવેલું રામ અને સીતાનું આ આંતરિક અદ્વૈત (પહેલા અંકના અંતે) સ્થૂળ દૃષ્ટિએ છુટા પડ્યા પછીય અક્ષુણ્ણ રહ્યું છે તે બતાવવા ત્રીજા અંકની ખાસ રચના કરવામાં આવી છે. બેથી સાત અંકો પ્રયોજ્યા છે.

o o o

લક્ષ્મણ રંગભૂમિ ઉપર આવીને, રામને જણાવે છે કે 'અર્જુન' નામના ચિત્રકારે મારા કહ્યા મુજબ આર્ય–રામ–નું ચરિત ચિત્રવીથિકામાં દોર્યું છે. તો આપ જુવો. રામ લક્ષ્મણને અભિનંદે છે કે દેવી સીતાને ખુશ કરવાના ઉપાયો તું ઠીક જાણે છે, પરંતુ એ ચિત્રો ક્યાં સુધીના પ્રસંગોને આવરી લે છે.

લક્ષ્મણ કહે છે : यावद् आर्यायाः हुताशने विशुद्धिः । 'આર્યા સીતાની અગ્નિમાં પરીક્ષા થઈ ત્યાં સુધીની (ઘટનાઓને ચિત્રબદ્ધ કરવામાં આવી છે.)'– આ નાટકની મુખ્યઘટના–સીતાત્યાગ–ના ભણકારા છેક પ્રસ્તાવનાથી વાગી રહ્યા છે. તેનું લક્ષ્મણની આ ઉક્તિથી પુનરુદ્દીપન કરવામાં આવ્યું છે. લક્ષ્મણની આ ઉક્તિની બીજી તરફ એ પણ અસર છે કે આ ઉક્તિના અનુસંધાનમાં રામને એ જણાવવાની તક મળે કે સીતાને શુદ્ધિની–પરીક્ષાની જરૂર જ નથી. આમ રામ વ્યક્તિગત રીતે–એમના અંતઃકરણથી માને છે કે સીતા પવિત્ર જ છે.

શ્લોક–૧૩ : उत्पत्तिपरिपूतायाः अस्याः (सीतायाः) पावनान्तरैः किम् (प्रयोजनम्) ? तीर्थोदकं च वह्निः च अन्यतः शुद्धिम् न अर्हतः ॥

उत्पत्तिपरिपूतायाः = જન્મથી માંડીને જ. पावनान्तरैः = પવિત્ર કરનારા બીજા

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પદાર્થોથી શું પ્રયોજન ? देवयजनसम्भवे = દેવોનું પૂજન કરવાની (યજ્ઞ) ભૂમિમાંથી જન્મેલી, હે સીતા. देवाः इज्यन्ते अत्र इति देवयजनं यज्ञभूमिः । देवयजनात् सम्भवः यस्याः सा देवयजनसम्भवा । जीवितावधिः प्रवादः । જ્યાં સુધી જીવે ત્યાં સુધીનું કલંક.

શ્લોક–૧૪ : कुलधनैः (अस्माभिः) कष्टा जनः अनुरञ्जनीयः । नः तत् = तस्माद् यद् अशुभं उक्तम्, न हि तव तत्क्षमम् (अस्ति) । सुरभिणः कुसुमस्य नैसर्गिकी स्थितिः मूर्ध्नि सिद्धा, चरणैः अवताडनानि न (योग्या स्थितिः) ॥

કુલને–યશને–ધન માનનારા અમારા (રઘુવંશના રાજાઓ) વડે (૧) 'કષ્ટપ્રદ' લોકોને (कष्टः जनः) ખુશ કરવાના હોય છે. અથવા બીજા એક પાઠાન્તર મુજબ– (૨) કુલને ધન માનનારા અમારા વડે "અરેરે" (कष्टम्), લોકોને ખુશ કરવાના હોય છે. અથવા ત્રીજા પાઠાન્તર મુજબ, (૩) કુલને ધન માનનારાઓ વડે "દુઃખી થયેલી (क्लिष्टो जनः) વ્યક્તિ (=સીતા)ને ખુશ કરવાના હોય છે.

અહીં પહેલા પાઠાન્તર મુજબ, રામે સીતાની અગ્નિપરીક્ષા લીધી હતી તેનું જાણે કારણ આપતા હોય તેમ લોકોને કષ્ટપ્રદ–કઠિન હૃદયના કહ્યા છે. પરંતુ રામ આવું कष्टः વિશેષણ લોકોને માટે વાપરે તે યોગ્ય લાગતું નથી. બીજા પાઠાન્તર મુજબ कष्टम् એવા અવ્યયથી, જાણે કે રામ અફસોસ વ્યક્ત કરતા હોય એવું લાગે છે. શ્રી જોશી લખે છે : કુલની કીર્તિ એ જ જેનું ધન છે, તેમને હાથે લોકોનું અનુરંજન થવું ઘટે. એ કર્તવ્ય કેવું કઠણ–કેવું કપરું છે ! कष्टम् (અવ્યય) વૈયક્તિક દુઃખનો 'અરેરે!' 'હા', 'કેવું કઠણ !'–એવો કષ્ટસૂચક ઉદ્ગાર. અહીં એ આત્મદયાનો સૂચક હોવા કરતાં પોતાને માથે આવી પડેલું કર્તવ્ય કેવું કપરું છે તેની સભાનતાનો સૂચક છે. (પૃ. ૧૯)' આ પાઠ ઠીક લાગે છે. ત્રીજા પાઠાન્તર મુજબ, દુઃખી થયેલી (क्लिष्टो जनः) વ્યક્તિ અર્થાત્ સીતાનું અનુરંજન કુલધનોએ કરવાનું હોય છે એવું રામ કહે છે. આ જો સીતાનું વિશેષણ હોય– ગણીએ તો તે ત્રીજી-ચોથી પંક્તિના ઉદાહરણ સાથે બરાબર બંધ બેસે છે. આ પાઠ વીરરાઘવે સ્વીકારેલો છે.

આ શ્લોકમાં એક પ્રખ્યાત અર્થાન્તરન્યાસ અલંકાર જોવા મળે છે.

जृम्भक-अस्त्राणि = જાદુઈ શક્તિવાળું ફેંકવાનું આયુધ, જેના પ્રભાવથી શત્રુસૈન્ય બગાસાં ખાવા માંડે છે, આલસ્યથી ઘેરાઈ જાય છે. આ જૃમ્ભકાસ્ત્રો સૌથી પહેલાં કૃશાશ્વ નામના ઋષિ પાસે હતાં. તેમણે તે અસ્ત્રો કૌશિક = વિશ્વામિત્રને આપ્યાં હતાં. પાછળથી તાડકાવધ પ્રસંગે વિશ્વામિત્રે તે અસ્ત્રો રામને સોંપ્યાં હતાં.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

શ્લોક–૧૫ : ब्रह्मादयः पुराणाः गुरवः ब्रह्महिताय परः सहस्राः शरदः तपांसि तप्त्वा, एतानि (अस्त्राणि) स्वानि एव तपोमयानि तेजांसि अपश्यन् ॥

परःसहस्राः–सहस्रात् पराः । અનિયમિત સમાસ છે, અને શરદ્ નું વિશેષણ બને છે. पारस्कर(६–१–१५७) શબ્દની જેમ અહીં પણ परની પાછળ स् ઉમેરાય છે અને राजदन्तादिषु परम् । ૨–૨–૩૧ સૂત્ર અનુસાર परस् શબ્દનો પૂર્વનિપાત થાય છે.

સીતા જૃમ્ભકાસ્ત્રોને વંદન કરે છે, એટલે રામે આશીર્વાદ રૂપે બોલતાં કહ્યું કે–सर्वथा इदानीं त्वत्प्रसुतिम् उपस्थास्यन्ति । 'હવે પછી, આ અસ્ત્રો તારી (=સીતાની) સંતતિની સેવામાં રહેશે.' આ નાનો સરખો પ્રસંગ નાટકીય દૃષ્ટિએ મહત્ત્વનો છે. આગળ ઉપરના અંકોમાં, લક્ષ્મણના પુત્ર ચંદ્રકેતુ સાથે યુદ્ધ થતાં રામના પુત્ર લવે તેનો પ્રયોગ કર્યો છે અને પાછળથી 'આ રામના પુત્રો હશે' એવા અભિજ્ઞાનમાં તે ઉપકારક બને છે. સીતાના ગર્ભમાંથી જન્મેલા લવ અને કુશ એ રામના જ પુત્રો છે-એ સિદ્ધ કરવા આ જૃમ્ભકાસ્ત્રો પ્રબળ પ્રમાણ બને છે. આ અસ્ત્રોનો આવો ઉપયોગ ભવભૂતિએ પોતાની કલ્પનાથી કર્યો છે. વાલ્મીકિ કે કાલિદાસમાં આ નથી.

ચિત્રો જોતાં જોતાં જે 'મિથિલાવૃત્તાંત' શરૂ થયો છે તે ખૂબ રોચક છે. Domestic Dramaના નિદર્શ તરીકે 'ઉત્તરરામચરિત' કદાચ બેનમૂન છે. બે વેવાઈઓના સંબંધો કેવા મધુર છે ?! તે જોવું રસપ્રદ છે : રાજા જનક અને તેમના કુલગુરુ ગૌતમ શતાનંદ રઘુકુળના ગુરુ વસિષ્ઠ વગેરેને પૂજે છે !

ગૌતમ અને અહલ્યાના પુત્ર તે 'શતાનન્દ' છે. जनक શબ્દ કુટુમ્બ–એક કુળનો વાચક છે. સીતાના પિતાનું ખરું નામ તો 'સીરધ્વજ' હતું. तत्कृत–गोदानमंगलाः चत्वारः भ्रातरः ।

લગ્નપૂર્વે વાળ કાપવાનો એક વિધિ–તેને 'ગોદાનમંગલ' કહેવામાં આવે છે. એ વિધિનું બીજું નામ केशान्त પણ છે. अथास्य गोदानविधेरनन्तरं विवाहदीक्षां निरवर्तयद् गुरुः । રઘુવંશ (૩–૩૩). અહીં મલ્લિનાથ લખે છે કે – गावो लोमानि केशा दीयन्ते खण्ड्यन्तेऽस्मिन् इति व्युत्पत्त्या गोदानं नाम ब्राह्मणादीनां षोड़शादिषु वर्षेषु कर्तव्यं, केशान्ताख्यं कर्मोच्यते ॥ બીજા એક ટીકાકારના મતે–विवाहात् प्राक्गोवितरणरूपो मंगलहेतुः क्षत्रियाणाम् आचारविशेषः ॥

રામ અને સીતા વિવાહદીક્ષાનો પ્રસંગ ચિત્રમાં જોઈને તલ્લીન થઈ જાય છે, સમય અને સ્થળ ભૂલી જાય છે. રામને સીતાનો કમનીય કંકણ પહેરેલો હાથ મૂર્તિમાન્ મહોત્સવ જેવો લાગે છે (**શ્લોક–૧૮**).

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

રામ સીતાને પરણ્યા, ભરત માંડવીને પરણ્યા, શત્રુઘ્ન શ્રુતકીર્તિને પરણ્યા અને લક્ષ્મણ ઊર્મિલાને પરણ્યા. આ ચાર દમ્પતીઓને જોઈને સીતા ખુશ થાય છે. પરંતુ લક્ષ્મણે પોતાની ભાભીઓને ચિત્રમાં બતાવ્યા પછી, પોતાની પત્ની ઊર્મિલાનો ઉલ્લેખ ટાળ્યો. એટલે સીતા તરત જ પૂછે છે : वत्स इयम् अपरा का ? આ (લક્ષ્મણની બાજુમાં જે છે) તે કોણ છે ? સીતા પોતાના દીયરની મીઠી મશ્કરી કરે છે. ભવભૂતિના નિર્મળ–ઉજ્જવળ હાસ્યનો નમૂનો આ સંવાદમાં જોવા મળે છે.

લક્ષ્મણ સીતાને ભાર્ગવ પરશુરામ બતાવે છે અને કહેવા જાય છે કે રામે તેમને જીત્યા હતા. ત્યાં વચ્ચે જ રામ તેને રોકી લે છે અને કહે છે કે બીજું ઘણું જોવાનું–બતાવવાનું છે. આ સાંભળીને સીતા પોતાના પતિના વિનયમાહાત્મ્ય ઉપર વારી જાય છે.

લગ્નવિધિ પૂરો થયા પછી, સૌ અયોધ્યામાં પાછા ફર્યા એ ચિત્ર આવે છે. તે જોઈ રામ ભૂતકાળની એ સુખદ પરિસ્થિતિને સ્મરે છે : **(શ્લોક ૧૯)** નવી નવી પત્નીઓ પરણી લાવ્યા હતા, પિતાજી જીવતા હતા, માતાઓ પુત્રો અને પુત્રવધૂઓનાં સુખસગવડની કાળજી રાખતી હતી. પરંતુ...ते हि नः दिवसाः गताः । "આપણા તે (સુખી) દિવસો ગયા." હવે તો તે દિવસો માત્ર યાદ કરવાના જ રહ્યા. કવિ ઉમાશંકરની એક કાવ્યપંક્તિ છે : "માણ્યું તેનું સ્મરણ કરવું એ જ છે એક લ્હાણ."

શ્લોક–૨૦ : तदा इयम् जानकी अपि–प्रतनुविरलैः दशनमुकुलैः, प्रान्तोन्मीलन्–मनोहरकुन्तलैः मुग्धालोकं मुखम् दधती (इयम् जानकी तदा) शिशुः (आसीत्) । ज्योत्स्नाप्रायैः ललितललितैः अकृत्रिमविभ्रमैः मधुरैः अङ्कैः मे अम्बानां कुतूहलम् अकृत ॥

प्रान्ते उन्मीलन्तः मनोहराः कुन्तलाः (= केशाः) येषाम् । છેડાના ભાગેથી ઊડતા મનોહર કેશવાળું. दशनाः = दन्ताः, मुकुलाः इव દાંત રૂપી કળીઓવાળું, मुग्धः = सुन्दरः, आलोकः = दर्शनम् यस्य ।

અગાઉ જેમ રામે પરશુરામવૃત્તાન્ત વિષે બોલવું–જોવું ટાળ્યું હતું, તેવી રીતે મન્થરાનું ચિત્ર આવતાં કૈકયીનો પ્રસંગ પણ રામે કાપી કાઢ્યો અને સીધું, શૃંગવેરપુરમાં ઇંગુદીવૃક્ષ નીચે નિષાદપતિ 'ગૂહ' સાથેની મૈત્રીનું ચિત્ર ધ્યાન ઉપર લીધું. આ વખતે, લક્ષ્મણને રામનું સૌજન્ય–કૈકેયી વિષે ઉદાસીનતા–સ્પર્શી જાય છે.

ભગવતી ભાગીરથી ગંગાનું ચિત્ર જોતાં જોતાં રામ બોલે છે **(શ્લોક–૨૩)**: अगणिततनुतापं तपांसि तप्त्वा, अचिराद् हे भगवति ! भगीरथः, सगराध्वरे

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(= सगरस्य यज्ञे) तुरगविचयव्यग्रान् उर्वीभिदः कपिलमहसाम्, अमर्षात् प्लुष्टान्, तव अद्भिः स्पृष्टान् पितुः पितामहान् च (त्वं, हे भगवति) उददीधरत् ॥

तुरगविचयव्यग्रान्–(યજ્ઞનો) ઘોડો શોધવામાં વ્યગ્ર થયેલા, उर्वीभिदः = પૃથિવી ખોદનારા, प्लुष्टान् – બળી ગયેલા, उददीधरत् = તમે ઉદ્ધાર કર્યો હતો.

દેવી ગંગાને રામ વિનંતિ કરે છે કે–

हे अम्ब, सा त्वं अरुन्धती इव स्नुषायाम् सीतायां शिवानुध्यानपरा भव ।

स्नूषा–પુત્રવધૂ. "હે ગંગામાતા, અરુન્ધતીની જેમ, પુત્રવધૂ સીતાના કલ્યાણની કાળજી રાખજે." આ વાક્યથી રામે જે વિનંતિ કરી છે, તે પાછળના અંકોમાં ચરિતાર્થ થાય છે. રામે તો પહેલા અંકના અંતે સીતાનો ત્યાગ કરી દીધો છે, પરંતુ ગંગા, પૃથ્વી, ઋષિઓ વગેરેએ સીતાની સંભાળ રાખવાનું કાર્ય હાથ ધર્યું છે તથા સાતમા અંકમાં રામ અને સીતાને ભેગાં કરી આપવાનું કાર્ય પણ કર્યું જ છે. મંગલ અંતનાં બીજ, અનિષ્ટાપત્તિ થતાં પૂર્વે જ પહેલા અંકમાં રોપાયેલાં છે.

चित्रकूट–यायिनि वर्त्मनि=ચિત્રકૂટ જવાના માર્ગ ઉપર.

શ્લોક–૨૪ : अध्वसंजातखेदाद्, अलसलुलितमुग्धानि, अशिथिल परिरम्भैः दत्तसंवाहनानि, परमृदितमृणालीदुर्बलानि अङ्गकानि मम उरसि कृत्वा त्वं यत्र (यस्मिन् प्रदेशे) निद्राम् अवाप्ता ।

अध्वन्–માર્ગ. अलसलुलितमुग्धानि–થાકને કારણે લોથપોથ થયેલાં, છતાંય મુગ્ધ–સુન્દર (એવાં તારાં અંગો). આ પદ अङ्गकानिનાં વિશેષણો છે. अशिथिल–શિથિલ નહીં તેવાં અર્થાત્ ગાઢ, परिरम्भैः–આલિંગનો વડે दत्तसंवाहनानि–જેમની (જે અંગોની) ચંપી કરવામાં આવી છે. परिमृदितमृणाली–મસળેલી કમળની દાંડલી જેવાં અંગોને. त्वं निद्राम् अवाप्ता । તું સૂઈ ગઈ હતી.

विराधसंरोधः–'વિરાધ' નામના રાક્ષસ સાથેનું યુદ્ધ.

શ્લોક–૨૫ : गिरिनिर्झरिणीतटेषु एतानि तानि वैखानसाश्रिततरूणि तपोवनानि (सन्ति) । येषु (तपोवनेपु) नीवारमुष्टिपचना अतिथेयपरमाः शमिनः गृहिणः गृहाणि भजन्ते ।

निर्झरिणी–નદી, वैखानस–ઋષિમુનિઓ. नीवारमुष्टिपचना–મુઠ્ઠીભર ખડધાન્ય રાંધનારા, आतिथेयपरमः–અતિથિનો સત્કાર કરવામાં તત્પર, शमिनः– શમપ્રધાન, સંયમી (ગૃહસ્થીઓ ઘરોમાં રહે છે).

લક્ષ્મણ પ્રસ્રવણ પર્વત તરફ અંગુલિનિર્દેશ કરે છે. अविरल–જૂજ નહીં તેવા–ગીચ, अनोकह–निवह–વૃક્ષોનો સમૂહ. परिसर–સીમાડો, अरण्यपरिणद्ध–गोदावरी–અરણ્યોથી ઘેરાયેલી ગોદાવરી(ની), मुखर-कन्दरः–મુખરિત થયેલી,

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ગાજતી કંદરાઓવાળો, संततम् अभिष्यन्दमान–સતત વરસતા, मेघमेदुरितनीलिमा–મેઘને લીધે ગાઢ બનેલી નીલિમાવાળો; मध्यग–મધ્યમાં આવેલો (આ 'પ્રસ્રવણ' નામનો પર્વત છે.)

શ્લોક–૨૬ : (हे) सुतनु ! तस्मिन् पर्वते लक्ष्मणेन प्रतिविहितसपर्यासुस्थयोः (आवयोः) तानि अहानि, (त्वं) स्मरसि ?। तत्र सरसनीरां गोदावरीं नदीं वा त्वं स्मरसि ? तद् (= तस्य पर्वतस्य) उपान्तेषु आवयोः वर्तनानि (= परिभ्रमणानि) च (त्वं) स्मरसि (किम्) ?॥

જેમાં લક્ષ્મણે આપણી સેવા (सपर्या) કરી હતી અને એ કારણે આપણે બન્ને (सुस्थयोः) નિરાંતે રહી શક્યા હતા, તે યાદ આવે છે ? રામ પોતાના વનવાસના, પણ નિરાંતના દિવસો બહુ ભાવથી યાદ કરે છે. અને વળી,

શ્લોક–૨૭ : आसत्तियोगाद् किमपि किमपि मन्दं मन्दं, अविरलितकपोलं अक्रमेण जल्पतोः, अशिथिलपरिरम्भव्यापृतैकैक–दोष्णोः (आवयोः), अविदित–गत–यामा रात्रिः एव व्यरंसीत् ॥

आसत्तियोगात्–નજીક નજીક હોવાને કારણે, સામીપ્યયોગે अविरलित–कपोलम्–ગાલ ઉપર ગાલ ટેકવીને, अशिथिल–परिरम्भ–व्यापृतैकैक–दोष्णोः–અશિથિલ અર્થાત્ ગાઢ, આલિંગનમાં જે (આપણા બે)નો હાથ વ્યસ્ત હતો, (તેવા આપણા બેની) રાત્રિ– रात्रिः एव व्यरंसीत् ।–જ પસાર થઈ ગઈ.

આ શ્લોકના અનુસન્ધાનમાં એક દંતકથા છે : ભવભૂતિએ "ઉત્તર–રામચરિત" લખી કાઢ્યા પછી, તે કવિ કાલિદાસને સંભાળવવા ગયા. તે સમયે કાલિદાસ ચોપાટ રમતા હતા. આખું નાટક સાંભળ્યા પછી, કાલિદાસે આ શ્લોકમાં એક ફેરફાર સૂચવ્યો. જેમકે, "આ શ્લોકમાં रात्रिः एवं व्यरंसीत् માંથી एवंનો અનુસ્વાર કાઢી નાખવો જોઈએ." અર્થાત્ रात्रिः एवं व्यरंसीत्–"રાત્રિ એવી રીતે વીતી"–એને બદલે रात्रिः एव व्यरंसीत्–'રાત્રિ પોતે જ વીતી ગઈ" એવો ચમત્કૃતિપૂર્ણ અર્થ પ્રાપ્ત થયો. અલબત્ત, આ કથાનું એક દંતકથા તરીકે જ મૂલ્ય છે. તે સાચી નથી, કેમકે કાલિદાસ અને ભવભૂતિ સમકાલિક ન હતા.

આ દંતકથા કલ્પિત છે. તથાપિ ઇ.સ. ૧૧૯૬ની નેપાળમાંથી મળેલી હસ્તપ્રતને પ્રમાણભૂત માનીને, પ્રોફે. શ્રી બેલવેલકર एवं પાઠને સ્વીકારે છે. પણ આ સિવાયની હસ્તપ્રતોમાં અને ટીકાકારોમાં एववाળો જ પાઠ છે; તથા ભવભૂતિએ વાલ્મીકિ (ઉત્તરકાંડ ૯૮-૨૮)માંથી પ્રેરણા લઈને આ શ્લોક લખ્યો છે.

સુખદ સંભારણાં જોયા પછી, શૂર્પણખા વગેરેનાં ચિત્રો શરૂ થાય છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

સીતાને થાય છે કે બસ આટલે સુધી પતિનો સહવાસ ભોગવ્યો છે. શૂર્પણખાના પ્રસંગ પછી વિયોગ થયો હતો. કવિએ અહીં ભવિષ્યમાં થનારા વિયોગનું સૂચન કર્યું છે.

શ્લોક–૨૮ : विकलकरणैः आर्यचरितैः ग्रावा अपि रोदिति वज्रस्य हृदयम् अपि दलति ॥ "વ્યાકુળ ઈન્દ્રિય(=કરણ)વાળા આર્ય (રામ)ના વર્તનથી પથ્થર પણ રડે છે અને વજ્રનું હૈયું પણ દળાઈ જાય છે."

ભવભૂતિના આ શ્લોકના અનુસંધાનમાં ગોવર્ધનાચાર્યે એક શ્લોક બનાવ્યો છે :

भवभूतेः सम्बन्धाद्भूधरभूरेव भारती भाति ।
एतत्कृतकारुण्ये किमन्यथा रोदिति ग्रावा ॥

"ભવભૂતિ સાથેના સંબંધથી ભારતી = સરસ્વતીદેવી તો જાણે હિમાલયપુત્રી (પાર્વતી) જ હોય એવી લાગે છે. એવું ન હોય તો, આના (ભવભૂતિના) રચેલા કરુણરસમંડિત 'ઉત્તરરામચરિત' નાટકથી પથ્થરો શી રીતે રડવા લાગે ?!" ટૂંકમાં, ભવભૂતિનો ઉપરનો શ્લોક (૨૮) જોઈને વિવેચકો એવું કહેવા પ્રેરાયા છે કે ભવભૂતિની કૃતિ તો પથ્થરને પણ રડાવે છે.

શ્લોક–૨૯ : अयं ते= तव बाष्पौघः, त्रुटितः मुक्तामणिसरः इव विसर्पन् जर्जरकणः धाराभिः धरणीं लुठति । भराध्मातहृदयः आवेगः निरुद्धः अपि, स्फुरद्–अधर नासापुटतया परेषाम् उन्नेयः भवति ॥

અહીં भरेण आध्मातं हृदयं येन । ભારથી જેણે હૃદય ભરી દીધું છે (તેવો આવેગ). स्फुरन्तः अधरः नासापुटौ च यस्य सः । આ શ્લોકમાં રામના અશ્રુપ્રવાહને તૂટેલી મોતીની સેરની ઉપમા આપી છે.

શ્લોક–૩૦ : આ શ્લોકમાં રામ પોતાને એક જ ઘટના કેવી બે રીતે દુઃખદ બની છે તેનું વર્ણન કરે છે. तत्काल–प्रियजन–विप्रयोग–जन्मा दुःखाग्निः । तस्मिन् काले प्रियजनस्य (सीतायाः) विप्रयोगेण (विरहेण) जातः दुःखाग्निः प्रतिकृतिवांच्छया विसोढः । सः दुःखाग्निः पुनः मनसि विपच्यमानः हृन्मर्मव्रणः इव वेदनां करोति ॥ प्रतिकृति = બદલો/વેર (લેવાની વાંછા–ઈચ્છાથી). विसोढः–સહી લીધો. विपच्यमानः = વધતો, ભભૂકી ઊઠેલો.

રાવણ સીતાનું અપહરણ કરીને લઈ ગયો, તે વખતે તો એ વિરહદુઃખ બદલો લેવાની ઈચ્છાથી સહી લીધું. પણ એ જ ઘટનાનું ચિત્ર દ્વારા થયેલું સ્મરણ આજેય ફરીથી, હૃદય ઉપરનું મર્મવ્રણ–મર્માઘાત હોય તેમ દુઃખ પહોંચાડે છે.

લક્ષ્મણ–એક મન્વંતર જેટલા પુરાણા–વૃદ્ધ–જટાયુ તરફ અંગુલિનિર્દેશ કરે છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

मन्वन्तर–मनूनाम् अन्तरं अधिकारकाल: मन्वन्तरम् । પુરાણોની ગણતરી મુજબ મનુષ્યોનું એક વર્ષ તે દેવોનો એક દિવસ છે. ચાર યુગ (સત્યુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ અને કળિયુગ) એટલે ૧૨,૦૦૦ દિવ્ય વર્ષો, અર્થાત્ ૪,૩૨૦,૦૦૦ મનુષ્યોનાં વર્ષો. બ્રહ્માનો એક દિવસ એટલે ૧૦૦૦ યુગોનો સમૂહ. આવા બ્રહ્માના એક દિવસમાં ૧૪ મનુ હોય છે. પરિણામે પ્રત્યેક મન્વન્તરમાં ચાર યુગોનાં ૭૧ આવર્તનો થાય છે. (૧૦૦૦ x ૧૪). मन्वन्तरं तु दिव्यानां युगानाम् एकसप्तति:– इति अमर: ॥

सीता–हा तात, निर्व्यूढ: ते अपत्यस्नेह: । "અરે પિતા !– વૃદ્ધ ગીધરાજ જટાયુ–તમારો સંતાનો માટેનો સ્નેહ નિર્વ્યૂઢ = પરાકાષ્ઠાએ પહોંચ્યો હતો." જટાયુએ રાવણને રોકીને, સીતાને બચાવવા પ્રયત્ન કર્યો હતો. (ભૂતકાળમાં પણ આ જટાયુએ રાજા દશરથનો એકવાર બચાવ કરેલો. આથી રામ જટાયુને માટે તાત એવું સંબોધન વાપરે છે.)

શ્લોક–૩૧ : मल्लिकाक्ष–पक्ष–व्याधूत॰– "મલ્લિકાક્ષ નામના પંખીની પાંખથી હાલેલા." નીલરંગના પગ અને નીલરંગની ચાંચવાળા પક્ષીને 'મલ્લિકાક્ષ' કહેવામાં આવે છે.

પમ્પા સરોવરની પાસે આવેલા ઋષ્યમૂક પર્વત સુગ્રીવ નામના વાનરશ્રેષ્ઠની સાથે મારુતિ–હનુમાન્ રહેતા હતા. સીતા ભાવપૂર્વક, ઉપકારના ભાવથી હનુમાનત્‌ના ચિત્ર તરફ જુએ છે. રામ પણ (શ્લોક ૩૨)માં એ જ ભાવ વ્યક્ત કરે છે : यस्य (अञ्जनानन्दवर्धनस्य) वीर्येण वयं च भुवनानि च कृतिन: (सन्ति) ॥

શ્લોક–૩૩ : શ્રી મ. ન. દ્વિવેદી અને પ્રો. બેલવેલકર એવું માને છે કે આ શ્લોકની પહેલી બે લીટીઓ લક્ષ્મણ બોલે છે અને ત્રીજી લીટીના પહેલા બે શબ્દો आर्येणास्मिन् ને બદલે, वत्सैतस्मात् એવા બે શબ્દો લે છે. અર્થાત્ તે વિદ્વાનોના મતે वत्सैतस्मात्‌થી શરૂ થતી શ્લોકના ઉત્તરાર્દ્ધની બે લીટીઓ રામની ઉક્તિ છે.

वत्सैतस्मात्‌ને બદલે आर्येणास्मिन् એવો પાઠ વધુ ઉચિત લાગે છે. પણ તે પાઠ કેવળ ટીકાકારો દ્વારા સ્વીકૃત છે; એને હસ્તપ્રતોની પાઠ પરંપરાનું સમર્થન નથી. શ્રી જોશી લખે છે કે, "પણ आर्येणास्मिन्–એટલો ટુકડો લક્ષ્મણ બોલે અને એ સુરભિવંત નીલમેઘથી આલિંગિત, માલ્યવાન ગિરિ ઉપર રામે વિરહમાં કેવો વસમો સમય વિતાવ્યો હતો તેનું વર્ણન કરવા જાય ત્યાં રામ એને વચ્ચેથી વિરમ વિરમ એમ બે વાર કહી રોકે એ વધુ સ્વાભાવિક છે. वत्सैतस्मात्‌થી બોલવું શરૂ કર્યા પછી બેવાર વિરમ કહેવામાં એનું જોર બહુ રહેતું નથી." (પૃ. ૪૧) વળી, રામ લક્ષ્મણને બોલતાં વચ્ચેથી જ અટકાવે તેમાં સંવાદતત્ત્વ પણ રહેલું છે. બન્ને નટો બે બે લીટી

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

બોલે તેમાં વાચિક અભિનયનો અંશ આકર્ષક બનતો નથી. પરંતુ ઉપર કહ્યું તેમ આ ફેરફારો રંગકર્મી કલાકારોએ કરેલા જણાય છે.

o o o

શ્લોક ૩૩ પછી ચિત્રદર્શન પ્રસંગ પૂર્ણ થાય છે. આ ચિત્રવિથીકામાં ફર્યા પછી નાયક–નાયિકા ઉપર બે ચોક્કસ અસરો થઈ છે. (૧) સીતાને આ ચિત્રો જોયા પછી પ્રસન્નગંભીર વનરાજિમાં ફરવાની અને ભગવતી ભાગીરથીમાં અવગાહન કરવાનો દોહદ થયો તથા (૨) નાયક રામ (થોડીક મિનિટો પછી, અંતઃપુરમાં પોતાના હાથ ઉપર સીતા સૂઈ જાય છે ત્યારે) સીતા સાથે પોતાનું અદ્વૈત અનુભવે છે. બીજા શબ્દોમાં કહીએ તો–"પહેલા અંકમાં જ ચિત્રદર્શન પછી, હજી વિદાયની વાત પણ ઊભી થાય તે પહેલાં अद्वैतं सुख-दुःखयोः (શ્લોક–૩૯) આદિ ઉદ્‌ગારોમાં રામ પોતાના સીતા સાથેના દામ્પત્યના અદ્વૈતને સંવેદે છે." (બુદ્ધિપ્રકાશ, સપ્ટેમ્બર, ૧૯૮૦, પૃ. ૩૫૫). (આ ઉપરાંત–(૩) ચિત્રદર્શન દરમ્યાન રામે ગંગાને વિનંતિ કરી કે તમે સીતાની સંભાળ રાખજો, તથા (૪) 'સીતાની સંતતિની સેવામાં જૃમ્ભકાસ્ત્રો ઉપસ્થિત થશે' એવો રામનો આશીર્વાદ–એ ચિત્રદર્શન પ્રસંગમાં વણાયેલા બીજા બે મહત્ત્વના મુદ્દાઓ છે, કે જેમણે નાટકને સુખાન્ત તરફ વાળવામાં સહાય કરી છે તથા પિતા રામને પોતાના પુત્રોના પ્રત્યભિજ્ઞાનમાં સહાય કરી છે.)

सीता–जाने पुनरपि प्रसन्नगम्भीरासु वनराजिषु विहृत्य, पवित्रसौम्यशिशिरावगाहां भगवतीं भागीरथीम् अवगाहिष्ये ॥

ચિત્રવીથિકાનાં ચિત્રો જોયા પછી, સીતાને ગંગામાં અવગાહન કરવાની જે ઈચ્છા–દોહદ–થયો, તેનો કવિએ નાટ્યાત્મક ઉપયોગ કર્યો છે. સીતા–પરિત્યાગ માટે રામને કોઈ બહાનું ઊભું કરવું પડતું નથી. એટલે કે સીતાનો દોહદ પૂર્ણ કરવાના છદ્મ નીચે રામ લક્ષ્મણ દ્વારા સીતાનો ત્યાગ કરી દે છે.

વળી, તે જ ચિત્રવીથિકાદર્શનથી જેણે અદ્વૈત અનુભવી લીધું છે, એવા રામ સીતાને સ્થૂળ રીતે દૂર કરવામાં ખચકાટ અનુભવતા નથી. આ આખા પ્રસંગમાં કવિની વસ્તુગૂંથણીની કળાનાં દર્શન થાય છે. વળી, શ્રી જોશી કહે છે..."બહુ જણાઈ ન આવે એ રીતે, પણ કૌશલપૂર્વક કવિએ 'આવ્યો મારે ફરીથી વળી શું જાનકીનો વિયોગ ?' એવા (શ્લોક ૩૩) રામના ઉદ્‌ગાર આગળ ચિત્રદર્શનની સમાપ્તિ કરી છે."

o o o

રામ લક્ષ્મણને રથ લાવી સીતાનો દોહદ પૂર્ણ કરવાની આજ્ઞા આપે છે અને લક્ષ્મણ રંગ ઉપરથી વિદાય લે છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અહીંથી પહેલા અંકનું **ચોથું દશ્ય** શરૂ થાય છે : રામ અને સીતા અન્તઃપુરમાં એકલાં બેઠાં છે.

શ્લોક–૩૪ : ससाध्वस–श्रम–स्वेद–बिन्दुः, ऐन्दव–मयूख–चुम्बित–स्यन्दि–चन्द्रमणिहार–विभ्रमः, (माम्) जीवयन् इव (अयं तव) बाहुः, (मम) अधिकण्ठम् अर्प्यताम् ॥

ऐन्दवमयूख – ચન્દ્રમાંથી નીકળતાં કિરણો. એવો કવિસમય છે કે ચંદ્ર-કિરણોના સ્પર્શથી 'ચન્દ્રકાન્ત' નામના મણિઓનો હાર દ્રવે છે. जीवयन् इव बाहुः–મને (રામને) જિવાડતો હોય તેવો (આ તારો સીતાનો) હાથ. अधिकण्ठम्–कण्ठे इति । કંઠ ઉપર (અવ્યયીભાવ સમાસ). (ત્રીજા અંકમાં આપણે જોઈશું કે સીતાના હાથનો સ્પર્શ ખરેખર રામને માટે સંજીવન ઔષધ છે.)

શ્લોક–૩૫ : विषविसर्प :– ઝેરનો ફેલાવો. સીતાના હાથનો સ્પર્શ જ એવો છે કે રામ તેને નિશ્ચિતપણે ઓળખી શકતા જ નથી. તે સ્પર્શ परिमूढे-न्द्रियगणः– ઇન્દ્રિયોના સમૂહને પરિમૂઢ કરનારો છે.

શ્લોક–૩૬ : રામ સીતાના હાથના સ્પર્શને સંજીવક તરીકે સંવેદે છે. મ્લાન–કરમાયેલા–જીવન રૂપી પુષ્પને ખીલવનાર છે. વળી, संतर्पणानि सकलेन्द्रियमोहनानि છે. અર્થાત્ બધી ઈન્દ્રિયોને માટે સંતર્પક હોવાની સાથે જ તે, સીતાનો સ્પર્શ, ઈન્દ્રિયોને મોહ પમાડનારો પણ છે. सरोरुह–સરોવરમાં ખીલનાર અર્થાત્ કમળ. सरोरुहाक्षि–કમળ જેવાં નેત્રોવાળી (સંબોધન પદ). સીતા સૂવાની ઇચ્છા કરે છે અને ઓશીકાની શોધ કરે છે, પણ રામ કહે છે : **(શ્લોક ૩૭)** किम् अन्वेष्टव्यम् ? एष रामबाहुः ते उपधानम् (अस्ति) । શું શોધવાનું હોય ? આ રામનો હાથ જ તારું (સીતાનું) હંમેશનું ઓશીકું (उपधानम्) છે. स्वापहेतुः–સુવાના કામમાં આવતો–ઊંઘાડનારો. उपधीयते शिरः यत्र तद् उपधानम् ।

ક્ષણાર્ધમાં તો સીતા રામના હાથ ઉપર સૂઈ જાય છે. કેવો સ્નેહ, કેવો વિશ્વાસ !! રામ પણ આશ્ચર્ય અનુભવે છે : कथं प्रसुप्ता एव ॥

શ્લોક–૩૮ : इयं (सीता), (मम) गेहे लक्ष्मीः (अस्ति) । इयं (मम) नयनयोः अमृतवर्तिः (अस्ति) । अस्यां (सीतायाः) असौ स्पर्शः (रामस्य) वपुषि बहुलः चन्दनरसः (अस्ति) । (सीतायाः) अयं शिशिरमसृणः मौक्तिकसरः बाहुः (अस्ति) ॥ अस्याः (सीतायाः) किम् न प्रेयः यदि परम् असह्यः तु विरहः ॥

लक्ष्मीः– પ્રથમા એકવચન (માં વિસર્ગ ચાલુ રહે છે.) अमृतवर्तिः–અમૃતસળી. वर्तिर्भेषजनिर्माणे नयनाञ्जनलेखयोः એવું મેદિનીમાં કહ્યું છે. शिशिर–શીતળ અને मसृणः કોમળ. मौक्तिकसरः– મોતીની માળા. રામ સીતાની

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ઉપસ્થિતિ પોતાના ઘરમાં લક્ષ્મી સમાન છે, તેનું દર્શન આંખોને અમૃતસળી સમું છે, તેનો સ્પર્શ ચંદન જેવો છે એમ વગેરે વગેરે જણાવે છે. પણ એ જ સીતાનો વિરહ અસહ્ય છે એમ જાહેર કરે છે. ત્યાં જ, પ્રતીહારી અન્તઃપુરમાં પ્રવેશીને સહસા બોલે છે : देव, उपस्थितः । " દેવ, આવી પહોંચ્યો છે." અહીં રામનો (શ્લોક–૩૮નો) છેલ્લો શબ્દ विरहः અને પ્રતીહારીનું વાક્ય–'देव, उपस्थितः ।' સાથે સાથે જોડાઈ જાય છે. જાણે કે "વિરહ આવી પહોંચ્યો" એવું પ્રતિહારી કહી રહ્યો છે. ખરેખર પ્રતિહારી તો એમ કહેવા આવ્યો હોય છે કે 'દેવ, દુર્મુખ આવી પહોંચ્યો છે.' આમ બે જુદા જુદા સન્દર્ભમાં બોલાયેલાં બે વાક્યો ભેગાં થઈને, એક ત્રીજું જ વાક્ય બની જાય છે અને જે ચમત્કૃતિ સર્જાય છે એને નાટ્યશાસ્ત્રીઓએ पताकास्थानक તરીકે ઓળખાવ્યું છે. ભવભૂતિનું આ પતાકાસ્થાનક સંસ્કૃતનાટ્યસાહિત્યમાં બહુ પ્રચલિત બન્યું છે. ભરતમુનિએ પતાકાસ્થાનકની વ્યાખ્યા આ પ્રમાણે આપી છે : यत्रान्यस्मिन् युज्यमाने तल्लिङ्गेभ्यः प्रयुज्यते । आगन्तुकेन भावेन पताकास्थानकं तु तत् ॥

राम–शुद्धान्तचारी=અન્તઃપુરમાં ફરનારો/રહેનારો अपसर्पः–ગુપ્તચર.

દુર્મુખ એક તરફથી આવી રહ્યો છે અને બીજી બાજુ, રામ જુએ છે કે સીતાને ચિત્રદર્શનથી જન્મેલી વિરહભાવના સ્વપ્નમાં પણ ઉદ્‌વેગ પહોંચાડી રહી છે. રામ કોઈક અલૌકિક ભાવે જગત્‌માં સરકી પડે છે. એમને अद्वैत–દાંપત્યસ્નેહનું અપરોક્ષ દર્શન થાય છે : **(શ્લોક–૩૯)** अद्वैतं–सुखदुःखयोः.......। आवरणस्य अत्ययात्– આવરણના સરકી જવાથી, ગયા પછી. कथमपि–મહામુશ્કેલીથી. શ્લોક–૩૮માં રામે સીતાને प्रेयोदृष्टिથી જોઈ હતી. શ્રી જોશી લખે છે કે "प्रेयोदृष्टिને કાંઈક વટાવીને દામ્પત્યનું કરેલું દર્શન સ્ત્રી–પુરુષ સંબંધના આ ઉદાત્ત દર્શન આગળ જ રામને સીતાનો ત્યાગ કરવા માટેનું કારણ મળે છે. જો કે કિંવદન્તી સાંભળીને રામ તરત તો મૂર્છા પામે છે, તેમ છતાં એમના હૃદયમાં ઊંડો વિશ્વાસ જામેલો પડ્યો છે કે કેમે કરીને મળેલું દામ્પત્યનું ભદ્ર એમ સહેજે (સીતાનો ત્યાગ કરવો પડે તો પણ) નાશ પામવાનું નથી." (પૃ. ૫૧)

દુર્મુખ આવીને પોતે જે નગરચર્ચા સાંભળીને આવ્યો છે, તેનાથી રામને વાકેફ કરવાનું મુશ્કેલ કાર્ય કરે છે. મૂળ વાલ્મીકિના રામાયણમાં આ ગુપ્તચરનું નામ 'ભદ્ર' છે, પરંતુ ભવભૂતિએ તેના નામમાં ફેરફાર કરી દીધો છે.

મૂળ રામાયણમાં નીચે મુજબ શ્લોકો મળે છે :

रामः– ततः कथायां कस्यांचिद्राघवः समभाषत ।
का: कथा नगरे भद्र वर्तन्ते विषयेषु च ॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ममाश्रितानि काऽन्याऽहुः पौरजानपदा जनाः ।
कां च सीतां समाश्रित्य भरतं किं च लक्ष्मणम् ॥
राघवेणैवमुक्तस्तु भद्रः सुरुचिरं वचः ।
प्रत्युवाच महाबाहुं प्राञ्जलिः सुसमाहितः ॥

भद्रः – शृणु राजन् यथा पौराः कथयन्ति शुभाशुभम् ।
कीदृशं हृदये तस्य सीतासम्भोगजं सुखम् ।
अङ्कमारोप्य तु पुरा रावणेन बलाद् धृताम् ॥
अस्माकमपि दारेषु सहनीयं भविष्यति ।
यथा हि कुरुते राजा प्रजास्तमनुवर्तते ॥

(उत्तरकाण्ड : ४३ सर्ग)

o o o

કવિ ભવભૂતિએ દુર્મુખ પાસે કશું પ્રકટ બોલાવડાવ્યું નથી. તેણે રામના કાનમાં સીતાના અપવાદ વિષે કહ્યું છે. રામ અફસોસ અનુભવે છે **(શ્લોક–૪૦)** કે રાવણના ઘરમાં નિવાસ થવા રૂપી વૈદેહીના દૂષણને પહેલાં તો અદ્‌ભુત ઉપાયો–ક્ષાત્રવીર્ય–થી શમાવ્યું. રાક્ષસોનો વધ કર્યો અને સીતાને છોડાવી. પરંતુ दैवदुर्विपाकात्=ખરાબ નસીબને કારણે તે પરગૃહ–વાસદૂષણ आलर्कं विषम् इव पुनरपि सर्वतः प्रसृप्तम् ॥ आलर्क–હડકાયું કૂતરું. તેના ઝેરની જેમ (કાલાન્તરે) ફરીથી ચારે બાજુએ (નગરીમાં) વ્યાપી વળ્યું છે.

રામ પોતાના ધર્મની શોધ કરે છે. **શ્લોક–૪૧** અને **૪૨**માં રામ વિચારે છે કે સજ્જનોને માટે લોકારાધન કરવું એ જ ઉત્તમ કાર્ય છે. જે કાર્ય મારા પિતાએ મને (વનમાં મોકલીને) તથા પ્રાણોને ત્યજીને પણ કર્યું હતું. વળી, સૂર્યવંશોદ્‌ભૂત આ રાઘવકુળમાં મારા–રામને–કારણે કોઈ કલંક ના લાગવું જોઈએ. રામ દુર્મુખને આજ્ઞા આપે છે કે–

ब्रूहि लक्ष्मणम्–एष ते नूतनो राजा रामः समाज्ञापयति (कर्णे) एवमेवम् ।

રામ, કે જેમની પાસે સલાહ આપનાર કુલગુરુ વસિષ્ઠ અને રામમાતાઓ હાજર નથી તેમણે સીતાત્યાગ માટેનો નિર્ણય દુર્મુખના કર્ણમાં કહ્યો અને લક્ષ્મણને એક જ્યેષ્ઠભ્રાતા તરીકે નહીં, પણ “નૂતન રાજા” તરીકે આ કામ પાર પાડવાની આજ્ઞા આપી.

એક તરફ રામ સીતાને हा देवि देवयजनसंभवे, हा पावक–वसिष्ठारुन्धती–

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પ્રશસ્તશીલશાલિનિ જેવાં સંબોધનો કરીને, સૂચવે છે કે રામને મન સીતા પવિત્ર છે અને બીજી તરફ તે 'નૂતન રાજા' તરીકે એનો ત્યાગ કરવાનો નિર્ણય લે છે.

રામે પોતાના દામ્પત્ય સ્નેહને સમય વીતતાં અર્કરૂપે સ્થિર થયેલો જોઈ, અનુભવી લીધા પછી, પ્રેમધર્મ રાજ્યકાર્ય ચલાવવામાં વિસંવાદી બનીને આવી ઊભો છે એવું લાગ્યું જ નથી. તેથી જ તે (વસિષ્ઠ વગેરેને જે દહેશત હતી કે રામ લોકારાધન કરવામાં ક્યાંક ઊણા ન ઊતરે, તેને નિર્મૂળ કરતા હોય તેમ) નૂતન રાજા તરીકે સીતાત્યાગનો સ્વાભાવિક રૂપે જ (કોઈ પણ સંઘર્ષ અનુભવ્યા વિના) નિર્ણય લે છે.

પ્રેમધર્મ રાજધર્મને વિસંવાદી બનીને આવી ઊભો છે એવું રામને લાગ્યું જ નથી. એનો સીધો પુરાવો, હવે પછીના તરતના દુર્મુખ સાથેના સંવાદમાં જ મળે છે : દુર્મુખ રામનો નિર્ણય સાંભળીને અફસોસ અનુભવે છે. તે બોલે છે કે દેવે દુર્જનનાં વાક્યોથી દેવીને માટે કેવો નિર્ણય કર્યો ? રામ પ્રજાને માટે વપરાયેલું 'દુર્જન' વિશેષણ સાંભળી શકતા નથી. તેઓ તરત દુર્મુખને વઢી કાઢે છે : कथं दुर्जनाः पौरजानपदाः ? (આવાં જ બીજાં વાક્યો પણ નોંધપાત્ર છે. જેમકે, हे भगवन्तः पौरजानपदाः,

न किल भवतां देव्याः स्थानं गृहेऽभिमतं तत–
स्तृणमिव वने शून्ये त्यक्ता न चाप्यनुशोचिता ।
चिरपरिचितास्ते ते भावाः परिद्रवयन्ति मा-
मिदमशरणैरद्याप्येवं, प्रसीदत, रुद्यते ॥(३–३२)

વળી, જો ખરેખર રાજધર્મના પાલનમાં પ્રેમધર્મ અવરોધક બન્યો હોત તો રામે તે અફવાખોરોને પકડીને જેલમાં પૂરી દીધા હોત.

o o o

શ્લોક–૪૪ : प्रजानां इक्ष्वाकुवंशः अभिमतः । दैवाद् वचनीयबीजम् जातम् । विशुद्धिकाले (लङ्कायां) यत् च अद्भुतं कर्म (भूतम्), तद् यदि दूरवृत्तम् (तर्हि) कः प्रत्येतु ॥

वचनीयबीजम्–અફવા/નિંદાનું બીજ. લંકામાં અગ્નિપરીક્ષા લીધી તે વિશુદ્ધિ સમયે જે અદ્ભુત કર્મ–સીતાનો અગ્નિપ્રવેશ અને તેમાંથી અક્ષત પસાર થઈ જવા રૂપી કર્મ થયું તે તો અયોધ્યાની પ્રજાથી ઘણું દૂર થયું હતું. તેથી લોકોને તેમાં વિશ્વાસ કેવી રીતે બેસે ?!– રામ પ્રજાની વકીલાત કરે છે ! લોકોનું વર્તન સ્વાભાવિક જ છે એમ રામ જુવે છે.

શ્લોક–૪૫ : (अहम्) शैशवात् प्रभृति पोषितां, सौहृदाद् अपृथगाश्रयाम्.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

इमाम् प्रियां, छद्मना मृत्यवे परिददामि । (यथा)–सौनिके गृहशकुन्तिकाम् इव (परिददामि) ॥

સૌહૃદને કારણે બીજા કોઈને આશ્રયે નહીં રહેનારી, छद्मना = બહાના હેઠળ બનાવટથી. सौनिके=કસાઈને. शकुन्तिका = નાનું પંખીડું.

શ્લોક–૪૭ : मर्मोपघातिभिः प्राणैः हृदि वज्रकीलायितम् । મર્મસ્થાનને છેદી નાખનાર પ્રાણો જાણે કે હૃદયમાં વજ્રના ખીલાની જેમ ખૂંપી ગયા છે. कील = ખીલો (कीलायते–નામધાતુ બનાવીને, તેનું કર્મણિ ભૂતકૃદન્ત બનાવ્યું છે).

(यूयम्) मुषिताः स्थ–તમે સૌ (રામ વડે) લૂંટાઈ ગયા છો.

શ્લોક–૪૯ : विस्रम्भ–વિશ્વાસ. आतंक–स्फुरित–कठोर–गर्भ–गुर्वीम्=આતંક–ત્રાસને કારણે ફરકતા પૂર્ણ ગર્ભના ભારથી ભરેલી (સીતાને), (अहम्) निर्घृणः (रामः) क्रव्याद्भ्यो बलिम् इव क्षिपामि ॥ निर्घृण = નિર્દય. क्रव्याद्भ्यः = માંસ ખાનારાઓને.

દશ્ય–૫ : ત્યાં જ નેપથ્ય (પડદા પાછળથી)માંથી અવાજ આવ્યો : अब्रह्मण्यम् अब्रह्मण्यम् । લવણ નામના રાક્ષસના ત્રાસથી થાકેલું ઋષિઓનું ટોળું રામની મદદ માંગવા આવ્યું હોય છે. આ પ્રસંગ રામને રંગભૂમિ ઉપરથી વિદાય લેવા માટેનું આવશ્યક નિમિત્ત પૂરું પાડે છે. સંસ્કૃત નાટકકારો નાયક જ્યારે શોક/કરુણની સ્થિતિમાં ભાંગી પડતો હોય અને કાર્યવેગ અટકી જવાની સ્થિતિમાં હોય ત્યારે, વીરરસનો ઉપયોગ કરે છે. (દા.ત. શાકુન્તલના છઠ્ઠા અંકના અંતે માતલિ દ્વારા પકડાતાં વિદૂષકનો અવાજ). તેવી જ રીતે અહીં કલાત્મક રીતે પ્રથમ અંકનો અંત કલ્પાયો છે. બીજું, આ લવણ રાક્ષસને મારવા મોકલવામાં આવેલો શત્રુઘ્ન છેક સાતમા અંકમાં ફરીથી ઉપસ્થિત થશે. ત્યાં અનેક સુખદ પ્રસંગોના સમાગમમાં, શત્રુઘ્નનું વિજય સાથેનું પ્રત્યાગમન આનંદમાં ઉમેરો કરે છે.

રામના નીકળી ગયા પછી, લક્ષ્મણ રથ તૈયાર કરીને લાવ્યો છે એવું દુર્મુખ જણાવે છે. સીતા રઘુકુળદેવતાઓને નમસ્કાર કરીને રથમાં બેસીને ભાગીરથીમાં સ્નાન કરવા જવાનું છે એવા ખ્યાલ સાથે, રંગભૂમિ ઉપરથી વિદાય લે છે.

o o o

જાણે કે કોઈ નાટકનો અંત હોય, અને જેમાં સૌ પાત્રો એક પછી એક વિદાય લેતાં હોય; તેમ આ 'ઉત્તરરામચરિત'ના પ્રથમ અંકમાં કવિએ અનેક પાત્રોની વિદાય વર્ણવી છે.

"ઉત્તરરામચરિતના સાત અંકો સ્પષ્ટ રીતે જ બે ભાગમાં વહેંચાઈ જાય છે. એક બાજુ પ્રથમ અંક છે, તો બીજી બાજુ બાકીના બધા અંકો....નાટ્યક્રિયાના સ્થળની દૃષ્ટિએ પણ પહેલો અંક અને બાકીના અંકો જુદા પડી જાય છે. પહેલા

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અંકનું સ્થળ અયોધ્યાનો રાજમહેલ–નગરભૂમિ છે, જ્યારે બાકીના બધા અંકોની ક્રિયા ગોદાવરીતટે દંડકારણ્ય અને જનસ્થાનમાં તથા ગંગાતટે વાલ્મીકિ તપોવનના પ્રદેશમાં–પ્રકૃતિભૂમિમાં–ચાલે છે.

પહેલો અંક વિદાયઅંક બન્યો છે, જ્યારે પછીના બધા અંકો મિલનઅંકો બન્યા છે." પ્રોફે. પી. સી. દવેસાહેબ (બુદ્ધિપ્રકાશ, સપ્ટે. ૧૯૮૦, પૃ. ૩૫૩)

o o o

નાન્દીશ્લોક અને પ્રસ્તાવના પછી શરૂ થતા પ્રથમ અંકમાં નીચે મુજબનાં દશ્યો આવેલાં છે : (૧) વિમનસ્ક સીતાનું મનોવિનોદન કરતા રામ (૨) અષ્ટાવક્રનું ઋષ્યશૃંગના આશ્રમેથી આગમન, રામ અને સીતાને આશીર્વાદ, સંદેશો, સલાહ. (૩) લક્ષ્મણનું આગમન, ચિત્રવીથિકાદર્શન (જે આ અંકનું મુખ્ય મોટું દશ્ય છે. તેમાં રામના પૂર્વચરિત–પરાક્રમ–નું સ્મરણ, પરસ્પરના સ્નેહ–સાહચર્યનું સ્મરણ, સીતાને દોહદ થવો અને રામને અદ્વૈતાનુભૂતિ થવી વગેરે સૂક્ષ્મ ક્રિયાઓ થાય છે.) (૪) વાતાયનમાં બેઠેલાં રામ–સીતા, પતાકાસ્થાનક, અદ્વૈત સ્તોત્ર, દુર્મુખનું આગમન, સીતાત્યાગનો નિર્ણય (૫) રામને શોકમાંથી, આત્મ–નિર્ભર્ત્સનામાંથી રોકવા લવણ રાક્ષસથી ત્રાસેલા મુનિઓનો અબ્રહ્મણ્યમ્ અવાજ, રામનું રાજકાર્યમાં જોડાવા રંગભૂમિ ઉપરથી નિવર્તન અને એકલી સીતાનું રથમાં વનગમન.

o o o

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અંક બીજો

બીજા અંકનું નામ 'પંચવટી–પ્રવેશ' છે. ઉપર જોયું તેમ, પહેલા અંકની ઘટના અયોધ્યાની ભૂમિ ઉપર બની છે. જ્યારે બીજા અંકથી આરંભીને સાતમા અંક સુધીના પ્રસંગો ગોદાવરી નદીના કિનારે અથવા ગંગા નદીના કિનારે–પ્રકૃતિના ખોળામાં-બન્યા છે. વળી, પહેલા અંકની સીતાત્યાગની ઘટના બન્યા પછી, બારેક વર્ષે બીજા અંકની ઘટના બને છે એવું કવિએ ગોઠવ્યું છે.

બીજા અંકના આરંભે કવિએ એક લાંબો **શુદ્ધવિષ્કંભક** મૂક્યો છે, જેમાં વનદેવતા વાસંતી અને તાપસી આત્રેયી વાતચીત કરે છે. આ વાતચીતમાં તેઓ પહેલા અને બીજા અંકની વચ્ચેના બાર વર્ષના સમય ગાળામાં શું શું બની ગયું છે તેનો અહેવાલ આપે છે તથા હવે પછી, આવનારા દશ્યનાં પાત્રો, સ્થળ, સમયથી પ્રેક્ષકોને વાકેફ કરે છે. જેમકે,

(अ) ૧. વાલ્મીકિના આશ્રમમાં અતિ પ્રદીપ્ત મેધા અને પ્રજ્ઞાવાળા લવકુશનું આગમન થયું છે. તથા ૨. વાલ્મીકિએ ઈતિહાસ 'રામાયણ'ની રચના કરી છે. (ब) બીજા અંકની રંગભૂમિ તે પંચવટી છે, જ્યાં ગોદાવરી નદી વહી રહી છે, પ્રસ્રવણ પર્વત ઊભો છે અને જે જનસ્થાનની ભૂમિ છે. (क) સીતા (કદાચ) નામશેષા બની છે. લક્ષ્મણે ત્યજી દીધા પછી, સીતાનું શું થયું તેના કોઈ સમાચાર નથી. બાંર વર્ષનો ઋષ્યશૃંગનો યજ્ઞ પૂરો થવા છતાં ય વસિષ્ઠ, અરુન્ધતી અને રામની માતાઓ અયોધ્યામાં પાછી ફરવા તૈયાર નથી. તેઓ સૌ બારોબાર વાલ્મીકિના આશ્રમમાં રહેવા જતાં રહ્યાં છે. (ख) અયોધ્યામાં પેલા 'રાજા' રામે અશ્વમેધ યજ્ઞ આરંભ્યો છે, પણ તેઓ ફરી પરણ્યા નથી. સહધર્મચારિણી તરીકે સીતાની સોનાની પ્રતિકૃતિ મૂકી છે ! કુમાર લક્ષ્મણને ઘેર ચન્દ્રકેતુ નામનો પુત્ર જન્મ્યો છે અને તે અશ્વમેધ યજ્ઞના અશ્વના રક્ષક તરીકે ફરી રહ્યો છે. (ग) અયોધ્યામાં એક બ્રાહ્મણનો પુત્ર અકાળે મરી જતાં, બ્રાહ્મણે રાજા રામને ફરિયાદ કરી છે, તેથી રામ પોતાના રાજ્યમાં થઈ રહેલા અનાચાર–અનિષ્ટ–ની શોધમાં ફરતાં ફરતાં પંચવટીમાં જ આવી પહોંચશે.

આમ કવિએ પહેલા અને બીજા અંક વચ્ચે બાર વર્ષ વીત્યાં હોય એ રીતે પ્રસંગોની ગોઠવણી કરી છે. તથાપિ બે અંક વચ્ચેની કડી (અન્વિતિ) જોડી આપવા માટે સુન્દર શુદ્ધવિષ્કંભકની આયોજના કરી છે. પરિણામે સમય અને સ્થળની દષ્ટિએ હવે પછીનો, બીજા અંકથી શરૂ થતો કાર્યવેગ સમજવામાં કશી મુશ્કેલી નડતી નથી.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

વિષ્કંભકની વ્યાખ્યા :

वृत्तवर्तिष्यमाणानां कथांशानां निदर्शकः । संक्षेपार्थस्तु विष्कम्भो मध्यपात्रप्रयोजितः ॥

o o o

નાટ્યશાસ્ત્રીય લક્ષણોને આધારે વિષ્કંભકનું સ્વરૂપ અને કાર્ય આ પ્રમાણે સમજાવી શકાય : નાટકના કથાવસ્તુને બે ભાગમાં વહેંચવામાં આવે છે : (૧) સૂચ્ય અને (૨) દૃશ્ય. જે કથાવસ્તુમાં અભિનયક્ષમતા ન હોય અને છતાં ય અમુક વિગતોની પ્રેક્ષકોને અનિવાર્ય જાણકારી હોવી જોઈએ તો તેવી વિગતો 'સૂચ્યાંશ' ગણાય. આવી સૂચ્ય–વર્ણ્ય–કથાને રજૂ કરવા માટે સંસ્કૃત નાટકોમાં વિષ્કંભક, પ્રવેશક, ચૂલિકા, અંકાસ્ય અને અંકાવતાર નામના પાંચ **અર્થોપક્ષેપકો** વપરાય છે. (જ્યારે દૃશ્ય અર્થાત્ અભિનયક્ષમતાવાળી કથાને નાટકના મુખ્ય **અંકો**માં રજૂ કરવામાં આવે છે.)

વિષ્કંભક બે પ્રકારનો હોઈ શકે : શુદ્ધ અને મિશ્ર. જ્યારે બે મધ્યમ પ્રકારનાં પાત્રો સંસ્કૃતમાં વાતચીત કરી ભૂતકાળમાં બની ગયેલા અને/અથવા ભવિષ્યમાં બનનારા પ્રસંગોની નોંધ/સૂચના આપે છે ત્યારે તેને શુદ્ધ–વિષ્કંભક કહેવામાં આવે છે. (ટીકાકાર ઘનશ્યામ લખે છે : अथ भूतं भविष्यदितिवृत्तकथोपक्षेपेण द्वितीयाङ्कार्थं क्रोडीकरिष्यन् कविः शुद्धविष्कंभकं प्रक्रममाणः....) બેમાંથી જો એક પાત્ર નીચ હોય અને પ્રાકૃતમાં બોલતું હોય તો તે મિશ્ર વિષ્કંભક કહેવામાં આવે છે. આવો વિષ્કંભક નાટકમાં કોઈ પણ અંકને આરંભે (પહેલા અંકને આરંભે પણ) આવી શકે છે. (Unity of time, place and action જળવાય એટલા માટે આવા અર્થોપક્ષેપકો સંસ્કૃત નાટકમાં વપરાય છે.)

વળી, કોઈ પણ અંકના આરંભે જો નેપથ્યમાંથી કોઈ પાત્રના પ્રવેશની સૂચના આપવામાં આવે (દા.ત. પ્રસ્તૃત બીજા અંકના આરંભે જ स्वागतं तपोधनायाः ઉક્તિથી, રંગભૂમિ ઉપર પ્રવેશનાર માત્ર તાપસી–આત્રેયી–છે એની નોંધ આપવામાં આવી છે.) તો તેને 'ચૂલિકા' કહેવામાં આવે છે : अन्तर्जवनिकासंस्थैः सूचनार्थस्य चूलिका । (साहित्यदर्पण–६ परिच्छेद).

o o o

નેપથ્યે–પડદા પાછળથી (ગ્રીન-રૂમમાંથી). વનદેવતા વાસન્તી (એક ગૌણ દેવતા, વનની અધિષ્ઠાત્રી દેવી) રંગભૂમિ ઉપર આવનાર પાત્ર–તાપસીનું સ્વાગત કરે છે. અર્થાત્ પરોક્ષ રીતે પ્રેક્ષકોને સૂચના આપે છે કે રંગભૂમિ ઉપર એક તપસ્વિની આવી રહી છે : स्वागतं तपोधनायाः ।

माम् उपतिष्ठते–(ફળ, પુષ્પો, પાંદડાં વગેરેનો અર્ઘ્ય લઈને, વનમાં પધારેલી

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

તાપસીને સત્કારવા) વનદેવતા વાસન્તી મારી (તાપસીની) સન્મુખ આવી ઊભાં છે. અહીં उपतिष्ठतेનો 'સત્કારવા ઊભા છે' એવો અર્થ થાય છે.

શ્લોક–૧ : इदम् वनम् वः यथेच्छाभोग्यम् (अस्ति) । अयं मे सुदिवसः (अस्ति) । सतां सद्भिः सङ्गः कथम् अपि हि पुण्येन भवति । तरुच्छाया, तोयं, यद् अपि तपसः योग्यम् अशनम् (= भोजनं), फलं वा, मूलं वा तद् अपि इह वः न पराधीनम् (अस्ति) ॥

વનદેવતા વાસન્તીએ अर्घ्य આપીને તાપસી આત્રેયીનું સ્વાગત કર્યું. (अर्घ એટલે मूल्ये पूजाविधौ अर्घः इत्यमरः । પૂજાવિધિ અર્થમાં 'अर्घ' શબ્દ વપરાય છે. આ अर्घ શબ્દને પાણિનિના पादार्घाभ्यां च । ૫–૪–૨૫ સૂત્રથી /–य પ્રત્યય લાગીને अर्घ्य શબ્દ બને છે. દેવતા કે અતિથિના પૂજન કે સત્કાર માટે જે ફળ, ફૂલ, જળ ઈત્યાદિ આપવામાં આવે તેને अर्घ्य કહેવાય છે. ઘણે ભાગે પગ ધોવા માટે 'દ્રોણ' નામના પાત્રમાં આપવામાં આવતા જળને પણ अर्घ्य કહે છે : अर्घ्यमर्घार्थे पाद्यं पादाय वारिणि । એવું અમરકોશ કહે છે.)

વાસન્તી કહે છે કે હે તાપસી ! તમે આ વનનો યથેચ્છ ઉપભોગ કરી શકો છો. મારે માટે આજે સુદિવસ છે. કારણ કે सतां सद्भिः सङ्गः = સજ્જનોનો સજ્જનોની સાથે સમાગમ, कथम् अपि મહામુશ્કેલીએ અર્થાત્ ક્યારેક જ, ભાગ્યે જ पुण्येन भवति પુણ્યના ઉદયથી કે સંચયથી થતો હોય છે. શ્રી ઉમાશંકર જોષીએ આ સુન્દર અર્થાન્તરન્યાસ અલંકારવાળી પંક્તિનો અનુવાદ આ પ્રમાણે કર્યો છે : "થતું કોઈ પુણ્યે મિલન સુજનોથી સુજનનું." આ અનુવાદ ઉચિત નથી. કેમકે कथमपि શબ્દનો સંસ્કૃતમાં વિશિષ્ટ અર્થ થાય છે. (किमपि શબ્દમાં પણ अपि સાથે किम्નો પ્રયોગ થયો છે. માટે ત્યાં 'કંઈક અવર્ણનીય', 'મહામૂલ્યવાન્' એવા અર્થો થાય છે : तत् तस्य किमपि द्रव्यं यो हि यस्य प्रियः जनः ।) પ્રોફે. પી. વી. કાણે લખે છે કે–the meeting of good persons with the good takes place *with difficulty* (rarely) through their store of merit.

શ્લોક–૨ : प्रियप्राया वृत्तिः (= वर्तनम्) પ્રેમભર્યું વર્તન. अनवगीतः = નહીં નિંદાયેલો (પરિચય). अविपर्यासितरसं જેના (સ્નેહ) રસમાં વધઘટ થતી નથી (તેવું સજ્જનોનું રહસ્ય) अनुपधि = अविद्यमानः उपधिः (कपटं) यस्मिन् तत् ।

વનદેવતા આત્રેયીને દંડકારણ્યમાં પધારવાનું કારણ પૂછે છે. આના જવાબમાં આત્રેયી (**શ્લોક ૩**) કહે છે : આ પ્રદેશમાં ઉદ્‌ગીથને જાણનારા અગસ્ત્ય વગેરે ઋષિઓ રહે છે. તેમની પાસેથી નિગમાન્તવિદ્યા જાણવા હું વાલ્મીકિના આશ્રમેથી અહીં આવી છું. उद्गीथविदः = उद्गीथं विदन्ति जानन्ति इति । ॐ કારને માટે

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ઉદ્‌ગીથ શબ્દ વપરાય છે. આવા ૐકારને જાણનારા (ૐકાર બ્રહ્મનું પ્રતીક છે)ઓને "ઉદ્‌ગીથવિદ્" કહેવામાં આવે છે. ओमित्येतदक्षरमुद्गीथमुपासीत । એવું છાંદોગ્ય ઉપનિષદ્‌માં કહ્યું છે. निगमान्तविद्या–વેદાન્તવિદ્યા. નિગમ એટલે વેદ, નિગમનો અન્ત અર્થાત્ વેદનો અન્તભાગ = વેદાન્ત.

अध्ययन–प्रत्यूहः = અધ્યયનમાં વિઘ્ન. આત્રેયીને વાલ્મીકિના આશ્રમમાં બે પ્રકારે વિઘ્ન ઉત્પન્ન થયું છે : (क) વાલ્મીકિના આશ્રમમાં ઉછરતા કુશ અને લવ જેવા પ્રજ્ઞાવાન અને મેધાવાન્ વિદ્યાર્થીઓ સાથે આત્રેયી અધ્યયનમાં તાલ મિલાવી શકતી નથી. તથા (ख) ઋષિ વાલ્મીકિ પણ ઇતિહાસ રામાયણની રચનામાં વ્યસ્ત છે/હતા.

o o o

पुराणब्रह्मवादिनं प्राचेतसम् = पुराणश्चासौ ब्रह्मवादी च तम् । (ब्रह्म वदति इति ब्रह्मवादिन्, तम्) ॥ જે બ્રહ્મજ્ઞાનને સમજાવનારા છે તે ઋષિ બ્રહ્મવાદી કહેવાય છે. प्राचेतसम्=વાલ્મીકિ ઋષિનું નામ છે. પ્રચેતસનો દશમો પુત્ર તે પ્રાચેતસ : प्रचेतसोऽहं दशमः पुत्रो राघवनन्दन । (રામાયણ, ઉત્તરકાંડ). ब्रह्मपारायण=ब्रह्मणः पारायणम् । पारस्य अयनम् इति पारायणम् । સામે પાર જનારું જે હોય તે પારાયણ.

स्तन्यत्यागमात्रके वयसि वर्तमानम्–જેમણે હમણાં જ ધાવણ છોડ્યું છે એટલી ઉંમરવાળા.

निर्वृत्त–चौल–कर्मणोः = निर्वृत्तं चौलकर्म येषां तयोः । જે બે (કુશ અને લવ)નાં ચૌલકર્મને પૂરાં કરવામાં આવ્યા છે. નવજાત બાળકોની બાધા ઉતરાવવાનો અને શિખાબંધનનો વિધિ તે ચૌલકર્મ છે. આ વિધિ બાળકના જન્મથી પહેલે કે ત્રીજે વર્ષે કરવામાં આવે છે :

चूडाकर्म द्विजातीनां सर्वेषामेव धर्मतः ।
प्रथमेऽब्दे तृतीये वा कर्तव्यं श्रुतिचोदनात् ॥ (मनुस्मृति – २–३५)

ચૌલકર્મ પૂરું કર્યા પછી, વાલ્મીકિએ આ લવકુશને વેદત્રયી સિવાયની બીજી ત્રણ વિદ્યાઓ ભણાવી દીધી છે.

त्रयीवर्जम् = અહીં अम् (णमुल्) પ્રત્યય સંબંધક ભૂતકૃદન્તના અર્થમાં છે. અર્થાત્ त्रयीं वर्जयित्वा । વેદત્રયી એટલે ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદ. स्त्रियाम् ऋक् सामयजुर्षी इति वेदास्त्रयस्त्रयी । (इति अमरः). આ ત્રણ વેદ સિવાયની બીજી ત્રણ વિદ્યાઓ કઈ એવો કોઈને પ્રશ્ન થાય તો–રાજનીતિ (अर्थशास्त्र)ના ગ્રન્થોમાં લખ્યું છે કે ક્ષત્રિય રાજાએ વેદત્રયી સહિત કુલ ચાર વિદ્યાઓ ભણવી

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

જોઈએ. જેમકે,

आन्वीक्षिकी त्रयी वार्ता दण्डनीतिश्च शाश्वती ।
विद्याश्चतस्र एवैता योगक्षेमाय देहिनाम् ॥
एकैव दण्डनीतिस्तु विद्येत्यौशनसी स्थितिः ।
विद्याश्चतस्र एवैता इति नो गुरुदर्शनम् ॥

(કામન્દકીય–નીતિસાર : ૨ : ૨, ૫, ૬)

અહીં વેદત્રયી સિવાયની ત્રણ વિદ્યા તે – (૧) આન્વીક્ષિકી = આત્મવિદ્યા અર્થાત્ તર્કશાસ્ત્ર; (૨) વાર્તા = ખેતીવાડી, વેપાર; (૩) દંડનીતિ = રાજવ્યવહાર – રાજનીતિ. (ઉપનયન સંસ્કાર પછી વેદત્રયી શીખવવામાં આવતી.) ગર્ભસ્થાનથી આઠમે વર્ષે બ્રાહ્મણને યજ્ઞોપવીત અપાતી, ગર્ભાધાનથી અગિયારમે વર્ષે ક્ષત્રિયને અને બારમે વર્ષે વૈશ્યને. પ્રદીપ્ત પ્રજ્ઞા અને મેધાવાળા કુશ–લવની સાથે આત્રેયીનો ભણવામાં મેળ પડતો નથી. અહીં 'મેધા' એટલે વિષય–(જ્ઞાન)ને ધારણ કરી રાખનારી બુદ્ધિ તથા પ્રજ્ઞા એટલે વિષય(જ્ઞાન)ને સમજનારી–ગ્રહણ કરનારી–બુદ્ધિ.

શ્લોક–૪ : ભવભૂતિના યાદગાર શ્લોકોમાં જેનું સ્થાન છે, તેવો આ શ્લોક છે.

गुरुः यथा प्राज्ञे (छात्रे) विद्यां वितरति, तथा एव जडे (अपि विद्यां वितरति)। तयोः (प्राज्ञजडयोः) ज्ञाने शक्तिं न करोति, अपहन्ति वा । पुनः (तथापि) फलं प्रति भूयान् भेदः भवति । तद्यथा–शुचिः मणिः बिम्बोद्ग्राहे प्रभवति (= समर्थः भवति), न मृदां चयः (बिम्बोद्ग्राहे प्रभवति) ॥

ગુરુ સૌ (હોંશિયાર અને ઠોઠ) વિદ્યાર્થીઓને એકસરખું જ ભણાવે છે. વળી, કોઈનામાં ગ્રહણશક્તિ ઉમેરતા નથી કે કોઈની શક્તિ લઈ લેતા નથી. તથાપિ ફળમાં તફાવત કેમ પડે છે ? એનો સુન્દર ખુલાસો, કવિએ એક દૃષ્ટાંતથી કર્યો છે. અહીં પ્રાજ્ઞે અને જડે પદોમાં આવેલી સપ્તમી ચતુર્થી વિભક્તિના અર્થમાં વપરાઈ છે. ભવભૂતિના સમયમાં સંસ્કૃત ભાષામાં આવેલું આ પરિવર્તન નોંધપાત્ર છે.

o o o

ઋષિઓ દિવસમાં ત્રણવાર દેવતાઓને સોમ ધરતા હતા. સોમ નીચોવવાની ક્રિયાને 'સવન' (सुनोति) કહેવાતું. આ ત્રણ સવનો પ્રાતઃસવન, માધ્યંદિન સવન અને સાયંસવન કહેવાતાં, આ સવન કરતાં પહેલાં સ્નાન કરવામાં આવતું. એકદા ઋષિ વાલ્મીકિ માધ્યંદિન સવન માટે સ્નાન કરવા તમસા નદી પર ગયા. ત્યાં–तत्र युग्मचारिणोः क्रौञ्चयोः एकं व्याधेन विध्यमानं ददर्श । સાથે ફરનારાં બે ક્રૌંચ-પક્ષીઓમાંથી એકને શિકારી વડે વીંધાતું વાલ્મીકિએ જોયું અને તેમના મુખમાંથી અનુષ્ટુપ–છંદમાં

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

એક શ્લોક નીકળી ગયો. (આ અનુષ્ટુપ, વેદના અનુષ્ટુપ કરતાં જુદો હતો. તેથી લૌકિક સંસ્કૃતનો તે આદ્યશ્લોક મનાયો અને વાલ્મીકિ 'આદિ–કવિ' કહેવાયા.)

શ્લોક–૫ : हे निषाद् ! त्वम् शाश्वतीः समाः प्रतिष्ठां मा अगमः । यत् (=यतो हि) क्रौञ्चमिथुनाद् एकम् काममोहितम् (त्वं) अवधीः) ॥

ભવભૂતિએ આ શ્લોક 'રામાયણ–બાલકાંડ (૨–૧૫)માંથી લીધો છે. समाः વર્ષ માટે વપરાતો નિત્ય બહુવચનાન્ત શબ્દ છે. शाश्वतीः समाः તે દ્વિતીયા વિભક્ત્યન્ત રૂપ છે અને પાણિનિના कालाध्वनोरत्यन्तसंयोगे । ૨–૩–૫ સૂત્રથી–'અત્યન્તસંયોગ હોય ત્યાં કાલવાચક શબ્દને દ્વિતીયા લાગે છે'–તે દ્વિતીયા પ્રવૃત્ત થઈ છે.

આ શ્લોકમાં मा (નિષેધાર્થક माङ् અવ્યય)ના યોગમાં अगमः लुङ् લકાર બીજો પુરુષ એકવચનનું રૂપ છે, તે ચર્ચાસ્પદ છે. પાણિનિના મતે माङ्ના યોગમાં अट् આગળ લાગતો નથી એટલે કે अगमः એવા રૂપને બદલે गमः રૂપ જ થવું લખવું જોઈએ. न माङ् योगे । (૬–૪–૭૪) (આ દૃષ્ટિએ જોતાં આ શ્લોક અપાણિનીય છે અથવા તે 'આર્ષપ્રયોગ છે' એમ કહેવું પડે છે.)

ભવભૂતિએ ઉદ્ધૃત કરેલા, વાલ્મીકિના આ શ્લોકમાં રહેલા ઉપર્યુક્ત દોષને દૂર કરવા (તેનું સમાધાન દર્શાવવા) માટે ટીકાકારોએ ઘણી ચર્ચા કરી છે. દા.ત. વીરરાઘવ લખે છે કે આ શ્લોકના त्वमगमः શબ્દોમાં तु + अम + गम એવો સન્ધિચ્છેદ કરવાનો છે. अम = अलक्ष्मीक, अविद्यमाना मा लक्ष्मीर्यस्य सः ।) બીજા કેટલાક કહે છે કે પાણિનિએ નોંધેલા माङ् નિષેધાર્થક અવ્યયનો मा અહીં નથી; माङ् સિવાય બીજો એક न (નિષેધાર્થક) અવ્યયના અર્થવાળો मा અવ્યય છે, તેનું આ શ્લોકમાં ગ્રહણ કરવામાં આવ્યું છે.

વળી, આ શ્લોકનું રામ-પરક અર્થઘટન પણ કરવામાં આવ્યું છેઃ (૧) ટીકાકાર તિલક લખે છે : मा लक्ष्मोर्निषीदति अस्मिन् इति **मा–निषाद** । **यत्** यस्मात् **क्रौञ्चमिथुनात्** मन्दोदरी–रावणरूपादेकं रावणं काममोहितं अवधीः = हतवान् असि । तस्मात् त्वं शाश्वतीः समाः = अनेकान् संवत्सरान् अद्वितीयां प्रतिष्ठाम् अखण्डैश्वर्यानन्दावाप्तिम् **अगमः** प्राप्नुहि ॥ 'કતક' નામના ટીકાકાર કહે છે કે, नितरां....सादयति पीडयति इति रावणः । तस्य सम्बुद्धिः हे निषाद=रावण । यत् यस्तात् क्रौञ्चमिथुनात् । (अल्पीभावार्थक्रुञ्चेः पचाद्यच् । क्रुञ्चम् । ततः स्वार्थिकोऽण्। क्रौञ्चम् ।) राज्यक्षयवनवासादिदुःखादत्यल्पीभूतं...यत् मिथुनं सीतारामरूपं तस्मादेकं सीतारूपं यस्माद् अवधीः वधाभ्यधिकपीडा प्रापितवानसि तस्मात् त्वं प्रतिष्ठां...अतः परं मा गमः ॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ક્રૌંચયુગલમાંથી એકનો વધ થયો, તે જોઈને વાલ્મીકિના મનમાં જે શોક ઉત્પન્ન થયો તે જ શ્લોક રૂપે પરિણમ્યો. આ વિષે રામાયણમાં લખ્યું છે કે –

पादबद्धोऽक्षरसमस्तन्त्रीलयसमन्वितः ।
शोकार्तस्य प्रवृत्तो मे श्लोको भवतु नान्यथा ॥
समाक्षरैश्चतुर्भिर्यः पादैर्गीतो महर्षिणा ।
सोऽनुव्याहरणाद्भूयः शोकः श्लोकत्वमागतः ॥
तस्य बुद्धिरियं जाता महर्षेर्भावितात्मनः ।
कृत्स्नं रामायणं काव्यमीदृशैः करवाण्यहम् ॥

–(रामायण, बालकाण्ड, २:१८, ४०, ४१)

વનદેવતા વાસન્તીને લાગે છે કે–आम्नायाद् अन्यत्र नूतनश्छन्दसाम् अवतारः । "વેદથી જુદો નવા છંદનો અવતાર થયો !" અર્થાત્

मा निषाद प्रतिष्ठां त्वमगमः शाश्वतीः समाः ।
⏑ – – ⏑ ⏑ – ⏑ –
यत्क्रौञ्चमिथुनादेकमवधीः काममोहितम् ॥
⏑ – – ⏑ ⏑ – ⏑ –

१ २ ३ ४ ५ ६ ७ ८, १ २ ३ ४ ५ ६ ७ ८।
– – ⏑ – ⏑

१ २ ३ ४ ५ ६ ७ ८. १ २ ३ ४ ५ ६ ९ ८॥
– – ⏑ < ⏑ ⏑

श्लोके षष्ठं गुरु ज्ञेयं सर्वत्र लघु पञ्चमम् ।
द्विचतुः पादयोर्ह्रस्वं सप्तमं दीर्घमन्ययोः ॥

આ લક્ષણ મુજબ વાલ્મીકિના અનુષ્ટુપ–છંદમાં **નિયમિતપણે**, ચારેય પાદનો પાંચમો અક્ષર હ્રસ્વ (લઘુ) અને છઠ્ઠો અક્ષર ગુરુ જોવા મળે છે. બીજા અને ચોથા પદનો સાતમો અક્ષર **હ્રસ્વ** (લઘુ) હોય છે. પહેલા અને ત્રીજા પાદનો સાતમો અક્ષર દીર્ઘ (ગુરુ) જ હોય છે અને બાકીના અક્ષરો યથેચ્છ (≍ લઘુ કે ગુરુ) મુકાયેલા જોવા મળે છે.–આ પ્રકારનો નિયમિત અનુષ્ટુપ વેદમાં પણ જોવા મળતો નથી. દા.ત. પુરુષસૂક્ત (ઋગ્વેદ મંડળ–૧૦)માં सहस्त्रशीर्षा पुरुषः । એ પાદમાં જ જોઈએ તો પાંચમો ગુરુ જોવા મળે છે અને છઠ્ઠો અક્ષર લઘુ જોવા મળે છે. (જ્યારે પ્રશિષ્ટ સંસ્કૃતમાં હમણાં ઉપર જોયું તેમ, પાંચમો લઘુ હોવો જોઈએ અને છઠ્ઠો ગુરુ હોવો જોઈએ.) આ રીતે, વાલ્મીકિનો અનુષ્ટુપ વેદથી જુદો પડતો હોઈને વાસન્તીએ તેને 'નૂતન–છંદનો અવતાર' કહ્યો છે.

આત્રેયી : ભૂતભાવન=ભૂતો (પ્રાણીઓ)ને જન્માવનાર पद्मयोनिः (पद्मं योनिः यस्य सः)=બ્રહ્મા. ભગવાન્ વાલ્મીકિની સામે શબ્દપ્રકાશ–शब्दब्रह्म –

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

આવિર્ભૂત થયો હતો. प्रबुद्धोऽसि वागात्मनि ब्रह्मणि । 'વાણી રૂપી બ્રહ્મ વિષે ઋષિ પ્રબુદ્ધ થયા છે.'

અર્થાત્ અનાદિ–અનંત બ્રહ્મ શબ્દના માધ્યમથી જ પામી/સમજી શકાય છે. બીજા શબ્દોમાં કહીએ તો આ બ્રહ્મનું નિશ્વસિત તે જ વેદો. બૃહદારણ્યકોપનિષદ્‌માં કહ્યું છે કે–अस्य महतो भूतस्य निश्वसितमेतद् यद् ऋग्वेदो० ।

બ્રહ્માએ વાલ્મીકિને આશીર્વાદ આપ્યા કે તે = तव आर्षं प्रातिभं चक्षुः अव्याहतं ज्योतिः (भवतु) । 'તમારું આર્ષ પ્રતિભારૂપી ચક્ષુનું જ્યોતિ–પ્રકાશ ક્યાંય રોકાશે નહીં.' અર્થાત્ ભૂત-ભવિષ્ય-વર્તમાન સૌ કાળને પ્રત્યક્ષ કરી શકશો, માટે રામચરિત લખો. ભટ્ટતૌતે 'પ્રતિભા'ની વ્યાખ્યા આ પ્રમાણે આપી છે : 'प्रज्ञा नव नवोन्मेषशालिनी प्रतिभा मता ।' પ્રતિભા એટલે એવી પ્રજ્ઞા કે જે હમેશાં નવા નવા ઉન્મેષો–તેજકિરણો–પ્રકટાવી શકે.' અભિનવગુપ્ત કહે છે કે–प्रतिभा अपूर्ववस्तुनिर्माणक्षमा प्रज्ञा ।' અપૂર્વ (કથા)વસ્તુનું સર્જન કરવામાં જે પ્રજ્ઞા શક્તિશાળી હોય તેને પ્રતિભા કહેવામાં આવે છે.'

બ્રહ્માની આજ્ઞા અને આશીર્વાદ પછી ઋષિ વાલ્મીકિએ શબ્દબ્રહ્મના વિવર્તરૂપ ઇતિહાસ 'રામાયણ'ની રચના કરી.

અહીં રામાયણને શબ્દબ્રહ્મના **વિવર્ત** રૂપ કહે છે. (કવિએ આ શબ્દ ત્રીજા અને છઠ્ઠા અંકમાં પણ વાપર્યો છે.) વેદાન્તમાં अवस्थान्तरमानं तु विवर्तो रज्जुसर्पवत् । 'સર્પ જ્યારે રજ્જુ–અવસ્થાન્તરરૂપે ભાસે ત્યારે તેને વિવર્ત કહેવામાં આવે છે.' પરંતુ કવિ ભવભૂતિએ આ શબ્દને પારિભાષિક શબ્દ રૂપે વાપર્યો લાગતો નથી. પણ 'શબ્દને રામાયણ કાવ્ય' રૂપે પ્રયોજ્યો એવા અર્થમાં શબ્દ બ્રહ્મનો વિવર્ત તે રામાયણ એમ કહ્યું છે.

રામાયણ (અને મહાભારત) જેવાં–વીરકાવ્યો–Epicને માટે 'ઇતિહાસ' શબ્દ વપરાય છે. रामायण એટલે रामस्य अयनं वर्त्म अत्र । 'રામની જીવનયાત્રાનું જેમાં વર્ણન છે તે રામાયણ.'

આત્રેયીને શિષ્યા તરીકે, વાલ્મીકિની આ રામાયણની રચના–પ્રવૃત્તિ વિઘ્નરૂપ છે, પણ વાસન્તીને લાગે છે કે સંસાર મંડિત–અલંકૃત થયો !– આનું નામ સંસ્કૃતિ ! જેમાં શબ્દનો વિશિષ્ટ (અલંકૃત) પ્રયોગ થાય તે સંસ્કૃતિનું દ્યોતક છે.

o o o

ત્યાર પછી, આત્રેયી વાસન્તીને અગસ્ત્યના આશ્રમે જવાનો માર્ગ પૂછે છે. તેના જવાબમાં વાસન્તી કહે છે કે અહીં પંચવટીમાં પ્રવેશીને ગોદાવરીના કિનારે કિનારે જાવ.–આ નોંધથી આત્રેયીને પોતે જ્યાં ઊભી છે, તેની ભૂગોળનો ખ્યાલ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

આવી જાય છે. તે ઓળખી જાય છે કે આ તપોવન છે, પંચવટી છે, આ ગોદાવરી નદી છે, આ પ્રસ્રવણ પર્વત છે અને આ જનસ્થાનની દેવતા વાસન્તી છે. આ દ્વારા (પરોક્ષ રીતે) પ્રેક્ષકોને પણ માહિતી પૂરી પાડવામાં આવે છે કે, હવે પછી આવનારું બીજા અંકનું દશ્ય ક્યા–ક્યા પ્રદેશમાં–ભજવવાનું છે.

પંચવટી અને પ્રસ્રવણ વગેરેની ઓળખ થતાં જ આત્રેયીને જાનકીનું દુઃખદ સ્મરણ થાય છે. તેનાથી બોલી જવાય છે કે હે જાનકી ! તું નામશેષ થઈ હોવા છતાંય જાણે આંખ સામે છે. આ સાંભળીને વાસન્તી સીતાને 'નામશેષા' કેમ કહી ?– એવો પ્રશ્ન કરીને, અયોધ્યાનો વૃત્તાન્ત પૂછવો શરૂ કરે છે. આ રીતે, કવિ પહેલા અને બીજા અંક વચ્ચે વીતેલાં બાર વર્ષોમાં **અયોધ્યામાં શું શું થઈ ગયું** છે તેની માહિતી પ્રેક્ષકોને આપે છે. વડીલોની ગેરહાજરીમાં, સીતાને માથે અપવાદ ઉત્પન્ન થવાથી રામે સીતાનો ત્યાગ કર્યો છે. અને ત્યાગ કર્યા પછી સીતાનું શું થયું એ કોઈ જાણતું નથી, તથા, ઋષ્યશૃંગના આશ્રમમાંથી, બાર વર્ષનો યજ્ઞ પૂરો થઈ ગયા છતાંય વસિષ્ઠ, અરુન્ધતી અને રામની માતાઓ અયોધ્યામાં પાછી ફરી નથી. તેમને સીતા વગરની અયોધ્યામાં પાછા જવું પસંદ નથી. આથી તેઓ વાલ્મીકિના આશ્રમે જવા નીકળ્યા છે.

બીજી તરફ, વાસન્તી પ્રશ્ન કરે છે : अथ स राजा किमाचारः संप्रति । અહીં વાસન્તીએ રામ પ્રત્યે ગુસ્સો કરતાં કરતાં રામભદ્રને બદલે રાજા એવું સમ્બોધન કર્યું છે. પરંતુ પાછળથી જ્યારે જાણે છે કે રામે અશ્વમેધ યજ્ઞ કરવા માટે પુનઃલગ્ન કર્યાં નથી, પણ સીતાની જ હિરણ્મયી પ્રતિકૃતિ બનાવડાવીને, પોતાની સહધર્મચારિણી બનાવી છે ત્યારે વાસન્તીને સ્પષ્ટ થઈ જાય છે કે રામે જે કઠોરતાથી સીતાનો ત્યાગ કર્યો; તે જ દઢતાથી તેમણે પ્રજાને એ પણ બતાવ્યું કે પોતે તો સીતાને પવિત્ર જ માને છે અને ફરી પરણવાના નથી. આથી વાસન્તી રામના વ્યક્તિત્વ ઉપર વારી જાય છે. રામના સમગ્ર વ્યક્તિત્વને વાચા આપતો તે એક શ્લોક ઉચ્ચારે છે :

શ્લોક–૭ : लोकोत्तराणां (पुरुषाणां) चेतांसि वज्राद् अपि कठोराणि, कुसुमाद् अपि मृदूनि (सन्ति), (तानि चेतांसि) विज्ञातुम् कः नु अर्हति ॥

लोकोत्तराणाम् = લોકોત્તર. સમાજના સામાન્ય જનસમુદાયમાં જે વ્યક્તિઓ હોય, તેનાથી વિશેષ ઉદાત્ત વ્યક્તિ. लोकेषु उत्तराः श्रेष्ठाः ।

પ્રો. પી. વી. કાણે લખે છે, When his duty to his subjects required him to abandon સીતા, he made his heart as hard as adamant and abandoned her. All the while his heart had a soft corner for સીતા,

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

which was shown by his remaining unmarried and placing a golden image of सीता as his सहधर्मचारिणी in the अश्वमेध.

ભવભૂતિના યાદગાર શ્લોકોમાં આ શ્લોકની ગણતરી થાય છે. ભર્તૃહરિએ પણ મહાપુરુષોના વ્યક્તિત્વને સ્પષ્ટ કરતો આવો જ એક શ્લોક લખ્યો છે :

संपत्सु महतां चित्तं भवत्युत्पलकोमलम् ।
आपत्सु च महाशैलशिलासंघातकर्कशम् ॥

વસિષ્ઠ વાલ્મીકિના આશ્રમે ગયા હોઈ, તેમની ગેરહાજરીમાં વામદેવ રામને અશ્વમેધ યજ્ઞ કરાવી રહ્યા છે : वामदेवाभिमन्त्रितो मेध्योऽश्वः ॥

मेध्यः = पवित्र. યજ્ઞમાં બલિ માટે ઉચિત એવો અશ્વ. चतुरङ्ग–साधनान्वितः चत्वारि अङ्गानि यस्य तत् चतुरङ्गं, चतुरङ्ग च तत् साधनं च, तेन अन्वितः । ચાર પ્રકારનાં શસ્ત્રો (સાધનો)થી યુક્ત.

આત્રેયી અયોધ્યા વૃત્તાન્તની છેલ્લામાં છેલ્લી વિગત પણ રજૂ કરે છે : કોઈક બ્રાહ્મણનો પુત્ર અકાલ મૃત્યુ પામ્યો છે અને અશરીરિણી વાણી સાંભળીને રામ શમ્બૂક નામના શૂદ્રને શોધવા વિમાનમાં નીકળ્યા છે.

सोरस्ताडम्–છાતી કૂટીને उरसः ताडः (= ताडनम्) उरस्ताडः । तेन सहेति ॥

શ્લોક–૮ : पृथिव्यां शम्बूकः नाम वृषलः तपः तप्यते । सः (वृषलः) ते शिरच्छद्यः । हे राम ! तं हत्वा द्विजम् जीवय ॥

वृषलः–શૂદ્ર. અમરકોશમાં કહ્યું છે કે, शूद्राः चावरवर्णाश्च वृषलाश्च जघन्यजाः ॥ આવા શૂદ્રોને પ્રાચીન સમયમાં, તપ કરવાનો અધિકાર ન હતો એમ મનાતું હતું.

विप्रसेवैव शूद्रस्य विशिष्टं कर्म कीर्त्यते ।
यदतोऽन्यद्धि कुरुते तद्भवत्यस्य निष्फलम् ॥ (मनुस्मृति : १०–१२३)

છતાંય આવો કોઈ શૂદ્ર જો તપ કરે તો તેને પાપ ગણાતું અને તે અનિષ્ટજનક બની રહેતું. આ શૂદ્ર વધ્ય (शीर्षच्छेद्य) ગણાતો. शीर्षच्छेदं अर्हति इति । 'જેનું મસ્તક હંમેશાં છેદી કાઢવા યોગ્ય છે તે.'

વાસન્તી આનંદ અનુભવે છે કે રામ અહીં જનસ્થાનમાં જ આવી પહોંચશે. કેમકે પેલો શમ્બૂક આ જ વનમાં તપ કરી રહ્યો છે.

આમ કવિએ રામને અયોધ્યામાંથી બહાર કાઢીને, જનસ્થાનમાં લાવવા માટે આવશ્યક નિમિત્ત ઊભું કર્યું છે. આમાં કવિનું સંવિધાનકૌશલ જણાય છે, તથાપિ શ્રી જોશીએ એક મહત્ત્વના (વસ્તુગુંથણી અંગેના) મુદ્દા પ્રત્યે ધ્યાન દોર્યું છે : "સંવિધાનકલાની દૃષ્ટિએ બીજી એક વિગત પણ નોંધવા જેવી છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ઉત્તરરામચરિતમાં કાલ-યોજનાની દૃષ્ટિએ એક ગૂંચ તરત ધ્યાન ખેંચે છે. બીજા અંકમાં વિષ્કંભકમાં વાલ્મીકિશિષ્યા આત્રેયી ઋષ્યશૃંગનું દ્વાદશવાર્ષિક સત્ર પૂરું થયાની, વસિષ્ઠાદિની વાલ્મીકિતપોવનમાં જવાની ઈચ્છાની, રામ બ્રાહ્મણ શિશુને જિવાડવા વિમાનમાં શૂદ્ર તાપસ શમ્બૂકને શોધવા નીકળ્યાની વગેરે છેલ્લામાં છેલ્લી (સ્ટૉપપ્રેસ સુધીની) ખબરો જનસ્થાનની વનદેવતા વાસન્તીને આપે છે. 'અધ્વગવેષા' આત્રેયી 'દીર્ઘ પ્રવાસ' ખેડીને તમસાકાંઠેથી ચાલતી ઠેઠ ગોદાવરી(સીતાપરિત્યાગની વાત ત્યાં પહોંચી શકી નથી એટલી તો એ દૂર છે જ)ના તટ સુધી આવી પહોંચી ત્યાં સુધી 'પ્રજવિન્' 'વિમાનવર'માં શમ્બૂકને શોધવા નીકળેલા રામ હજી દંડકારણ્ય આવી પહોંચ્યા નથી ! 'બધી દિશાઓમાં અને ખૂણાઓમાં શૂદ્ર તાપસને શોધવા માટે જગતપતિએ ઘૂમવાનું શરૂ કર્યું છે,' એમ આત્રેયી કહે છે', તેમ છતાં એવી શોધના સમાચાર લઈને અયોધ્યા નજીકથી ગોદાવરી સુધી આત્રેયી ચાલીને આવે ત્યાં સુધી વિમનારૂઢ રામની શોધ પૂરી ન થાય એ જરી નવાઈ ઉપજાવે એવું છે." (પૃ. ૬૪), પરંતુ કવિએ, રામને મનુષ્ય તરીકે, (દેવ તરીકે નહીં) નિરૂપવાનો ઉપક્રમ સ્વીકાર્યો છે તથા સંભવ છે કે રામે (વિમાનમાં બેઠા હોવા છતાંય) શૂદ્ર જે દક્ષિણ દિશામાં તપ કરતો હતો તેનાથી તદ્દન વિરુદ્ધ દિશામાં પહેલાં શોધ શરૂ કરી હોય, કે જેના પરિણામે તે જનસ્થાન સુધી પહોંચવામાં મોડા પડી ગયા છે. વળી, જે (શ્લોક-૮)માં અશરીરિણી વાણીએ (શમ્બૂક)ની તપશ્ચર્યા અંગે માહિતી આપી છે, ત્યાં "પૃથિવ્યાં=પૃથિવી ઉપર શૂદ્ર તપ કરી રહ્યો છે," એવું વ્યાપક વિધાન કરવામાં આવ્યું છે. આથી શ્રી જોશીનું ઉપર્યુક્ત મન્તવ્ય ચિન્ત્ય લાગે છે.

વાસન્તી અને આત્રેયી છૂટાં પડે છે. મધ્યાહ્નનો સમય થવા આવ્યો છે, તેની વાસન્તી નોંધ લે છે :

શ્લોક-૯ : छायापस्किरमाणविष्करमुखव्याकृष्टकीटत्वचः, कूजत्क्लान्त-कपोतकुक्कुटकुलाः कुलायद्रुमाः; कूले घर्मस्त्रंसितबन्धनैः, कण्डूलद्विपगण्डपिण्ड-कषणोत्कम्पेन संपातिभिः स्वकुसुमैः गोदावरीम् अर्चन्ति ॥

અહીં कुलायद्रुमाः स्वकुसुमैः गोदावरीं अर्चन्ति । એ મુખ્ય વાક્ય છે. कुलायद्रुमाः નાં બે વિશેષણો છે : ૧. छाया...त्वचः । અર્થાત્ छायायां अपस्किरमाणाः विष्किराः (= शकुनयः), तेषां मुखैः व्याकृष्टाः कीटाः याभ्यः ताः छायापस्किरमाणविष्करमुखव्याकृष्टकीटाः, त्वचः येषाम् ते । આમ, તે બહુવ્રીહિ સમાસ છે. એ જ પ્રમાણે-૨. कूजन्ति क्लान्तानि कपोतानां कुक्कुटानां च कुलानि येषु । ઘર્મ એટલે ગરમી-તડકો, તેનાથી જેનાં બંધનો શિથિલ થઈ ગયાં છે તેવાં

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(પુષ્પો વડે). कण्डूला (कण्डूयुक्ताः = ખંજવાળવાળા) द्विपानां गण्डपिण्डाः (લમણાના બે ભાગો), तेषां कषणं, तस्मात् आकम्पेन । ખંજવાળ ચઢેલા હાથીઓના કપોલ–ગંડસ્થળોના ઘસાવાથી હાલી ઊઠેલા (વૃક્ષો ઉપરથી) ખરતાં (પુષ્પો વડે).

० ० ०

કવિ ભવભૂતિએ બપોરના સમયનું યથાર્થ વર્ણન કરતો સુંદર શ્લોક અહીં મૂક્યો છે. ભવભૂતિના સમયની રંગભૂમિ કદાચ આજના જેટલી સુસજ્જ નહીં હોય, તેથી રંગસજાવટના અભાવમાં, કવિઓ સમય અને સ્થળ વર્ણવતા સુન્દર શ્લોકો મૂકીને પ્રેક્ષકોની કલ્પનાને ઉત્તેજીત કરવાનો, તદ્રૂપ કરવાનો પ્રયત્ન કરતા હશે. માટે આવા શ્લોકો નાટકની રસાભિવ્યક્તિમાં સીધા ઉપકારક હતા, બાધક ન હતા એમ નિ:સંદેહ માનવું.

અહીં બીજા અંકનો (શુદ્ધ) વિષ્કંભક પૂરો થયો.

દશ્ય–૧ : પુષ્પક વિમાનમાં બેઠેલા, ખડ્ગપાણિ રામ બીજા અંકના પ્રથમ દશ્યમાં જોવા મળે છે.

શ્લોક–૧૦ : हे दक्षिण हस्त ! द्विजस्य मृतस्य शिशोः जीवातवे, शूद्रमूनौ कृपाणम् विसृज । (त्वं) रामस्य बाहुः असि । निर्भरगर्भखिन्नसीताविवासनपटोः ते (तव) करुणा कुतः ।

जीवातवे = જીવાડવા માટે. આ વૈદિક હેત્વર્થ કૃદન્તનું રૂપ છે. અથવા તો जीवातु (એટલે 'ઔષધ' એવો અર્થ લઈએ તો, તે શબ્દ)નું તે ચતુર્થી વિભક્તિ એકવચનનું રૂપ છે. जीवातुर्जीवनौषधम् એમ કહેવાયું પણ છે.

निर्भरं गर्भखिन्ना (અથવા निर्भरेणपूर्णेन गर्भेण खिन्ना या) सीता, तस्याः विवासने (त्यागे) पटुः, तस्य (रामस्य त्वं बाहुः असि) ।

રામ કંઈક આત્મનિર્ભત્સના તરફ વળ્યા છે. (પોતે સીતાનો ત્યાગ કર્યો છે, એનો વિલાપ તેઓ અયોધ્યામાં તો કાઢી શક્યા નથી. આથી કવિ એમને પ્રકૃતિના અંક (= ખોળા)માં લઈ આવે છે, કે જ્યાં રામ મુક્તપણે રડી શકે, સીતાને યાદ કરી શકે.)

० ० ०

શ્લોક–૧૧ : यमाद् अपि दत्ताभये त्वयि दण्डधारे (सति) असौ शिशुः संजीवितः, मम च इयम् ऋद्धिः । एषः शम्बूकः ते (तव) चरणौ शिरसा नतः । सत्सङ्गजानि निधनान्यपि तारयन्ति ॥

दत्ताभये त्वयि दण्डधारे सति (સતિ સપ્તમી) અભય આપનાર તમે જ્યારે દંડધારક બન્યા ત્યારે. 'સજ્જનો સાથેના સંગથી જન્મેલું ! નીપજેલું નિધન=મૃત્યુ પણ તારે છે'–સુન્દર અર્થાન્તરન્યાસ અલંકાર.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

શમ્બૂક ધન્યતાનો ભાવ અનુભવતાં કહે છે કે :–

શ્લોક–૧૩ : (त्वं) भूतनाथः शरण्यः भुवने अन्वेष्टव्यः असि । सः (भूतनाथः) माम् वृषलकम् अन्विष्यन् इह योजनानां शतानि क्रान्त्वा इह प्राप्तः, सः तपसां संप्रसादः (अस्ति) । अन्यथा चेत् अयोध्यायाः (इह) दण्डकायां वने वः (युष्माकम्) पुनः उपगमः क्व ?॥

शरणे साधुः शरण्यः । શરણે જવા યોગ્યને શરણ્ય કહેવાય છે. રામને માટે भूतनाथः વિશેષણ વાપર્યું છે, તથા તેમને 'આ ભુવન–બ્રહ્માંડમાં અન્વેષ્ટવ્ય= શોધવાયોગ્ય' કહ્યા છે. આ એક જગ્યાને બાદ કરતાં અન્યત્ર 'કવિએ રામને મનુષ્ય કલ્પ્યા છે (અથવા શૂદ્ર શમ્બૂકે રામને દૈવી વ્યક્તિ તરીકે નિરૂપ્યા છે.)

o o o

સીતાત્યાગ પછી રામે યન્ત્રવત્ રાજ્ય કર્યું છે. પોતાના હાથને પણ, શમ્બૂકને મારવા આજ્ઞા આપવી પડે એટલા તે જડ બન્યા છે. સીતાના સ્મરણને પણ તેમણે વિસારે પાડી દીધું છે. આમ એમના ચૈતન્યને જગાડવા માટે પ્રકૃતિના સંસ્પર્શની જરૂર હતી. કવિએ આ કામ બીજા અંકથી કરાવવા ધાર્યું છે. આથી રામ, શમ્બૂકની ઉક્તિ **(શ્લોક–૧૩)** ઉપરથી જાણે છે કે આ દંડકાની ભૂમિ છે અને રામની સ્મૃતિ અને ચેતના સળવળે છે.

શ્લોક–૧૪ : क्वचिद् स्निग्धश्यामाः, अपरतः भीषणाभोगरूक्षाः (दण्डकारण्यभागाः) सन्ति । स्थाने निर्झराणां झांकृतैः मुखरककुभः (सन्ति) । एते तीर्थाश्रमगिरिसरिद्गर्तकान्तारमिश्राः परिचितभुवः दण्डकारण्यभागाः संदृश्यन्ते ॥

मुखराः ककुभः (दिशः) येषाम्–બોલતી/ગાજતી દિશાઓવાળા (દંડકારણ્યના ભૂમિભાગો). तीर्थानि आश्रमाः गिरयः सरितः (नद्यः) गर्ताः कान्ताराणि च, तैः मिश्राः ॥

શ્લોક–૧૫ : भीमकर्मणाम्–ભયંકર કૃત્યો કરનારા, દૂષણ, ખર અને ત્રિશીર્ષ (ત્રિમૂર્ધન્)– એ ત્રણ રાક્ષસોનાં નામ છે. શૂર્પણખાનાં નાક–કાન કપાયા પછી, તેણીએ પોતાના ભાઈ ખરને ફરિયાદ કરી. આથી તેણે પહેલાં ૧૪ રાક્ષસોને મોકલ્યા. રામે તેમનો વધ કર્યો. ત્યારબાદ ખરે 'દૂષણ' નામના પોતાના સેનાપતિને ૧૪,૦૦૦ રાક્ષસો સાથે મોકલ્યો. રામે તેમનો પણ નાશ કર્યો. છેલ્લે રામે ત્રિમૂર્ધન્ અને ખરનો પણ વધ કર્યો.

अकुतोभयः = नास्ति कुतो भयं यस्य सः । જેને ક્યાંયથીય ભય નથી તે. (અનિયમિત મયૂરવ્યંસકાદિ પ્રકારનો સમાસ છે.)

શ્લોક–૧૬ : બીભત્સ રસનો નમૂનો રજૂ કરતો આ શ્લોક છે : सीमानः

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

સીમાડાઓ निष्कूजस्तिमिताः (પક્ષીઓના) કૂજન વિનાના છે. स्वेच्छासुप्तगभीरभोग–भुजगश्वासप्रदीप्ताग्नयः–(सन्ति) । [અહીં प्रदीप्त એવા કર્મણિ ભૂતકૃદન્તવાળા શબ્દને અનુવાદમાં છેલ્લે ક્રિયાપરક લઈને, બાકીના શબ્દોને તેના તે જ ક્રમે વિગૃહીત કરતા જવાથી સમાસનો અર્થ પ્રાપ્ત થશે.] જેમકે, "સ્વેચ્છાથી સૂતેલા, મોટી ભોગ–ફણાવાળા ભુજગ સર્પોના શ્વાસથી જેમાં અગ્નિ પ્રદીપ્ત થયો છે." यासु प्रदरोदरेषु विलसत् स्वल्पं अम्भसः (પંચમી), तृष्यद्भिः प्रतिसूर्यकैः–તરસ્યા કાચંડાઓ (ગરોળીઓ) વડે अयं अजगरस्वेदद्रवः આ અજગરના પરસેવાનો દ્રવ (રસ) પીવાય છે (पीयते).

કવિ ભવભૂતિને પ્રકૃતિના ભયંકર અને ઉદ્દામ ભાવોનું વર્ણન કરવું વધુ ગમે છે. વળી અન્ય કાવ્યકૃતિઓમાં દુર્લભ એવાં પ્રકૃતિવર્ણનો, કે જે રૌદ્ર, બીભત્સ રસ જન્માવનારાં હોય તે અહીં ભવભૂતિનાં સર્જનોમાં સહજ છે. વળી, તે ભવભૂતિની વિશિષ્ટતા–વિશિષ્ટ સિદ્ધિ છે.

શ્લોક–૧૭ : રામ કહે છે કે આ જનસ્થાન, કે જે ભૂતપૂર્વે खर નામના રાક્ષસનું નિવાસ હતું તેને હું જોઉં છું. खर રાવણનો ભાઈ હતો, દંડકારણ્યના એક ચોક્કસ સ્થાનનું નામ 'જનસ્થાન' છે,

भूतपूर्वं=पूर्वं भूत इति भूतपूर्वः, અહીં सुप्सुपा । સૂત્રથી સમાસ થાય છે અને भूतपूर्वे चरट् । ૫–૩–૫૩ સૂત્રમાં પાણિનિએ भूत શબ્દને પૂર્વપદ રૂપે મૂક્યો છે; તેથી भूतपूर्व એવો જ અર્થ થાય છે.

શ્લોક–૧૮ : રામ સીતાનાં જૂનાં વાક્યોને સ્મરે છે :

'मधुगन्धिषु वनेषु त्वया सह निवस्यामि' इति इह अरमत एव असौ (सीता), तस्याः तादृशः सः स्नेहः (आसीत्) ॥

અહીં इतीहारमतैवासौ પાઠ સ્વીકાર્યો છે. પરંતુ અહીં इति हाऽरमतैवासौ, इति चारमतीवासौ, इतीवारमते हासौ, इति चारमते सीता (वासौ) જેવાં પાઠાન્તરો પણ મળે છે.

ભવભૂતિએ આ શ્લોકની રચના કરવામાં વાલ્મીકિના નીચે લખેલા બે શ્લોકોનો ઉપયોગ કર્યો હોય એમ લાગે છે :

सुखं वने निवत्स्यामि यथैव भवने पितुः ।
अचिन्तयन्ती त्रींल्लोकांश्चिन्तयन्ती पतिव्रतम् ॥
शुश्रूषमाणा ते नित्यं नियता ब्रह्मचारिणी ।
सहं रंस्ये त्वया वीर **वनेषु मधुगन्धिषु** ॥

(अयोध्याकाण्ड ૨૭ : ૧૨ અને ૧૩)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

શ્લોક–૧૯ : આ શ્લોકમાં કવિ ભવભૂતિએ પ્રેમની સુન્દર અને યથાર્થ વ્યાખ્યા કરી છે :

किंचिद् अपि न कुर्वाणः (प्रियः जनः), सौख्यैः दुःखानि अपोहति । यो हि यस्य प्रियः जनः (अस्ति), तत् तस्य किमपि द्रव्यं (अस्ति) ॥

પ્રિયજન કશુંય ન કરે, તો પણ પોતાનાં ઉપસ્થિતિજન્ય સુખો વડે (सुखानि एव सौख्यानि, तैः स्वसंनिधिमात्रजनितैः सुखसंतानैः इत्यर्थ :) પ્રિય વ્યક્તિનાં દુઃખો દૂર કરી દે છે. આથી જે જેનું પ્રિયજન છે, તે તેનું किमपि=અનિર્વચનીય (અમૂલ્ય) દ્રવ્ય છે.

"ભવભૂતિ મુખ્યત્વે તો પ્રેમનો જ કવિ છે. જીવનમાં બધું ક્ષુદ્ર અને ક્ષય્ય હશે, પણ જ્યાં સુધી એક માણસનું હૃદય બીજા માણસના પ્રેમરસની ભૂખ અનુભવે છે ત્યાં સુધી તદ્દન નિરાશ થવા જેવું નથી. ભવભૂતિને મન માણસને મળેલો પ્રેમ તેનું किमपि દ્રવ્ય છે. કારણ કે આ દ્રવ્ય તો તેના જીવનતત્ત્વનું સારભૂત દ્રવ્ય છે." "..... નાટકમાં રામ અને સીતાના જીવનમાં વિખવાદ પ્રેરી શકે તેવો સંઘર્ષ પ્રવેશ પણ પામે તે પહેલાં રામસીતાના અદ્વૈતનો વાદી સ્વર કવિએ છેડી લીધો છે. હવે તેમના ઉપર દુઃખો આવી પડે તો પણ તેમને માનસિક સમાધાન માટે કશુંય કરવાની જરૂર નથી, કારણ કે ભવભૂતિએ પોતે જ કહ્યું છે તેમ न किंचिदपि कुर्वाणो सौख्यैर्दुःखानि अपोहति ।"– પ્રોફે. પી. સી. દવેસાહેબ, બુદ્ધિપ્રકાશ, ઑક્ટો. ૧૯૬૫ (પૃ. ૩૩૩ થી ૩૩૭).

दुरासदैः = દુર્ગમ, દુર્ધર્ષ.

तरुषण्डमण्डितानि = વૃક્ષોના સમૂહથી સુશોભિત.

मध्यमारण्यकानिं = જનસ્થાનની વચ્ચેનાં જંગલો.

શ્લોક–૨૦ : इह समदशकुन्ताक्रान्तवानीरमुक्त प्रसवसुरभिशीतस्वच्छतोयाः, (तथा) फलभरपरिणामश्यामजम्बूनिकुंजस्खलनमुखरभूरिस्रोतसो निर्झरिण्यः वहन्ति ॥

समद–મદસહિતના, शकुन्त–પક્ષીઓ (ના આક્રાન્ત થવાથી) फलभरेण= ફળનો ભાર = સમૂહના પરિણામથી = પરિપક્વ થવાને કારણે શ્યામ કાળાશ પડતો બન્યો છે; તેવા જાંબુની કુંજમાં પડવાને કારણે (स्खलनेन). मुखराः અવાજ કરતા भूरि = ઘણા, જલપ્રવાહો વહી રહ્યા છે.

શ્લોક–૨૧ : अत्र (अस्मिन् जनस्थाने) कुहरभाजाम् भल्लूकयूनाम् अनुरूसित–गुरूणि, अम्बूकृतानि स्त्यानम् (गाढत्वं) दधति । सल्लकीनां इभदलितविकीर्णग्रन्थि–निष्यन्दगन्धः शिशिरकटुकषायः स्त्यायते ॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

कुहराणि (बिलानि) भजन्ते सेवन्ते इति कुहरभाजः, तेषाम् । કુહર=ગુફાઓ, मल्लूक = રીંછ, अनुरसितगुरुणि = પડઘાને કારણે મોટી થતી अम्बूकृतानि = બરાડો ગાઢત્વ પામે છે. इभ = હાથી, शिशिर = ઠંડી અને कटुकषाय = તીખી, તૂરી ગન્ધ (ચારે બાજુએ) ફેલાય છે. (કવિએ આ જ શ્લોક 'માલતીમાધવ'ના નવમા અંકમાં પણ મૂક્યો છે.)

આ શ્લોકમાં રજૂ થયેલું **પ્રકૃતિવર્ણન** નોંધપાત્ર છે પ્રોફે. પી. સી. દવેસાહેબ જણાવે છે કે : "ભવભૂતિ વિષે જે એમ કહેવાય છે કે તેણે પ્રકૃતિનાં ભીષણ–ભયંકર સ્વરૂપોનું વર્ણન વિશેષ રસપૂર્વક કર્યું છે તે યથાર્થ છે. એક રીતે જોતાં તો આ કવિનું માનસ જ ક્ષુલ્લકતા અને પામરતા, પોચટતા અને ચંચલતાનું વિરોધી છે. આ વિરોધ તેણે દોરેલી અતિમાનવ કોટિની પાત્રસૃષ્ટિમાં અને ઉચ્ચ આદર્શોના તેના નિરૂપણમાં વ્યક્ત થાય છે, તે જ પ્રમાણે તે ભીષણ પ્રકૃતિના નિરૂપણમાં પણ દેખાય છે. ભવભૂતિ પાસે તીવ્ર સંવેદનશક્તિ છે. આંખ, કાન, સ્પર્શ, ઘ્રાણ અને રસના–એ બધી ઇન્દ્રિયોથી વાતાવરણના સમગ્ર સ્વરૂપને તેનું મન પકડી લે છે અને નિર્જન એકાંત પ્રકૃતિમાંથી પણ પામર જનોના છલબલાટને ક્યાંય ડુબાવી દે તેવું પ્રતાપી વ્યક્તિત્વ તે બહાર લાવે છે, અડીખમ પ્રસ્રવણ પર્વત અને તેની ગુફાઓમાં ઘૂસી જઈને ગદ્ગદ્ અવાજ કરતાં ગોદાવરીનાં જળ, નિર્ઝરોના ઝાંકૃતો, યુવાન ભલ્લૂકોના બરાડા, અજગરોના પરસેવાના રસને પીતા કાચંડાઓ એ બધાનાં સૂચક વર્ણનોથી કવિએ એકાંતના આસન ઉપર વિરાજીને એકચક્રી સામ્રાજ્ય ચલાવી રહેલી પ્રકૃતિનું સ્પષ્ટ ચિત્ર આલેખ્યું છે. આવી પ્રભાવક ભૂમિનો અનુભવ માણસની કૃત્રિમ મનોરચનાને જોતજોતામાં ફેરવી નાંખીને ઠેકાણે લાવી દઈ શકે તેની આ મર્મજ્ઞ કવિને સૂઝ છે. માણસ ગમે તેટલો વિકૃત થાય પણ તેને પ્રકૃતિસ્થ કરવાની શક્તિ પ્રકૃતિમાં તો છે જ એવી શ્રદ્ધા આ નાટકમાં પડેલી છે."– એજન.

આ બીજા અંકનું પ્રયોજન એ પણ છે કે રામના ચિત્તમાં સીતાની યાદ સપાટી ઉપર આવીને ઊભી રહે. આથી, કવિ રામને શૂદ્રવધ નિમિત્તે દંડકારણ્ય–જનસ્થાનમાં લઈ આવ્યા છે. અહીં પ્રસંગ મળતાં કવિએ (ઉપર્યુક્ત શ્લોકમાં) પ્રકૃતિનું વર્ણન પણ કર્યું છે (અને તેવાં વર્ણનોમાં આપણને કવિની લાક્ષણિકતા જોવા મળે છે.)

રામ શૂદ્ર તાપસને દેવયાન પામીને, પુણ્યલોકમાં જવાના આશીર્વાદ આપે છે. ઉપનિષદોમાં 'દેવયાન' અને 'પિતૃયાન' જેવા બે માર્ગોનું વર્ણન જોવા મળે છે. દેવયાને ગયેલો જીવાત્મા બ્રહ્મને પામે છે અને પછી પૃથિવીલોક ઉપર આવતો નથી, પણ પિતૃયાનેથી જનારો જીવાત્મા ચન્દ્રલોકમાં નિવાસ કરે છે અને ત્યાં

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પુણ્યનો ક્ષય થતાં પૃથિવી ઉપર પાછો ફરે છે. ભગવદ્‌ગીતામાં આને જ 'શુક્લગતિ' અને 'કૃષ્ણગતિ' એવાં નામ આપવામાં આવ્યાં છે :

शुक्लकृष्णे गती ह्येते जगतः शाश्वते मते ।
एकया यात्यनावृत्तिमन्यया आवर्तते पुनः । (गीता ८–२६)

દૃશ્ય : ૨

શમ્બૂક કહે છે કે આ વનમાં વસતા અગસ્ત્ય ઋષિને પ્રણામ કરીને શાશ્વત પદને પામીશ. હવે રામ એકલા પડે છે અને તેમની ઊર્મિઓને બહાર નીકળવાનો અવકાશ મળે છે. "રામ–સીતાના વિસ્રમ્ભ પ્રસંગોની સાક્ષી એવી દંડકારણ્ય ભૂમિમાં રામના ચિત્તમાં સીતા સળવળી" ઊઠે એ પ્રયોજનને ધ્યાનમાં રાખીને કવિએ શમ્બૂકવધનો પ્રસંગ અહીં ગોઠવ્યો છે.

"ભવભૂતિનું એક બીજું શ્રદ્ધાસ્થાન પ્રકૃતિ છે. માનવોએ ઊભી કરેલી સંસ્કૃતિમાં ઘણીવાર વિકૃતિનો અનુભવ થાય, પરંતુ દંભ, અસત્ય અને છલનાથી કલેશ પામેલ માણસ માટે પ્રકૃતિ તો કાયમનું વિસામાનું સ્થાન છે. ભવભૂતિ પણ કદાચ પ્રકૃતિ પાસેથી સાંત્વના અને બળ પામે છે." શ્રી પી. સી. દવે (બુદ્ધિપ્રકાશ, ઑક્ટો. '૬૫, પૃ. ૩૩૪)

શ્લોક–૨૨ : तद् एव हि एतत् वनम् (अस्ति), यद् अद्य पुनः दृष्टम् । यस्मिन् पुरा चिरम् एव वसन्तः वयं स्वधर्मे रताः आरण्यकाः, सांसारिकेषु सुखेषु रसज्ञाः गृहिणश्च अभूम ॥

રામ એ વનને જુએ છે કે જેમાં તેમણે આરણ્યકજીવન–વાનપ્રસ્થજીવન અને ગૃહસ્થી તરીકેનું જીવન એક સાથે વીતાવ્યું હતું.

શ્લોક–૨૩ : एते ते एव विरुवन्मयूराः गिरयः, तानि एव मत्तहरिणानि वनस्थलानि, अमूनि च तानि आमञ्जुवञ्जुललतानि नीरन्ध्रनीलनिचुलानि सरित्तटानि (सन्ति) ॥

विरुवन्मयूराः = ટહુકતા મયૂરોવાળા (પર્વતો), आमञ्जुल–वञ्जुल–लतानि = બધી રીતે મનોહર નેતરની લતાઓવાળા (નદીના તટપ્રદેશો), नीरन्ध्रं (निर्गतं रन्ध्रं येभ्यः) नीरे निचुलाः येषु । નિચુલ = પાણીમાં ઊગતાં ઝાડ.

શ્લોક–૨૪ : सः अयं गिरिः प्रस्रवणः अस्ति । यः च आरादपि मेघमाला इव विभाव्यते । यत्र (च) गोदावरी नदी (वहति) ॥

નાટકકાર કવિએ આ પ્રસ્રવણ પર્વત જનસ્થાનની નજીક હોય એવું નિરૂપણ કર્યું છે. પરંતુ મૂળ રામાયણમાં તે કિષ્કિન્ધાની નજીક હોય એવું વર્ણન મળે છે.

શ્લોક–૨૫ : अस्य एव महति शिखरे गृध्रराजस्य वासः आसीत् । तस्य अधस्तात्

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

वयम् अपि तेषु पर्णोटजेषु रताः (आस्म) । यत्र गोदावर्याः पयसि = जले विततश्यामल–अनोकहश्रीः, एवञ्च अन्तःकूजन्मुखरशकुनः रम्यः वनान्तः (आसीत्) ॥

गृध्रराजस्य = जटायुषः । वितता श्यामलानां अनोकहानां (वृक्षाणां) श्रीः (शोभा) यत्र आसीत् ।

રામ અનુભવે છે કે આ એ જ પંચવટી છે કે જ્યાં સીતાની સાથે ચિરનિવાસ કર્યો હતો. તે જ પંચવટી છે કે જે રામના દાંપત્યજીવનની સાક્ષી છે અને એમાં પ્રિયતમા સીતાની સખી વનદેવતા વાસન્તી રહેતી હતી. રામ બોલે છે : तत् किम् इदम् आपतितम् अद्य रामस्य । "રામને માથે આ શું આવી પડ્યું ?"

શ્લોક–૨૬ : રામને લાગે છે કે જાણે તીવ્ર વિષરસ ફેલાઈ રહ્યો છે. ઘનીભૂત થયેલો શોક જાણે કે નવો હોય તેમ ફરી મને–રામને વિકલ બનાવી દે છે.

શ્લોક–૨૭ : રામને જનસ્થાનની એ ભૂમિ ઉપરનો ભૂતસંનિવેશ બદલાઈ ગયો હોય એમ લાગે છે : पुरा यत्र सरितां स्रोतः, अधुना तत्र पुलिनम् । क्षितिरुहां घनविरलभावः विपर्यासं यातः । बहोः कालात् दृष्टम् इदं वनम् अपरमिव मन्ये, शैलानां निवेशः 'इदं तत्' इति बुद्धिम् द्रढयति ॥

શિખરિણી છંદમાં લખાયેલો ભવભૂતિનો આ એક સુન્દર શ્લોક છે.

यत्र स्रोतः = જ્યાં જલપ્રવાહ હતો ત્યાં पुलिनम् (અત્યારે) રેતાળ પટ છે. क्षितिरुहाम् = वृक्षाणाम् । પહેલાં જ્યાં વૃક્ષો ગાઢ હતાં, ત્યાં આછાં થઈ ગયાં છે અને જ્યાં આછાં–વિરલ–વૃક્ષો હતાં, ત્યાં ગાઢ થઈ ગયાં છે. આમ પ્રકૃતિમાં પરિવર્તન આવી ગયું છે, પણ પર્વતોની હારમાળા કે જે સ્થિર છે, તે 'આ તે જ વન છે' એવી બુદ્ધિને દૃઢ કરે છે.

શ્લોક–૨૮ : રામ વિચાર કરે છે કે જેણે પ્રિયતમાનો નાશ કર્યો છે તેવો આ રામ, એકલો એકલો (સીતાના સાહચર્ય વિના પણ) શું પંચવટીને જુએ, કે પછી તે પંચવટીનું સંભાવન કર્યા વિના જ પાછો જતો રહે.

દૃશ્ય : ૩

અગસ્ત્યના આશ્રમેથી શમ્બૂક પાછો ફર્યો છે. તે એક સંદેશો લાવ્યો છે કે અગત્સ્યની પત્ની લોપામુદ્રા રામની પ્રતીક્ષા કરે છે. અહીં મળવા આવો અને ત્યાર પછી પ્રજવિન્ પુષ્પક વિમાનમાં બેસીને પાછા ફરજો.

प्रजविन् – ખૂબ ગતિવાળા, तरस्वी त्वरितो वेगी प्रजवी जवनो जवः । (अमरः).

શમ્બૂક 'મધ્યાહ્નનો સમય થયો છે' એમ સૂચવવા બે શ્લોકો ૨૯ અને ૩૦ રજૂ કરે છે. તેમાં બે સુંદર પ્રકૃતિવર્ણનો જોવા મળે છે.

શ્લોક–૨૯ : अयं कूजत्कुञ्जकुटीरकौशिकघटाघूत्कारवत्कीचकस्तम्बाडम्बरमूक

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

मौकुलिकुलः क्रौञ्चावतः गिरिः । एतस्मिन् प्रजलतां प्रचलाकिनां कूचितैः उद्वेजिताः कुम्भीनसाः पुराणरोहिणतरुस्कन्धेषु उद्वेल्लन्ति ॥

कौशिकाः=उलूकपक्षिणः = ઘુવડ પક્ષીઓ(ના ઘૂ ઘૂ એવા અવાજોવાળા), मौकुलिकुलानि = वायससमूहाः કાગડાઓના સમૂહો (જેમાં છે તેવો ક્રૌંચાવત નામનો પર્વત છે). प्रचलाकिन् = મયૂર, कुम्भीनसाः = ઝેરી નાગ, (कुम्भी इव नासिका येषां ते कुम्भीनसाः ।), रोहिणतरूणां = ચંદનવૃક્ષો. उद्वेल्लन्ति = ભયથી વ્યાકુળ થઈને પોતાનો બચાવ કરવા માટે અહીંથી ત્યાં ફરી રહ્યા છે.

○ ○ ○

કવિએ પ્રકૃતિનાં માત્ર મૃદુ અને રમ્ય પાસાંઓને જ ચિતરવાને બદલે કંઈક ભયાનક, જુગુપ્સાપ્રેરક પાસાને પણ ચિતરવામાં રસ લીધો છે. બલ્કે, તેમાં તેમને વિશેષ ફાવટ છે. કવિ ભવભૂતિની આ લાક્ષણિકતા છે.

પ્રકૃતિના આવા ભારેખમ વર્ણન માટે ઉચિત એવી સમાસપ્રચુર શબ્દાવલી અને બન્ને શ્લોકોમાં (૨૯–૩૦માં) વાપરેલો શાર્દૂલવિક્રીડિત છંદ ઔચિત્યપૂર્ણ છે. શ્રી જોશીએ ૨૯મા શ્લોકને "શબ્દચિત્ર કાવ્ય" કહ્યો છે.

શ્લોક–૩૦ : एते ते कुहरेषु गद्गदनदद्गोदावरीवारयः, मेघालम्बितमौलि-नीलशिखराः दाक्षिणाः क्षोणीभृतः । इमे ते अन्योन्यप्रतिघातसंकुलचलत्-कल्लोलकोलाहलैः उत्तालाः गभीरपयसः पुण्याः सरित्सङ्गमाः ॥

कुहरेषु–ગુફાઓમાં. मेघैः आलम्बिताः मौलयः (चूडाः), तैः नीलानि शिखराणि (येषां तथाविधाः), दाक्षिणाः= दक्षिणदिशावर्तिनः, क्षोणीभृताः = भूधराः पर्वताः सन्तीति शेषः । प्रतिघात–संघर्ष – અથડામણ, गभीरपयसः–અગાધ જળવાળા, सरित्संगमाः = નદીઓનાં સંગમસ્થાનો અહીં વિદ્યમાન છે.

કવિએ આ અંકનું નામ "(રામનો) પંચવટીપ્રવેશ" આપ્યું છે. આ નામ, નાટકના બીજા અંકમાં કવિએ સાધેલા કાર્યવેગને સ્પષ્ટ કરનારું છે. પહેલા અંકની ઘટના અયોધ્યામાં–નગર સંસ્કૃતિમાં–બની છે. હવે પછીની બીજા અંકથી સાતમા અંકની ઘટનાઓ અરણ્યમાં કે ઋષિઓના આશ્રમોમાં થવાની છે. એની પૂર્વતૈયારી રૂપે કવિએ, આ અંકમાં રામનો પંચવટીપ્રવેશ કરાવ્યો છે. પરિણામે, નગરમાં લોકારાધનમાં વ્યસ્ત રહેતા રામ અહીં આવીને સીતાને સ્મરે છે. તેમના હૃદયાકાશમાં સતત જીવતી રહેલી સીતા જાણે કે ત્રીજા અંકમાં છાયાસીતા બનીને રામને સંજીવન સ્પર્શ અર્પે છે.

અલબત્ત, આ નાટકની "પ્રસ્તાવના"માં અમે શમ્બૂકવધ પ્રસંગને એક મિથ (Myth) ગણીને તેના અર્થઘટન અને પુનર્નિમાણ રૂપે જ સમગ્ર ઉત્તરરામચરિતની રચના કવિએ કરી છે-એ નવનવીન વિચાર ચર્ચ્યો છે-તે જોવા અનુરોધ છે.

(બીજો અંક પૂરો)

○ ○ ○

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અંક – ૩

હવે, કવિ ભવભૂતિની નાટકકાર તરીકેની એક ઉત્કૃષ્ટ સિદ્ધિનું પ્રદર્શન કરતા 'છાયા–સીતા' નામનો ત્રીજો અંક શરૂ થાય છે. આ અંક 'સાહિત્યકૃતિઓમાં એક માત્ર કરુણરસ જ પ્રધાન છે' એવું સિદ્ધ કરવા માટે કવિએ પ્રયોજ્યો છે. બીજા શબ્દોમાં કહીએ તો, કવિએ આ અંકમાં ૧. पुटपाकप्रतीकाशो रामस्य करुणो रसः । 'પુટપાકના જેવો રામનો કરુણ રસ', અને ૨. करुणस्य मूर्तिः, अथवा शरीरिणी विरहव्यथा । 'સાક્ષાત્ કરુણ રસની મૂર્તિ અથવા શરીરધારિણી વિરહવ્યથા' હોય તેવી સીતાને આલેખવા માટે સફળ પ્રયત્ન કર્યો છે.

o o o

અંકના આરંભે કવિએ એક **શુદ્ધ વિષ્કંભક** મૂક્યો છે. તેમાં નદીદ્વય–તમસા અને મુરલા નામની બે નદીઓ–નો સંવાદ રજૂ કર્યો છે. આ સંવાદ દ્વારા, પ્રેક્ષકોને નીચે મુજબની માહિતી પૂરી પાડવામાં આવે છે :

૧. શમ્બૂક પાસેથી અગસ્ત્યપત્ની લોપામુદ્રાએ જાણ્યું છે કે આજે રામ પંચવટીમાં પ્રવેશવાના છે. આથી, રામ પ્રત્યેના સહજ સ્નેહથી તેમને એક શંકા જન્મી છે કે સીતાનો ત્યાગ કર્યા પછી રામે જે વિરહદુઃખને હૃદયમાં સંતાડી રાખ્યું છે, તે દુઃખ પંચવટીના દર્શનથી બહાર નીકળશે. પરિણામે પદે પદે રામ મૂર્છિત થવાની પૂરી શક્યતા છે. આવી ક્ષણોમાં (લોપામુદ્રાની વિનંતિને માન આપીને) ગોદાવરી નદીએ પોતાનાં શીતળ જલબિન્દુઓથી રામને સાન્ત્વન આપવાનું છે. – આ સમાચાર લોપામુદ્રાએ ગોદાવરી પાસે મોકલેલી મુરલા નદી આપે છે.

૨. પરંતુ ભાગીરથી ગંગા નદી પાસેથી આવી રહેલી તમસા નદી જણાવે છે કે રામભદ્રને જીવાડનારો સંજીવનોપાય આજે નજીકમાં જ છે. કેમકે ભાગીરથી નદી સીતાને એક બહાના હેઠળ આજે પૃથિવી ઉપર–પંચવટીમાં લઈ આવી છે અને તમસાને તેના સાથીદાર તરીકે જોડે રહેવાની ગંગાએ સૂચના આપી છે. આ પ્રસંગે સીતા અને તમસાને વનદેવતા વાસન્તી–અતિમાનુષી પાત્ર–પણ જોઈ શકશે નહીં–સીતા સૌને માટે અદશ્ય, અગોચર રહેશે–એવી ભાગીરથી નદીએ પોતાના પ્રભાવથી વ્યવસ્થા કરી છે. (આમ રંગભૂમિ ઉપર તમસાની સાથે સીતા હશે, અને વનદેવતા વાસન્તી સાથે રામ પણ હશે. પરંતુ સીતા રામને જોતી, સાંભળતી રહેશે, પણ રામ સીતાને જોઈ કે સાંભળી શકશે નહીં; એવી વ્યવસ્થાની કવિએ આયોજના કરી છે. આને જ 'છાયાસીતા' એવું નામ આપવામાં આવ્યું છે.)

'આજે રામ શમ્બૂકનિમિત્તે પંચવટીમાં પ્રવેશશે' એ વાત સરયૂના મુખેથી સાંભળીને, (લોપામુદ્રાના જેવી જ આશંકાથી) ગંગા નદીએ સીતાને પણ (રામના

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

સંજીવનોપાય તરીકે) પંચવટીમાં ઉપસ્થિત રાખવા માટે એક બહાનાને ઊભું કર્યું છે : "લવકુશની બારમી વર્ષગાંઠ નિમિત્તે સીતાએ પોતાના હાથે ચૂંટેલાં પુષ્પોથી સૂર્યની પૂજા કરવી જોઈએ, અને એ પ્રસંગે સીતાને કોઈ જ જોઈ શકશે નહીં."– આમ અદૃશ્ય/છાયાસીતા રંગભૂમિ ઉપર આવશે, એની પ્રેક્ષકોને માહિતી મળે છે.

૩. પ્રથમ અંકના અંતે, લક્ષ્મણ સીતાને ભાગીરથી નદીના જલમાં સ્નાન કરાવવા લઈ જવાના બહાના હેઠળ લઈ ગયો હતો અને પ્રેક્ષકો સમજ્યા હતા કે રામે આ રીતે સીતાનો ત્યાગ કરી દીધો છે. પરંતુ 'ત્યાગ કર્યા પછી, એકલી પડેલી સીતાએ શું કર્યું, તેનું શું થયું હશે ?' એવી પ્રેક્ષકોની જિજ્ઞાસા અસંતુષ્ટ રહી હતી. એનો જવાબ પણ આ વિષ્કંભકમાં કવિએ આપ્યો છે. જેમકે, તમસા કહે છે : સીતાત્યાગ કર્યા પછી લક્ષ્મણ પાછો ફરી ગયો, ત્યારે સીતાને અસહ્ય પ્રસવવેદના થતાં તેણે ગંગામાં પડતું મૂક્યું. ત્યાં તેણીએ બે જોડીયાં બાળકોને જન્મ આપ્યો, ગંગા દેવી (પ્રથમ અંકમાં રામે કરેલી પ્રાર્થના–સીતાની સોંપણી–ના અનુસન્ધાનમાં) અને પૃથિવી માતાએ સીતાને બચાવી લીધી અને તેણીને રસાતળમાં લઈ ગયાં. ત્યાર પછી બન્ને પુત્રોને ધાવણ છોડાવ્યા પછી પાતાળમાંથી લઈને ગંગા નદી તેમને બન્નેને વાલ્મીકિના આશ્રમમાં મૂકી આવી છે.

રામે પોતાના જીવનમાં લોકારાધન કરવા રૂપી એક સત્યનું પાલન કર્યું છે, (પત્નીનો ત્યાગ કરીને પણ); આથી હવે એ સત્યની ફરજ છે કે તેનું પાલન કરનારા એ રામનું–રામના દામ્પત્યજીવનનું–રક્ષણ સત્ય પોતે જ કરે. પ્રોફે. શ્રી પી. સી. દવેસાહેબના મતે **'સત્યપાલન કરનારનું રક્ષણ સત્ય કરે છે'** એ કવિની શ્રદ્ધા છે, ભારતીય સંસ્કૃતિની શ્રદ્ધા છે. આથી, આ અંકમાં કવિએ બતાવ્યું છે કે સત્યના પ્રતિનિધિ રૂપ તમસા, મૂરલા, ગોદાવરી અને ભાગીરથી જેવી નદીઓ, અગસ્ત્ય–લોપામુદ્રા જેવાં ઋષિદંપતી, વનદેવતા વાસન્તી, પૃથ્વી અને ભગવાન વાલ્મીકિ વગેરે સૌ રામ-સીતાને બચાવવા, સાન્ત્વન આપવા અને અંતે તેમનું પુનર્મિલન કરાવવા ઉદ્યત બન્યા છે. **કવિએ આ નાટકમાં જે અતિમાનુષી પાત્રસૃષ્ટિનો સંનિવેશ કર્યો છે, તેનો આ એક અનુમાનગમ્ય સંભવિત ખુલાસો છે.** (મુરલાએ શ્લોક–૩માં આનો ઈશારો કર્યો પણ છે.)

શ્લોક–૧ : गभीरत्वाद् अनिर्भिन्नः, अन्तर्गूढघनव्यथः, पुटपाकप्रतीकाशः रामस्य (अयम्) करुणः रसः (अस्ति) ।

રામનો કરુણ રસ પુટપાકના જેવો (प्रतीकाश = साधारणः = समानश्च स्युरुत्तरपदे त्वमी । निम–संकाश–नीकाश–प्रतीकाशोपमादयः ॥ इत्यमरः)

પુટપાક એટલે આયુર્વેદિક દવા બનાવવાની એક પદ્ધતિ. જેમાં બે કોડિયામાં

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અમુક ઔષધિઓ મૂકીને, તેને ભીની માટીથી લીંપીને, પછી અગ્નિમાં તપાવવામાં આવે છે. આ સમયે અંદરની ઔષધિઓ ચારે બાજુના અગ્નિતાપથી ખદબદીને–ઉકળીને તૈયાર થાય છે. એવી જ રીતે રામે, જ્યાં સુધી નગરમાં હતા ત્યાં સુધી, સીતાને જાહેરમાં યાદ કરી નથી. સીતાનો વિરહ અંતઃકરણમાં પુટપાકની જેમ છુપાવીને રાખ્યો છે.

० ० ०

पुटपाकप्रतीकाशो रामस्य करुणो रसः । એ વાક્ય દ્વારા, કેટલાક સહૃદય વાચકોને એમ લાગ્યું છે કે કવિ 'આ અંકમાં રામના કરુણ રસનું પ્રદર્શન કરાવવામાં આવશે' એવી અભિધામાં જાહેરાત કરે છે. સંભવ છે કે કવિને પોતાના સ્થળકાળમાં યોગ્ય ભાવક ન મળ્યો હોય; અને પરિણામે તેમણે આવાં વાક્યો પોતાની કૃતિમાં લખ્યાં હોય.

શ્લોક–૨ : शीकरक्षोदशीतैः पद्मकिञ्जल्कगन्धात् आकर्षद्भिः स्वैरं स्वैरं प्रेरितैः वीचिवातैः रामभद्रस्य जीवं मोहे मोहे तर्पय इति ॥

शीकरक्षोदशीतैः=જલકણોના ચૂર્ણ (क्षोद)થી શીતળ, किंजल्क=પરાગ, वीचिवातैः=તરંગોના પવનથી, मोह=મૂર્ચ્છાવસ્થા.

શ્લોક–૩ : ईदृशानां (दम्पतीनां) विपाकः अपि परमाद्भुतः जायते । यत्र एवंविधः जनः । उपकरणीभावम् आयाति ॥

રામ અને સીતા, કે જેમણે સ્વસુખનો ત્યાગ કરીને–પરસ્પરથી છુટા પડીને ય–લોકારાધનનું કુલવ્રત આચર્યું છે, તેમણે–રઘુવંશે–માનેલા જીવનસત્યનું પાલન કર્યું છે. તેમના જીવનમાં આવી પડેલું દુઃખ પણ અદ્‌ભુત હોય છે. કેમકે તેમના દુઃખમાં ઉપકાર કરવા માટે આવાં ભાગીરથી અને પૃથિવી દેવી જેવાં પાત્રો દોડી આવે છે.

गृहाचारव्यपदेशेन = ગૃહસ્થી–જીવનમાં થતા આચારના બહાના હેઠળ.

कुशलवयोः द्वादशस्य जन्मसंवत्सरस्य संख्यामंगलग्रन्थिः अभिवर्तते કુશ–લવના બારમા જન્મવર્ષની સંખ્યા–મંગલગ્રન્થિ (= બારમી વર્ષગાંઠ) આવી રહી છે. पुराणश्वसुर=પ્રાચીન–આદ્ય સસરા. રઘુવંશી રાજાઓ સૂર્યવંશી હતા. તેથી સૂર્યનો 'પુરાણશ્વસુર' કહ્યા છે. अपहतपाप्मानं=પાપોનો નાશ કરનારા. प्रत्यनन्तरीभव–નજીકમાં સાથી તરીકે રહેનારી બન. प्रत्यनन्तरः=सन्निहितः । (अप्रत्यनन्तरः प्रत्यनन्तरः भवेति प्रत्यनन्तरीभव, च्वि રૂપ.)

गोदावरीह्रदात्=ગોદાવરી નદીના ધરા–જલપ્રવાહમાં–થી (સીતા બહાર નીકળી. તે કેવી લાગે છે એનું તમસા વર્ણન કરે છેઃ) **શ્લોક–૪** : परिपाण्डुदुर्बलकपोलसुन्दरं विलोलकबरीकम् आननं=मुखं दधती=धारयन्ती करुणस्य मूर्तिः अथवा विरहव्यथा इव जानकी वनम् एति (गच्छति) ॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

એક તરફથી, સીતાના વિરહમાં રામ नितरां परिक्षीणः (સુકાઈ) થઈ ગયા છે. તો બીજી તરફ, સીતા પણ રામના વિરહમાં શરીરધારી વિરહવ્યથા કે કરુણાની મૂર્તિ જેવી થઈ ગઈ છે.

શ્લોક–૫ : बन्धनाद् विप्रलूनम्–દાંડીમાંની તોડેલી किसलयम् इव–કૂંપળ જેવા. अस्याः परिपाण्डु क्षामं शरीरं शरदिजः घर्मः (ગરમી, તડકો) केतकीगर्भपत्रम् इव ग्लपयति ॥

ટૂંકમાં, આ શુદ્ધવિષ્કંભકમાં (કે જેમાં તમસા અને મુરલા નામની બે–મધ્યમ કક્ષાનાં બે પાત્રો--નદીઓ સંસ્કૃતમાં બોલે છે તેના દ્વારા) કવિએ સૂચવી દીધું કે તમસાની સાથે અદૃશ્ય=છાયાસીતા રંગભૂમિ ઉપર આવી રહી છે અને બીજી તરફથી રામ વનદેવતા વાસન્તી સાથે રંગભૂમિ ઉપર આવી રહ્યા છે તથા અંકની ઘટના પંચવટીમાં બને છે.

(અહીં શુદ્ધવિષ્કંભક પૂરો થાય છે.)

દૃશ્ય : ૧

હવે, અહીંથી ત્રીજા અંકનું પહેલું દૃશ્ય શરૂ થાય છે.

પડદો ખુલ્યા પછી પડદા પાછળથી प्रमादः प्रमादः । એવા શબ્દો સંભળાય છે. નેપથ્યમાંથી ફરી વધુ સ્પષ્ટતા કરવામાં આવે છે કે સીતાએ ઉછેરેલા ગજબાળ ઉપર બીજા દ્વિરદપતિએ હુમલો કર્યો છે :

શ્લોક–૬ : पुरा सीतादेव्या यः अग्रे लोलः करिकलमकः (= करिशावकः) स्वकरकलितैः सल्लकीपल्लवाग्रैः वर्धितः अभूत्, सोऽयं वध्वा सार्धं पयसि विहरन्, अन्येन उद्दामेन द्विरदपतिना दर्पात् सन्निपत्य अभियुक्तः ॥

કવિ ભવભૂતિએ જેમ રામને પત્નીનો (અને પુત્રોનો) વિરહ ઊભો કર્યો છે, તેમ સીતાને માટે પણ પતિનો વિરહ અને પુત્રોનોય વિરહ સજર્યો છે ! (સ્તન્યત્યાગ પછી લવકુશને રસાતળમાંથી વાલ્મીકિના આશ્રમમાં ખસેડવામાં આવ્યા છે, એવી વિષ્કંભકમાં નોંધ પ્રેક્ષકોને આપવામાં આવી છે.) આ સીતાને પુત્રોની વર્ષગાંઠે સૂર્યપૂજન માટે પૃથિવી ઉપર લાવવામાં આવી છે. આ પ્રસંગે તેના માતૃત્વને જગાડવાની કવિને જરૂર જણાઈ લાગે છે. તેથી કરિકલભ ઉપર હુમલો થયાનું આ પ્રથમ દૃશ્યમાં વર્ણવાયું છે. વળી, આ આખા અંકમાં એક પ્રકારનું જાણે કે ‘પ્રમાદ–દૃશ્ય’ આકાર પામ્યું હોય એમ લાગે છે, તેનું સૂચન આ प्रमादः प्रमादः । શબ્દોમાંથી થાય છે. (જુઓ : છાયાઅંકનું કલાવિધાન, પ્રોફે. શ્રી પી. સી. દવેસાહેબ ‘સાબરમતી’, શ્રી. હ. કા. આર્ટ્સ કૉલેજ અંક, ૧૯૬૫, પૃ. ૩૮)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

એક તરફથી, સીતા પોતે ઉછેરેલા ગજબાળને બચાવવા हा आर्यपुत्र ! परित्रायस्व मम तं पुत्रकम् । એમ અભાનપણે રામને ઉદ્દેશીને બોલી ઊઠે છે, તો બીજી તરફથી, રામ પણ અગસ્ત્ય–લોપામુદ્રાને પ્રણામ કરીને, પંચવટીમાં પોતાના વિમાનને ઉતારે છે : विमानराज, अत्रै च स्थीयताम् ।

સીતાને રામનો આ અવાજ ઉત્સુક કરી મૂકનારો છે :

जलभर–भरित–मेघ–मन्थर–स्तनित–गम्भीर–मांसलः=जलस्य भरेण भरितः मेघः, तस्य मन्थरं स्ननितं, तद्वत् गम्भीरः मांसलः च ।

શ્લોક–૭ : स्तनयित्नोः कुतस्त्ये अपरिस्फुटनिस्वाने ईदृशी त्वं मयूरी इव चकिता, उत्कण्ठितं स्थिता ॥

स्तनयित्नु=વાદળ, ષષ્ઠી એકવચનમાં स्तनयित्नोः । જેમ મયૂરી વાદળના ગડડાટથી ચકિત થઈ જાય, એમ સીતા રામના અવાજથી ઉત્કંઠિત થઈ ગઈ છે.

તમસા કહે છે કે–સાંભળ્યું છે કે તપ કરતા શૂદ્રને દંડ આપવા ઐક્ષ્વાકુ રાજા અહીં જનસ્થાન (પંચવટી)માં આવ્યા છે. સીતા કહે છે : दिष्ट्या अपरिहीन–राजधर्मः खलु स राजा । 'હાશ, સદ્ભાગ્યે તે રાજા રાજધર્મમાંથી ચ્યુત થયા નથી.'

સીતાનો ત્યાગ કર્યા પછી, રામે પ્રજા ઉપર દ્વેષબુદ્ધિ રાખી નથી. બલ્કે, સીતાને વિસારે પાડીને સતત સાવધાનીપૂર્વક પૂરી નિષ્ઠાથી પ્રજાનાં કલ્યાણકાર્યો જ કર્યાં છે. **સીતા આ જોઈ હરખાય છે, સંતોષ અનુભવે છે.** પહેલા અંકના પહેલા દશ્યમાં જ, રામે 'જાનકીનો ત્યાગ કરીને ય લોકારાધનનું વ્રત માથે ચઢાવીશ' એવી જ પ્રતિજ્ઞા ઉચ્ચારી હતી, અને એ સાંભળીને સીતાએ જે મગરૂરીનો ભાવ અનુભવ્યો હતો કે अत आर्यपुत्र राघवकुलधुरंधरः । તેનો પડઘો અહીં ત્રીજા અંકની, ઉપર્યુક્ત ઉક્તિમાં પણ દેખાય છે. સીતાને રામનાં રાજ્યકાર્યોમાં કોઈ વિરોધ છે જ નહીં, એનું આ પ્રત્યક્ષ પ્રમાણ છે. રાજધર્મ બજાવતા રામે જે સીતાનો ત્યાગ કર્યો છે. તે ત્યક્તા સીતાને મનમાંય આની સામે વિરોધ નથી એવું કવિએ સ્પષ્ટ બતાવ્યું છે.

શ્લોક–૮ : गोदावरी–परिसरस्य=ગોદાવરીની આસપાસના बहुनिर्झरकन्दराणि – અનેક ઝરણાં અને કંદરાઓવાળા, गिरेः तटानि=પર્વતોના પ્રદેશો.

શ્લોક– ૯ : अन्तर्लीनस्य अद्य उद्दामं ज्वलिष्यतः दुःखाग्नेः धूमस्य उत्पीड इव, मोहः मां प्राग आवृणोति ॥

પંચવટી–દર્શનથી રામને લાગે છે કે આજે સીતાનો વિરહાગ્નિ બહાર ભભૂકી ઊઠશે, અને તે પહેલાં અગ્નિના ધુમાડા જેવો મોહ મને વ્યાપી વળે છે. રામ हा देवी, हा दण्डकारण्यवासप्रियसखि, हा विदेहराजपुत्रि વગેરે સંબોધનોથી

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

સીતાને ઉદ્દેશીને બૂમો પાડવાનું શરૂ કરે છે, અને જોતજોતામાં તો તેઓ મૂર્ચ્છા (૧) પામી જાય છે. (આ અંકમાં અનેક મૂર્ચ્છાના પ્રસંગો કવિએ મૂક્યા છે. આ મૂર્ચ્છાઓમાંથી કેટલીક મુંઝારા કે ગભરામણ પ્રકારની પણ છે. આ પ્રસંગોને કારણે કવિએ 'આ અંકમાં લાગણીવેડાનું પ્રદર્શન કર્યું છે' એવા આક્ષેપો પણ થયા છે, પરંતુ તે યથાર્થ નથી.)

રામને મૂર્છિત થયેલા જોઈ, સીતા પોતાની સાથીદાર તમસાને વિનંતી કરે છે કે तमसे, परित्रायस्व । जीवय आर्यपुत्रम् । તમસા કહે છે :

શ્લોક–૧૦ : हे कल्याणि, त्वम् एव जगत्पतिम् संजीवय । ते तव पाणिः प्रियस्पर्शः (अस्ति) । तत्र (तस्मिन् पाणौ, हस्ते) एषः जनः (रामः) निरतः (अस्ति) ॥

સીતા પણ 'જે થવું હોય તે થાય' (यद्भवतु तद्भवतु) કહીને રામને સ્પર્શે છે ! રામ જાણી શકતા નથી કે સીતાનો આ સ્પર્શ થયો છે, પણ તેઓ 'આ શું થયું ? નો તાગ મેળવવા માટે વિચારે ચઢે છે :

શ્લોક–૧૧ : (किम् इदम्) हरिचन्दन-पल्लवानां प्रश्च्योतनं (रसः) (अस्ति) ?। (उत) निष्पीडितेन्दुकरकन्दलजः सेकः (अस्ति) ?। आतप्त–जीवित–पुनः परितर्पण अयं संजीवनौषधिरसः (किं) हृदि प्रसक्तः ॥

प्रश्च्योतनं=નીચોવેલો રસ, इन्दुकर–ચન્દ્રકિરણો, कन्दल–ज=અંકુરોમાંથી જન્મેલ, सेकः–સિંચન.

શ્લોક–૧૨ : पुरा परिचितः सः स्पर्शः नियतं (सः) एव । (यः) स्पर्शः संजीवनः, मनसः परितोषणः च अस्ति । यः (स्पर्शः) संतापजां मूर्च्छां सपदि परिहृत्य आनन्देनेन जडतां पुनः आतनोति ।

રામને લાગે છે કે આ સ્પર્શ પૂર્વપરિચિત તે જ છે, સંજીવન રૂપ છે, મનને તૃપ્ત કરનારો છે. જે સ્પર્શ સંતાપથી જન્મેલી મૂર્ચ્છાને એકાએક હરી લઈને આનંદપૂર્વક જડતાને ફેલાવે છે. રામને શંકા જન્મે છે કે સીતાદેવીએ મારી ઉપર કૃપા નહીં કરી હોય ? न खलु वत्सलया सीतादेव्या अभ्युपपन्नः (=उपकृतः) अस्मि ॥

રામ સીતાને શોધે છે, સંબોધે છે : हा प्रिये जानकि !। આ સાંભળીને સીતાને કંઈક અજુગતું લાગે છે : आर्यपुत्र, असदृशं खलु एतदस्य वृत्तान्तस्य। પરંતુ તરત બીજો વિચાર પણ આવે છે કે अथवा...माम् एव मन्दभागिनीं उद्दिश्य वत्सलस्य एवंवादिनः आर्यपुत्रस्य उपरि निरनक्रोशा भविष्यामि । રામ પોતાના તરફ વત્સલભાવવાળા છે, અને પોતે જ આર્યપુત્ર ઉપર નિર્દય

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

બને છે એવું સીતાને લાગે છે. અંતે તે કબૂલે છે કે–**अहम् एतस्य हृदयं जानामि, ममाप्येषः ।** "હું એમનું હૃદય જાણું છું; મારું (હૃદય) પણ એ (જાણે છે)."

આ વાક્ય દ્વારા, સીતા કબૂલે છે કે રામ અને એની (સીતાની) વચ્ચે હૃદયગત, વિચારગત અદ્વૈત છે જ. (રામે પણ પહેલા અંકમાં આવું ભાવનાગત અદ્વૈત અનુભવ્યું છે. (જુઓ : અંક ૧, શ્લોક ૩૯) અને આથી જ સીતાત્યાગ કરવાના નિર્ણયમાં તેમને સીતા જોડે વિમર્શ કરવો જરૂરી લાગ્યો નથી.) સીતાને પણ રામનું વર્તન–સીતાત્યાગનો નિર્ણય માન્ય જ છે. એમાં કશોય ફરિયાદનો સૂર નથી (બેનાં હૃદય જુદાં થયાં જ નથી, અને પરિણામે તેમનો પુનર્મેળાપ કરાવવાની ય જરૂર નથી) એવું આ વાક્યથી જાહેર થાય છે. ડૉ. બેલવેલકરના મતે આ નાટક 'રામ-સીતા'ના પુનર્મનમેળનું નાટક છે; તે ચિન્ત્ય છે.

o o o

રામને જોયા પછી સીતાની કેવી હૃદયાવસ્થા થઈ છે તેનું તમસા વર્ણન કરે છે : **(શ્લોક–૧૩)** तव (= सीतायाः) हृदयम् अस्मिन् क्षणे नैराश्यात् तटस्थं (=तटे तिष्ठतीति), अपि च विप्रियवशात् कलुषं, अस्मिन् दीर्घे वियोगे झटिति घटनात् स्तम्भितम् इव, सौजन्यात् प्रसन्नं, दयितकरुणैः गाढकरुणं, प्रेम्णा (=स्नेहेन) द्रवीभूतम् इव (वर्तते) ॥

સીતાનું હૃદય એકી સાથે અનેક અને પરસ્પર વિરોધી એવા ભાવો અનુભવે છે. ભવભૂતિ આવા પ્રકારના ભાવનિરૂપણમાં પ્રાયઃ અજોડ છે એમ કહી શકાય. 'ઉત્તરરામચરિત'ની તમામ પાઠ પરંપરાઓ તપાસતાં અમને જણાયું છે કે તેમાં એક પણ શ્લોકનો પ્રક્ષેપ નથી થયો. – આ તેનું પ્રમાણ છે. ૧. રામે સીતાનો ત્યાગ કર્યો એ ઘટનાના પ્રતિભાવ રૂપે સીતા અત્યારે નિરાશાથી પ્રેરાઈને તટસ્થ થઈ ગઈ છે (ક્ષણાર્ધ માટે ભાવશૂન્ય બની છે); આ પ્રસંગ અપ્રિય બન્યો હોવાથી હૃદય કલુષિત થઈ ગયું છે. પણ ૨. લાંબા વિયોગ પછી રામ એકાએક–અણધાર્યા મળવાથી ઘડીભર સીતાનું હૃદય સ્થગિત થઈ ગયું છે. ૩. સૌજન્યને કારણે પ્રસન્નતાથી ઊભરાઈ આવ્યું છે. ૪. પ્રિય વ્યક્તિ રામનાં કરુણ રુદનો સાંભળીને સીતાનું હૃદય ગાઢ કરુણા અનુભવી રહેલ છે અને ૫. રામ ઉપરના સ્નેહથી જાણે કે દ્રવીભૂત થયું (ઓગળી ગયું) છે.

રામ હજુય સીતાના સ્પર્શને યાદ કરે છે : **(શ્લોક–૧૪)** ते स्पर्श : स्नेहार्द्र-शीतलः, प्रसादः इव मूर्तः (अस्ति) । अद्यापि (सः स्पर्श :) माम् (रामम्) आनन्दयति । (किन्तु) हे नन्दिनि, त्वं पुनः क्व असि ॥

આ બધું સાંભળીને સીતાને લાગે છે કે પોતાનું જીવન ધન્ય છે, કેમકે એક વાર

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પોતાને કાઢી મૂક્યા પછીય, રામ પોતાને તેમના પ્રિયપાત્ર તરીકે સ્મરે છે, શોધે છે.

સીતા કહે છે : येषां प्रत्ययेन निष्कारणपरित्यागशल्यितोऽपि बहुमतो मम जन्मलाभः ।

શ્રી જોશી લખે છે કે, "સીતાના હૃદયમાંથી પરિત્યાગનું શલ્ય સમૂળું નીકળી જાય એવું તો અત્યાર સુધીના એકાકી રામના ઊર્મિપ્રલાપો ઉપરથી હજી બની શક્યું નથી, પણ સીતાને પોતાના જીવનની સાર્થકતા જરૂર સમજાઈ છે. પેલું પરિત્યાગ–શલ્ય દૂર થવાનો પ્રસંગ હવે પછીના દશ્ય–રામવાસન્તી મિલનમાં આવશે. તેને માટે યોગ્ય ભૂમિકા તૈયાર થઈ ગઈ છે." (પૃ. ૧૨૫). (અલબત્ત, સીતાને લાગેલા, આ 'પરિત્યાગશલ્ય'ના બીજા એક અર્થઘટનને પણ આપણે આ અંકના અંતભાગમાં તપાસવાના છીએ તે મુદ્દાનું સ્મરણ રાખવું.)

o o o

રંગભૂમિ ઉપર દ્વિમુખી કાર્ય ચાલી રહ્યું છે : (૧) એક તરફથી રામ એકલા છે, અને મૂર્ચ્છિત સ્થિતિમાં થયેલા સીતાના સ્પર્શને સ્મરે છે. તથા (૨) બીજી તરફથી (સીતાને નહીં જોતાં કે સાંભળતાં) રામના સીતાને ઉદ્દેશીને કરેલા પ્રલાપો, પ્રિયસંબોધનો સાંભળીને સીતા જે સુખ–અનુભવ કરી રહી છે, તેને તે તમસા સાથે સંવાદ દ્વારા સમજવાનો પ્રયત્ન કરી રહી છે.

o o o

રામને લાગે છે કે સીતાના સુખદ સ્પર્શને મેળવ્યા પછી, 'સીતા, ક્યાં હશે?' એવો પ્રશ્ન કરીને સીતાને શોધવી તે ઉચિત નથી. રામને લાગે છે કે વારંવાર અભ્યાસ કરવાથી ઉપજેલો આ તો મારો (રામનો) ભ્રમ છે.

રામને આ ભ્રમ અને પ્રલાપોમાંથી મુક્ત કરવા કવિ દશ્યાન્તર કરે છે :

દશ્ય : ૨

સીતાએ ઉછેરેલા ગજબાળ ઉપર બીજા એક દ્વિરદપતિ–હાથીએ હુમલો કર્યો છે, એ સમાચાર ફરીથી નેપથ્યમાંથી વાસન્તી આપે છે.

શ્રી જોશી લખે છે કે, "યુદ્ધની વાત આવતાં ગાઢ કરુણ વાતાવરણમાંથી થોડોક છુટકારો અનુભવાય છે અને જરીક શ્વાસ ખાવાની તક મળે છે." (પૃ. ૧૨૫). સંસ્કૃત કવિઓ આવાં રસાન્તરો કરવામાં કુશળ હોય છે, તે સુપ્રસિદ્ધ છે. ગજબાળ ઉપર હુમલો થયાના સમાચાર કવિએ પહેલા દશ્યના આરંભે ય મૂક્યા હતા. ત્યાં સીતાનું માતૃત્વ જગાડવા તેનો ઉપયોગ થયો હતો. જ્યારે અહીં બીજા દશ્યના આરંભે, ફરીથી એ જ દશ્ય મૂકીને કવિએ, શ્રી જોશીએ, (ઉપર) લખ્યું છે તેમ "ગાઢ, કરુણ વાતાવરણમાંથી" થોડોક સમય પ્રેક્ષકોને મુક્તિ અપાવવાનું કલ્પ્યું છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

રામ કરુણ પ્રલાપોમાંથી અટકીને, વીરતાપૂર્વક ઊઠીને પ્રશ્ન કરે છે : क्वासौ दुरात्मा ?....'ક્યાં છે એ દુરાત્મા ? કે જે પ્રિયા સીતાના દીકરાને, કે જે દીકરો તેની પત્ની સાથે રહેલો છે તેને, પજવી રહ્યો છે ?'

अभि ઉપસર્ગપૂર્વક भू (भवति) ધાતુ હોય તો પરાજય કરવો, આક્રમણ કરવું, પજવવું એવા અર્થો થાય છે.

રંગભૂમિ ઉપર વાસન્તી પ્રવેશ કરે છે. હવે પછી સમગ્ર અંકની ક્રિયાઓ દરમ્યાન તે રામની સાથીદાર બની રહે છે.

વાસન્તી રામને જોઈ સાશ્ચર્ય આનંદ અનુભવે છે. कथं देवो रघुनन्दनः ?। બીજી તરફ અપ્રકટ સીતા પણ આશ્ચર્ય અનુભવે છે કે कथं प्रियसखी मे वासन्ती ?। વાસન્તી રામને ઉતાવળ કરવા કહે છે અને જણાવે છે કે જટાયુશિખરની દક્ષિણે ગોદાવરીના સામા કિનારે સીતાએ ઉછેરેલા ગજબાળ ઉપર હુમલો થયો છે, તેને બચાવો. સીતા અને તમસા પણ રામ અને વાસન્તીને અનુસરે છે.

રામ પરોક્ષ સીતાને અભિનંદે છે કે તારા ગજબાળે તો વિજય મેળવી લીધો છે !

શ્લોક–૧૫ : हे सुतनु ! उद्‌गच्छद्‌बिसकिसलयस्निग्धदन्ताङ्कुरेण येन ते कर्णमूलात् लवलीपल्लवः व्याकृष्टः, मदमुचां वारणानां विजेता सः अयं तव (सीतायाः) पुत्रकः तरुणे वयसि यत्कल्याणं तस्य भाजनं जातः ॥

उद्‌गच्छद्–બહાર નીકળતા, ફૂટતા बिसकिसलय–મૃણાલ (કમળ)નું અંકુર, કમળપત્ર જેવા स्निग्ध–સુંવાળા दन्ताङ्कुर–દંતશૂળ રૂપી અંકુર વડે, (સીતા કર્ણાભરણ તરીકે કાનમાં ખોસેલું) लवलीपल्लवः=લવલીનું પાંદડું व्याकृष्टः–ખેંચી કાઢ્યું હતું. मदमुचां–મદ ઝરતા वारणानां–હાથીઓનો.

રામ નોંધે છે કે સીતાનો આ પુત્રીકૃત ગજબાળ મોટો થયો છે, મદઝરતા મોટા હાથીઓને જીતી લઈ શકે છે અને સાથે સાથે તે પોતાની પ્રિયતમા હસ્તિનીને કેમ ખુશ રાખવી તે પણ શીખી ચૂક્યો છે.

શ્લોક–૧૬ : यत् लीलोत्खातमृणालकाण्डकवलच्छेदेषु पुष्यत्पुष्करवासितस्य पयसः गण्डूषसंक्रान्तयः संपादिताः, (तथा) शीकरिणा करेण सेकः विहितः, विरामे पुनः स्नेहात् अनरालनालनलिनीपत्रातपत्रं धृतम् ।

કવિએ આ શ્લોક 'માલતીમાધવ'માં પણ મૂક્યો છે.

लीलया उत्खाताः ये मृणालकाण्डाः=बिसदण्डां, तेषां कवलछेदेषु (सत्सु), पुष्यद्‌भिः पुष्करैः=कमलैः वासितस्य पयसः=जलस्य गण्डूषाणां (સૂંઢમાં ભરેલા પાણીના ઘુંટડા) संक्रान्तयः=મૂક્યો, ભરાવ્યા. शीकरिणा करेण–જલકણયુક્ત હાથ (=સૂંઢ) વડે सेकः=સિંચન કર્યું. તત્પશ્ચાત્ स्नेहात्–પ્રેમ ઊભરાઈ આવવાને કારણે

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

अनराल–नालं=વાંકું નહીં તેવું (કમળનું) દાંડલું, यस्य तत्=છે જેનું તેવા नलिनीपत्रं–કમળપત્રને आतपत्रं धृतम्=आतपनिवारणार्थं कान्तायाः मस्तकोपरि विततम् इति ॥ તડકો દૂર કરતા છત્ર તરીકે (હાથણીના માથે) ધર્યું.

સીતા આ જોઈ, સાંભળીને વિચારમાં પડી જાય છે કે આ ગઈકાલનો ગજબાળ આટલો મોટો થઈ ગયો તો પછી મારા બે પુત્રો પણ કેટલા મોટા થયા હશે ? સીતાને અફસોસ થાય છે કે મને મન્દભાગીનીને માત્ર આર્યપુત્ર–પતિ–નો જ વિરહ નથી. પણ, પુત્રોનો પણ વિરહ છે. (આ વેદાન્તી કવિએ રામ-સીતાના અદ્વૈતને–એકરૂપતાને અનેક રીતે પુરસ્કારી છે. રામે સીતાને દૂર કર્યા પછી, તેમને (રામને) જેમ પત્નીનો અને પુત્રોનો વિરહ છે, તેમ સીતાને માટેય પતિનો અને પુત્રોનો વિરહ કવિએ ગોઠવ્યો છે. મૂળ રામાયણમાં સીતાને પતિનો વિરહ છે, પણ પુત્રોનો વિરહ નથી. આ કલ્પના કે ગોઠવણ કવિ ભવભૂતિનું સર્જન છે અને તે ખૂબ સૂચક છે.) સીતા પુત્રોનું સ્મરણ થવાથી અને તે પુત્રોના પિતા (રામ) નજીક હોવાથી ઘડીભર સંસારિણી બની જાય છે.

શ્લોક ૧૭ : दम्पत्योः स्नेहसंश्रयात् अन्तःकरणतत्त्वस्य अयम् आनन्दग्रंथिः 'अपत्यम्' इति बध्यते ॥

કવિ ભવભૂતિએ બાળકને દમ્પતીની એક આનંદગ્રન્થિ તરીકે ઓળખાવેલ છે. બાળકની આથી વધારે સારી વ્યાખ્યા ભાગ્યે જ અન્યત્ર અપાઈ હશે.

કવિએ ગજબાળના પ્રસંગથી જેમ સીતાનું માતૃત્વ ઢંઢોળ્યું છે, તેમ બીજી તરફથી, વનદેવતા વાસંતી પણ રામને પંચવટીની કુંજ–નિકુંજોમાં ફેરવીને પ્રિયા સીતાની યાદને ખૂબ ખૂબ ઉત્તેજે છે, પંચવટીને સીતામય કરી મૂકે છે.

વાસન્તી રામને બતાવે છે :

શ્લોક ૧૮ : ते=तव प्रिया सीता यं शिखण्डिनं=मयूरं अनुदिवसं=प्रतिदिनं अवर्धयत्=अपोषयत् । अचिरं निर्गतं=उद्भिन्नं, मुग्धं=मनोहरं, लोलं=चञ्चलं, बर्हं=पिंछं यस्य, तं मयूरम् इत्यर्थः उच्छिखः=उद्गता शिखा यस्य स मयूरः ।

હવે, વાસન્તીએ બતાવેલા મયૂરને ઉદ્દેશીને રામ કહે છે.

શ્લોક ૧૯ : भ्रमिषु (મોર ગોળગોળ ફરતો ત્યારે), कृतपुटान्तर्मण्डलावृत्ति–चक्षुः=આંખની બખોલમાં ગોળગોળ ફરતી કીકીવાળા નેત્રને, प्रचलितचटुलभ्रूताण्डवैः ચંચળ ચતુર ભ્રમરોનાં નર્તનો વડે मण्डयन्त्या मुग्धया (तया सीतया), करकिसलयतालैः नर्त्यमानं त्वां (मयूरं) सुतमिव वत्सलेन स्मरामि ॥

વાસન્તી રામને બેસાડે છે અને તે આસનની ઓળખાણ આપે છે કે તે (तव) कान्तासखस्य (रामस्य) शयनीयशिलातलं अस्ति । કાન્તા સીતાની સાથે રહેલા

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

તમારું (રામનું) આ સૂવાનું સ્થાન હતું. **(શ્લોક ૨૧)** રામ આ જોઈને, સાંભળીને ઊભા થઈ જાય છે. એમને આ આસન અસહ્ય થઈ પડે છે. તેઓ ઊઠીને બીજે બેસે છે.

વાસન્તી રામભદ્રને સુકાઈ ગયેલા જોઈ, પરોક્ષ સીતાને ઉદ્દેશીને પૂછે છે :

(શ્લોક–૨૨) नवकुवलयस्निग्धैः अङ्गैः नयनोत्सवं ददत् सततमपि नः स्वेच्छादृश्यः अपि यः नवः नवः एव (आसीत्), (संप्रति) तु शुचा विकलकरणः पाण्डुच्छायः परिदुर्बलः, तथापि दृशोः प्रियः (सः रामः) कथमपि 'सः' (अयम् एव रामः इति एवं रूपेण) उन्नेतव्यः ।

મહામુશ્કેલીએ આ 'એ જ રામ છે' એમ ઓળખી શકાય છે. આવા રામને હે સીતા, તું શું નથી જોતી ?

સીતા કહે છે : "હું રામ વિનાની અને રામ સીતા વગરના થઈ જશે એવું સ્વપ્નેય કોણે વિચાર્યું હતું." તમસા સીતાને કહે છે : **(શ્લોક–૨૩)**

अतिपूरैः विलुलितम् आनन्दशोकप्रभवं बाष्पं अवसृजन्ती पक्ष्मलोत्तानदीर्घा, धवलमधुरमुग्धा दुग्धकुल्या इव ते (= तव) दृष्टिः स्नेहनिष्यन्दिनी (सती) हृदयेशं (रामं) स्नपयति (= अभिषिञ्चति) ॥

आनन्दश्च शोकश्च, ताभ्यां प्रभवः यस्य तं । पक्ष्मला च उत्ताना च दीर्घा च । दुग्धकुल्या इव દૂધની ધારા હોય એમ (આંખની નજરોથી સ્નેહ વર્ષાવતી સીતા પોતાના હૃદયેશ રામને જાણે કે સ્નાન કરાવે છે.)

બીજી તરફ, વાસન્તી પોતાના વનનાં ઝાડો અને લતાઓને સૂચવે છે કે આજે ફરી એકવાર રામ આપણા વનમાં આવ્યા છે, તેમનું સન્માન કરો. **(શ્લોક–૨૪)**

मधुश्चुतः (मधूनि मकरन्दानि श्चोतयन्ति) तरवः पुष्पैः फलैश्च अर्घ्यं ददतु । स्फुटितकमलामोदप्रायाः वनानिलाः प्रवान्तु । रज्यत्कण्ठाः (= रज्यन्तः रागयुक्ताः कण्ठाः येषां ते) शकुन्तयः (पक्षिणः) अविरलं कलं क्वणन्तु । अयं देवो रामः स्वयम् इदं वनं पुनः आगतः ।

વાસન્તી પોતાના વન પાસે રામનું સ્વાગત કરાવે છે. કોઈકને આ સ્વાગત મોડું લાગવા સંભવ છે. તાપસી આત્રેયી સામે વાસન્તી यथेच्छा भोग्यं वो वनमिदमयम् मे सुदिवसः । કહેતી જે ઉમળકાથી તરત સ્વાગત કરે છે, તે સ્વાભાવિક હતું. કેમકે તે સમયે ત્યાં કોઈ ઉપદ્રવ નહોતો. જ્યારે વાસન્તીએ રામને જોયા ત્યારે પહેલો પ્રશ્ન ગજબાળને બચાવવાનો હતો, તેથી ગજબાળવાળો પ્રસંગ પૂરો થઈ ગયા પછી, રામને આસન ઉપર બેસાડી, હવે નિરાંતે વાસન્તી સ્વાગત કરે છે. પછી ધીમે રહીને, આત્રેયી દ્વારા જે અયોધ્યાના–સીતાત્યાગના સમાચાર

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

મેળવ્યા છે તેના અનુસન્ધાનમાં રામને લક્ષ્મણના કુશળ સમાચાર પૂછે છે—

वासन्ती–महाराज, अपि कुशलं कुमारलक्ष्मणस्य ।

શ્રી જોશી લખે છે : "......અયોધ્યામાં ગુજરેલું અકુશળ એની જાણમાં છે (આત્રેયી દ્વારા), એટલે પૂર્વનાં પંચવટીનિવાસી સીતા અને લક્ષ્મણમાંથી માત્ર લક્ષ્મણ વિષે જ પૂછે છે અથવા તો સીતા વિશે કાંઈ ન પૂછીને જ પૂછે છે." (પૃ. ૧૪૨) બીજા શબ્દોમાં કહીએ તો વાસન્તી હવે સીતાની વકીલાત શરૂ કરે છે. રામ પણ વાસન્તીની ઉક્તિનો વ્યંગ્યાર્થ સમજી જાય છે. તેમને મહારાજ એવું સંબોધન પણ નિષ્પ્રાણ–નિષ્પ્રણય લાગે છે.

રામે વાસન્તીનો પ્રશ્ન સાંભળ્યો છતાં ન સાંભળ્યો હોય તેમ કરીને, સીતાએ જે જે પદાર્થોને ઉછેરેલા તેમને જોઈને હૃદયનું દુઃખ ઠાલવવા માંડ્યું.

શ્લોક ૨૫ : मैथिली यान् तरुशकुनिकुरङ्गान् करकमलवितीर्णैः अम्बुनीवारशष्पैः अपुष्यत्, तेषु दृष्टेषु (सत्सु) प्रस्तरोद्भेदयोग्यः हृदयस्य द्रवः इव मम कोऽपि विकारः भवति ॥

तरुशकुनिकुरङ्गान्–ઝાડ, પક્ષી અને હરણાંઓને. अम्बुनीवारशष्पैः=પાણી, તૃણધાન્યો અને નાનું કુમળું ઘાસ, તેના વડે अपुष्यत्=પોષ્યાં. તેમને જોઈને प्रस्तरोद्भेद्योग्यः=प्रस्तरस्य पाषाणस्य उद्भेदे विदारणे योग्यः समर्थः । પંથ્થરને તોડવા સમર્થ એવો રામના હૃદયનો વિકાર ઉત્પન્ન થાય છે.

વાસન્તી ફરી લક્ષ્મણ અંગે કુશળ પૂછે છે. રામ 'હા' એટલું જ બોલી શકે છે. પણ વાસન્તી રડતાં રડતાં બોલી પડે છે કે "દેવ, કેમ આટલા દારુણ થયા?" અર્થાત્ "પ્રિયા સીતાને તમે કેમ કાઢી મૂકી ?" વાસન્તીએ રામને જે ઠપકો આપ્યો તે સીતાથી સંભળાતો નથી. તે રામની વકીલાત કરે છે ! તે (સીતા) વાસન્તીને ઠપકો આપતી હોય એમ બોલી ઊઠે છે કે किं त्वम् एवंवादिनी भवसि ? प्रियार्हः खलु सर्वस्य आर्यपुत्रः, विशेषतो मम प्रियसख्याः । મારા પતિ રામ જોડે તો સૌએ પ્રિયોચિત વ્યવહાર કરવો જોઈએ, વિશેષ રૂપે મારી સખી તરીકે વાસન્તીએ તો ખાસ.

o o o

આ દશ્યની–દશ્યાન્તર્ગત સંવાદની–રમણીયતા નોંધપાત્ર છે. એક તરફથી, વાસન્તી સીતાની વકીલાત કરતી હોય તેમ રામને ઠપકો આપે છે. તો બીજી તરફથી, સીતા રામની વકીલાત કરતી હોય એમ વાસન્તીને ઠપકો આપે છે !

o o o

"વાસન્તી આ વનની વનદેવતા છે. અહીં સામ્રાજ્ય કરી રહેલી ઊર્જસ્વલ પ્રકૃતિનું એ સજીવારોપણ પામેલ પ્રતીક છે. એટલે સ્વાભાવિક રીતે જ અહીં રામની સાથે રહી ગયેલી સીતાની એ પ્રિયસખી છે. દંડકારણ્યની આ વનદેવતા રામના

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ચિત્તમાં સીતાને સ્ફુરાવવાનું અને સીતાનો ત્યાગ કરવામાં પોતાની પ્રકૃતિગત વૃત્તિથી વિરુદ્ધ ગયેલા રામને ઉપાલંભ આપવાનું કાર્ય તો કરે જ છે, પણ તે ઉપરાંત પણ રામની દુરવસ્થા જોતાં તેને આશ્વાસન આપવાનું અને રામ ભાંગી પડે છે ત્યારે આ જ ભૂમિની સાથે અવિભાજ્ય રીતે જોડાયેલા સીતાહરણનું સ્મરણ કરાવીને તેની વીરતાને જાગ્રત કરવાનું વયસ્યકર્મ પણ તે કરે છે. આ ભૂમિ રામના મનમાં જે સ્પંદનો જગાવી શકે તે–રામસીતાના સહજીવનનાં અને સીતાહરણનાં–બધાં વાસંતીના સંવાદોમાં રજૂ થાય છે. આ રીતે ક્યારેક માણસની કૃત્રિમતાઓની ટીકા કરતી તો ક્યારેક દુઃખી માણસનાં આંસુ લૂછતી વિશાળ પ્રકૃતિને જ કવિએ આ પાત્રમાં નામ અને રૂપ આપ્યાં છે." સાબરમતી '૬૫ (પૃ. ૩૫)

વાસન્તી રામને દારુણ કીધા પછી આગળ ચલાવે છે :

શ્લોક ૨૬ : त्वं जीवितं, त्वं मे द्वितीयं हृदयम् असि । त्वं नयनयोः कौमुदी (असि), त्वम् (मम) अङ्गे अमृतम् (असि) इत्यादिभिः प्रियशतैः मुग्धाम् अनुरुध्य, ताम् एव....अथवा शान्तम्, इह उत्तरेण किम् ?।

આટલું કહેતાં કહેતાં તો વનદેવતા વાસન્તી મૂર્છિત થઈ ગઈ. "જે સીતાને પોતાનું હૃદય કહ્યું એને જ તમે (ત્યજી દીધી)." વાસન્તી વાક્ય પૂરું કરી શકતી નથી, વચ્ચે જ મૂર્છા પામી ગઈ.

તમસા કહે છે : **स्थाने वाक्यनिवृत्तिं मोहश्च ।** "વાસન્તીની ઉક્તિમાં યોગ્ય જગ્યાએ જ વાક્ય અપૂર્ણ રહી ગયું અને ઉચિત રીતે જ મૂર્છા વળી ગઈ."

કવિ ભવભૂતિ આ તમસાની ઉક્તિ દ્વારા પોતાની સંવાદકળાની સિદ્ધિ અને સુન્દરતા તરફ અંગુલિનિર્દેશ કરે છે. (અરસિકો સમક્ષ કવિત્વ–નિવેદન કરવાની કમનસીબીના ભોગ બનવાનું ભવભૂતિના લલાટે હતું, તેનું આ ફળ છે.)

○ ○ ○

વાસન્તી મૂર્છા વળ્યા પછી, રામને પ્રશ્ન પૂછે છે કે સીતાનું શું થયું હશે ?

શ્લોક ૨૭ : अयि कठोर (राम), यशः किल ते (तुभ्यं) प्रियं (आसीत्), (किन्तु) अतः परं घोरम् अयशः ननु किं (स्यात्) ? हरिणीदृशः (सीतायाः) विपिने (= अरण्ये) किम् अभवत्, तत् नाथ, कथय । कथं बत मन्यसे ?।।

રામે તો માની જ લીધું છે કે સીતા ચોક્કસ મરી જ ગઈ હશે. **(શ્લોક ૨૮)** त्रस्तः चकितः एकहायनः=वर्षमात्रवयस्कः यः कुरंगः (हरिणः), तस्य इव विलोला=अतिचंचला दृष्टिः यस्याः । परिस्फुरितः स्पन्दमानः गर्भः, तस्य भरेण भारेण हेतुना अलसायाः मन्थरायाः (अर्थात् प्रवृद्धगर्भभारवशाद् असमर्थायाः (सीतायाः) । ज्योत्स्नामयी इव, मृदुबालमृणालकल्पा (सीतायाः) अंगलतिका (=देहलता) नियतं=(निश्चितं) क्रव्याद्भिः (=मांसभक्षकैः) व्याघ्रादिभिः विलुप्ता लोपं प्रापिता, भक्षिता इत्यर्थः ।।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

રામે સીતાને 'नियतं विलुप्ता' માની લીધી છે. પણ સમગ્ર અંકમાં સીતાને અવિલુપ્ત માનીને તેમણે સ્નેહસંભારણાં પણ કર્યાં છે, પ્રલાપો કર્યા છે, મૂર્છાઓ પણ અનુભવી છે! કવિનું સંવિધાનકૌશલ ખરે જ પ્રશંસનીય છે.

રામ સીતાને સ્મરીને રડી પડે છે. પણ તમસા આ રુદનને લાભ ગણાવે છે.

શ્લોક ૨૯ : तटाकस्य पूरोत्पीडे (जलवृद्धिजनिते उत्पीडे सति), परीवाहः (जलनिःसारणं) प्रतिक्रिया प्रतीकारः इत्यर्थः । शोकक्षोभे हृदयं प्रलापैः परिदेवनैः धार्यते ॥ (अन्यथा शोकवेगेन हृदयं भिद्येत ।)

જલાશય ભરાઈ જાય ત્યારે તેના કિનારા ફાટી ન જાય એટલા માટે તેમાંથી થોડું પાણી વહાવી દેવું એ જ ઉપાય છે. તેની જ જેમ હૃદય, જો દુઃખ સહન ના કરી શકે તો ભેદાઈ જાય, આથી દુઃખ હળવું કરવા રડી લેવું તે જ ઉપાય છે, જરૂરી છે. ટેનિસનની એક કાવ્યપંક્તિમાં પણ આ જ ભાવ વ્યક્ત થયો છે : 'She must weep or she will die.' "ઘટે રોવું અરે તેણે, નહિ તો તે જશે મરી." (શ્રી જોશી)

રામ પોતાનું ભારે દુઃખ રડે છે : **(શ્લોક ૩૧)** : गाढौद्वेगं हृदयं दलति, न तु द्विधा भिद्यते । विकलः कायः मोहं वहति, चेतनाम् न मुंचति । अन्तर्दाहः तनूं ज्वलयति, न भस्मसात् करोति । मर्मच्छेदी विधिः प्रहरति, जीवितं न कृन्तति ॥

નગરજનોની ગેરહાજરીમાં પણ રામને થાય છે કે લોકારાધન કરનારા રાજાએ એકાંતમાં પણ પ્રિયાને યાદ કરીને રડવું ન જોઈએ. અને જો રડી પડાતું હોય તો તેની ક્ષમાયાચના કરવી જોઈએ. **(શ્લોક ૩૨)** हे भगवन्तः पौरजानपदाः । देव्याः (सीतायाः) स्थानं (मम) गृहे भवतां न अभिमतं आसीत् । ततः सा (देवी सीता) शून्ये वने त्यक्ता, न च अनुशोचिता अपि । ते ते चिरपरिचिताः भावाः माम् परिद्रवयन्ति । अशरणैः अस्माभिः इदम् एवं रुद्यते, (अतः) प्रसीदत ॥

શ્લોકમાં रुद्यतेની આગળ ગોઠવાયેલું प्रसीदत ક્રિયાપદ ધ્યાનાસ્પદ છે.

વાસન્તી રામને ધૈર્યનું અવલંબન કરવાનું કહે છે, પણ રામ કહે છે ધૈર્ય છે માટે તો રામ જીવે છે **(શ્લોક–૩૩)** વળી **(શ્લોક–૩૫)** अन्तः प्रत्युप्तं तिरश्चीनम् अलातशल्यं सविषः दंशः च यथा, तथैव तीव्रः हृदि शोकशंकुः मर्माणि कृन्तन् अपि किं न सोढः ?॥

प्रत्युप्तं=निखातं અંદર ખોસી દીધેલ. तिरश्चीनं=तिर्यग्भूतं, अलातशल्यं=અગ્નિથી લાલ થઈ ગયેલો ગોળગોળ ફરતો લોખંડનો ખીલો, (अंगारेऽलातमुल्मुकम् इति अमरः ।) शोकशंकु=શોક રૂપી ખીલો. मर्माणि कृन्तन्=મર્મસ્થાનોને ચીરી/કાપી કાઢતો किं न सोढः=શું સહન કર્યો નથી ?

રામ નિશ્ચલ અને સંયમિત અંતઃકરણવાળા છે, તથાપિ પ્રિયપદાર્થોના

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

દર્શનથી તેમને આવો પ્રચંડ આવેગ ઉત્પન્ન થયો છે. પોતાના આવેગને વર્ણવતાં તેઓ કહે છે : **(શ્લોક–૩૬)** वेलोल्लोल–क्षुभित–करुणो–ज्जृम्भणार्थं मया यः यः यत्नः कथमपि आधीयते तं तं कोऽपि चेतोविकारः तोयस्य अप्रतिहतरयः ओघः सैकतं सेतुम् इव अन्तः बलात् भित्त्वा प्रसरति ॥

વેલા–ઉલ્લોલ–મર્યાદાને વટાવી જનારો, ક્ષુભિતકરણ (ક્ષુભિતકરુણ એવું પાઠાન્તર પણ મળે છે.) ક્ષોભ પામેલા કરણો અથવા શોકને उज्जृम्भण–स्तम्भनार्थ–વિસ્તારને રોકવા માટે. सैकतं सेतुम्=રેતીના પુલને. अप्रतिहतरयः=ન રોકી શકાય તેવો વેગ/પ્રવાહ.

વાસન્તીને થાય છે કે રામને શોકમાંથી થોડાક બહાર કાઢવા બીજું કાંઈક બતાવું, પણ સીતાને લાગે છે કે संदीपन एव दुःखस्य प्रियसख्या विनोदनोपाय इति तर्कयामि । પ્રિયસખીનો વિનોદનનો ઉપાય તો અંતે દુઃખકારક બની રહેશે'' એમ મને (સીતાને) લાગે છે.

વાસન્તી એક લતાગૃહ બતાવે છે : **(શ્લોક–૩૭)** આ લતાગૃહમાં त्वं तन्मार्ग-दत्तेक्षणः अभवः । તમે (રામ) તેના (સીતાના) આવવાના માર્ગ ઉપર નજર રાખીને ઊભા હતા. सा गोदावरीसैक्ते=ગોદાવરી નદીના રેતાળ પટમાં हंसैः कृतकौतुका चिदम् अभूत् । હંસો વડે કૌતુક ઉત્પન્ન કરાવાતાં મોડું કરી બેઠી. आयान्त्या तया=પાછા ફરતાં ફરતાં તેણીએ, त्वां परिदुर्मनायितम् इव वीक्ष्य=તમને ગુસ્સે થયેલા જોઈને, कातर्यात्=ડરથી, अरविंद–कुड्मल–निभ–કમળની કળી જેવી (સુન્દર પ્રણામાંજલિ રચી).

સીતાએ કલ્પેલો તર્ક સાચો પડે છે. રામનું ધૈર્ય હવે ટકી શકતું નથી. તે શોકાતુર બનીને બોલે છે : अयि चण्डि जानकि, इतस्ततो दृश्यसे इव, न च अनुकंपसे । 'ચંડી જાનકી, તમે અહીં તહીં દેખાવ છો, પણ કેમ અનુકંપા કરતાં નથી ?'

શ્લોક–૩૮ : हा हा देवि, हृदयं स्फुटति । देहबन्धः ध्वंसते । जगद् शून्यं मन्ये । अविरलज्वालम् अन्तः ज्वलामि । अन्धे तमसि सीदन् (मम) अन्तरात्मा विधुर इव मज्जति इव । मोहः विश्वङ् स्थगयति । कथं मन्दभाग्यः (अहम्) करोमि ॥

આટલું બોલતાં બોલતાં રામ મૂર્છિત થઈ જાય છે. સીતા રામને હૃદય અને લલાટ ઉપર સ્પર્શ કરે છે. રામ ફરી ભાનમાં આવે છે. રામ ફરીથી એ સ્પર્શનું વિશ્લેષણ કરે છે : **(શ્લોક–૩૯)** अमृतमयैः प्रलेपैः અમૃતમય લેપોથી आलिम्पन् લેપ કરતો હોય એમ जीवयन्=જીવાડતો હોય એમ (બન્ને વર્તમાનકૃદન્તનાં રૂપો છે).

રામ આંખો મીંચી જ રાખે છે અને સીતા પણ રામની નજીક જ ઊભી રહે છે. રામ બોલે છે : "વાસન્તી, ફરીથી જાનકી પ્રાપ્ત થઈ છે !!"

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પણ વાસંતીને આ બધા પ્રલાપો લાગે છે. તેથી રામ કહે છે કે આ પ્રલાપો નથી. સીતાના હાથનો સ્પર્શ મને ચિરપરિચિત છે, તે ભૂલી શકાય એવો નથી : **(શ્લોક ૪૦)** पूर्वं विवाहविधौ कंकणधरः यः (हस्तः) गृहीतः, अमृतशिशिरैः स्वेच्छास्पर्शैः यः चिरं परिचितः । तुहिन–निकरौपभ्यसुभगः ललितलवली–कन्दलनिभः स एवायं तस्याः पाणिः मया लब्धः ॥

तुहिन–निकर=હિમના સમૂહ (औपम्य–सुभग) સાથે સરખાવી શકાય એવો મનોહર.

રામ આમ બોલીને નજીકમાં ઊભેલી સીતાનો હાથ પકડે છે. રામને લાગે છે કે પોતે साध्वसेन आनन्दनिमीलितेन्द्रियः परवान् अस्मि । માટે વાસન્તી જ એ હાથ પકડી રાખે. तत् त्वं धारय तावद् एनाम् ॥ પણ સીતા હાથ ખેંચી લે છે. રામને થાય છે કે પ્રમાદ થઈ ગયો. **(શ્લોક ૪૧)** तस्याः सीतायाः जडः करपल्लवः (मम) जडात् (हस्तात्) सहसा एव परिभ्रष्टः । मम (रामस्य) परिकम्पिनः स्विद्यतः करात् (तस्याः सीतायाः) प्रकम्पी स्विद्यन् (हस्तः) परिभ्रष्टः ॥

o o o

બીજી તરફ, સીતાએ જે ઘડીક રામના સ્પર્શનું સુખ અનુભવ્યું એને તમસા છતું કરી દે છે ! **(શ્લોક ૪૨)** वत्सा (सीता) प्रियस्पर्शमुखेन सस्वेद–रोमाञ्चित–कम्पिताङ्गी जाता । मरुता परिधूता नवाम्भसा (= नवजलेन) च सिक्ता कदम्बयष्टिः यथा स्फुटकोरका भवति (तथा इयमपि सीता रोमाञ्चिता भवति) ॥

o o o

રામ સીતાનો હાથ ગુમાવ્યા પછી, ભારે વિમાસણમાં મુકાઈ જાય છે : રામને થાય છે કે શું આ સ્વપ્ન હતું ? પણ પોતે સૂતા તો હતા નહીં. રામને વળી ઊંઘ કેવી ? રામને આ છેતરપીંડી જ લાગે છે.

રામ પોતાને શોધે છે અને છતાં પોતે પ્રકટ થઈ શકતી નથી એટલે સીતાને લાગે છે કે પોતે જ રામને તરછોડ્યા છે ! સીતાએ રામનો ત્યાગ કર્યો છે, એવો ભાવ સીતા અનુભવે છે. (કવિએ આ નાટકમાં અદ્‌ભુત અજોડ સંવાદ સિદ્ધ કર્યો છે.)

પંચવટીમાં વિપ્રલમ્ભશૃંગાર પરાકાષ્ઠાએ પહોંચ્યો છે. રામને પાછા અયોધ્યામાં કેવી રીતે મોકલવા તે એક પ્રશ્ન છે. પણ વસ્તુસંવિધાનનું કૌશલ જેને સિદ્ધ છે તેવા કવિ ભવભૂતિને (અન્ય સંસ્કૃત નાટકકારોની જેમ) એ વાતની ખબર છે કે જ્યારે નાયક શોકમાં સંતપ્ત હોય, ભાંગી પડ્યો હોય ત્યારે તેને કોઈક આઘાત આપીને (વીરરસમાં લઈ જનારી ઘટના ઊભી કરીને) મૂળ પ્રકૃતિમાં લાવવાનો હોય છે. વાસન્તી બરાબર આ જ કાર્ય કરે છે. જટાયુએ તોડી કાઢેલો રાવણનો લોખંડી રથ તે રામને બતાવે છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

શ્લોક ૪૩ : अयं जटायुषा विघटितः, पौलस्त्यस्य कार्ष्णायसः रथः (वर्तते) । पुरतः च ते एते पिशाचवदना कंकालशेषाः खराः (सन्ति) । इतः खड्गच्छिन्न जटायुपक्षतिः अरिः ज्वलन्तीं सीतां वहन् अन्तर्व्यापृतविद्युत् अम्बुदः इव द्याम् अभ्युदस्थात् ॥

कंकालशेषाः=માત્ર હાડપિંજરો. खड्गेन छिन्ना जटायुषः पक्षतिः, येन स (रावणः) ખડ્ગ વડે જેણે જટાયુની પાંખ કાપી નાખી હતી તે શત્રુ (રાવણ) द्याम्=આકાશમાં, इतः=અહીંથી, अम्बुदस्थाद्=ઊડ્યો હતો.

રામ એકદમ વિરહ–શોકનો ત્યાગ કરીને, સંભ્રમપૂર્વક ક્રોધાયમાન થઈને ઊભા થઈ જાય છે. પણ થોડીવારમાં પ્રકૃતિસ્થ થઈને પોતાના આ નિરવધિ વિરહને નિંદે છે :

(શ્લોક ૪૪) उपायानां भावात् अविरतविनोदव्यतिकरैः वीराणां विमर्दैः जगति जनिताद्भुतरसः, मुग्धाक्षाः स वियोगः रिपुघातावधिः अभूत् । अयं तु निरवधिः (विरहः, वियोगः) अतिप्रतिविधः कथं तूर्ष्णी सह्यः ॥

રાવણ જ્યારે સીતાને ઉપાડી ગયો હતો ત્યારે તો સીતાને મેળવવાના ઉપાયો હતા. માત્ર શત્રુને મારી હઠાવવા સુધી જ તે મુગ્ધાક્ષી (સીતા)નો વિરહ સહન કરવાનો હતો. પણ આ વખતનો વિરહ કંઈક જુદા પ્રકારનો, વધારે અસહ્ય છે. કેમકે તેમાં ઉપાયોનો અભાવ છે અને પરિણામે તે વિરહ, રામની દૃષ્ટિએ નિરવધિ છે.

વળી પાછા રામ આ વિરહની ગંભીરતા, ભયાનકતા વર્ણવે છે : **(શ્લોક–૪૫)** यत्र मे कपीन्द्रसख्यम् अपि व्यर्थम् (अस्ति) । यत्र हरीणां वीर्यं वृथा (अस्ति) । यत्र जाम्बवतः अपि प्रज्ञा न (गच्छति) । यत्र वायोः पुत्रस्य (=हनुमतः) अपि गतिः न (अस्ति) । यत्र विश्वकर्मतनयः नलः अपि मार्गं कर्तुं न क्षमः (अस्ति) । तत्र सौमित्रेः (=लक्ष्मणस्य) अपि पत्रिणाम् (=बाणानाम्) अविषये, मे प्रिये (सीते), क्व असि ? ॥

સીતાને લાગે છે કે આ વખતના નિરવધિ વિરહ કરતાં, રાવણ ઉપાડી ગયો તે વખતનો પૂર્વવિરહ તો વધુ સારો હતો; (કેમકે તેનો અંત હતો). જ્યારે આ વખતનો વિરહ તો કદાચ અનન્ત છે.

o o o

રામ વાસંતી પાસે અયોધ્યા જવાની રજા માંગે છે. સીતા આ સાંભળી મૂર્છિત થાય છે. તમસા કુશલવના આયુષ્ય માટે સૂર્યોપાસના કરવા જવાનું નિમિત્ત યાદ કરાવે છે. બીજી તરફ, રામ પણ કહે છે કે મારી સહધર્મચારિણી જે છે તેને... (જોઈને, બાષ્પથી ખરડાયેલાં નેત્રોનું વિનોદન કરીશ). સીતા વચ્ચે જ પૂછી ઊઠે છે કે "આર્યપુત્ર, કોણ છે તે (સહધર્મચારિણી) ?" રામ પોતાનું વાક્ય આગળ વધારે છે : "હિરણ્યમયી સીતાપ્રતિકૃતિ (તેને જોઈને)."

સીતા આ સાંભળીને અતિ પ્રસન્ન થાય છે અને બોલે છે :

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

अम्महे, उत्खातम् इदानीं मे परित्यागलज्जाशल्यम् आर्यपुत्रेण ॥ "અહો, આર્યપુત્રે મારા પરિત્યાગરૂપી લજ્જાના શૂળને હવે ઉખાડી નાખ્યું છે."

રામે સીતા પ્રત્યે अद्वैत ની લાગણી અનુભવી છે અને સીતાએ પણ अहम् एतस्य हृदयं जानामि, ममापि (हृदयं) एषः (रामः) (जानाति) । એમ કહ્યું છે. આથી રામે સીતાને કાઢી મૂકી એનો પત્ની તરીકે સીતાને કશોય વાંધો કે વિરોધ નથી, ફરિયાદ નથી, લોકારાધન કરવું એ જો પતિ રામનો ધર્મ હોય તો પત્ની તરીકે સીતાનો પણ 'સહધર્મચારિણી' તરીકે એ ધર્મ છે કે તેણે લોકારાધન માટે રામ ત્યાગ કરે તો દૂર જવું. એમાં એને વિરોધ હતો જ નહીં, પણ **એક સ્ત્રી તરીકે** સમાજમાં પોતાની જે બેઆબરૂ થઈ છે (કે પતિએ કાઢી મૂકી છે); તે સમાજને રામે ફરીવાર નહીં પરણીને, (સીતાની જ સુવર્ણમયી પ્રતિકૃતિને સહધર્મચારિણી બનાવીને) સીતાની અપકીર્તિને દૂર કરી દીધી છે, તથા પોતાની દૃષ્ટિએ તો સીતા પવિત્ર જ છે, એ વાતની પ્રતિષ્ઠા કરાવી છે. એનો સંતોષ સીતા આ વાક્ય દ્વારા વ્યક્ત કરે છે.

o o o

પ્રોફે. બેલવેલકર જેવા વિદ્વાનોને આ નાટક "રામ-સીતાના મનોવૈજ્ઞાનિક પુનર્મિલન" ને રજૂ કરતું લાગ્યું છે. રામે સીતાનો ત્યાગ કર્યા પછી સીતા માનસિક રીતે રામથી છૂટી પડી હતી. પરંતુ જ્યારે ત્રીજા અંકમાં, સીતા રામના મોંઢે સાંભળે છે કે "રામે સીતાની ગેરહાજરીમાંય ફરી લગ્ન કર્યાં નથી અને પોતાની (સીતાની) જ હિરણ્યમયી પ્રતિકૃતિ સ્થાપી છે" ત્યારે તેના મનનું સમાધાન થાય છે. એ ફરીથી રામની જોડે માનસિક રીતે સ્નેહસંબંધે જોડાય છે. એના પ્રતિભાવ રૂપે સીતા ઉપરનું વાક્ય બોલી છે. સીતાના મનમાંથી પરિત્યાગ કર્યાનું શલ્ય ઊખડી ગયા પછી રામ–સીતાનું મનોવૈજ્ઞાનિક પુનર્મિલન થયું છે. અલબત્ત, આ મત સ્વીકાર્ય નથી. ઉપર બતાવ્યું છે તેમ, કવિએ સતત રામ-સીતાનું अद्वैत ગાયું છે. તેમનાં મન જો વિભક્ત જ ન થયાં હોય, તો તેમના પુનર્મિલન કરાવવાની વાત તો કેવી રીતે જ ઉપસ્થિત થાય ? વળી, બેલવેલકર કહે છે તેમ હોય તો ૪થી ૭ અંકનું શું પ્રયોજન હતું ?-એવો પ્રશ્ન ઊભો થાય છે.

o o o

"પહેલા અંકમાં જ ચિત્રદર્શન પછી, હજી વિદાયની વાત પણ ઊભી થાય તે પહેલાં **अद्वैतं सुखदुःखयोः** આદિ ઉદ્‌ગારોમાં રામ પોતાના સીતા સાથેના દામ્પત્યના અદ્વૈતને સંવેદે છે. **અદ્વૈત સિદ્ધ થયા પછી કોઈપણ સંયોગોમાં દ્વૈત આવી શકતું નથી** એમ બરાબર જાણનાર વેદાંતી કવિએ અદ્વૈતની પાર્શ્વભૂમાં જ સીતાત્યાગ તેમ જ તજ્જન્ય વિસંવાદના સંસારવૃત્તાંતોને ભોંઠા પડતા બતાવ્યા છે. રામ-સીતાની આંતરિક એકતાની ભોંય ઉપર વિચ્છિન્નતાના બાહ્ય પ્રસંગો બ્રહ્મમાં વિવર્તોની જેમ વિપ્રલય

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પામે છે.''પ્રોફે. પી. સી. દવે–બુદ્ધિપ્રકાશ, સપ્ટે. ૧૯૮૦, પૃ. ૩૫૫.

"આમ આ નાટકનો પુરુષાર્થ, રામ-સીતાના આંતરિક અદ્વૈતના સન્દર્ભમાં બાહ્ય પ્રસંગોને સુમેળમાં લાવવાનો રહ્યો છે."– એજન.

"આ નાટકના રામ અને સીતા નવા નવા સંબંધમાં આવેલા ન હતા. કાળની ઠોકરો ખાધા પછી પણ જેમનું અદ્વૈત ખંડિત થયું ન હતું તેવા પરિપક્વ પ્રણયી હતા. વળી તે બન્ને લોકોત્તર હતાં, સૌરભપૂર્ણ કુસુમના જેવી સીતાની નૈસર્ગિકી ઉચ્ચતા ઉપર રામે કદીયે અવિશ્વાસ કર્યો ન હતો, તો રામની કલ્યાણબુદ્ધિ પ્રત્યે સીતાએ મનમાં પણ સંશય કર્યો ન હતો."–એજન.

ο ο ο

સીતા રામનાં ચરણકમળમાં પ્રણામ કરે છે (અને મૂર્ચ્છા પામે છે.) તમસા આશ્વાસન આપે છે. સીતાને લાગે છે કે વાદળમાં વળી ચન્દ્રદર્શન કેટલીવારનું હોય ?

તમસા આ અંકની, અંકમાં આવેલી રસસૃષ્ટિની સુન્દરતાને પ્રકટ કરતી હોય એમ બોલે છે : अहो संविधानकम् । એક તરફ રામ અને વાસન્તી અને બીજી તરફ છાયા સીતા અને પોતે તમસા–એમ દ્વિમુખી દશ્યયોજના એ કવિ ભવભૂતિની આગવી સિદ્ધિ છે. કવિ જાણે-અજાણે પોતાની આવી વસ્તુગુંથણીની પ્રશંસા આ ઉક્તિ દ્વારા કરે છે.

તમસાને બીજું જે અદ્ભુત લાગ્યું છે તે એ છે કે–

શ્લોક ૪૭ : एक एव करुणः रसः निमित्तभेदात् भिन्नः सन् पृथक् पृथक् विवर्तान् आश्रयते । यथा अम्भः आवर्तबुद्बुदतरंगमयान् विकारान् आश्रयते, परन्तु तत् समग्रं सलिलम् एव ॥

પાણી જેમ વમળ, પરપોટા અને તરંગરૂપી વિકારો ધારણ કરે છે, છતાંય તે બધું અંતે તો પાણી જ છે. તેવી રીતે સંસારમાં (સાહિત્યમાં) અંતે તો કરુણરસ જ છે, જે નિમિત્તભેદે ક્યારેક હાસ્ય, શૃંગારાદિ રસો રૂપે દેખાય છે.

પ્રચલિત નાટ્યશાસ્ત્રની પરંપરામાં તો વીર કે શૃંગારને જ નાટકમાં મુખ્ય–અંગીરસ બનાવી શકાય. તેની સામે વિરોધ કરીને આપણા કવિ ભવભૂતિ નવો અભિપ્રાય પ્રકટ કરે છે કે જીવનમાં કરુણ એ જ ખરો–મુખ્યરસ છે. અને અન્ય રસાન્તરો અંતે તો કરુણમાં જ ભળી જાય છે. કદાચ કવિ આ દ્વારા નિરાશાવાદી સૂર રજૂ કરતા હોય એવું લાગે છે, પણ એવું નથી. સત્યનું પાલન કરનારનું કદાપિ અકલ્યાણ થતું નથી, એ કવિની હૃદ્ગત શ્રદ્ધા હવે પછીના શ્લોકમાં પ્રકટ થઈ છે જ.

શ્લોક ૪૮ : अस्मद्विधाभिः सार्धम् अवनिः अमरसिन्धुः स च कुलपतिः यः छन्दसाम् आद्यः प्रयोक्तः, स च अनुयातारुन्धतीकः वसिष्ठो मुनिः भूयसे मंगलाय त्वयि भद्रं वितरतु ॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પૃથિવી અને તમસા, મૂરલા, ગોદાવરી વગેરે સહિતની ગંગા નદી; અનુષ્ટુભ છંદના આદ્ય પ્રયોક્તા કુલપતિ વાલ્મીકિ અને અરુન્ધતી જેમને અનુસરે છે તેવા વસિષ્ઠ – આ સૌ હજુ વધુ મંગલને માટે તારા (સીતા અને રામ) વિષે કલ્યાણપ્રદ બનો.

o o o

"આ આખા દશ્યમાં રામ અને સીતા વાસ્તવિકતાએ સર્જેલી પોતપોતાની પરિસ્થિતિઓનું ભાન ભૂલી જઈને અન્યથા વર્ત્યાં છે. તે અર્થમાં આને 'પ્રમાદ' ગણી શકાય, પણ બીજી રીતે વિચારીએ તો આ પ્રમાદ તે વિલુપ્ત થયેલી સીતાને રામે અવિલુપ્ત માની તે, કે પછી જે ખરેખર તો અવિલુપ્ત હતી તે સીતાને રામે વિલુપ્ત માની હતી તે ? આમ આ બે સંભવિત અર્થસૂચનોની વચ્ચે અંકનું કાર્ય રમણીયતાથી ઝૂલ્યા કરે છે.

"આ સુયોજિત અંકમાં સ્થાને वाक्यनिवृत्तिर्मोहश्च । કે अहो संविधानकम् । જેવાં વાક્યોમાં કવિ પોતાની કલા વિષે સભાન બની ગયો લાગે છે, પણ આ અંકના બધા તાણાવાણાનું મૂળ તો તેના ચૈતન્યની તેને પણ અગોચર એવી ભૂમિમાં હતું તે કવિના ઊંડા દર્શનને અનુભવ્યા પછી લાગ્યા વગર રહેતું નથી. સભાનપણે જ જો બોલવાનું હોય તો ભવભૂતિ પણ એમ જ બોલે કે 'જુઓ, આ અંકનું સંવિધાન. આમાં ઘણા બધા રસોનું નિરૂપણ થયું, પણ આખરે તો તે બધા કરુણમાં જ ભલી ગયા ! રામ અને સીતાને માટે છેલ્લે તો વિરહ જ રહ્યો. સાચે જ 'एको रसः करुण एव ।' પણ ત્યાં જ તેના આ ખ્યાલની વિડંબના કરીને કદાચ તેના અંતરનો અજાણ્યો તાર રણઝણી ઊઠે છે...वितरतु भद्रं भूयसे मंगलाय ।

"આમ આ અંકને અંતે આપણે પામીએ છીએ કે દુનિયાદારીએ ઊભી કરેલી કોઈપણ દીવાલોએ રામ અને સીતાના પરસ્પરના પ્રીતિયોગને જરાયે ઝાંખો પાડ્યો નથી. સીતા કહે છે, 'अहम् एतस्य हृदयं जानामि ममाप्येषः ।' આમ બન્ને એકબીજાના હૃદયથી **ક્યારેય** અજાણ્યાં બન્યાં નથી. જેમ આખા નાટકમાં તેમ આ અંકમાં પણ ભવભૂતિ બતાવી આપે છે કે પ્રીતિ સ્થળ, કાળ કે દુનિયાદારીએ સ્વીકારેલા અમુક સંબંધો રૂપી બહિરુપાધિઓ ઉપર આધાર રાખતી નથી. દુનિયાના બધા અગ્ન્યસ્ત્રની જવાળાઓ વચ્ચે અમૃતની શીતળતા આપનાર પેલું 'किमपि द्रव्य' પ્રેમતત્ત્વ સ્વયંનિષ્ઠ છે. રામ અને સીતા ગમે તેટલાં દૂર હોય, પણ રામના હૃદયમાં સીતાની છાયામૂર્તિ તો સદૈવ સંચાર કરી રહી જ હતી એ અલૌકિક લાગતી વાતનો ભાવસ્પર્શ આ અંકના કલામય નિરૂપણથી ભવભૂતિએ સફળતાથી કરાવ્યો છે." (છાયા અંકનું કલાવિધાન, પ્રોફે. શ્રી પી. સી. દવેસાહેબ 'સાબરમતી', ૧૯૬૫, પૃ. ૩૯, શ્રી હ. કા. આર્ટ્સ કૉલેજ અંક)

અહીં 'છાયાસીતા' નામનો ત્રીજો અંક સમાપ્ત થયો.

o o o

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અંક – ૪

આ અંકમાં રામની માતા કૌસલ્યા અને રામના સસરા રાજર્ષિ જનકનું મિલન કવિએ નિરૂપ્યું છે; તેથી આ અંકનું નામ "કૌસલ્યાજનકયોગ" રાખવામાં આવ્યું છે. આ અંકમાં મુખ્યત્ત્વે પાંચ નાટ્યાંશ જોવા મળે છે. જેમકે,

(૧) આરંભે : **"મિશ્રવિષ્કંભક"** આવેલ છે. (જેમાં વાલ્મીકિના બે શિષ્યો ૧. ભાંડાયન અને ૨. સૌધાતકિની વાતચીત છે.)

(૨) દૃશ્ય – ૧ : જેમાં જનકની એકોક્તિ છે.

(૩) દૃશ્ય – ૨ : જનક, કૌસલ્યા, કંચુકી ગૃષ્ટિ અને અરુન્ધતીની વાતચીત છે.

(૪) દૃશ્ય – ૩ : જનક–અરુન્ધતી–કૌસલ્યાની સાથે લવની વાતચીત

(૫) દૃશ્ય – ૪ : ચન્દ્રકેતુનો ઉલ્લેખ, વાલ્મીકિએ ભરતમુનિને એક નાટ્યાંશ ભજવવા મોકલી આપ્યાની વાતનો ઉલ્લેખ; અને જનકનો રામની ઉપર ગુસ્સો.

(૬) દૃશ્ય – ૫ : બટુકો – અશ્વમેધનો ઘોડો – અને લવને લઈ જવો.

ત્રીજા અંકની ઘટના, સીતાત્યાગ પછીનાં ૧૨ વર્ષો બાદ બની છે; અને એ 'છાયા-સીતા અંક' અયોધ્યાથી ઘણે દૂર દંડકારણ્ય–પંચવટી–ગોદાવરીની આસપાસના પ્રદેશમાં બની છે. બરાબર આ જ સમયે ઉપર ગંગા નદીના કિનારે, વાલ્મીકિના આશ્રમમાં પણ એક મહત્ત્વની ઘટના બને છે. સીતાત્યાગ પછી, રામના આ નિર્ણયની ચોપાસથી ટીકા થઈ હતી; કોઈને રામનો આ નિર્ણય ગમ્યો નથી. તેથી ઋષ્યશૃંગના આશ્રમેથી, ૧૨ વર્ષનો યજ્ઞ પૂરો થયા પછીય, રામની માતાઓ કે વસિષ્ઠ–અરુન્ધતી અયોધ્યામાં પાછા ફર્યા નથી. પણ તેમણે પણ વૈરાગી જીવન જીવવા માટે વાલ્મીકિના આશ્રમને પસંદ કર્યો છે. એવી જ રીતે, સીતાના પિતાજી જનકને પણ હવે મિથિલા (બિહાર)નું રાજકાર્ય કરવું પસંદ નથી. બેચેન બનેલા જનકજી પણ વ્રતધારી બનીને વાલ્મીકિના આશ્રમમાં આવી પહોંચ્યા છે.

રામના કઠોર નિર્ણય થકી સીતાત્યાગની ઘટના તો બની ગઈ; પણ એમના કુટુંબીજનો ઉપર એની શી પ્રતિક્રિયા પડી ? એ બતાવવા માટે કવિ ભવભૂતિએ આ અંકની રચના કરી છે.

આમ, સીતાત્યાગ પછી ૧૨ વર્ષે વાલ્મીકિના આશ્રમમાં જે જે ઘટનાઓ બનવાની છે, તેની પ્રેક્ષકોને જાણકારી આપવા માટે અંકના આરંભે એક 'મિશ્રવિષ્કંભક' મૂકવામાં આવ્યો છે. તેમાં 'ભાંડાયન' નામનો શિષ્ય સંસ્કૃતમાં બોલે છે, અને બીજો 'સૌધાતકિ' નામનો શિષ્ય પ્રાકૃતમાં બોલે છે. (કોઈક હસ્તપ્રતમાં ભાંડાયનને બદલે 'દાંડાયન' એવું નામ પણ મળે છે.)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

શ્લોક : ૧ અન્વય – सद्यः प्रसूताप्रियापीताद् अभ्यधिकम् उष्णमधुरं नीवारौदनमण्डं तपोवनमृगः पर्याप्तम् आचामति । सर्पिष्मतः भक्तस्य स्फुरता गन्धेन मनाक् अनुसृतः कर्कन्धूफलमिश्रशाकपचनामोदः परिस्तीर्यते ॥

અનુવાદ આ ક્રમે કર્યો છે –

स्वागतं जीर्णकूर्चानाम् तपोधनानाम् ।

ધોળી દાઢી-મૂછવાળા તપોધનોનું સ્વાગત હજો.

વાલ્મીકિના આશ્રમમાં ક્રમશઃ ઘરડાં વડીલોનું આગમન થઈ રહ્યું છે; અને તેથી વાલ્મીકિએ આજે અનધ્યાય (= રજા) જાહેર કરેલ છે.

महाराजदशरथस्य दारान् अधिष्ठाय । મહારાજ દશરથની રાણીઓ (दारान्)ના વડીલ બનીને વસિષ્ઠ આવ્યા છે, दाराः પુંલિંગ, બહુવચનમાં વપરાતો શબ્દ છે. મોટી ક્ષત્રિયાણીઓ માટે (જ) આ શબ્દ વપરાય છે.

ત્રીજા અંકમાં ગાઢ કરુણરસ રેલાયા પછી, વાતાવરણ થોડુંક હળવું કરવા કવિએ આ વિષ્કંભકની યોજના કરી છે. આશ્રમનાં બાળકો ભેગાં થઈને, થોડુંક તોફાન અને મજાકમસ્તી કરીને હળવું, નિર્દોષ હાસ્ય ફેલાવે છે. ત્રીજા અંકમાં ગંભીર કરુણ રસનું નિરૂપણ કર્યા પછી કવિએ યોજેલું આ રસાન્તર ઉચિત છે; અને ધ્યાનાસ્પદ છે.

વસિષ્ઠના સ્વાગતમાં એક બિચારી-બાપડી કપિલા ગાયને મારી નાખીને, માંસ રાંધવામાં આવ્યું છે; અને જનકના સ્વાગતમાં કેમ કશુંય નહીં ? એવો પ્રશ્ન આશ્રમનાં બાળકોનાં મનમાં થઈ રહ્યો છે.

वराकी कपिला मडमडायिता । બિચારી કપિલા ગાયને મરડી કાઢી. અહીં મડ (અવ્યક્તાનુકરુણાત્મક) શબ્દની પાછળ ૫–૪–૫૭ સૂત્રથી – अच् પ્રત્યય લગાડીને, अचि विवक्षिते द्वे बहुलम् । વાર્તિકથી દ્વિત્વ કરીને मडमडाकरोति । ક્રિયાપદ બનાવીને, ૩–૧–૧૩થી क्यष् પ્રત્યય દ્વારા નામધાતુ બનાવીને, क्त પ્રત્યયાન્તનું, સ્ત્રીલિંગમાં રૂપાંતર કરીને मडमडायिता (कपिला) શબ્દ બનાવ્યો છે.

શ્લોક–૨ : (અન્વય) हृदि नित्यानुषक्तेन सीताशोकेन अन्तःप्रसृप्तदहनः जरन् वनस्पतिः इव तप्यते (यः जनकः) ॥

जरन् वनस्पतिः– ઘરડા મોટા ઝાડ જેવા (જનકને માટે વપરાયેલી ઉપમા).

આ મિશ્રવિષ્કંભકમાં વાલ્મીકિના આશ્રમના બે શિષ્યોની વાતચીત છે. તેમાંનો એક – ભાંડાયન સંસ્કૃતમાં બોલે છે અને બીજો – સૌધાતકિ પ્રાકૃતમાં બોલે છે.

આ મિશ્રવિષ્કંભકમાં આવેલો "સમાંસ મધુપર્ક"નો ઉલ્લેખ વિવાદાસ્પદ બન્યો છે. કોઈને ત્યાં શ્રોત્રિય–અભ્યાગત આવે તો તેને માટે મોટો વૃષભ (બળદ) કે મહાજ (મોટો બકરો) રાંધવામાં આવતો હતો– આ વિશે ધર્મશાસ્ત્રોના ગ્રંથોમાં

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

વિગતો મળી રહે. યાજ્ઞવલ્ક્યની સ્મૃતિમાં કહ્યું છે કે – महोक्षं वा महाजं वा श्रोत्रियाय उपकल्पयेत् ॥ આથી વસિષ્ઠના આગમન પ્રસંગે કપિલા ગાયનું જે આલંભન થયું તે શાસ્ત્રાનુમોદિત છે. વળી, ભવભૂતિના સમયમાં (૮મી સદી) આવો વિધિ પ્રચારમાં હશે એવી કલ્પના કરી શકાય.

પરંતુ વિદ્વાનો આવી બધી ચર્ચામાં રોકાઈ જાય છે, તે નાટકના આસ્વાદમાંથી દૂર ખસી જનારી ઘટના બની જાય છે. એટલે ભવભૂતિએ પોતાના સમયની કે જૂના જમાનાની વિગતનો ઉપયોગ કરીને, વડીલોના વ્યવહારની જે ઠેકડી ઉડાડતાં શિષ્યોને આલેખ્યાં છે; અને તેમાંથી હાસ્ય ઉત્પન્ન કર્યું છે તે આપણે માટે મહત્ત્વની વાત છે. ત્રીજા અંકમાં કરુણની સાક્ષાત્ મૂર્તિ એવી સીતા, અને પુટપાક સમાન, અંદરને અંદર સીતાના શોકથી સંતપ્ત થતા રામનો કરુણ રસ આસ્વાદ્યા પછી, પ્રેક્ષકોને એક નિર્ભેળ હાસ્ય પીરસવાની નાટકીય યોજના જ કવિને અભિપ્રેત છે.

દૃશ્ય : ૧

જનકની એકોક્તિથી અંક શરૂ થાય છે. **ત્રીજા શ્લોકનો અન્વય** આમ છે : अपत्ये यत् तादृक् दुरितम् अभवत् महता तीव्रेण व्रणित हृदयेन (सह) व्यथयता तेन विषक्तः पटुः धारावाही चिरेणापि नव इव, क्रकच इव मर्माणि निकृन्तन् मे मन्युः न विरमति ॥

क्रकचः = કરવત (જે આવતાં ને જતાં બન્નેવાર લાકડાંને વ્હેરતી જાય.) આ જનક રાજાએ સીતાના દુઃખદ સમાચાર સાંભળ્યા પછી રાજકાર્ય છોડી દીધાં છે, અને 'પરાક' અને 'સાંતપન' જેવાં તપો શરૂ કર્યાં છે. પરાક વ્રતમાં સળંગ ૧૨ દિવસ ઉપવાસ કરવામાં આવે છે; અને સાંતપન વ્રતમાં પહેલે દિવસે પંચગવ્ય અને કુશોદક લઈ શકાય છે; અને બીજે દિવસે પૂર્ણ ઉપવાસ કરવાનો હોય છે. જુઓ : મનુસ્મૃતિ ૧૧–૨૧૫; અને યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ ૩–૫–૩૧૫.

असूर्याः नाम ते लोकाः = જ્યાં સૂર્યનો પ્રકાશ પહોંચતો નથી તેવા લોક, પણ જો असुर्याः પાઠ લઈએ તો 'અસુરોને યોગ્ય એવા લોક' એવો અર્થ થાય.

જનક એક તબક્કે પૃથિવીને પણ ઠપકો આપે છે, પ્રશ્ન પૂછે છે કે તમે સીતાને આવો અન્યાય થયો એને કેમ સહન કરી લીધો, પૃથિવી ખરેખર દૃઢ છે, દારુણ છે, કઠોર છે.

દૃશ્ય : ૨

'ગૃષ્ટિ' રાણીવાસની સ્ત્રીઓને લઈ આવનારો વૃદ્ધ દ્વારપાળ જેવો વ્યક્તિ. જનક દૂરથી આવતાં અરુન્ધતી અને કૌસલ્યાને જુવે છે. આમ તો જનકના વેવાણ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

કૌસલ્યા છે, પણ દશરથ જોડે એવી મૈત્રી હતી કે જનકને કૌસલ્યા પ્રિયસખી પણ લાગતાં હતા. પરંતુ એમના દીકરાએ – રામે – સીતાનો ત્યાગ કર્યો હતો, તેથી જનક ગુસ્સામાં પણ છે.

જનકને દશા-પરિવર્તન અસહ્ય લાગે છે. જે વેવાણ કૌસલ્યાનું દર્શન એક ઉત્સવ જેવું લાગતું હતું, તેનું હવે દર્શન થાય તે ગમતું નથી, ઘા ઉપર મીઠું ભભરાવ્યા જેવું લાગે છે. **(શ્લોક–૭)**.

બીજી તરફ કૌસલ્યાને પણ જનકને મળતાં ક્ષોભ અને ગભરાટ થાય છે. પણ વસિષ્ઠનો આદેશ છે કે સામે ચાલીને જનકને જઈને મળવું. કવિએ નાટ્યક્રિયાઓને મુખ્યત્વે ત્રણ જ સ્થળે આકારિત થતી બતાવી છે :

(૧) સીતાત્યાગનો પ્રસંગ **અયોધ્યામાં** બન્યો.
(૨) રામ–સીતાનો **પંચવટીમાં** એક સાથે વિહાર (છાયાસીતા અંકનું સ્થળ)
(૩) વાલ્મીકિના **આશ્રમમાં** કે જ્યાં અયોધ્યા અને વિદેહ (મિથિલા)માંથી બહાર નીકળી ગયેલાં અન્ય પાત્રો ભેગાં મળે છે.

યાજ્ઞવલ્કય મુનિએ જનકને બ્રહ્મતત્ત્વનું પારાયણ સંભળાવ્યું હતું, તેનો શ્લોક ૪–૯માં ઉલ્લેખ છે. બૃહદારણ્યક ઉપનિષદ્ માં અનેક જગ્યાએ યાજ્ઞવલ્ક્યને જનકના ઉપદેશક મુનિ તરીકે વર્ણવ્યા છે. શુકલ યજુર્વેદની રચના પણ યાજ્ઞવલ્ક્યે કરી મનાય છે.

બ્રહ્મપારાયણ=બ્રહ્મતત્ત્વ વિશે પૂરેપૂરું ભણવું, ભણાવવું, (આદ્યોપાન્ત અધ્યયન). જનક અરુન્ધતીને પ્રણામ કરતી વખતે પોતાને ‘સીરધ્વજ’ વૈદેહ તરીકે ઓળખાવે છે. જનકે યજ્ઞભૂમિ તૈયાર કરવા માટે એકવાર હળ ચલાવ્યું હતું; અને ત્યારે જમીનમાં જે ચાસ પડી ગયેલા, તે ચાસને સંસ્કૃતમાં ‘સીતા’ કહે છે; આ જમીન ખેડતી વખતે સીતા જડી આવ્યાં હતાં. જમીનમાંથી તેમનો જન્મ થયેલો. આથી જનકના ધ્વજમાં હળનું ચિત્ર–ચિહ્ન મૂકવામાં આવેલું. તેથી તેમને માટે “સીરધ્વજ” વિશેષણ વપરાય છે. સીર=હળ. હળનું ચિહ્ન જેમના ધ્વજમાં છે તે ‘સીરધ્વજ’.

જનક અરુન્ધતીને વંદન કર્યા પછી, કૌસલ્યાસંબંધી કુશળપ્રશ્ન ગૃષ્ટિને પૂછે છે : अपि अनामयम् अस्याः (कौसल्यायाः) प्रजापालकस्य मातुः । શું પ્રજાપાલક (રામ)ની માતા એવી આ કૌસલ્યાનું કુશળ તો છે ને ?

અહીં રામને માટે વપરાયેલો ‘પ્રજાપાલક’ એવો શબ્દ કટાક્ષમાં વપરાયો છે. રામ એમની પ્રજાના પાલક ખરા, પણ એમને ‘પત્નીપાલક’ બનતાં ન આવડ્યું એવો વ્યંગ્યાર્થ આમાંથી નીકળે છે. સસરા તરીકે જનકને જમાઈ રામને માટે જે ફરિયાદ હતી, તે આ એક જ શબ્દમાં કૌસલ્યાની સામે રજૂ થઈ ગઈ.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

કંચુકી (મોટો ડગલો પહેરેલો) 'ગૃષ્ટિ' આ કટાક્ષ તરત જ સમજી ગયો; અને બોલ્યો કે કશુંય કહેવાનું બાકી ન રહે તેમ અમને ઉપલંભ આપવામાં આવ્યો છે. આથી તે જનકને એવો ખુલાસો આપવાનો પ્રયાસ કરે છે કે રામભદ્ર શું કરે ? એમનું નસીબ જ વાંકું છે કે સીતા વિશે આવી નિંદા ચારે તરફ ફેલાઈ; અને નગરજનો સીતાની અગ્નિપરીક્ષા લેવામાં આવી હતી એ વાતમાં વિશ્વાસ નહોતા રાખતા. તેથી રામે આવું કઠોર પગલું ભર્યું.

પણ ગૃષ્ટિના ખુલાસાથી જનકના મનમાં સંતાઈને, સંઘરાઈને પડેલો ગુસ્સો એકદમ ભભૂકી ઉઠે છે, આના અનુસંધાને અરુન્ધતી પણ કહેવા લાગે છે કે 'સીતા'ની પવિત્રતા માટે "અગ્નિપરીક્ષા" કે એવું કશું પણ બોલાવાની જરૂર જ નથી, 'सीता' इति एव पर्याप्तम् । 'સીતા' એટલો શબ્દ જ એની પવિત્રતા જાહેર કરવા માટે પૂરતો છે. અરુન્ધતી કહે છે કે – **(શ્લોક–૧૧)**

शिशुत्वं स्त्रैणं वा भवतु ननु वन्द्यासि जगताम् । હે સીતા ! તારામાં હજુ શિશુત્વ હોય કે સ્ત્રીત્વ હોય; પણ તું આખા જગત્‌ને માટે વંદનીય છે. અર્થાન્તરન્યાસ અલંકારનો ઉપયોગ કરીને, ભવભૂતિ એક ચિરસ્મરણીય કાવ્યપંક્તિ લખે છે :

गुणाः पूजास्थानं गुणिषु, न च लिङ्गं, न च वयः ॥ અર્થાત્ ગુણવાન વ્યક્તિમાં એના ગુણો જ પૂજાસ્થાન હોય છે; પૂજનીય હોય છે. એ ગુણીજન સ્ત્રી હોય કે પુરુષ એના તરફ ધ્યાન આપવાનું હોતું નથી; એ જ પ્રમાણે તે ઉંમરમાં નાની વ્યક્તિ છે કે મોટી વ્યક્તિ, એ પણ જોવામાં આવતું નથી.

એટલામાં કૌસલ્યાની મનોવેદના વધી જતાં, તે રંગભૂમિ ઉપર મૂર્ચ્છિત થઈને પડી જાય છે. અરુન્ધતી કૌસલ્યાની મૂર્ચ્છાને ઉચિત ઠેરવતાં **(શ્લોક–૧૨)** કહે છે કે કૌસલ્યાના મનમાં એકી સાથે દશરથ, નાની સીતા, તે સુખી દિવસો અને મિત્ર જેવા તમે – એ બધું યાદ આવી ગયું અને આજે વર્ષો પછી કેવું દશાપરિવર્તન આવી ગયું છે તે જોતાં આ રાણીને મૂર્છા આવી ગઈ છે. ફરી એકવાર કવિ ભવભૂતિ અર્થાન્તરન્યાસ અલંકારનો સહારો લે છે : पुरन्ध्रीणां चित्तं कुसुमसुकुमारं हि भवति ।

पुरन्ध्री = કુલવધૂઓનાં ચિત્ત પુષ્પ જેવાં સુકોમળ હોય છે; તે વધારે મોટી વેદનાઓ સહન કરી શકતી નથી. મહાકવિ કાલિદાસે પણ આવા જ પ્રકારનું એક વાક્ય મેઘદૂતમાં લખ્યું છે :

आशाबन्धः कुसुमसदृशं प्रायशो हि अङ्गनानाम् । (૧૦) અંગનાઓ, કુલવધૂઓ, કોમળ સ્ત્રીઓનો આશાબંધ પણ પુષ્પ જેવો કોમળ હોય છે.

જનકને પણ કૌસલ્યાની મૂર્છા જોઈને પોતાની કઠોરતા, ટોણો મારવાની ભૂલ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

સમજાઈ જાય છે. આથી તે કહે છે કે सर्वथा नृशंसोऽस्मि । હું બધી રીતે ઘાતકી વ્યક્તિ છું. જનક પોતાના વેવાઈ દશરથ જોડેનાં મીઠાં સંબંધોને યાદ કરે છે. **(શ્લોક ૧૩).**

જનકને કૌસલ્યા પણ કેવી પ્રિય હતી એ વર્ણવતાં, તે **શ્લોક–૧૪** કહે છે. દશરથ અને કૌસલ્યા વચ્ચે કૌટુમ્બિક કલહ થાય તો તે બેની વચ્ચે ન્યાયાધીશ બનીને સમાધાન કરાવી આપવાનું કામ જનક કરતા હતાં ! જનક પોતાની 'મધ્યસ્થી' બનવાની તે સ્થિતિ યાદ કરે છે, પણ તે યાદ આજે દુઃખ આપનારી બને છે.

हृदयम् अवस्कन्द्य तद् दहति । એ બધી વાતોની યાદ હૃદય ઉપર હુમલો કરીને, બાળે છે.

विधिः विशिनष्टि मनोरुजम् । તે વિધિ મનોરોગને વધારી મૂકે છે. **(શ્લોક ૧૫).**

કંચુકી જનકને કહે છે કે દશરથને પાંચ દીકરા-દીકરી હતા, પણ જેમ તેમાંથી 'સુબાહુ રાક્ષસનો શત્રુ' અર્થાત્ રામ વધારે પ્રિય હતો, તેમ દીકરી શાંતાની જેમ ચાર વધૂઓમાં 'સીતા' જ સૌથી વધારે વ્હાલી હતી. **(શ્લોક ૧૬).**

જનક પણ પોતાના દશરથ જોડેનાં સુસંવાદી સંબંધને યાદ કરીને, આજની કમનસીબ ઘડીને ધિક્કારે છે :

અન્વય : कन्यायाः पितरः जामातुः आप्तं जनं पूजयन्ति, किल, सम्बन्धे मयि ते तत् आराधनं विपरीतम् एव अभूत् । तथाविधः त्वं कालेन अपहृतः, तत् सम्बन्ध-बीजं च (अपहृतम्) घोरे अस्मिन् जीवलोकनरके पापस्य मम जीवितं धिक् ॥

આ જીવલોકરૂપી નરકમાં પાપી એવા મારું જીવવું એ જ ધિક્કારને પાત્ર છે. **(શ્લોક ૧૭).**

અરુન્ધતી કૌસલ્યાને આશ્વાસન આપતાં કહે છે કે ઋષ્યશૃંગના આશ્રમે વસિષ્ઠે કહ્યું હતું કે જે ભવિતવ્યતા (નસીબમાં) હતી, તે વાત બની ચૂકી છે, પણ અંતે તો कल्याणोदर्कं भविष्यति । ભવિષ્યમાં કલ્યાણકારી સુખાંત આવશે જ.

પ્રોફે. પી. સી. દવેસાહેબ કહે છે તેમ આ નાટકમાં કવિએ વાણી–વાક્તત્ત્વમાં શ્રદ્ધા મૂકી છે. વાણી બે પ્રકારની હોય છે. એક તો – પામર મનુષ્યોની ચાડી, ચુગલી-ખોર નિંદકોની વાણી; અથવા દર્પથી છકેલા વ્યક્તિની પરુષતાવાળી વાણી જેનાથી સીતાનો ત્યાગ કરવો પડે તેવી સ્થિતિ ઊભી થાય. બીજી ઋષિમુનિઓની વાણી, કે જેનાથી વણસેલી પરિસ્થિતિ પણ કાબુમાં આવે, અને સુખાંત થાય.

દશ્ય : ૩

शिष्टानध्यायः – શિષ્ટોના આવવાથી આશ્રમમાં આજે અનધ્યાય (રજા) જાહેર થયેલ છે, તેથી બાળકો રમવા નીકળી પડ્યા છે. એ બાળકોનાં ટોળામાં કૌસલ્યાએ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પોતાના બાળ–રામના જેવો દેખાતો એક બાળક (લવ) જોયો; જે કૌસલ્યાના લોચનને શીતળતા આપે છે.

અરુન્ધતી મનમાં ને મનમાં બોલે છે કે આ બાળક તે તો ગંગાએ જે એમને ખાનગીમાં કહ્યું છે તે જ છે. ગંગાએ અરુન્ધતીને ખાનગીમાં કહ્યું હતું કે સીતાએ બે પુત્રોને જન્મ આપ્યો છે, અને તે બન્ને અત્યારે વાલ્મીકિના આશ્રમમાં ઉછરી રહ્યા છે. કદાચ એટલે જ કુલગુરુ વસિષ્ઠે ઋષ્યશૃંગના આશ્રમેથી બધાને અહીં – વાલ્મીકિના આશ્રમમાં– જઈને રહેવાની સૂચના આપી હશે. રામે ભલે વડીલોની ગેરહાજરીમાં સીતાત્યાગનો નિર્ણય લઈ લીધો હોય; પણ હવે વડીલો (વાલ્મીકિ અને વસિષ્ઠે)એ અંદરોઅંદર ભેગા મળીને રામ-સીતાને ફરીથી ભેગા કરી આપવા અંદરખાનેથી પ્રયત્ન શરૂ કરી દીધા છે; જેનાં પરિણામો ૭મા અંકમાં જોવા મળવાનાં જ છે.

અરુન્ધતીને પણ લાગે છે કે ફરીથી મારો નાનો રામ–રઘુનંદન આંખોને અમૃતાંજન અર્પતો હોય તેમ સામે આવીને ઊભો રહ્યો હોય તેમ લાગે છે. **(શ્લોક ૧૯)**.

સીતાના પુત્ર 'લવ'ને અહીં આશ્રમનાં બાળકોની વચ્ચે રમતો જોઈને ઘરડાંઓ અનુમાન કરે છે કે આ બાળક કોઈક ક્ષત્રિય-બ્રહ્મચારી લાગે છે. જનક આનું વર્ણન કરે છે :

पृष्ठतः अभितः चूडाचुम्बित कंकपत्रं तूणीद्वयं वर्तते । भस्मस्तोकपवित्रंलांछनम् उटः रौरवीं त्वचं धत्ते । अधः मौर्व्या मेखलया नियन्त्रितं मांजिष्ठकं वासः, पाणौ कार्मुकम्, अक्षसूत्रवलयम्, अपरः पैप्पलः दण्डः ॥ (૪–૨૦)

भस्मस्तोक–થોડીક ભસ્મ (નું ચિહ્ન). કંકપત્ર=કંકપક્ષીનાં પીછાં, मेखला–કેડનો કંદોરો, દોરી, मांजिष्ठकम्–મજીઠિયો રંગ, कार्मुक–ધનુષ્ય. प्रवयसः त्वां दिदृक्षवः– મોટી ઉંમરના તમને (વાલ્મીકિને) જોવાની ઈચ્છા રાખે છે. अयोधातुम् हरति–લોખંડની ધાતુને આકર્ષે છે, अयस्कान्तः शकलः=લોહચૂંબકનો ટુકડો. **(શ્લોક–૨૧)**.

हा हा दैव ! किम् उत्पथैः मम मनः पारिप्लवं धावति । હે નસીબ ! મારું મન કેમ અવળા માર્ગોએ ચંચળ બનીને દોડે છે ? **(શ્લોક ૨૨)**.

દૃશ્ય : ૪

રામે અયોધ્યામાં જે અશ્વમેધ યજ્ઞ શરૂ કર્યો છે, તેનો ઘોડો ફરતો ફરતો આજે અહીં વાલ્મીકિના આશ્રમમાં આવી પહોંચ્યો છે. આશ્રમના બાળકોએ ઘોડા (અશ્વ) વિશે 'પશુસમામ્નાય' નામના ગ્રંથમાં વાંચ્યું છે, પણ તેમને આજે પહેલ–વહેલીવાર ઘોડો જોવા મળ્યો છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

જનક અને અરુન્ધતી લવને અનેક પ્રશ્નો પૂછીને, વાલ્મીકિએ રચેલા રામાયણ-કથાનાં અમુક પાત્રોની વિગતો જાણવા કોશિશ કરે છે. ૭મા અંકમાં બનનારી ઘટનાના કેટલાક અણસાર કવિ અહીં ૪થા અંકમાં જ આપે છે. જેમકે, વાલ્મીકિએ કેટલોક ભાગ રચીને, તેને ભરતમુનિ પાસે મોકલી આપ્યો છે કે જેથી તેને નાટ્યદેહમાં પરિવર્તિત કરીને ભજવી શકાય.

ભવભૂતિ ભરતમુનિને 'નાટ્યશાસ્ત્રના રચયિતા' તરીકે નહીં, પણ "તૌર્યત્રિક-સૂત્રકાર" તરીકે ઓળખાવે છે. અમરકોશમાં કહ્યું છે કે—तौर्यत्रिकं नृत्यगीतवाद्यं नाट्यमिदं त्रयम् ॥ ટીકાકાર વીરરાઘવ કહે છે કે નૃત્ત, ગીત અને વાદિત્રના શાસ્ત્રાચાર્યને તૌર્યત્રિક-સૂત્રકાર કહે છે. ભરતમુનિને ભાવ, રાગ અને તાલના શાસ્ત્રજ્ઞ આચાર્ય કહેવાય છે.

सर्वम् इदम् आकूतकरम्=આ બધું કૌતુક ઉત્પન્ન કરે એવું છે. લવ કહે છે કે વાલ્મીકિના મનમાં પોતે જે ગર્ભાંક રચીને ભરતમુનિ પાસે ભજવાવડાવવા માંગે છે, તે ભાગને વિશે મોટી આસ્થા છે, અને તેથી એ હસ્તલિખિત ગ્રન્થની રક્ષા કરવા માટે તેમણે લવના મોટાભાઈ કુશને મોકલી આપ્યો છે.

यमजौ भ्रातरौ – જોડકાં ભાઈઓ.

શ્લોક—૨૪માં જનક રામની ઉતાવળ વર્ણવે છે અને જનક બોલી ઊઠે છે કે મારા ક્રોધને સળગી ઉઠવા માટેનો આ અવસર છે. જનક રામના સસરા થાય છે, તેથી પોતાની દીકરી સીતાનો ત્યાગ કરનાર જમાઈ રામને તે ચાપ = ધનુષ્ય-બાણ અને શાપ વડે આજે શિક્ષા કરવાના મતના છે.

આ સાંભળી ૨૪મા શ્લોકને વચ્ચેથી જ અટકાવી, રામની માતા તરીકે કૌસલ્યાથી બોલી જવાય છે કે હે અરુન્ધતી ! ગુસ્સે ભરાયેલા રાજર્ષિને શાંત પાડો. આ પછી આ શ્લોકના ઉત્તરાર્ધની બે પંક્તિઓ અરુન્ધતી બોલે છે. અહીં ત્રીજા ચરણની ઉક્તિ જનકના ગુસ્સાનું ઔચિત્ય બતાવવા માટે છે અને ચોથું ચરણ જનકને જ સીધું ઉદ્દેશીને બોલાયું છે.

પણ કેટલીક હસ્તપ્રતો અને ટીકાકારોએ આ ત્રીજું ચરણ "લવ"ની ઉક્તિ રૂપે મૂકેલું છે.

આમ એક જ શ્લોક જો બે-ત્રણ વક્તા વચ્ચે વહેંચાઈ જાય તો નાટ્યક્ષમતા વધે છે. પણ આ પરિવર્તન સ્વીકાર્ય નથી.

જનક પોતાના મનનું સમાધાન કરતાં **શ્લોક—૨૫** કહે છે : रघुनंदने तद् उभयं शान्तं (भवतु) । રઘુનંદન રામની તરફ ઉગામેલું એ ધનુષ્ય અને એ શાપ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

આપવાની ઇચ્છા– તે બન્ને શાંત થઈ જાવ. हि=કારણકે, तत्–पुत्रभांडं मे । તે જમાઈ (રામ) મારા માટે પુત્રરૂપ જ છે.

(यः) पौरो जनः, सः भूयिष्ठद्विज–बाल–वृद्ध–विकल–स्त्रैणः च । જે પુરવાસીઓ (નગરજનો) છે, તેમાં બધા મોટેભાગે તો બ્રાહ્મણો, બાળકો, ઘરડાંઓ અને વિકલાંગ માણસોનો તથા સ્ત્રીઓનો જ સમાવેશ થાય છે. જનકનો ગુસ્સો–રોષ પણ અંતે શાંતમાં વિલીન થઈ જાય છે.

દૃશ્ય : ૫

વડીલોની વાતચીત દરમ્યાન જ, રજાનો આનંદ લૂટતા આશ્રમનાં બાળકો ત્યાં આવી ચઢે છે. એમને સૌને એક મોટું કૌતુક એ આવી મળ્યું છે કે જે 'અશ્વ' નામનું પશુ છે, તે જીંદગીમાં આજે પહેલીવાર જોવા મળેલ છે ! પણ લવ એ વાત સાંભળીને કૌતુકને શમાવી દેતાં કહે છે કે હા, પશુ સમામ્નાયમાં જે સંગ્રામનાં સાધનો અને પશુઓને વર્ણવતું પ્રકરણ છે, તેમાં આ 'અશ્વ' વિશે બધી વિગતો વાંચવા મળે જ છે. તે 'અશ્વ' કેવો હોય છે ? એવો લવે પ્રશ્ન કર્યો તો એના જવાબમાં **શ્લોક–૨૬** રજૂ થાય છે. આ શ્લોક 'સ્વભાવોક્તિ' અલંકારનું ઉત્તમ અને પ્રસિદ્ધ ઉદાહરણ છે :

અન્વયઃ पश्चात् विपुलं पुच्छं वहति, तच्च अजस्रं (=सततं) धूनोति । स दीर्घग्रीवः भवति । तस्य चत्वार एव खुराः (भवन्ति) । सः शष्पाणि अत्ति । आम्रमात्रान् शकृत्–पिण्डकान् प्रकिरति । किं वा आख्यातैः, स पुनः दूरं व्रजति । एहि, एहि (वयं) यामः ॥

આ શ્લોકમાં મંદાક્રાન્તા છન્દ વપરાયો છે, જેમાં ૪થા અને તે પછીના છઠ્ઠા અક્ષરે યતિ આવેલ છે.

જનક-કૌસલ્યા કહે છે કે આ લવ ભલે બીજા બાળકોની સાથે જઈને પોતાનું કૌતુક શમાવે. બાળકોના દૂર જતા રહ્યા પછી, કૌસલ્યાને થાય છે કે તે જાણે वंचिता इव । કંઈક છેતરાઈ છે. જેમકે, આ જે 'લવ' નામનો આશ્રમ-બાળ જોયો તે નાનો રઘુનંદન જ હતો કે કોણ હતો ? શું (કદાચ) આ રામનો દીકરો તો નહીં હોય ? અહીં वंचितेव । પાઠનો મર્મ જેમને સમજાયો નથી, તેમણે न जीवामीव । "હું જાણે જીવતી જ ન હોઉં" એવો પાઠ બદલી કાઢ્યો છે; પણ તે નવું પાઠાન્તર અસ્વીકાર્ય છે.

આ 'લવ' કોણ ? કોનો દીકરો હશે ? એવા આશ્ચર્યજનક અને રહસ્યભર્યા પ્રશ્નો ઊભા થવાથી, તે સૌ વડીલો સ્વયં વાલ્મીકિ પાસે જઈને જાણવાનું નક્કી કરે છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

દૃશ્ય : ૯

હવે રંગભૂમિ ઉપર એકલા આશ્રમનાં બાળકો અને બીજી તરફ અશ્વના સંરક્ષક માણસો જ હાજર હોય છે – એવી સ્થિતિ છે.

અશ્વને જોતાંની સાથે જ, એ અશ્વના અમુક પ્રકારના શણગારને જોઈને જ લવને ખબર પડી જાય છે કે – આ તો आश्वमेधिकोऽयम् अश्वः । અશ્વમેધ યજ્ઞ માટે પૃથિવી ઉપર (વિજયના પ્રતીક રૂપે) ફરતો છુટો મૂકવામાં આવેલો આ ઘોડો છે. निषङ्गिणः रक्षितारः—બાણથી ભરેલાં ભાથાવાળા રક્ષકો, कवचिनः—કવચ પહેરેલા સૈનિકો, જેની આસપાસ છે, તે ઘોડો આશ્વમેધિક જ હોય—એવું શાસ્ત્રમાં લખ્યું છે.

ત્યાં નેપથ્યમાં (પડદા પાછળ)થી એક **શ્લોક—૨૭** બોલવામાં આવે છે : **અન્વય :** अयम् अश्वः दशकण्ठकुलद्विषः सप्तलोकैकवीरस्य इयं (विजय)पताका (अस्ति); अथवा इयं वीरघोषणा ॥

દશકંઠ=રાવણ, તેના કુળના દ્વેષી=રામ; તે રામની આ વિજયપતાકા સમો ઘોડો છે; અથવા તો એમના વીરત્વની ઘોષણા સમો છે. કેમકે રામ કેવા છે ? તો સાતેય લોકમાં એકમાત્ર 'વીર' વ્યક્તિ છે.

બસ, આ દર્પથી ભરેલાં વાક્યો સાંભળીને લવના મનમાં ગુસ્સો ચઢે છે. संदीपनानि अक्षराणि ।—સળગાવી મૂકે એવા આ અક્ષરો છે. એક ક્ષત્રિયની ગર્વોક્તિ બીજા ક્ષત્રિયના મનમાં ક્રોધાગ્નિ જ ઉત્પન્ન કરે એ સ્વભાવસિદ્ધ હકીકત છે. લવને લાગે છે કે શું આ પૃથિવી ઉપર રાવણારિ રામ જ એક ક્ષત્રિય છે; બીજા કોઈ ક્ષત્રિય જ નથી ? કે આવી વિજયઘોષણા કરવામાં આવી રહી છે ?

શ્લોક ૨૮ : यदि ते (रामाः) वीराः सन्ति, सन्ति एव । જો આ રામ 'વીર' વ્યક્તિ હોય, તો ભલે હજો; પણ का इयम् अद्य विभीषिका ? આ વળી આજે કઈ ડરામણી બતાવવામાં આવી રહી છે ?

किम् एभिः उक्तैः ?—આ સૈનિકોની જોડે શું જીભાજોડી કરવી ? अधुना [रामस्य] तां वः (विजय)पताकां हरामि । હમણાં જ રામની તે, તમારી પતાકાને હું અપહરી લઉં છું.

भो बटवः । परिवृत्य—તમે બધા આ ઘોડાને વીંટળાઈ વળીને, लोष्टैः अभिघ्नन्तः एनम् अश्वम् नयत ।—માટીનાં ઢેફાંથી મારતાં મારતાં આ ઘોડાને (આશ્રમમાં) લઈ જાવ.

दृप्तां वाचम्—દર્પીલી વાણીને. न सहन्ते । સહન કરતા નથી. બટુઓ રામના સૈનિકોથી ગભરાઈ જાય છે, અને ભાગી જવાની વાત કરે છે. हरिणप्लुतैः

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

पलायामहे—હરિણ-કૂદકાઓથી, અહીંથી પલાયન કરી જઈએ. પણ લવ જરીકેય ગભરાતો નથી. તે તો ધનુષ્ય ઉપર બાણ ચઢાવવા તૈયાર થઈ જાય છે; અને **શ્લોક – ૨૯** બોલે છે : मम चापम् विकटोदरम् अस्तु ।'' મારું ધનુષ્ય વિકરાળ ઉદરવાળું (અર્થાત્ વચ્ચેથી પહોળું ભલે થાય.'' આ મુખ્ય વાક્ય છે.) બીજાં બધાં चापम्નાં વિશેષણો છે :—

અન્વય : ज्याजिह्वया वलयितोत्कटकोटि दंष्ट्रम्, उद्‌गारिघोरघनघर्घरघोषम्। एतत्, चापम् (उद्देश्य) ग्रासप्रसक्त—हसद्—अन्तक—वस्त्र—यन्त्र—जृम्भा—विडम्बि-विकटोदरम् (विधेय) अस्तु ।

अन्तक=યમરાજ, वक्त्र—મોં, जृम्भा—બગાસું, विडम्बि—અનુકરણ કરતું (विडम्बयति=अनुकरोति)

અહીં ૪થો અંક પૂરો થાય છે. આ અંકનું નામ 'કૌસલ્યા-જનકયોગ' છે. સામાન્ય રીતે વિદ્વાનોને આ અંકનો **'કાર્યવેગ'** શો ગણવો ? એવો પ્રશ્ન થતાં એનો જવાબ એવો મળ્યો છે કે રામે સીતાનો ત્યાગ કર્યા પછી, એમના સગાં-વહાલામાં પણ એને કારણે જે કડવાશ ફેલાઈ હતી, તિરાડ પડી ગઈ હતી તેને દૂર કરવા માટે આ ૪થા અંકનું ઘટનાચક્ર છે. દીકરીના પિતા તરીકે જનક રાજા સ્વાભાવિક છે કે જમાઈ રામ ઉપર, અને રામની માતા તરીકે વેવાણ કૌસલ્યા તરફ ગુસ્સે ભરાયા જ હોય. પણ કવિ ભવભૂતિએ આ કડવાશભરી પરિસ્થિતિને જોતજોતામાં ઓગાળી દેવા માટે બાળ રઘુનંદન લવનો ઉપયોગ કર્યો છે. એક બાળકના નિમિત્તે અહીં સૌ વડીલો ફરીથી પાછા માનસિક સંવાદ, હળવાશ પ્રાપ્ત કરે છે. તેથી કવિએ આ અંકનું નામ ''કૌસલ્યા—જનક—યોગ'' એવું આપ્યું છે !

બીજી રીતે, શમ્બૂકવધ પ્રસંગની 'મિથ'ના નવા અર્થઘટન મુજબ જો વિચારીએ તો શૂદ્રત્વનો વધ કર્યા પછી, [રામે સીતાની સુવર્ણમયી પ્રતિકૃતિ દ્વારા એની પવિત્રતા ઉદ્‌ઘોષિત કરીને,= પ્રજામતને ફેરવવાની શરૂઆત કર્યા પછી] મૃતબાળનું (અજ્ઞાત અંધકારમાં સરકી પડેલા રામ-સીતાના બે બાળકોનું) પુનર્જીવન, પુનઃપ્રકટીકરણ કરવાની કવિએ આ અંકથી શરૂઆત કરી છે. બીજા અને ત્રીજા અંકમાં તો કેવળ સીતાના પુત્રોનો જન્મ થયાનો, અને વાલ્મીકિના આશ્રમમાં તે ઉછરી રહ્યા છે એવા પરોક્ષ ઉલ્લેખો જ આવતા હતા, પણ હવે ૪થા અંકથી રંગભૂમિ ઉપર તે વારાફરતી **પ્રત્યક્ષ** જોવા મળવા માંડ્યા છે. આમ અહીં ૪થા અંકમાં માતા-સહિતના પુત્રોની પુનઃપ્રાપ્તિ તરફ આ નાટકનો મુખ્ય કાર્યવેગ આગળ વધતો જોવા મળી રહ્યો છે.

o o o

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અંક – ૫

ઉત્તરરામચરિતના પાંચમા અંકનું નામ 'કુમાર-વિક્રમ' છે. વિક્રમનો અર્થ પરાક્રમ થાય છે. અહીં રામપુત્ર લવ અને લક્ષ્મણપુત્ર ચન્દ્રકેતુ અજાણતાં જ સામસામે આવી જાય છે; અને તેથી એમના પરાક્રમની વાત કહેવા માટે આ અંકની રજૂઆત થાય છે. ૩જા અંકના કરુણરસની પાછળ હાસ્ય અને રૌદ્ર, તથા વીરરસોનું અનુસરણ થતું જાય તો એક રસવૈવિધ્ય ભરી નાટ્યસૃષ્ટિનું નિર્માણ થાય, અને વળી અંતે તો એ વિવિધ રસો પાછા કરુણ કે શાંતમાં જ વિલીન થતા અનુભવાય એવી સરસ મજાની આ કૃતિ છે.

ચન્દ્રકેતુના સૈનિકો નેપથ્યમાંથી એક હાશકારો અનુભવતાં બોલતા સંભળાય છે.

શ્લોક–૧ : ननु एषः उद्घातप्रचलितकोविदारकेतुः चन्द्रकेतुः त्वरितसुमन्त्र–नुद्यमान–व्यावलगत्–प्रजवन–वाजिना रथेन; नः प्रधनम् श्रुत्वा, उपैति ।

આ ચંદ્રકેતુ કેવો ? તો એનું એક વિશેષણ છે : ઊંચીનીચી જમીન ઉપર હાલી ઉઠેલ, 'કોવિદાર' નામના વૃક્ષના લાકડામાંથી બનાવેલો ધ્વજદંડ જેનો છે તે ચંદ્રકેતુ नः प्रधनम् – આપણું યુદ્ધ (આશ્રમવાસી છોકરાંઓ જોડે થયું છે) એમ સાંભળીને, रथेन उपैति – રથ વડે નજીક આવી પહોંચ્યો છે.

નેપથ્ય–ઉક્તિ વડે પ્રેક્ષકોને જાણવા મળી જાય છે કે હવે અંકની શરૂઆતમાં આવનાર પહેલા જ દશ્ય–૧માં લવ અને ચન્દ્રકેતુ સામસામે લડવા માટે ગોઠવાઈ જવાના છે. ચંદ્રકેતુ સુમન્ત્ર-સારથિને બતાવે છે કે જુવો કોઈક વીરનો છોકરો બાણોની કેવી વૃષ્ટિ કરી રહ્યો છે :

શ્લોક–૨ : कोऽपि अयं वीरपोतः समरशिरसि चमूनाम् उपरि कार्मुकेन शरतुषारं किरति ॥ મુખ્ય વાક્ય.

કોઈક વીરનો દીકરો યુદ્ધભૂમિ ઉપર, સૈન્યની ઉપર ધનુષ્ય વડે બાણ રૂપી જલબિન્દુઓ (નાનાં ફોરાં)ની વૃષ્ટિ કરી રહ્યો છે. 'वीरपोतः' નાં બે વિશેષણો છે : ૧. कलितकिंचित्कोपरज्यन्मुखश्रीः, અને ૨. चञ्चत्पञ्चचूडः । અને कार्मुकेन (ધનુષ્ય વડે)નું એક વિશેષણ છે – अविरतगुणगुञ्जत् कोटिना ।

ચન્દ્રકેતુ અને સુમન્ત્ર વારાફરતી પોતાના સૈન્ય સામે લડતા લવનું જ વર્ણન કરે છે; અને એમના મનમાં એક उत्प्रेक्षा પ્રકટે પણ છે કે આ રઘુવંશનો જ કોઈક નવો અંકુર ફુટ્યો તેમ લાગે છે ! સુમન્ત્રને લાગે છે કે મને તો પેલા ભૂતકાળના બાળ રઘુનંદનનું જ સ્મરણ થઈ આવે છે. **(શ્લોક ૩ અને ૪)** પણ ચન્દ્રકેતુને એક વાતનું બહુ ખરાબ લાગે છે : मम त्वेकम् उद्दिश्य भूयसाम् आरम्भ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

इति हृदयम् अपत्रपते । પણ મને તો એક (લવ) છોકરાને ઉદ્દેશીને આટલા બધા (આપણાં) સૈનિકોનો યુદ્ધ-આરંભ થયો છે—એમ જોઈને (મારું) હૃદય તો શરમ અનુભવે છે.

ચન્દ્રકેતુના મનમાં સાચા ક્ષત્રિય તરીકેની વિચારણા જાગે છે. એક બાજુ મોટું સૈન્ય અને બીજી તરફ આશ્રમવાસી એક નાનો છોકરો. આવું અસંતુલિત યુદ્ધ કોઈ પણ સાચો ક્ષત્રિય ચલાવી ના લે.

क्वणत्कनकर्किंकिणीझणझणायितस्यन्दनैः=રણકાર કરતી સોનાની નાની ઘંટડીઓ વડે ઝણઝણી ઊઠેલા રથોથી, અને अमन्द—मद—दुर्दिन—द्विरद—वारिदैः=અધિક મદ-જળ વરસાવનાર હાથીઓ રૂપી (કાળાં) વાદળોથી, आवृतः —ઘેરાઈ ગયેલો अयं शिशुः एककः—આ બાળક સાવ એકલો જ છે.

પણ સામી બાજુએ લવે એકલાએ જ, આખા સૈન્યને રગદોળી કાઢવાનું શરૂ કરી દીધું હતું :— **શ્લોક ૬ (અન્વય:)**

अमन्द—दुन्दुभि—रवैः आध्मातम्, आगर्जद्—गिरिकुञ्जर—घटा—निस्तीर्णकर्ण—ज्वरं, ज्यानिर्घोषम् उज्जृम्भयन् वीरः वेल्लद्भैरव रुण्डमुण्डनिकरैः भुवं तृप्यत्काल—कराल—वक्त्र—विघस—व्याकीर्णमाणाम् इव विधत्ते ॥

અહીં वीरः એ કર્તા-પદ છે, અને તેના વિશેષણ તરીકે આગળનો પદસમૂહ છે. આ વીર रुडमुंडनिकरैः—રુંડમુંડોના સમૂહોથી, भुवं विधत्ते । પૃથિવીને ભરી દે છે.

સુમન્ત્રની ઉક્તિ—एष ते वाग्-विषयीभूतः सः वीरः=આ વીર તારી વાણીનો વિષય બન્યો. અર્થાત્ તું હવે લવની એટલો નજીક આવી ગયો છું કે એ હવે તને સાંભળી શકશે.

ચન્દ્રકેતુ લવને ઉદ્દેશીને કહે છે કે તું મારી જોડે જ લડવા આવ, આ સૈન્ય જોડે હવે લડવાનું છોડી દે. તેજઃ तेजसि शाम्यतु—'તેજ તેજમાં જ સમાય'—એ ઉચિત ગણાય. અર્થાત્ લવના જેવા તેજસ્વી વીરે એક સામાન્ય સૈન્ય જોડે લડવું ઉચિત નથી, તેણે તો ચન્દ્રકેતુ જેવા બીજા એક રાજકુમાર જોડે જ લડવું જોઈએ. **(શ્લોક ૭)**

दृप्तसिंहशावः—દર્પિલા સિંહબાળ જેવો, वीरपोतः—વીરનો દીકરો. स्तनयित्नु—रवाद्—વાદળના અવાજ થકી, पृतना—સેના **(શ્લોક – ૮)**.

प्रतिनिवृत्य—પાછા વળીને, चमूपतयः—સેનાપતિઓ, मां—મને, पर्यवष्टम्भयन्ति—ચારેય બાજુએથી વીંટળાઈ વળ્યા છે. पयोराशेः ओघः—જળરાશિનો મોટો પ્રવાહ, સમૂહ. प्रलयपवनास्फालित इव—પ્રલય-કાળના પવનોથી જાણે આઘાત પામેલ હોય તેમ.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ननु तव दर्पनिकषः एषः चन्द्रकेतुः—આ તારા દર્પની પરીક્ષા કરવા માટેનો નિકષ પથ્થર સમો ચન્દ્રકેતુ આવીને ઊભો છે. विकर्तन—कुलकुमार=સૂર્યવંશનો રાજકુમાર. कदर्थितोऽहम्—હું નિંદાયો છું. **શ્લોક—૧૧.** कौतुकवता दर्पेण मयि बद्धलक्ष्यः—કૌતુકવાળા દર્પથી જેણે મારા વિશે લક્ષ્ય બાંધ્યું છે તેવો આ, अयम् उदीर्णधन्वा पश्चाद् बलैः अनुसृतः=જેણે ધનુષ્ય ઉઠાવ્યું છે તેવો આ (લવ) સૈન્ય વડે પાછળને પાછળ અનુસરાયો છે. તે કેવો લાગે છે ? એ વર્ણવવા કવિ એક ઉપમા વાપરે છે : माघवतचापधरस्य मेघस्य लक्ष्मीम् धत्ते । 'ઇન્દ્રધનુષ્ય'ને ધારણ કરનાર વાદળની શોભાને ધારણ કરે છે.

ચન્દ્રકેતુ કહે છે કે – यः अयं परिकरः युधि बद्धः, तेन वः धिग्; अस्मान् (अपि) धिग् । જે આ કેડ કસી છે, યુદ્ધને વિશે, તેનાથી તમને ય ધિક્કાર હજો અને અમને પણ ધિક્કાર હજો. अत्र एकस्मिन् पदातौ—આ એક પદાતિ (=પગે ચાલીને લઢતા લવની) ઉપર; સામેના રથારૂઢ સૈનિકો કેવા છે ? તો – कवचनिचितैः – અને મેધ્યચર્મોત્તરીયે – કવચો (બખ્તર)થી વીંટળાયેલા; તથા લવ કેવો છે ? તો પવિત્ર મૃગચર્મનું ઉત્તરીય ઓઢનારો. **(શ્લોક ૧૨)**.

આ સાંભળીને લવને થાય છે કે कथम् अनुकम्पते नाम ।—શું મારી ઉપર અનુકંપા બતાવો છો ? भवतु—ઠીક, कालहरणप्रतिषेधाय जृम्भकास्त्रेण सैन्यानि संस्तम्भयामि ।— સમય બગડતો અટકાવવા માટે, જૃમ્ભકાસ્ત્રનો પ્રયોગ કરીને, ચન્દ્રકેતુના સૈન્યને સ્તંભાવી દઉં.

અહીં, પાંચમા અંકમાં લવ જે જૃમ્ભકાસ્ત્રનો પ્રયોગ કરે છે – તે ઘટના નાટકના કાર્યવેગની દૃષ્ટિએ ઘણી મહત્ત્વની છે. કેમકે એ અસ્ત્રોનો ઉપયોગ કરવાની ઘડી-પળ જ જો નાટકમાં ન આવે તો, આ લવ—કુશ એ બે (સીતાપુત્રો હોવા ઉપરાંત) રામપુત્રો પણ છે એ વાત બીજી કોઈ રીતે ઉદ્‌ઘાટિત થતી નથી, આ તેમની પૈતૃક ઓળખ છતી કરવા માટેનું સર્વતોત્કૃષ્ટ પ્રબલતમ પ્રમાણ છે, જે જૃમ્ભકાસ્ત્રોનો ચિત્રવીથિકા પ્રસંગે (પ્રથમ અંકમાં), પહેલા જ ચિત્રમાં આપણને – પ્રેક્ષકોને પરિચય કરાવવામાં આવ્યો છે, અને જેનો ઉલ્લેખ બીજા અંકમાં વિષ્કંભકમાં વાસંતી અને આત્રેયી વચ્ચેની વાતચીતમાં પણ થયો છે, તેનો પ્રકટ ઉપયોગ રંગભૂમિ ઉપર ન થાય એ કેમ ચાલે ?

જે વિદ્વાનોએ "રામ-સીતાના પુનર્-મનમેળનું જ આ નાટક છે" એવું માન્યું છે; અથવા તો જે અન્ય વિદ્વાનોએ "આ ઉત્તરરામચરિતને પ્રેમ મરતો નથી; પ્રેમી વ્યક્તિ મરી જાય, પણ એને માટેનો પ્રેમ મરતો નથી. એનું પ્રદર્શન કરનારું આ નાટક છે"—એમ માન્યું છે તે બધા વિવેચકોને પાંચમો અંક "યુદ્ધ...યુદ્ધ"

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

એવા **ઘોંઘાટથી ભરેલો** લાગ્યો છે; બીજા શબ્દોમાં કહીએ તો, બીનજરૂરી ઘટનાચક્રથી ભરેલો આ અંક લાગ્યો છે. કવિએ, જો શમ્બૂકવધની મિથના પુનર્નિમાણ માટે ઉત્તરરામચરિતની રચના કરી છે. એમ માનીએ તો આ ચાર, પાંચ અને છ અંકની નાટકીય ઉપયોગિતા સીધી રીતે દેખાવા લાગે છે.

શ્લોક–૧૩માં જૃમ્ભકાસ્ત્રનો પ્રયોગ થયા પછી ચન્દ્રકેતુનું સૈન્ય કેવું ચિત્રમાં દોર્યા જેવું નિશ્ચલ–સ્થગિત થયેલું છે એનું સુન્દરચિત્ર આપ્યું છે, આ અસ્ત્રોના પ્રયોગ વખતે ઘોર અંધારી રાત્રે જેમ કાળો ગાઢ અંધકાર છવાઈ જાય, અને એમાં જ એકાએક વિજળીનો ઝબકારો થાય તો કેવું બિહામણું દશ્ય ખડું થાય ? એના જેવું લાગે છે.

व्यतिकरः–મિશ્રણ, तामसः वैद्युतः–અંધકાર અને વિજળીનું મિશ્રણ જેમ भीमः–ભયંકર બની રહે તેમ.

શ્લોક–૧૪ (અન્વય) पातालोदरकुंज–पुंजिततमः श्यामैः उत्तप्तस्फुरद् आरकूट (પિત્તળ) कपिलज्योतिर्ज्वलद् दीप्तिभिः जृम्भकैः कल्पाक्षेपकठोरभैरवमरुद्व्यस्तैः मीलन्मेघतडित्-कडारकुहरैः विन्ध्याद्रिकूटैः इव नभः अवस्तीर्यते ॥ આમાં મુખ્ય વાક્ય તો जृम्भकैः नभः अवस्तीर्यते ।– જૃમ્ભકાસ્ત્રો વડે આકાશ આચ્છાદિત થઈ રહ્યું છે, અને બીજાં બધાં જ તૃતીયા વિભક્તિ બહુવચનવાળાં પદો તે जृम्भकैःનાં વિશેષણો છે.

સુમન્ત્ર એ વિચારે ચઢી જાય છે કે આ જૃમ્ભકાસ્ત્રો લવની પાસે ક્યાંથી આવ્યા હશે ?– કવિએ પાંચમા અંકમાં જૃમ્ભકાસ્ત્રોનો પ્રત્યક્ષ પ્રયોગ થતો બતાવ્યો છે, પણ તે અસ્ત્રો આ બે બાળકો પાસે ક્યાંથી આવ્યાં હશે ? એ કૌતુકભર્યા પ્રશ્નને છેક સાતમા અંક સુધી મોટો પ્રશ્નાર્થ જ બનાવી રાખેલ છે; તે રહસ્યને કોઈ રીતે ખુલવા દીધું નથી એ તેમની સંવિધાનકૌશલની પ્રશંસનીય આવડત છે. ચન્દ્રકેતુ કહે છે કે લવની પાસે આ આયુધો ભગવાન્ પ્રાચેતસ વાલ્મીકિ પાસેથી આવ્યા હશે. પણ સુમન્ત્રને તો એ અસ્ત્રોની વંશપરમ્પરા ખબર છે, તેથી તે માનવા તૈયાર નથી.

परागतः प्रवीरः–મોટો વીર પાછો ફર્યો છે. બન્ને કુમારો સામસામે આવીને ઊભા રહે છે, બન્ને એક જ સરખા શબ્દોથી, એકી સમયે એકમેકનું વર્ણન કરતો **શ્લોક–૧૬** બોલે છે. ભવભૂતિની સંવાદકળાનો આ એક અપૂર્વ નમુનો છે. આમાં મુખ્ય વાક્ય નીચે મુજબ છે :

एतस्मिन् दृष्टे मम हृदयम् अवधानं रचयति । ૧. લવને જોઈને મારું હૃદય

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(એનામાં) એકાગ્ર થઈ જાય છે. ૨. ચંદ્રકેતુને જોઈને મારું (=લવનું) હૃદય (એનામાં) એકાગ્ર થઈ જાય છે.

લવ અને ચંદ્રકેતુ બન્ને એક જ વંશના સંતાનો છે – એ એમની આંતરિક એકતા બતાવવાનો આ કિમીયો અત્યંત આકર્ષક છે. બન્ને એવું અનુભવે છે કે એકાએક (સહજ રીતે) જ બન્નેને પરસ્પર વાતચીત કરવાનું મન થાય છે; આમાં શું એકબીજાના ગુણોનો અતિશય કારણભૂત હશે ? અમારો કોઈ જૂનો સંબંધ હશે કે જન્મજન્માંતરથી સિદ્ધ એવો કોઈ ગાઢ (નિબિડ) સંબંધ હશે ? અમારો કોઈ આંતરિક, निजः – પોતાનો, સંબંધ હશે કે જેની, અમને ભાગ્યવશાત્ હજી ખબર નથી ?

સુમન્ત્ર આ ભાવની વ્યાખ્યા કરતાં જે એક વાક્ય બોલે છે, તેમાં અનાયાસે જ "પ્રેમ" કોને કહેવાય ? એની રજૂઆત થઈ જાય છે :

भूयसा जीविधर्म एषः, यद् रसमयी कस्यचित् क्वचित् प्रीतिः ।

મોટેભાગે જીવધારીઓનો આ ધર્મ (સ્વભાવ) છે કે કોઈકની કોઈકને વિશે રસમયી પ્રીતિ ઉભરાતી હોય છે. આવી પ્રીતિને જ લોકો "તારામૈત્રક" (ચાર કીકીઓનો મેળાપ) કહે છે; અથવા તો "ચક્ષૂરાગ" એવું નામ આપે છે.

આવા ચક્ષૂરાગને अप्रतिसंख्येयम्=અનિર્વચનીય; અને अनिबन्धनं प्रेमाणम् =કોઈ પણ કારણ વિનાનો પ્રેમ કહે છે.

શ્લોક–૧૭ : આ પ્રેમને બે હૃદયોને સીવનારો તંતુ(દોરો) કીધો છે. सः हि स्नेहात्मकः तन्तुः, अन्तर्मर्माणि सीव्यति । यः अहेतुः पक्षपातः (अस्ति), यस्य प्रतिक्रिया नास्ति ।

શ્લોક–૧૮ : एतस्मिन् शरीरे सायकाः कथम् मोक्तव्याः । આ શરીર ઉપર બાણ કેવી રીતે ચલાવવા ? यत् प्राप्तौ–જેની પ્રાપ્તિ થતાં मम परिरम्भणाभिलाषाद् –મને આલિંગન આપવાની ઇચ્છા થઈ હોવાથી, उन्मीलत्–पुलक–कदम्बकम् अङ्गम् आस्ते । ઊભા થઈ ગયેલા રુંવાડાના સમૂહવાળું મારું અંગ બની ગયું છે ત્યારે.

શ્લોક–૧૯ : બન્ને વીરો (લવ અને ચંદ્રકેતુ) એકબીજા તરફ સ્નેહ–આંતરિક આકર્ષણ અનુભવી ચૂક્યા છે, અને બીજી તરફ સામસામે શસ્ત્રો પણ ઉઠાવી લીધા છે. તો હવે પીછેહઠ કેવી રીતે થાય ? એની મૂંઝવણ છે : वीराणां समयः हि, दारुणरसः स्नेहक्रमं बाधते ।= વીરોનો આચાર દારુણ રસથી જ ભરેલો હોય છે; કે જે સ્નેહના ક્રમને બાધક બની જાય છે.

સુમન્ત્ર લવમાં સીતાની પ્રતિકૃતિ જુવે છે; પણ તરત નિરાશ પણ થઈ જાય છે; કેમકે બાળકોનો જન્મ થતાં પૂર્વે જ, રામે તો સીતાનો ત્યાગ કર્યો છે – એ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

વાતનું તેમને સ્મરણ થઈ આવે છે : **શ્લોક–૨૦ :** लतायां पूर्वलूनायां प्रसवस्य उद्भवः कुतः । પહેલેથી કાપી કાઢેલી/ઉખેડી કાઢેલી લતાની ઉપર પુષ્પોદ્ભવ ક્યાંથી થાય ?

स्यन्दनात्–રથમાંથી, अवतरामि–હું નીચે ઉતરું છું. रथिनः पादचारम् न अभियुञ्जन्ति इति, शास्त्रविदः परिभाषन्ते । = રથમાં બેઠેલો 'રથી', જે પગે ચાલીને લઢતો યોદ્ધા હોય તેની સાથે લડતો નથી – એવું શાસ્ત્રકારો કહે છે.

શ્લોક–૨૧ : साहसैकरसां क्रियाम् कथं वा अभिजानातु–એકમાત્ર સાહસથી ભરેલી ક્રિયા (=યુદ્ધ)ને માટે કેવી રીતે અનુમતિ આપી શકાય ?

आर्य–વડીલ, પિતા, (દશરથ) **શ્લોક–૨૨ :** एषः सांग्रामिकः न्यायः – આ સાંગ્રામિક ન્યાય છે. रघुसिंहानाम् इयं वीरचारित्रपद्धतिः–રઘુવંશના સિંહોને માટે વીરોને શોભે એવું ચારિત્ર્ય ઘડવાની આ જ પદ્ધતિ છે.

શ્લોક–૨૫ : अप्रतिष्ठे रघुश्रेष्ठे का प्रतिष्ठा नः कुलस्य । જ્યારે રઘુઓમાં શ્રેષ્ઠ એવા રામ (પુત્રસંતતિથી) પ્રતિષ્ઠિત નથી થયા ત્યારે [સતિ સપ્તમી], અમારા કુળની પ્રતિષ્ઠા થઈ છે એમ કેવી રીતે કહી શકાય ? इति दुःखेन–એવા દુઃખથી, नः अपरे त्रयः पितरः तप्यन्ते–અમારા ત્રણે પિતાઓ (=લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન) દુઃખથી સંતાપ પામી રહ્યા છે.

लवः–हन्त ! मिश्रीकृतः रसक्रमः वर्तते । હાય....(પરસ્પર વિરુદ્ધ એવા) રસોનો ક્રમ મિશ્રિત થઈ ગયો જણાય છે. નાનાભાઈ લક્ષ્મણને ઘરે દીકરો જન્મ્યો હોય અને મોટાભાઈ રામને ઘરે પુત્ર ન હોય–તે વિચારે સૌ દુઃખી છે. તેથી લક્ષ્મણનો દીકરો વિનયી, સંસ્કારી વીર યોદ્ધા બન્યો હોવાનો એક તરફ આનંદ ઉભરાતો હોય, તે જ ઘડીએ રામને ઘરે પુત્ર નથી–એ વિચાર આવતાંની સાથે અફસોસ અને દુઃખની લાગણી ઉભરાય, એ સ્થિતિ જોઈને લવ ઉપરનું વાક્ય બોલે છે.

આ વાક્ય પ્રસંગોચિત છે; પણ જરા વ્યાપક ફલક ઉપર વિચારીએ તો તે કવિ ભવભૂતિ પોતે જ પોતાની જ આ આખી કૃતિની જાણે કે રસમીમાંસા કરે છે. જે ભાવ ત્રીજા અંકના एको रसः करुण एव... શ્લોકથી કહેવાયો છે, તે જ શબ્દાન્તરે અહીં લવ બોલી રહ્યો છે.

વિદ્વાનોએ मिश्रीकृतो रसक्रमः वर्तते । – એ લવની ઉક્તિમાં 'રસ' શબ્દનો પ્રયોગ વાંધાજનક છે એમ કહ્યું છે. કેમકે રસનો અનુભવ તો વિભાવાદિની સામગ્રીથી થવો જોઈએ. અહીં 'રસ' એવા શબ્દનો સીધો જ પ્રયોગ કર્યો છે; તેથી એને "સ્વશબ્દવાચ્યત્વ રૂપ રસદોષ" ગણવામાં આવે છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

બીજી તરફ, લવને એવું પણ લાગે છે કે લવને એક બાજુ ચન્દ્રકેતુ તરફ સ્નેહ થઈ રહ્યો છે, અને બીજી બાજુ ધનુષ્યટંકારનો અવાજ સંભળાતા લવના મનમાં કલહની કામના થઈ આવે છે. **શ્લોક—૨૬** (અન્વયઃ) यथा इन्दौ समुपोढे सति कुमुदिनी आनंदं व्रजति, तथैव अस्मिन् (चन्द्रकेतौ) मम दृष्टिः आनन्दं व्रजति ।

रणत्कारक्रूटक्वणित-गुण-गुञ्जद्-गुरु-धनुर्धृतप्रेमा विकच-विकराल-उल्बण रसः अयं (मे) बाहुः पुनः कलहकामः (भवति) ।.

अजितं पुण्यमुर्जस्वि....**શ્લોક—૨૭** દ્વારા સુમંત્ર ચંદ્રકેતુને આશીર્વાદ આપે છે, જેમાં આદિ વરાહ દેવતા તેનું શ્રેય (કલ્યાણ) કરે એમ કહેવાય છે. ઉત્તરરામચરિતની બીજી કેટલીક હસ્તપ્રતોમાં અને ઘનશ્યામ જેવા ટીકાકારે આ શ્લોકને કાઢી નાંખીને, अहितस्य एव पराजयाय आदिवराहः परिकल्पताम् ॥ એવું ગદ્યવાક્ય મૂક્યું છે. આવું થવાનું કારણ એ છે કે નાટકો રંગભૂમિ ઉપર ભજવતી વખતે ક્યારેક નટ-નટીઓને બહુ શ્લોકો યાદ ન રાખવા પડે, માટે આખા શ્લોકનો વિચાર એક ટૂંકા ગદ્યવાક્યમાં મૂકી દેવામાં આવતો હોય છે. શ્રી જી કે. ભટ અને બીજાઓએ આવા સંક્ષેપીકરણવાળા પાઠને સ્વીકાર્યો છે, તે ઉચિત નથી.

શ્લોક—૨૮ : (આ શ્લોકથી પણ સુમંત્ર ચંદ્રકેતુને આશીર્વાદ આપે છે :) મુખ્ય વાક્ય આ પ્રમાણે છે – राम-लक्ष्मण-धनुर् ज्याघोषमन्त्रः जयम् देयाद् ॥

कृतं कृतम् अत्यादरेण ।–રહેવા દો રહેવા દો, અતિ-આદર બતાવવાથી. (લવને પગે ચાલીને લઢતો જોઈને, ચન્દ્રકેતુ રથમાંથી ઉતરી જાય છે. ત્યારે લવ આ વાક્ય બોલે છે.)

अनभ्यस्तरथचर्याः—અમને આશ્રમવાસીઓને રથમાં બેસીને યુદ્ધ લડવાનો અભ્યાસ નથી. સુમન્ત્ર કહે છે કે જો રામભદ્ર આ લવને આવો વિનયી, સંસ્કારી જુવે તો ચોક્કસ તેની ઉપર ખૂબ વ્હાલ બતાવે.

આ સાંભળીને લવ પણ થોડીક શરમ અનુભવતો હોય તેમ કહે છે કે (જો રામચન્દ્ર મારા તરફ સ્નેહ બતાવે તો) અમે પણ એવા એમના અશ્વમેધ યજ્ઞનો નાશ કરનારા નથી.

શ્લોક—૨૯ : वयम् अपि एवम्प्रायाः क्रतु–प्रतिघातिनः न खलु (स्मः) । અમે પણ એવા પ્રકારના, યજ્ઞનો ધ્વંસ કરનારા ખરેખર નથી. इह च कः जनः गुणैः तं राजानं न बहु मन्यते । तदपि तुरङ्गमरक्षिणां स व्याहारःअखिलक्षत्रा-क्षेपप्रचण्डतया मे विकृतिम् अकरोत् ॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ચન્દ્રકેતુ પૂછે છે કે જો લવ યજ્ઞનો વિધ્વંસક ના હોય તો પછી તાત=રામચંદ્રના પણ પ્રતાપને વિશે તેને શું કામ અમર્ષ=અસહિષ્ણુતા છે ? किं नु भवतः तातप्रतापोत्कर्षे अपि अमर्षः । આના ઉત્તરમાં લવ એક બહુ સરસ પ્રશ્ન કરે છે : राजानं राघवं दान्तं शृणुमः । અમે તો રાજા રામને એક દાન્ત=ઇંન્દ્રિયવિજેતા, દમનશીલ વ્યક્તિ તરીકે ઓળખીએ છીએ. स किल न आत्मना दृप्यति, न अस्य प्रजा वा दृप्ता जायन्ते । સાંભળ્યું છે કે તે રાજા પોતે દર્પ કરતા નથી, કે એમની પ્રજા પણ દર્પિલી પાકતી નથી. તો પછી – तत् किं तस्य मनुष्याः राक्षसीं वाचम् उदीरयन्ति । તો એ રાજાના માણસો (=અશ્વમેધ યજ્ઞનો ઘોડો સાચવવા જે સૈનિકો સાથે આવ્યા છે તે લોકો) આવી રાક્ષસી-વાણીને કેમ બોલે છે; ઉચ્ચારે છે ?

પ્રોફે. પી. સી. દવેસાહેબ કહે છે કે કવિ ભવભૂતિએ આ નાટકમાં બે પ્રકારની વાણીની વાત કરી છે : ૧. સૂનૃતા વાક્, સાત્ત્વિક ગુણથી ભરેલી વાણી; અને ૨. અનૃતાવાક્ અસત્યથી, નિંદાથી ભરેલી વાણી; તથા દર્પિલી વાણી. આવી નિંદાખોરી ભરેલી વાણી વાપરીને અયોધ્યાવાસીઓએ સીતાનો રામે ત્યાગ કરવો પડે તેવી સ્થિતિ ઊભી કરી; અને ચંદ્રકેતુના સૈનિકોએ દર્પિલી વાણી વાપરીને – "અમે એકલા જ ક્ષત્રિયો છીએ" એવી વાણી વાપરીને – આશ્રમવાસી લવને ઉશ્કેર્યો; કે જેથી પરસ્પર પ્રેમાકર્ષણ અનુભવતા હતા છતાં તે લવ અને ચન્દ્રકેતુ એ બન્ને લઢી પડ્યા છે.

બીજી તરફ, વાલ્મીકિ, અરુન્ધતી અને ભગવતી પૃથિવી તથા ગંગાદેવીની સૂનૃતાવાક્ થી રામ-સીતાનું જીવન મંગલમય, કલ્યાણમય બનતું જાય છે. ભવભૂતિને આવી સુનૃતાવાક્માં 'શ્રદ્ધા' છે; તેથી નાટક સુખાંત તરફ આગળ વધે છે.

શ્લોક–૩૦ : उन्मत्त–दृप्तयोः वाचम् राक्षसीम् आहुः ऋषयः । सा (वाक्) सर्ववैराणां योनिः (=जन्मदात्री) भवति; सा हि लोकस्य निर्ऋतिः ।

ઋષિઓએ ઉન્મત્ત અને દર્પિલા માણસોની વાણીને "રાક્ષસી વાણી" કહી છે. આવી વાણી બધા વૈરોને જન્મ આપનારી હોય છે; અને તે બધા જ લોકની નિર્ઋતિ=નરક, અથવા મરણનું કારણ હોય છે, (બને છે).

સૂનૃતા વાક્ કેવી હોય છે ? તેનું વર્ણન [illegible] **શ્લોક–૩૧** છે :

या (वाणी) कामान् दुग्धे–જે વાણી બધી કામનાઓને દોહી આપે છે; या अलक्ष्मीम् विप्रकर्षति–જે વાણી અલક્ષ્મીને દૂર ખેંચી કાઢે છે; या कीर्तिं सूते–જે કીર્તિને પ્રસવે છે; या दुष्कृतं हिनस्ति–જે દુષ્કૃત્યોને હણી કાઢે છે; ताम् एताम् मङ्गलानां मातरं सूनृतां (=सत्यप्रियाम्) वाचं च धीराः धेनुम् अपि आहुः । અર્થાત્

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

તે આ મંગલોની માતા સમી સૂનૃતા (અર્થાત્ સત્ય જ જેને પ્રિય છે તેવી) વાણીને ધીરોએ (કામ)ધેનુ પણ કહી છે.

સુમન્ત્રને લાગે છે કે આ પ્રાચેતસનો અંતેવાસી શિષ્ય એકદમ સંસ્કારી વાણીને બોલે છે.

લવને પ્રશ્ન થાય છે કે – શું ક્ષત્રિયતા કોઈ એક (રામ)માં જ સમાઈ જાય છે? એમના પૂરતી સીમિત થઈ ગઈ છે? किं व्यवस्थितविषय क्षात्रधर्मः इति ।

ચંદ્રકેતુને મન પોતાના મોટા કાકા રામે જે પરશુરામને (કે જેમણે ૨૧ વખત પૃથિવીને 'નક્ષત્રિય' કરી હતી) હરાવ્યા હતા, તે વાત મોટી હતી. તેથી કહે છે કે जामदग्न्यस्य दमने न हि निर्बन्धम् अर्हसि । પરશુરામનું દમન કરનારને માટે બે મત હોઈ શકે જ નહીં.

कृतम् उत्तरोत्तरेण – બસ, બહુ થયું જીભાજોડીથી = ઉત્તર-પ્રત્યુત્તરથી અટકો. पुण्यानि तातचरितानि अपि यः न वेद – પુણ્યજનક એવાં તાતચરિત = રામચરિતોને જે જાણતો નથી, તે લવને તો કોऽપિ नवः पुरुषावतारः = કોઈક અવર્ણનીય એવો નવો પુરુષવતાર જ કહેવો પડે. **(શ્લોક ૩૪)** લવ કહે છે કે रघुपतेः चरितं को न जानाति । રામનાં ચરિતોને કોણ નહીં જાણતું હોય ?

શ્લોક – ૩૫ : અન્વયઃ ते वृद्धाः, विचारणीयचरिताः न (सन्ति) । ते तथैव तिष्ठन्तु । किं वर्ण्यते । सुन्दस्त्रीमथने अपि अकुण्ठयशसः ते लोके महान्तो हि । खरायोधने यानि त्रीणि अपराङ्मुखानि पदानि आसन्; वा (अथवा) इन्द्रसूनुनिधने यत् कौशलं तत्र अपि जनः अभिज्ञः ।

લવ અને કુશે વાલ્મીકિ પાસે આખું રામાયણ શીખી લીધું હતું; પણ એક ક્ષત્રિયબાળક તરીકે એમણે અંગત રીતે એમાંથી રામચરિતના જે ક્ષતિપૂર્ણ સ્થાનો હતાં, તેને જુદાં તારવીને પોતાની બુદ્ધિમાં સ્થિર કરી રાખ્યાં હશે.

(૧) 'સુન્દ' નામના રાક્ષસની સ્ત્રી, અર્થાત્ તાટકાને મારી, છતાંય રામનો યશ ઘટ્યો નહીં.

(૨) ખર, દૂષણની જોડેના યુદ્ધમાં રામે પીઠ બતાવ્યા વિના, ત્રણ ડગલાં પાછાં ભર્યાં હતાં. આવી સામી છાતીએ કરેલી પીછેહઠ પણ લવને મન શરમજનક ગણાય.

(૩) ઇન્દ્રસૂનુ = વાલીની હત્યા કરવા માટે પણ રામે જે સંતાઈને બાણ માર્યું હતું – તેની પણ આખી દુનિયાને ખબર છે.

દીકરાઓ પણ જાણે-અજાણે પોતાના પિતાની ખામીઓ, નિર્બળતા પકડી

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પાડતા હોય છે; અને पुत्रात् शिष्यात् इच्छेत् पराजयम् । એ ઉક્તિ પણ ચરિતાર્થ થતી જોઈને રામને–પિતાને-પણ આનંદ જ થાય. એટલે કે આ સ્પર્ધાનો વિષય નથી હોતો, બલ્કે સંતોષનો, ઉત્કર્ષનો જ વિષય હોય છે.

શ્લોક–૩૬ : સુમન્ત્ર લવ અને ચન્દ્રકેતુને પરસ્પર ક્રોધ કરતા જોઈને, તેમનું વર્ણન કરે છે :

आकूतजः वेपथुः चूडामण्डलबन्धनं तरलयति । कोकनदच्छदस्य किंचित् सदृशे नेत्रे स्वयं रज्यतः । वक्त्रम् अकाण्डताण्डवितयोः भ्रुवोः भङ्गेन उद्भटलाञ्छनस्य चन्द्रस्य उद्भ्रान्तभृङ्गस्य कमलस्य च कान्तिं धत्ते ॥

આકૂતઃ ઈચ્છા, वेपथुः – ધ્રુજારી, कोकनद = લાલ કમળ.

विमर्दक्षमां भूमिम् अवतरावः – યુદ્ધ કરવાને યોગ્ય એવી ભૂમિ ઉપર ઉતરીએ. અહીં "કુમાર-વિક્રમ" નામનો પાંચમો અંક પૂરો થયો.

આ અંકનો કાર્યવેગ મુખ્યત્વે દ્વિવિધ જણાય છે : (૧) લવે જૃમ્ભકાસ્ત્રોનો પ્રકટ ઉપયોગ કરીને, ચંદ્રકેતુના સૈન્યને સ્તંભિત કરી દીધું છે. તેથી આ અસ્ત્રોનો આગમ રામ થકી જ શક્ય છે; અને એવું હોય તો આ "વાલ્મીકિના અન્તેવાસી" રૂપે ઓળખાતાં બાળકો એ કેવળ 'સીતાપુત્રો' ન રહેતાં; 'રામપુત્રો' જ છે – એવી એમની "પૈતૃક ઓળખ" સ્પષ્ટ થતી જાય છે. મૂળ વાલ્મીકીય રામાયણમાં "રામે ત્યજેલી સીતાના પુત્રો" તરીકે લવ-કુશની "પૈતૃક" ઓળખની સમસ્યા ભવભૂતિએ અપૂર્વ કલ્પનાથી અહીં દૂર કરી દીધી છે. (૨) લવ અને ચન્દ્રકેતુ પરસ્પરને મળીને જે પ્રેમાકર્ષણ અનુભવે છે અને તેઓ આવું કેમ અનુભવી રહ્યા છે ? એનો એમને જવાબ મળતો નથી – તે કૌતુક–રહસ્ય અકબંધ રહે છે, તેથી આગળ ઉપર થનારું અભિજ્ઞાન વધુ તેજસ્વી બનાવવા માટેની ભૂમિકા અહીં રચાય છે. કવિએ આ બે રાજકુમારોની આંતરિક–બલ્કે કૌટુમ્બિક આંતરિક એકતા–પ્રકટ કરવા જે એક જ શ્લોક, એકમેકને ઉદ્દેશીને તેઓ બોલે છે – એવી કલાત્મક રીતે રજૂઆત કરી છે તે સ્પૃહણીય છે. આ મુદ્દો પણ સમગ્ર નાટકની દૃષ્ટિએ, રામ કુમારોની પુનઃપ્રાપ્તિ = પુનર્જીવન દર્શાવવાની દિશામાં એક ડગલું આગળ વધારે છે.

० ० ०

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અંક – ૬

'કુમાર-પ્રત્યભિજ્ઞાન' નામના આ છઠ્ઠા અંકમાં આરંભે એક 'મિશ્ર વિષ્કંભક' આવેલો છે. આમાં દેવસૃષ્ટિના 'વિદ્યાધર' અને 'વિદ્યાધરી' દંપતીનો સંવાદ મૂકવામાં આવેલ છે. તે બે જણ આકાશચારી છે; અને નીચે પૃથિવીલોકમાં લવ અને ચંદ્રકેતુ વચ્ચે ચાલતા યુદ્ધનું તેઓ બે જણ વર્ણન કરે છે.

સામાન્ય રીતે વિષ્કંભકમાં અમુક અમુક દૃશ્યો, કે જે રંગભૂમિ ઉપર ભજવી શકાય એવાં હોતાં નથી, તેનો ઉલ્લેખ-કરી દેવામાં આવતો હોય છે. જેમકે, दूराह्वानं वधो युद्धं राज्यदेशादिविप्लवः । દૂરથી કોઈને બોલાવવો, કોઈનો વધ, યુદ્ધપ્રસંગ અને કોઈ રાજ્યમાં કે દેશમાં ક્રાન્તિ સર્જાય, હુલ્લડ થાય તો તેવાં દૃશ્યો રંગભૂમિ ઉપર ભજવી શકાતાં નથી, એવો કથાંશ "સૂચ્ય" (સૂચવવા યોગ્ય) ગણાય છે.

विकर्तनकुल=સૂર્યવંશ, ભવભૂતિએ જેમ બીજા અંકમાં શમ્બૂકની ઉક્તિઓમાં દીર્ઘસમાસ પ્રચૂર સંવાદો અને શ્લોકો મૂકીને 'ગૌડી રીતિ'નું પ્રદર્શન કર્યું છે, તેમ અહીં વિદ્યાધર અને વિદ્યાધરીની ઉક્તિઓમાં પણ ગૌડીરીતિનું અવલંબન કર્યું છે. (સંભવ છે કે ભવભૂતિ જે નાટ્યમંડળીના પરિચયમાં હશે, તેમાં અમુક અમુક નટોને આવા સમાસપ્રચૂર દીર્ઘ સંવાદો બોલવાની ફાવટ હશે; અને તેમાં તેમણે નૈપુણ્ય મેળવ્યું હશે. જે, તે જમાનાના પ્રેક્ષકોને આકર્ષી શકતા હશે.)

त्वाष्ट्रयन्त्रम्–વિશ્વકર્માનું શાણ યન્ત્ર, त्वष्टृ=છોલનારો, સુથાર, અર્થાત્ 'વિશ્વકર્મા'.

લવ અને ચંદ્રકેતુ યુદ્ધ દરમ્યાન સામસામે આગ્નેયાસ્ત્ર, વારુણાસ્ત્ર, વાયવ્યાસ્ત્રનો વારાફરતી પ્રયોગ કરે છે. તેનું અહીં વર્ણન છે. ચંદ્રકેતુના આગ્નેયાસ્ત્રથી બધે અગ્નિજ્વાળાઓ પ્રકટે છે, તેને શમાવવા લવે વારુણાસ્ત્ર વાપર્યું; અને બધે જલવર્ષા કરી. આથી વાદળોને વેરવિખેર કરી દેવા ચંદ્રકેતુએ વાયવ્ય (= વાયુનું) અસ્ત્ર વાપર્યું ! આ બધાં કેવળ વર્ણનો છે, તેનું કેવળ શાબ્દિક નિરૂપણ થાય છે, અને એટલામાં એ લડી રહેલાં બે કુમારોની વચ્ચે, રામ પોતાનું પુષ્પક વિમાન નીચે ઉતારે છે !

અહીં વિદ્યાધર અને વિદ્યાધરી દ્વારા કરવામાં આવતાં યુદ્ધવર્ણનમાં, પ્રાસંગિક રીતે કવિએ 'પ્રેમ'નું સ્વરૂપ વર્ણન કરતાં એક સુન્દર ચિરસ્મરણીય શ્લોક મૂક્યો છે : **શ્લોક (૬–૫)**

न किंचिद् अपि कुर्वाणः, सौख्यैः दुःखानि अपोहति । કંઈ જ ન કર્યું હોય તો પણ, કેવળ પોતાનાં સુખો (સામાને આપવા) વડે જ દુઃખોને દૂર કરવામાં આવે છે. (જ્યાં સાચો પ્રેમ હોય ત્યાં આવું જોવા મળે છે.)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પ્રેમ એ શી ચીજ છે ? તો કવિ કહે છે કે —तत् तस्य किमपि द्रव्यं यो हि यस्य प्रियो जनः । કેમકે (हि) જેને જે વ્યક્તિ પ્રિય હોય છે તેનું તે કંઈક અવર્ણનીય કહેવાય એવું દ્રવ્ય હોય છે. (અર્થાત્ પ્રેમ પોતે જ મહા દ્રવ્ય છે, અથવા પ્રેમનું દ્રવ્યમાં મૂલ્ય આંકી શકાતું નથી !)

કવિ ભવભૂતિએ આ **શ્લોક ૨–૧૯**માં પણ મૂક્યો છે. ત્યાં રામે સીતાનો જે પ્રેમ મેળવ્યો હતો, તેનું નિરૂપણ કરવા એ શ્લોક મૂકાયો છે. અહીં આ છઠ્ઠા અંકમાં એક પતિ તરીકે વિદ્યાધરે પોતાની પત્ની વિદ્યાધરીને જે પ્રેમ આપ્યો છે, તેનું નિરૂપણ કરતો હોય તે રીતે આ શ્લોક મૂક્યો છે. અલબત્ત, આ શ્લોકની પહેલી પંક્તિ, આ છઠ્ઠા અંકના પ્રસંગમાં, ચરિતાર્થ થતી હોઈને, અહીં વધુ સુસંગત લાગે છે. (એથી કેટલીક હસ્તપ્રતોમાં આ શ્લોક કેવળ છઠ્ઠા અંકના પ્રસ્તુત સંદર્ભમાં જ મૂકાયો છે; તે હસ્તપ્રતમાં બીજા અંકમાં આ શ્લોક નથી.)

o o o

શમ્બૂક-વધ કરીને પંચવટીમાંથી અયોધ્યા તરફ પાછા ફરી રહેલા રામ રસ્તામાં જ, વિમાનમાં બેઠા બેઠા લવ અને ચન્દ્રકેતુનું યુદ્ધ જોઈને નીચે ઉતરે છે. અહીંથી છઠ્ઠા અંકની શરૂઆત થાય છે.

દૃશ્ય : ૧

શ્લોક – ૮ हे दिनकरकुलचन्द्र चन्द्रकेतो ! સૂર્યવંશના ચંદ્ર સમા હે ચંદ્રકેતુ ! (त्वं) सरभसम् एहि ! તું ઉતાવળે અહીં આવ, અને (माम्) दृढं परिष्वजस्व । મને ગાઢ આલિંગન આપ. तुहिनशकलशीतलैः – ચંદ્રના ટૂકડા જેવા શીતળ, तव अङ्गैः તારાં અંગોથી, मम अपि चित्तदाहः शमम् उपयातु । 'મારો પણ ચિત્તદાહ શમી જાય.'

હવે આ અંકમાં, રામનો લવ-કુશની સાથે સમાગમ બતાવવાનો છે; અને એ દ્વારા રામના મનમાં, "આ બે બાળકો મારા જ હશે એવી દહેશત જન્માવવાની છે. જેવી રીતે ત્રીજા અંકમાં મરી ગયેલી માની લીધેલી સીતા કદાચ અહીં-તહીં ક્યાંક છે, પોતાને સ્પર્શ કરે છે, પણ તે પ્રકટ થતી નથી અને માટે તે હજુ જીવતી હોઈ શકે – એવી આશંકા—એવો ભ્રમ પેદા કર્યો છે તેમ આ છઠ્ઠા અંકમાં, કવિએ રામના મનમાં પોતાના પુત્રોને જ પોતે જોઈ રહ્યા છે, મળી રહ્યા છે; અને તે સીતાના જ છે એની **ક્રમશઃ** ખાતરી કરાવવાનો કવિએ ઉપક્રમ રચ્યો છે. છઠ્ઠા અંકનો આ મુખ્ય કાર્યવેગ છે.

ચન્દ્રકેતુ લવની એક "મહાવીરપ્રકાંડ" તરીકે ઓળખ આપે છે. રામને પણ લવને જોયા પછી લાગે છે કે આ સાક્ષાત્ કોઈ અસ્ત્રવેદ હોય એવો છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

શ્લોક—૯ : लोकान् त्रातुं परिणतः कायवान् अस्त्रवेद इव; ब्रह्मकोशस्य गुप्त्यै तनुं श्रितः क्षात्रः धर्मः इव, सामर्थ्यानां समुदय इव, गुणानां सञ्चयः वा, जगत् पुण्यनिर्माणराशिः आविर्भूय स्थित इव अयं वयस्यः वत्सस्य (दृश्यते) ॥

રામને લવ જાણે કે સાક્ષાત્ ક્ષાત્રધર્મ હોય, પુણ્યનો રાશિ હોય કે સામર્થ્યોનો સમુદાય હોય એવો લાગે છે.

બીજી તરફ, લવને પણ રામનું પ્રથમ વાર જ દર્શન થતાં અનેક અદ્ભુત અનુભવો થવા લાગે છે. જેનું વર્ણન શ્લોક ૧૧માં છે.

विरोधः विश्रान्तः — લવ અને ચન્દ્રકેતુ વચ્ચે જે યુદ્ધ ઊભું થયું હતું, પરસ્પર વિરોધ થયો હતો, તે એકદમ જ મનમાંથી શમી ગયો !

અરે ! औद्धत्यं क्वापि व्रजति । ઉદ્ધતપણું પણ જે મનમાં પેઠું હતું, તે પણ ક્યાંય ચાલ્યું ગયું ! अस्मिन् (रामे) दृष्टे (सति) किमपि परवान् अस्मि । આ રામને જોતાંની સાથે જ હું (લવ) કંઈક અવર્ણનીય રીતે પરવશ થઈ ગયો હોઉં તેમ લાગે છે !

રામને પણ કોઈ અપૂર્વ સ્નેહની લાગણી જન્મી રહી છે. આવું શા કારણે/નિમિત્તે થતું હશે ? એવા વિચારે તે ચઢે છે. પણ તરત જ એમનું મન ઉત્તર આપે છે કે — स्नेहश्च निमित्तसव्यपेक्षश्च इति विप्रतिषिद्धम् एतत् । એક તરફ સ્નેહનો અનુભવ, અને બીજી તરફ શું એના નિમિત્તની શોધ કરવી તે ઉચિત છે ? જરીકેય નહીં. સાચા સ્નેહને કોઈ પણ નિમિત્તની જરૂર હોતી જ નથી. અકારણ જે સ્નેહ જન્મતો હોય, તેને જ સાચો સ્નેહ કહેવાય. (રૂપ, પૈસા, કીર્તિ, સત્તા ઈત્યાદિ પ્રલોભનો રૂપી નિમિત્તોથી થતાં આકર્ષણોને "સ્નેહ" એવું નામ ન આપી શકાય.)

કવિ ભવભૂતિએ જેમ ૨—૧૯ અને ૫—૫માં એક 'સ્નેહ'ની વ્યાખ્યા આપી છે, તેવી બીજી એક ચિરસ્મરણીય કહેવાય એવી 'સ્નેહ'ની વ્યાખ્યા આપતો શ્લોક અહીં છઠ્ઠા અંકમાં પણ આપ્યો છે. **શ્લોક—૧૨.** आन्तरः कोऽपि हेतुः पदार्थान् व्यतिषजति । प्रीतयः बहिर् उपाधीन् न संश्रयन्ते खलु ।

કોઈક અવર્ણનીય આંતરિક હેતુ થકી જ બે જુદા પદાર્થો સીવાઈ જતા હોય છે. પ્રીતિ એ કોઈ દિવસ બહારની ઉપાધિઓ = નિમિત્તો ઉપર આધાર રાખતી જ નથી. હવે, દૃષ્ટાંત અલંકારથી કવિ પોતાની વાતનું સમર્થન કરે છે : (૧) पतङ्गस्य उदये पुण्डरीकं विकसति । પતંગ = સૂર્યનો ઉદય થતાં કમળ વિકસે છે. (૨) हिमरश्मौ उद्गते चन्द्रकान्तः द्रवति । ચન્દ્રમાનો ઉદય થતાં "ચન્દ્રકાન્ત" નામનો મણિ (પાણી) દ્રવે છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અહીં દૃષ્ટાન્તમાં જે બે પદાર્થો—સૂર્ય અને કમળ છે—તે પરસ્પરથી ઘણા દૂર રહેલા છે; પણ એમના વચ્ચે રહેલો કોઈક આંતરિક હેતુ જ—ગતજન્મના સંસ્કાર જ—તે બન્નેને એકબીજા જોડે સાંધી દે છે. એ જ પ્રમાણે ચન્દ્ર અને ચન્દ્રકાંત મણિ એ બે જુદા પદાર્થો, એક આકાશમાં હોય છે અને બીજો પૃથિવી ઉપર, તોય એકબીજા આંતરિક રીતે સ્નેહતંતુથી એવા સીવાયેલા હોય છે કે પથ્થરનો બનેલો ચન્દ્રકાન્ત મણિ પણ ચન્દ્રકિરણો એની ઉપર પડવાથી દ્રવી ઊઠે છે !—એમ રામ લવને જોઈને સ્નેહતન્તુથી એક ક્ષણમાં જ પરસ્પર બંધાઈ જાય છે.

व्यपदेशभागिनः—એવા (તાતપાદ) નામના વ્યવહારને યોગ્ય બનેલા. પણ લવને તો એ વાતની ખબર છે કે દશરથને ચાર પુત્રો હતા, તેથી ચંદ્રકેતુ એમાંના કોને માટે 'તાતપાદ' શબ્દ વાપરી રહ્યો છે ? તે પ્રશ્ન છે. તેથી તે પ્રશ્ન કરે છે. એના જવાબમાં રામની ઓળખ આપતાં કહે છે કે—ननु ज्येष्ठतातपादाः इति अवेहि—અરે ! આ તો સૌથી મોટા પિતા (રઘુનાથ શ્રી રામચંદ્ર) છે એમ તું જાણ. રામ :— अपरिश्लथं परिष्वजस्व माम्—મને દઢપણે, ગાઢ રીતે આલિંગન આપ.

શ્લોક—૧૩ : (રામ લવના આલિંગનને વર્ણવતાં આ શ્લોક બોલે છે :) तव चन्द्रचन्दननिष्यन्दजडः स्पर्शः नन्दयति । ચંદ્ર અને ચંદનના નીચોવેલા રસ જેવો શીતળ તારો સ્પર્શ આનંદ પહોંચાડે છે.

લવ વિચારે છે કે આ રામ મને અકારણ સ્નેહ કરી રહ્યા છે; પણ મેં अभिद्रुग्धम् अज्ञेन—મેં અજ્ઞાનીએ દ્રોહ બતાવ્યો, અને आयुधपरिग्रहं यावद् अध्यारूढः दुर्योगः । આયુધ હાથમાં લેવા પડે ત્યાં સુધીનો દુર્યોગ આવી ચઢ્યો. तातप्रतापाविष्करणम्—પિતાનાં પ્રતાપી કર્મો, उपश्रुत्य—સાંભળીને, अनेन वीरायितम् વીર જેવું વર્તન કરી નાંખ્યું.

રામ—તેની પ્રશંસા કરતાં કહે છે કે—ननु क्षत्रस्य अयम् अलङ्कारः । આ તો ક્ષત્રિયને માટે અલંકાર સમાન કહેવાય.

શ્લોક—૧૪ : तेजस्वी अपरेषाम् प्रसृतम् तेजः न विषहते । જે તેજસ્વી વ્યક્તિ હોય છે તે બીજાઓનાં પ્રસરેલાં તેજને સહી શકતા નથી. (આવું થવું સ્વાભાવિક છે.) अकृतकः स्वो भावः—આ તો કૃત્રિમ નહીં તેવો, અર્થાત્ કુદરતી સ્વભાવ જ છે. રામ છેલ્લા બે ચરણમાં અર્થાલંકારનો ઉપયોગ કરીને કહે છે : यदि देवः दिनकरः मयूखैः अश्रान्तं तपति—જો (એક તરફ) દેવ દિનકર=સૂર્ય પોતાનાં કિરણોથી થાક્યા વિના તપતા હોય તો, (બીજી તરફ) आग्नेयः ग्रावा निकृत इव किम् तेजांसि न वमति । આગ્નેયગ્રાવા = સૂર્યકાન્ત મણિ જાણે કે તિરસ્કૃત થયા હોય તેમ શું આગ = તેજ કિરણો ફેંકતા નથી ?

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ચન્દ્રકેતુ એ વાત તરફ ધ્યાન દોરે છે કે જુવો આણે જે જૃમ્ભકાસ્ત્રો વાપર્યાં છે તે. प्रियवयस्यनियुक्तजृम्भकास्त्रनिष्कम्पस्तम्भितानि सर्वतः सैन्यानि । પ્રિયવયસ્ય (લવે) વાપરેલાં જૃમ્ભકાસ્ત્રોથી કંપન વિનાનું સ્થગિત થઈ ગયેલું ચારે તરફ સૈન્ય પડ્યું છે તે જુવો. રામ તરત જ લવને કહે છે કે वत्स लव ! संह्रियताम् अस्त्रम्। દીકરા વત્સ, અસ્ત્રને પાછું ખેંચી લે. प्रणिधानं नाटयति જૃમ્ભકાસ્ત્ર પાછું ખેંચી લેવા ધ્યાન ધરતો હોય તેવો અભિનય કરે છે.

શ્લોક–૧૫ : રામ જૃમ્ભકાસ્ત્રોની ઉત્પત્તિ વર્ણવતો શ્લોક બોલે છે. આ શ્લોક પ્રથમ અંકમાં પણ ૧૫મા શ્લોક તરીકે આવી ગયેલો છે.

રામ પોતાને કઈ ગુરુ-પરંપરામાંથી આ જૃમ્ભકાસ્ત્રો મળ્યાં હતાં એનું વૃત્તાન્ત કહીને લવને તે કેવી રીતે મળ્યું ? એવો પ્રશ્ન કરે છે. — આમ અહીંથી લવ-કુશના અભિજ્ઞાનની યાત્રા શરૂ થાય છે. રામે તો સીતાનો ત્યાગ કર્યા પછી એના પુત્રોની સંભાવના જ છોડી દીધી હતી, તે પૂરેપૂરા હતાશ થઈ ગયા હતા.

એ સંદર્ભમાં છઠ્ઠા અંકનું કાર્ય દ્વિમુખી જણાય છે : (૧) રામ સીતાને 'નિયતં વિલુપ્તા' માનતા હતા, તેને બદલે તે કદાચ જીવતી હશે અને એણે પુત્રોને જન્મ આપ્યો હશે એવી સંભાવના એમના મનમાં ઝબકે છે, તથા (૨) આ બે સંતાનો તે કેવળ 'સીતાપુત્રો' જ નથી, પણ જૃમ્ભકાસ્ત્રોનો સંપ્રદાય જોતાં, તે બન્ને બાળકો "રામપુત્રો" જ છે — એવી તેમની "પૈતૃક" ઓળખ પણ ઉઘાડી પડે છે. કવિએ આ સંદર્ભમાં, **ક્રમશઃ ૭ પ્રમાણો** રજૂ કર્યાં છે.

લવ કહે છે કે — અમને બેને તો આ જૃમ્ભકાસ્ત્રો સ્વતઃપ્રકાશિત થયાં છે. તે સાંભળીને રામનું મન બીજી તરફ ફંટાય છે. "અમને બેને" એમ દ્વિવચન કેમ વાપર્યું ? તો હવે રામને જાણવા મળે છે કે લવને એક બીજો મોટોભાઈ 'કુશ' છે; અને તે બન્ને જોડકાં ભાઈઓ છે.

શ્લોક–૧૬ : आयोधनम्—युद्ध, किम् आत्थ—(તું) શું કહે છે ? 'તથા' इति "આમ" એમ ? ભવભૂતિ નાટકમાં શ્લોકો—પદ્ય વધુ મૂકે છે એવો તેમના માથે અપવાદ મૂકવામાં આવે છે, પણ તેમના શ્લોકમાંય સંવાદતત્ત્વ હોય છે એ વાત કોઈ તારવીને બતાવતું નથી.

શ્લોક–૧૭ : अथ कः अयं ध्वनिना एव माम् बद्धपुलकं करोति । એ મુખ્ય વાક્ય છે. રામના રુંવાડાય ઊભા થઈ જાય છે, તેઓ જ્યારે કુશનો અવાજ સાંભળે છે ત્યારે.

धनुः आस्फालयन् — ધનુષ્યટંકાર કરતો કુશ પ્રવેશ કરે છે. **શ્લોક–૧૮** કુશ કહે છે કે જો આજે સૂર્યવંશી રાજાઓ જોડે યુદ્ધ થઈ જાય તો મારું આ ધનુષ્ય

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ધન્ય ધન્ય....થઈ જાય. यदि आदित्यैः नृपतिभिः मम विग्रहः (भवेत् तर्हि) मम एतत् धनुः धन्यम् (स्यात्) । नीराजित–ज्यम् (धनुः) જેની નીરાજના = આરતી ઉતારવામાં આવી છે, તેવું ધનુષ્ય. क्षत्रियपोतके– क्षत्रिय બાળકમાં, **શ્લોક–૧૯ :** રામને તો કુશને જોઈને એવું જ લાગે છે કે वीरः रसः उत दर्प एव अयम् एति। શું સાક્ષાત્ વીરરસ કે પછી દર્પ પોતે જ આ આવી રહ્યો છે ?

स च स्निह्यति आवयोः । તે (રામ) આપણા બેની ઉપર (= લવ અને કુશની ઉપર) સ્નેહ રાખે છે. અહીં आवयोः તે સપ્તમી દ્વિવચન છે. જેની ઉપર સ્નેહ કરવાનો હોય, તેને સપ્તમી વિભક્તિમાં મૂકવામાં આવે છે. રામ કેવા ? તો ब्रह्मकोशस्य गोपायिता । વેદ રૂપ નિધિના (અથવા બ્રહ્માંડના) સંરક્ષક એવા રામ.

કુશ વિચાર કરે છે કે આમની પાસે કેવી રીતે જવું ? कथम् अस्माभिः उपगन्तव्यः વડીલ અને અજાણ્યા એવા વ્યક્તિ પાસે કેવી રીતે ઉપસ્થિત થવું. તે હું न सम्प्रधारयामि – નક્કી કરી શકતો નથી.

और्मिलेयः–ઉર્મિલાનો પુત્ર ચન્દ્રકેતુ सम्प्रति अवचनीयः राजन्येऽपि प्रश्रयः । હાલમાં ક્ષત્રિયના પ્રત્યે બતાવેલો પ્રશ્રય (= નમ્રતા) તે વચનીય = નિંદનીય નહીં બને.

કુશ રામને જોઈને વિચારે છે કે શું સુન્દર, પ્રાસાદિક રૂપ રામનું છે ?= **શ્લોક–૨૦** अहो प्रासादिकं रूपं अनुभावः च पावनः – એમની હાજરી પણ પવિત્ર કરનારી છે. रामायणकविः स्थाने देवीं वाचम् व्यवीवृतत् । = રામાયણ લખનારા કવિ (વાલ્મીકિ)એ યોગ્ય જગ્યાએ જ દૈવી વાણીને વિવૃત કરી છે.

શ્લોક–૨૨ : રામ કુશને આલિંગન આપતી વખતે આ મારું જ સંતાન હશે કે શું ? એવો ભાવ અનુભવતાં આ શ્લોક બોલે છે.

અન્વય : अङ्गात् अङ्गात् सृतः निजस्नेहः देहसार इव, चेतनाधातुः एव प्रादुर्भूय बहिः स्थित इव, सान्द्रानन्दक्षुभितहृदयप्रस्नवेन सृष्ट इव ॥ यत् (अयं) श्लेषे गात्रम् अमृतरसस्रोतसा सिञ्चति इव ॥

રામને પોતાના જ અંગે અંગમાંથી ટપકેલો, પોતાના સ્નેહમાંથી જન્મેલ દેહધાતુના સાર રૂપે પ્રકટેલો હોય, તેવો ચૈતન્યનો પુંજ હોય તેવો કુશ લાગે છે.

કવિ ભવભૂતિએ ઉપરનો શ્લોક લખતી વખતે નીચેના શ્રુતિવચનનો આધાર લીધો હોય તેમ લાગે છે :–

अङ्गाद् अङ्गात् सम्भवसि हृदयाद् अधिजायते । आत्मा वै पुत्रनामासि स जीव शरदः शतम् ॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

"પિતા જ પુત્ર રૂપે જન્મે છે"– એ શ્રુતિ જો સાચી હોય તો રામને થતો અનુભવ કોઈ પણ સમયે કોઈપણ પિતાને થતા અનુભવ જેવો જ છે.

લલાટંતપઃ=સૂર્ય (લલાટને તપાવી દેનાર), ઘર્માંશુઃ=ગરમ કિરણવાળો સૂર્ય.

શ્લોક–૨૩માં રામ જુવે છે કે આ લવ-કુશનું બોલવું, ચાલવું, બેસવું, ઊભા રહેવું – એ બધું સામ્રાજ્યને કહેનારું છે. અર્થાત્ આ ઋષિકુમારો નથી, પણ રાજકુમારો જ છે – એમ સૂચવે છે. – આ બીજું પ્રમાણ છે. ત્રીજે તબક્કે, રામ બોલે છે કે भूयिष्ठां च रघुकुमारच्छायाम् अनयोः पश्यामि ।–આ બે (કુશ-લવ)માં મને તેઓ "રઘુકુમારો=રઘુવંશમાં જન્મેલા રાજકુમારો હોય" તેવી છાપ ધરાવે છે એમ દેખાય છે. શરીરનો ઘાટ અને તેની કાંતિ થકી રામને એવી પ્રતીતિ થવા લાગે છે કે તે બન્ને પોતાનાં જ સંતાનો હશે. રઘુકુમાર તરીકેની દેહયષ્ટિ કેવી હોય ? એનું ચિત્ર આપતાં રામ **શ્લોક–૨૫** બોલે છે, જેમાં ત્રણ વાતનું વર્ણન છે : (૧) એમના શરીરનો રંગ અને આકાર, (૨) એમની જોવાની દૃષ્ટિ અને (૩) એમનો અવાજ. (અન્વયઃ)

(१) कठोरपारावतकण्ठमेचकं, वृषस्कन्धसुबन्धुरांसुकं वपुः,

(२) प्रसन्नसिंहस्तिमितं वीक्षितम् च,

(३) मांगल्यमृदङ्गमांसलः ध्वनिः च ॥

રામને "આ કુશ-લવ મારાં જ સંતાનો છે" એના ૪થા પ્રમાણ તરીકે એમના શરીરમાં સીતાની પણ છાયા પ્રતિબિંબિત થયેલી જોવા મળે છે. એનું વર્ણન કરતો **શ્લોક–૨૬** અને **૨૭**મો બોલવામાં આવે છે :

प्रियायाः (सीतायाः) अभिनवशतपत्र–श्रीमद् आस्यम् (मुखम्) पुनर् इव मे गोचरीभूतम् । પ્રિયા સીતાનું સેંકડો પાંખડીવાળા કમળ જેવું મુખ ફરીથી જાણે મને–રામને જોવા મળ્યું !

શ્લોક–૨૭માં સીતાના દાંત, ઓષ્ઠ, અને સૌભાગ્ય ગુણ–એ બધું પણ કુશ-લવમાં જોવા મળે છે. (અલબત્ત આંખો 'રક્તનીલ' વર્ણી છે. જે કદાચ રામની આંખોનો રંગ હશે. આમ બન્ને પતિ–પત્ની પુત્રોમાં ડોકાઈ રહ્યા છે.

આ છઠ્ઠા અંકનો મુખ્ય કાર્યવેગ જ આ છે કે તે કુશ-લવનું સીતારામના પુત્રો તરીકેનું અભિજ્ઞાન ક્રમિક અને વિગતે સ્પષ્ટ કરી આપે છે.

છેલ્લે, પાંચમા પ્રમાણ તરીકે – આ બે બાળકોને જૃમ્ભકાસ્ત્રો સ્વતઃ પ્રકાશ રૂપે જન્મજાત આવી મળેલાં છે. તે વિગત ઉમેરાય છે.

હવે આનુષંગિક વિગતો છઠ્ઠા તબક્કે રામ જોડે છે કે (૧) સીતાને વાલ્મીકિના આશ્રમ પાસે જ ત્યજી હતી, અને આ બે બાળકો વાલ્મીકિના

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

આશ્રમના જ અંતેવાસી છે, (૨) સીતાને બાર વર્ષ પહેલાં જ, પ્રસવકાળ વખતે જ – ત્યજયાં હતાં, તો આ બે બાળકો પણ બારેક વર્ષનાં જ લાગે છે. વળી, (૩) રામને યાદ આવ્યું કે મેં ચિત્રદર્શન પ્રસંગે જૃમ્ભકાસ્ત્રોને કહ્યું હતું કે હવે પછી તમે સીતાની સંતતિની સેવામાં ઉપસ્થિત રહેજો.

૭મા પ્રમાણ તરીકે રામ ઉમેરે છે કે સીતાનો ગર્ભભાર બે સંતાનોવાળો છે એમ મેં પોતે જ જાણ્યું હતું; અને તે મુજબ આ બે બાળકો "જોડકાં સંતાન" છે. એમ કહી રહ્યા છે.

૭મા પ્રમાણનું વર્ણન કરતાં રામ **શ્લોક–૨૮** બોલે છે : અન્વયઃ पुरा रूढे स्नेहे परिचयविकासाद् उपचिते (सति), रहः विस्रब्धायाः अपि सहजलज्जाजडदृशः गर्भग्रन्थिः आदौ मया एव करतल-परामर्श-कलया द्विधा ज्ञातः, तदनु (ત્યાર પછી) कैः अपि दिवसैः तया (सीतया) ज्ञातः। (પરસ્પરનો) સ્નેહ આરૂઢ થયો ત્યારે, અને પરિચયનો વિકાસ થયા પછી તે સ્નેહનો ઉપચય થયો ત્યારે, (સતિ સપ્તમી); रहः એકાન્તમાં, હથેળી ફેરવી જોવાની કળાથી ગર્ભગ્રન્થિ બે સંતાનવાળો છે –એમ મેં (રામે) જ પહેલાં જાણ્યું હતું; અને પછી કેટલાક દિવસ પછી સીતાએ તેમ જાણ્યું હતું. રામ એક ક્ષણે એવા વિચારે ચઢી ગયા કે ક્યા ઉપાયે પૂછું કે—હે બાળકો ! તમારી માતાનું નામ શું છે? અને તે વિચારની સાથે એમની આંખોમાં અશ્રુ આવી ગયાં. તે જોઈને લવ બોલે છે : **શ્લોક–૨૯.**

(रामस्य) जगन्मंगलम् आननं बाष्पवर्षेण अवश्यायावसिक्तस्य पुण्डरीकस्य चारुताम् नीतम् ।

રામનું મંગલકારી મુખ ઝાકળથી સિંચાયેલા કમળ જેવું બની ગયું. अवश्याय = ઝાકળ, બરફ. અમરકોશ : अवश्यायः तु नीहारः तुषारः तुहिनं हिमम्।

હિમપ્રપાતથી કમળ મુરઝાઈ જતું હોય છે. કુશ લવને ઠપકો આપતો હોય તેમ **શ્લોક–૩૦** કહે છે. રામને મન સીતા શું હતા ? અથવા સીતા વિનાના રામની શું દશા ન થાય ? એનું વર્ણન કરતો આ શ્લોક ભવભૂતિના કેટલાક ઉત્તમ શ્લોકમાં સ્થાન પામ્યો છે :

सीतादेव्या विना रघुपतेः किमिव न दुःखं કારણ કે, प्रियानाशे कृत्स्नं जगद् किल अरण्यं हि भवति ॥ – મૂળ રામાયણમાં સીતા પૃથિવીમાં સમાઈ ગયા પછી વાલ્મીકિએ રામનું અંગતજીવન શૂન્ય અરણ્ય જેવું બની ગયું હતું – એવું વર્ણન ઉત્તરકાંડના અંત ભાગે કર્યું છે. ત્યાંથી પ્રેરણા લઈને ભવભૂતિએ આ **૬–૩૦ શ્લોક** લખ્યો છે, તથા આખા 'ઉત્તરરામચરિત' નાટકનો કેન્દ્રવર્તી સ્વર, જે કરુણનો છે, તેનું આલેખન કર્યું છે.

○ ○ ○

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

રામની ઇચ્છાથી કુશ રામાયણના બે શ્લોકો ગાઈ સંભળાવે છે. **શ્લોક – ૩૧ અને ૩૨** "મહાત્મા રામને સીતા પ્રકૃતિથી જ વહાલા હતા, પણ સીતાએ એ પ્રેમને પોતાના ગુણોથી જ વધાર્યો હતો." અહીં ભવભૂતિએ એક અનુભવ-જન્ય સત્ય ઉચ્ચાર્યું છે કે કોઈપણ વ્યક્તિ લાંબાગાળે પોતાના ગુણો થકી જ પ્રિય કે અપ્રિય બનતો હોય છે. સીતા ભલે રામને મનથી જ ગમતા હતા. પણ તેમણે એ પ્રેમ પોતાના ગુણો થકી રામના મનમાં દિવસે દિવસે વધાર્યો પણ હતો.

o o o

કુશ પોતાના નાના ભાઈને રામના રુદનનું કારણ સમજાવતાં **શ્લોક–૩૦** કહે છે :–

અન્વય : सीतादेव्या विना रघुपतेः किमिव दुःखं न हि ? સીતા–દેવી વિનાના જીવનમાં રઘુપતિને શું દુઃખ ન હોય ?

हि प्रियानाशे कृत्स्नं जगत् अरण्यं भवति किल । કારણકે, સાંભળ્યું છે તે મુજબ તો પ્રિયતમાનો નાશ થતાં આખુંય જગત્ અરણ્ય (જ) બની જાય છે. ['हि' અવ્યયનો અર્થ "કારણ કે" થાય છે; અને किलનો અર્થ "સાંભળ્યું છે કે" (किल ऐतिह्ये – इत्यमरः) એવો થાય છે.] કુશ તો વાસ્તવિક જીવનથી ઘણો અજાણ છે; બે રીતે – (૧) પ્રિયતમાનો નાશ થયા પછી કેવો અનુભવ થાય ? એ એના અનુભવમાં હોય જ ક્યાંથી, એટલે જાત અનુભવ વિનાની કોઈ સ્થિતિનું વર્ણન કરવું હોય તો, તે વાક્યમાં किल અવ્યય વાપરવો જોઈએ. (૨) કુશને એના પોતાના માતા અને પિતા કોણ છે ? એ બેમાંથી એક પણ વાતની ખબર નથી. એટલે પૂરી ભોળપણ, અને અજાણતાની સ્થિતિમાં એક બાળક પોતાના જ પિતાને પોતાની જ માતાના વિરહમાં મૂકાયેલા વર્ણવે છે. તે કેટલું બધું અસહ્ય દર્દજનક બની રહે – એ વિચારવા જેવું છે, અને વળી, બીજી તરફ રામે જ્યારે બીજાં અનેક પ્રમાણોથી એ અનુમાન લગાવી લીધેલું છે કે આ બે બાળકો મોટેભાગે મારાં જ બે સંતાન છે. ત્યારે તો આ **શ્લોક–૩૦** સાંભળતાં સાંભળતાં રામને શું શું નહીં થતું હોય !

ત્રીજી એક અતિ મહત્ત્વની વાત એ છે કે આ શ્લોકની બીજી પંક્તિ જે લખાઈ છે, તે લખવા માટેની પ્રેરણા ભવભૂતિને મૂળ વાલ્મીકિ-રામાયણમાંથી જ મળી છે. તે શ્લોક નીચે મુજબનો છે :–

अपश्यमानो वैदेहीं मेने शून्यमिदं जगत् ।
शोकेन परमायस्तो न शान्ति मनसाऽगमत् ॥

(ઉત્તરકાંડ : ૯૯/૪)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

બલ્કે આ ઉપરના શ્લોકને વાંચીને કવિ ભવભૂતિએ એ અતીત કાલીન રામમાં પરકાયા-પ્રવેશ કરીને, આ 'ઉત્તરરામચરિત'ની સમગ્ર કરુણરસપ્રધાન નાટ્યસૃષ્ટિ રચી છે. પ્રસ્તુત નાટકની ભાવસૃષ્ટિનું ઉદ્‌ગમસ્થાન રામાયણનો ઉપર્યુક્ત શ્લોક છે.

શ્લોક—૩૦ની ત્રીજી-ચોથી પંક્તિ – (અન્વયઃ) स च स्नेहः तावान्, अयम् अपि वियोगः निरवधिः (अस्ति) । (રામ-સીતા વચ્ચેનો) એ સ્નેહ તેટલો બધો; અને બીજી તરફ આ (વખતનો) વિયોગ (પણ) અવધિ–વિનાનો છે. એટલે, હું લવ ! अनधिगतरामायण इव त्वं किम् एवं पृच्छसि ?

(લવ ! તું રામાયણ કાવ્ય ભણ્યો જ ના હોઉં તેમ, કેમ આવું પૂછે છે ?)

○ ○ ○

આ શ્લોકમાં तावान् = 'તેટલો' શબ્દ આવેલો છે. તેની રૂપસિદ્ધિ આ મુજબ થાય છે : तावत् परिमाणम् अस्य इति तावान् । तद् સર્વનામ શબ્દની પાછળ यत्तदेतेभ्यः मतुप् । સૂત્રથી मतुप् → मत् → वत् પ્રત્યય લાગે છે.

तद् + वत् । ત્યાર પછી आ सर्वनाम्नः । સૂત્રથી तद् સર્વનામને, वत् પ્રત્યય પરમાં હોય ત્યારે आ કાર અન્ત્તાદેશ રૂપે લાગે છે. तआ + वत् પછી પરરૂપ એકાદેશ થતાં, ता + वत् तावान् બને છે.

○ ○ ○

રામ પોતાનાં ઉપર બાળકો દયા ખાય છે (शिशुजनेन अपि अनुकम्पितः अस्मि ।) એમ જોઈને, એમને બીજી દિશામાં વાળવા પૂછે છે કે – રામાયણ.....રામાયણ...એવું કંઈક સંભળાય છે. તો મને એમાંથી કંઈક સાંભળવાની ઈચ્છા થાય છે.

લવકુશ બાલકાણ્ડમાંથી બે શ્લોકો સંભળાવે છે : **શ્લોક ૩૧ અને ૩૨** અન્વય :

महात्मनः रामस्य सीता प्रकृत्या एव प्रिया आसीत् । મહાત્મા રામને સીતા પ્રકૃતિથી – સ્વભાવથી જ – પ્રિય હતા.

स तु प्रियभावः तया (सीतया) स्वगुणैः एव वर्धितः । પણ, તે પ્રિય હોવાનો ભાવ તેણે (સીતાએ જ) પોતાના ગુણોથી વધાર્યો હતો.

ભવભૂતિએ અહીં બહુ જ મહત્ત્વની અને શાશ્વત્ સત્ય ભરી એક વાત કહી છે કે – જીવનમાં, લાંબે ગાળે તો માણસ પોતાના ગુણોથી જ પ્રિય કે અપ્રિય બનતો હોય છે. રામને સીતા ઉપર સ્વાભાવિક રીતે જ, કુદરતી જ પ્રેમ હતો, તે સાચું; પણ કવિ કહે છે કે તે પ્રેમ તેણે પોતાના ગુણોથી જ વધાર્યો ય હતો ! મા–બાપને પોતાનાં બાળકો કુદરતી રીતે જ વહાલાં તો હોય જ, પણ જે ગુણવાન

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

બાળક હોય, તે ધીમે ધીમે વધુ વહાલું બનતું જાય છે. (જો દીકરો કે દીકરી દુર્ગુણી પાકે તો માતાને ક્યારેક એમ થતું હોય છે કે મારે પેટે આવો પથરો ક્યાં પાક્યો ?) એટલે स्वगुणैः सः प्रियभावः वर्धितः । એ વાત તદ્દન સાચી છે.

શ્લોક–૩૨ (અન્વય:) तथा एव रामः सीतायाः प्राणेभ्यः अपि प्रियः अभवत् । તે જ રીતે, રામ પણ સીતાને (પોતાના) પ્રાણોથી ય વધારે પ્રિય હતા. આ બેના પ્રીતિયોગને બીજું તો કોણ જાણી શકવાનું હતું ? કવિ કહે છે કે–

हृदयं तु एव परस्परं प्रीतियोगं जानाति । (એ બેનાં) હૃદય **જ** પરસ્પરના પ્રીતિયોગને જાણે છે. (અહીં एव વાળું વાક્ય હોઈને, અન્ય જાણકારોની વ્યાવૃત્તિ થાય છે, તેથી પરિસંખ્યાલંકાર બને છે.)

પાઠાન્તરની દૃષ્ટિએ અહીં એક ચર્ચાવિચારણા કરવી આવશ્યક છે : ટીકાકાર વીરરાઘવ મુજબ અહીં **શ્લોક–૩૧–૩૨**ના શબ્દો આમ છે :–

प्रिया तु सीता रामस्य दाराः पितृकृता इति गुणै रूपगुणैश्चापि प्रीतिर्भूयोऽप्यवर्धत ॥

અહીં पितृकृताः दाराः । એટલે શું ? તો– पित्रा जनकेन कृताः मन्त्रोच्चार-पुरस्सरं दत्ताः, दारा = પત્ની ॥

પરંતુ ઉત્તરરામચરિતની બે જુદી જુદી પાઠપરમ્પરાઓમાં ટીકાકાર વીરરાઘવ એ બીજી (વિરોધી) પરમ્પરાના પ્રતિનિધિ છે, જે પ્રાચીનતમ નેપાળી હસ્તપ્રતના પાઠની વિરુદ્ધ જાય છે; અને 'ઉચ્ચતર સમીક્ષા'ના માપદંડથી પણ વીરરાઘવનો પાઠ સમર્થિત થતો નથી. એટલે તે ગ્રાહ્ય બની શકે તેમ નથી.

'ઉચ્ચતર સમીક્ષા'ના નિયમો મુજબ વિચારીએ તો મૂળ વાલ્મીકિ-રામાયણના બાલકાંડમાં તો વળી, ઉપર દર્શાવેલા બેમાંથી એકની પણ જોડે સંગત ન થાય એવા, ત્રીજા જ પ્રકારના શબ્દો જોવા મળી રહ્યા છે :–

प्रिया तु सीता रामस्य दाराः पितृकृता इति । गुणाद् रूपाच्चैव प्रीतिर्भूयोऽभिवर्धते । तस्याश्च भर्ता द्विगुणं हृदये परिवर्तते । अन्तर्गतमपि व्यक्तमाख्याति हृदयं हृदा ॥ – બાલકાંડ, અધ્યાય–૭૭, શ્લોક ૨૬–૨૭.

જો કે આ સંદર્ભમાં અંતિમ નિર્ણય આપતાં પહેલાં, બીજી ઘણી હસ્તપ્રતો જોવી પડે તેમ છે. છતાંય એટલું કહી શકાય કે કવિ ભવભૂતિએ સંભવ છે કે રામાયણના શ્લોકોમાંથી બધા જ શબ્દો યથાવત્ ન પણ લીધા હોય; અને આવશ્યકતા મુજબ જરૂરી પરિવર્તનો કર્યા પછી તેમણે આ **૩૧–૩૨ શ્લોક** લખ્યા હોય.

શ્લોક–૩૪ : રામ કહે છે કે यः दुःस्मरः कालः, तम् एव कालम् वयं

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

स्मारिताः । જે અમારા દાંપત્યજીવનનો 'દુઃસ્મર કાળ'– યાદ કરવો દુઃખદાયી ગણાય/ બની રહે એવો સમયગાળો છે તેની જ અમને, (આ બાળકો **શ્લોક–૩૩** વડે) યાદ અપાવવામાં આવી દીધી.

શ્લોક–૩૫ (અન્વય) यत्र वयःस्नेहाकूत व्यतिकरघनः मदनः हृदि प्रगल्भ-व्यापारः, वपुषि च मुग्धः स्फुरति; तदा किञ्चित् किञ्चित् कृतपदं मृगदृशः तत् स्तनमुकुलं कतिपयैः अहोभिः ईषद् विस्तारि आसीत् ॥

આ શ્લોકમાં यत्र मदनः प्रगल्भव्यापारः (सन्) हृदि स्फुरति वपुषि च मुग्धः (स्फुरति) । એ મુખ્ય-વાક્ય છે. જ્યાં/જ્યારે પ્રગલ્ભ-વ્યાપારવાળો કામદેવ હૃદયમાં ફરકી રહ્યો હતો; અને તે (કામદેવ) શરીરમાં મુગ્ધભાવ સાથે ફરી રહ્યો હતો; (ત્યારે).....

मृगदृशः (सीतायाः) મૃગલાં જેવાં દૃષ્ટિવાળી સીતાના स्तनमुकुलम् ईषद् विस्तारि आसीत् । સ્તનમુકુલ થોડાંક વિસ્તૃત થયાં હતાં.

રામનો આ શ્લોક બાળકોની સમ્મુખ બોલી શકાય એવો લાગતો નથી, તેથી કેટલાક વિદ્વાનોએ આ શ્લોક રામની 'સ્વગત ઉક્તિ' હશે એવી કલ્પના કરી છે. પણ સંભવ છે કે આ શ્લોક 'પ્રક્ષિપ્ત' પણ નીકળે. બધી પાંડુલિપિઓ જોયા પછી આ સંભાવના સાચી નીકળે તો નવાઈ નહીં; કેમકે આ ઉક્તિ 'સ્વગત' હોય કે 'પ્રકાશ–ઉક્તિ' હોય, પણ તે અપ્રાસંગિક પણ લાગે છે.

શ્લોક–૩૪ પછી તરત જ લવની ઉક્તિ રૂપે **શ્લોક–૩૬** રજૂ થાય તો, તેમાં જ ભાવ સાતત્ય જળવાય છે.

શ્લોક–૩૬ : (અન્વય) अयं शिलापट्टः त्वदर्थम् इव अग्रतः विन्यस्तः । આ શિલાપટ્ટ તારા (સીતાને) માટે જ, જાણે કે સામે ફેલાવીને મૂક્યો છે.

यस्य अभितः अयं केसरः पुष्पैः प्रवृष्टः इव (दृश्यते) ॥ જે (શિલાપટ્ટ)ની ચારે તરફ આ કેસરવૃક્ષ પુષ્પો વડે જાણે કે વરસી પડ્યો છે.

રામ–સીતાના વનવાસ દરમ્યાન તે બન્ને જે શિલાપટ્ટ ઉપર સૂતા હતા તે શિલાપટ્ટનું સ્મરણ કરાવીને મુગ્ધ બાળકોએ રામને માટે અસહ્ય સ્થિતિનું નિર્માણ કર્યું છે.

બીજું, કવિએ પોતે પણ આ શિલાપટ્ટને આખા નાટકમાં કુલ બે વાર યાદ કર્યો છે. જેમકે, (૧) અંક–૩, **શ્લોક–૨૧**માં વનદેવતા વાસન્તીની ઉક્તિ; તથા તે પણ તરતની સીતાની ઉક્તિ. તથા (૨) છઠ્ઠા અંકમાં ૩૬મો શ્લોક.

શ્લોક–૩૮માં રામ વિરહાવસ્થાની કેટલીક સ્થિતિનું તુલનાત્મક વર્ણન કરે છે :– (૧) પ્રવાસે–પ્રિયવ્યક્તિ દૂર ગઈ હોય ત્યારે, चिरं ध्यात्वा ध्यात्वा निहितः

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

इव, पुरतः निर्माय (स्थापितः) प्रियजनः आश्वासं न करोति (इति) न खलु । લાંબા સમય સુધી ધ્યાન ધરી ધરીને સામે મૂકેલ હોય તેમ, સામે તેનું નિર્માણ કરીને સ્થાપવામાં આવેલ પ્રિયવ્યક્તિ આશ્વાસન નથી આપતી તેમ નથી. (અર્થાત્ આશ્વાસન આપે જ છે.); પણ– (૨) विकल्पव्युपरमे (અથવા–પાઠાન્તર મુજબ कलत्रे हि उपरते) सति – બધા વિકલ્પોનો અવકાશ જ મરી જાય ત્યારે (અથવા, તો કલત્ર = પત્નીનું અવસાન થાય ત્યારે)

जगत् जीर्णारण्यं भवति । જગત્ જીર્ણ અરણ્ય સમાન બની જાય છે. વળી, तदनु = ત્યાર પછી, कुकूलानां राशौ हृदयं पच्यत इव । कुकूल = ઘાસ/તુષના ઢગલામાં લાગેલી આગમાં જાણે કે હૃદય સળગ્યા કરે છે.

नेपथ्ये = પડદા પાછળથી (એક ઉક્તિ બોલાતી સંભળાય છે.) (**શ્લોક–૩૯**).

शिशुकलहम् आकर्ण्य–લવ અને ચંદ્રકેતુ–બે બાળકોનો કલહ સાંભળીને, सभयाः– ભય સાથે, ભયગ્રસ્ત બનેલા સૌ (કોણ, કોણ ? તો અરુન્ધતીની સાથે વસિષ્ઠ, વાલ્મીકિ, દશરથની રાણીઓ તથા જનક) जराग्रस्तैः गात्रैः–વૃદ્ધાવસ્થાથી જકડાયેલાં શરીરોને કારણે; તથા विदूराश्रमतया–વાલ્મીકિનો આશ્રમ ઘણો દૂર હોવાને કારણે त्वरितमनस-अपि=મનથી ઉતાવળા બન્યા હોવા છતાંય, श्रम जडाः–શ્રમથી જડ બનેલા, ધીમા બનેલા. चिरेण आगच्छन्ति–મોડે મોડેથી આવી રહ્યા છે.

આ નેપથ્ય-ઉક્તિ સાંભળીને રામને ખબર પડે છે કે એમનાં કુટુમ્બીજનો બધાં અહીં, વાલ્મીકિના આશ્રમમાં જ છે; અને હવે સીતાત્યાગ પછી બાર વર્ષે તે બધાને મળવાનું થશે. રામ બોલે છે : कथं खलु एते द्रष्टव्याः । આ બધાને કેવી રીતે મોંઢામોંઢ મળી શકાશે ? જાનકીનો ત્યાગ કર્યા પછી, પોતાના સસરા જનકને અત્યારે એકાએક રૂબરૂ મળવાનું થશે, તો શું થશે ? રામને લાગે છે કે दैवाद् अत्र तातजनकः अपि आयातः, નસીબજોગે પિતા જનક પણ અહીં આવી પહોંચ્યા છે, તો मन्दभाग्यः वज्रेण इव ताडितः अस्मि–મંદભાગી એવો હું જાણે વજ્રથી તાડિત થયો છું.

શ્લોક–૪૦ રામ પોતાના પિતાના અને જનકના જૂના દિવસોના મીઠા સંબંધોને યાદ કરીને, તેની સામે આજની, નવી ઊભી થયેલી વિષમ પરિસ્થિતિની તુલના કરે છે : वृत्ते महावैशसे सति–(સીતાત્યાગ રૂપી) મોટી હિંસક/ઘાતકી ઘટના બની ગયા પછી, किम् अहम् सहस्त्रधा न दीर्ये ?–હું કેમ હજારો ટૂકડાઓમાં ચીરાઈ જતો નથી, ફાટી પડતો નથી ? પણ રામ પોતે જ સમાધાન કરી દે છે :– रामेण किं दुष्करम्–રામથી શું દુષ્કર છે ?

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

રામને માટે સીતાત્યાગ કરવો શક્ય બન્યો છે, તો તે આજે ઘરના સૌ વડીલોને પણ સામસામે રૂબરૂ મળી લેશે. આવું બોલીને રામે પોતાની આત્મનિર્ભર્ત્સના જ કરી છે.

પણ બીજી તરફ, સૌ વડીલો, કે જેઓ દૂરથી ધીમી ગતિએ આવી રહ્યા છે, તે કૃશ થઈ ગયેલા રામની સ્થિતિ જોઈને જ બેહોશ થઈ જાય છે : **શ્લોક–૪૧** (અન્વય)

अनुभाव-मात्र-समवस्थितश्रियम् ईदृशं रघुनाथं सहसैव वीक्ष्य, प्रथम-प्रमूढजनकप्रबोधनात् विधुराः मातरः प्रमोहम् उपयान्ति ।

પ્રભાવમાત્રથી જ જેમની શોભા વિદ્યમાન રહી છે તેવા રઘુનાથ–રામ–ને એકાએક જ જોઈને, જનક પહેલાં બેભાન બનીને ભાનમાં આવી ગયા પછી તેમણે=જનકે રામની માતાઓને રામની ઓળખ આપી; જેના પરિણામે (રામની) વિધવા માતા બેભાન બની જાય છે. (રામ એટલા બધા કૃશ અને નિસ્તેજ થઈ ગયા હતા, કે કૌસલ્યા વગેરે માતાઓ પણ પહેલાં તો તેમને "આ રામ છે" એમ ઓળખી નહોતા શક્યા. પણ જનકે એમને પહેલાં ઓળખ્યા, તે બેભાન થયા, અને પછી હિમ્મત રાખી તે પહેલાં ભાનમાં આવી ગયા બાદ, એમણે રામ-માતાઓને "આ રામ છે" એમ ઓળખાણ આપી; જેના પરિણામે રામની માતાઓ પણ બીજી ક્ષણે બેભાન થઈ ગઈ.) – વીરરાઘવની આ સમજૂતીના મૂળ શબ્દો આમ છે : प्रथमप्रबुद्धेन कौसल्याद्यपेक्षया पूर्वोत्पन्न-प्रत्यभिज्ञापकेन जनकेन प्रबोधिताः प्रत्यभिज्ञापिताः (मातरः) ॥

જનક અને પોતાની માતાઓને બેશુદ્ધ થતી સાંભળીને, રામને ભારે દુઃખ થઈ આવે છે. તે **શ્લોક–૪૨** બોલે છે : अकरुणे पापे मयि वः करुणा वृथा । અકરુણ = નિષ્ઠુર એવા, અને પાપી એવા મારા (રામની) ઉપર, તમારી બધાની આવી કરુણા (દયાભાવ) હોય તે વ્યર્થ છે. અર્થાત્ જનકાદિની કરુણાને લાયક આ રામ નથી. એમ રામ કહી રહ્યા છે.

કવિએ કુશળતાથી રામ અને વડીલોનું મિલન રંગભૂમિ ઉપર સાક્ષાત્ બતાવ્યું નથી; એનું કેવળ સૂચન કરીને છઠ્ઠો અંક પૂરો કરી દીધો છે.

○ ○ ○

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અંક – ૭

આ અંકનું નામ 'સમ્મેલન' છે. કવિએ જેમ ત્રીજા અંકમાં 'છાયાસીતા'ના દૃશ્યની અપૂર્વ કલ્પના દ્વારા નાટકીય રજૂઆતનું નાવીન્ય પ્રગટ કર્યું હતું; તેવી જ રીતે આ સાતમા અંકમાં, આરંભે "ગર્ભાંક"ની યોજના કરી છે. જગત્ ના કેટલાક શ્રેષ્ઠ ગર્ભાંકોમાં ભવભૂતિના આ ગર્ભાંકનું અચૂક સ્થાન છે; બલ્કે પ્રથમપંક્તિમાં તે પાંક્તેય છે.

'ગર્ભાંક' એટલે Play within a play – નાટકની અંદર નાટક, કવિ અહીં કઈ કથાવસ્તુને રંગમંચ ઉપર બતાવવા માંગે છે ? એનો વિચાર કરીએ તો પ્રથમ અંકમાં સીતાત્યાગની ઘટના બને છે. લક્ષ્મણ વાલ્મીકિના આશ્રમ પાસે સીતાને ત્યજીને પાછો ફરે છે. એ પછી સીતાનું શું થયું ? એ પ્રશ્ને ભારે અંધકાર પ્રવર્તે છે. રામે અને દુનિયાએ માની લીધું છે કે પછી તો જંગલમાં સીતા એકલા ભટકતાં હશે, અને કોઈક હિંસક પ્રાણીએ એમને ફાડી ખાધાં હશે. આમ રામે પોતાની કલ્પનાથી સીતાને "નિયતં વિલુપ્તા' (ચોક્કસ જ મરી ગયેલી) માની લીધેલી છે, પણ હકીકતમાં શું બન્યું હતું ? તે તો પ્રેક્ષકોને બતાવવાનું બાકી જ હતું. કવિએ પહેલા અને બીજા અંક વચ્ચે જે ૧૨ વર્ષનો અંધકારપટ મૂક્યો હતો, જે રહસ્યાત્મક પરિસ્થિતિ વિશે મૌન સેવ્યું હતું, તેનું હવે આ ગર્ભાંકમાં પ્રકાશન કરવામાં આવે છે.

લક્ષ્મણ દ્વારા સીતાત્યાગ કરાવ્યા પછી, રામ તો રાજ્યકાર્યમાં મૂંગે મોંઢે વ્યાપૃત થઈ ગયા હતા એટલે ગર્ભાંકમાં 'સીતાત્યાગ થયા પછી ભૂતકાળમાં શું શું બન્યું હતું ?' તે વાતના પ્રથમ પ્રેક્ષક રામ અને લક્ષ્મણને બનાવવામાં આવે છે; અને ભૂતકાળમાં ડોકિયું કરી રહેલા રામ અને લક્ષ્મણાદિને શા શા ભાવો થયા ? એના પ્રેક્ષકો આપણને બનાવવામાં આવે છે. ટૂંકમાં, ગર્ભાંકમાં સીતા → રામ–લક્ષ્મણ → આજના પ્રેક્ષકો એવી ત્રિસ્તરીય ગોઠવણ કવિએ વિચારી છે !

સાહિત્યદર્પણ (૬–૨૦)માં 'ગર્ભાંક'નું લક્ષણ નીચે પ્રમાણે આપ્યું છે :–

अङ्कोदरप्रविष्टो यो रङ्गद्वारामुखादिमान् ।
अङ्कोऽपरः स गर्भाङ्कः सबीजः फलवानपि ॥

"કોઈ એક અંકના ઉદરમાં પ્રવેશેલો હોય તેવો, વળી જે રંગદ્વાર, આમુખ વગેરેથી યુક્ત હોય તે "અંકમાં અંક"ની યોજનાવાળો 'ગર્ભાંક' તરીકે ઓળખાય છે. આ ગર્ભાંક 'બીજ'વાળો પણ હોય અને ચોક્કસ ફળવાળો પણ હોય છે."

શિંગભૂપાલે 'રસાર્ણવસુધાકર'માં ગર્ભાંકની પરિભાષા નીચે મુજબ બાંધી છે :–

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

रसनायकवस्तूनां महोत्कर्षाय कोविदैः ।
अङ्कस्य मध्ये योऽङ्कः स्यादयं गर्भाङ्क ईरितः ॥

લક્ષ્મણે પ્રેક્ષાગૃહમાં સૌને બેસવાની વ્યવસ્થા ગોઠવી છે.

आतोद्यस्थानम्—વાદ્યસ્થાન, સંગીતકારો અને ગાયકો જ્યાં બેસે તે જગ્યા.

भूतग्रामः—પ્રાણીઓનો સમૂહ, વાલ્મીકિએ આ 'ગર્ભાંકનાટક'ને નિહાળવા સકળ સૃષ્ટિના સૌ સચરાચર પ્રાણીસમૂહને નિમંત્રણ આપ્યું છે, અને પોતાના પ્રભાવથી સૌ અયોધ્યાવાસીઓને એકઠા કર્યા છે અને લક્ષ્મણે એમને સૌને બેસવાની વ્યવસ્થા ગોઠવી રહેલ છે.

समाजसंनिवेषः—પ્રેક્ષકોને 'સામાજિકો' કહેવાય છે, સમાજને એકઠો કરવો, અર્થાત્ પ્રેક્ષકોને ભેગા કરવા.

રામ લક્ષ્મણને પૂછે કે શું રંગપ્રાશ્નિકો આવી ગયા ? રંગપ્રાશ્નિક = નાટ્ય-પ્રયોગ વખતે અથવા પ્રયોગ પૂરો થઈ ગયા પછી, તત્સંબંધી કોઈ પ્રશ્ન ઊભો થાય તો તે પૂછનારા વ્યક્તિઓ 'રંગપ્રાશ્નિકો'નો ઉલ્લેખ ભરતમુનિએ પણ કર્યો છે.

પ્રાચેતસ વાલ્મીકિને માટે ભૂતાર્થવાદી શબ્દ વપરાય છે. તેનો અર્થ "હકીકતમાં જે બન્યું હોય તેને જ કહેનારા" એવો થાય છે. વાલ્મીકિએ જે રામાયણની રચના કરી છે, તેમાં પણ વાસ્તવમાં રામના જીવનમાં જે બન્યું હતું તેનું જ નિરૂપણ કરવામાં આવ્યું છે – એવી આપણી પરંપરાગત આસ્થા છે; તથા, એટલે જ 'રામાયણ'ને 'આદિકાવ્ય' ઉપરાંત "ઇતિહાસ" ગ્રન્થ પણ કહેવામાં આવે છે. બીજું, લક્ષ્મણે સીતાને વાલ્મીકિના આશ્રમ પાસે રથમાંથી ઉતારીને, રામે તેમનો ત્યાગ કર્યો છે એમ જણાવ્યા પછી, હકીકતમાં શું બન્યું હતું તેનું નિરૂપણ આ 'ગર્ભાંક'માં થવાનું છે. આથી એમાં રજૂ થનારી ઘટનાને વિશે લોકોએ વિશ્વાસ રાખવો એમ પણ અહીં સૂચિત થઈ રહ્યું છે.

વાલ્મીકિએ પોતાના 'આર્ષચક્ષુ'થી (ઋષિઓનાં ક્રાન્તદર્શી ચક્ષુથી) ભૂતકાળમાં સીતાત્યાગ પછી શું બન્યું હતું ? તે જોયું છે. એ કરુણ અને અદ્‌ભુત રસથી ભરેલી ઘટના છે. એને અહીં રજૂ કરવામાં આવી રહેલ છે. રામ આ સાંભળીને વાલ્મીકિને 'સાક્ષાત્કૃતધર્મા ઋષિ' તરીકે ઉલ્લેખે છે. વેદકાળના ઋષિઓને માટે આ વિશેષણ વપરાય છે. આવા ઋષિઓને હવામાં તરતા મન્ત્રોનું તો દર્શન થાય છે જ, પણ ભૂત-ભવિષ્ય અને વર્તમાન પણ એમને "પ્રત્યક્ષ" રૂપે જોવા મળતા હોય છે.

તેમનાં જ્ઞાનોને परोरजांसि प्रज्ञानानि – રાગદ્વેષથી મુક્ત એવાં, રજોગુણથી પર એવાં જ્ઞાન કહેવામાં આવ્યાં છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ગર્ભાંક શરૂ થાય છે; ત્યાં પહેલી ક્ષણે જ નેપથ્યમાંથી સીતાનો વિલાપ સંભળાય છે, તે નાન્દીશ્લોક રૂપે **શ્લોક–૨** બોલે છે :

राज्ञा (रामेण) महावने विश्वम्भरात्मजा देवी त्यक्ता । રાજા રામે ઘોર જંગલમાં ધરતીની પુત્રી એવી દેવી (સીતા)ને ત્યજી દીધી છે. (તે પછી) सा प्राप्तप्रसवम् आत्मानं गङ्गादेव्यां विमुञ्चति । તે પોતાને પ્રસવવેદના ઊભી થતાં, ગંગા નદીમાં પોતાની જાતને ફેંકી રહી છે.

બસ, એક નેપથ્યોક્તિ અને એક સૂત્રધારની ઉક્તિથી ગર્ભાંકની 'પ્રસ્તાવના' પૂરી થાય છે.

શ્લોક–૩ हे कल्याणि समाश्वसिहि–હે કલ્યાણી (સીતા) ! તમે થોડી હિંમત રાખો, हे वैदेहि ! दिष्ट्या वर्धसे – હે દેવી વૈદેહી ! તમે વૃદ્ધિ પામી રહ્યાં છો, તમને અભિનંદન ! શી વાતનાં ? તો ઉત્તરાર્ધમાં કહે છે : अन्तर्जले (त्वं) (द्वौ) रघुवंशधरौ सुतौ प्रसूता असि । પાણીની અંદર (તમે) રઘુવંશને ધારણ કરનાર (બે) પુત્રોને પ્રસવ્યા છે; જન્મ આપ્યો છે.

સીતાને પોતાને બે બાળકો–પુત્રો જન્મ્યાનો આનંદ થાય છે. તે ત્યાં ઉપસ્થિત દેવનદી ગંગાને અને જનની પૃથિવીમાતાને પ્રણામ કરે છે. આ ક્ષણે સીતાને આલિંગન આપતી વેળાએ પૃથિવીમાતા મૂર્ચ્છિત થઈ જાય છે એવું કવિએ બતાવ્યું છે. આ નાટકમાં કવિએ અનેક પાત્રોને અનેકવાર મૂર્ચ્છિત થતા વર્ણવ્યાં છે. જેમકે, રામ, સીતા, માતા કૌસલ્યા, સસરા જનક, તથા વનદેવતા વાસન્તી, અને વિશ્વંભરા પૃથિવી. સામાન્ય રીતે પૃથિવી તો અનેક પ્રકારના ભારને, દુરાચારને, પાપને અને દુઃખને પણ સહન કરી લેતી હોય છે; અને તેથી જ તેના માટે 'ક્ષમા' જેવા પર્યાયવાચી શબ્દનો પણ પ્રયોગ પ્રચલિત બન્યો છે. પૃથિવી કોઈ પણ સંજોગોમાં અવિચળ, નિશ્ચલ, સ્થિર જ રહેતી હોય છે. પણ કવિ ભવભૂતિએ અહીં સીતાની માતા તરીકે પૃથિવીને એક સજીવ પાત્ર તરીકે નિરૂપી છે. માટે તે પુત્રીના દુઃખે દુઃખી થઈને મૂર્ચ્છિત થતી હોય એમ બતાવવામાં આવે તો તે સ્વાભાવિક લાગે છે. કવિએ પૃથિવીના મૂર્ચ્છિત થવા ઉપર એક પ્રતિભાવ ભાગીરથી ગંગા નદીના મુખમાં મૂક્યો છે; જે આ પ્રમાણે છે :–

विश्वम्भराऽपि नाम व्यथते इति जितम् अपत्यस्नेहेन ॥

વિશ્વંભરા પૃથિવી પણ જો (પુત્રીના દુઃખ થકી) વ્યથા પામતી હોય તો, સંતાનસ્નેહ જીતી ગયો – એમ સમજો.

કવિ ભવભૂતિએ આ કૃતિમાં રામ-સીતાના નિમિત્તે પ્રૌઢ દાંપત્યસ્નેહનું આલેખન કરવાંની સાથે 'સંતાનસ્નેહ' અને 'અનિમિત્તકસ્નેહ'નું પણ પ્રાસંગિક નિરૂપણ કર્યું છે. ભવભૂતિની ઘણી વિશેષતાઓમાં આ પણ એક નોંધપાત્ર મુદ્દો છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

શ્લોક—૬ (અન્વય) लोके घोरम् अयशः विततम्—લોકસમૂહમાં ઘોર અપયશ ફેલાયો હતો, वह्नौ च या विशुद्धिः (जाता) सा लङ्काद्वीपे (अभवत्)—અગ્નિમાં જે પરીક્ષા લેવાઈ હતી, તે પણ છેક લંકાદ્વીપમાં થઈ હતી. આથી जनः कथम् ताम् (विशुद्धिम्) इह श्रद्दधातु । લોકો કેવી રીતે તે (પરીક્ષા)ને અહીં વિશ્વાસપૂર્વક—શ્રદ્ધાપૂર્વક સ્વીકારે ?

इक्ष्वाकूणां इदम् कुलधनं यत् कृत्स्नः लोकः समाराधनीयः—ઈક્ષ્વાકુવંશના રાજાઓનું આ કુલધન છે કે આખા લોકસમૂહનું તેમણે સમારાધન કરવાનું હોય છે.

तत् इह विषमे स वत्सः किं करोतु ? તો આવી વિષમ પરિસ્થિતિમાં તે દીકરો (રામ) બીજું કરે પણ શું ?

આ શ્લોક દ્વારા ભાગીરથી ગંગા નદીએ રામની વકીલાત કરી છે, અને પૃથિવી માતાને જમાઈ રામ ઉપર ગુસ્સો ન કરવા વિનંતી કરી છે. આ શ્લોકમાં पादान्तं वाक्यम् । વાળી રચના નથી. या च वह्नौ विशुद्धिः लङ्काद्वीपे । એવું વાક્ય પ્રથમ ચરણમાંથી નીકળીને, બીજા ચરણની અંદર પહોંચ્યું છે. આથી છન્દરચનાનો બંધ पादान्तं वाक्यम् । ની મર્યાદાને ઓળંગી ગયેલ જણાય છે.

શ્લોક—૧૪ની ઉપર ભાગીરથીની એક ઉક્તિ આમ છે : एतौ हि वत्सौ स्तन्यत्यागात् परेण भगवतो वाल्मीकेः (षष्ठी) अर्पयिष्यामि ।

આ બે દીકરાઓને, તેઓ સ્તનપાન છોડે પછી, ભગવાન્ વાલ્મીકિને હું (ગંગા) સોંપવાની છું.

અહીં भगवते वाल्मीकये એવો ચતુર્થ્યન્ત પ્રયોગ હોવો જોઈએ, પણ બાણ અને ભવભૂતિના સમયમાં પાણિનિપ્રોક્ત કારકવ્યવસ્થા થોડીક શિથિલ પડી હોય તેવું જણાય છે. (આ સંદર્ભમાં, ૨—૪ ઉત્તરરામચરિત પણ જોવા યોગ્ય શ્લોક છે.)

સીતા પૃથિવીના ખોળામાં (પેટાળમાં) સમાઈ જાય છે—એવું દૃશ્ય ગર્ભાંકમાં છેલ્લે રજૂ થાય છે. આ જોઈને ઉદ્વિગ્ન થયેલો લક્ષ્મણ બોલી ઊઠે છે : भगवन् वाल्मीके ! परित्रायस्व परित्रायस्व । एषः ते काव्यार्थः ? 'હે ભગવાન્ વાલ્મીકિ ! બચાવો, બચાવો. આ તમારો કાવ્યાર્થ છે ?" અર્થાત્ તમે કરેલી રામાયણ કાવ્યની રચના આવી કરુણાંત છે ? પુત્ર તરીકે કે પિતૃઆજ્ઞાકારી રામ પુત્ર બનીને ૧૪ વર્ષ વનમાં ગયા; અને પ્રજારંજક રાજા તરીકે પત્ની સીતાનો ત્યાગ કરીને જીવનભર દુઃખી થતા રહ્યા — તેમના જીવનનો આવો દુઃખાંત, કરુણાંત કેવી રીતે હોઈ શકે ? કવિ ભવભૂતિ જાણે, લક્ષ્મણના મુખમાં મૂકેલી ઉક્તિ દ્વારા, વાલ્મીકિના કાવ્યના અંતની ટીકા કરતા હોય તેવું લાગે છે. ભવભૂતિનું નિજી કવિ તરીકેનું જીવનદર્શન એવું છે કે જે સત્યપાલક અને પ્રજારંજક વ્યક્તિ હોય તેનું જીવન જો કરુણાંત બનશે, તો તેવા જીવનને જોઈને

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ભવિષ્યમાં કોણ સત્યપાલન કરવા તૈયાર થશે, 'પિતાની આજ્ઞામાં રહેવું' અને પરિણામે ૧૪ વર્ષ વનમાં રહેવું, એવા પુત્રધર્મને રામે સ્વીકાર્યો; તથા કોઈપણ ભોગે (स्नेहं दयां च सौख्यं च यदि वा जानकीम् अपि) પ્રજારાધન કરવું – તે 'રાજા' તરીકેના સત્યનું પાલન કરવાનું તેમણે સ્વીકાર્યું તેનું પરિણામ ભવભૂતિના મતે – શુભ, મંગલકારી જ, સુખાંત જ આવવું જોઈએ. આથી કવિ ભવભૂતિએ વાલ્મીકિથી જુદા પડીને, આ કૃતિ દ્વારા નવું જીવનદર્શન આપણી સમક્ષ રજૂ કરવા, કૃતિને સુખાંતમાં પરિણમતી દર્શાવી છે.

एष ते काव्यार्थः । દ્વારા ભવભૂતિએ વાલ્મીકિના જે જીવનદર્શનનો વિરોધ કર્યો છે. તે ફરીથી એકવાર આ નાટકના અંતિમ શ્લોકમાં 'ભરતવાક્ય'માં—પણ પ્રતિબિંબિત થયેલ છે.

શ્લોક—૨૦ (અન્વય) सा इयं कथा पाप्मभ्यः पुनाति च, श्रेयांसि वर्धयति च । તે આ (રામ)કથા પાપોમાંથી પવિત્ર કરે છે અને કલ્યાણોને વધારે છે. जगतः माता इव गङ्गा इव च, मङ्गल्या च मनोहरा च (अस्ति) । તે જગત્‌ને માટે માતા જેવી તથા ગંગા જેવી (હોઈને) મંગલકારિણી અને મનોહારિણી પણ છે.

ત્રીજી અને ચોથી પંક્તિનો અન્વય બે રીતે વિચારણીય છે. (૧) એક તો, પરંપરાગત રીતે જોઈએ તો शब्दब्रह्मविदः प्राज्ञस्य कवेः परिणताम् इमाम् वाणीम्, ताम् एताम् अभिनयैः विन्यस्तरूपां (वाणीम्) बुधाः परिभावयन्तु ॥ શબ્દબ્રહ્મને જાણનારા પ્રાજ્ઞ કવિ (વાલ્મીકિ)ની આ પરિણત વાણીને, કે જેને (મેં ભવભૂતિએ) અભિનયના (= નાટકના) રૂપમાં ગૂંથી આપી છે. તે વાણીનું બુધજનો પરિશીલન કરો.

(૨) બીજી રીતે, વ્યાકરણની આવશ્યકતા અનુસાર; તથા લક્ષ્મણની एषः ते काव्यार्थ : ઉક્તિના અનુસન્ધાનમાં વિચારીએ તો –

शब्दब्रह्मविदः (वाल्मीकेः) कवेः ताम् (करुणान्तिकां) वाणीम् बुधजनाः परिभावयन्तु (= उपेक्षां कुर्वन्तु) ॥

શબ્દબ્રહ્મને જાણનાર (વાલ્મીકિ) કવિની તે (કરુણાન્ત) વાણીનું બુધજનો પરિભાવન કરે; ઉપેક્ષા કરે.

परि ઉપસર્ગપૂર્વક √भू ધાતુનો પ્રયોગ થયો હોય ત્યારે परिभवति, परिभावयति નો અર્થ "તિરસ્કાર, અવજ્ઞા, ઉપેક્ષા કરવી" એવો થાય છે અને બીજો અર્થ "પર્યાલોચના કરવી, પુનઃ પુનઃ ચિંતન કરવું" એવો પણ થાય છે. જો આ શ્લોકમાં કવિ ભવભૂતિ પોતાના ઉત્તરરામચરિત નાટક અને રામાયણ–કાવ્યની તુલના પ્રસ્તુત કરતા હોય એમ માનીએ તો, परिभावयन्तु એવા દ્વિઅર્થી ક્રિયાપદને બે રીતે અનુદિત કરવું જોઈએ. આમ ઉપર્યુક્ત પ્રથમ અર્થમાં ભવભૂતિ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

વાલ્મીકિની વાણીની ઉપેક્ષા કરવાનું કહે છે; કેમકે તે કરુણાન્ત કાવ્ય છે. પણ બીજી તરફ, કવિ ભવભૂતિએ શમ્બૂકવધ કથાની પુરાકથા (પુરાકલ્પન, Myth)નું પુનર્નિમાણ કરીને, એ જ રામકથાને સુખાંત બનાવી છે અને તેને નાટ્યાત્મક સ્વરૂપ, अभिनयના માધ્યમથી 'નાટક'ના સ્વરૂપમાં મૂકેલ છે; તેનું બુધજનો પરિભાવન કરે, પુનઃ પુનઃ પર્યાલોચન કરે—એવો બીજો અર્થ પણ પ્રકટે છે.

આ દ્વિઅર્થી ક્રિયાપદની કવિના મનમાં સાભિપ્રાયતા રહેલી જ હશે. એ વાતનું સમર્થન એમણે ताम् અને एताम् જેવાં બે જુદાં સર્વનામોનો પ્રયોગ કર્યો છે, તેના ઉપરથી પણ થાય છે. बुधाः ताम् (वाल्मीकेः) वाणीम् परिभावयन्तु । એક અર્થ, અને बुधाः एताम् (अभिनयैः विन्यस्तरूपां, भवभूतेः) वाणीम् परिभावयन्तु । એવો બીજો અર્થ નીકળશે.

જે અભ્યાસીઓને આ શ્લોકમાં વપરાયેલા દ્વિઅર્થી ક્રિયાપદની તરફ ધ્યાન નહીં ગયું હોય; અને ताम्, एताम्, इमाम् એવાં ત્રણ સર્વનામોના ઢગલા ઉપર ધ્યાન ગયું હશે, તેમણે ताम् एताम् શબ્દોને બદલી કાઢીને, वाल्मीकेः એવું પાઠાન્તર પણ ઊભું કર્યું છે. આ પાઠાન્તર કેવળ ભટ્ટજી શાસ્ત્રી ઘાટેની ટીકાવાળા ઉત્તરરામચરિતમાં જ જોવા મળે છે; બીજી કોઈ હસ્તપ્રતમાં આવો (वाल्मीकेः) પાઠ નથી.

ટીકાકાર વીરરાઘવનું આ દ્વિઅર્થી ક્રિયાપદ તરફ ધ્યાન જરૂર ગયું છે; પણ તેમણે "ઉપેક્ષા, અવજ્ઞા કરવી" એવા અર્થને જોવાની ના કહી છે; બધાની આંખો બંધ કરાવી દીધી છે. એમના શબ્દો નીચે મુજબ છે :—

परिपूर्वकस्य 'भू सत्तायाम्' इति पठितस्य एव अवज्ञानार्थकत्वम् इति नास्य तत्प्रसक्तिः । (एम. आर. काळे, पृ. १७८)

પરન્તુ અહીં ताम् સર્વનામ જેમ वाल्मीकेः वाणीम् જોડે અન્વિત થાય છે, તેમ एताम् સર્વનામ भवभूतेः अभिनयैः विन्यस्तरूपां वाणीम् જોડે અન્વિત થાય છે, તથા वाल्मीकेः નાં બે વિશેષણો તરીકે शब्दब्रह्मविदः कवेः અન્વિત થશે; તથા प्राज्ञस्य (કે परिणतप्रज्ञस्य) જેવું વિશેષણ भवभूतेः જોડે અન્વિત થશે – એમ જો વિચારીએ તો આ દ્વિઅર્થી ક્રિયાપદ બરાબર સુસંગત બની જાય છે. વળી, રામાયણ અને ઉત્તરરામચરિત જેવા અનુક્રમે કરુણાન્ત અને સુખાન્ત કાવ્યોની સમ્યક્ તુલના પણ વ્યંજિત થાય છે.

આવો દ્વિઅર્થી બોધ, કદાચ સૌ પ્રથમ અહીં જ રજૂ થઈ રહ્યો છે, અને શમ્બૂકવધની 'મિથ'ના પુનર્-અર્થઘટન થકી તે વ્યંજિત થયેલ છે.

o o o

॥ इति शम् ॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

१११
४०३

संदर्भ–ग्रन्थसूचि

(क) 'ઉત્તરરામચરિત' નાટકની અપ્રકાશિત હસ્તપ્રતોની યાદી :

(1) આનન્દાશ્રમ સંસ્થા, પૂણેં, હસ્તપ્રત ક્રમાંક 5139–5(4), (3)–51–510
(2) આનન્દાશ્રમ સંસ્થા, પૂણેં, હસ્તપ્રત ક્રમાંક – 4431, 54(3)–52–511
(3) સિન્ધિયા ઓરિએન્ટલ ઇન્સ્ટીટ્યુટ, ઉજ્જૈન – હસ્તપ્રતક્રમાંક –9661
(4) સિન્ધિયા ઓરિએન્ટલ ઇન્સ્ટીટ્યુટ, ઉજ્જૈન – હસ્તપ્રતક્રમાંક – 5767
(5) સિન્ધિયા ઓરિએન્ટલ ઇન્સ્ટીટ્યુટ, ઉજ્જૈન (પણ કાશીમાં લિખિત) હસ્તપ્રત ક્રમાંક – 7547
(6) ઓરિએન્ટલ ઇન્સ્ટીટ્યુટ, મ. સ. યુનિ. વડોદરા. હસ્તપ્રત ક્રમાંક –4289
(7) ઓરિએન્ટલ ઇન્સ્ટીટ્યુટ, મ.સ. યુનિ., વડોદરા. હસ્તપ્રત ક્રમાંક – 6454

(ख) પ્રકાશિત આવૃત્તિઓ :

(1) ઉત્તરરામચરિત (મૂલમાત્ર) નેવારિલિપિમાં લેખેલી ૧૧૯૬ ઇ.સ.ની હસ્તપ્રતને આધારે તૈયાર થયેલી સમીક્ષિત આવૃત્તિ.
સંપાદક : ડૉ. એસ. કે. બેલવેલકર, પ્રકા. ઓરિએન્ટલ બુક એજન્સી, પૂણેં, 1921.

(2) Rama's Later History (Translation of the Uttara–rama–charitam) by Dr. S. K. Belvalkar, Harvard Uni. Press, Vol. 21, A.D. 1915).

(3) उत्तररामचरितम् – (घनश्यामस्य टीकया सहितम्), सं. पी. वी. काणे, तृतीयावृत्तिः, मुंबई, 1929.

(4) उत्तररामचरितम् – (वीरराघवस्य टीकया समेतम्), सं. एम. आर. काळे, तृतीयावृत्ति, मुंबई, 1924.

(5) उत्तररामचरितम् – (भट्टजी शास्त्री घाटे इत्यस्य टीकया सहितम्) 1895, द्वितीयावृत्ति – 1909, नागपुर.

(6) उत्तररामचरितम् – सं. जीवनान्द विद्यासागर, कलकत्ता, 1889.

(7) उत्तररामचरितम् – सं. गो. के. भट (Translation in English), प्रका. पोप्युलर बुक स्टोर, सूरत, 1953.

(8) उत्तररामचरितम् – (ગુજરાતી અનુવાદ સાથે) सं. उमाशंकर जोशी, प्रका. गूर्जर ग्रन्थरत्न कार्यालय, अहमदाबाद. (द्वितीयावृत्ति), 1958.

o o o

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ઉત્તરરામચરિત - અભિનવ અર્થઘટન

મહાકવિ ભવભૂતિની પરિણતપ્રજ્ઞાનું સુફળ તે *'ઉત્તરરામ-ચરિત'* નાટક. આ કૃતિમાં *'રામ-સીતાનું મનોવૈજ્ઞાનિક પુનઃસંધાન'* કે *'પ્રેમ આત્માનો અ-મૃત અંશ છે'* - એવા કવિના જીવનદર્શનને સાકાર કરવામાં આવ્યું છે-એમ કેટલાક આરૂઢ વિદ્વાનોએ માન્યું છે. પરંતુ આવું જીવનદર્શન બતાવવાની સાથોસાથ *''ઉત્તરરામચરિતના બીજા, ચોથા, પાંચમા અને છઠ્ઠા અંકની વસ્તુગૂંથણી શિથિલ છે''* એવા આક્ષેપો પણ તેમણે કરવા પડ્યા છે, તથા *'કરુણાન્તને સ્થાને સુખાન્તની'* યોજના પણ નાટ્યશાસ્ત્રીય આજ્ઞાનું જ પરિપાલન છે, એમ પણ કહેવાયું છે.

પરંતુ બીજા અંકનો શમ્બૂકવધ પ્રસંગ દેખીતી રીતે એક પુરાકથા (Myth) છે, જેમાં *''કોઈના તપ કરવાથી બીજું કોઈ મરી જાય;''* કે *''એકને મારી નાખવાથી બીજો સજીવન થાય.''* - એ બન્ને અવૈજ્ઞાનિક અંશ છે. પણ આ મિથક (પુરાકથા) રામના અંગત જીવનમાં કેવી રીતે સાચી પડી છે ?! તેનું પ્રદર્શન કરવાના આશયથી જ *'ઉત્તરરામચરિત'* નાટકની રચના થઈ છે - એવો અપૂર્વ અભિનવ દૃષ્ટિકોણ અહીં રજૂ કરવામાં આવ્યો છે. રામે પોતાના ઉત્તર જીવનમાં જે લોકારાધનાર્થે બે કર્તવ્યો નિભાવ્યાં તેના પરિણામે જ, કવિન્યાયે કરીને કૃતિ સહજ રીતે સુખાન્તમાં પરિણમી છે; એમ જોવાથી જ ભવભૂતિને સમુચિત ન્યાય મળે છે. આ નવીન દૃષ્ટિને આ સંપાદનમાં આકારિત કરવામાં આવી છે.

સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ-૧.

Vasant Bhatt Collection, Gujarat